Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન રત્નાકર

## [ ભાગ-૯ ]

❄

### પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં
### શ્રી સમયસાર પરમાગમ ઉપર અઢારમી વખત થયેલાં પ્રવચનો

❄

: પ્રકાશક:

**શ્રી કુંદકુંદ-કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ**

૧૭૩–૧૭૫ મુંબાદેવી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨

❄

: પ્રરક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાપ્તિસ્થાનઃ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ-૩૬૪ ૨૫૦
**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,**
૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

વિ. સં. ૨૦૪૧
વીર સં. ૨૫૧૧
પ્રથમ આવૃત્તિઃ પ્રત-૫૦૦૦

મુદ્રકઃ
સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, પાલીતાણા રોડ
સોનગઢ-૩૬૪ ૨૫૦

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Hevika Foundation (hastè Kamal, Vijen, Hemal Bhimji Shah and Family), London, UK who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Pravachan Ratnakar Part - 9 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on Rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
| --- | --- | --- |
| 001 | 27 Nov 2002 | First electronic version. |

❄

## * પ્રકાશકીય નિવેદન *

मंगलं भगवान वीरो मंगलं गौतमोगणी।
मंगलं कुन्दकुन्दार्यो जैन धर्मोस्तु मंगलम्।।

**પ્રારંભિકઃ-**

પરમ દેવાધિદેવ જિનેશ્વરદેવ શ્રી વર્દ્ધમાનસ્વામી, ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તથા આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદદેવાદિને અત્યંત ભક્તિ સહિત નમસ્કાર.

ॐ

## ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ
### વિષે
## ઉલ્લેખો

*

वन्द्यो विभुर्भुवि न कैरहि कौण्डकुन्द:
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताश: ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयत: प्रतिष्ठाम् ।।

*[ ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ ]*

**અર્થઃ-** કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં-ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં-સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી?

*

...........कोण्डकुन्दो यतीन्द्र: ।।
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीश: ।
रज:पदं भूमितलं विहाय
चचार मन्ये चतुरंगुलं स: ।।

*[ વિંધ્યગિરિ-શિલાલેખ ]*

**અર્થ:-** યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજઃસ્થાન-ભૂમિતળને-છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (-અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).

*

**जइ पउमणंदिणाहो सीमन्धरसामिदिव्वणाणेण।**
**ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।**

*[ दर्शनसार ]*

*

**અર્થ:-** (મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?

*

હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

*[ શ્રીમદ્ રાજચંદ્ર ]*

*

જેમ સમયસાર શાસ્ત્રનાં મૂળકર્તા અલૌકિક પુરુષ છે તેમ તેનાં ટીકાકાર પણ મહાસમર્થ આચાર્ય છે. આત્મખ્યાતિ જેવી ટીકા હજુ સુધી બીજા કોઇ જૈન ગ્રંથની લખાયેલી નથી. અતિ સંક્ષેપમાં ગંભીર રહસ્યોને ગોઠવી દેવાની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની અજબ શક્તિ વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. શાસનમાન્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કળિ કાળમાં જગદ્ગુરુ તીર્થંકરદેવ જેવું કામ કર્યું છે અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે જાણે કે તેઓ કુંદકુંદ ભગવાનનાં હૃદયમાં પેસી ગયા હોય તે રીતે તેમનાં ગંભીર આશયોને યથાર્થપણે વ્યક્ત કરીને તેમના ગણધર જેવું કામ કર્યું છે. -

એ તો સુવિદિત છે કે અંતિમ તીર્થંકર ભગવાન શ્રી વર્દ્ધમાનસ્વામીની દિવ્યધ્વનિનો સાર આચાર્ય શ્રી કુંદકુંદદેવ પ્રણીત સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય આદિ પરમાગમોમાં ઠાંસીઠાંસીને ભરેલો છે. ભવ્યજીવોનાં સદ્ભાગ્યે આજે પણ આ પરમાગમો શ્રી અમૃતચંદ્રાચાર્ય આદિ મહાન દિગ્ગજ આચાર્યોની ટીકા સહિત ઉપલબ્ધ છે. સાંપ્રતકાળમાં આ પરમાગમોનાં ગૂઢ રહસ્યો સમજવાની જીવોની યોગ્યતા મંદતર થતી જાય છે, મોક્ષમાર્ગ પ્રાયે લુપ્ત થયો હતો તેવા કાળમાં મહાભાગ્યે જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી યુગપુરુષ, આત્મજ્ઞસંત પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ઉદય થયો. ૪૬ વર્ષો સુધી ઉપરોક્ત પરમાગમો તથા અન્ય

પરમાગમોમાં પ્રતિપાદિત જૈનધર્મનાં મૂળભૂત સિદ્ધાંતોને અતિસ્પષ્ટરૂપે, અવિરુદ્ધતાપૂર્વક, ભવ્ય જીવોને ભવતાપવિનાશક પરમશાંતિપ્રદાયક પ્રવચનગંગા દ્વારા, તેઓશ્રી રેલાવતા રહ્યાં. સુષુપ્ત જૈનશાસનમાં એક મહાન ક્રાંતિ ઉદય પામી. પરમાગમોને સમજવાનો જીવોને યથાર્થ દૃષ્ટિકોણ સાંપડયો. આ પ્રવચનગંગામાં અવગાહન પામીને અનેક ભવ્ય આત્માઓને જૈનધર્મની પ્રાપ્તિ થઈ છે, તેમ જ અનેક જીવો જૈનધર્મનાં ગંભીર રહસ્યોને સમજતા થયા અને માર્ગાનુસારી બન્યા. આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીનો જૈન સમાજ ઉપર અનુપમ, અલૌકિક, અનંત ઉપકાર છે. તેઓશ્રીના ઉપકારનો અહોભાવ નીચેની પંક્તિઓ દ્વારા પ્રત્યેક મુમુક્ષુઓ વ્યક્ત કરે છે.

**અહો ! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિન-કુંદધ્વનિ આપ્યા અહો ! તે ગુરુ કહાનનો.**

આ પ્રવચન રત્નાકર ગ્રંથમાળાનાં ત્રણ ભાગ પૂજ્યશ્રીની હયાતી દરમિયાન બહાર પડી ચૂકયા હતા. તેઓશ્રીની શીતળ છાયામાં આ ગ્રંથમાળામાં તેઓશ્રીનાં સઘળા પરમાગમો ઉપરનાં પ્રવચનોનો સાર પ્રકાશિત કરવાની અમારી ભાવના અધૂરી રહી. સંવત ૨૦૩૭ ના કારતક વદી ૭ શુક્રવાર તા. ૨૮–૧૧–૮૦ ના રોજ સમાધિભાવપૂર્વક તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો. અમારા પર વજ્રઘાત થયો. શાશ્વતશાંતિનો માર્ગ બતાવનાર અમને–દરેક જીવમાત્રને ‘ભગવાન’ કહી બોલાવનાર વિરોધીઓને પણ ‘ભગવાન’ કહી તેમની ભૂલ પ્રત્યે ક્ષમાદૃષ્ટિ રાખી, તેઓ પણ દશાએ ભગવાન થાવ એવી કરુણા વરસાવનાર એક મેરૂપર્વત જેવો અચલ, અડગ, ક્રાંતિકારી, એકલવીર, મોક્ષમાર્ગને અતિસૂક્ષ્મ છણાવટ સહિત પ્રકાશીને નિજ આત્મસાધનાના માર્ગે ચાલી નીકળ્યો. આટલા પ્રચારપૂર્વક અને આવી સૂક્ષ્મતા સહિત દ્રવ્ય–ગુણ–પર્યાયની છણાવટ જૈનશાસનમાં છેલ્લી કેટલીયે શતાબ્દિઓમાં કયારેય થઇ નથી એમ કહેવામાં આવે તો એમાં જરાય અતિશયોક્તિ નથી.

પૂજ્યશ્રીની પ્રવચનશૈલીમાં પણ ભાવિ તીર્થંકરનાં લક્ષણો ઝળકતાં હતાં, સર્વ જીવો મોક્ષમાર્ગને પામો એવી તેમની અદમ્ય ભાવના વારંવાર ઉછળતી હતી. માર્ગ પ્રકાશવામાં તેઓ અનેક વિરોધીઓની વચ્ચે પણ એકલા અડગ રહેતા, દ્વેષબુદ્ધિ સેવ્યા વગર વિરોધીઓના વિરોધનું તાત્ત્વિક રીતે ખંડન કરી યથાર્થ માર્ગનું સ્થાપન કરતા અને તેથી મધ્યસ્થ વિરોધીઓ વિરોધ ત્યજી સનાતન જૈનધર્મને અંગીકાર કરતા. તદુપરાંત તેમની પવિત્ર છાયા હેઠળ અનેક સ્થળોએ શ્રી જિનમંદિરોનું નિર્માણ થયું અને તેમાં વીતરાગી જિનબિંબોની મહા પાવનકારી પ્રતિષ્ઠા થઇ. પરમાગમોનાં ગ્રંથોનું લાખોની સંખ્યામાં પ્રકાશન થયું. શ્રી વીતરાગદેવ, નિર્ગ્રંથગુરુ અને વીતરાગી શાસ્ત્રોનું સત્યસ્વરૂપ સમજાવી તેમનો મહિમા યથાર્થપણે બતાવ્યો. પૂ. ગુરુદેવશ્રી વારંવાર ફરમાવતા કે શ્રી વીતરાગ જિનબિંબોની પ્રતિષ્ઠા અને જીર્ણોદ્ધાર તો વર્ષોથી લોકો કરતા

આવ્યા છે પણ તેનો મહિમા જો યથાર્થ રીતે કરવો હોય તો તેમને ઓળખાવનાર પરમાગમોનો પ્રચાર પણ એટલો જ આવશ્યક છે. પરમાગમો અને તેનું રહસ્ય પ્રત્યેક વ્યક્તિ આબાળગોપાળ સૌના હૃદયમાં સ્થાન પામે તેવી તેમની ભાવના રહેલી અને પરમાગમોના પ્રકાશન માટે વારંવાર પ્રેરણા આપતા. અને એ ધ્યેયની સિદ્ધિ અર્થે તેઓશ્રી પરમાગમો ઉપર પ્રવચન આપતા રહ્યાં અને નિત્ય સ્વાધ્યાયની પ્રવૃત્તિ તેમણે સજીવન કરી, મુમુક્ષુઓના નિત્યક્રમમાં સ્વાધ્યાયની પ્રવૃત્તિ વણી લીધી. જેના પ્રતાપે અનેક ગામોમાં સામૂહિક સ્વાધ્યાયની પ્રવૃત્તિનો બહોળો ફેલાવો થયો. શિક્ષણ-શિબિરોનું આયોજન થયું. જયપુરમાં જૈન વિદ્યાપીઠની સ્થાપના થઈ. આદિ અનેક પ્રકારે તત્ત્વનો પ્રચાર થયો અને થાય છે. આત્મભાવનાની લોકોને એવી ધૂન લગાડી કે ખાધા વગર ચાલે પણ આત્માને વિચાર્યા વગર ન ચાલે. તેઓશ્રી ફરમાવતા કે ધર્મ તે અર્ધાકલાક-કલાક કે પર્વ-પૂરતી મર્યાદિત સાધનાની ચીજ નથી પણ ધર્મ એ જીવન છે. એટલે કે સર્વકાલિક અને સર્વક્ષેત્રે સાધનાની ચીજ છે. આમ અનેકવિધ રીતે તેઓશ્રી દ્વારા આવા અનેક પ્રસંગો દ્વારા ધર્મપ્રચાર ઘણો થયો. લાખો લોકો ધર્મભાવના ભાવતા થયા. આથી અધ્યસ્થ જીવો પણ તેમના પ્રત્યે બહુમાનની દૃષ્ટિએ જોતા. દિગંબર સમાજનાં પંડિતો, વિદ્વાનો અને ત્યાગીગણ પણ એ સત્યનો સ્વીકાર કરતા કે અમો એક પણ નવો જૈન બનાવી શકતા નથી ત્યારે આ મહાપુરુષે લાખો લોકોને જૈનધર્મમાં શ્રદ્ધાની બનાવ્યા. આપણા મહાભાગ્યે આવા વિલક્ષણ પુરુષનો પંચમ કાળમાં યોગ થયો. પાત્ર જીવોને માટે એક અપૂર્વ મહાન તક આવી. ધર્મામૃતની વર્ષો સુધી એકધારી વર્ષા થઈ. પૂ. ગુરુદેવશ્રી સંતોની વાણી ઉપર વારી જઈ જેમ ગાતા તેમ "અમૃત વરસ્યા રે પંચમ કાળમાં..." અંતે ક્રમાનુસાર સાંયોગિક ભાવનો કાળ પૂરો થયો. એ મહાપુરુષનો આપણા ઉપર અતિ અતિ ઉપકાર છે. જેનું વર્ણન શબ્દો દ્વારા અશક્ય છે. જેણે શાશ્વત સુખનો માર્ગ આપ્યો તેનું ઋણ ફેડવાનો કોઈ માર્ગ જ નથી. એથી વિનમ્રપણે તે પાવન પરમામૃત દ્વારા વીતરાગ સર્વજ્ઞપ્રણીત શ્રી ગણધરાદિ મહાન આચાર્યો રચિત પરમાગમોનો ઉકેલ કરી નિજ સાધનાની પરિપૂર્ણતાને પામીએ અને સર્વ જીવો પામો એ જ અભ્યર્થના.

## પુણ્યપ્રસંગનું સૌભાગ્ય:

સંવત ૨૦૩૪ની દીપાવલિ પ્રસંગે મુંબઈ મુમુક્ષુ મંડળના સભ્યો પૂજ્ય ગુરુદેવશ્રી પાસે ૯૦ મી જન્મજયંતી મુંબઈમાં ઉજવાય તે માટે અનુમતિ પ્રાપ્ત કરવા વિનંતી કરવા માટે સોનગઢ આવેલા ત્યારે કેટલાક સભ્યોને પોતાના સ્વાધ્યાયના હેતુથી પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર પરમાગમ ઉપર અઢારમી વાર થયેલ સાતિશય પ્રવચનો (સને ૧૯૭૫, ૧૯૭૬, ૧૯૭૭ માં) પ્રસિદ્ધ કરવાનો મંગળ વિચાર આવ્યો. આ વિચાર મંડળના સૌ સભ્યોએ પ્રેમથી આવકાર્યો અને પ્રસિદ્ધ અધ્યાત્મપ્રવક્તા, ધર્માનુરાગી મુરબ્બી શ્રી લાલચંદભાઈની પણ આ સુંદર કાર્ય માટે મંડળને પ્રોત્સાહિત

કરતી શુભપ્રેરણા મળી. આ રીતે મુંબઈના મુમુક્ષુમંડળને પૂજ્ય ગુરુદેવશ્રીના અઢારમી વારના પરમાગમ શ્રી સમયસાર ઉપર થયેલા અનુભવરસમંડિત, પરમકલ્યાણકારી, આત્મહિતસાધક પ્રવચનો પ્રકાશિત કરવાના આ પુનિત પ્રસંગનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે અત્યંત હર્ષ અને ઉલ્લાસનું કારણ છે.

શ્રી કુંદકુંદાચાર્યે સમયસાર શાસ્ત્રમાં કર્તાકર્મ અધિકારનું નિરૂપણ કર્યું છે જે તેમનાં અન્ય શાસ્ત્રોમાં કે અન્ય આચાર્યોની રચનાઓમાં અલગ અધિકારરૂપે ક્યાંય જોવામાં આવતું નથી. જે આ અધિકારની વિશિષ્ટતા છે. કર્તાકર્મ અધિકાર દ્વારા જીવનું અકર્તાસ્વરૂપ ઘણા પ્રકારે સ્પષ્ટ કર્યું છે. જે જીવોની અનેક પ્રકારની ભ્રમણાઓને દૂર થવાનું કારણ છે. જેના ઉપરના પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પણ અલૌકિક છે. જિજ્ઞાસુ જીવોને અવશ્ય એ પ્રેરણાદાયક નિવડશે. જે સર્વ જીવોએ સ્વાધ્યાય કરવા યોગ્ય છે.

## પ્રકાશનનો હેતુ:

આ પ્રવચનોના પ્રકાશનનો મૂળ હેતુ તો નિજસ્વાધ્યાયનો લાભ થાય તે જ છે. તદ્ઉપરાંત સૌ જિજ્ઞાસુ ભાઈ-બહેનોને પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસાર ઉપરનાં સળંગ સર્વ પ્રવચનો સાક્ષાત્ સાંભળવાનો લાભ પ્રાપ્ત ન થઈ શક્યો હોય તે સંભવિત છે, તેથી આ ગ્રંથમાળામાં ક્રમશઃ આદિથી અંત સુધીનાં પૂરાં પ્રવચનોને સમજવાનો કાયમી અને સર્વકાલિક લાભ મળી રહે તે હેતુથી પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મરસઝરતી અમૃતમયી વાણીના સ્વાધ્યાય દ્વારા નિરંતર મુમુક્ષુ જીવોને આત્મહિતની પ્રેરણા મળતી રહે, તેવો આશય પણ આ પ્રકાશનનું પ્રેરકબળ છે.

વળી આ પંચમકાળના પ્રવાહમાં ક્રમશઃ જીવોને ક્ષયોપશમ મંદતર થતો જાય છે તેથી પરમાગમમાં રહેલાં સૂક્ષ્મ અને ગંભીર રહસ્યો સ્વયં સમજવાં ઘણા જ કઠિન છે. આ પરિસ્થિતિમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ સાદી અને સરળ ભાષામાં સ્પષ્ટ કરેલા પ્રવચનો લેખબદ્ધ કરી પુસ્તકારૂઢ કરવામાં આવે તો ભાવી પેઢીને પણ શ્રી સમયસાર પરમાગમનાં અતિગૂઢ રહસ્યો સમજવામાં સરળતાપૂર્વક સહાયરૂપ બની રહેશે અને તે રીતે જિનોક્ત તત્ત્વજ્ઞાન અને તેની સ્વાધ્યાયપરંપરા તેના યથાર્થ સ્વરૂપમાં જળવાઈ રહેશે તેમ જ તે દ્વારા અનેક ભવ્યજીવોને પોતાનું આત્મકલ્યાણ સાધવામાં મહાન પ્રેરણા પ્રાપ્ત થાય. તેવા વિચારના બળે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર ઉપરાંત બીજા પણ અનેક પરમાગમો ઉપર થયેલ પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના છે અને તે ભાવનાવશ આ ટ્રસ્ટની રચના થઈ છે. તેથી પૂજ્ય ગુરુદેવશ્રીનાં હજારો પ્રવચનો પ્રસિદ્ધ કરવાનો મુખ્ય ઉદ્દેશ આ ટ્રસ્ટમાં રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે સ્વ. શ્રી સોગાનીજીનું એક વચન સાકાર થવાનું હોય તેવું ભાસે છે. તેમણે કહ્યું છે કે પૂજ્ય ગુરુદેવશ્રીથી ધર્મનો જે આ પાયો નંખાયો છે તે પંચમકાળના

અંત સુધી રહેશે. તદુપરાંત પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત નં. ૨૭ માં ઉલ્લેખ છે કે "તેમનો (પૂજ્ય ગુરુદેવશ્રીનો) મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષ સુધી ગવાશે." ખરેખર જ્ઞાનીઓના નિર્મળ શ્રુતજ્ઞાનમાં ભાવિપ્રસંગો કેવળજ્ઞાનવત્ પ્રતિભાસે છે, કારણ કે આ ટ્રસ્ટની યોજનામાં પૂજ્ય ગુરુદેવશ્રીના પાંચ પરમાગમો ઉપર થયેલા પ્રવચનો ઉપરાંત બીજા પણ અનેક શાસ્ત્રો ઉપર થયેલા પ્રવચનો ક્રમશઃ પ્રસિદ્ધ કરવાની ભાવના સમાહિત છે. એ રીતે હજારો પ્રવચનોનું સંકલન પ્રથમ સંસ્કરણમાં જ અનેક ગ્રંથોરૂપે પુસ્તકારૂઢ થશે અને તેવા પ્રત્યેક પુસ્તકોનું સંસ્કરણ (આવૃત્તિ) હજારોની સંખ્યામાં રહેશે. એ રીતે હિન્દી અને ગુજરાતી ભાષામાં તાત્કાલિક પ્રકાશન થતાં પુસ્તકોની સંખ્યા લાખોમાં થવા જાય છે અને તેની પરંપરા ચાલે તો ઉપરોક્ત જ્ઞાનીઓનાં વચનો સિદ્ધ થવાનું પ્રત્યક્ષ જણાઈ આવે છે.

## કાર્યવાહીઃ

શ્રી સમયસાર પરમાગમ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીના અઢારમી વખતના થયેલ મંગળ પ્રવચનો તે સમયે ટેપરેકોર્ડર ઉપર અંકિત કરી લેવામાં આવ્યાં હતાં. આ ધ્વનિમુદ્રિત પ્રવચનો ટેપ ઉપરથી સાંભળીને ક્રમશઃ લેખબદ્ધ કરવામાં આવ્યાં છે. એક જ ટેપને વારંવાર સાંભળીને લેખન કરવામાં આવેલ છે. તેમ છતાં તેમાં કાંઈ ત્રુટિ રહી જવા ન પામે તે હેતુથી લખનાર સિવાય તપાસનારે ફરીથી સઘળાં પ્રવચનોની ચકાસણી કરેલ છે. આ પ્રમાણે તૈયાર થયેલાં પ્રવચનોના યથાયોગ્ય સુસંગત ફકરા પાડી તેને ફરીથી ભાઈશ્રી રમણલાલ માણેકલાલ શાહે લિપિબદ્ધ કરી આપેલ છે. તથા લિપિબદ્ધ થયેલાં પ્રવચનોની પણ છેલ્લે ભાઈ શ્રી હીરાભાઈ દહેગામવાળા દ્વારા પૂરતી ચકાસણી કરવામાં આવે છે. આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાં વ્યક્ત થયેલ ભાવો સારી રીતે યથાસ્થિત જળવાઈ રહે તેની પૂરેપૂરી કાળજી લેવામાં આવી છે.

## આભારઃ

ઉપર્યુક્ત કાર્યવાહીમાં અનેક મુમુક્ષુઓ તરફથી આ ટ્રસ્ટને અત્યંત નિસ્પૃહભાવે સહયોગ મળેલો છે તેની સાભાર નોંધ લેવામાં આવે છે. જે જે મુમુક્ષુઓએ પ્રવચનો ઉતાર્યાં છે તેમ જ ઉતારેલાં પ્રવચનોને તપાસી આપેલ છે અને આ કાર્ય ખૂબ જ સાવધાનીથી, ઉત્સાહથી અને કાળજીથી જે રીતે કરી આપ્યું છે અને જેમના નિસ્પૃહ સહકારથી આવું સુંદર કાર્ય થઈ શક્યું છે તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કર્યા વિના રહી શકીએ તેમ નથી. ભાઈશ્રી રમણભાઈએ નિસ્પૃહપણે ઘણો પરિશ્રમ લઈને લખાણ તૈયાર કરી આપેલ છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ કાર્યમાં અતિ સક્રિય રીતે ભાઈશ્રી હીરાલાલ ભીખાલાલ શાહ દહેગામવાળા સંકલન–લેખન તથા વ્યવસ્થા આદિ અનેક પ્રકારે ઉત્સાહપૂર્વક તન, મન અને ધનથી મહત્વપૂર્ણ

ફાળો આ ગ્રંથમાળાના પ્રકાશનમાં એકમેક થઈને આપી રહ્યા છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

વિશેષમાં અમારા ટ્રસ્ટને શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ-ભાવનગર તરફથી ઘણો જ સહયોગ પ્રાપ્ત થયો છે. આ યોજના તેમણે વિચારેલી અને સાકાર કરવાના પ્રયત્નો રૂપે પૂજ્ય ગુરુદેવશ્રીનાં ધ્વનિમુદ્રિત થયેલાં પ્રવચનો ( અક્ષરશઃ ) લખાવી તૈયાર કરેલા, જે અગાઉથી અમોને લેખબદ્ધ કરવા માટે તૈયાર મળી ગયા જેથી આ કાર્ય શરૂ કરવામાં જરાપણ વિલંબ ન થયો, તે બદલ તેમનો આ સ્થળે આભાર માનીએ છીએ.

આ પ્રવચનોનું પ્રકાશન કરવા માટે મુંબઈના ચારેય મુમુક્ષુમંડળોએ તથા અન્ય મુમુક્ષુઓએ ઉદારતાથી આર્થિક સહયોગ આપેલ છે, જેમની નામાવલિ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે બદલ સમસ્ત દાતા ભાઈ-બહેનોનો આભાર માનવામાં આવે છે.

આ પ્રકાશનનું મુદ્રણકાર્ય બહુ સુંદર, ત્વરિત અને કાળજી ભર્યું કરી આપવા બદલ સુમતિ પ્રિન્ટિંગ પ્રેસના સંચાલકોનો આભાર માનીએ છીએ.

**આવકાર્ય:**

આ પ્રકાશન અમારો નવમો પ્રયાસ છે. અત્યંત કાળજી અને સંભાળ રાખવા છતાં પ્રકાશનમાં કોઈ ત્રુટિઓ રહી જવા પામી હોય તે સંભવિત છે. સુજ્ઞ પાઠકગણ તરફથી આ સંબંધી જે કાંઈ સૂચનો મોકલવામાં આવશે તેને અત્રે આવકારીએ છીએ અને હવે પછીના પ્રકાશનમાં તે સંબંધી ઘટતું કરવામાં આવશે.

**સૂચના:**

( ૧ ) આ શાસ્ત્રનું અધ્યયન કરનાર દરેક ભાઈ-બહેનોને નમ્ર વિનંતી છે કે આ જિનવાણી છે માટે તેની આસાતના ન થાય તેનું ખાસ ધ્યાન રાખશો.

( ૨ ) આ શાસ્ત્રમાં સમયસારજીની મૂળ ગાથા, ટીકા, ભાવાર્થ, કળશ અને ત્યારબાદ પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન એ રીતે ક્રમ આપવામાં આવેલ છે.

**વીર સં. ૨૫૧૧** **લિ.**

**શ્રી કુંદકુંદ-કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ**

# અનુક્રમણિકા


| ક્રમ | ગાથા/કળશ | પ્રવચન નંબર | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | કળશ-૧૯૩ | ૩૭૧ થી ૩૭૭ | ૧ |
| ૨ | કળશ-૧૯૩ | ” | ૨ |
| ૩ | ગાથા ૩૦૮ થી ૩૧૧ | ” | ૩ |
| ૪ | કળશ-૧૯૫ | ” | ૫ |
| ૫ | ગાથા ૩૧૨-૩૧૩ | ૩૭૮ | ૪૪ |
| ૬ | ગાથા ૩૧૪-૩૧૫ | ૩૭૮ થી ૩૮૦ | ૫૧ |
| ૭ | કળશ-૧૯૬ | ” | ૫૨ |
| ૮ | ગાથા-૩૧૬ | ૩૮૦-૩૮૧ | ૬૨ |
| ૯ | કળશ-૧૯૭ | ” | ૬૩ |
| ૧૦ | ગાથા-૩૧૭ | ૩૮૧ | ૭૨ |
| ૧૧ | ગાથા-૩૧૮ | ૩૮૨-૩૮૩ | ૭૭ |
| ૧૨ | કળશ-૧૯૮ | ” | ૭૮ |
| ૧૩ | ગાથા-૩૧૯ | ” | ૮૪ |
| ૧૪ | ગાથા-૩૨૦ (શ્રી જયસેનાચાર્યકૃત) | - | ૮૬ |
| ૧૫ | ગાથા-૩૨૦ (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યકૃત) | ૩૮૫ | ૧૭૭ |
| ૧૬ | કળશ-૧૯૯ | ” | ૧૯૨ |
| ૧૭ | ગાથા ૩૨૧-૩૨૩ | ૩૮૬ | ૧૯૩ |
| ૧૮ | કળશ-૨૦૦ | ” | ૧૯૪ |
| ૧૯ | ગાથા ૩૨૪ થી ૩૨૭ | ૩૮૭-૩૮૮ | ૧૯૯ |
| ૨૦ | કળશ ૨૦૧-૨૦૨ | ” | ૨૦૧ |
| ૨૧ | ગાથા ૩૨૮ થી ૩૩૧ | ૩૮૯ થી ૩૯૧ | ૨૧૧ |
| ૨૨ | કળશ-૨૦૩ | ” | ૨૧૩ |
| ૨૩ | કળશ-૨૦૪ | ” | ૨૧૪ |
| ૨૪ | ગાથા ૩૩૨ થી ૩૪૪ | ૩૯૧ થી ૩૯૩ | ૨૩૩ |

| ક્રમ | ગાથા/કળશ | પ્રવચન નંબર | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૨૫ | કળશ-૨૦૫ | ૩૯૧ થી ૩૯૩ | ૨૩૯ |
| ૨૬ | કળશ-૨૦૬ | ” | ૨૪૦ |
| ૨૭ | કળશ-૨૦૭ | ” | ૨૪૨ |
| ૨૮ | ગાથા ૩૪૫ થી ૩૪૮ | ૩૯૯ થી ૪૦૧ | ૨૮૩ |
| ૨૯ | કળશ-૨૦૮ | ” | ૨૮૫ |
| ૩૦ | કળશ-૨૦૯ | ” | ૨૮૬ |
| ૩૧ | કળશ-૨૧૦ | ” | ૨૮૭ |
| ૩૨ | ગાથા ૩૪૯ થી ૩૫૫ | ૪૦૨ થી ૪૦૭ | ૩૦૮ |
| ૩૩ | કળશ-૨૧૧ | ” | ૩૧૧ |
| ૩૪ | કળશ ૨૧૨-૨૧૩ | ” | ૩૧૨ |
| ૩૫ | કળશ-૨૧૪ | ” | ૩૧૩ |
| ૩૬ | ગાથા ૩૫૬ થી ૩૬૫ | ૪૦૮ થી ૪૫૯ | |
| ૩૭ | કળશ-૨૧૫ | ” | ૩૫૧ |
| ૩૮ | કળશ ૨૧૬-૨૧૭ | ” | ૩૫૨ |
| ૩૯ | ગાથા ૩૬૬ થી ૩૭૧ | ૪૫૯ થી ૪૬૧ | ૪૦૬ |
| ૪૦ | કળશ-૨૧૮ | ” | ૪૦૯ |
| ૪૧ | કળશ-૨૧૯ | ” | ૪૧૦ |

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )
સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )
કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )
અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )
તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

( વસંતતિલકા )
સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

( અનુષ્ટુપ )
બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર–વીર–કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ–ગુણ–પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું ‘ સત સત, જ્ઞાન જ્ઞાન ’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
–રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર–અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, –મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !



પરમ પૂજ્ય આત્મજ્ઞસંત શ્રી કાનજીસ્વામી

ॐ

परमात्मने नमः।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# સમયસાર

ઉપર

## પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

❄

श्रीमदमृतचन्द्रसूरिकृता आत्मख्यातिः।

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

## 卐 સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર 卐

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथ प्रविशति: सर्वविशुद्धज्ञानम्।**

( मंदाक्रान्ता )

**नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्**
**दूरीभूत: प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्ते:।**
**शुद्ध: शुद्ध: स्वरसविसरापूर्णपुण्याचलार्चि-**
**ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्ज:।। १९३।।**

સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;
પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે ‘ હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે ’. મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં

( अनुष्टुभ् )

**कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।**
**अज्ञानादेव कर्तायं तदभावादकारकः।। १९४।।**

**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति-**

જીવ-અજીવ, કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अखिलान् कर्तृ-भोक्तृ-आदि-भावान् सम्यक् प्रलयम् नीत्वा ] સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને [ प्रतिपदम् ] પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં) [ बन्ध-मोक्ष-प्रक्लृप्तेः दूरीभूतः ] બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, [ शुद्धः शुद्धः ] શુદ્ધ-શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી રહિત છે એવો), [ स्वरस-विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चिः ] જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો, અને [ टङ्कोत्कीर्ण-प्रकट-महिमा ] જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો [ अयं ज्ञानपुञ्जः स्फूर्जति ] આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.

**ભાવાર્થઃ-** શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે, પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે, પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે. એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. ૧૯૩.

હવે સર્વવિશુદ્ધ જ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, 'આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कर्तृत्वं अस्य चितः स्वभावः न ] કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, [ वेदयितृत्ववत् ] જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. [ अज्ञानात् एव अयं कर्ता ] અજ્ઞાનથી જ તે કર્તા છે, [ तद्-अभावात् अकारकः ] અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે. ૧૯૪.

હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છેઃ-

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह।। ३०८।।

जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि।। ३०९।।

ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि।। ३१०।।

कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा।। ३११।।

द्रव्यं यदुत्पद्यते गुणैस्तत्तैर्जानीह्यनन्यत्।
यथा कटकादिभिस्तु पर्यायैः कनकमनन्यदिह।। ३०८।।

जीवस्याजीवस्य तु ये परिणामास्तु दर्शिताः सूत्रे।
तं जीवमजीवं वा तैरनन्यं विजानीहि।। ३०९।।

**ગાથાર્થઃ-** [ यत् द्रव्यं ] જે દ્રવ્ય [ गुणैः ] જે ગુણોથી [ उत्पद्यते ] ઊપજે છે [ तैः ] તે ગુણોથી [ तत् ] તેને [ अनन्यत् जानीहि ] અનન્ય જાણ; [ यथा ] જેમ [ इह ] જગતમાં [ कटकादिभिः पर्यायैः तु ] કડાં આદિ પર્યાયોથી [ कनकम् ] સુવર્ણ [ अनन्यत् ] અનન્ય છે તેમ.

[ जीवस्य अजीवस्य तु ] જીવ અને અજીવના [ ये परिणामाः तु ] જે પરિણામો

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.

જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.

ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.

રે ! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

न कुतश्चिदप्युत्पन्नो यस्मात्कार्यं न तेन स आत्मा।
उत्पादयति न किञ्चिदपि कारणमपि तेन न स भवति।। ३१०।।

कर्म प्रतीत्य कर्ता कर्तारं तथा प्रतीत्य कर्माणि।
उत्पद्यन्ते च नियमात्सिद्धिस्तु न द्रश्यतेऽन्या।। ३११।।

[ सूत्रे दर्शिताः ] સૂત્રમાં દર્શાવ્યા છે, [ तैः ] તે પરિણામોથી [ तं जीवम् अजीवम् वा ] તે જીવ અથવા અજીવને [ अनन्यं विजानीहि ] અનન્ય જાણ.

[ यस्मात् ] કારણ કે [ कुतश्चित् अपि ] કોઈથી [ न उत्पन्नः ] ઉત્પન્ન થયો નથી [ तेन ] તેથી [ सः आत्मा ] તે આત્મા [ कार्यं न ] ( કોઈનું ) કાર્ય નથી, [ किञ्चित् अपि ] અને કોઈને [ न उत्पादयति ] ઉપજાવતો નથી [ तेन ] તેથી [ सः ] તે [ कारणम् अपि ] ( કોઈનું ) કારણ પણ [ न भवति ] નથી.

[ नियमात् ] નિયમથી [ कर्म प्रतीत्य ] કર્મના આશ્રયે (-કર્મને અવલંબીને ) [ कर्ता ] કર્તા હોય છે; [ तथा च ] તેમ જ [ कर्तारं प्रतीत्य ] કર્તાના આશ્રયે [ कर्माणि उत्पद्यन्ते ] કર્મો ઉત્પન્ન થાય છે; [ अन्या तु ] બીજી કોઈ રીતે [ सिद्धिः ] કર્તાકર્મની સિદ્ધિ [ न द्रश्यते ] જોવામાં આવતી નથી.

**ટીકાઃ-** પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી; કારણ કે જેમ ( કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા ) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે; તે ( કાર્યકારણભાવ ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી; અને તે (-અજીવને જીવનું કર્મપણું ) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ ) સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.

**ભાવાર્થઃ-** સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે. પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે.

( शिखरिणी )

**अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः**
**स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगभवनः ।**
**तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः**
**स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः।।१९५।।**

'આ રીતે જીવ અકર્તા છે તોપણ તેને બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ स्वरसतः विशुद्धः ] જે નિજરસથી વિશુદ્ધ છે, અને [ स्फुरत्–चित्–ज्योतिर्भिः छुरित–भुवन–आभोग–भवनः ] સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે, [ अयं जीवः ] એવો આ જીવ [ इति ] પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવોનો) [ अकर्ता स्थितः ] અકર્તા ઠર્યો, [ तथापि ] તોપણ [ अस्य ] તેને [ इह ] આ જગતમાં [ प्रकृतिभिः ] કર્મપ્રકૃતિઓ સાથે [ यद् असौ बन्धः किल स्यात् ] જે આ (પ્રગટ) બંધ થાય છે [ सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फूरति ] તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફૂરાયમાન છે.

**ભાવાર્થઃ-** જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે એવો આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી, તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે–જેનો પાર પમાતો નથી. ૧૯૫.

* * *

## સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર

સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય સદા આતમારામ;
પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે–હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ-અજીવ, કર્તા-કર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છેઃ–

## * કળશ ૧૯૩ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'अखिलान् कर्तृ–भोक्तृ–आदि–भावान् सम्यक् प्रलयं नीत्वा' સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને.....

અહાહા...! જોયું? ધર્મી પુરુષને અંતર્દષ્ટિ થતાં અર્થાત્ પોતે અંદર ત્રિકાળી શુદ્ધ એક ચૈતન્યમાત્ર વસ્તુ આત્મા છે એની દૃષ્ટિ થતાં, એને પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ છે એનું એને કર્તાપણું નથી, ભોક્તાપણુંય નથી. એણે કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે અર્થાત્ સ્વસ્વરૂપના આશ્રયે નાશ પમાડી દીધા છે. અહા! આવો અંતર-અવલંબનનો વીતરાગનો મારગ બહુ સૂક્ષ્મ છે ભાઈ! આ સિવાય બહારની ક્રિયાઓ બધી થોથાં છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે ને કે

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કાંઈ ન બાહ્ય સ્હાશે.

અહાહા...! અહીં કહે છે - સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને 'प्रतिपदम्' પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમથી થતા દરેક પર્યાયમાં) 'बन्ध–मोक्ष–प्रक्लृप्तेः दूरीभूतः' બન્ધમોક્ષની રચનાથી દૂર વર્તતો 'शुद्धः शुद्धः' શુદ્ધ શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમજ આવરણ-બન્નેથી રહિત છે એવો), 'स्वरस–विसर–आपूर्ण–पुण्य–अचल–अर्चिः' જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો, અને 'टंकोत्कीर्ण–प्रकट–महिमा' જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો 'अयं ज्ञानपुञ्जः स्फूर्जति' આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.

આ ચૈતન્યમાત્ર વસ્તુ અંદર છે તે કેવી છે? તો કહે છે-પદે પદે અર્થાત્ પ્રત્યેક પર્યાયે બંધ-મોક્ષની રચનાથી રહિત છે. અંદર જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વરૂપ છે તે બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તે છે. એટલે શું? કે રાગનું જે બંધન પર્યાયમાં છે તે બંધથી અને રાગના અભાવસ્વરૂપ જે અબંધ મોક્ષની દશા તે મોક્ષથી-એ બન્ને દશાથી વસ્તુ શુદ્ધ ચૈતન્યમય અંદર ભિન્ન છે; એ બન્ને દશાની રચનાથી રહિત ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

મિથ્યાત્વનું પહેલું ગુણસ્થાન હો કે અયોગી કેવળીનું ચૌદમું ગુણસ્થાન હો, નરક દશા હો કે તિર્યંચ, મનુષ્યદશા હો કે દેવ-એ પ્રત્યેક પર્યાયે પર્યાયની રચનાથી રહિત વસ્તુ અંદર જે એકલા ચૈતન્યનું દળ છે તે સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ પર્યાયથી ભિન્ન છે. અહાહા...! કર્મના ક્ષયોપશમના નિમિત્તે થતી નવી નવી પર્યાય કે ગુણસ્થાનની પર્યાય કે એકેન્દ્રિયાદિ પર્યાય-તે સમસ્ત પર્યાયોથી અંદર વસ્તુ ચિદાનંદઘન છે તે ભિન્ન છે. આવી વાત છે!

આ દેહમાં રહેલો ભગવાન આત્મા દેહથી તો ભિન્ન છે, કર્મથી તો ભિન્ન છે, પણ તેની એક સમયની દશામાં જે વિકારના- હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિ પાપના ને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ પુણ્યના ભાવ થાય છે એનાથીય ભગવાન આત્મા અંદર ભિન્ન વસ્તુ છે. અહાહા...! ચૌદ ગુણસ્થાનથી વસ્તુ અંદર ત્રિકાળી ભિન્ન છે. લ્યો, આ જૈન પરમેશ્વર ભગવાન કેવળીનો ઢંઢેરો છે કે પર્યાયે-પર્યાયે બંધ-મોક્ષની પર્યાયની રચનાથી રહિત ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે તે ભિન્ન છે. અહા! આવી પોતાની ચીજનો આદર અને સ્વીકાર કરી તેમાં લીન થતાં પર્યાયમાંથી મલિનતાનો નાશ થાય છે અને નિર્મળતા ઉત્પન્ન થાય છે. આનું નામ ધર્મ અને મોક્ષનો મારગ છે.

'शुद्धः शुद्धः' -એમ કહ્યું છે ને? મતલબ કે આત્મદ્રવ્ય ત્રિકાળી ધ્રુવ વસ્તુ અંદર રાગાદિ મેલથી રહિત પરમ પવિત્ર નિરાવરણ શુદ્ધ છે, અત્યંત શુદ્ધ છે. અહાહા....! સમ્યગ્દર્શન અર્થાત્ ધર્મની પહેલી સીડી-એનો વિષય જે ત્રિકાળી દ્રવ્ય છે તે રાગાદિક મળ તેમ જ આવરણ-એ બન્નેથી રહિત અત્યંત શુદ્ધ છે. હવે આવી વાત એને કેમ બેસે?

પણ બાપુ! અંદર પોતાની ચીજ શુદ્ધ એક જ્ઞાનાનંદરસથી ભરેલી છે. એના ભાન વિના અનંતકાળથી ચોરાસીના અવતાર કરી કરીને એ દુઃખી થયો છે. અનંત અનંત ભવોમાં પારાવાર અકથ્ય વેદનાથી એના સોથા નીકળી ગયા છે. અરે! અનંત-કાળમાં એ સાધુ થયો, ત્યાગી થયો, અનંતવાર નગ્ન દિગંબર મુનિ થયો, પણ એ દશાઓથી ભિન્ન શુદ્ધ એક ચૈતન્યરસથી-આનંદરસથી ભરેલી પોતાની ચીજ અંદરમાં છે એની દ્રષ્ટિ કરી નહિ! અરે! ભગવાન સચ્ચિદાનંદની મૂર્તિ પ્રભુ અંદરમાં શાશ્વત ત્રિકાળ વિરાજે છે એને જોવાની એણે દરકાર કરી નહિ! અરે ભાઈ! અંતર્દ્રષ્ટિ વિના તારી બહારની ક્રિયાઓ બધી જ ફોગટ છે.

અહીં કહે છે-ભગવાન આત્મા જેનું પવિત્ર અચળ તેજ નિજરસના-ચૈતન્યરસના ફેલાવથી ભરપૂર છે એવો, અને જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો છે. અહાહા...! ભગવાન આત્મા કદીય ચળે નહિ એવા અચળ એક શુદ્ધ જ્ઞાનપ્રકાશનો પુંજ છે. અહો! નિજરસથી-શુદ્ધ એક ચૈતન્યરસથી-ચિદાનંદરસથી ભરપૂર ભરેલી શું અદ્દભૂત આત્મવસ્તુ! શું એનો મહિમા અહીં કહે છે-એનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે અર્થાત્ સદા એકરૂપ પ્રગટ છે. અહા! આવો જેનો મહિમા સદા એકરૂપ પ્રગટ છે તે ભગવાન આત્મા સ્વાનુભવગમ્ય છે, સ્વસંવેદ્ય છે.

અહાહા....! કહે છે- 'अयं ज्ञानपुञ्जः स्फूर्जति' આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. એટલે શું? એટલે કે જેનું અચળ પવિત્ર તેજ નિજરસના-ચિદાનંદરસના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિસ્તારથી ભરપૂર છે એવો આ જ્ઞાનપુંજ પ્રભુ આત્મા પ્રગટ થાય છે અર્થાત્ સ્વસંવેદનમાં જણાય છે. બાપુ! અતીન્દ્રિય આનંદનું જેમાં વેદન થાય એવા સ્વસંવેદનમાં જ જણાય એવો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે; સ્વાનુભવગમ્ય જ એનો સ્વભાવ છે.

પણ અરે! લોકો તો આ વ્રત કરો ને તપ કરો ને દાન કરો ને ભક્તિ કરો-એમ બહારની ધમાલમાં જ ધર્મ માનીને અટકી ગયા છે. પરંતુ ભાઈ! એ તો બધો શુભરાગ છે. એ સ્થૂળ રાગમાં અતીન્દ્રિય સૂક્ષ્મ ચૈતન્ય-મહાપ્રભુ ક્યાં જણાય એમ છે? અહા! જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ આત્મા સ્થૂળ શુભરાગના ભાવથી જણાય એવી વસ્તુ નથી. અહા! રાગ તો શું ચૌદ ગુણસ્થાનાદિના પર્યાયભેદથી પણ ભિન્ન એવો ભગવાન આત્મા એક સ્વાનુભવમાં-સ્વસંવેદનમાં જ પ્રગટ થાય એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ....?

હા, પણ ગુણસ્થાન આદિ પર્યાય ક્યાં ગઈ?

**સમાધાનઃ-** પર્યાય ક્યાંય ગઈ નથી, પર્યાય પર્યાયમાં રહી છે. અહીં તો શુદ્ધ ચૈતન્યમાત્રવસ્તુ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય પ્રભુ પોતે છે તે બતાવવું છે. તેથી કહીએ છીએ કે- અરે ભાઈ! આ સ્ત્રીનું, પુરુષનું, ઢોરનું, નારકીનું શરીર (સંયોગી અવસ્થા) ન જો; શરીર તો જડ છે, અને ભગવાન ત્રણલોકનો નાથ તો અંદર એનાથી ભિન્નપણે વિરાજી રહ્યો છે. શરીર શરીરમાં ભલે હો, પણ જ્ઞાનાનંદનો સમુદ્ર પ્રભુ આત્મા તો અંદર ભિન્ન જ છે. તેમ પર્યાયે પર્યાયે પર્યાયથી ભિન્ન ચૈતન્યરસનો પુંજ પ્રભુ આત્મા અંદર ગુણસ્થાન આદિના ભેદોથી ભિન્ન જ છે અને તે સ્વાનુભવ વડે જ પ્રગટ થાય છે. ઓહોહો....! આવી વાત છે!

## * કળશ ૧૯૩ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તા-ભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે.'

શું કીધું? શુદ્ધનયનો વિષય જ્ઞાનસ્વરૂપી ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્ય છે. અહાહા...! જાણવું... જાણવું... જાણવું-એમ જાણવાપણું જેનો સ્વભાવ છે એવો જ્ઞાનનો પુંજ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ આત્મા શુદ્ધનયનો વિષય છે અને તે કહે છે, કર્તા-ભોક્તાપણાના ભાવોથી રહિત છે. એટલે શું? કે શરીર, મન, વાણી ઇત્યાદિ પરદ્રવ્યનું કરવું ને ભોગવવું તો એને (શુદ્ધ આત્મદ્રવ્યને) નથી, પણ એથીય વિશેષ એની એક સમયની પર્યાયમાં જે દયા, દાન આદિ વા હિંસાદિ શુભાશુભ વિકલ્પ ઊઠે છે તે વિકલ્પનુંય કરવું ને ભોગવવું એને નથી. સૂક્ષ્મ વાત છે પ્રભુ! અહીં એમ કહેવું છે કે શુદ્ધ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આત્મદ્રવ્યમાં એવો ગુણ-સ્વભાવ નથી કે જેથી તે રાગને કરે ને રાગને ભોગવે. સ્વભાવથી જ શુદ્ધ આત્મવસ્તુ કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે.

વળી શુદ્ધ આત્મદ્રવ્ય ચિદાનંદઘન પ્રભુ બંધ-મોક્ષની રચનાથી પણ રહિત છે. આ રાગાદિભાવ જે બંધ અને રાગાદિનો અભાવ જે અબંધ-મોક્ષ-એ બન્ને બંધ-મોક્ષની દશાઓની રચનાથી રહિત અંદર ધ્રુવ એકરૂપ ભગવાન આત્મા છે. અહો! શુદ્ધ આત્મવસ્તુ ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ ત્રિકાળ આનંદકંદ પ્રભુ બંધ-મોક્ષની રચનાથી રહિત છે.

હવે બહારના ક્રિયાકાંડમાં, એમાં ધર્મ માનીને, ગળાડૂબ પડયા હોય એ બિચારાઓને કહીએ કે- 'બંધમોક્ષની રચનાથી રહિત તું ભગવાન આત્મા છો' -તે એને કેમ બેસે? બેસે કે ન બેસે, આ વસ્તુસ્વરૂપ છે. રાગની-બંધની રચના કરે એવો વસ્તુનો-ચૈતન્યપુંજ પ્રભુ આત્માનો સ્વભાવ જ નથી. હવે આવા પોતાના સ્વરૂપને જાણ્યા વિના પ્રભુ! તું વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિના રાગમાં એકાંતે રાચે પણ ભાઈ! એ તો બધું રણમાં પોક મૂકવા જેવું છે. હવે કહે છે-

આત્માનો સ્વ-ભાવ 'પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે, પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે.'

જોયું? શરીર, મન, વાણી, ઈન્દ્રિય અને દેવ-ગુરુ-શાસ્ત્ર ઇત્યાદિ પરવસ્તુથી તો ભિન્ન છે પણ પરવસ્તુના નિમિત્તથી થતા પુણ્ય-પાપરૂપ જે શુભાશુભભાવ એનાથીય અંદર આનંદનો નાથ ચૈતન્યમૂર્તિ પ્રભુ ભિન્ન છે અને તેથી શુદ્ધ છે. અહા! આવો ભગવાન આત્મા અત્યંત શુદ્ધ પવિત્ર છે. વળી તે પોતાના સ્વ-રસના-શુદ્ધ એક ચૈતન્યરસના ધ્રુવ એકરૂપ પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે. અહાહા....! એક કળશમાં આચાર્યદેવે કેટલું ભરી દીધું છે? કહે છે-ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ નિજરસથી-ચૈતન્યરસથી ભરેલો ત્રિકાળી ધ્રુવ-ધ્રુવ પ્રવાહ છે. અહા! આવો આત્મા ટંકોત્કીર્ણ સદાય એકરૂપ મહિમાવાળો છે.

અરે! પોતાની ચીજનો મહિમા શું છે એને જાણ્યા વિના એ (-જીવ) અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે. અહા! મનુષ્ય પણ એ અનંતવાર થયો પણ પોતાની ચીજને જાણવાની દરકાર જ કરી નહિ! ધર્મના નામે એણે વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિ ક્રિયાઓ કરી, મોટાં મંદિરો બંધાવ્યાં, વરઘોડા કાઢયા, હજારો-લાખો લોકો ભેગા થાય એવા ગજરથ કાઢયા; પણ એથી શું? એ તો બધી ક્રિયાઓ પરની બાપા! એમાં જો રાગની મંદતા હોય તો પુણ્યબંધ થાય, પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એથી કાંઈ ધર્મ ન થાય. અહીં કહે છે-આવા પુણ્યના ભાવથી પણ અંદર સચ્ચિદાનંદમય જ્ઞાનપુંજ પ્રભુ આત્મા ભિન્ન ચીજ છે અને તે સ્વાનુભવમાં પ્રગટ થાય છે, એ જ કહે છે કે-

'એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.' એટલે કે આવો આત્મા જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ અંતર્મુખાકાર સ્વસંવેદનમાં જણાય છે. રાગ વડે જણાય એવો એનો સ્વભાવ જ નથી. આવી વાત છે.

* * *

હવે સર્વવિશુદ્ધ જ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, 'આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે' એવા અર્થનો આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ-

## * કળશ ૧૯૪: શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'कर्तृत्वं अस्य चितः स्वभावः न' કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, 'वेदयितृत्ववत्' જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.

શું કીધું? અહાહા....! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ એક ચિન્માત્ર વસ્તુ છે. એમાં રાગ ને રાગનું કરવું ક્યાં છે? અહાહા.....! અનંત ગુણ-સ્વભાવોથી ભરેલા ચિત્સ્વરૂપ ભગવાન આત્મામાં એવો ગુણ-સ્વભાવ જ નથી કે જેથી તે રાગને કરે કે ભોગવે. અહા! જેમ ભોક્તાપણું એનો સ્વભાવ નથી તેમ રાગનું કર્તાપણું એનો સ્વભાવ નથી.

હવે એક બીડી સરખાઈની પીવે ત્યારે તો ભાઈસા'બના મગજને ચેન પડે એવી જેની માન્યતા છે એને આવી વાત કેમ બેસે? (ન બેસે). પણ શું થાય? અહીં તો ચોકખી વાત છે કે ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવી છે. તેની એક સમયની પર્યાયની અસ્તિમાં દયા, દાન, ભક્તિ, પૂજા ઇત્યાદિનો રાગ થાય તેનો તે જાણનારો (એય વ્યવહારે) છે પણ એનો કર્તા-ભોક્તા તો નથી જ નથી.

અહા! આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ જ એવો છે કે એમાં જ્યાં અંતર્દષ્ટિ થઈ ત્યાં પોતાને જાણવાની જે પર્યાય થઈ તે જ્ઞાનની પર્યાય રાગને પણ જાણે; ત્યાં રાગ સંબંધીનું જે જ્ઞાન પોતાના સ્વપરપ્રકાશક સામર્થ્યથી પોતાના કારણે થયું તે જ્ઞાનનો કર્તા આત્મા છે, પણ રાગનો કર્તા તે નથી. આવી વાત! બાપુ! કર્તાપણું આત્માનો સ્વભાવ જ નથી, જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. હવે કહે છે-

'अज्ञानात् एव अयं कर्ता' અજ્ઞાનથી જ તે કર્તા છે, तद्-अभावात् अकारकः' અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આત્મા સ્વભાવથી તો અકર્તા જ છે. પણ એ સ્વભાવનું ભાન કરે ત્યારે અકર્તા છું એમ સમજાય ને? દયા, દાન આદિ રાગ ભલો છે, કર્તવ્ય છે એમ જ્યાં સુધી રાગની રુચિ છે ત્યાં સુધી અજ્ઞાન છે; અને અજ્ઞાનથી એ રાગાદિનો કર્તા છે. સ્વભાવની રુચિ વડે જ્યારે અજ્ઞાનનો અભાવ થાય ત્યારે અકર્તા છે. માટે તારી રુચિ પલટી દે ભાઈ! જો; રાગની રુચિવાળો અજ્ઞાની જીવ ગમે તેવાં દુર્દ્ધર વ્રત, તપ આદિ આચરે તોય શાસ્ત્રમાં તેને 'કલીબ' -નપુંસક કહ્યો છે. કેમ? કેમકે જેમ પાવૈયાને (-નપુંસકને) પ્રજા ન હોય તેમ રાગની રુચિવાળાને ધર્મને પ્રજા (-પર્યાય) ઉત્પન્ન થતી નથી. આકરી વાત બાપા! પણ આ ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્માએ કહેલી સત્ય વાત છે.

અહા! એકલી પવિત્રતાનો પિંડ એવા જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવી પ્રભુ આત્માને પર્યાયમાં કર્તાપણું હોવું એ કલંક છે. માટે હે ભાઈ! રાગની રુચિ છોડીને સ્વભાવની રુચિ કર; તે વડે અજ્ઞાનનો અભાવ થતાં તે સાક્ષાત્ (-પર્યાયમાં) અકર્તા થાય છે. સમજાણું કાંઈ....?

હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છેઃ-

## * ગાથા ૩૦૮ થી ૩૧૧ : ટીકા ઉપરનું પ્રવચન *

'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી;...'

જુઓ, પાઠમાં-સંસ્કૃતમાં 'तावत्' શબ્દ પડયો છે. 'तावत' એટલે પ્રથમ તો...., અર્થાત્ મૂળમાં વાત આ છે કે...., શું? કે 'જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી.' અહા! જીવમાં પ્રત્યેક સમયે જે પર્યાય થાય છે તે ક્રમબદ્ધ છે. તેમાં ત્રિકાળ જે જે પર્યાયો થાય છે તે બધીય ક્રમબદ્ધ થાય છે. એમ કહે છે. જેમ માળામાં મણકા પોતપોતાના સ્થાનમાં રહેલા એક પછી એક હોય છે, તે મણકા આડા-અવળા ન હોય-પછીનો મણકો આગળ ન આવી જાય અને આગળનો મણકો પાછળ ન ચાલ્યો જાય-તેમ જીવમાં જે સમયે જે પર્યાયની ઉત્પત્તિનો કાળ હોય તે સમયે તે જ પર્યાય ઉત્પન્ન થાય છે. આમ જીવનની બધી પર્યાયો પોતપોતાના કાળે ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે, આડી અવળી નહિ.

હવે આમાં કેટલાકને વાંધા છે; એમ કે પર્યાય એક પછી એક ક્રમસર થાય એ તો બરાબર પણ આના પછી આ જ થાય એમ ક્રમબદ્ધ નથી એમ તેઓ કહે છે.

ભાઈ! તારી આ માન્યતા યથાર્થ નથી. દ્રવ્યમાં જે પર્યાય જે કાળે થવાયોગ્ય હોય તે જ પર્યાય તે કાળે ક્રમબદ્ધ થાય છે. જુઓને, અહીં ટીકામાં શું કહે છે?

'जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव, ना जीवः.....' 'ક્રમ નિયમિત' શબ્દ છે. એટલે કે ક્રમ તો ખરો અને ક્રમથી નિયમિત-નિશ્ચિત, અર્થાત્ દ્રવ્યમાં આ સમયે થવાયોગ્ય આ જ પર્યાય થશે એમ નિશ્ચિત છે.

ભાઈ! તું ભગવાન સર્વજ્ઞદેવને માને છે કે નહિ? અહાહા....! ત્રણકાળ-ત્રણલોકને એક સમયમાં યુગપત્ પ્રત્યક્ષ જાણનાર ભગવાન સર્વજ્ઞદેવને જો તું માને છે તો (બધી) પર્યાયો દ્રવ્યમાં (પ્રત્યેક દ્રવ્યમાં) ક્રમબદ્ધ થાય છે એમ સિદ્ધ થઈ જાય છે. ભગવાન સર્વજ્ઞદેવ દ્રવ્યની ત્રણે કાળની પર્યાયોને યુગપત્ જાણે છે એનો અર્થ જ એ થયો કે દ્રવ્યની ત્રણે કાળની પર્યાયોનો ક્રમ નિશ્ચિત છે. અહા! દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થવાની હોય તે સમયે તે જ પર્યાય થાય; એમ સમસ્ત પર્યાયો પોતપોતાના સમયે ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ...?

હા, પણ આવું બધું ક્રમબદ્ધ માને તો ધર્મ કરવા માટે પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું? લ્યો, આવો કેટલાકનો પ્રશ્ન છે. એમ કે ક્રમબદ્ધમાં ધર્મ થવાનો હશે તે દિ' થશે.

**સમાધાનઃ-** ભાઈ! એમ આ વાત નથી. બાપુ! તું એકવાર સાંભળ. ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દ્રષ્ટિ ત્રિકાળી શુદ્ધ એક નિજ જ્ઞાયકભાવમાત્રવસ્તુ આત્મા પર હોય છે. ભાઈ! જ્ઞાયકસ્વભાવ પર દ્રષ્ટિ જાય ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે-એવી આ વાત છે. ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના આશ્રયે થતો નથી પણ ક્રમબદ્ધનો નિર્ણય ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયક તત્ત્વના આશ્રયે થાય છે. આ પ્રમાણે ક્રમબદ્ધનો નિર્ણય કરનારને જ્ઞાયકસ્વભાવી આત્માના આશ્રયનો પુરુષાર્થ થતો હોય છે અને એનું જ નામ ધર્મ છે. સમજાણું કાંઈ....? અહા! ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય કરનારને તો કર્તાબુદ્ધિ ઉડી જાય છે ને સ્વભાવ પ્રતિ સમ્યક્ પુરુષાર્થ જાગ્રત થાય છે. આવી આ વાત છે.

જુઓ, અહીં પહેલાં જીવની પર્યાયોની વાત કરી છે. જીવ જાણનાર જ્ઞાયક તત્ત્વ છે ને? પોતાની જે પર્યાયો ક્રમબદ્ધ થાય તેનો જાણનારો છે ને? માટે જીવની વાત પ્રથમ કરીને પછી અજીવની વાત કરી છે. અજીવમાં-જડમાં પણ પર્યાયો તો બધી ક્રમબદ્ધ થાય છે, પણ જડને કાંઈ નથી અર્થાત્ જડ કાંઈ જાણતું નથી, જીવ એનો જાણનારો છે. અહા! જીવને પોતાનું જ્ઞાન (-આત્મજ્ઞાન) થાય ત્યારે તે જાણે છે કે પોતામાં જે ક્રમબદ્ધ પર્યાયો થાય છે તેનો હું જાણનાર છું અને જડમાં-અજીવમાં જે ક્રમબદ્ધ પર્યાયો થાય છે તેનોય હું જાણનાર છું. (કર્તા છું એમ નહિ). અહા! ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવની જેને અંતર્દ્રષ્ટિ થઈ છે તે જીવને પર્યાયમાં રાગાદિ ભાવ જે ક્રમબદ્ધ થાય છે તેનો તે કર્તા થતો નથી પણ માત્ર તેનો જ્ઞાતા-

સાક્ષી રહે છે. અહો! ધર્મી પુરુષની આવી કોઈ અલૌકિક અંતરદશા હોય છે.

પરંતુ અજ્ઞાની જીવ, પોતાને નિજ જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવમાત્ર આત્માનું ભાન નહિ હોવાથી જે જે રાગાદિ પર્યાયો ક્રમબદ્ધ પ્રગટ થાય છે તેનો તે કર્તા થાય છે અને તેથી તે દીર્ઘ સંસારમાં રખડી મરે છે.

શું કહીએ? ભાઈ! તારો અનંત અનંત કાળ ચતુર્ગતિ પરિભ્રમણમાં ગયો છે. અરે! ચોરાસી લાખ યોનિમાં પ્રત્યેક યોનિમાં ભગવાન! તું અનંતવાર ઉપજ્યો! પણ અરે! એણે કદી પોતાનો વિચારેય કર્યો નથી. અરેરે! ક્યાં ક્યાં એણે અવતાર કર્યા? નિજ સ્વરૂપના ભાન વિના નરકમાં, ઢોરમાં, કીડા-કાગડા-કંથવામાં અને પૃથ્વી પાણી ને વનસ્પતિ આ એકેન્દ્રિયમાં અરેરે! એણે અનંત અનંત વાર અવતાર કર્યા છે. અરે! એણે જે પારાવાર કષ્ટ-દુઃખ સહ્યાં તેને કેમ કરીને કહીએ? ભાઈ! અહીં આચાર્યદેવ તારાં દુઃખ દૂર કરવાનો ઉપાય બતાવે છે. કહે છે-

'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી.' આ મૂળ મુદ્દાની વાત છે. શું? કે ભગવાન આત્મા અનંતગુણનું વાસ્તુ પ્રભુ વસ્તુપણે તો પર્યાયથી ભિન્ન છે. છતાં તેનું પર્યાયમાં જે પરિણમન-બદલવું થાય છે એમાં બદલતી જે અવસ્થાઓ સમયે સમયે પ્રગટ થાય છે તે, કહે છે, ક્રમબદ્ધ થાય છે; આઘી-પાછી કે આડી-અવળી નહિ. જેમ મોતીની માળામાં પોતપોતાના સ્થાનોમાં પ્રકાશતાં મોતી જો આઘાં-પાછાં થાય તો માળા તૂટી જાય. તેમ દ્રવ્યમાં પોતપોતાના અવસરોમાં પ્રગટ થતી પર્યાયોમાં જો ક્રમભંગ થાય તો દ્રવ્ય જ ના રહે. એટલે કે પોતપોતાના અવસરોમાં પ્રગટ થતી પર્યાયો આઘી-પાછી કે વહેલી-મોડી થવાનું જો કોઈ માને તો તેની એ માન્યતા વિપરીત છે, મિથ્યાશ્રદ્ધાન છે. વાસ્તવમાં દ્રવ્યમાં જે પર્યાય જે સમયે થવાની હોય તે સમયે જ તે પર્યાય પ્રગટ થાય છે; વર્તમાન થવાની હોય તે વર્તમાન થાય છે ને ભવિષ્યમાં થવાની હોય તે ભવિષ્યમાં એના કાળે થાય છે. આવી ઝીણી વાત છે ભાઈ!

જુઓ, એક વખતે એક છોકરાએ બીજા છોકરાને વાતવાતમાં ગુસ્સે થઈને ગાલ ઉપર જોશથી થપ્પડ લગાવી દીધી. પછી કોઈ સમજુ માણસે એને ઠપકો આપ્યો તો તે કહે-"એ તો જે સમયે જે થવાનું હતું તે થયું છે. મેં એમાં શું કર્યું છે? એક દ્રવ્ય બીજા દ્રવ્યનું શું કરી શકે છે?" લ્યો, આવું એણે કહ્યું.

પણ ભાઈ! એની એ વાત બરાબર નથી. જડમાં-શરીરમાં જે ક્રિયા તે સમયે થવાની હતી તે થઈ તથા તે જડની ક્રિયા છે એ તો યથાર્થ છે. પરંતુ ક્રમબદ્ધ જે હિંસાનો-મારવાનો ભાવ થયો તે કોણે કર્યો? તે ભાવનો અજ્ઞાની જીવ અવશ્ય

કર્તા છે. કોઈ કર્તા થઈને પરિણમે અને જે સમયે જે રાગ થવાનો હતો તે થયો એમ ક્રમબદ્ધનું નામ લે તો એ તો સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ છે; એને ક્રમબદ્ધનું સાચું શ્રદ્ધાન જ નથી. બાપુ! આ કાંઈ સ્વચ્છંદ પોષવા માટે વાત નથી પણ સ્વભાવના આશ્રયે સાચો નિર્ણય કરી સ્વચ્છંદ મટાડવાની આ વાત છે.

ભાઈ! ભગવાનની વાણીનો, ચારે અનુયોગનો સાર એકમાત્ર વીતરાગતા છે. પંચાસ્તિકાય ગાથા ૧૭૨ની ટીકામાં કહ્યું છે કે-"વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે." અહા! આ વીતરાગતા કેમ પ્રગટે? કે જીવને જ્યારે પર્યાયબુદ્ધિ મટીને દ્રવ્યદૃષ્ટિ થાય ત્યારે વીતરાગતા પ્રગટે છે. અહાહા...! ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકની દૃષ્ટિ થાય એ એક જ વીતરાગતા પ્રગટ થવાનું કારણ-સાધન છે.

ત્યારે કોઈ વળી ક્રમબદ્ધની ઓથ લઈને કહે છે-વીતરાગતાની પર્યાય જે કાળે થવાની હશે તે કાળે તે ઉત્પન્ન થશે. (એમ કે એમાં દ્રવ્યદૃષ્ટિનું શું પ્રયોજન છે?)

હા, વીતરાગતાની પર્યાય તો જે કાળે થવાની હશે તે કાળે તે ઉત્પન્ન થશે; એ તો એમ જ છે, પણ એવો નિર્ણય કોની સન્મુખ થઈને કર્યો? અહા! ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયકસ્વરૂપની સન્મુખ થઈને હું આ એક ચિન્માત્ર-જ્ઞાનમાત્ર જ્ઞાતાદૃષ્ટા-સ્વભાવી વસ્તુ આત્મા છું એમ જેણે નિર્ણય કર્યો તેને જે કાળે જે પર્યાય થવાની હશે તે થશે એમ યથાર્થ નિર્ણય હોય છે; અને તેને જ ક્રમબદ્ધ વીતરાગતા થાય છે. બાકી રાગની રુચિ છોડે નહિ અને વીતરાગતા જે કાળે થવાની હશે ત્યારે થશે એમ કહે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો ક્રમબદ્ધ રાગનું જ અજ્ઞાનમય પરિણમન થયા કરે છે. આમાં સમજાણું કાંઈ...! એમ કે કઈ પદ્ધતિએ કહેવાય છે એની કાંઈ ગંધ આવે છે કે નહિ? અહા! પૂરું સમજાઈ જાય એનું તો તત્કાળ કલ્યાણ થઈ જાય એવી વાત છે.

જુઓ, દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુ આખી આત્મા છે. તેમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણથી રચાયેલું જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાન છે તે દ્રવ્ય છે અને પ્રતિસમય ઉત્પાદ-વ્યયરૂપ પલટતી જે અવસ્થા છે તે પર્યાય છે. તેમાં ગુણો છે તે અક્રમ અર્થાત્ એકસાથે રહેનારા સહવર્તી છે અને પર્યાયો ક્રમવર્તી છે. તે પર્યાયો એક પછી એક થતી ક્રમબદ્ધ થાય છે એમ વાત છે. મતલબ કે જીવમાં જે પર્યાય જે સમયે થવાની હોય તે તેના સ્વ-અવસરે જ પ્રગટ થાય છે. શું કીધું? વર્તમાન-વર્તમાન જે પર્યાય પ્રગટ થાય તે તેની ઉત્પત્તિનો કાળ છે, જન્મક્ષણ છે. પ્રત્યેક સમયે પ્રગટ થતી પર્યાય તે તેની જન્મક્ષણ છે. સૂક્ષ્મ વાત છે; પણ આ સર્વજ્ઞ પરમાત્માના પેટની વાતુ છે પ્રભુ! આમાં બે મુદ્દા રહેલા છે.

૧. જીવની જે સમયે જે પર્યાય થવાથી હોય તે સમયે તે જ થાય એ તેની કાળલબ્ધિ છે. અને

૨. જે પર્યાય થાય તે બાહ્ય નિમિત્તથી, તેના દ્રવ્ય-ગુણથી અને તેની પૂર્વ પર્યાયના વ્યયથી પણ નિરપેક્ષ છે; અર્થાત્ તે પર્યાયને બાહ્ય નિમિત્તનીય અપેક્ષા નથી, એના દ્રવ્ય-ગુણનીય એને અપેક્ષા નથી અને પૂર્વ પર્યાયના વ્યયનીય એને અપેક્ષા નથી. અહા! જીવની એક સમયની પર્યાય જે વિકારરૂપે પરિણમે તે પોતાના ષટ્કારકથી પોતે સ્વતંત્રપણે પરિણમે છે. આ વાત પંચાસ્તિકાયની ગાથા ૬૨ માં આવી છે.

જીવદ્રવ્યની જે પર્યાય થાય તે જીવ જ છે; અર્થાત્ તેનો કર્તા જીવ જ છે અન્ય દ્રવ્ય નથી, જડ કર્મ નથી. જડ કર્મની પર્યાય જડ કર્મના કારણે ક્રમબદ્ધ થાય છે અને જીવની પર્યાય જીવના કારણે ક્રમબદ્ધ થાય છે. દ્રવ્ય પોતે જ પોતાની પર્યાયને કરે છે, પણ ભિન્ન પદાર્થ તે પર્યાયને કરે એમ ત્રણકાળમાં નથી. ચાહે જીવની વિકારી પર્યાય હો કે સમકિત આદિ નિર્મળ નિર્વિકારી પર્યાય હો, તે પર્યાય તેના ક્રમમાં થવાની હોય તે જ થાય છે અને એમાં તેને કર્મ વગેરે કોઇ પરકારકોની અપેક્ષા નથી. આવી વાત છે.

અહો! સંતો આડતિયા થઈને ભગવાન કેવળીના ઘરનો માલ જગતને આપે છે. કહે છે-જો તો ખરો પ્રભુ! કેવો આશ્ચર્યકારી માલ છે! અહા! સર્વજ્ઞદેવે જીવની જે પર્યાય જે સમયે થવાની જોઈ છે તે સમયે તે જ પર્યાય થાય છે, અને તે થાય છે તેમાં કોઈ અન્યદ્રવ્યની અપેક્ષા નથી; અરે! તે પૂર્વ પર્યાયના વ્યયના કારણે થાય છે એમ પણ નથી.

જુઓ, ભગવાન કેવળી સર્વજ્ઞદેવના નામથી પર્યાયને ક્રમબદ્ધ સિદ્ધ કરવી એ તો પરથી સિદ્ધ કરવાની વાત છે. અને પૂર્વ પર્યાયના વ્યયપૂર્વક વર્તમાન પર્યાય થઈ એમ કહેવું એ પણ પરથી પર્યાયને સિદ્ધ કરવાની વાત છે. (કેમકે પૂર્વ પર્યાય વર્તમાન પર્યાયનું પર છે). વાસ્તવમાં તો જે સમયે જે પર્યાય-વિકારી કે નિર્વિકારી પ્રગટ થાય છે તે તે કાળે પોતાના કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારકથી સ્વતંત્રપણે પ્રગટ થાય છે. અહો! આ અલૌકિક સિદ્ધાંત છે કે જીવ પોતાની ક્રમબદ્ધ એકેક પર્યાયના ષટ્કારકથી પોતાની તે તે પર્યાયપણે ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી. બાપુ! તેં બહાર લૌકિકમાં ઘણું-બધું સાંભળ્યું હોય એનાથી આ તદ્દન જુદી વાત છે.

જુઓ, પાંચ વાત અહીંથી મુખ્ય બહાર આવી છે. ૧. નિમિત્ત, ૨. ઉપાદાન, ૩. નિશ્ચય, ૪. વ્યવહાર, અને ૫. આ ક્રમબદ્ધ.

નિમિત્ત છે તે પરવસ્તુ છે, તે ઉપાદાનમાં કાંઈ કરે નહિ. નિમિત્ત છે ખરું, એના

અસ્તિપણાનો નિષેધ નથી, પણ તે ઉપાદાનની પર્યાયનું કાંઈપણ કરે નહિ.

તેમ વ્યવહાર છે તે નિશ્ચયનું કાંઈ કરે નહિ. કેમકે વ્યવહાર છે તે પણ નિમિત્ત છે. વ્યવહાર છે ખરો, પણ વ્યવહાર નિશ્ચયનું કાંઈ કરે નહિ.

પાંચમો આ ક્રમબદ્ધનો વિષય; પ્રત્યેક દ્રવ્યની સર્વ પર્યાયો તેના થવાના કાળે સ્વતંત્રપણે પોતાથી જ ક્રમબદ્ધ થાય છે. તેમાં કાંઈ આઘું-પાછું કદીય થાય નહિ.

હવે એક છઠ્ઠી વાતઃ બહાર એમ વાત આવી છે કે-પર્યાય અશુદ્ધ હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય.

પરંતુ આ માન્યતા યથાર્થ નથી. વસ્તુ જે દ્રવ્ય છે એ તો અનાદિ અનંત એકરૂપ પવિત્રતાનો પિંડ છે. વિકારી-નિર્વિકારી સર્વ પર્યાયોના કાળે દ્રવ્ય તો શાશ્વત એકરૂપ શુદ્ધ છે. અરે! તીવ્ર મિથ્યાત્વના કાળે પણ દ્રવ્ય-વસ્તુ તો જેવી છે તેવી શુદ્ધ જ છે.

**પ્રશ્નઃ-** તો શુદ્ધ-અશુદ્ધ દ્રવ્ય એમ કહે છે ને?

**સમાધાનઃ-** હા, પણ એ તો પર્યાય-અપેક્ષાએ વાત છે. શુદ્ધતા ને અશુદ્ધતા એ તો પર્યાયની વાત છે ભાઈ! વસ્તુ-દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ જ છે. અરે! પોતે કોણ છે? કેવો છે? કેવડો છે? એની પોતાને કાંઈ ખબર ન મળે અને બધી પરની માંડી છે. કહેવત છે ને કે- 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો' -એમ આ પણ પોતાની ખબર કરે નહિ અને બહારમાં ડહાપણ ડહોળે-જાણે દેવનો દીકરો; પણ ભાઈ! સ્વને જાણ્યા વિના એ બધું તારું ડહાપણ તો નરી મૂઢતા છે, પાગલપણું છે-બાપુ!

ભાઈ! તું સાંભળ તો ખરો કે અહીં આ શું કહે છે! અહાહા....! કહે છે-પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી. જુઓ, ત્રિકાળી શુદ્ધ જીવ-વસ્તુ છે એ તો ધ્રુવ અપરિણામી છે; તેમાં બદલવું (ક્રિયા) નથી. પણ વર્તમાન પર્યાય છે તે એની બદલતી દશા છે. અહીં કહે છે-તે વર્તમાન-વર્તમાન બદલતી દશા છે તે ક્રમબદ્ધ છે. મૂળ પાઠમાં 'ક્રમનિયમિત' શબ્દ છે, તેનો અહીં 'ક્રમબદ્ધ' અર્થ કર્યો છે. મતલબ કે જીવની અનાદિ અનંત ત્રણકાળની જે પર્યાયો છે તે પ્રત્યેક પોતાના સ્વકાળે ક્રમનિયમિત-ક્રમબદ્ધ પ્રગટ થાય છે. વળી જીવની તે પ્રત્યેક બદલતી-ઉપજતી દશા-પર્યાય જીવ જ છે, અજીવ નથી. એટલે શું? કે તે તે ઉપજતા પરિણામોમાં જીવ જ તન્મય છે, પણ એમાં

અજીવ તન્મય છે એમ નથી. અહા! તે તે પરિણામ અજીવના છે વા તે અજીવથી નીપજ્યા છે એમ નથી. જીવના પરિણામ જીવ જ છે એમ અહીં વાત છે.

**પ્રશ્નઃ-** હા, પણ એક બાજુ આપ કહો છો કે જીવ પર્યાયને કરે નહિ અને વળી અહીં કહો છો-જીવના પરિણામ જીવ જ છે-આ કેવી રીતે છે?

**સમાધાનઃ-** હા; સમયસાર ગાથા ૩૨૦ માં એમ આવે છે કે પર્યાયનો કર્તા જીવ નથી. પર્યાય પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એવા ષટ્કારકના પરિણમનથી સ્વયં સ્વતઃ સહજપણે સ્વકાળે ઉપજે છે. ત્યાં દ્રવ્યથી પર્યાયને ભિન્ન બતાવી દ્રવ્યદ્દષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સિદ્ધ કરવો છે ને! તો કહ્યું કે દ્રવ્ય પર્યાયનું કર્તા નથી, દ્રવ્ય પર્યાયનું દાતા નથી; આવો અક્રિય એકરૂપ દ્રવ્યસ્વભાવ છે.

જ્યારે અહીં પરદ્રવ્ય પર્યાયનું કર્તા નથી, દાતા નથી એમ સિદ્ધ કરવું છે. તો દ્રવ્ય-પર્યાયને અભેદ કરીને વાત કરી છે કે જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી. અહાહા....! જે કાળે ક્રમબદ્ધ જે પર્યાય થઈ તે જીવ છે એમ અહીં કેમ કહ્યું? કેમકે તે પર્યાયમાં તે કાળે જીવ તન્મય છે, પણ અજીવ તન્મય નથી. તે પર્યાય પરથી કે અજીવથી થઈ છે એમ નથી. ભાઈ! આ વિકારના પરિણામ જે થાય છે તે કર્મથી થાય છે એમ નથી; તથા સમ્યગ્દર્શનની પર્યાય થઈ તે દર્શનમોહનો અભાવ થયો માટે થઈ છે એમ નથી. તે કાળે જીવની તે તે પર્યાય જીવસ્વરૂપ છે. લ્યો, આવી વસ્તુસ્થિતિ છે. ભાઈ! જ્યાં જે અપેક્ષાથી વાત હોય તેને તે રીતે યથાર્થ સમજવી જોઈએ.

અત્યારે તો આ વિષયમાં કેટલાકે ગડબડ ઊભી કરી છે. તેઓ કહે છે-જો ક્રમબદ્ધ માનો તો બધું નિયત થઈ જાય છે અને તો આત્માને કાંઈ પુરુષાર્થ કરવાનો રહેતો નથી.

ભાઈ! વસ્તુ-વ્યવસ્થા તો નિયત અને સ્વાધીન જ છે. એમાં ફેરફાર કરવાની તું ચેષ્ટા કરે એને તું શું પુરુષાર્થ કહે છે? બાપુ! એ પુરુષાર્થ નથી પણ તારા મિથ્યા (-વાંઝણા) વિકલ્પ છે. વાસ્તવમાં તો દ્રવ્યની પર્યાય તેના કાળે, પરના કર્તાપણા વિના સ્વતંત્ર-સ્વાધીનપણે પોતાથી ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે એમ જેણે યથાર્થ માન્યું તે પુરુષાર્થી છે, કેમકે એમ માનનાર પરથી હઠીને સ્વાભિમુખ થાય છે અને સ્વાભિમુખ થવું ને રહેવું એ જ સમ્યક્ પુરુષાર્થ છે.

તો બે કારણથી કાર્ય થાય છે એમ તત્ત્વાર્થરાજવાર્તિક આદિ સિદ્ધાંત-ગ્રંથોમાં આવે છે ને?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! એ તો વાસ્તવિક કારણ જે નિશ્ચય ઉપાદાન તેના સહચરપણે બાહ્ય નિમિત્ત શું હોય છે તેનું જ્ઞાન કરાવવાની ત્યાં વાત છે. બાકી નિમિત્ત કાંઈ વાસ્તવિક કારણ છે એમ નથી. વાસ્તવમાં જે સમયે જે પર્યાય થાય તે પર્યાય તે સમયનું સત્ છે. તે કોઈથી આઘું-પાછું ન થાય. ભાઈ! તે પર્યાય પરના કારણે તો થતી નથી પણ તેને પૂર્વ પર્યાયનીય અપેક્ષા નથી. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આવે છે ને? કે પૂર્વપર્યાયયુક્ત દ્રવ્ય તે કારણ અને ઉત્તરપર્યાયયુક્ત દ્રવ્ય તે કાર્ય-એય વ્યવહારની વાત છે. ભાઈ! સામાન્ય જે વસ્તુ છે તે, તે સમયના પર્યાયરૂપ વિશેષમાં ઉપજે છે અને તે પર્યાય-વિશેષ તે સમયનું સત્ છે. લ્યો, આવી વાત! સમજાણું કાંઈ...?

તો આ પૈસા દાનમાં દેવા, મંદિરો બનાવવાં, આરસની મૂર્તિ સ્થાપવી-આ બધું શું છે? એમ કે આ બધું કોણ કરે?

ભાઈ! તે તે અવસ્થાની વ્યવસ્થા કરનાર તે તે દ્રવ્ય-પરમાણુ છે; જીવ તેને કરતો નથી, કરાવતોય નથી. અહા! બીજા દ્રવ્યના કર્તા વિના જ, તે તે અવસ્થાની વ્યવસ્થા સ્વતંત્રપણે તેનાથી તેના કાળે થાય છે. અહો! ભગવાન વીતરાગદેવે કહેલું તત્ત્વ આવું સૂક્ષ્મ ગંભીર છે! પરને લઈને ઉત્પાદ થાય એમ તો નહિ પણ વ્યયને લઈને ઉત્પાદ થાય એમેય નહિ. ઉત્પાદથી ઉત્પાદ છે. ઉત્પાદપણે ઉત્પાદનો તે સમયે ત્યાં કાળ છે અને દ્રવ્ય ત્યાં ઉપજે છે. આવી વાત છે!

પં. દેવકીનંદન સાથે આ ક્રમનિયમિતની વાત થયેલી ત્યારે તેઓ બોલ્યા-"ઓહો! આ તો અપૂર્વ વાત છે. ભાઈ! આ તો પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવની વાણી-આગમ! આગમ તો આંખ-ચક્ષુ છે. મુનિરાજને આગમચક્ષુ કહેલ છે ને? અહા! એવા આગમમાં કહ્યું છે કે-ભગવાન! તું જ્ઞાનસ્વરૂપ છો. અને તારી જે જે પર્યાયો-વિકારી કે નિર્વિકારી-થાય છે તે તે સર્વ પર્યાયો ક્રમસર પોતપોતાના કાળે થાય છે.

કળશટીકામાં ચોથા કળશની ટીકામાં આવે છે કે-"સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે." ત્યાં વિશેષ આમ કહ્યું છે કે-"તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઉપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે."

ત્યાં આ પહેલાં ઉપર આમ કહ્યું છે કે-"ભવ્યજીવોમાં કેટલાક જીવો મોક્ષ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળ પરિમાણ છે. વિવરણ-આ જીવ આટલો કાળ જતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.”

જુઓ, આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે. એટલે શું? કે આ જીવને આ કાળે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને કેવળજ્ઞાન થશે-એમ એની બધી પર્યાયો કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જાણવામાં આવે છે. અહા! જે સમયે જે દ્રવ્યની જે પર્યાયો જે પ્રકારે થવા યોગ્ય છે તે તે બધી પર્યાયો એકી સાથે કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. અહો! કેવળજ્ઞાનનું આવું કોઈ અદ્ભૂત દિવ્ય સામર્થ્ય હોય છે.

કેવળજ્ઞાનમાં નોંધ છે એમ કહ્યું એટલે કે કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણકાળના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાય એક સાથે પ્રત્યક્ષ થાય છે. અહાહા...! વસ્તુની ભૂત, વર્તમાન અને ભવિષ્યની જે રીતે જે પર્યાયો થઈ, થાય છે અને થશે તે સમસ્ત પર્યાયોને કેવળજ્ઞાન વર્તમાન પ્રત્યક્ષ જાણે છે. ભવિષ્યની પર્યાય થઈ નથી માટે ભવિષ્યની પર્યાય થશે ત્યારે જાણશે એમ કોઈ માને તો તે બરાબર નથી. અરે ભગવાન! સાંભળ તો ખરો. ક્ષાયિક જ્ઞાન કોને ન જાણે? તેને શું અપેક્ષા છે? (કાંઈ નહિ). પ્રવચનસાર ગાથા ૪૭ ની ટીકામાં આચાર્યદેવ કહે છે-“અતિ વિસ્તારથી બસ થાઓ; અનિવારિત જેનો ફેલાવ છે એવા પ્રકાશવાળું હોવાથી ક્ષાયિક જ્ઞાન અવશ્યમેવ સર્વદા, સર્વત્ર, સર્વથા, સર્વને જાણે છે.” ભાઈ! ભવિષ્યની જે પર્યાયો જે સમયે જે પ્રકારે થશે તે સર્વને કેવળજ્ઞાન વર્તમાન પ્રત્યક્ષ જાણે છે. બાપુ! તને કેવળજ્ઞાન બેસવું કઠણ પડે છે તો ક્રમબદ્ધ પણ બેસવું કઠણ છે.

‘સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે’ -એમ કળશટીકામાં કહ્યું એ તો પુરુષાર્થને ગૌણ ગણીને કાળલબ્ધિની મુખ્યતાથી વાત કરી છે. બાકી સમ્યગ્દર્શન થાય ત્યાં તો પાંચેય સમવાય કારણો એકસાથે હોય છે; કાળલબ્ધિ હોય છે ને પુરુષાર્થેય ભેગો હોય છે.

પહેલાં સંપ્રદાયમાં અમારે આ વિષયની ચર્ચા ચાલેલી; તેઓ કહે-ભગવાને દીઠું હોય ત્યારે (સમકિત આદિ) થાય, આપણા પુરુષાર્થથી કાંઈ ન થાય. આપણે પુરુષાર્થ શું કરીએ?

ત્યારે કહ્યું-અરે ભાઈ! આ તમે શું કહો છો? ભગવાને દીઠું હોય ત્યારે થાય એ વાત તો એમ જ છે, યથાર્થ જ છે. પણ ભગવાનનું કેવળજ્ઞાન કે જે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણે છે તેની સત્તાનો-હયાતીનો અંદર તને સ્વીકાર છે? જો નથી તો ‘ભગવાને દીઠું ત્યારે થાય’ -એમ તું ક્યાંથી લાવ્યો! અને જો છે તો એનો સ્વીકાર તેં કોની સન્મુખ થઈને કર્યો છે? જો કેવળજ્ઞાન-

સ્વભાવી શુદ્ધ એક ચિન્મૂર્તિ નિજ આત્મદ્રવ્યની સન્મુખ થઈ એનો સ્વીકાર કર્યો છે તો તે યથાર્થ છે અને એ જ પુરુષાર્થ છે. અહા! જે જીવ પોતાના જ્ઞાનસ્વભાવનો અંતર્મુખ થઈ નિર્ણય કરે છે તેને 'આપણે પુરુષાર્થ શું કરીએ? ' એમ સંદેહ રહેતો નથી, કેમકે એને તો પુરુષાર્થની ધારા ક્રમબદ્ધ શરૂ જ થઈ ગઈ છે. સમજાણું કાંઈ....?

અહાહા...! કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની તાકાત કેટલી? જેમાં ત્રણકાળના અનંત કેવળી, અનંતા સિદ્ધો અને અનંતા નિગોદ પર્યંતના સંસારી જીવો વર્તમાનમાં પ્રત્યક્ષ જણાય. અહા! એ કેવળજ્ઞાનની કોઈ અદ્દભૂત તાકાત છે. અહા! આવા કેવળજ્ઞાનની સત્તા જગતમાં છે તેનો સ્વીકાર પર્યાયના કે પરના અવલંબને થતો નથી, પણ પોતાના ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાનસ્વભાવના જ અવલંબને તેનો સ્વીકાર થાય છે. અહા! જેની દૃષ્ટિ પર્યાય પરથી ખસીને શુદ્ધ એક જ્ઞાનસ્વભાવના અવલંબનમાં ગઈ તેને સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર થઈ ગયો, તેને જ્ઞાનસ્વભાવના પુરુષાર્થનો ક્રમ પણ શરૂ થઈ ગયો, અને કાળલબ્ધિ આદિ પાંચે સમવાય થઈ ગયાં. ભાઈ! સર્વજ્ઞની સત્તાનો અને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય પોતાના જ્ઞાનસ્વભાવના લક્ષે-આશ્રયે જ થાય છે અને એનું નામ ધર્મ છે. આવી વાત છે.

અહીં કહે છે-જીવ ક્રમનિયમિત એવા પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે, અજીવ નથી. અહા! પોતાના ક્રમબદ્ધ નીપજતા પરિણામને, કહે છે, પરની કોઈ અપેક્ષા નથી; પરની અપેક્ષા વિના જ ક્રમબદ્ધ પોતાના પરિણામ પ્રતિ-સમય નીપજે છે.

ત્યારે કોઈ વળી કહે છે-તમે એક નિશ્ચયની વાત કરો છો, પણ બે કારણોથી કાર્ય થાય છે એમ શાસ્ત્રોમાં આવે છે.

હા, આવે છે. પણ એ તો ભાઈ! ત્યાં સાથે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વાત કરી છે, જેમ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે તેમ. મોક્ષમાર્ગપ્રકાશકમાં આચાર્યકલ્પ પં. શ્રી ટોડરમલજી કહે છે-" હવે મોક્ષમાર્ગ તો બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે નિશ્ચયમોક્ષમાર્ગ છે તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહારમોક્ષમાર્ગ છે, કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે. અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો. પણ એક નિશ્ચયમોક્ષમાર્ગ છે અને એક વ્યવહારમોક્ષમાર્ગ છે એમ બે મોક્ષમાર્ગ જાણવા મિથ્યા છે."

અહાહા...! એક શબ્દમાં કેટલું સિદ્ધ કર્યું છે? જીવદ્રવ્યની જે સમયે જે

અવસ્થાની વ્યવસ્થા થાય તેનો કરનાર તે જીવ જ છે, તેનો કરનાર કોઈ બીજી ચીજ નથી. તત્ત્વાર્થરાજવાર્તિક આદિમાં જે બે કારણોથી કાર્ય થાય એમ કહ્યું છે એ તો ત્યાં પ્રમાણનું જ્ઞાન કરાવવા નિશ્ચયની વાત રાખીને કથન કર્યું છે. નિશ્ચયની વાત રાખીને વ્યવહારનું જ્ઞાન કરે તો તે પ્રમાણજ્ઞાન છે, પરંતુ નિશ્ચયની વાત ઉડાડીને એકાંતે વ્યવહારનું જ્ઞાન કરે તો ત્યાં પ્રમાણજ્ઞાન ક્યાં રહ્યું? એ તો મિથ્યાજ્ઞાન થયું.

આ પ્રમાણે જીવ પોતાના પરિણામનો, બીજાના કર્તાપણા વિના જ, પોતે કર્તા છે. બીજી ચીજ સહાયક છે એમ કહ્યું હોય એનો અર્થ એ જ છે કે તે કાળે બીજી ચીજ હોય છે અને તેને નિમિત્ત કહેવામાં આવે છે. બાકી એને (બીજી ચીજને) લઈને અહીં જીવના પરિણામ થાય છે વા તેમાં કોઈ વિલક્ષણતા આવે છે એવું વસ્તુનું સ્વરૂપ નથી. ભાઈ! સત્‌નું જેવું સ્વરૂપ છે તેવી જ તેની પ્રતીતિ કરે તો તે સાચી પ્રતીતિ છે. બાપુ! જીવની કોઈપણ પર્યાય આઘીપાછી કે આડી-અવળી ત્રણકાળમાં થવી સંભવિત નથી. ત્યાં બીજી ચીજ (નિમિત્ત) શું કરે? અહા! આ તો ભગવાન કેવળીએ કહેલી પરમ સત્યાર્થ વાત છે. ભાઈ! તારે તે એ રીતે જ માનવું છે કે સ્વચ્છંદે કલ્પનાથી માનવું છે? સત્‌ને સત્‌રૂપે સ્વીકારે તો જ ધર્મ થાય; બાકી બીજું બધું તો સંસારની રખડપટ્ટી માટે જ છે.

હવે બીજા બોલમાં અજીવની વાત કરે છેઃ-

'એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઉપજતું થકું અજીવ જ છે, જીવ નથી;...'

જુઓ, પ્રથમ જીવની વાત કરી; ને હવે કહે છે-એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતું થકું અજીવ જ છે, જીવ નથી. અહા! અજીવમાં-પુદ્‌ગલાદિમાં પણ પ્રગટ થતી ત્રણેકાળની પર્યાયો પોતાના સ્વકાળે પ્રગટતી થકી ક્રમબદ્ધ જ છે. આ માટીમાંથી ઘડો થાય છે ને? ત્યાં ઘડાની પર્યાય જે કાળે થવાની હોય તે કાળે ઘડો માટીથી થાય છે. માટી જ (માટીના પરમાણુ) ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઉપજતી થકી ઘડો ઉપજાવે છે, પણ કુંભાર ઘડો ઉપજાવે છે એમ નથી; કુંભાર ઘડાનો કર્તા નથી. કુંભારના કર્તાપણા વિના જ, માટી પોતે ઘડાનો કર્તા છે.

આ બાઈઓ ખાટલા ઉપર લાકડાનું પાટિયું રાખીને ઘઉંની સેવ નથી વણતી? અહીં કહે છે તે કાર્ય બાઈથી થયું નથી, બાઈના હાથથીય થયું નથી અને લાકડાના પાટિયાથીય થયું નથી, એ તો લોટના પરમાણુ છે તે તે સમયે ક્રમબદ્ધ પરિણમતા થકા સેવની અવસ્થારૂપે ઉપજે છે. અહા! આવી વાત? માનવીને બહુ કઠણ પડે પણ આ સત્ય વાત છે. જુઓને, કહ્યું છે ને કે-અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતું થકું અજીવ જ છે, જીવ નથી. અજીવ પુદ્‌ગલાદિનું કાર્ય જીવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વા બીજી કોઈ ચીજ કરે એ વસ્તુસ્વરૂપ નથી. કોઈ હોશિયાર માણસ હોય ને તે નામું લખે તો મોતીના દાણા જેવા અક્ષરો લખે. અહીં કહે છે-તે અક્ષરો જે લખાયા તે અજીવ-પરમાણુઓની અવસ્થા તે તે પરમાણુઓથી થઈ છે, જીવથી તે અક્ષરોની અવસ્થા થઈ નથી; તથા કલમથીય તે થઈ નથી. આવી વાત છે.

જુઓ, પરમાણુનો સ્કંધ હોય છે તેમાં બે-ગુણ ચીકાશવાળો પરમાણુ, ચારગુણ ચીકાશવાળા પરમાણુ સાથે સ્કંધમાં ભળે ત્યારે તે પરમાણુ ચારગુણ ચીકાશવાળો થઈ જાય છે. તે ચારગુણ ચીકાશવાળી પર્યાય તે પરમાણુમાં તે કાળે પોતાથી થવાની હતી તે થઈ છે, તેનો કર્તા બીજો પરમાણુ નથી. ચારગુણ ચીકાશવાળા પરમાણુ સાથે તે ભળ્યો માટે તેની ચારગુણ ચીકાશવાળી પર્યાય થઈ છે એમ નથી. એક પરમાણુમાં બે ગુણ સ્પર્શની પર્યાય હોય અને બીજા પરમાણુમાં ચારગુણ સ્પર્શની પર્યાય હોય. તે બન્ને ભેગા થાય ત્યાં બે ગુણવાળો પરમાણુ ચારગુણવાળી પર્યાયરૂપે પરિણમી જાય છે; પણ તે પર્યાય પોતાથી થઈ છે. બે ગુણ, ત્રણ ગુણ, અસંખ્ય ગુણ, અનંતગુણરૂપ સ્પર્શ, રસ, ગંધ, વર્ણની પર્યાય જે સમયે જે થવાની હોય તે પોતાથી થાય છે; બીજા પરમાણુને લીધે તે પર્યાય થતી નથી; બીજા પરમાણુની ત્યાં કોઈ અસર કે પ્રભાવ પડે છે એમ નથી. ભાઈ! સમયસમયની પર્યાય જે જે થવાની હોય તે તે કાળે તે જ થાય છે, એમાં બીજાની અપેક્ષા નથી, જરૂર નથી. અહો! આવું પર્યાયનું તત્ત્વ નિરપેક્ષ છે! દ્રવ્ય અને ગુણની તો શું વાત? ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તો પર્યાય વિનાનું પરમ નિરપેક્ષ તત્ત્વ છે. અહા! આવા પરમ નિરપેક્ષ તત્ત્વ ઉપર આની દ્રષ્ટિ જાય તે આ સમજવાનું તાત્પર્ય અને ફળ છે. ક્રમબદ્ધને સમજવાનું તાત્પર્ય આ છે બાપુ!

ત્યારે કોઈ વળી એમ પણ કહે છે કે-ક્રમબદ્ધ જે થવાનું હશે તે થશે, માટે આપણે હાથ જોડીને બેસી રહીએ.

પણ ભાઈ! હાથ જોડે કોણ અને બેસી રહે કોણ? બાપુ! એ તો બધી શરીરની અવસ્થાઓ પોતપોતાના કારણે પોતાના કાળે થાય છે. તેનો તું કર્તા થવા જા ’છ એ તો તારી મિથ્યાબુદ્ધિ છે. અને તે તે વિકલ્પનો કર્તા થાય એ પણ મિથ્યાભાવ, અજ્ઞાનભાવ છે.

અહીં તો આ સિદ્ધાંત છે કે પરમાણુ આદિ અજીવની પર્યાય અજીવથી જ થાય છે, જીવથી નહિ અને બીજી ચીજથીય નહિ. આ ચોખા પાણીમાં ચડે છે ને? તે ઉના-ઉકળતા પાણીથી ચડે છે એમ કોઈ કહેતું હોય તો અહીં કહે છે એ બરાબર નથી. ચોખા, જ્યારે તેનો ચડવાનો કાળ છે ત્યારે સ્વયં તે-રૂપે ક્રમબદ્ધ પરિણમી જાય છે. ચોખા ચડે ત્યારે પાણી હો ભલે; પાણી નથી એમ વાત નથી, પણ પાણી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેની પોતાની સત્તામાં રહ્યું છે. ચોખાની પર્યાયની સત્તામાં પાણીની પર્યાયની સત્તા જતી નથી. માટે, પાણીના કર્તાપણા વિના જ, ચોખા પોતાની પર્યાયની યોગ્યતાથી તે કાળે ચડી જાય છે. પોતાની પર્યાયોના ક્રમમાં નિયત સમયે તે ચોખાની ચડવાની પર્યાય ઉત્પન્ન થાય છે, બીજો તેનો કર્તા નથી-પાણીય નહિ અને કોઈ બાઈ પણ નહિ. લ્યો, આવી વાત છે!

આ તો વીતરાગનો મારગ બાપા! આ તો જ્ઞાતા-દ્રષ્ટા થવાની રીત પ્રભુ! કહે છે-જીવ દ્રવ્યનું અજીવ કાંઈ ન કરે, અને અજીવ દ્રવ્યનું જીવ દ્રવ્ય કાંઈ ન કરે. અહાહા...! છએ દ્રવ્ય ક્રમબદ્ધ એવા પોત-પોતાના પરિણામોથી ઉપજે છે. પ્રત્યેક દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થવાની હોય તે તે સમયે થાય છે. અને તે એની કાળલબ્ધિ છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં છએ દ્રવ્યની પ્રતિસમય થતી પર્યાયને કાળલબ્ધિ કહેલ છે. જે સમયે જે દ્રવ્યમાં જે પર્યાય થાય તે તેની કાળલબ્ધિ છે.

જુઓ, પાણીમાં લીલો રંગ નાખીએ તો લીલી પર્યાય થાય, પીળો રંગ નાખીએ તો પીળી પર્યાય થાય અને કાળો રંગ નાખીએ તો કાળી પર્યાય થાય ત્યાં પાણીની તે તે પર્યાય જે થવાની હોય તે પાણીથી ક્રમબદ્ધ થાય છે; તે પર્યાય બીજા પદાર્થથી (રંગથી) થાય છે એમ નથી.

આપ કહો છો-પાણી અગ્નિથી ઉનું થતું નથી; પરંતુ વિના અગ્નિ પાણી ઉનું થાય નહિ એમ પ્રત્યક્ષ દેખાય છે ને?

**સમાધાનઃ-** અરે ભાઈ! તું સંયોગથી જુએ છે; વસ્તુના સહજ પરિણમન-સ્વભાવની દ્રષ્ટિથી જુએ તો જણાય કે પાણી જ પોતે ક્રમબદ્ધ ઉપજતું થકું ઉષ્ણપર્યાયરૂપે થાય છે, તેમાં અગ્નિનું કાંઈ કાર્ય નથી. ભાઈ! પાણીમાં ઉનું થવાની અવસ્થાનો તે કાળ છે તેથી ઉનું થયું છે. તે કાળે અગ્નિ છે ખરી, પણ અગ્નિ પોતાની સત્તા છોડી પાણીમાં ક્ય ાં પ્રવેશે છે? એક સત્તા બીજી સત્તામાં જાય એ વસ્તુસ્વરૂપ જ નથી. ભાઈ! એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ છે અને એક પરમાણુની પર્યાયનો બીજા પરમાણુની પર્યાયમાં અન્યોન્ય અભાવ છે. આ વસ્તુસ્વરૂપ છે.

ચાર પ્રકારના અભાવ છે ને?

૧. અત્યંત અભાવ
૨. અન્યોન્ય અભાવ
૩. પ્રાગ અભાવ
૪. પ્રધ્વંસાભાવ

એમાં અગ્નિ અને પાણી વચ્ચે અન્યોન્ય અભાવ છે. તેઓ પરસ્પર પ્રવેશતાં નથી. ભાઈ! આ વાત સમજવા ખૂબ ધીરજ કેળવવી જોઈએ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જુઓ, શાસ્ત્રમાં આવે છે કે- ભગવાનની દિવ્યધ્વનિ ગર્જે છે તે બાર બાર જોજનમાં સંભળાય છે. મનુષ્ય, દેવ અને તિર્યંચ-એમ ત્રણ પ્રકારના જીવો આ ૐધ્વનિ સાંભળવા સમોસરણમાં આવે છે. નારકી જીવો આવી શકતા નથી. તે ભગવાનની વાણી અનક્ષરી હોય છે અને સૌ પોતપોતાની ભાષામાં સમજે છે. અહાહા...! સભામાં બેઠેલાં તિર્યંચ પણ પોતાની ભાષામાં સમજી જાય કે ભગવાન આમ કહે છે. અહા! આ ૐધ્વનિ પણ, અહીં કહે છે, તે કાળે તે-રૂપે થવાયોગ્ય ભાષાવર્ગણાનું ક્રમબદ્ધ પરિણમન છે. ભાષાવર્ગણાનો ૐધ્વનિરૂપે તે કાળે પરિણમવાનો કાળ હતો તો તે ૐધ્વનિરૂપે થાય છે, ભગવાન તેના કર્તા છે વા ભગવાનના કારણે તે વાણી નીકળે છે એમ નથી. જુઓ, અહીં શું કહે છે? કે અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતું થકું અજીવ જ છે, જીવ નથી. ભાઈ! આ તો સિદ્ધાંત છે કે અજીવ પદાર્થ ક્રમે પોતાની અવસ્થાપણે થાય- ઉપજે તેમાં જીવનું કાંઈ કર્તવ્ય નથી. કોઈ બીજી ચીજની અસરપ્રભાવથી તે પદાર્થના પરિણામ થાય છે એમ ત્રણકાળમાં નથી.

અરે! અજ્ઞાની જીવ તો જ્યાં હોય ત્યાં 'આ મેં કર્યું, મેં કર્યું' -એમ પરના કર્તાપણાનું મિથ્યા અભિમાન કરે છે. એક પદમાં કહ્યું છે ને કે-

"હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે." કુતરું ગાડા નીચે ચાલતું હોય અને ઠાઠું ઉપર અડતું હોય એટલે કુતરું માને કે ગાડું હું ચલાવું છું. તેમ અજ્ઞાની જીવ દુકાનના થડે બેઠો હોય અને માલની લે-વેચ થાય અને પૈસાની લેતી-દેતી થાય ત્યાં એ જડમાં થતી ક્રિયા હું કરું છું, એ બધી જડની અવસ્થાઓનો કારોબાર હું ચલાવું છું એમ તે માને છે. પણ એ બધો એનો દુઃખદાયક ભ્રમ છે, કેમકે જડની ક્રિયામાં ચેતનનો પ્રવેશ જ નથી.

કોઈ ડોકટર દર્દીને ઈન્જેકશન આપે અને એને રોગ મટી જાય. ત્યાં તે એમ માને કે મેં એના રોગને મટાડયો તો એ તેનો ભ્રમ છે; કેમકે રોગની અને નિરોગની અવસ્થાએ તો શરીરના પરમાણુ સ્વયં ક્રમબદ્ધ ઉપજ્યા છે, ડોકટર તો શરીરને અડતોય નથી તે શરીરનું શું કરે? વાસ્તવમાં તો ડોકટર ઈન્જેકશન દેય નહિ અને શરીરનો રોગ મટાડેય નહિ. એ તો બધી જડની અવસ્થાઓ જડથી તે તે કાળે પ્રગટ થાય છે. આવું જ વસ્તુસ્વરૂપ છે.

પ્રવચનસારની ૧૬૦ મી ગાથામાં કહ્યું છે કે-હું શરીર, મન, વાણી નથી; હું શરીર, મન, વાણીનું કારણ નથી. તેમનો કર્તા નથી. કારયિતા નથી તથા કર્તાનો અનુમોદક પણ નથી. અહાહા....! શરીર-મન-વાણીની જે જે ક્રિયાઓ -અવસ્થાઓ થાય તે મારા (-જીવના) કારણે થાય એમ છે નહિ. અહા! તે તે જડની અવસ્થાઓનો

હું કર્તાય નહિ, કારયિતાય નહિ અને કર્તાનો અનુમોદક પણ નહિ- આવું વસ્તુસ્વરૂપ છે. ભાઈ! આ સમજે એનું તો અભિમાન ઉડી જાય એવી વાતુ છે. શું થાય? અજ્ઞાની જ્યાં હોય ત્યાં એમ માને છે કે-અમે આ કર્યું ને તે કર્યું, છોકરાં પાળી-પોષીને મોટાં કર્યાં, ભણાવ્યાં-ગણાવ્યાં અને ધંધે લગાવ્યાં ઇત્યાદિ. પણ ભાઈ! એ બધી પરદ્રવ્યની અવસ્થાઓને કોણ કરે? એ તો બધી પોતપોતાના દ્રવ્યમાં થવા કાળે એના પોતાનાથી થાય છે. એને હું કરું એમ માને એ તો અજ્ઞાન છે.

આ લોકો ઉપવાસ કરે છે ને? ત્યાં તેઓ એમ માને છે કે-અમે આહાર-પાણી છોડી દીધાં. અરે ભાઈ! આહારાદિની તે અવસ્થા તે સમયે જે થવાની હતી તે એના પોતાનાથી થઈ છે. પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ ભગવાન! તારામાં ક્યાં છે? આહારાદિની તે કાળે આવવાની યોગ્યતા ન હોય તો આહારાદિ આવતાં નથી. અજીવની અવસ્થા અજીવથી જ ક્રમબદ્ધ થાય છે. જીવ તેમાં કાંઈ કરતો નથી. ભાઈ! આ તો વીતરાગ જૈન પરમેશ્વરે ૐધ્વનિમાં જાહેર કરેલી વાત છે. ભગવાનનો આ ઢંઢેરો છે કે છએ દ્રવ્ય પોતપોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઉપજતા થકા સ્વતંત્ર છે. હવે દાખલો આપી સમજાવે છે:

'કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઉપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'

જુઓ, શું કહે છે? આ કંકણ, કડુ, સાંકળી, વીંટી આદિ ક્રમે થતી સુવર્ણની અવસ્થાઓ છે, તે તે અવસ્થાઓથી ઉપજતા સુવર્ણને તે તે પોતાની અવસ્થાઓ સાથે તાદાત્મ્ય છે. પણ તે તે અવસ્થાઓ સાથે સોનીને તાદાત્મ્ય નથી. શું કીધું? સોની તે તે અવસ્થાઓથી ઉપજતો નથી. માટે સુવર્ણની તે તે અવસ્થાઓનો કર્તા સોની નથી. લ્યો, આવી વાત!

તેમ, કહે છે, સર્વ દ્રવ્યોને પોતપોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. અર્થાત્ પોતાના પરિણામોથી ઉપજતા દ્રવ્યના તે તે પરિણામોનું કર્તા અન્યદ્રવ્ય નથી, તે દ્રવ્ય પોતે જ છે. એ જ વિશેષ કહે છે:

'આમ જીવ પોતાના પરિણામોથી ઉપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...'

લ્યો, સર્વ દ્રવ્યો માટે આ સિદ્ધાંત છે. શું? કે સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. માટે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો

અભાવ છે. કોઈ દ્રવ્યનું ઉત્પાદક એટલે કારણ કોઈ બીજું દ્રવ્ય છે એમ છે નહિ. અર્થાત્ એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કાર્યકારણભાવ છે એમ સિદ્ધ થતું નથી.

**પ્રશ્નઃ-** એક ગાયનો ગોવાળ તે પાંચ ગાયોનો ગોવાળ, તેમ જીવ તે તે સમયે પોતાના પરિણામરૂપ પોતાનું કાર્ય કરે પણ સાથે સાથે બીજાનું પણ કરે કે નહિ? પરની દયા પાળે, પરની મદદ કરે, પૈસા-ધન કમાય ઇત્યાદિ કાર્ય તે કરે કે નહિ? કરે તો એમાં શું હરકત છે?

**સમાધાનઃ-** ભાઈ! કેટલાક અજ્ઞાની જીવો આવું માને છે પણ તે બરાબર નથી; કેમકે જેમ પોતાના પરિણામરૂપ પોતાના કાર્યમાં તેને તાદાત્મ્ય છે તેમ પરદ્રવ્યના પરિણામમાં તેને તાદાત્મ્ય નથી. પરદ્રવ્યના પરિણામ સાથે તાદાત્મ્ય વિના તે પરદ્રવ્યના પરિણામને કેવી રીતે કરે? તેથી તો અહીં કહ્યું કે સર્વદ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે. આવી વાત છે ભાઈ!

અહાહા....! ભગવાન આત્મા અનંતગુણનું ધામ પ્રભુ અનાદિ-અનંત ધ્રુવ ચૈતન્યતત્ત્વ છે. ભગવાન સર્વજ્ઞદેવે જોયો ને કહ્યો એવો આ જીવ પદાર્થ પ્રતિસમય ક્રમે થતા પોતાના પરિણામસ્વરૂપે ઉપજે છે. અહીં કહે છે-પોતાના પરિણામોથી ઉપજતા જીવને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. આ જડ શરીર, મન, વાણીનું કાર્ય થાય તેને જીવ કરે અને તેનું જીવ કારણ થાય એમ, કહે છે, સિદ્ધ થતું નથી. આ હાથ હલે, હોઠ હલે, વાણી બોલાય, આંખની પાંપણ ઊંચી થાય ઇત્યાદિ જડનું કાર્ય થાય તે જડથી એનાથી થાય, તેને આત્મા કરે એમ સિદ્ધ થતું નથી. કેમ? કારણ કે સર્વદ્રવ્યોને અન્યદ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે. ભાઈ! આ પ્રત્યેક દ્રવ્યની-રજકણે-રજકણ અને જીવ-જીવની વાત છે. હવે જૈનમાં જન્મ્યા એનેય ખબર ન મળે કે જૈન પરમેશ્વર શું કહે છે? એમ ને એમ આંધળે-બહેરું કૂટે રાખે, પણ એનું ફળ બહુ આકરું આવશે ભાઈ!

જુઓ, નિગોદમાં અનંત જીવ છે. આ લસણ ને ડુંગળીની એક કણી લો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે. તે દરેક શરીરમાં અનંત નિગોદના જીવ છે. તે દરેક જીવ પોતાના પરિણામપણે ઉપજતો હોવા છતાં તેને બીજા જીવના કે બીજા દ્રવ્યના પરિણામ સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. પોતાના પરિણામને ઉપજાવતો તે જીવ બીજા જીવના પરિણામને ઉપજાવે એમ બનતું નથી. કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે.

ઉત્પાદ્ય એટલે કાર્ય, અને

ઉત્પાદક એટલે કારણ.

બીજું દ્રવ્ય આત્માનું ઉત્પાદ્ય અર્થાત્ કાર્ય ને આત્મા તેનું ઉત્પાદક અર્થાત્

કારણ એમ બની શકતું નથી. જુઓ માટીમાંથી ઘડો થાય છે. ત્યાં ઘડો છે તે માટીનું ઉત્પાદ્ય એટલે કાર્ય છે તથા માટી તેનું ઉત્પાદક એટલે કારણ છે. પરંતુ કુંભાર ઘડાનો ઉત્પાદક અને ઘડો કુંભારનું ઉત્પાદ્ય- એમ છે નહિ.

જુઓ, બીજા જીવની દયા પાળવાનો આને ભાવ થયો અને ત્યાં બીજા જીવની રક્ષા થઈ. બીજા જીવની રક્ષા અર્થાત્ એના આયુનું અને દેહનું ટકી રહેવું થયું તે કાર્ય થયું. અહીં કહે છે-તે કાર્યનો કર્તા આ જીવ નથી. પર જીવની રક્ષા થઈ તે આ જીવનું કાર્ય અને આ જીવ તે કાર્યનું કારણ એમ છે નહિ. બીજાના દયાના ભાવના કારણે બીજા જીવની દયા પળે એમ ત્રણકાળમાં છે નહિ. ભાઈ! આવું જૈન તત્ત્વ અતિ ગંભીર છે.

ભગવાન જિનેશ્વરદેવે કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયાં છે. જાતિ તરીકે છ છેઃ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. તેમાં જીવ અનંતા, પુદ્ગલ અનંતાનંત, ધર્મ, અધર્મ, ને આકાશ એકેક અને અસંખ્ય કાલાણુઓ છે. તે સર્વ દ્રવ્યોને પોતાના સિવાયના અન્યદ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અર્થાત્ કાર્ય-કારણભાવનો અભાવ છે. જીવ ગતિ કરે તે એનું ઉત્પાદ્ય-કાર્ય છે અને જીવ તે કાર્યનું ઉત્પાદક કારણ છે; પણ ધર્માસ્તિકાય દ્રવ્ય એનું કારણ થાય એમ છે નહિ. ઉત્પાદ્ય પર અને ઉત્પાદક પર-એમ કદી હોતું નથી.

હા, પણ જીવ ગતિ કરે ત્યાં ધર્માસ્તિકાયને સહાયક કહેલ છે.

ભાઈ! ત્યાં સહાયક એટલે નિમિત્તમાત્ર બસ. સહાયક એટલે સાથે રહેલી બીજી ચીજ. સહાયક એટલે પરના કાર્યનો ઉત્પાદક એમ નહિ. ધર્માસ્તિકાય કાંઈ જીવની ગતિનો વાસ્તવિક ઉત્પાદક છે એમ નહિ. સમજાણું કાંઈ...?

આ વાણી જે બોલાય તે વાણીનું ઉત્પાદ્ય-કાર્ય છે, વાણી (વચનવર્ગણા) તેનો ઉત્પાદક છે, પણ હું બોલું એવો જીવનો જે રાગ ભાવ તે કાળે થયો તે તેનો ઉત્પાદક છે જ નહિ. પરમાં કાર્ય થાય તે ઉત્પાદ્ય અને આત્મા તેનો ઉત્પાદક એવું ત્રણકાળમાં છે નહિ. કાર્ય-કારણ નિયમથી અભિન્ન હોય છે. આ લાકડી આમ ઊંચી થાય તે ઉત્પાદ્ય નામ કાર્ય છે. તે લાકડીનું (લાકડીના પરમાણુઓનું) કાર્ય છે, પણ આંગળી તેનો કર્તા છે, વા આ જીવ તેનો કર્તા છે -એમ છે નહિ. આવો મારગ, અલૌકિક ભાઈ!

આ ભગવાનની પ્રતિમાની અહીં સ્થાપના થઈ તે કાર્ય છે. તે પરમાણુનું ઉત્પાદ્ય છે; જોડે તેવા રાગવાળો જીવ નિમિત્ત છે (નિમિત્ત-પરવસ્તુ છે એનો નિષેધ નથી), પણ તે તેનો ઉત્પાદક છે વા તેનું કારણ થાય છે એમ નથી. આ તો મહાસિદ્ધાંત છે ભાઈ! શરીર અને ઇન્દ્રિયોની ચેષ્ટા જે થાય તે કાર્ય જડનું જડથી થાય છે, તેમાં અજ્ઞાનીનો જે રાગ તે કારણ છે, ઉત્પાદક છે એમ નથી.

આ શરીર છે તે અનંતા રજકણોનો પિંડ છે. આ કાંઈ એક ચીજ નથી; તેમાં એક રજકણ બીજા રજકણનું કાર્ય કરે એવું વસ્તુસ્વરૂપ નથી; ભગવાને એવું જોયું નથી, અને ભગવાને એવું કહ્યુંય નથી. ભાઈ! વીતરાગ પરમાત્માએ કહેલું સત્‌નું સ્વરૂપ લોકો માને છે એનાથી જુદી જાતનું છે. આ મારગડા જુદા ભગવાન! પ્રત્યેક દ્રવ્યની જે તે અવસ્થા જે તે કાળે થાય છે તે તે દ્રવ્યનું કાર્ય છે, બીજું દ્રવ્ય તેનું કારણ વા ઉત્પાદક થાય એમ છે જ નહિ.

'सर्वद्रव्याणां द्रव्यान्तरेण सहोत्पाद्योत्पादकभावाभावात्' -આ પાઠ છે. છે કે નહિ?

હા છે, પણ નિયમસારમાં તો કાળદ્રવ્ય વિના (કોઈ દ્રવ્યના) પરિણામ ન હોય એમ કહ્યું છે.

**સમાધાનઃ-** ત્યાં તો કાળદ્રવ્યને સિદ્ધ કરવા એ વાત કરી છે, ત્યાં કાંઈ દ્રવ્યોનું પરિણમન સિદ્ધ કરવું નથી. વાસ્તવમાં તો દ્રવ્યત્વગુણના કારણે પ્રત્યેક દ્રવ્યમાં નિરંતર સહજ જ પરિણમન થતું હોય છે. પરિણમન એ દ્રવ્યનો સહજ સ્વભાવ છે. તેથી પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય જે જે પરિણામ થાય તે તે દ્રવ્યનું ઉત્પાદ્ય છે અને તે દ્રવ્ય તે તે પરિણામોનું ઉત્પાદક છે, પણ કાળદ્રવ્ય કે અન્ય દ્રવ્ય તે તે પરિણામોનો ઉત્પાદક છે એમ છે જ નહિ, અન્ય દ્રવ્યોના પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્ત હો, નિયમરૂપ નિમિત્ત છે તેથી 'કાળદ્રવ્ય વિના પરિણામ ન હોય' એમ ત્યાં કહ્યું છે, પણ કાળદ્રવ્ય અન્ય દ્રવ્યોના પરિણામોનું ઉત્પાદક છે માટે કહ્યું છે એમ નથી. સમજાણું કાંઈ....?

ભાઈ! આ તો ભગવાને જેવું સ્વરૂપ ભાળ્યું તેવું ભાખ્યું છે. ભાખ્યું છે એ તો નિમિત્તથી કહેવાય, બાકી વાણીનું કાર્ય ક્યાં ભગવાનનું છે? એ તો ભાષાવર્ગણાના પરમાણુઓ, તે કાળે ભાષારૂપે પરિણમવાનો કાળ હતો તો તે-રૂપે પરિણમી ગયા છે. ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું, ને વાણી ૬૬ દિવસ સુધી ન છૂટી. તે વાણી છૂટવાનો ત્યાં કાળ ન હતો માટે વાણી ન છૂટી. અષાડ વદી ૧ ના દિને વાણી છૂટવાનો કાળ હતો તો ત્યારે વાણી છૂટી. બાપુ! આ તો પરમાણુઓની અવસ્થાઓ જે સમયે જે થવાની હોય તે ત્યાં થાય છે. તે ભાષાની પર્યાયનો કર્તા વા કારણ આત્મા નથી.

બહારથી ઈશ્વર કર્તા નથી એમ માને પણ શરીરની પર્યાયનો કર્તા હું છું એમ માને તો એ તો મૂઢપણું છે. જેમ ઈશ્વર કર્તા નથી તેમ અંદર આ પરમેશ્વર પ્રભુ આત્મા છે તે પણ પરની પર્યાયનો કર્તા નથી. તેવી રીતે કોઈ પણ દ્રવ્ય અન્યદ્રવ્યની પર્યાયનો કર્તા ત્રણકાળમાં નથી. પ્રત્યેક દ્રવ્યની તે તે સમયે થતી તે તે પર્યાય સ્વતંત્ર છે અને તે પર્યાય તે નિયત સમયે જ થાય છે, બીજા સમયે નહિ એમ ક્રમબદ્ધનો

નિયમ સમજાવીને આચાર્યદેવ અહીં અકર્તાપણું સિદ્ધ કરે છે. શેત્રુંજયના પહાડ ઉપર ચઢતાં એકદમ ઝડપથી પગ ઉપડવાની ક્રિયા થાય ત્યાં આ માને કે તે મારાથી થાય છે તો તે મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે; કેમકે આત્માને પરદ્રવ્યની ક્રિયાનું કર્તાપણું નથી.

અહા! સત્‌ને અસત્‌ માને ને અસત્‌ને સત્‌ માને તેને આવી વાત ગળે કેમ ઉતરે? અને તેને ધર્મ ક્યાંથી થાય?

હા, પણ એને આ સમજાવીએ તો?

સમજાવીએ? કોણ સમજાવે? જે પોતે સમજે તેને બીજો શું સમજાવે? અને જે પોતે ન સમજે તેને પણ બીજો શું સમજાવે? ભાઈ! બીજો બીજાને સમજાવી દે અને સમજાવવાથી બીજો સમજી જાય એવું વસ્તુસ્વરૂપ જ નથી. સમજ એ અંતરની ચીજ છે અને પોતે પોતાથી સમજે તો ગુરુએ સમજાવ્યું એમ નિમિત્તથી કહેવામાં આવે છે. બાપુ! વીતરાગ પરમેશ્વર તત્ત્વને જે રીતે કહે છે તે રીતે તું નહિ માને તો તને સત્‌ હાથ નહિ આવે. ગમે તેટલા વ્રત, તપ, ભક્તિ, જાત્રા આદિ કરે પણ એ બધા ફોગટ છે કેમકે એ તો બધા એકલા રાગના જ પરિણામ છે. તેમાંય વળી પરને લઈને મને એ ભાવ થયા એમ માને એ તો નરી મૂઢતા ને અજ્ઞાન છે.

અજ્ઞાનીને ભગવાનની પ્રતિમા દેખી શુભભાવ થાય છે. ત્યાં એના શુભભાવઉત્પાદ્ય અને ભગવાનની પ્રતિમા એનો ઉત્પાદક એમ છે નહિ. ભાઈ! તારી થતી દશાના કર્તાપણે પરદ્રવ્ય નથી અને પરદ્રવ્યની થતી દશાના કર્તાપણે તું નથી. તું તો અકર્તા છો પ્રભુ! અર્થાત્‌ માત્ર જાણનારપણે છો. ખરેખર પરનું કાર્ય અને રાગનું કાર્ય થાય તેનો કર્તા જીવ નથી કેમકે જીવ કાંઈ રાગસ્વરૂપ નથી, જીવ તો એકલા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે.

અહાહા...! ભગવાન આત્મા શુદ્ધ એક ચૈતન્યમાત્ર વસ્તુ છે. તે પોતાની નિર્મળ ચૈતન્યની પર્યાયપણે ઊપજે એવો કારણ-કાર્યભાવ અથવા કર્તાકર્મભાવ અભેદ છે. આત્મા કર્તા અને એના શુદ્ધ રત્નત્રયના વીતરાગી પરિણામ એનું કર્મ-એમ કારણકાર્યભાવ અભેદ છે. આમ જીવ પોતાના નિર્મળ વીતરાગી કાર્યપણે ઉપજતો હોવા છતાં તેને અજીવ સાથે કાર્ય-કારણભાવ સિદ્ધ થતો નથી. લ્યો, શું કીધું? કર્મના ક્ષય, ઉપશમ આદિ અજીવ સાથે જીવને કાર્ય-કારણભાવ નથી. પર જીવને મારી શકે, જીવાડી શકે, દાળ, ભાત, રોટલી-શાક, દવા-દારૂ, કપડાં-લતાં ઇત્યાદિ પર પદાર્થનું કાર્ય જીવ કરે એવો કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. ખેડૂત હળ હલાવે, મજુર પાકને લણે, વેપારી સોનું-ચાંદી, ઝવેરાત ઇત્યાદિનો વેપાર કરે ઇત્યાદિ જડદ્રવ્યમાં નીપજતાં જડનાં કાર્યો જીવ કરે એવો પરદ્રવ્ય સાથે જીવને કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. લ્યો, આવી વાત!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ પોતાના પરિણામનું કાર્ય કરે અને ભેગું પરના પરિણામ કરવાનું કાર્ય પણ કરે એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી.

જીવ પોતાના પરિણામને કરે, પણ અજીવના નહિ. આ રાગભાવ જે થાય છે તે ખરેખર તો અજીવ છે. તેથી જીવ પોતાના જ્ઞાતાભાવે પરિણમે-ઉપજે એ તો ઈષ્ટ જ છે. પરંતુ શુભાશુભ પરિણામે ઉપજે તે કાંઈ એનું સ્વરૂપ નથી. કળશટીકામાં કળશ ૧૦૮ માં પં. શ્રી રાજમલજીએ કહ્યું છેઃ- "અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે- વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે."

તો શું સમકિતીને કે મુનિરાજને શુભભાવ હોતો જ નથી?

હોય છે ને, સમકિતી ને મુનિરાજનેય શુભભાવ હોય છે, પણ એ છે દુષ્ટ, અનિષ્ટ અને ઘાતક; કેમકે તે સ્વભાવની નિરાકુળ શાંતિનો ઘાત કરે છે. ભાઈ! શુભરાગ હોય એ જુદી વાત છે અને એને હિતનું કારણ જાણી કર્તવ્ય માને એ જુદી વાત છે. પ્રથમ અવસ્થામાં કે સાધકની દશામાં પુણ્યભાવનો ક્ષય સર્વથા ભલે ન થાય, પણ એ ભાવ ક્ષય કરવાલાયક છે એવી દ્રષ્ટિ તો ચોથે ગુણસ્થાનેથી જ એને હોય છે. એનો ક્ષય તો શુદ્ધોપયોગ પૂર્ણ થાય ત્યારે થાય છે, પણ એ ક્ષય કરવાલાયક છે એવું શ્રદ્ધાન તો સમકિતી ધર્માત્માને પહેલેથી જ નિરંતર હોય છે.

અજ્ઞાનીને એકાંતે કર્મધારા હોય છે, ભગવાન કેવળીને એકલી જ્ઞાનધારા છે; જ્યારે સાધકને બેઉ ધારા સાથે હોય છે. નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જ્ઞાનધારા અને શુભાશુભભાવના પરિણામરૂપ કર્મધારા-એમ એ બન્ને જ્ઞાનીને સાથે હોય છે. પણ ત્યાં કર્મધારા છે તે બંધનું જ કારણ છે અને જ્ઞાનધારા જ એક અબંધનું કારણ છે. તેથી તો કહ્યું કે-ક્રિયારૂપ ચારિત્ર વિષય-કષાયની માફક નિષિધ છે. ચારિત્રભાવમાં અંશે અશુદ્ધતા ભલે હો, પણ દ્રષ્ટિમાં-શ્રદ્ધાનમાં તો તેનો નિષેધ જ છે. દ્રષ્ટિમાં શુભભાવને આદરવા લાયક માને તો એ તો મિથ્યાદ્રષ્ટિ જ છે.

અરે! એને કયા પંથે જવું એની ખબર નથી! પુણ્ય ભલું એમ માની તે અનંતકાળથી પુણ્યના પંથે પડયો છે. પણ બાપુ! એ તો સંસારનો-દુઃખનો પંથ છે. ભાઈ! ધર્મીને અશુભથી બચવા શુભના-પુણ્યના ભાવ આવે છે પણ તેને ધર્મી પુરુષ કાંઈ ભલા કે આદરણીય માનતા નથી, પણ અનર્થનું મૂળ જાણી હેયરૂપ જ માને છે. પંચાસ્તિકાયમાં પુણ્યભાવને પણ અનર્થનું જ કારણ કહ્યું છે.

શાસ્ત્રમાં એવાં કથન આવે કે પહેલું પાપ ટળીને પછી પુણ્ય ટળે. પણ એ તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ચારિત્રની અપેક્ષાએ એના ક્રમની વાત કરી છે. પરંતુ દૃષ્ટિમાં તો પુણ્ય-પાપના ભાવ એકસમાનપણે જ હોય છે કેમકે બન્નેય બંધનનાં જ કારણ છે.

-પુણ્ય-પાપના ભાવ બન્ને વિભાવભાવ છે, ચંડાલણીના પુત્ર છે.

-તે બન્ને આસ્રવ અને બંધ તત્ત્વ છે.

-તે બન્ને ભાવ જડ પુદ્‌ગલમય છે અને એનું ફળ પણ પુદ્‌ગલ છે. માટે બન્ને હેય છે, આદરણીય નથી-એવું શ્રદ્ધાન જ વાસ્તવિક શ્રદ્ધાન છે.

અહીં કહે છે-જીવનો એક જ્ઞાનાનંદસ્વભાવ છે. તે પોતાના સ્વભાવની પર્યાયપણે ઉપજે એ તો બરાબર છે, પરંતુ રાગના પરિણામે ઉપજે વા રાગના પરિણામનું તે કારણ થાય એવું એનું સ્વરૂપ નથી. એ તો પછી કળશમાં કહેશે કે આ બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો મહિમા છે. અહા! એને નિજસ્વરૂપની ખબર નથી માટે અજ્ઞાનથી બંધ થાય છે, બાકી કાંઈ જ્ઞાનસ્વભાવ છે તે બંધનું કારણ નથી.

અહાહા...! પોતે અંદર શુદ્ધ એક ચૈતન્યના પ્રકાશસ્વરૂપ પ્રભુ છે; એકલા જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પોતે ભગવાન છે, તેને ઉપાદેય માનીને તેનાં દૃષ્ટિ ને અનુભવ જેણે કર્યાં તે જીવ કલ્યાણના પંથે છે. ભલે એને હજુ કાંઈક રાગ હોય, પણ તેને એ (પોતાની) કાંઈ ચીજ નથી. પોતાને ઈષ્ટ એવા શુદ્ધોપયોગપણે ઉપજ્યો તેને શુભાશુભ (પોતાના) કાંઈ નથી. એમાં (શુભાશુભમાં) હેયબુદ્ધિ છે ને! તેથી ધર્મી પુરુષને એનું સ્વામિત્વ હોતું નથી.

અરે ભાઈ! જરા વિચાર કર! ક્ષણમાં આંખો મિંચાઈ જશે; અને તું ક્યાંય ચાલ્યો જઈશ પ્રભુ! આ બધા અહીં તને અભિનંદન આપે છે ને? બાપુ! એ તને કાંઈ કામ નહિ આવે. પુણ્યના યોગથી કદાચિત્ પાંચ-પચાસ લાખનો સંયોગ મળી જાય તો એય કામ નહિ આવે. જે ક્ષણમાં છૂટી જાય તે શું કામ આવે? અંદર શાશ્વત મહાન ચૈતન્યદેવ વિરાજે છે તેનાં દૃષ્ટિ ને અનુભવ વર્તમાન ન કર્યાં તો બાપુ! તું ક્યાં જઈશ? ત્યાં તને કોણ શરણ? ભાઈ! આ બધું તું પોતે જ તારા હિત માટે વિચાર; અત્યારે આ અવસર છે.

અહાહા..! કહે છે-સર્વ દ્રવ્યોને અન્યદ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે. ભાઈ! આ તો ત્રણલોક ત્રણકાળના સર્વ અનંતા પદાર્થોના કારણકાર્યનું સ્વરૂપ થોડા શબ્દોમાં બતાવ્યું છે. આ લોકોને અનાજ ઔષધ અને કપડાં અમે આપ્યાં ને અમે ખૂબ દેશ સેવા કરી-એમ લોકો કહે છે ને! ધૂળેય સેવા કરી નથી સાંભળને. એ અન્યદ્રવ્યનાં કામ તું કેમ કરે? વળી આણે જૈનધર્મની ખૂબ સેવા કરી એમ કહે છે ને! પરંતુ જૈનધર્મની સેવા એટલે શું? અહાહા...! શુદ્ધ એક જ્ઞાયક-

ભાવના આશ્રયે નિર્મળ રત્નત્રયના પરિણામ પ્રગટ કરે, એક શુદ્ધોપયોગરૂપ પરિણમે એ જૈનધર્મની સેવા છે. બાકી દયા, દાન ને બહારની પ્રભાવનાનાં કામોમાં રોકાઈ રહે તે કાંઈ જૈનધર્મની સેવા નથી. અહાહા...! દયા, દાન આદિ વિકલ્પ ઉત્પાદ-કાર્ય અને તેનો તું ઉત્પાદક એવું વાસ્તવિક કાર્ય-કારણનું સ્વરૂપનું નથી. જડ અચેતન વિકલ્પોના કાર્યનો ચેતનદ્રવ્ય કર્તા થાય એવો કાર્યકારણભાવ બની શકતો નથી.

સમયસાર કળશટીકા કળશ ૧૦૬ માં કહ્યું છે કે- "શુદ્ધ વસ્તુમાત્ર, તેની સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે સ્વરૂપાચરણચારિત્ર તે જ, તે જ મોક્ષમાર્ગ છે; આ વાતમાં સંદેહ નથી." ત્યાં સ્વરૂપાચરણચારિત્ર સંબંધી વિશેષ વાત કરીને છેલ્લે કહ્યું છે કે-"ત્રણે કાળે આવું છે જે શુદ્ધ ચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજસ્વરૂપ છે. શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી એક જીવદ્રવ્યસ્વરૂપ છે." જુઓ આ સ્વરૂપાચરણ ચારિત્ર! નિજાનંદરસમાં લીન રહી તેમાં જ રમવું તે સ્વરૂપાચરણ છે. આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ ઇત્યાદિ રાગનું થવું એ કાંઈ સ્વરૂપાચરણ નથી; કેમકે તે જીવ દ્રવ્યસ્વરૂપ નથી, અન્ય દ્રવ્યસ્વરૂપ છે. લ્યો, આ પ્રમાણે જીવદ્રવ્યને અન્યદ્રવ્યસ્વરૂપ જે રાગ તેની સાથે કાર્ય-કારણભાવ સિદ્ધ થતો નથી. આવી વાત છે.

હવે કહે છે- 'તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;..'

શું કીધું? આ શરીરની હાલવા-ચાલવાની ક્રિયા થાય તેને જીવ કરે એ વાત સિદ્ધ થતી નથી.

આ મોટા ડુંગરા તોડીને તેમાં રેલવે કાઢે એ કાર્ય તો જીવે કર્યું કે નહિ? તો કહે- ના; તે કાર્ય જીવે કર્યું એમ સિદ્ધ થતું નથી. ભાઈ! તું ધીરો થા બાપુ! તારું તો જ્ઞાનસ્વરૂપ છે ને પ્રભુ! તે જ્ઞાન પરનું શું કરે? જેમ આંખ પરનું કાંઈ ન કરે તેમ જીવ પરનું કાંઈ ન કરે. આ વાત ગાથા ૩૨૦ માં હવે પછી આવશે. આંખ તો પરને જુએ, પરને દેખે. તેમ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા પરની-જડની ને રાગની જે ક્રિયા થાય તેને જાણે, પણ તેનું શું કરે? કાંઈ જ ન કરે. અરે! આ જીવ ક્ષણેક્ષણે મરણની સમીપ ઘસી રહ્યો છે પણ એને પોતાનું સત્ય સ્વરૂપ સમજવાની દરકાર નથી.

અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી. એટલે શું? કે અજીવનું કાર્ય જીવનું છે એમ સિદ્ધ થતું નથી. જ્ઞાનાવરણાદિ કર્મ જે બંધાય તે કાર્ય જીવનું છે એમ સિદ્ધ થતું નથી. અરે! આ પુણ્ય ને પાપના ભાવ, દયા, દાન ને વ્રત આદિના વિકલ્પ જે થાય છે તે નિશ્ચયથી જીવનું કર્મ-કાર્ય છે એમ સિદ્ધ થતું નથી; કેમકે

વિકારી પરિણામમાં ચૈતન્યનો અભાવ છે. નિશ્ચયથી તે વિકારી પરિણામ અરૂપી અચેતન છે. શરીર, મન, વાણી રૂપી અચેતન છે અને વિકારી પરિણામ અરૂપી અચેતન છે, છે બન્ને અચેતન-અજીવ. શું થાય? માર્ગ તો આવો છે ભાઈ!

અહા! કાયા અને કષાય પોતાની ચીજ છે એમ માનીને ભગવાન! તું મહાવ્રતાદિ પાળે પણ એ તો બધો મિથ્યાભાવ છે બાપુ! એ મહાવ્રતાદિના પરિણામ અચેતન છે અને તેને, અહીં કહે છે, જીવનું કર્મપણું (જીવનું કાર્ય હોવાપણું) સિદ્ધ થતું નથી. જેમ બીજા જીવ અને અજીવ પદાર્થો જે છે તેના કાર્યનું કારણ આ જીવ નથી તેમ અચેતન રાગાદિ પરિણામનું આ જીવ કારણ નામ કર્તા નથી. હવે આવી વાત બિચારાને સાંભળવાય મળે નહિ એ શું કરે? માંડ વાત બહાર આવી ને સાંભળવા મળી ત્યાં આ 'એકાન્ત છે એકાન્ત છે' - એમ કહીને વાતને ઉડાડી દે છે પણ ભાઈ! એકવાર ફુરસદ લઈને ધીરજથી સાંભળ તો ખરો કે આ શું કહેવાય છે? ભાઈ! એમ ને એમ (સમજ્યા વિના) તું ખોટા તર્ક કરી વાતને ઉડાડી દે છે પણ તેમાં તને ભારે નુકશાન છે. ભાઈ! કદાચ લૌકિકમાં તારી પ્રશંસા થશે (કેમકે લોકો તો અવળે માર્ગે છે જ) પણ તેમાં તને શું લાભ છે? જો ને પ્રભુ! અહીં આ ચોકખું તો કહે છે કે-અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી.

હવે કહે છે- 'અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી, માટે જીવ અકર્તા ઠરે છે.'

શું કીધું? કે આ શરીર અને કર્મ ઇત્યાદિ અજીવની પર્યાયને જીવ કરે એમ સાબીત થતું નથી; કેમકે તે તે પરમાણુઓ પોતે જ શરીરાદિની પર્યાયપણે પરિણમે છે. વાસ્તવમાં કર્તા-કર્મની અન્યદ્રવ્યથી નિરપેક્ષ સ્વદ્રવ્યમાં જ સિદ્ધિ છે. અહાહા.....! પ્રત્યેક દ્રવ્ય અન્યદ્રવ્યની સહાય-અપેક્ષા વિના જ પોતાના પરિણામને કરે છે એવી વસ્તુસ્થિતિ હોવાથી જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા નામ જ્ઞાતા-દ્રષ્ટા જ ઠરે છે.

**પ્રશ્નઃ-** ભગવાન શ્રી મહાવીરને કેવળજ્ઞાન થયા પછી છાસઠ દિવસ પછી ૐધ્વનિ છૂટી; તે ગૌતમ ગણધર સભામાં પધાર્યા ત્યારે છૂટી એમ બરાબર છે કે નહિ?

**સમાધાનઃ-** ભાઈ! વાણી- ૐધ્વનિ છૂટી તે વચનવર્ગણાનું કાર્ય છે. તે કાર્યનો કર્તા વચનવર્ગણાના પરમાણુઓ છે. તેમાં ભગવાન ગૌતમ ગણધરનું શું કામ છે? વચનવર્ગણા પોતાના કાળે વાણીરૂપે પરિણમી તેમાં ગૌતમ ગણધરની કોઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષા નથી. ગૌતમ ગણધરની ઉપસ્થિતિ હોવી અને વાણીનું છૂટવું એ બન્નેને સમકાળ હોવા છતાં વાણી છૂટી તેને ગૌતમ ગણધરની કોઈ અપેક્ષા નથી.

ભાઈ! આ તો સિદ્ધ થયેલી વાત છે કે ચૌદ બ્રહ્માંડના અનંત તત્ત્વોને -પ્રત્યેકને પોતાની ક્રમબદ્ધ પર્યાયના કાર્યકાળમાં બીજી ચીજની અપેક્ષા નથી. શું કીધું? બીજી ચીજ હોતી નથી એમ નહિ, પણ બીજી ચીજની અપેક્ષા નથી; અર્થાત્ બીજી ચીજ છે માટે એમાં કાર્ય થયું છે એમ નથી. ગૌતમ ગણધર પધાર્યા માટે વાણી છૂટી એમ નથી. અહો! ક્રમબદ્ધની આ વાત કરીને આચાર્યદેવે આત્માનો અકર્તાસ્વભાવ સિદ્ધ કર્યો છે. અહા! છએ દ્રવ્યોમાં જે જે કાર્ય થાય તેનો આત્મા અકર્તા અર્થાત્ માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે.

પરમાણુ-પરમાણુની અને પ્રત્યેક જીવની તેનો સ્વકાળે જે પર્યાય થવાની હોય તે જ થાય. તે તે પર્યાયનો કોઈ બીજો કર્તા નથી અને તેમાં કોઈ બીજાની અપેક્ષા નથી. અહા! આવું અન્યદ્રવ્યથી નિરપેક્ષ કર્તાકર્મનું સ્વરૂપ હોવાથી જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.

તત્ત્વાર્થરાજવાર્તિકમાં કાર્યનાં બે કારણની વાત આવે છે; પણ એ તો ત્યાં કાર્ય થાય ત્યારે બીજી ચીજ નિમિત્ત હોય છે એનું જ્ઞાન કરાવવા માટે વાત છે. જુઓ, ભગવાનની વાણી સાંભળીને કોઈ જીવે સ્વ-આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. ત્યાં સ્વદ્રવ્યનો આશ્રય લીધો તે કારણ છે અને સમ્યગ્દર્શન પ્રગટ થયું તે કાર્ય છે. આ પ્રમાણે કર્તા-કર્મ છે અને ભગવાનની વાણી તો તેમાં બાહ્ય નિમિત્તમાત્ર છે. સમ્યગ્દર્શન થયું તે વાણીનું કાર્ય નહિ તથા વાણીના કારણે તે કાર્ય થયું છે એમેય નહિ. અહા! આમાં કેટકેટલા ન્યાય આપ્યા છે!

-અજીવનું કાર્ય થાય તેનો કર્તા જીવ નહિ.

-જીવનું કાર્ય થાય તેનો કર્તા અજીવ નહિ. અને

પ્રત્યેક દ્રવ્યના કાર્યમાં અન્ય દ્રવ્યની અપેક્ષા નહિ. ગજબ વાત છે ભાઈ! આ તો પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય સ્વકાળે પરદ્રવ્યથી નિરપેક્ષ (-સ્વાપેક્ષ) પ્રગટ થાય છે-એમ વાત છે.

શાસ્ત્રમાં આવે છે કે વજ્રવૃષભનારાચ સંહનન હોય અને મનુષ્ય ગતિ હોય એને કેવળજ્ઞાન થાય છે. પણ એ તો બહારમાં નિમિત્તનું જ્ઞાન કરાવવા પૂરતી વાત છે. બાકી વજ્રવૃષભનારાચ સંહનન કે મનુષ્ય ગતિ એ કાંઈ કેવળજ્ઞાનનું કારણ નથી. કેવળજ્ઞાન થવાનું કારણ તો તદ્રૂપે પરિણમેલો જીવ પોતે છે અને કેવળજ્ઞાન તેનું કાર્ય છે, અરે! સંહનન આદિ તો દૂર રહો, કેવળજ્ઞાન પ્રગટ થાય તેમાં પૂર્વની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાર જ્ઞાનની પર્યાયનીય અપેક્ષા નથી. વાસ્તવમાં કેવળજ્ઞાન પ્રગટ થવાનો ક્રમબદ્ધમાં જે કાળ છે તે કાળે કેવળજ્ઞાનની પર્યાય સહજ જ સ્વતઃ પ્રગટ થાય છે.

અહા! દરેક જડ અને ચેતન વસ્તુમાં પ્રત્યેક સમયે તેના ક્રમબદ્ધ જે જે પરિણામ થાય તેને કોઈ પર વસ્તુની-નિમિત્તની અપેક્ષા નથી. એની પર્યાયના કાર્યકાળે નિમિત્ત હો ભલે, પણ તેને નિમિત્તની અપેક્ષા નથી; અર્થાત્ નિમિત્તના કારણે તે કાર્ય નિપજ્યું છે એમ નથી. અહા! આત્મા-જીવ પદાર્થ ક્રમબદ્ધ જે પોતાનું કાર્ય થાય તેને નિપજાવવા તે પુરુષાર્થવાળો છે, શક્તિવાન છે પણ તે પરનું કાંઈ કાર્ય કરવા છેક પંગુ છે, અસમર્થ છે. આવું જ વસ્તુસ્વરૂપ છે અને આવો નિર્ણય કરવો એનું નામ સમ્યગ્જ્ઞાન છે.

દ્રવ્યમાં ગુણો સહવર્તી છે. અનંતા ગુણો દ્રવ્યમાં એક સાથે રહેલા છે. પર્યાય પણ આયત એટલે લંબાઈરૂપે-પ્રવાહરૂપે એક સાથે છે. એટલે શું? કે દ્રવ્યની પર્યાયો એક પછી એક દોડતી પ્રવાહમાં પ્રગટ થાય છે. પરંતુ દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની હોય તે સમયે તે જ પ્રગટ થાય છે. દ્રવ્યમાં પર્યાયની આવી પ્રવાહધારા ક્રમનિયમિત ચાલે છે, જેમ જમણા પછી ડાબો ને ડાબા પછી જમણો પગ ચાલે છે તેમ. પંચાધ્યાયીમાં આને ક્રમ-પદ કહેલ છે. ભક્તામરસ્તોત્રમાં પણ આવે છે કે-પ્રભુ! આપના ચરણ ક્રમસર એક પછી એક ચાલે છે. સ્વામી કાર્તિકેય અનુપ્રેક્ષામાં દ્રવ્યની જે સમયે જે પર્યાય પ્રગટ થાય તેને એની કાળલબ્ધિ કહી છે. છએ દ્રવ્યમાં કાળલબ્ધિ છે એમ ત્યાં કહ્યું છે. પ્રવચનસારમાં (ગાથા-૧૦૨ માં) તેને જ તે તે પર્યાયની જન્મક્ષણ-ઉત્પત્તિક્ષણ કહી છે. આવી જ વસ્તુસ્થિતિ છે.

ભગવાન સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક એકીસાથે જોયા છે. જડ અને ચેતન-એમ છએ દ્રવ્યની જે જે પર્યાયો થઈ ગઈ, વર્તમાન થાય છે અને ભવિષ્યમાં જે જે થવાની છે તે બધી પર્યાયોને કેવળજ્ઞાન વર્તમાન પ્રત્યક્ષ જાણે છે. શું કીધું? જે પર્યાયો પ્રગટ થઈ નથી અને હવે પછી થશે તે પર્યાયોને પણ કેવળજ્ઞાન વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. જાણે જ છે બસ; પણ જ્ઞાન તે તે પર્યાયોનું કર્તા નથી. તે તે પર્યાયોનું કર્તા તો તે તે દ્રવ્ય છે. અહાહા...! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જાણવું-જાણવું-જાણવું-એ એનું સ્વરૂપ છે; પણ પરનું કરવું કે તેનું આઘું-પાછું કરવું-એ એના સ્વરૂપમાં જ નથી. જ્યાં પ્રત્યેક દ્રવ્ય પોતાના ક્રમનિયમિત પરિણામોથી પ્રતિસમય ઉપજે છે ત્યાં આત્મા-જીવ તેનું શું કરે? કાંઈ ના કરે. (બસ જાણે જ)

અહીં પરદ્રવ્યથી ભિન્ન પોતે (-આત્મા) પોતાના પરિણામનો કર્તા છે, પણ પરનો અકર્તા છે એમ બતાવવું છે. પર્યાયનો કર્તા પર્યાય છે, પર્યાયનો કર્તા દ્રવ્ય નથી એ વાત અહીં નથી લેવી. પંચાસ્તિકાય, ગાથા-૬૨ માં એ વાત કરી છે. ત્યાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પર્યાયનું કર્તા દ્રવ્ય નથી, પણ પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન અને પર્યાય અધિકરણ-આમ પર્યાય પોતે પોતાના ષટ્કારકથી પરિણમે છે એમ કહ્યું છે. ત્યાં એ વાત બીજી છે. અહીં તો પોતાના પરિણામોથી ઉપજતું થકું દ્રવ્ય પોતે જ તેમાં તન્મયપણે છે. અન્યદ્રવ્ય નહિ. માટે દ્રવ્ય પોતે પોતાના પરિણામોનું કર્તા છે, અન્યદ્રવ્ય તેનો કર્તા નથી.

સૂક્ષ્મ વાત છે પ્રભુ! જીવદ્રવ્યની જ્ઞાનગુણની એક સમયની પર્યાય (-કેવળજ્ઞાન) છ દ્રવ્યને જાણે છે, સ્વદ્રવ્યને પણ જાણે છે. અહા! ત્યાં સ્વદ્રવ્યમાં જેમ તદ્રૂપ છે તેમ તે અન્યદ્રવ્યમાં તદ્રૂપ નથી. તે પર્યાય છ દ્રવ્ય સાથે એકમેક નથી. છ દ્રવ્ય તે પર્યાયમાં આવતા નથી. અહા! છ દ્રવ્યના ત્રિકાળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપનું જ્ઞાન તેમાં થયું છે પણ છ દ્રવ્ય તેમાં આવતાં નથી, અને તે પર્યાય છ દ્રવ્યમાં તદ્રૂપ નથી. માટે છ દ્રવ્યોની પર્યાયોનો કર્તા જ્ઞાન નથી, આત્મા નથી. આત્મા પોતાના જ્ઞાન-પરિણામનો કર્તા છે, પણ પરદ્રવ્યનો કર્તા નથી, અકર્તા છે. આવી વાત છે.

અહાહા...! પ્રત્યેક દ્રવ્ય-પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાના ક્રમનિયમિત ઉપજતા પરિણામોથી તે કાળે તદ્રૂપ છે, તાદાત્મ્યરૂપ છે; અને પરથી પૃથક્ છે. જીવના પરિણામમાં જીવ તદ્રૂપ છે અને તે અજીવથી પૃથક છે. તેમ અજીવના પરિણામમાં અજીવ તદ્રૂપ છે અને જીવથી તે પૃથક્ છે. આ પ્રમાણે જીવ પોતાના પરિણામોનો કર્તા છે, પણ પરનો-અજીવનો અકર્તા છે. અને તેથી જ જગતનાં અનંત દ્રવ્યો અનંતપણે ત્રણે કાળ રહે છે. ભાઈ! જીવ પોતાના પરિણામનેય કરે અને પરનેય કરે એવું પદાર્થોનું સ્વરૂપ જ નથી. તેથી જીવ પરનો અકર્તા ઠરે છે. આવી વાત છે.

* * *

## ગાથા ૩૦૮ થી ૩૧૧ : ભાવાર્થ ઉપરનું પ્રવચન

'સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે. પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે. તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી.'

શું કહે છે? કે પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુના સમયસમયે થતા પરિણામ ભિન્નભિન્ન છે અને તે પરિણામના કર્તા તે તે દ્રવ્ય પોતે જ છે અને તે પરિણામ તે તે દ્રવ્યનું કર્મ છે. અન્યદ્રવ્ય કર્તા અને અન્યદ્રવ્યનું પરિણામકર્મ-એમ કર્તાકર્મ-સંબંધ છે નહિ. બાપુ! આ તો વીતરાગ જૈન પરમેશ્વરની વાણીમાં આવેલી વાત છે.

એક બાજુ તું લોકમાં અનંત દ્રવ્ય માને અને વળી એક દ્રવ્યને બીજા દ્રવ્યનો

કર્તાપણ માને તો એ તો વિરુદ્ધ માન્યતા થઈ ગઈ; કેમકે એક દ્રવ્ય અન્યદ્રવ્યનું કર્તા થાય તો બન્ને મળીને એક થઈ જાય અને તો અનંત દ્રવ્ય સ્વતંત્ર રહેશે નહિ. શું કીધું? એક દ્રવ્ય પરદ્રવ્યનું કરે અને વળી તે અન્યદ્રવ્યનું કરે-જો એમ થાય તો બધાં અનંતદ્રવ્યો ભિન્ન નહિ રહી શકે, એક થઈ જશે. (પણ એમ બનતું નથી). માટે નિશ્ચયથી કોઈ દ્રવ્યને કોઈ અન્યદ્રવ્ય સાથે કર્તાકર્મસંબંધ છે જ નહિ. કુંભારે ઘડો કર્યો એમ વ્યવહારથી કહેવાય એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટેનું કથન છે, બાકી કુંભાર ઘડાનો કર્તા નથી, ઘડો કુંભારનું કર્મ નથી એ નિશ્ચયાર્થ છે તેમ એક દ્રવ્યને નિશ્ચયથી અન્યદ્રવ્ય સાથે કર્તાકર્મસંબંધ નથી. હવે કહે છેઃ-

'માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે.'

અહાહા....! ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ છે. અહા! આવા નિજસ્વરૂપને જેણે જાણ્યું-અનુભવ્યું તે જીવને પર્યાયમાં કિંચિત્ રાગ થાય છે તેને તે માત્ર જાણે છે. ત્યાં જે જ્ઞાનની પર્યાય રાગને જાણે છે તે જ્ઞાન જ તેનું (-આત્માનું) કર્મ છે અને આત્મા તે જ્ઞાનનો કર્તા છે, પણ રાગ એનું કર્મ અને આત્મા રાગનો કર્તા એમ છે નહિ. જ્ઞાન રાગને જાણે છે એ પણ વ્યવહારથી વાત છે. વાસ્તવમાં જ્ઞાન કર્તા અને રાગ એનું કર્મ એમ છે નહિ. તથા રાગ કર્તા અને જ્ઞાન એનું કર્મ એમ પણ છે નહિ. લ્યો, આ રાગ (શુભભાવ, પુણ્યભાવ) કરતાં કરતાં જ્ઞાન થઈ જશે એમ લોકો માને છે ને? અહીં કહે છે-એ તદ્દન વિપરીત વાત છે, જૂઠી માન્યતા છે.

૪૭ શક્તિઓમાં એક અકાર્યકારણત્વ શક્તિ કહી છે. જેમ જ્ઞાન, આનંદ આદિ આત્માની શક્તિઓ છે તેમ આત્મામાં એક અકાર્યકારણત્વ શક્તિ છે. આ શક્તિનું કાર્ય શું? તો કહે છે-આત્મા રાગનું કાર્ય પણ નહિ અને આત્મા રાગનું કારણેય નહિ-આવું અકાર્યકારણત્વશક્તિનું કાર્ય છે.

લોકોને લાગે કે આમાં તો સર્વ વ્યવહારનો નિષેધ-લોપ થઈ જાય છે.

અરે ભાઈ! દાન, પૂજા, ભક્તિ ઇત્યાદિના ભાવ તને ગૃહસ્થદશામાં આવે પણ તે જીવના સ્વરૂપભૂત ક્યાં છે? નથી. માટે જીવ એનો કર્તા નથી, અકર્તા છે, જ્ઞાતા છે. બહારનાં કાર્યો આ મંદિરાદિ બને એ તો જડ પુદ્ગલમાં એના થવા કાળે એનાથી થાય છે. તેને કોણ કરે? શું જીવ કરે? જડની ક્રિયાને તે કેમ કરે? અહા! બહારનાં જડનાં કામ તો તે ન કરે, પણ શુભાશુભ રાગનાં કર્મનો પણ એ કર્તા નથી. વીતરાગનો આવો મારગ છે બાપા!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અહાહા....! ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ પ્રભુ- એની દ્રષ્ટિ થતાં તે પરનો અને રાગનો કર્તા થતો નથી. અકર્તા રહે છે. જ્ઞાતાપણે રહે છે અને એનું નામ જૈનધર્મ છે. સમજાણું કાંઈ...?

*　　　*　　　*

'આ રીતે જીવ અકર્તા છે તોપણ તેને બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે' - એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-

## * કળશ ૧૯૫ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'स्वरसत: विशुद्ध:' જે નિજરસથી વિશુદ્ધ છે, અને 'स्फूरत्–चित्–ज्योतिर्भि: छुरित–भुवन–आभोग–भवन:' સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે, 'अयं जीव:' એવો આ જીવ 'ईति' પૂર્વોક્ત રીતે (પરદ્રવ્ય અને પરભાવોનો) 'अकर्ता स्थित:' અકર્તા ઠર્યો......

શું કીધું? કે આત્મા પોતે નિજરસથી એટલે સહજ જ્ઞાનાનંદરસથી વિશુદ્ધ નામ પવિત્ર છે, નિર્મળ છે. અહાહા...! પોતાની શક્તિથી-સ્વભાવથી જ આત્મા નિર્મળાનંદ પ્રભુ પવિત્ર છે. એટલે શું? કે જ્ઞાન અને આનંદપણે થાય એવો એનો સ્વભાવ છે પણ રાગના કે પરના કર્તાપણે થાય એવો એનો સ્વભાવ જ નથી. લ્યો, આવી સૂક્ષ્મ વાત છે.

જીવ ચાર ગતિ અને ચોરાસી લાખ યોનિમાં અનંતકાળથી પરિભ્રમણ કરીને દુઃખી દુઃખી થઈ રહ્યો છે. અહા! એના દુઃખનું શું કહેવું? અહીં કહે છે-તે દુઃખ જીવનો સ્વભાવ નથી. દુઃખના ભાવે થવું એ એનો સ્વભાવ નથી.

આ શરીર, કર્મ વગેરે તો જડ માટી-ધૂળ છે; અંદર પુણ્ય-પાપના જે વિકલ્પ ઉત્પન્ન થાય છે તે રાગ છે, તે શુદ્ધ અંતઃતત્ત્વથી ભિન્ન છે. ભાઈ! નવે તત્ત્વ ભિન્ન ભિન્ન છે. અજીવ તત્ત્વ અજીવપણે છે, પુણ્ય તત્ત્વ પુણ્યપણે છે ને પાપ તત્ત્વ પાપપણે છે; તથા ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાયકભાવપણે છે. અહાહા....! ભગવાન આત્મા આનંદ-અમૃતનું વાસ્તુ પ્રભુ નિજરસથી વિશુદ્ધ છે, પવિત્ર છે. અહાહા..!

ગગનમંડળમેં અધબીચ કુઆ
વહાઁ હૈ અમીકા વાસા,
સુગુરા હોય સો ભર ભર પીએ
નગુરા જાવૈ પ્યાસા... .... .... સંતો.... .... ....

અહાહા...! લોકાકાશમાં આકાશથી ભિન્ન ભગવાન આત્મા અંદર એકલા અમૃતનો વાસ છે. કોઈ સુગુરા જીવ તો અંતરમાં સ્વસ્વરૂપના ભાવનું ભાસન કરી,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શેરડીનો રસ પીતો હોય તેમ, નિજ આનંદ-અમૃતને ઘૂંટ ભરી ભરીને પીએ છે. અરે! પણ બીજા ( નગુરા ) તો પ્યાસા જ રહી જાય છે.

જુઓ, આ આત્મા સ્વભાવથી અકર્તા હોવા છતાં તે કર્તા કેમ થાય છે એની આ વાત ચાલે છે. શું કહે છે? કે આત્મા નિજરસથી એટલે કે સ્વસ્વભાવથી રાગાદિરહિત નિર્મળ છે. કેવો છે સ્વભાવ? તો કહે છે-સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે.

અહાહા...! ત્રણકાળ ત્રણલોકમાં જે અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાય છે તે તે સમસ્ત ક્ષણમાત્રમાં જાણવાની શક્તિવાળો-સ્વભાવવાળો પ્રભુ આત્મા છે. અહીં અકર્તાસ્વભાવની સિદ્ધિ કરે છે ને! કહે છે-આખો લોકાલોક ( સ્વ ને પર ) જેમાં જાણવામાં આવે છે એવો ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ છે; પરંતુ લોકાલોકની કોઈ ચીજને કરે વા રાગને કરે એવો એનો સ્વભાવ નથી. અહાહા...! આવી સ્વપરપ્રકાશક ચૈતન્યપ્રકાશની અતિ ઉજ્જ્વલ વિશુદ્ધ જ્યોતિ ભગવાન આત્મા છે.

ત્યારે કોઈ કહે છે- અમને આત્મા જાણવામાં આવતો નથી.

તેને પૂછીએ છીએ કે-ભાઈ! આત્મા જાણવામાં આવતો નથી એવો નિર્ણય તેં ક્યાં ઊભા રહીને કર્યો? સ્વભાવમાં કે વિભાવમાં? આત્માનો ચૈતન્યસ્વભાવ તો પ્રભુ! આવો છે કે સ્ફુરાયમાન થતી જ્ઞાનની જ્યોતિઓ વડે આખા લોકાલોકમાં વ્યાપી જાય. અહાહા...! સ્વ-પર સમસ્તને જાણવાનું ભવન-પરિણમન થાય એવો એનો સ્વભાવ છે. પણ બાપુ! તું પરના કર્તૃત્વમાં અને રાગના કર્તૃત્વમાં ઊભો છે તો તને આત્મા કેમ જણાય? ન જણાય; કેમકે પરનું કાંઈ કરવું કે રાગનું કરવું એ એનો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ..? ભાઈ! આ તો ન્યાયથી-લોજીકથી વાત છે. જેવી ચીજ છે તેવી તેને જાણવા પ્રતિ જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય છે.

કોઈને થાય કે આ તો આત્માની એકની એક વાત ફરીફરીને કહે છે. પણ બાપુ! આ તો કદી નહિ સાંભળેલી અધ્યાત્મતત્ત્વની વાત ભાઈ! તેમાં પુનરૂક્તિ કાંઈ દોષ નથી. અહીં કહે છે-આ રીતે શરીર, મન, વાણી, ઈન્દ્રિય અને અન્ય જીવ ઇત્યાદિ પરદ્રવ્ય અને દયા, દાન, ભક્તિ, તથા હિંસા, જૂઠ, ચોરી, કુશીલ ઇત્યાદિ પરભાવો-એ બધાયનો આત્મા અકર્તા સિદ્ધ થયો; કારણ કે ભગવાન આત્મા સર્વને જાણવાથી વ્યાપ્ત થયો છે, પણ સર્વને કરવાથી વ્યાપ્ત થાય એવો એનો સ્વભાવ નથી. ભાઈ જરા ધીરજ કેળવીને શાંતિથી આ વાત સમજવી, કેમકે આ તો અંતઃતત્ત્વ જે સર્વજ્ઞ પરમેશ્વરે જાણ્યું અને કહ્યું તે તને કહેવાય છે.

અહા! પ્રભુ! તું કોણ છો? તો કહે છે-નિજરસથી નિર્મળ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવી

પ્રભુ આત્મા છે. પણ અરે! સર્વ લોકાલોકને જાણવાના સ્વભાવવાળો પોતે પોતાના અપરાધથી ઢંકાયેલો માલુમ પડે છે.

સમયસાર ગાથા ૧૬૦ ની ટીકામાં કહ્યું છે કે-" જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું-વ્યાપ્ત થયું-હોવાથી જ, બંધ-અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (-અજ્ઞાનદશામાં) વર્તે છે; તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે."

અરે ભાઈ! જૈનદર્શનની આવી અલૌકિક વાત તને સાંભળવા મળી તો એક વાર સાંભળ! નાથ! તારી ચીજ અંદર કેવી છે તે એકવાર સાંભળ! કહે છે-ભગવાન આત્મા અંદર નિજરસથી સ્ફુરાયમાન ચૈતન્યજ્યોતિના વિસ્તારથી આખા લોકાલોકને જાણે એવો એનો સ્વભાવ છે. અહાહા...! બસ જાણે એવો એનો સ્વભાવ છે, પણ લોકની કોઈ ચીજનું-રાગ, રજકણ કે શરીરાદિનું કાંઈ કરે એવો એનો સ્વભાવ નથી. આ પ્રમાણે જીવ પરદ્રવ્યનો અને પર ભાવોનો અકર્તા સિદ્ધ થાય છે. હવે કહે છે-

'तथापि' તોપણ 'अस्य' તેને 'इह' આ જગતમાં 'प्रकृतिभिः' કર્મપ્રકૃતિઓ સાથે 'यद् असौ बन्धः किल स्यात्' જે આ (પ્રગટ) બંધ થાય છે. 'सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फुरति' તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે.

જુઓ, મહાવિદેહમાં શ્રી સીમંધર ભગવાન અરિહંતપદે વિરાજમાન છે. પાંચસો ધનુષ્યનું દેહમાન છે; એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯ માં આચાર્ય શ્રી કુંદકુંદ પ્રભુ ત્યાં સમોસરણમાં પધાર્યા હતા. ત્યાંથી આ સંદેશ લાવ્યા છે કે-ભગવાન આત્માનો તો સર્વને (સ્વ-પરને) જાણવાનો સર્વજ્ઞસ્વભાવ છે; તથાપિ કર્મપ્રકૃતિ અને રાગના સંબંધથી એને જે આ બંધ થાય છે તે ખરેખર કોઈ અજ્ઞાનનો મહિમા છે.

શું કીધું? પોતે સ્વ અને પરને સંપૂર્ણપણે જાણે એવા સર્વજ્ઞ સ્વભાવથી-એક જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવથી ત્રિકાળ ભરેલો ભગવાન છે; પરંતુ આવા નિજ સ્વભાવના ભાન વિના અનંતકાળથી એ દયા, દાન, વ્રતાદિના રાગને પોતાની ચીજ માને, એ લાભદાયી છે એમ માને, એ પોતાનું કર્તવ્ય છે એમ માને એ અજ્ઞાનભાવ છે. આવો જે અજ્ઞાનભાવ એનાથી બંધ થાય છે. જ્ઞાનભાવ અબંધ છે, અને અજ્ઞાનભાવથી બંધ છે-બસ આ વાત અહીં સિદ્ધ કરવી છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો પુંજ પ્રભુ ત્રિકાળ એક જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવી વસ્તુ છે. તેનો દ્રષ્ટિમાં પોતાપણે સ્વીકાર કરવો તે જ્ઞાનભાવ અબંધ છે. પણ તેનો અનાદર કરીને રાગાદિભાવ તે હું છું, હું તેનો કર્તા છું એમ માનવું તે અજ્ઞાનભાવ છે અને તે વડે એને બંધ થાય છે. અહા! પોતાની ત્રિકાળી વિદ્યમાન-છતી ચીજને ન માનીને, તેને બીજી રીતે માનવી તે તેનો અભાવ કરવારૂપ ભાવહિંસા છે. અને તે વડે તેને બંધ થાય છે, જે ચાર ગતિમાં રખડવાનું કારણ થાય છે શ્રીમદ્માં આવે છે ને કે-

અનંત કાળથી આથડયો વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ-સંતને, મૂકયું નહિ અભિમાન.

બાપુ! આ બધું અત્યારે નહિ સમજે તો ક્યારે સમજીશ ભાઈ! આ દેહ તો જોતજોતામાં છૂટી જશે; અને સ્વરૂપના ભાન વિના આ (-જીવ) ક્યાંય ચાલ્યો જશે. અહીં મોટો કરોડપતિ શેઠિયો હોય પણ રાગાદિની મમતામાં દેહ છૂટીને પશુમાં અવતાર થાય. અરે! ગરોળી થાય, ગધેડીનું ખોલકું થઈને અવતરે! શું થાય? બાપુ! આવા આવા તો એણે અનંત ભવ કર્યા છે. ભાઈ! શું તને ભવનો ભય નથી? જો છે તો કહીએ છીએ કે-સ્વરૂપનું ભાન કર્યા વિના અર્થાત્ સમ્યગ્દર્શન પામ્યા વિના, રાગની-મહાવ્રતાદિની ક્રિયા મારી છે, એ મને લાભદાયી છે એવું માનનાર અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને ભવના અંત નહિ આવે; કેમકે એવી માન્યતા અજ્ઞાનભાવ છે અને તે વડે બંધ જ થાય છે.

હા, પણ તત્ત્વાર્થ રાજવાર્તિકમાં આવે છે કે-દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, પંચમહાવ્રતનું પાલન કરતો હોય એવો મિથ્યાદ્રષ્ટિ કોઈ જીવ સમ્યગ્દર્શન પામે છે.

અરે ભાઈ! એને પંચમહાવ્રતાદિનો જે રાગ છે એનાથી તે સમ્યગ્દર્શન પામે છે એમ ત્યાં ક્યાં અર્થ છે? એમ અર્થ છે જ નહિ. પરંતુ દ્રવ્યલિંગની ભૂમિકામાં દ્રષ્ટિ ફેરવીને રાગથી ભિન્ન અંતઃસ્વભાવનો આશ્રય કરે તો કોઈ જીવ સમ્યગ્દર્શન પામે છે એમ વાત છે. દ્રવ્યલિંગના કારણે સમ્યગ્દર્શન પામે છે એમ છે જ નહિ. બાપુ! એવાં દ્રવ્યલિંગ ને મુનિપણાં તો એણે અનંતવાર ધારણ કર્યાં છે. અનંતવાર શુક્લ લેશ્યાના પરિણામ કરીને એ નવમી ગ્રૈવેયક ગયો છે, પણ સમ્યગ્દર્શન પામ્યો નથી. બાપુ! એ તો બધી રાગની મંદતાની ક્રિયા છે, પણ એ કાંઈ ધર્મ કે ધર્મનું કારણ નથી. રાગની (સમસ્ત રાગની) ઉપેક્ષા કરીને સ્વદ્રવ્યની અપેક્ષા કરે ત્યારે જીવ સમકિત આદિ ધર્મ પામે છે. આવું વસ્તુસ્વરૂપ છે; પણ વ્યવહારથી નિશ્ચય થાય એવું વસ્તુસ્વરૂપ નથી. સમજાણું કાંઈ...?

જુઓ, મૃગની ડુટીમાં કસ્તુરી ભરી છે. એની એને સુગંધ આવે છે. પણ અરે!

એને ભાન નથી કે આ સુગંધ ક્યાંથી આવે છે; તેથી તે બહાર દોટ મૂકે છે. તેમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એકલા જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભર્યો પડયો છે. સ્વ-પરને જાણવાનો એનો સ્વભાવ છે. આવા પોતાના સ્વરૂપનું ભાન કર્યા વિના, અજ્ઞાનમય ભાવના કારણે એને રાગ અને જડકર્મના બંધની પરંપરા ચાલી આવે છે. અરે! આવું (દુર્લભ) મનુષ્યપણું મળવા છતાં પોતાના સ્વરૂપની ખબર ન કરે તો 'મનુષ્યરુપેણ મૃગાશ્ચરન્તિ' -એ ઉક્તિ અનુસાર તે મનુષ્યના દેહમાં મૃગ જ (પશુ જ) છે; અજ્ઞાનભાવના કારણે તેને રાગ અને કર્મના સંબંધરૂપ બંધ થાય છે. આ પ્રમાણે ભાવબંધ અને દ્રવ્યબંધ બન્ને તેને થાય છે, અને તે ચારગતિમાં રઝળી મરે છે. આવી વાત છે ભાઈ!

કહે છે-આવો અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે. અહા! પોતે જાણવા-દેખવાના સ્વભાવવાળી ત્રિકાળ વિદ્યમાન વસ્તુ છે તોપણ તેને જાણતો નથી અને રાગને, પર્યાયને, એક અંશને પોતાપણે જાણે છે તે અજ્ઞાન છે. તે અજ્ઞાન વડે એને નવો બંધ થયા કરે છે. આવો અજ્ઞાનનો મહિમા ગહન છે.

## * કળશ ૧૯૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે એવો આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી, તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે-જેનો પાર પમાતો નથી.'

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જાણવું એ એનો સ્વભાવ છે. જ્ઞાન એટલે આ દાકતરી ને વકીલાતનું જ્ઞાન તે જ્ઞાન એમ નહિ; એ તો બધું અજ્ઞાન છે. રોજના દસ હજાર કમાય એવી બુદ્ધિ હોય તોય એ જ્ઞાન નથી, અજ્ઞાન છે. વળી શાસ્ત્રોનું ભણતર હોય એય જ્ઞાન નથી, કેમકે એ બધું પરલક્ષી જ્ઞાન છે અને એકલું પરલક્ષી જ્ઞાન છે એ બધું અજ્ઞાન છે. પણ પોતાના જ્ઞાનસ્વરૂપી આનંદના નાથને અંતરમાં ઢળેલી જ્ઞાનની પર્યાયમાં જાણે કે-'આ હું છું' -એનું નામ જ્ઞાન છે. ત્યાં જ્ઞાનની દશામાં પૂરી દશાવાન ચીજ પોતાની આવી જાય એમ નહિ, પણ પૂર્ણ જ્ઞાયકસ્વભાવી વસ્તુ હું આ છું એમ એના પૂરણ સામર્થ્યના જ્ઞાન અને પ્રતીતિ આવી જાય છે. જેમાં સ્વજ્ઞેયનું ભાન થાય તે જ્ઞાન છે.

જ્ઞાન લોકાલોકમાં વ્યાપનારું છે એટલે શું? એટલે લોકાલોકમાં જ્ઞાન (જ્ઞાનના પ્રદેશો) જાય છે એમ નહિ, પણ લોકાલોકને ભગવાન આત્મા પોતાના જ્ઞાનમાં જાણી લે છે એવું એનું સ્વપર પ્રકાશક સ્વરૂપ છે.

આત્મા વસ્તુ છે. એટલે શું? કે જેમાં જ્ઞાન, દર્શન, આનંદ ઇત્યાદિ અનંત ગુણ તદ્રૂપપણે-એકરૂપપણે વસેલા છે એવું અનંત ગુણનું વાસ્તુ-ઘર ભગવાન આત્મા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આવા નિજઘરના મહિમાની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે, તેનું જ્ઞાન તે જ્ઞાન છે અને તેમાં નિવાસ કરવો તે ચારિત્ર નામ ધર્મ છે. બાકી જે શુભાશુભ વિકારના પરિણામ છે તે બધો અંધકાર છે કેમકે ચૈતન્યના પ્રકાશનો તેમાં અભાવ છે. દયા, દાન, વ્રત આદિનો રાગ છે તે અંધકાર છે ભાઈ! કેમકે તેમાં ચૈતન્યનો પ્રકાશ નથી.

શુદ્ધનયથી એટલે કે સ્વભાવની દ્રષ્ટિથી જુઓ તો દયા, દાન આદિના વિકલ્પ જે ઉઠે તેનો ભગવાન આત્મા કર્તા નથી. પરદ્રવ્યને તો ન કરે પણ પરદ્રવ્યના લક્ષે જે શુભાશુભ વિકલ્પ થાય તેનોય એ વાસ્તવમાં કર્તા નથી, કેમકે આત્મા તો શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવી છે. અહાહા...! આત્મા એકલા ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર છે. તેનાં જ્ઞાન અને પ્રતીતિ જે કરતો નથી તે જીવને અજ્ઞાનના કારણે રાગ અને જડકર્મનો સંબંધ થાય છે, અને એ રીતે તેને ચારગતિમાં પરિભ્રમણ થાય છે.

અરે! એને પોતાની જ્ઞાનાનંદસ્વભાવી ચીજનો કદી મહિમા આવ્યો નહિ! અહીં કહે છે-પોતે શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવી હોવા છતાં તેને જે કર્મનો બંધ થાય છે તે અજ્ઞાનનો કોઈ ગહન મહિમા છે-જેનો પાર પામી શકાતો નથી. એટલે શું? કે સ્વસ્વરૂપનું ભાન કર્યા વિના બીજી કોઈ રીતે અજ્ઞાનનો અંત લાવી શકાતો નથી. અજ્ઞાનમાં રહીને અજ્ઞાનનો પાર પામી શકાતો નથી. જ્યારે ચિદાનંદઘન પ્રભુ આત્માનું જ્ઞાન અને અનુભવ થાય છે ત્યારે જ્ઞાનભાવ થતાં બંધ થતો નથી, અને ત્યારે તેને પરિભ્રમણ પણ રહેતું નથી અર્થાત્ સંસારનો અંત-પાર આવી જાય છે. આવો વીતરાગનો મારગ છે પ્રભુ!

(પ્રવચન નં. ૩૭૧ થી ૩૭૭ * દિનાંક ૧૯-૬-૭૭ થી ૨૫-૬-૭૭)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા ૩૧૨-૩૧૩

चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ।
पयडी वि चेययट्ठं उप्पज्जइ विणस्सइ।। ३१२।।

एवं बंधो उ दोण्हं पि अण्णोण्णप्पच्चया हवे।
अप्पणो पयडीए य संसारो तेण जायदे।। ३१३।।

चेतयिता तु प्रकृत्यर्थमुत्पद्यते विनश्यति।
प्रकृतिरपि चेतकार्थमुत्पद्यते विनश्यति।। ३१२।।

एवं बन्धस्तु द्वयोरपि अन्योन्यप्रत्ययाद्भवेत्।
आत्मन: प्रकृतेश्च संसारस्तेन जायते।। ३१३।।

હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છેઃ–

પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!
ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.

અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને
-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.

**ગાથાર્થઃ-** [ चेतयिता तु ] ચેતક અર્થાત્ આત્મા [ प्रकृत्यर्थम् ] પ્રકૃતિના નિમિત્તે [ उत्पद्यते ] ઊપજે છે [ विनश्यति ] તથા વિણસે છે, [ प्रकृति: अपि ] અને પ્રકૃતિ પણ [ चेतकार्थम् ] ચેતકના અર્થાત્ આત્માના નિમિત્તે [ उत्पद्यते ] ઊપજે છે [ विनश्यति ] તથા વિણસે છે. [ एवं ] એ રીતે [ अन्योन्यप्रत्ययात् ] પરસ્પર નિમિત્તથી [ द्वयो: अपि ] બન્નેનો– [ आत्मन: प्रकृते: च ] આત્માનો ને પ્રકૃતિનો– [ बन्ध: तु भवेत् ] બંધ થાય છે, [ तेन ] અને તેથી [ संसार: ] સંસાર [ जायते ] ઉત્પન્ન થાય છે.

**ટીકાઃ-** આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે; પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ વિનાશ પામે છે (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે). એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બન્નેને બંધ જોવામાં

આવે છે, તેથી સંસાર છે અને તેથી જ તેમને (આત્માને ને પ્રકૃતિને) કર્તાકર્મનો વ્યવહાર છે.

**ભાવાર્થઃ-** આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે તોપણ પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે, તેથી સંસાર છે અને તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે.

* * *

## સમયસાર ગાથા ૩૧૨-૩૧૩ : મથાળું

હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છેઃ-

## * ગાથા ૩૧૨-૩૧૩ : ટીકા ઉપરનું પ્રવચન *

'આ આત્મા (તેને) અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે;......'

અહાહા....! આ આત્મા અંદરમાં અનંતગુણથી ભરેલો ભગવાન છે. પણ અરે! એને અનાદિ સંસારથી જ સ્વ અને પરનાં ભિન્ન ભિન્ન સુનિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન નથી. પોતાનો તો એક ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય સ્વભાવ છે, અને રાગાદિ વિભાવ છે એ તો જડ પ્રકૃતિના લક્ષે થયેલો જડ અચેતન ભાવ છે. આમ સ્વ-પરની-સ્વભાવ-વિભાવની પ્રગટ ભિન્નતા છે. પણ એ બન્નેની ભિન્નતાનું આને અનાદિથી જ ભેદજ્ઞાન નથી. આવું ભેદજ્ઞાન નહિ હોવાને લીધે એ સ્વ-પરના એકપણાનો અધ્યાસ કરીને વિભાવભાવનો કર્તા થઈ પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે.

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ ત્રિકાળ જ્ઞાનાનંદસ્વભાવી છે. અહા! તેમ છતાં તે વિકૃત રાગાદિભાવોનો કર્તા કેમ થાય છે? તો કહે છે કે ત્રિકાળી શુદ્ધચૈતન્ય-સ્વભાવ અને વર્તમાન મલિન વિભાવ-આ બે વચ્ચેનું અનાદિથી જ ભેદજ્ઞાન નહિ હોવાથી અજ્ઞાની જીવ રાગાદિ ભાવોનો કર્તા થાય છે. કર્મના કારણે કર્તા થાય છે એમ નહિ, પણ સ્વ અને પર-એમ બેઉના એકપણાના અધ્યાસના કારણે અજ્ઞાની જીવ ક્ષણિક વિભાવ પરિણામોનો કર્તા થાય છે.

'चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ' ચેતયિતા અર્થાત્ આત્મા પોતે કર્મ-પ્રકૃતિને આધીન થઈને ઉપજે છે તથા વિણસે છે. અહા! નિર્વિકાર ચૈતન્યલક્ષણ પ્રભુ પોતે હોવા છતાં સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાનનો અનાદિથી જ અભાવ હોવાથી કર્મ-પ્રકૃતિને આધીન થઈને વિકારરૂપે ઉપજે છે અને વિકારરૂપે નાશ પામે છે. બીજી રીતે કહીએ તો નિર્વિકાર શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ નહિ હોવાથી, કર્મના નિમિત્તને આધીન થઈને વિકારનો કર્તા થઈને પોતે પરિણમે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના શુદ્ધ એક જ્ઞાતાસ્વભાવને આધીન થઈને સ્વ-અવલંબને પરિણમે તો જીવ નિર્વિકારી થાય, એની નિર્મળ વીતરાગી દશા પ્રગટ થાય. પણ અરે! એને સ્વભાવ-વિભાવના એકપણાનો અધ્યાસ થઈ ગયેલો છે. વિકાર મારો છે, હું વિકારરૂપ છું-એમ માનવાની તેને અનાદિથી જ આદત પડી ગયેલી છે. તેથી સ્વ-સ્વભાવની દૃષ્ટિ રહિત તે પ્રકૃતિ-કર્મના નિમિત્તને આધીન થઈને રાગાદિ વિકારના કર્તાપણે ઉપજે છે ને વિણસે છે.

જુઓ, પ્રથમ ચાર ગાથામાં જીવનું અકર્તાપણું સિદ્ધ કર્યું. અહીં તે રાગાદિનો કર્તા કેમ થાય છે એની વાત કરે છે. અહાહા...! આનંદનો નાથ નિર્મળાનંદ ચૈતન્યમહાપ્રભુ પોતે શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવના આશ્રયે પરિણમે એ તો મોક્ષનું કારણ છે. પરંતુ સ્વભાવને છોડીને, પ્રકૃતિને આધીન થઈને પરિણમે તે વિકારીભાવનો કર્તા થઈ ઉપજે-વિણસે છે. અહા! શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ વિના નિમિત્તને-પરવસ્તુને આધીન થઈને જે અશુદ્ધ ઉપાદાનરૂપ પરિણમે છે તે અશુદ્ધતાનો-રાગાદિ અજ્ઞાનમય પરિણામોનો કર્તા થાય છે. આવી વાત છે.

લોકો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા જાત્રા આદિ શુભરાગના પરિણામથી ધર્મ થવાનું માને છે પણ એ માન્યતા મિથ્યા છે કેમકે એવી માન્યતા તો રાગ સાથે એકપણાના અધ્યાસવાળી છે. અહા! સ્વભાવની રુચિ અને સ્વભાવ તરફનો ઝુકાવ નહિ હોવાથી અજ્ઞાની જીવ પ્રકૃતિ-ઉદય પ્રતિ ઝુકાવ કરીને વિકારપણે (વિકારના એકત્વપણે) પરિણમે છે અને તે વિકારનો કર્તા થાય છે. જો કે રાગનો કર્તા થાય એવો જીવનો સ્વભાવ નથી, તોપણ રાગ સાથે એકત્વબુદ્ધિના કારણે પોતે રાગનો કર્તા થાય છે. જે દીર્ઘ સંસારનું કારણ છે.

જીવમાં એક વૈભાવિક શક્તિ છે. આ શક્તિ ત્રિકાળ છે. સિદ્ધ ભગવાનમાં પણ વૈભાવિક શક્તિ છે. સિદ્ધ ભગવાન વિભાવરૂપે પરિણમતા નથી. વૈભાવિક શક્તિ જીવ-પુદ્ગલ બેમાં છે, બાકીના ચાર દ્રવ્યોમાં નથી. જીવ-પુદ્ગલ બેમાં છે માટે તેને વૈભાવિક શક્તિ કહેલ છે. વૈભાવિક શક્તિ વિકાર કરે એવો એનો અર્થ નથી. વિભાવ એટલે વિશેષ ભાવ એમ અર્થ છે. વૈભાવિક શક્તિ એ આત્માનો સ્વભાવ છે. અહા! આવા નિજસ્વભાવને નહિ જાણતાં પરાધીન-નિમિત્તાધીન થઈ અજ્ઞાની જીવ વિકારનો કર્તા થાય છે.

જુઓ, અહીં શું કહ્યું? કે અજ્ઞાની વિકારભાવનો કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે. મતલબ કે અજ્ઞાની જીવ પોતે કર્તા થઈને વિકારભાવે ઉપજે છે અને તેમાં પ્રકૃતિ નિમિત્ત છે. પણ નિમિત્ત એટલે કર્તા એમ અર્થ નથી. વિકાર પ્રકૃતિના નિમિત્તે થાય છે એ તો છે, પણ પ્રકૃતિ જીવમાં વિકાર કરે-કરાવે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એમ નથી. સૂક્ષ્મ વાત છે ભાઈ! પ્રકૃતિના નિમિત્તને પોતે આધીન થઈને વિકાર-પણે ઉપજે-વિણસે છે, પણ ત્યાં પ્રકૃતિ વિકારભાવને ઉત્પન્ન કે નાશ કરે છે એમ નથી. વિકારપણે ઉપજવું-વિણશવું તે અજ્ઞાનીનું કાર્ય છે અને તેનો અજ્ઞાની કર્તા છે, એમાં પ્રકૃતિનું કાંઈ કર્તવ્ય નથી; એ તો નિમિત્તમાત્ર છે બસ. હવે કહે છે-

'પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે). એ રીતે-જો કે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવથી બન્નેને બંધ જોવામાં આવે છે, તેથી સંસાર છે અને તેથી જ તેમને (આત્માને ને પ્રકૃતિને) કર્તાકર્મનો વ્યવહાર છે.'

જુઓ, જીવ અને કર્મપ્રકૃતિને-એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ કર્તાકર્મ સંબંધ નથી. ધીમેધીમે સમજવું ભાઈ! આ તો વીતરાગ જૈન પરમેશ્વરનો માર્ગ છે બાપુ!

પહેલાં કહ્યું કે અજ્ઞાની જીવ રાગનો કર્તા થયો થકો પ્રકૃતિના નિમિત્તે ઉત્પતિ-વિનાશ પામે છે; હવે કહે છે- જડ કર્મની પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પતિ-વિનાશ પામે છે. એટલે શું? કે પ્રકૃતિનો જે નવો બંધ થાય છે તેમાં આત્માના વિકારના પરિણામ નિમિત્ત છે. આત્માના વિકારના પરિણામ કર્મપ્રકૃતિનો બંધ કરે છે એમ નથી. જીવના વિકારી પરિણામ કર્તા અને જડકર્મનો જે બંધ થાય તે એનું કર્મ એમ ત્રણ કાળમાં નથી. જડકર્મની પ્રકૃતિ બંધાય છે એ તો પોતાની પર્યાયની યોગ્યતાથી બંધભાવે થાય છે; તેમાં આત્માના વિકારી પરિણામ નિમિત્ત છે બસ. જેમ જીવને વિકારી પરિણામ થાય તેમાં જૂનાં કર્મનો ઉદય નિમિત્ત છે તેમ નવી નવી કર્મપ્રકૃતિ બંધાય છે તેમાં જીવના વિકારી પરિણામ માત્ર નિમિત્ત છે-બસ આટલી વાત છે. એક બીજાને કર્તાકર્મભાવ નથી, ફકત નિમિત્ત-નૈમિત્તિકભાવ છે. અહો! દિગંબર સંતો-કેવળીના કેડાયતીઓએ કેવળીની દિવ્યધ્વનિમાં આવેલાં ગંભીર રહસ્યો જગત સમક્ષ કેવી ખૂબીથી જાહેર કર્યાં છે! બનારસી-વિલાસમાં આવે છે ને કે-

'મુખ ઓંકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ,<br>
રચિ આગમ ઉપદેશ, ભવિક જીવ સંશય નિવારૈ.<br>
સો સત્યારથ શારદા તાસુ ભક્તિ ઉર આન,<br>
છન્દ ભુજંગ પ્રયાતમેં અષ્ટક કહો બખાન.' - શારદાષ્ટક.

અહો! સંતોએ પરમામૃત રેલાવ્યાં છે! 'અમૃત વરસ્યાં રે પંચમકાળમાં.'

પ્રવચનસારમાં ૪૭ નયનો અધિકાર છે. તેમાં ઈશ્વરનય અને અનીશ્વરનયની વાત આવે છે. ત્યાં કહ્યું છે કે-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

"આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક."

"આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક."

મુસાફરનું બાળક ધાવમાતાને આધીન થઈને દૂધ પીએ છે તેમ આત્મા કર્મને આધીન થઈને વિકાર કરે છે. કોઈ (કર્મ, નિમિત્ત) વિકાર કરાવે છે એમ નથી. (આ તો સ્વાશ્રયે, સ્વ-આધીનપણે નિરાકુળ આનંદને યથેષ્ટ ભોગવતો ધર્મી પુરુષ, તેને જે કિંચિત્ રાગ છે તે કર્મોદયને આધીન થવાથી પરાધીનપણે થયેલ છે એમ તે જાણે છે એમ વાત છે).

અહીં કહે છે-પ્રકૃતિ પણ આત્માના વિકારી પરિણામના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશને પામે છે. કર્મપ્રકૃતિ બંધભાવે તો પોતાથી પરિણમે છે, ત્યાં તે કાળે આત્માના મિથ્યાત્વાદિ પરિણામ તેમાં નિમિત્ત છે બસ. નિમિત્ત છે માટે કર્મપ્રકૃતિ બંધરૂપે પરિણમે છે એમ નથી. આત્માના પરિણામ તો નિમિત્તમાત્ર છે.

આ પ્રમાણે આત્મા અને પ્રકૃતિને-પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવથી બન્નેને બંધ જોવામાં આવે છે, પણ ત્યાં બન્નેને કર્તાકર્મભાવનો અભાવ છે. શું કીધું? પ્રકૃતિ (કર્મોદય) કર્તા ને આત્માના વિકારીભાવ તેનું કર્મ તથા આત્માના વિકારીભાવ કર્તા ને પ્રકૃતિબંધ થાય તે એનું કર્મ-એમ પરસ્પર કર્તાકર્મભાવનો અભાવ છે. આત્મા ક્રમબદ્ધ ઉપજતાં વિકારીભાવપણે ઉપજે છે ત્યારે કર્મોદય એને નિમિત્ત છે, અને પ્રકૃતિ ક્રમબદ્ધ ઉપજતાં બંધભાવે ઉપજે છે ત્યારે આત્માના વિકારીભાવ એને નિમિત્ત થાય છે. બસ આવા પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવથી બન્નેને બંધ છે. ભાઈ! જે કોઈ કર્મ-કાર્ય નીપજે તેમાં બીજી ચીજ નિમિત્ત હો, પણ નિમિત્તથી નૈમિત્તિક કાર્ય થયું છે એમ ત્રણકાળમાં સત્ય નથી.

જીવમાં જે વિકાર થાય છે તે નિમિત્તને આધીન થઈને પરિણમવાથી થાય છે, પણ નિમિત્તથી નહિ; બીજી ચીજ નિમિત્ત હોં, પણ બીજી ચીજ કર્તા નથી. જીવ જ્યારે વિકારીભાવે પરિણમે છે ત્યારે નવાં કર્મનો બંધ થાય છે; તે બંધમાં જીવના વિકારી પરિણામ નિમિત્ત છે, પણ વિકારી પરિણામ કર્મબંધના કર્તા નથી. આ પ્રમાણે પરસ્પર કર્તાકર્મનો અભાવ છે છતાં પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવથી આત્મા ને પ્રકૃતિને-બન્નેને બંધ જોવામાં આવે છે. તે આ પ્રમાણેઃ-

૧. આત્માના વિકારી પરિણામ તે ભાવબંધ, તેમાં પ્રકૃતિ નિમિત્ત; અને

૨. જડકર્મપ્રકૃતિ બંધાય તે દ્રવ્યબંધ, તેમાં જીવના વિકારી પરિણામ નિમિત્ત.

બસ આટલી વાત છે. પુસ્તક છે સામે? જુઓ, એમાં દેખો! હવે આવું યથાર્થ ભાવભાસન ન થાય તો બાપુ! ભેદજ્ઞાન કેમ થાય? અને વિના ભેદજ્ઞાન ધર્મ કેવો?

ભાઈ! રાગાદિ વિકારી પરિણામ છે તે ભાવબંધ છે અને તે નવો દ્રવ્યબંધ થવામાં નિમિત્ત છે. બાપુ! એ કાંઈ ધર્મના કારણરૂપ અબંધ પરિણામ નથી. અબંધ પરિણામ તો અબંધસ્વરૂપી ભગવાન આત્માના-સ્વના આશ્રયે થાય છે અને તે મોક્ષનો મારગ છે.

(પૂર્વ) કર્મપ્રકૃતિના ઉદયના નિમિત્તે વિકારી ભાવ ઉત્પન્ન થાય છે, તે ભાવબંધ છે. અને ભાવબંધ છે તે નવી કર્મપ્રકૃતિના બંધમાં નિમિત્ત છે. આ પ્રમાણે આત્મા અને પ્રકૃતિનું પરસ્પર નિમિત્ત- નૈમિત્તિકભાવથી પરિણમવું છે અને તેથી સંસાર છે. એનાથી જીવ ચારગતિ અને ચોરાસી લાખ યોનિમા રૂલે છે, અને તેથી જ તેમને કર્તા-કર્મનો વ્યવહાર છે.

નિશ્ચયથી તો તેમને કર્તાકર્મ સંબંધ નથી. પ્રત્યેક પદાર્થની તે તે કાળે જે જે પર્યાય ક્રમબદ્ધ થવાની હોય તે જ થાય છે; તેને પરદ્રવ્ય (નિમિત્ત) તો શું સ્વયં (સ્વદ્રવ્ય) આત્મા પણ આગળ-પાછળ કરી શકતો નથી. પરંતુ ક્રમબદ્ધ વિકાર જીવને થાય છે તેમાં જુનાં કર્મ નિમિત્ત છે, અને વિકારના નિમિત્તે નવાં કર્મનો બંધ થાય છે. આવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધના કારણે તેમને કર્તાકર્મનો વ્યવહાર છે, પણ તે પરમાર્થ નથી એમ યથાર્થ સમજવું. સમજાણું કાંઈ...?

## * ગાથા ૩૧૨-૩૧૩: ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે. તોપણ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે, તેથી સંસાર છે અને તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે.'

જુઓ, આત્મા અને કર્મપ્રકૃતિઓને પરમાર્થે પરસ્પર કોઈ કર્તાકર્મસંબંધ નથી. જીવમાં વિકાર થાય તેનો કર્તા જડકર્મ અને વિકાર થયો તે જડકર્મનું કાર્ય એમ નથી. તથા વિકારી પરિણામ કર્તા અને નવા કર્મનો બંધ થાય તે એનું કાર્ય એમ પણ નથી. ભાઈ! આ તો પં. શ્રી જયચંદ્રજીએ બહુ સંક્ષેપમાં સાર ભરી દીધો છે.

આત્મા અને પ્રકૃતિને પરમાર્થે કર્તાકર્મસંબંધ નથી છતાં પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવના કારણે બંધ થાય છે, અને તેથી સંસાર છે, ચારગતિનું પરિભ્રમણ છે. અહા! વિકારી પરિણામથી સંસાર છે, મિથ્યાત્વ તે સંસાર છે. કર્મની પુરાણી પ્રકૃતિ જે ઉદયમાં આવી તેને નિમિત્ત કરીને જીવ વિકાર કરે છે તે સંસાર છે; તે જ ચોરાસીના અવતારનું બીજ છે; અને તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે.

સમયસાર ગાથા ૩૨૦ ના ભાવાર્થમાં કહ્યું છે કે-" મિથ્યાત્વ છે તે જ સંસાર છે. મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. સમુદ્રમાં બિંદુની શી ગણતરી ? "

કર્મના નિમિત્તે જે વિકાર થાય છે તેનું કર્તાપણું છે તે મિથ્યાત્વ છે અને તે જ સંસાર છે. ભાઈ ! દયા, દાન વ્રત, ભક્તિ ઇત્યાદિના જે ભાવ છે તે શુભરાગના પરિણામ છે; કર્મપ્રકૃતિના નિમિત્તને આધીન થવાથી તે ભાવ ઉત્પન્ન થાય છે. તે ભાવ મારા છે, મારા કર્તવ્યપણે છે અને મને લાભકારી છે એવી માન્યતા મિથ્યાત્વ છે, અને તે જ સંસાર છે. સ્વ-આશ્રયે મિથ્યાત્વનો નાશ થતાં સંસારનો અભાવ જ થાય છે.

સમુદ્રમાં બિંદુની શી ગણતરી ? એમ કે મિથ્યાત્વ ગયા પછી અવિરતિ, પ્રમાદ આદિ થોડો દોષ રહે પણ તે સમુદ્રમાં બિંદુ સમાન છે અને તે પણ ક્રમે નાશ થવાયોગ્ય જ છે. મિથ્યાત્વ છે એ જ મહાદોષ છે અને એ જ સંસાર છે.

જુઓ, કર્મથી વિકાર થાય છે એમ કોઈ કહે તો તે મૂળમાં ભૂલ છે. વિકાર પોતાના ષટ્કારકથી પોતાના કારણે થાય છે, નિમિત્તથી નહિ અને પોતાના દ્રવ્ય-ગુણથી પણ નહિ. પ્રભુ ! તારાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે સ્વતંત્ર છે.

-દ્રવ્ય તો ત્રિકાળ અકૃત્રિમ છે. તેનો કર્તા કોણ ? કોઈ નહિ. માટે દ્રવ્ય સ્વતંત્ર છે.

-દ્રવ્યમાં ગુણ છે તે ત્રિકાળ અકૃત્રિમ છે માટે સ્વતંત્ર છે.

-તેમ તેની પર્યાય પણ એક સમયનું સહજ સત્ છે, પોતાથી થાય છે. માટે એય સ્વતંત્ર છે.

એક અંશ નવો થયો માટે પરના કારણે તે થયો છે એમ છે નહિ. ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ થયું ત્યાં દર્શનમોહનો ( પ્રકૃતિનો ) અવશ્ય અભાવ થાય, પણ દર્શનમોહનો અભાવ થયો માટે સમ્યગ્દર્શન થયું છે એમ વસ્તુવ્યવસ્થા નથી. એક દ્રવ્યમાં કાર્ય થાય ત્યાં અન્યદ્રવ્યની અપેક્ષા કે સહાય નથી. અરે ! લોકોને પર સાથે કર્તાકર્મનો અધ્યાસ થઈ ગયો છે ! એ જ સંસાર-પરિભ્રમણનું મૂળ છે.

( પ્રવચન નં. ૩૭૮ * દિનાંક ૨૬-૬-૭૭ )

## ગાથા ૩૧૪-૩૧૫

जा एस पयडीअट्ठं चेदा णेव विमुंचए।
अयाणओ हवे ताव मिच्छादिट्ठी असंजओ।। ३१४।।

जदा विमुंचए चेदा कम्मफलमणंतयं।
तदा विमुत्तो हवदि जाणओ पासओ मुणी।। ३१५।।

यावदेष प्रकृत्यर्थं चेतयिता नैव विमुञ्चति।
अज्ञायको भवेत्तावन्मिथ्यादृष्टिरसंयतः।। ३१४।।

यदा विमुञ्चति चेतयिता कर्मफलमनन्तकम्।
तदा विमुक्तो भवति ज्ञायको दर्शको मुनिः।। ३१५।।

('જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદ્રષ્ટિ, અસંયત છે' એમ હવે કહે છે:-)

**ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,**
**અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.**

**આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,**
**જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.**

**ગાથાર્થ:-** [ यावत् ] જ્યાં સુધી [ एषः चेतयिता ] આ આત્મા [ प्रकृत्यर्थं ] પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું [ न एव विमुञ्चति ] છોડતો નથી, [ तावत् ] ત્યાં સુધી તે [ अज्ञायकः ] અજ્ઞાયક છે, [ मिथ्यादृष्टिः ] મિથ્યાદ્રષ્ટિ છે, [ असंयतः भवेत् ] અસંયત છે.

[ यदा ] જ્યારે [ चेतयिता ] આત્મા [ अनन्तकम् कर्मफलम् ] અનંત કર્મફળને [ विमुञ्चति ] છોડે છે, [ तदा ] ત્યારે તે [ ज्ञायकः ] જ્ઞાયક છે, [ दर्शकः ] દર્શક છે, [ मुनिः ] મુનિ છે, [ विमुक्तः भवति ] વિમુક્ત (અર્થાત્ બંધથી રહિત) છે.

**ટીકા:-** જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડતો નથી, ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, સ્વપરના એકત્વદર્શનથી (એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદ્રષ્ટિ છે અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે; અને ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनुष्टुभ् )

**भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृत: कर्तृत्ववच्चित:।**
**अज्ञानादेव भोक्तायं तदभावादवेदक:।। १९६ ।।**

અધ્યાસ કરવાથી કર્તા છે. અને જ્યારે આ જ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડે છે, ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે, સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે અને સ્વપરની વિભાગપરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે; અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.

**ભાવાર્થઃ-** જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે; એ રીતે મિથ્યાદ્રષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે. અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી, તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદ્રષ્ટાપણે પરિણમે છે.

'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कर्तृत्ववत् ] કર્તાપણાની જેમ [ भोक्तृत्वं अस्य चित: स्वभाव: स्मृत: न ] ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી. [ अज्ञानात् एव अयं भोक्ता ] અજ્ઞાનથી જ તે ભોક્તા છે, [ तद्–अभावात् अवेदक: ] અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે. ૧૯૬.

* * *

## સમયસાર ગાથા ૩૧૪-૩૧૫ : મથાળું

જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઉપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદ્રષ્ટિ, અસંયત છે-એમ હવે કહે છેઃ-

## * ગાથા ૩૧૪-૩૧૫ : ટીકા ઉપરનું પ્રવચન *

'જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વ-લક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડતો નથી, ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, સ્વપરના એકત્વદર્શનથી (એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદ્રષ્ટિ છે અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે; અને ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.'

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અનાદિથી જ જીવને સ્વપરના નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન નથી, ભેદજ્ઞાન નથી. તેથી અનાદિથી જ નિમિત્તને આધીન થઈને એણે સ્વ-આધીનપણું છોડી દીધું છે. ત્યાં પ્રકૃતિના ઉદયના નિમિત્તને આધીન થઈને તેને જે ભાવ થાય છે તે નવા કર્મબંધનું નિમિત્ત છે. અહા! તેને (પ્રકૃતિના સ્વભાવને) જ્યાં સુધી જીવ છોડતો નથી ત્યાં સુધી સ્વપરના એકત્વજ્ઞાનથી તે અજ્ઞાની છે.

નિમિત્તને આધીન થઈ પરિણમતાં વિકાર જ થાય છે. ચાહે તે દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિનો શુભરાગ હો, તોપણ તે વિકાર જ છે, ચૈતન્યમૂર્તિ પ્રભુ વિકારથી ભિન્ન જ છે. પરંતુ જ્યાં સુધી તે બન્નેની ભિન્નતા ન જાણે અર્થાત્ બન્નેમાં એકપણું જાણે ત્યાં સુધી જીવ અજ્ઞાની છે. લ્યો, આ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ જાણે એ અજ્ઞાની છે એમ અહીં કહે છે. હવે આવું ઓલા વ્યવહાર-રસિયાઓને કઠણ પડે પણ શું થાય?

સ્વ નામ જ્ઞાનદર્શનસ્વભાવી ભગવાન આત્મા અને પર નામ પ્રકૃતિને આધીન થવાથી ઉપજતા-વિણસતા વિકારના પરિણામ. અહા! આ બન્ને ભિન્ન છે છતાં બન્નેમાં જ્યાં સુધી એકપણું જાણતો થકો પરિણમે ત્યાં સુધી જીવ અજ્ઞાની છે.

અહીં પહેલાં જ્ઞાનથી વાત કરી છે, દૃષ્ટિથી નહિ. ગાથા ૧૭-૧૮ માં પણ એમ લીધું છે કે પ્રથમ જાણવું, જાણેલાનું શ્રદ્ધાન કરવું અને પછી તેમાં ઠરવું; કેમકે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને જ્ઞાનમાં જાણ્યા વિના શ્રદ્ધા કોની? મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ કહ્યું છે કે નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને જાણ્યા વિના શ્રદ્ધા કોની કરવી? જાણ્યા વિનાનું શ્રદ્ધાન તો ગધેડાનાં શીંગડાં સમાન છે. અર્થાત્ ગધેડાને શીંગ નથી તેમ જાણ્યા વિનાની શ્રદ્ધા તે શ્રદ્ધા નથી. અહીં કહે છે-પોતાને બંધનું નિમિત્ત એવા પ્રકૃતિના સ્વભાવને જ્યાં સુધી છોડતો નથી ત્યાં સુધી સ્વપરના એકપણાના જ્ઞાનથી જીવ અજ્ઞાયક છે, અજ્ઞાની છે.

વળી સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાને લીધે જ્યાં સુધી પ્રકૃતિના સ્વભાવને છોડતો નથી ત્યાંસુધી સ્વપરના એકત્વદર્શનથી એટલે કે એકપણાના શ્રદ્ધાનથી જીવ મિથ્યાદૃષ્ટિ છે. શું કીધું?

-કે ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ નિત્ય છે. અને

-શુભાશુભ વિકલ્પની જે વિકૃત વૃત્તિ ઉઠે છે તે પ્રકૃતિનો સ્વભાવ છે. હવે પ્રકૃતિનો સ્વભાવ કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને જ્યાં સુધી છોડે નહિ ત્યાં સુધી સ્વપરના એકત્વરૂપ શ્રદ્ધાનથી જીવ મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! દયા, દાન, વ્રત આદિ શુભરાગથી લાભ માનનાર જીવ શુભરાગને પોતાનું સ્વ માને છે અને તેથી સ્વપરના એકત્વશ્રદ્ધાનથી તે મિથ્યાદૃષ્ટિ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! પંચમહાવ્રતાદિ પાળવાના વિકલ્પ છે તે રાગ છે અને તે પ્રકૃતિનો સ્વભાવ છે, જીવનો સ્વભાવ નથી. કોઈ નગ્ન દિગંબર સાધુ થયો હોય, મહાવ્રતાદિ પાળતો હોય અને તે વડે પોતાને ધર્મ થવાનું માનતો હોય તો તે સ્વપરના એકત્વ-શ્રદ્ધાનના કારણે મિથ્યાદૃષ્ટિ છે. બહુ આકરી વાત ભાઈ! પણ આ સત્ય વાત છે.

ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરનો મારગ અલૌકિક છે, જગતથી નિરાળો છે. જગત રાગથી ધર્મ થવાનું માને છે, જ્યારે ભગવાન કેવળીનો મારગ એક વીતરાગસ્વભાવ-સ્વરૂપ છે. અહીં કહે છે-વીતરાગસ્વભાવી આત્મા અને પ્રકૃતિનો સ્વભાવ જે રાગ-તે બન્નેને જ્યાં સુધી જીવ એક માને છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. અહા! દેવાદિ સંબંધી શુભ વિકલ્પ કરતાં કરતાં નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થશે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. અરે બાપુ! આવા શુભ વિકલ્પ તો તેં અનંતવાર કર્યા છે; પણ વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ ચૈતન્યચમત્કાર પ્રભુ આત્માનું દર્શન-શ્રદ્ધાન કર્યા વિના સમ્યગ્દર્શન થયું નહિ. જરા વિચાર કર ભાઈ!

અરે! જૈન સંપ્રદાયમાં જન્મ થયો, પણ જૈન પરમેશ્વરે કહેલું જૈનતત્ત્વ શું છે એની એને ખબર નથી! ભગવાન આત્મા પોતે જિનસ્વરૂપ છે, જિનસ્વભાવ છે.

જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ;<br>
યહી વચનસે સમજ લે, જિનપ્રવચનકા મર્મ.

અહાહા....! ભગવાન આત્મા જિનસ્વરૂપ પરમ વીતરાગસ્વરૂપ છે. જો એમ ન હોય તો વીતરાગતા પ્રગટે ક્યાંથી? શું વીતરાગતા બહારથી આવે છે? ના, બીલકુલ નહિ. અહાહા.....! આત્મા સ્વભાવથી જ જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, આનંદસ્વરૂપ, ઈશ્વરસ્વરૂપ છે. તેને જ્યાં સુધી રાગસ્વરૂપ માને, રાગ સાથે એકમેકપણે માને ત્યાં સુધી જીવ મિથ્યાદૃષ્ટિ છે.

જેમ નિર્મળતા સ્ફટિક તણી તેમ નિર્મળ જીવસ્વભાવ રે,<br>
જિન વીરે ધર્મ પ્રકાશીયો પ્રબળ કષાય અભાવ રે.

ઓહો! જીવનો સ્ફટિકમણિ સમાન નિર્મળ સ્વભાવ છે. આ પુણ્ય-પાપના મલિન ભાવ તે પ્રકૃતિનો સ્વભાવ છે, જીવનો નહિ. ભાઈ! નિશ્ચયથી રાગ પુદ્ગલનો સ્વભાવ છે. કેમ? કેમકે રાગ નીકળી જાય છે. રાગ છે તે પ્રકૃતિના સંગમાં ઉત્પન્ન થયેલો ઔપાધિકભાવ છે અને તે પ્રકૃતિનું નિમિત્ત મટતાં નીકળી જાય છે. ભગવાન સિદ્ધને સર્વથા રાગ હોતો નથી. નીકળી ગયો હોય છે. માટે રાગ જીવનો સ્વભાવ નથી પણ પુદ્ગલપ્રકૃતિનો સ્વભાવ છે. આમ હોવા છતાં રાગ અને પોતાના સ્વભાવને જ્યાં સુધી એકમેકપણે માને ત્યાં સુધી જીવ મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! ભગવાને પણ પુણ્ય-પાપરૂપ કષાયના અભાવરૂપ એક વીતરાગભાવને ધર્મ કહ્યો છે. બાપુ! તું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બહારના ક્રિયાકાંડમાં ધર્મ માનીને પ્રવર્તે પણ એ તો જીંદગી વેડફી દેવા સમાન છે.

હવે આ વાણિયા આખો દિ' વેપાર-ધંધામાં ગરી ગયા હોય તેમને આવું સમજવાની ફુરસદ ક્યાંથી મળે? એને તો બહારમાં પાંચ-પચાસ લાખ મળી જાય એટલે માને કે ફાવી ગયા; ધૂળમાંય ફાવી ગયા નથી સાંભળને, તને ખબર નથી ભાઈ! પણ પૂર્વનાં પુણ્ય બળી જાય છે ત્યારે લક્ષ્મી આદિ બહારની ધૂળ મળે છે. તે પણ તારી પાસે (તારામાં) ક્યાં આવે છે? તારી પાસે તો મમતા આવે છે. આ જડ મારાં છે એવી મમતા તને મળે છે. બાકી ચૈતન્યઘન પ્રભુ આત્મામાં રાગનો કણ સમાય નહિ તો લક્ષ્મી આદિ ધૂળ તારી ક્યાંથી થઈ જાય? લક્ષ્મી, સ્ત્રી, પુત્ર-પરિવાર ઇત્યાદિ મારાં છે એમ માને એ તો નરી મૂઢતા છે. આ પ્રમાણે જ્યાં સુધી પરવસ્તુને પોતારૂપ માને ત્યાં સુધી સ્વપરના એકત્વદર્શનથી જીવ મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ....?

વળી તે જીવ સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે. શું કીધું? રાગ સાથે એકમેક થઈ પ્રવર્તે તે સ્વપરની એકત્વપરિણતિ છે અને તે વડે જીવ અસંયત છે. એટલે શું? કે તે વ્રતી નથી, સંયમી નથી અને સમકિતી પણ નથી. વિના સમ્યગ્દર્શન જ્યાં સુધી એકલી રાગમય પરિણતિ છે ત્યાં સુધી જીવ અસંયત છે.

આ પ્રમાણે ત્રણ બોલ આવ્યા:

૧. સ્વપરનું જ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાની છે.

૨. સ્વપરના એકત્વશ્રદ્ધાનથી જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

૩. સ્વપરિણતિને છોડી રાગ અને પુણ્યની પરિણતિરૂપે પરિણમે તે અસંયત છે.

ઓહો! ભગવાન આત્મા નિર્મળાનંદનો નાથ પ્રભુ શુદ્ધ એક જ્ઞાનસ્વભાવમય છે. તેના આશ્રયે પ્રવર્તે તે જ્ઞાનમય પરિણતિ છે. એનાથી ભિન્ન 'રાગ તે હું છું' -એમ પ્રવર્તે તે રાગમયપરિણતિ છે. રાગમય પરિણતિ છે તે સ્વપરની એકત્વપરિણતિ છે. ભલા જાણી દયા, દાન, વ્રતાદિ શુભરાગના આચરણરૂપ પ્રવર્તે તે રાગમય પરિણતિ છે. તેને સ્વપરની એકત્વપરિણતિરૂપ કહે છે. જ્યાં સુધી સ્વપરની એકત્વપરિણતિરૂપ જીવ પરિણમે છે ત્યાં સુધી તે અસંયત છે. આવી વાત છે.

પ્રવચનસારની ગાથા ૨૩૬ માં કહ્યું છે કે-"જે જીવોને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેમને ભલે કદાચિત્ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો સંયોગ ન દેખાતો હોય, છ જીવનિકાયની દ્રવ્યહિંસા ન દેખાતી હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય, તોપણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી, હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બીલકુલ નિવૃત્તિ નથી." અર્થાત્ સ્વપરની એકત્વપરિણતિથી અસંયત જ છે.

પોતાને તો એક જ્ઞાનસ્વભાવ છે. તેને છોડીને રાગ સાથે એકત્વ કરીને પ્રવર્તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને અહીં સ્વપરની એકત્વપરિણતિ કહેલ છે; પણ જ્ઞાનની પરિણતિ છે અને રાગની પરિણતિ પણ છે એમ મળીને સ્વપરની એકત્વપરિણતિ છે એમ અર્થ નથી. (જ્ઞાનની પરિણતિ તો જ્ઞાનસ્વભાવના આશ્રયે છે અને તેમાં રાગની પરિણતિ નથી, અને રાગની પરિણતિ પ્રકૃતિના સ્વભાવને આધીન છે અને તેમાં જ્ઞાનપરિણતિ નથી).

તો સમ્યગ્દષ્ટિને રાગ તો આવે છે?

હા, સમ્યગ્દષ્ટિને રાગ આવે છે, પણ તેને સ્વપરના એકત્વરૂપ રાગપરિણતિ નથી, જ્ઞાનપરિણતિ છે. તે રાગનો માત્ર જ્ઞાતા-દ્દષ્ટા રહે છે, રાગનું સ્વામિત્વ કરતો નથી. અહીં તો મિથ્યાદ્દષ્ટિનાં અસંયમની વાત કરી છે-કે 'રાગ તે હું' -એમ માની જ્યાં સુધી તે પ્રવર્તે છે ત્યાં સુધી સ્વપરની એકત્વપરિણતિથી તે અસંયત છે. હવે કહે છે-

'અને ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.'

અહા! સ્વપરના એકત્વનો એને અધ્યાસ થઈ ગયો છે. ભગવાન આત્માનો તો એક જ્ઞાતા-દ્દષ્ટા સ્વભાવ છે. પરંતુ પ્રકૃતિનો સ્વભાવ જે રાગ તે મારો સ્વભાવ છે એમ માનવાની એને આદત પડી ગઈ છે. વિકાર-વિભાવ તે હું એમ માનવાની એને અનાદિથી ટેવ પડી ગઈ છે. જ્યાં સુધી તેને આ (સ્વપરના એકત્વનો) અધ્યાસ છે ત્યાં સુધી તે વિકારનો કર્તા છે.

વીતરાગનો ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે ભાઈ! પૂર્વે તેં કદીય ધર્મ કર્યો નથી. આ પંચમહાવ્રત અને દયા, દાન આદિના ભાવ કાંઈ અપૂર્વ નથી; એ ભાવ તો પૂર્વે અનંતવાર આ જીવે કર્યા છે. અહા! અનંતકાળે માંડ મનુષ્યભવ મળે એવા એને અનંત મનુષ્યભવ થયા, અને એનાથી અસંખ્યાતગુણા અનંતવાર નરકના ભવ થયા, વળી એનાથી અસંખ્યાતગુણા અનંતવાર એ દેવ થયો. અધધધ! આટ આટલી વાર પ્રભુ! તું દેવ થયો તે શું પુણ્યભાવ કર્યા વિના થયો? બાપુ! પુણ્યભાવની તને અપૂર્વતા નથી; પરંતુ એક જ્ઞાનસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન તું પ્રગટ કરે એ અપૂર્વ છે. સમજાણું કાંઈ...? ભાઈ! અત્યારે આ નહિ સમજે તો ક્યારે સમજીશ? (એમ કે આ દેહ તો છૂટી જશે અને તું ક્યાંય નિગોદાદિ તિર્યંચમાં અનંતકાળ ખોવાઈ જઈશ, પછી કેમ સમજીશ?)

ભગવાન કેવળીની વાણીમાં આવેલી આ વાત છે કે-ચારગતિમાં પ્રભુ! તું રખડતો થકો ભારે દુઃખી થઈ રહ્યો છે. તેમાં અનંતકાળ તો તારો નિગોદમાં ગયો છે. છહ્ઢાલામાં આવે છે ને કે -

કાલ અનંત નિગોદ મઝાર, વીત્યો એકેન્દ્રી તન ધાર.

આ લસણ અને ડુંગળી આવે છે ને? તેની એક કણીમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક એક શરીરમાં અનંતા નિગોદના જીવ છે. કેટલા? જે અનંતા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધ છે એનાથી અનંતગણા જીવ એક શરીરમાં છે. આવા આવા અનંત ભવ પ્રભુ! તેં કર્યા છે. તારા દુઃખની શી વાત કહીએ? સ્વપરના એકત્વરૂપ અધ્યાસને કારણે તને અકથ્ય-અકથ્ય દુઃખ થયાં છે. અહીં કહે છે-જ્યાં સુધી સ્વપરના એકત્વરૂપ અધ્યાસ છે ત્યાં સુધી જીવ કર્તા છે. જીવ રાગને પોતાનો માનીને તેનો કર્તા થાય છે.

હવે કહે છે- 'અને જ્યારે આ જ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડે છે, ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે, સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે અને સ્વપરની વિભાગ-પરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે; અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.'

જુઓ, ધર્મી પુરુષ રાગનો અકર્તા છે એમ ત્રણ બોલથી અહીં સિદ્ધ કરે છે. અહા! આ પ્રકૃતિનો સ્વભાવ જે રાગ છે તે દુઃખ છે, એક સમયની કૃત્રિમ ઉપાધિ છે અને હું તો પરમાનંદમય શુદ્ધચૈતન્યસ્વરૂપ ત્રિકાળ નિરુપાધિ તત્ત્વ છું. આમ બેના ભિન્ન ભિન્ન લક્ષણોનું જ્ઞાન થતાં ભેદજ્ઞાન થાય છે. આવું ભેદજ્ઞાન થતાં જીવ પ્રકૃતિના સ્વભાવને છોડે છે અને ત્યારે તે સ્વપરના વિભાગજ્ઞાનથી જ્ઞાયક છે, સમ્યગ્જ્ઞાની છે.

આ પુણ્ય-પાપના ભાવ છે તે કર્મના નિમિત્તે ઉત્પન્ન થયા છે તેથી તે પ્રકૃતિનો સ્વભાવ છે, આત્માનો નહિ. અહા! પુણ્ય-પાપના સઘળા ભાવ મારી ચીજ નથી એમ જેને અંતરમાં ભેદજ્ઞાન થયું તે પ્રકૃતિના સ્વભાવને છોડી દે છે અને ત્યારે તે સ્વપરના વિભાગજ્ઞાનથી જ્ઞાની છે. સમજાય છે કાંઈ...? ભાઈ! આ સમજ્યા વિના તારી જીંદગી ઢોરની માફક જાય છે હોં. ભલે તું અહીં મોટો ક્રોડપતિ કે અબજોપતિ હોય, પરંતુ રાગથી ભિન્ન પોતાની શુદ્ધ ચૈતન્યમય ચીજ કેવી અને કેવડી છે તેનું અંતરમાં ભાન નથી તો તું પાગલ-ઉન્મત્ત જ છે. તત્ત્વાર્થસૂત્રમાં મિથ્યાદષ્ટિનું જ્ઞાન મિથ્યાજ્ઞાન કેમ છે એ સમજાવતાં પહેલા અધ્યાયના સૂત્ર ૩૨ માં આવે છે કે-"વિદ્યમાન અને અવિદ્યમાન પદાર્થોનું ભેદરૂપ જ્ઞાન (યથાર્થ વિવેક) ન હોવાને કારણે પાગલ પુરુષોના જ્ઞાનની માફક મિથ્યાદષ્ટિનું જ્ઞાન વિપરીત અર્થાત્ મિથ્યાજ્ઞાન હોય છે." ત્યાં સૂત્રમાં उन्मत्तवत्- એમ શબ્દ છે.

જેમ કોઈએ દારૂ પીધો હોય તો તે ઉન્મત્ત થઈને સ્ત્રીને સ્ત્રી પણ કહે છે અને બા પણ કહે છે; તેને કાંઈ વિવેક જ નથી. તેમ મોહમદિરા પીને ઉન્મત્ત થયેલા આને સ્વપરનો વિવેક જ નથી. ભેદજ્ઞાનના અભાવે તે પાગલ જ છે.

અહીં કહે છે-જ્ઞાનીને રાગ હોય છે ખરો, પણ દષ્ટિમાં તેણે રાગને પ્રકૃતિનો સ્વભાવ જાણી છોડી દીધો છે. મારી ચીજ અંદર એક જ્ઞાનાનંદસ્વરૂપ છે તે આદરણીય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



-ઉપાદેય છે અને આ જે રાગ છે તે હેય છે, ત્યાગ કરવા યોગ્ય છે એમ જ્ઞાની યથાર્થ જાણે છે. બાપુ! આમ રાગને જે છોડી દે છે તે સ્વપરના વિભાગજ્ઞાનથી જ્ઞાયક થાય છે, જ્ઞાની થાય છે. શાસ્ત્ર ભણ્યો હોય કે ન ભણ્યો હોય, શાસ્ત્ર ભણવાની એને કાંઈ અટક નથી. (સ્વપરનું ભેદજ્ઞાન થાય એ મુખ્ય ચીજ છે).

જુઓ, શાસ્ત્રમાં લેખ છે કે નવતત્ત્વના નામ પણ જાણતા નથી એવા અઢીદ્વીપ બહાર અસંખ્ય પશુ છે કે જેઓ સમકિતી શ્રાવકના પંચમગુણસ્થાનની ભૂમિકામાં આરૂઢ છે. અહા! જેણે જાણનારને જાણ્યો તેણે બધું જાણ્યું. આ ચૈતન્યસ્વરૂપ જાણવાવાળો તે હું, આ રાગ તે હું નહિ-એમ જેણે જ્ઞાનમાં અનુભવ્યું તે જ્ઞાયક છે, જ્ઞાની છે. ભાઈ! વીતરાગ પરમેશ્વરે કહેલું સ્વરૂપ તે આ છે. ભાગ્ય હોય તો એ સાંભળવાય મળે.

વળી, 'સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે.' શું કીધું? સ્વ નામ એક શુદ્ધ ચિદ્‌ઘન પ્રભુ આત્મા અને પર નામ પુણ્ય-પાપ આદિ વિભાવ-એ બેના ભેદદર્શનથી જીવ દર્શક છે, સમ્યગ્દ્રષ્ટિ છે. આ દેવગુરુશાસ્ત્રને અને નવતત્ત્વને બહારથી (વિકલ્પરૂપ) માને માટે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે એમ નહિ, પણ રાગથી ભિન્ન હું ચિદાનંદઘનસ્વભાવી આત્મા છું એમ રાગ ને આત્માના વિભાગદર્શનથી જીવ દર્શક નામ સમ્યગ્દ્રષ્ટિ છે. આવો મારગ છે ભાઈ! વીતરાગનો. આ તો શૂરાનો મારગ છે બાપુ!

પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને.

અહા! આ તો વીરનો મારગ પ્રભુ! કાયર અર્થાત્ રાગના રસિયાનું આમાં કામ નથી. રાગની જેને રુચિ છે, રાગનો કર્તા થઈ જે પરિણમે છે એવા રાગી જીવોને શાસ્ત્રમાં નપુંસક કહ્યા છે; કેમકે નપુંસકને જેમ પુત્ર ન થાય તેમ રાગને (શુભ-રાગનેય) પોતાનો માનનારને ધર્મની પર્યાય પાકતી નથી.

વળી, 'સ્વપરની વિભાગપરિણતિથી સંયત છે.' રાગપરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને ભિન્ન છે. રાગપરિણતિ પ્રકૃતિનો સ્વભાવ છે અને જ્ઞાનપરિણતિ જ્ઞાનસ્વભાવરૂપ છે. બન્ને ભિન્ન છે. ત્યાં રાગરહિત નિર્મળ જ્ઞાનપરિણતિ તે મારી ચીજ છે, અને રાગપરિણતિ તે મારી ચીજ નથી-આવી સ્વપરની વિભાગપરિણતિથી જીવ સંયત છે. લ્યો, આને સંયત નામ મુનિ કહેવામાં આવે છે. માત્ર નગ્ન દિગંબર હોય ને બહારમાં મહાવ્રતાદિ પાળે માટે મુનિ છે એમ નહિ. પણ રાગ અને જ્ઞાનની વિભાગપરિણતિથી જીવ સંયત નામ મુનિ છે. આમ ત્રણ બોલ કીધા. હવે કહે છે-

'અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.'

જુઓ, જ્યાં સુધી સ્વપરના એકત્વનો અધ્યાસ હતો ત્યાં સુધી જીવ અજ્ઞાની અને કર્તા હતો. પણ સ્વપરના એકત્વનો અધ્યાસ દૂર થતાં તે જ્ઞાની થયો થકો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અકર્તા છે. ચોથા ગુણસ્થાને આત્માનું ભાન થઈને જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં તે રાગનો અકર્તા થઈ જાય છે. રાગ ભલે હો, પણ તેનો તે અકર્તા નામ જ્ઞાતા જ છે. લ્યો, આનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ છે.

## * ગાથા ૩૧૪-૩૧૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણોને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મ પ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે; એ રીતે મિથ્યાદ્રષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે.'

જુઓ, આત્માનું લક્ષણ જ્ઞાન છે અને કર્મપ્રકૃતિનું લક્ષણ રાગ અને બંધ છે. રાગ શુભ હો કે અશુભ-તે પ્રકૃતિનો સ્વભાવ છે, જીવનો નહિ. જીવનો તો એક જ્ઞાનસ્વભાવ છે. આમ બન્નેના સ્વલક્ષણોને ભિન્ન ભિન્ન જાણતો નથી ત્યાં સુધી જીવને ભેદજ્ઞાનનો અભાવ છે; અને ત્યાં સુધી તે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે. અહા! કર્મપ્રકૃતિના ઉદયમાં તે ઝટ જોડાઈ જાય છે. આ પ્રમાણે ભેદજ્ઞાનના અભાવે જીવ પ્રકૃતિના સ્વભાવે રાગાદિપણે, પુણ્ય-પાપપણે પરિણમે છે અને એ રીતે મિથ્યાદ્રષ્ટિ, અજ્ઞાની અને અસંયમી થયો થકો કર્તા થઈને કર્મનો બંધ કરે છે.

તો પછી જ્ઞાનીને પણ રાગ થતો જોઈએ છીએ ને?

હા, જ્ઞાનીને રાગ થતો હોય છે, પણ એની જ્ઞાનપરિણતિથી એ ભિન્ન પડી ગયો હોય છે, જ્ઞાની એને પોતાથી ભિન્નપણે જાણે છે, જેમ ઘઉં ને કાંકરા ભિન્ન છે એમ. અજ્ઞાની બેને એકમેક કરે છે. પ્રકૃતિના સ્વભાવને પોતાનું સ્વ સમજીને પરિણમે છે. તેથી તે મિથ્યાદ્રષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને કર્મબંધ કરે છે, હવે કહે છે-

'અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી, તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદ્રષ્ટાપણે પરિણમે છે.'

અહા! હું તો જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ આત્મા છું, અને આ રાગ છે એ તો પ્રકૃતિનો સ્વભાવ છે અને તે મારાથી તદ્દન ભિન્ન છે. જ્યારે આવું જીવને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાની થયો થકો રાગનો કર્તા થતો નથી. જ્ઞાનીને રાગ થતો હોય છે, પણ રાગનું પરિણમન મારું સ્વ છે એમ જ્ઞાની સ્વીકારતા નથી. જ્ઞાનીની દ્રષ્ટિ રાગને પોતાના સ્વપણે સ્વીકારતી નથી. જ્ઞાનીને રાગનું સ્વામિત્વ નથી. રાગનું પરિણમન છે એ અપેક્ષાએ તેને શાસ્ત્રમાં કર્તા કહ્યો છે, પણ જ્ઞાની રાગ પોતાનું કરવાલાયક કર્તવ્ય છે એમ માનતા નથી એ અપેક્ષાએ તેને અહીં અકર્તા કહ્યો છે. સમજાણું કાંઈ...?

રાગને પોતાનો માનીને પરિણમે તે મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ છે તે જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સંસાર છે. જ્યારે ભેદજ્ઞાન થાય છે ત્યારે જ્ઞાની થયો થકો રાગનો કર્તા થતો નથી; તેથી જીવ કર્મબંધ કરતો નથી, જ્ઞાતાદષ્ટાપણે પરિણમે છે. સમ્યગ્દર્શનથી માંડીને મુનિદશા પર્યંત તે જાણવા-દેખવારૂપે પરિણમે છે. વ્યવહારરત્નત્રયનો રાગ આવે પણ તેનો તે કર્તા થતો નથી. ભાઈ! વીતરાગી ધર્મ વીતરાગભાવથી જ પ્રગટ થાય છે, રાગથી નહિ. રાગપણે પરિણમવું એ કાંઈ ધર્મ નથી. જ્ઞાનીને રાગ આવે પણ તે રાગનો કર્તા થતો નથી, જ્ઞાતા-દષ્ટા જ રહે છે. આવી સૂક્ષ્મ વાત છે.

* * *

'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી' -એવાં અર્થનો આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે:-

## * કળશ ૧૯૬ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'कर्तृत्ववत्' કર્તાપણાની જેમ 'भोक्तृत्वं अस्य चित:स्वभाव: स्मृत: न' ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી.

અહા! શુભાશુભ રાગનું કર્તાપણું જેમ ચિત્સ્વરૂપ ભગવાન આત્માનો સ્વભાવ નથી તેમ શુભાશુભ રાગનું ભોક્તાપણું પણ જીવનો સ્વભાવ ભગવાન ગણધરદેવે કહ્યો નથી. આ વિષયભોગમાં કે ભગવાનનાં દર્શન આદિ કરતાં જે હરખનો ભાવ થાય તેનો ભોક્તા જ્ઞાની થતો નથી. કેમ? કેમકે ઈન્દ્રિયના વિષય કે હરખના રાગનું, કલ્પનાના સુખનું ભોગવવું તે આત્માનો સ્વભાવ નથી. રાગને કરે કે ભોગવે એવો આત્માનો કોઈ સ્વભાવ વા ગુણ-શક્તિ નથી.

જુઓ, સમકિતી ચક્રવર્તીને ૯૬૦૦૦ રાણીઓ હોય છે. રોજ તે નવી નવી રાણીઓ પરણે છે. તેને તત્વિષયક રાગ પણ તે કાળે થતો હોય છે. તોપણ તે રાગના ભોક્તાપણાનું જે વેદન છે તે હું નહિ એમ તે માને છે. શું કીધું? અહા આ જેટલું નિરાકુલ આનંદનું વેદન છે તે મારી ચીજ છે, પણ રાગનું ભોગવવું તે મારું સ્વરૂપ નથી એમ ધર્મી માને છે. હવે અજ્ઞાનીને આ કેમ બેસે? પરંતુ ભાઈ! આત્મા જેમ રાગનો કર્તા ન થાય તેમ રાગનો ભોક્તાય ન થાય એવો જ એનો સ્વભાવ છે. અને સ્વભાવમાં રત એવા જ્ઞાનીને વિષયોમાં-રાગાદિમાં સુખબુદ્ધિ હોતી જ નથી તેથી તે ભોક્તા થતો નથી. લ્યો, આવી ઝીણી વાત! હવે કહે છે-

'अज्ञानात् एव अयं भोक्ता' અજ્ઞાનથી જ તે ભોક્તા છે, 'तद्-अभावात् अवेदक:' અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.

રાગ અને જ્ઞાનનું જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાનથી જ જીવ ભોક્તા છે. જ્યારે રાગ અને આત્માનું ભેદજ્ઞાન થાય છે ત્યારે તે રાગ અને હરખ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શોકના ભાવનો ભોક્તા થતો નથી. લોકોને બહારથી લાગે કે તે ભોગવે છે, પણ વાસ્તવમાં જ્ઞાની રાગ કે હરખશોકના ભાવને ભોગવતો નથી; કેમકે હું ભોગવું એવો અભિપ્રાય એને ક્યાં છે? એને તો એ વિષયો અને તત્સંબંધી હરખશોકના ભાવ-એ બધું ઝેર સમાન ભાસે છે. અહા! જડ ઈન્દ્રિયો, ભાવેન્દ્રિયો, અને વિષયો -એ બધાથી અધિક પોતાનો જ્ઞાનસ્વભાવ જેને સ્વપણે અંદર પ્રતિભાસ્યો છે તે રાગ અને હરખશોકના ભાવને કેમ ભોગવે? આનંદનો ભંડાર એવા જ્ઞાનાનંદસ્વભાવી નિજ પરમાત્મદ્રવ્યથી જેણે પ્રેમ બાંધ્યો તે હવે બીજે વિષયાદિમાં રતિ કેમ કરે? ન જ કરે. આ પ્રમાણે અજ્ઞાનનો અભાવ થતાં જીવ અભોક્તા છે. અભોક્તાપણું આત્માનો સ્વભાવ છે અને તેને (-સ્વભાવને) અનુસરનાર જ્ઞાની અભોક્તા છે. આવી વાત છે.

[ પ્રવચન નં. ૩૭૮ (શેષ) થી ૩૮૦ ચાલુ * દિનાંક ૨૭-૬-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૩૧૬

**अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिदो दु वेदेदि।**
**णाणी पुण कम्मफलं जाणदि उदिदं ण वेदेदि।। ३१६।।**

**अज्ञानी कर्मफलं प्रकृतिस्वभावस्थितस्तु वेदयते।**
**ज्ञानी पुन: कर्मफलं जानाति उदितं न वेदयते।। ३१६।।**

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ–

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.**

**ગાથાર્થઃ-** [ अज्ञानी ] અજ્ઞાની [ प्रकृतिस्वभावस्थित: तु ] પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહ્યો થકો [ कर्मफलं ] કર્મફળને [ वेदयते ] વેદે (ભોગવે) છે [ पुन: ज्ञानी ] અને જ્ઞાની તો [ उदितं कर्मफलं ] ઉદિત (ઉદયમાં આવેલા) કર્મફળને [ जानाति ] જાણે છે, [ न वेदयते ] વેદતો નથી.

**ટીકાઃ-** અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના એકત્વદર્શનથી અને સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી પ્રકૃતિના સ્વભાવને પણ 'હું' પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો) કર્મફળને વેદે છે-ભોગવે છે; અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્‌ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી, સ્વપરના વિભાગદર્શનથી અને સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો (–ખસી ગયેલો, છૂટી ગયેલો) હોવાથી શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું' પણે અનુભવતો થકો ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને લીધે, જાણે જ છે, પરંતુ તેનું 'હું' પણે અનુભવાવું અશક્ય હોવાથી, (તેને) વેદતો નથી.

**ભાવાર્થઃ-** અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે; અને જ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

( शार्दूलविक्रीडित )

**अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको**
**ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः।**
**इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां**
**शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानिता।।१९७।।**

**શ્લોકાર્થઃ-** [ अज्ञानी प्रकृति–स्वभाव–निरतः नित्यं वेदकः भवेत् ] અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-) સદા વેદક છે, [ तु ] અને [ ज्ञानी प्रकृति–स्वभाव–विरतः जातुचित् वेदकः नो ] જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી. [ इति एवं नियमं निरूप्य ] આવો નિયમ બરાબર વિચારીને-નક્કી કરીને [ निपुणैः अज्ञानिता त्यज्यताम् ] નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો અને [ शुद्ध–एक–आत्ममये महसि ] શુદ્ધ-એક-આત્મામય તેજમાં [ अचलितैः ] નિશ્ચળ થઈને [ ज्ञानिता आसेव्यताम् ] જ્ઞાનીપણાને સેવો. ૧૯૭.

* * *

## સમયસાર ગાથા ૩૧૬ : મથાળું

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

## * ગાથા ૩૧૬: ટીકા ઉપરનું પ્રવચન *

'અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના એકત્વદર્શનથી અને સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી પ્રકૃતિના સ્વભાવને પણ 'હું' પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો) કર્મફળને વેદે છે- ભોગવે છે;...'

આત્મા ચિદાનંદઘન પ્રભુ એકલું આનંદનું દળ છે. અહાહા...! જ્ઞાનાનંદરસનો સમુદ્ર પ્રભુ આત્મા છે. આવા પોતાના ધ્રુવ સ્વરૂપને નહિ ઓળખવાથી તેને અનાદિથી સ્વરૂપનું અજ્ઞાન છે. તેથી અજ્ઞાનવશ રાગ તે હું છું એમ માનતો થકો તે સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના એકત્વદર્શનથી અને સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત થયો છે. ભાઈ! આ પુણ્ય-પાપનાં જે ભાવ થાય છે તે પ્રકૃતિનો સ્વભાવ છે. અહા! પ્રકૃતિના સ્વભાવમાં ઊભેલો તે પ્રકૃતિના સ્વભાવને 'હું' પણે અનુભવતો થકો કર્મફળને વેદે છે-ભોગવે છે.

અરે ભાઈ! ચોરાસી લાખના અવતારનો ઘોરાતિઘોર દુઃખોથી ભરેલો આ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભવસિંધુ અપાર છે. અસંખ્ય જોજન ઉપર, અસંખ્ય જોજન નીચે-એમ એને ઉપજવાનાં સ્થાન અનંત છે; સ્થૂળપણે અસંખ્ય છે, અને એથીય સ્થૂળપણે ચોરાસી લાખ યોનિ છે. અહા! સ્વપરની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાદશાને કારણે એણે લસણ, ડુંગળી, કીડા, કાગડા ને નરક-નિગોદ ઇત્યાદિના અનંત દુઃખમય ભવ કર્યા છે. શું થાય? ભાઈ! મિથ્યાત્વનું ફળ આવું બહુ આકરું છે બાપુ! ક્ષણિક વિકારની-શુભાશુભ રાગની દશાને નિજ સ્વરૂપ માની લે એનું ફળ બહુ આકરું છે પ્રભુ!

અરે ભાઈ! મિથ્યાત્વનું ફળ શાસ્ત્રમાં નિગોદ કહ્યું છે. તને ખબર નથી પણ નરકના દુઃખ કરતાં નિગોદનું દુઃખ અનંતગણું છે. નિગોદનો જીવ શક્તિએ તો પૂર્ણ જ્ઞાનાનંદઘન છે, પણ તેની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં અક્ષરના અનંતમા ભાગ જેટલું અલ્પજ્ઞાન હોય છે. અહા! કેવી હીન દશા! અને એને જે પારાવાર દુઃખનું વેદન હોય છે તેને કેમ કહીએ?

અહા! પોતે અંદર સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન છે. આવા વાસ્તવિક નિજ-સ્વરૂપને નહિ માનતાં હું રાગનો કરનારો રાગી છું, રાગનો ભોગવનારો ભોક્તા છું એમ જે પોતાને આળ આપે છે, પોતાની છતી ચીજને અછતી કરી દે છે તે તેના ફળમાં નિગોદના સ્થાનમાં ઉપજે છે. હું રાગનો કર્તા-ભોક્તા છું એમ માનનાર પોતાની હયાતીને (-શુદ્ધ ચૈતન્યસત્તાને) માનતો નથી. અને જે પોતાની હયાતીને માનતો નથી તે એના ફળમાં નિગોદમાં ઉપજે છે જ્યાં દુનિયાના લોકો પણ એની હયાતીને માનવા તૈયાર ન થાય. શું થાય? આમાં કોઈનું કાંઈ ચાલે એમ નથી.

અહીં ભોક્તાપણાની વાત છે. સ્વરૂપથી તો આત્મા અભોક્તા છે. પરંતુ શરીર, મન, વાણી, ધન-સંપત્તિ, આબરૂ ઇત્યાદિ સાનુકૂળ પદાર્થોને દેખીને જે હરખ થાય છે તેને 'હું' પણે અનુભવતો જીવ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. પાપી છે. આ કસાઈખાનાં માંડે એ ભાવ તો પાપ છે જ, એ ભાવ વડે જીવ પાપી છે; પરંતુ આ દયા, દાનના જે ભાવ થાય તેય કષાયભાવ છે, રાગ છે અને તેને 'હું' પણે જે અનુભવે તે જીવ પણ મિથ્યાદ્રષ્ટિ પાપી છે. લોકોને હવે આવી વાત કેમ બેસે? આ તો ધીરાનાં કામ બાપુ! કહે છે ને કે-પ્રકૃતિના સ્વભાવને 'હું' પણે અનુભવતો જીવ કર્મફળને વેદે છે, ઝેરને વેદે છે.

ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ છે. તેને ભૂલીને જ્યાં સુધી પરમાં-રાગાદિમાં સુખબુદ્ધિ છે અને પ્રકૃતિના સ્વભાવને-શુભાશુભ રાગને 'હું' પણે જીવ અનુભવે છે ત્યાં સુધી તે મિથ્યાદ્રષ્ટિ થયો થકો કર્મફળને ભોગવે છે અને નવા નવા કર્મબંધને કરે છે. આવી વાત છે. હવે કહે છે-

'અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગ-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ્ઞાનથી, સ્વપરના વિભાગદર્શનથી અને સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો (-ખસી ગયેલો, છૂટી ગયેલો) હોવાથી શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું' પણે અનુભવતો થકો ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને લીધે, જાણે જ છે, પરંતુ તેનું 'હું' પણે અનુભવવું અશક્ય હોવાથી, (તેને) વેદતો નથી.'

જુઓ, અહીં 'જ્ઞાની તો...' એમ કહ્યું ને? ત્યાં ઘણું (ક્ષયોપશમ) જ્ઞાન હોય તે જ્ઞાની એમ વાત નથી. પરંતુ રાગથી ભિન્ન ચિદાનંદકંદ પ્રભુ આત્માને સ્વપણે જાણે-અનુભવે તેને અહીં જ્ઞાની કહ્યો છે. ચોથા ગુણસ્થાનથી ધર્મી જીવને જ્ઞાની કહેવામાં આવે છે, કેમકે તેને અંતરમાં સ્વપરનું ભેદજ્ઞાન થયું છે. બાકી કોઈ ૧૧ અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય પણ જો એને પરમાં ને રાગમાં સુખબુદ્ધિ હોય તો તે અજ્ઞાની છે. અહા! જ્ઞાની તો એને કહીએ કે જેને અંદર અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ આત્મા છે એનું વેદન-આસ્વાદન હોય છે. કેવો છે તે આસ્વાદ? તો કહે છે-તે અતીન્દ્રિય આનંદના આસ્વાદ આગળ ઇન્દ્ર-ઇન્દ્રાણીના ભોગ-વૈભવ પણ સડેલા મીંદડાના શરીર જેવા તુચ્છ ભાસે છે. લ્યો, અતીન્દ્રિય આનંદના રસનો રસિયો આવો જ્ઞાની હોય છે.

અહીં કહે છે- 'જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી,...' જોયું? જ્ઞાનીને શુદ્ધ આત્માના જ્ઞાનનો સદ્ભાવ છે. એટલે શું? કે આ શુદ્ધ ચૈતન્યના ધ્રુવ પ્રવાહરૂપ-ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્ય...એવા ચૈતન્યના ધ્રુવ પ્રવાહરૂપ જે આત્મા છે તે હું છું એમ જ્ઞાની અનુભવે છે; અને તેથી આ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ તે હું સ્વ અને જે રાગાદિ વિકાર છે તે પર છે એમ સ્વપરનું એને વિભાગજ્ઞાન નામ ભેદજ્ઞાન થયેલું છે. અહા! જ્ઞાની આવા ભેદજ્ઞાન વડે પ્રકૃતિના સ્વભાવથી નિવર્ત્યો છે. અહાહા....! હું રાગથી ભિન્ન અને નિજ ચૈતન્યસ્વભાવથી અભિન્ન છું એવું ભેદજ્ઞાન થયું હોવાથી જ્ઞાની પ્રકૃતિના સ્વભાવથી નિવર્તી ગયો છે.

તેવી રીતે આ જ્ઞાનાનંદસ્વરૂપ અંદર ભગવાન છે તે હું સ્વ અને આ હરખશોક ને રાગાદિ વિભાવ તે પર-એમ બેના વિભાગદર્શનથી સમ્યગ્દ્રષ્ટિ થયો થકો તે પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો છે. શું કીધું? સ્વપરની વિભાગદ્રષ્ટિ વડે જ્ઞાની પ્રકૃતિના સ્વભાવથી હઠી ગયો છે. વળી તે સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી ખસી ગયેલો છે. અહાહા...! સ્વઆશ્રયે પ્રગટ નિર્મળ વીતરાગ પરિણતિ તે સ્વની પરિણતિ છે અને રાગની પરિણતિ તે પરપરિણતિ છે. આમ બે પરિણતિના વિભાગ વડે જે સંયત થયો છે તે જ્ઞાની પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો છે. છે? અંદર પાઠમાં છે કે નહિ? આ પ્રમાણે ધર્મી-જ્ઞાની પુરુષ સ્વપરના વિભાગજ્ઞાનથી, સ્વપરના વિભાગદર્શનથી

અને સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો છે, હઠી ગયેલો છે.

આ તો વીતરાગનો મારગ ભાઈ! એની જ્યારે ગણધરદેવ વ્યાખ્યા કરે ત્યારે એની શી વાત! કેવળીના મુખમાંથી ૐવાણી ઝરે અને એની ભગવાન ગણધર ગૂંથણી કરે એ તો અલૌકિક વાત છે ભાઈ! અહાહા...! કેવળજ્ઞાનના નિમિત્તે છૂટતી એ વાણી દિવ્ય અલૌકિક હોય છે. વાણી તો વાણી ના કારણે છુટે છે, ભગવાન સર્વજ્ઞદેવ એના કર્તા નથી, સર્વજ્ઞ તો માત્ર તેમાં નિમિત્ત છે અને તેથી એને ભગવાનની વાણી કહે છે. અહા! એ ભગવાનની વાણીમાં જે વિસ્તાર આવે એ આશ્ચર્યકારી અને અલૌકિક હોય છે. અહા! એને ગણધરો, ઇન્દ્રો, નરેન્દ્રો નમ્રીભૂત થઈ બહુ વિનય ભક્તિપૂર્વક એકચિત્તે સાંભળે. અહા! એ વાણીની ઉંડપ અને ગંભીરતાનું શું કહેવું! અપાર... અપાર ગંભીર બાપુ!

અહીં આ પંચમ આરાના મુનિવર એને (-ભગવાનની વાણીને) સાદી ભાષામાં કહે છે કે- જ્ઞાની ભેદજ્ઞાન આદિ વડે પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો છે. આ તો ભાષા છે બાપુ! બાકી ભાવ તો એનો જે છે તે અતિ ગંભીર છે. ખેંચાય એટલો ખેંચવો, સમજાય એટલો સમજવો બાપુ! શું કહે છે? કે અજ્ઞાની સ્વપરના એકત્વજ્ઞાન આદિ વડે પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત થયેલો છે, જ્યારે જ્ઞાની સ્વપરના ભેદજ્ઞાન આદિ વડે પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો છે. સ્વપરની વિભાગપરિણતિથી અર્થાત્ શુદ્ધ ચૈતન્યની વીતરાગી પરિણતિથી જ્ઞાની સંયતપણે પરિણત છે. અહાહા...! વીતરાગપરિણતિએ પરિણમેલો તે ધર્મી સંયમી પુરુષ છે. સમજાય છે કાંઈ....?

આ પ્રમાણે જ્ઞાની પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો હોવાથી શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું' પણે અનુભવે છે, અને ઉદિત કર્મફળને તો, અન્યજ્ઞેયની જેમ, પરજ્ઞેયપણે જાણે જ છે, ભોગવતો નથી. કિંચિત્ હરખશોકના પરિણામ થાય તેને જ્ઞાની પરજ્ઞેયપણે જાણે જ છે, વેદતો-ભોગવતો નથી, કેમકે તેનું 'હું' પણે અનુભવાવું અશક્ય છે.

તો શું જ્ઞાનીને હરખશોકનું વેદન બીલકુલ હોતું જ નથી?

જ્ઞાનીને હરખશોકનું વેદન હોતું જ નથી એમ વાત નથી, તેને કિંચિત્ હરખશોકનું વેદન છે; પરંતુ તેને અંતરમાં સ્વભાવની અધિકતા છે, તો સ્વભાવને મુખ્ય કરીને, અને રાગનું વેદન છે તેને ગૌણ ગણીને તે રાગને વેદતો નથી એમ અહીં કહ્યું છે. કિંચિત્ રાગનું એને પરિણમન છે, તો એટલું એને વેદન પણ છે, પણ એને વ્યવહાર ગણી, અસત્યાર્થ કહી, તેનું વેદન નથી એમ અહીં કહ્યું છે. કર્મફળને-હરખશોકને અને આત્મસ્વભાવને એમ બેને નહિ પણ આત્મસ્વભાવને એકને જ જ્ઞાની 'હું' પણે અનુભવે છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ....?

પ્રવચનસારમાં છેલ્લે ૪૭ નયનો અધિકાર છે. ત્યાં કર્તાનય અને ભોક્તાનય-એમ બે નય જ્ઞાનીને હોય છે એની વાત છે. ત્યાં કહ્યું છે-

"આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે."

"આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક."

અહા! જેટલો વ્યવહારરત્નત્રયના મહાવ્રતાદિના વિકલ્પરૂપે જ્ઞાની પરિણમે છે તેટલા પરિણામનો તે કર્તાનયે કર્તા છે, પણ તે મારું સ્વ છે અને કરવાલાયક છે એમ નહિ. તેવી રીતે જેટલો હરખભાવ આવી જાય તેટલા પરિણામનો તે ભોક્તા પણ છે; તે ભોગવવા લાયક છે એમ સુખબુદ્ધિ એમાં જ્ઞાનીને નથી. અસ્થિરતાથી ભોગવવાના પરિણામ છે તેથી તેને ભોક્તા કહે છે, અહીં એ વાત નથી. અહીં તો કહે છે-જ્ઞાની ઉદિત કર્મફળને જાણે જ છે, પણ એનું 'હું' પણે અનુભવવું અશક્ય હોવાથી વેદતો નથી. અહાહા....! જ્ઞાની હરખશોકના પરિણામનો ભોક્તા નથી; કેમકે તેને હરખશોકના પરિણામનું 'હું' પણે અનુભવાવું અશક્ય છે. ઉદિત કર્મફળ મારું સ્વ છે એમ જ્ઞાની કદીય અનુભવી શકતા નથી.

ભાઈ! આ તારી દયા પાળવાની વાત ચાલે છે. પોતે જેવડો છે તેવડો સ્વીકારીને, રાગથી ભિન્ન પડી સ્વસ્વરૂપમાં એકાગ્ર થઈ ઠરવું એનું નામ પોતાની દયા-સ્વદયા છે. અંદર વીતરાગમૂર્તિ પોતે આત્મા છે તેમાં નિમગ્ન થઈ વીતરાગપરિણતિએ પરિણમે તે જીવદયા નામ સ્વદયા છે. બાકી પરની દયા કોણ પાળી શકે છે? પરની દયા પાળવાનો વિકલ્પ આવે પણ તેને 'હું' પણે જ્ઞાની અનુભવતા નથી અને પરનું (ટકવારૂપ) પરિણમન તો જેમ થવું હોય તેમ તે કાળે થાય છે, તેનો કોઈ (બીજો) કર્તા નથી.

ભાઈ! જગતની પ્રત્યેક વસ્તુ-આત્મા કે પરમાણુ કોઈપણ સમયમાં નકામી (-પરિણમન વિનાની ખાલી) નથી. દરેક દ્રવ્ય, દરેક આત્મા ને પરમાણુ પ્રતિસમય પોતાની પર્યાયરૂપ કાર્ય કર્યા જ કરે છે; કાર્ય વિના કોઈ વસ્તુ કોઈ કાળે ખાલી હોય જ નહિ. જો આમ છે તોપછી પરનું કાર્ય, પરની દયા તું કેમ કરી શકે? ન કરી શકે.

અહા! જેણે રાગથી ભિન્ન પડીને અંદર ભેદજ્ઞાન પ્રગટ કર્યું તે જ્ઞાનનો બળિયો મોક્ષપંથે ચઢયો છે; તે હવે પાછો નહિ ફરે, મોક્ષ કરીને જ રહેશે. અહા! આવો ધર્મી પુરુષ, અહીં કહે છે, પ્રકૃતિના સ્વભાવથી ખસી ગયેલો હોવાથી, એક સ્વસ્વભાવને જ-ચિન્માત્રભાવને જ 'હું' પણે અનુભવે છે; ઉદિત કર્મફળને તો એ માત્ર જાણે જ છે, ભોગવતો નથી કેમકે તે મારું છે એવી દ્રષ્ટિનો એને અભાવ થઈ ગયો છે.

## * ગાથા ૩૧૬ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે; અને જ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી.'

શું કહે છે? કે હું જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છું એમ અજ્ઞાનીને સ્વસંવેદન નથી, જ્ઞાન નથી. તેથી કર્મના ઉદય નિમિત્તે તેને જે પુણ્ય-પાપ ને હરખ-શોકના ભાવ થાય તેને તે પોતાનું સ્વ જાણીને ભોગવે છે. જ્યારે જ્ઞાનીને હું પૂર્ણાનંદનો નાથ પૂરણ જ્ઞાન અને આનંદનો પિંડ છું એવો સ્વાનુભવ વર્તે છે, તેને સ્વના આશ્રયે નિરાકુળ આનંદનું વેદન થયું છે અને તેને જ તે પોતાનું સ્વ જાણે છે. તે પ્રકૃતિના ઉદયને-પુણ્ય-પાપના ને હરખ-શોકના ભાવને પોતાનું સ્વ માનતો નથી. તેથી તે રાગનો ભોક્તા નથી, જ્ઞાતા જ છે. ભાઈ! સમકિતી ચક્રવર્તી ૯૬૦૦૦ રાણીઓના વૃંદમાં રહેતો હોય તોપણ તે વિષયનો ભોક્તા નથી. વિષયમાં સ્વપણું ને સુખબુદ્ધિ નથી ને? તેથી તે ભોક્તા નથી. આવી વાત અજ્ઞાનીને બેસતી નથી.

પરંતુ ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો હુકમ છે; કે તારી જાતને તેં જાણી નહિ તેથી અજ્ઞાનપણે તું વિકારનો ભોગવનાર છો. આ સ્ત્રીનું શરીર, દાળ, ભાત, લાડવા ઇત્યાદિને આત્મા ભોગવે છે-ભોગવી શકે છે એ તો છે નહિ, કેમકે એ તો બધા પર અને જડ પદાર્થો છે. પરનો ને જડનો ભોગવટો જ્ઞાની-અજ્ઞાનીને કોઈને હોતો નથી. પણ અજ્ઞાની કર્મના સંગે ઉત્પન્ન થયેલા વિકારને ભોગવે છે; જ્યારે જ્ઞાનીને અંતરમાં ભેદજ્ઞાન થયું છે. તેણે અંતર્દષ્ટિમાં સ્વભાવ-વિભાવ, સ્વપરિણતિ ને પરપરિણતિના વિભાગ પાડી દીધા છે. તેથી તે નિરાકુળ આનંદને સ્વપણે વેદે છે, અને પ્રકૃતિ-સ્વભાવને-વિકારને છોડી દે છે અર્થાત્ સ્વપણે અનુભવતો નથી. તે વિકારનો માત્ર જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી.

આ પ્રમાણે જ્ઞાની કર્મફળનો જાણનાર-દેખનાર છે, ભોક્તા નથી.

* * *

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૯૭ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'अज्ञानी प्रकृति–स्वभाव–निरत: नित्यं वेदक: भवेत्' અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી) સદા વેદક છે, 'तु' અને 'ज्ञानी प्रकृति–स्वभाव–विरत: जातुचित् वेदक: नो' જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ

પામેલો-વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી) કદાપિ વેદક નથી.

પુણ્ય-પાપ આદિ શુભાશુભ ભાવ છે તે આત્માનો સ્વભાવ નથી, પણ જડ પ્રકૃતિનો સ્વભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિના ભાવ પ્રકૃતિનો સ્વભાવ છે. અજ્ઞાની આ પ્રકૃતિના સ્વભાવને પોતાનો સ્વભાવ જાણે છે; તેથી તે વેદક છે, ભોક્તા છે. જ્યારે ધર્મી જીવને સ્વપરનું ભેદજ્ઞાન થયું છે. હું પરમ આનંદમય શુદ્ધ જ્ઞાયક તત્ત્વ છું અને આ પુણ્ય-પાપના ભાવ ભિન્ન આસ્રવ તત્ત્વ છે. આમ બન્નેનું ભેદજ્ઞાન થયેલું હોવાથી ધર્મી જીવ-પ્રકૃતિના સ્વભાવથી વિરામ પામેલો છે. તે વિકારના પડખેથી ખસીને સ્વભાવના પડખે આવેલો છે. તેથી તે વિકારનો વેદક કદીય થતો નથી. અહાહા...! નિરાકુળ આનંદના વેદનમાં ચઢેલો જ્ઞાની વિકારનો વેદક થતો નથી. જોકે તેને વ્રત, તપ, ભક્તિ, જાત્રા ઇત્યાદિના ભાવ આવે છે ખરા, પણ અંતરમાં તે એનાથી વિરત છે, ઉદાસીન છે; તેથી તે વિકારનો ભોક્તા નથી.

ધર્મી જીવ શુભાશુભભાવને કર્મની ઉપાધિજનિત ઔપાધિકભાવ જાણે છે; તેથી તે એનાથી વિરક્ત થયેલો છે; કદાપિ એ તેનો વેદક થતો નથી. બીજે એમ આવે કે જ્ઞાનીને આનંદધારા અને રાગધારા બન્ને સાથે હોય છે. રાગથી તે વિરક્ત છે છતાં તેનો વેદક પણ છે. એક સમયમાં આનંદ અને દુઃખનું વેદન સાથે હોય છે. અહીં એ વાત નથી. અહીં તો દુઃખના વેદનને ગૌણ કરી તેને વ્યવહાર ગણી અસત્યાર્થ જાણી કાઢી નાખ્યું છે. તેથી કહ્યું કે જ્ઞાની પ્રકૃતિના સ્વભાવનો વેદક નથી.

જ્ઞાનીને સર્વથા દુઃખનું વેદન છે જ નહિ એમ કોઈ કહે તો તે બરાબર નથી. જુઓ, છઠ્ઠા ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિવરને અંદર અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન હોય છે છતાં જેટલો અલ્પ રાગ છે એટલું દુઃખનું વેદન પણ છે. અહીં દ્રષ્ટિની પ્રધાનતામાં એને દુઃખનું વેદન નથી એમ કહીએ છીએ. ભાઈ! અપેક્ષા સમજ્યા વિના કોઈ એકાન્ત ખેંચે તો તે ભગવાનનો મારગ નથી.

જ્ઞાની રાગના ભાવથી વિરામ પામેલો હોવાથી કદાપિ વેદક નથી. જેમ સક્કરકંદની ઉપરની રાતડને લક્ષમાં ન લો તો તે અંદર સાકરની મીઠાશનો પિંડ છે. તેમ આ ભગવાન આત્માને પર્યાયમાં થતા રાતડ સમાન શુભાશુભભાવને લક્ષમાં ન લો તો અંદર તે અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો રસકંદ છે. અજ્ઞાનીઓ રાતડ સમાન રાગને વેદે છે, જ્યારે જ્ઞાની અંદરના જ્ઞાનાનંદરસને વેદે છે. આમાં લોકોને લાગે કે આ તો નિશ્ચયની વાત એટલે સત્યાર્થ વાત અને વ્યવહાર એટલે ઉપચાર અસત્યાર્થ. વ્યવહાર વ્યવહારપણે સત્યાર્થ છે. પણ નિશ્ચયની દ્રષ્ટિમાં વ્યવહાર અસત્યાર્થ જ છે. આવી વાત છે.

મહાવિદેહમાં ભગવાન સાક્ષાત્ વિરાજે છે. ત્યાં આ જીવ અનંતવાર ઉપજ્યો

અને અનંતવાર ભગવાનના સમોસરણમાં જઈ આવ્યો. ભગવાનનાં દર્શન, પૂજા કર્યાં અને મણિરત્નના દીવાથી આરતી ઉતારી. પણ ભાઈ! એ બધો શુભરાગ પ્રકૃતિનો સ્વભાવ બાપુ! અજ્ઞાનદશામાં જીવ એને ધર્મ માનીને વેદે છે, જ્યારે ધર્મીને એવા શુભભાવ આવે છે ખરા, પણ એનો તે કર્તા-ભોક્તા થતો નથી, માત્ર જાણનારપણે જ રહે છે; ધર્મી તો અતીન્દ્રિય આનંદરસના સ્વાદને વેદે છે.

લોકોને દયા, દાન, ભક્તિ વગેરેનો સહેલો માર્ગ ગમે; પણ ભાઈ! એ તો માર્ગ જ નથી. એ તો બધી રાગની ક્રિયાઓ પ્રકૃતિનો સ્વભાવ છે અને એ વડે ધર્મ થવાનું માને એ મિથ્યાદર્શન છે. હવે કહે છે-

અજ્ઞાની રાગનો સદા વેદક છે; જ્ઞાની રાગનો કદાપિ વેદક નથી. 'इति एवं नियमं निरूप्य' આવો નિયમ બરાબર વિચારીને-નક્કી કરીને 'निपुणैः अज्ञानिता त्यज्यताम' નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો અને 'शुद्ध-एक-आत्ममये महसि' શુદ્ધ એક આત્મામય તેજમાં 'अचालतैः' નિશ્ચળ થઈને 'ज्ञानिता आसेव्यताम' જ્ઞાનીપણાને સેવો.

જુઓ, આ ઉપદેશ! શું કહે છે? કે હે નિપુણ પુરુષો! અજ્ઞાનીપણાને છોડી દઈને, રાગને મારાપણે વેદવાનું છોડી દઈને શુદ્ધ એક આત્મામય તેજમાં નિશ્ચળ થઈને જ્ઞાનીપણાને સેવો, નિરાકુળ આનંદને અનુભવો. જુઓ, અહીં પરવસ્તુને છોડો એમ વાત નથી, કેમકે પરનાં ગ્રહણ- ત્યાગ તો આત્મામાં કદી ત્રણકાળમાં નથી. અહીં તો એણે રાગ અને પુણ્ય પરિણામ મારા છે એમ જે અનાદિ અજ્ઞાનવશ પકડ કરી છે તે મિથ્યાત્વ ભાવ છે અને તેને છોડો એમ ઉપદેશ છે. ભાઈ! આવા રૂડા અવસર મળ્યા, ભગવાન જિનેન્દ્રની વાણી કાને પડવાનો યોગ મળ્યો તો કહે છે- આ નિયમ બરાબર જાણીને રાગને પોતાનો સ્વભાવ જાણવાનું છોડી દે અને શુદ્ધ એક ચૈતન્યતેજમાં નિશ્ચળ થઈને જ્ઞાનીપણાનું સેવન કર.

જુઓ, સામે મોટો જળનો દરિયો ભર્યો હોય, પણ નજર સામે ચાદરની આડ આવી જાય તો મોટો દરિયો દેખાય નહિ; તેમ અંદર અનંત ગુણ-સ્વભાવનો ભરેલો જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ આત્મા મોટો દરિયો છે; પણ પુણ્ય-પાપભાવ મારા છે એવી માન્યતાની આડમાં બેહદ સ્વભાવથી ભરેલો મોટો ચૈતન્યસિંધુ એને દેખાતો નથી. તેથી કહે છે-ભાઈ! પુણ્ય-પાપના ભાવ મારા છે એવા અજ્ઞાનભાવને છોડી દે. પુણ્ય-પાપના ભાવ મારા છે એવી માન્યતા અજ્ઞાનભાવ છે.

હા, પણ તેને છોડીને શું કરવું?

શુદ્ધ એક આત્મામય ચૈતન્યતેજમાં નિશ્ચળ થઈને જ્ઞાનભાવનું સેવન કર. અહાહા..! અંદર જ્ઞાનાનંદસ્વરૂપ પોતે ભગવાન છે તેની સેવા કર, તેમાં રમી જા અને તેમાં જ ઠરી જા; તેથી તને પરમાનંદની પ્રાપ્તિ થશે. આવો મારગ છે બાપુ!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! આ દેહ તો જડ-માટી-ધૂળ છે. તેની અવધિ થતાં તે ફડાક છૂટી જશે, અને તું ભવસમુદ્રમાં ક્યાંય ડૂબી જઈશ. ત્યાં તારી કોઈ ખબર લેનારું નહિ હોય (એમ કે ત્યાં તારી અયોગ્યતા જાણીને કોઈ ઉપદેશ દેનારું નહિ હોય). જો આ અવસરે મિથ્યાત્વ ન છૂટયું તો અનંતભવ માથે ઊભા છે. અરે! કીડા, કીડી, કાગડા, કુતરા, કોળ, નોળ ઇત્યાદિના અનંતા ભવ ઊભા થશે. માટે 'રાગ હું નહિ, જ્ઞાન જ હું છું' એવા દ્રઢ સંસ્કાર નાખ. ઓહો! કહે છે-- નિજ શુદ્ધ ચૈતન્યતેજમાં નિશ્ચળ થઈને જ્ઞાનીપણાનું સેવન કર. લ્યો, ભવ્ય જીવોને સંતોએ કરુણા કરીને આવો ઉપદેશ કર્યો છે.

[ પ્રવચન નં. ૩૮૦ (શેષ) ૩૮૧ * દિનાંક ૨૭-૬-૭૭ થી ૨૯-૬-૭૭ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૩૧૭

**अज्ञानी वेदक एवेति नियम्यते-**

**ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।**
**गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।। ३१७।।**

**न मुञ्चति प्रकृतिमभव्यः सुष्ठ्वपि अधीत्य शास्त्राणि।**
**गुडदुग्धमपि पिबन्तो न पन्नगा निर्विषा भवन्ति।। ३१७।।**

હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે-એમ કહે છે) :-

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭**

**ગાથાર્થઃ-** [ सुष्ठु ] સારી રીતે [ शास्त्राणि ] શાસ્ત્રો [ अधीत्य अपि ] ભણીને પણ [ अभव्यः ] અભવ્ય [ प्रकृतिम् ] પ્રકૃતિને (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને) [ न मुञ्चति ] છોડતો નથી, [ गुडदुग्धम् ] જેમ સાકરવાળું દૂધ [ पिबन्तः अपि ] પીતાં છતાં [ पन्नगाः ] સર્પો [ निर्विषाः ] નિર્વિષ [ न भवन्ति ] થતા નથી.

**ટીકાઃ-** જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી, તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી; કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે, અજ્ઞાનીપણું છે. આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે (-કર્મનો ભોક્તા જ છે).

**ભાવાર્થઃ-** આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે-એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે. અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી; માટે આ

ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી અર્થાત્ અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.

* * *

## સમયસાર ગાથા ૩૧૭ : મથાળું

હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે. (અથાર્ત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે' – એમ કહે છે) :-

## * ગાથા ૩૧૭ : ટીકા ઉપરનું પ્રવચન *

જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને વિષભાવને છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી, તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિ સ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી; કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે, અજ્ઞાનીપણું છે.'

જુઓ, સર્પની દાઢમાં ઝેર હોય છે. તે પોતાની મેળે એને છોડતો નથી, તથા વિષ છોડાવવાને સમર્થ એવા સાકરસહિત દૂધપાનથી પણ એને એ છોડતો નથી. આ દૃષ્ટાંત કીધું.

તેમ, કહે છે, અભવ્ય જીવ પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી તથા પ્રકૃતિસ્વભાવને છોડાવવા સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી. જુઓ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની ૐધ્વનિ અનુસાર રચાયેલાં પરમાગમ તે દ્રવ્યશ્રુત છે. મિથ્યાત્વનું વમન કરાવી દે એવી વીતરાગની વાણી છે. વીતરાગની વાણી-દ્રવ્યશ્રુત મિથ્યાત્વભાવ છોડવાનું નિમિત્ત છે. અહીં કહે છે, આવાં દ્રવ્યશ્રુત ભણીને પણ પ્રકૃતિસ્વભાવને- મિથ્યાત્વાદિને અજ્ઞાની છોડતો નથી. જેમ સર્પ સાકરવાળું દૂધ પીતાં છતાં વિષભાવને છોડતો નથી તેમ અભવિ જીવ અગિયાર અંગ ને નવપૂર્વનું જ્ઞાન કરતાં છતાં મિથ્યાત્વાદિભાવને છોડતો નથી; કારણ કે તેને સદાય ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે અજ્ઞાનીપણું છે.

શું કીધું? અભવિ જીવ અગિયાર અંગ ને નવપૂર્વનો પાઠ ભણવા છતાં મિથ્યાત્વાદિને છોડતો નથી, કેમ? કેમકે તેને સદાય અતીન્દ્રિય આનંદના વેદનયુક્ત શુદ્ધાત્મજ્ઞાનનો અભાવ છે નિર્મળ ભાવશ્રુતજ્ઞાનનો અભાવ છે. અહા! ભગવાન આત્મા વીતરાગી નિર્મળ ભાવશ્રુતજ્ઞાનથી જણાય એવી ચીજ છે, કોરા શાસ્ત્રજ્ઞાનથી એ જણાય એમ નથી. તેથી ભગવાને કહેલાં હજારો શાસ્ત્રોનું જ્ઞાન કરીને પણ તે સ્વસ્વરૂપને જાણતો નથી અને મિથ્યાત્વાદિને કદી છોડતો નથી.

અહા! ધર્મપિતા દેવાધિદેવ અરિહંત પરમાત્મા કહે છે- હે જીવ! તારા સ્વભાવમાં અંદર જ્ઞાનાનંદરસ ભર્યો છે, તેને ભાવશ્રુતજ્ઞાનથી જાણ-અનુભવ. અરે! એમ ન કરતાં ભગવાન! તું રાગની મંદતાની વ્યભિચારી ક્રિયામાં રોકાઈ ગયો! અહા! તારું ભર્યુંભાદરું (જ્ઞાનાનંદરસથી ભરેલું પૂરણ) ઘર મૂકીને તું રાગને ઘર ક્યાં ચઢી ગયો પ્રભુ! ભાઈ! ભગવાનના શાસ્ત્રોમાં તો વીતરાગભાવ પ્રગટ કરવાનો ઉપદેશ છે. અહા! એ દ્રવ્યશ્રુતને સાંભળીને તેં વીતરાગભાવ પ્રગટ ન કર્યો ને રાગમાં જ ધર્મ માનીને રોકાઈ ગયો! તો દ્રવ્યશ્રુતથી તને શું લાભ થયો? કાંઈ જ નહિ. દ્રવ્યશ્રુતમાં પરસન્મુખતા છોડીને સ્વસન્મુખ થવાનો ઉપદેશ છે. પણ સ્વસન્મુખતા કરી નહિ તો એનો શું ગુણ થયો? કાંઈ ન થયો.

હવે કહે છે – 'આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે (-કર્મનો ભોક્તા જ છે).'

લ્યો, આ નિયમ કહ્યો કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં એટલે કે મિથ્યાત્વાદિ ભાવોમાં સ્થિત હોવાથી રાગાદિભાવોનો વેદનારો જ છે. અહીં અભવિનું તો દૃષ્ટાંત છે, બાકી ભવિ અજ્ઞાની જીવ પણ અનેક શાસ્ત્રો ભણવા છતાં જ્યાંસુધી નિર્મળ ભાવ-શ્રુતજ્ઞાન પ્રગટ કરતો નથી ત્યાંસુધી અજ્ઞાનીપણાને લીધે ભોક્તા જ છે. રાગનું વેદન છોડ, અને સ્વસન્મુખ થઈ સ્વરૂપનું વેદન કર-દ્રવ્યશ્રુતમાં તો આ આજ્ઞા આવી છે. આ સાંભળીને પણ જો કોઈ જીવ પ્રકૃતિસ્વભાવને-રાગાદિને છોડતો નથી તો તે અજ્ઞાનીપણાને લીધે ભોક્તા જ છે. જેમ અભવિ ભોક્તા જ છે તેમ અજ્ઞાની જીવ પણ ભોક્તા છે.

## * ગાથા ૩૧૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે-એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે. અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી; માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી અર્થાત્ અજ્ઞાનીપણું છે ત્યાંસુધી તે નિયમથી ભોક્તા જ છે.

આત્મા અંદર અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો રસકંદ છે. એના અંતર-અનુભવની જેને દશા નથી તે અજ્ઞાની છે. ચિદાનંદઘન પ્રભુ આત્માની અંતર્દષ્ટિ વિના પુણ્ય-પાપના ભાવ જે થાય તે મારું નિજસ્વરૂપ છે એમ જે માને છે તે અજ્ઞાની છે. અહીં કહે છે- આવો અજ્ઞાની જીવ કર્મફળનો ભોક્તા જ છે. હરખ-શોક વિનાની પોતાની ચીજ અંદર ત્રિકાળ આનંદસ્વરૂપ છે. તેનું ભાન કર્યા વિના કર્મોદયના નિમિત્તે જે શુભાશુભ ભાવ થાય તેનો એ કર્તા થઈને ભોગવનારો જ છે. સાનુકૂળ

ચીજના લક્ષે તેને હરખ થાય અને પ્રતિકૂળ ચીજના લક્ષે તેને શોક થાય. પરમ પવિત્ર પોતાના આત્મસ્વરૂપના ભાન વિના અજ્ઞાની જીવ આ હરખ-શોકના ભાવોને ભોગવે જ છે. આ નિયમ કહ્યો.

અહીં યોગ્ય રીતે જ અભવ્યનું દૃષ્ટાંત આપ્યું છે. અભવ્ય જીવની એક જાતિ છે. જેમ કોરડું મગ હોય તેને ગમે તેટલો નીચેથી પાક આપો તોપણ તે પાણીમાં બફાય-ચઢે નહિ. તેમ જીવની અભવ્ય એક જાતિ એવી છે કે તેને કોઈપણ પ્રકારે આત્માનુભવ ન થાય, તે કોઈપણ પ્રકારે ક્યારેય સીઝે નહિ. અભવ્ય એટલે ધર્મ પામવાને નાલાયક. તેને સદાય કર્મફળનું જ વેદન હોય છે.

ભગવાનની વાણી છૂટી તેમાંથી આ શાસ્ત્રો રચાયાં છે. તેમાં આ આવ્યું છે કે જગતમાં મોક્ષને લાયક અનંતા ભવ્ય જીવો છે, અને તેના અનંતમા ભાગે અભવ્યો છે. પં. શ્રી જયચંદજી કહે છે -અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે, કેમકે અભવ્યનો સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુત આદિ અનેક બાહ્ય કારણો મળવા છતાં તે શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી.

અભવ્ય જીવ હજારો શાસ્ત્રો ભણે, હજારો રાણીઓ છોડી નગ્ન દિગંબર મુનિ દશા અંગીકાર કરે અને બહારમાં મહાવ્રતાદિ બરાબર પાળે; બહારમાં એને વ્યવહાર શ્રદ્ધા બરાબર હોવા છતાં અંદર નિજાનંદસ્વરૂપનું જ્ઞાન શ્રદ્ધાન તેને કદીય થતું નથી. હું પરમ પવિત્ર શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છું એવો અનુભવ એને કદાપિ થતો નથી. તેથી તે કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો જ નથી. સ્વરૂપશ્રદ્ધાનનો તેને સદાય અભાવ હોવાથી તે કર્મફળને સદા ભોગવે જ છે.

અત્યારે તો લોકો આ કરો ને તે કરો એમ બાહ્ય ક્રિયાઓમાં જ ધર્મ થવાનું સાધન બતાવે છે; પણ ભાઈ! બાહ્ય ક્રિયાકાંડ કોઈ વાસ્તવિક સાધન નથી, કેમકે અનેક ક્રિયાકાંડ કરવા છતાં અભવિ જીવને ધર્મપ્રાપ્તિ થતી નથી, આત્માનુભવ થતો નથી; તે કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી. આ તો ઉદાહરણ આપ્યું છે.

આ ઉદાહરણ પરથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી એટલે કે અજ્ઞાનીપણું છે ત્યાં સુધી જીવ નિયમથી ભોક્તા જ છે. અહાહા...! શાસ્ત્રનું જ્ઞાન વગેરે હોય, પણ અંદર શુદ્ધ ચૈતન્યસત્તા છે તેનું જ્ઞાન ન હોય તો એ બહારના સાધનોથી કાંઈ લાભ નથી. શાસ્ત્રનું જ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું અને નવતત્ત્વોનું ભેદરૂપ શ્રદ્ધાન અને મહાવ્રતાદિનું પાલન-એ તો બધો શુભરાગ છે; એનાથી કાંઈ લાભ નથી. અંદર સ્વસ્વરૂપના વેદનમાં એ જ્યાં સુધી ગયો નથી ત્યાં સુધી તે અજ્ઞાની જ છે અને ત્યાં સુધી તે

નિયમથી ભોક્તા જ છે. અંતર-સ્વરૂપના જ્ઞાન-શ્રદ્ધાન ને રમણતા થયા વિના બાહ્ય સાધનો કોઈ આત્માને તારી દે એમ નથી.

અહા! પોતે કેવડો છે ને કેવો છે- એનું સ્વસન્મુખ થઈને જ્ઞાન (સ્વસંવેદનજ્ઞાન) કર્યા વિના એક શાસ્ત્રજ્ઞાનથી સંસાર તરી શકાતો નથી. હજુ તો વેપાર-ધંધા, સ્ત્રી-પુત્ર પરિવાર અને વિષયભોગ ઇત્યાદિ સંસારી પ્રવૃત્તિઓ આડે એને શાસ્ત્રભણતરનાંય ઠેકાણાં નથી ત્યાં એને ધર્મ તો શું, સરખું પુણ્યેય ક્યાંથી થાય? અરે! જીવનનો મોટો ભાગ તો એને સંસારની પાપમય પ્રવૃત્તિઓમાં જ ચાલ્યો જાય છે. માંડ કલાક બે કલાક સાંભળવાનો વખત મળે તો એને સંભળાવનારા કુગુરુ મળી જાય. તેઓ આને રાગની ક્રિયામાં ધર્મ મનાવી દે. બસ થઈ રહ્યું. આ રીતે જીવન લૂંટાઈ જાય છે, વેડફાઈ જાય છે.

વીતરાગ જૈન પરમેશ્વરે કહેલો ધર્મનો મારગ અપૂર્વ ને અલૌકિક છે. ભાઈ! જ્યાં સુધી શુદ્ધ ચૈતન્યમાત્ર પોતાના આત્માનું જ્ઞાન નથી. ત્યાં સુધી તે અજ્ઞાની છે અને અજ્ઞાનમયપણાને લીધે તે વિકારનો ભોક્તા જ છે.

જગતના ભૌતિક પદાર્થો, સ્ત્રીનું શરીર, ખાન-પાનના પુદ્‌ગલો ઇત્યાદિ તો અનંતવાર અનુભવમાં આવી ગયા છે. તેથી તે બધા એંઠ છે. જ્ઞાની તે બધાને એંઠવત્ જાણે છે. આવે છે ને કે-

સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન;<br>
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન.

પરંતુ રે! અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે છે તેનું વેદન ન કરે ત્યાં સુધી અજ્ઞાની જીવ શુભાશુભનો ને હરખશોકનો ભોક્તા જ છે.

[ પ્રવચન નં. ૩૮૧ * દિનાંક ૨૯-૬-૭૭ ]

## ગાથા-૩૧૮

**ज्ञानी त्ववेदक एवेति नियम्यते-**

**णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।**
**महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ।। ३१८।।**

**निर्वेदसमापन्नो ज्ञानी कर्मफलं विजानाति।**
**मधुरं कटुकं बहुविधमवेदकस्तेन स भवति।। ३१८।।**

હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છેઃ-

**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.**

**ગાથાર્થઃ-** [ निर्वेदसमापन्नः ] નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્યને પામેલો) [ ज्ञानी ] જ્ઞાની [ मधुरम् कटुकम् ] મીઠા-કડવા [ बहुविधम् ] બહુવિધ [ कर्मफलम् ] કર્મફળને [ विजानाति ] જાણે છે [ तेन ] તેથી [ सः ] તે [ अवेदकः भवति ] અવેદક છે.

**ટીકાઃ-** જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના-) સદ્‌ભાવને લીધે, પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયના સ્વભાવને) સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં (-જ્ઞાન હોય ત્યારે-) પરદ્રવ્યને 'હું' પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી (તે કર્મફળને) વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે.

**ભાવાર્થઃ-** જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ, અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. આ ન્યાયે જ્ઞાની-કે જે પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે-સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી, અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ, વ્યવહારથી ભોક્તા કહેવાય. પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી; માટે જ્ઞાની અભોક્તા જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

( वसन्ततिलका )

**ज्ञानी करोति न न वेदयते च कर्म**
**जानाति केवलमयं किल तत्स्वभावम्।**
**जानन्परं करणवेदनयोरभावा-**
**च्छुद्धस्वभावनियत: स हि मुक्त एव।।१९८।।**

**શ્લોકાર્થ:-** [ ज्ञानी कर्म न करोति च न वेदयते ] જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, [ तत्स्वभावम् अयं किल केवलम् जानाति ] કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. [ परं जानन् ] એમ કેવળ જાણતો થકો [ करण–वेदनयो: अभावात् ] કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના-) અભાવને લીધે [ शुद्ध–स्वभावनियत: स: हि मुक्त: एव ] શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.

**ભાવાર્થ:-** જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી, કેવળ જ્ઞાતા જ છે; માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે. કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે? જ્યાં સુધી નિર્બળતા રહે ત્યાં સુધી કર્મ જોર ચલાવી લે; ક્રમે ક્રમે સબળતા વધારીને છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ. ૧૯૮.

*   *   *

## સમયસાર ગાથા ૩૧૮ : મથાળું

હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છે:-

## * ગાથા ૩૧૮ : ટીકા ઉપરનું પ્રવચન *

'જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થાય છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના-) સદ્ભાવને લીધે, પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયના સ્વભાવને) સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં (-જ્ઞાન હોય ત્યારે-) પરદ્રવ્યને 'હું' પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી (તે કર્મફળને) વેદતો નથી.'

'જ્ઞાની તો....' અહાહા...! જ્ઞાની નામ ધર્મી એને કહીએ જેને પોતાના શુદ્ધ એક જ્ઞાતાદૃષ્ટાસ્વરૂપ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિ થઈ છે. અહાહા...! પૂર્ણાનંદનો નાથ પૂર્ણ જ્ઞાનઘન પ્રભુ પોતે આત્મા છે તેનો પોતાની દશામાં જેને સ્વીકાર થયો છે તે જ્ઞાની છે. અહીં કહે છે-જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના સદ્ભાવને લીધે પરથી અત્યંત વિરક્ત છે. ભાઈ! આ પુણ્ય-પાપ કે હરખ-શોક ઇત્યાદિ જે પરિણામ થાય એનાથી જ્ઞાની અત્યંત

વિરક્ત છે. એટલે શું? કે તે ભાવ મારા છે એમ જ્ઞાનીને સ્વીકાર નથી. અહા! સમકિતી ધર્માત્મા કોઈ રાજપાટમાં હો તોપણ રાજપાટ એને મન ધૂળધાણી છે. રાગનો એક કણ પણ મારો છે એમ ધર્મી પુરુષ સ્વીકારતા નથી. આવે છે ને કે-

ચક્રવર્તીકી સંપદા, ઇન્દ્ર સરિખા ભોગ;
કાગવિટ્ સમ ગિનત હૈ સમ્યગ્દ્રષ્ટિ લોગ.

અહાહા....! રાજપાટ તો હું નહિ પણ એક સમયની પર્યાયનો જે ભેદ પડે છે તેય હું નહિ; હું તો શુદ્ધ એક ચિન્માત્ર-વસ્તુ આત્મા છું એમ સમકિતી-જ્ઞાની અનુભવે છે. સમજાણું કાંઈ...?

'જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન' -એટલે શું? કે જેમાંથી ભેદ નામ પુણ્ય-પાપનો રાગ ભિન્ન પડી ગયો છે અને જેમાં અભેદ એક નિત્યાનંદ-સ્વરૂપનું સંવેદન-જ્ઞાન પ્રગટ થયું છે એવું ભાવશ્રુતજ્ઞાન. અહાહા...! દ્રવ્યશ્રુતજ્ઞાન એટલે ભગવાનની વાણીમાંથી રચાયેલાં શાસ્ત્રોનું વાંચવું, સાંભળવું, મનન કરવું ઇત્યાદિ જે વિકલ્પ છે તે જેમાંથી દૂર થઈ ગયા છે એવું જે ભાવશ્રુતજ્ઞાન તેના સદ્ભાવને લીધે જ્ઞાની પરથી અત્યંત વિરક્ત છે. આવી વાત!

ભગવાન આત્મા સેકન્ડના અસંખ્યાત ભાગમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે. તે વિકલ્પથી નહિ પણ ભાવશ્રુતજ્ઞાનથી જણાય એવો નિર્વિકલ્પ અચિંત્ય પદાર્થ છે. અહાહા...! ભાવશ્રુતજ્ઞાનમાં આખો આનંદનો નાથ એવો આત્મા સ્વજ્ઞેયપણે જણાય છે. આવા ભાવશ્રુતજ્ઞાનનો જ્ઞાનીને સદ્ભાવ હોવાને લીધે તે પરથી અર્થાત્ રાગાદિ ભાવોથી અત્યંત વિરક્ત છે. આ પ્રમાણે પરથી અત્યંત વિરક્ત હોવાથી જ્ઞાની કર્મના ઉદયના સ્વભાવને અર્થાત્ હરખ-શોક, રતિ-અરતિ આદિ ભાવને સ્વયમેવ છોડે છે.

અરે! શુદ્ધ આત્માના જ્ઞાન વિના આ જીવે નરકાદિના અનંત અનંત ભવ પૂર્વે કર્યા છે. ક્રૂર પરિણામના ફળરૂપે જીવ નરકગતિમાં અવતાર ધારણ કરે છે. અહા! એ નરકગતિના દુઃખનું શું વર્ણન કરીએ? ૨૫ વર્ષનો જુવાન-જોધ રાજકુમાર હોય અને એને જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો નાખે ને જે તીવ્ર દુઃખ થાય એથી અનંતગણું દુઃખ ત્યાં નરકમાં હોય છે. વળી ત્યાં ઓછામાં ઓછા દસ હજાર વર્ષથી માંડીને ઉત્કૃષ્ટ અસંખ્યાત અબજો વર્ષ પર્યંતની (૩૩ સાગરોપમ પર્યંતની) આયુની સ્થિતિ હોય છે. ત્યાં એક પળ જાય ને અનંતુ દુઃખ થાય એવા સ્થાનમાં પ્રભુ! તું અનંતવાર જન્મ-મરણ કરી ચૂક્યો છે. અહીં અત્યારે મનુષ્યપણું મળ્યું ને થોડી સગવડતા મળી ત્યાં તું બધું ભૂલી ગયો! અરે ભાઈ! આ અવસરમાં જો સ્વરૂપનું જ્ઞાન ન કર્યું તો માથે નરકાદિનાં દુઃખ ઉભાં જ છે માનો.

અહાહા...! અંદર આત્મા અમૃતનો સાગર પ્રભુ છે. તેનાથી ઉલટો ભાવ થાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ઝેર છે, દુઃખ છે. અજ્ઞાની જીવો શુભાશુભભાવમાં રોકાઈ રહીને નિરંતર ઝેરનો સ્વાદ લે છે કેમકે શુભાશુભભાવનો સ્વાદ ઝેરનો સ્વાદ છે.

જ્યારે ધર્મી જીવ તો ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે. શુભભાવ આવે, હરખ થાય તે મધુર સ્વાદ છે (વાસ્તવમાં તો ઝેરનો જ સ્વાદ છે). અને અશુભભાવ થાય, હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, કામ, ક્રોધ આદિ ભાવ થાય તેનો અમધુર-કડવો સ્વાદ છે. પરંતુ ધર્મી જીવ તો એ બેયનો જ્ઞાતાદ્રષ્ટા જ છે, વેદક નથી; કેમકે શુદ્ધ આત્માનું જ્ઞાન થતાં પરદ્રવ્યને 'હું' પણે અનુભવવાની અયોગ્યતા છે. શું કીધું? જ્ઞાનીને પરદ્રવ્યને-શુભાશુભ વિકારના ભાવને- 'હું' પણે, સ્વપણે અનુભવવાની અયોગ્યતા છે. 'માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે.' ધર્મી જીવ હરખશોકના, સુખ-દુઃખના જે ભાવ થાય તેનો જ્ઞાતા જ છે, વેદક નથી કેમકે તે પરદ્રવ્યના ભાવો તેને 'હું' પણે અનુભવાતા નથી. આવી વાત છે.

## * ગાથા ૩૧૮ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ, અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ.'

જુઓ, આ સિદ્ધાંત કહ્યો. હવે કહે છે-

'આ ન્યાયે જ્ઞાની-કે જે પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે -સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી, અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થથી ભોક્તા કહેવાય નહિ, વ્યવહારથી ભોક્તા કહેવાય. પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી; માટે જ્ઞાની અભોક્તા જ છે.'

આત્મા પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પરમાત્મદ્રવ્ય છે. અહા! આવી નિજવસ્તુની જેને દૃષ્ટિ થઈ તે જ્ઞાની છે. અહીં કહે છે-જ્ઞાની પ્રકૃતિસ્વભાવને પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે. શું કીધું? આ પુણ્ય-પાપના જે ભાવ થાય તેને જ્ઞાની જાણતો નથી. ધર્મી જીવ વ્યવહારરત્નત્રયના ભાવ મારા છે ને મારા કર્તવ્યરૂપ છે એમ જાણતો નથી. શુભાશુભ ભાવ થાય તે તો કર્મનો ઉદય છે; તેને જ્ઞાની પોતાનો કેમ જાણે? અહાહા...! પોતાનો તો એક જ્ઞાનાનંદસ્વભાવ છે, અને જ્ઞાન ને આનંદનું (પર્યાયમાં) પ્રગટવું થાય તે પોતાનો ઉદય છે. અહા! આવા નિર્મળ જ્ઞાન ને આનંદને અનુભવતો જ્ઞાની કર્મના ઉદયને પોતાનો કેમ જાણે? ન જાણે. તેથી જ્ઞાની પ્રકૃતિના સ્વભાવથી વિરક્ત છે. વર્તમાનમાં કિંચિત્ અસ્થિરતા છે, પણ એનાથી વિરક્ત છે.

રાગ થાય એ તો પ્રકૃતિનો સ્વભાવ છે, જીવનો નહિ. જીવનો તો એક જ્ઞાયક-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વભાવ-ચૈતન્યસ્વભાવ છે; તેમાં રાગનું કરવાપણું ક્યાં છે? આત્મામાં અનંત શક્તિઓ છે, પણ વિકારને કરે એવી એનામાં કોઈ શક્તિ નથી. તેથી ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ થઈ છે એવો જ્ઞાની રાગમાં રક્ત નથી; તે રાગથી વિરક્ત છે, તેને રાગમાં એકત્વબુદ્ધિ નથી. રાગમાં એકત્વ હોય તો તે જ્ઞાની શાનો?

જુઓ, ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય અને છન્નું હજાર રાણીઓ હતી; છતાં અંતરમાં રાગથી-વિષયથી વિરક્ત હતા. અહા! જેણે આનંદનો સાગર અંદર જોયો, જાણ્યો ને અનુભવ્યો તે વિરસ વિકારથી કેમ રંગાય? તેને દયા, દાન, ભક્તિ ઇત્યાદિના ભાવ આવે પણ તેને તે સ્વભાવમાં ભેળવતો નથી. આ રીતે જ્ઞાની વિકારથી-રાગાદિથી વિરક્ત છે.

તેથી, કહે છે, જ્ઞાની સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. હવે આવી વાત બીજે ક્યાં છે પ્રભુ? અહાહા...! જેને આત્માના નિરાકુળ આનંદસ્વભાવનું અંતરમાં ભાન થયું, વેદન થયું તે ઝેર જેવા વિકારના સ્વાદને કેમ લે? ન લે. તથાપિ અસ્થિરતાને લીધે કિંચિત્ રાગમાં જોડાય તોપણ ત્યાં વિરક્તિ હોવાથી પરમાર્થે જ્ઞાની તેનો ભોક્તા નથી. વ્યવહારથી તેને ભોક્તા કહીએ, પણ અહીં શુદ્ધનયના કથનમાં વ્યવહારનો અધિકાર નથી. માટે જ્ઞાની અભોક્તા જ છે.

* * *

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૧૯૮ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'ज्ञानी कर्म न करोति च न वेदयते' જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી. 'तत्स्वभावम् अयं किल केवलम् जानाति' કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે.

અનાદિથી કર્મને કર્તા થઈને જીવ દુઃખના પંથે પડયો હતો, તે હવે સ્વભાવનું જ્ઞાન કરીને સુખના પંથે દોરાણો છે. જ્ઞાની થયો થકો તે હવે કર્મને કરતો નથી, વેદતોય નથી. આનંદસ્વરૂપ નિજ આત્મદ્રવ્યનું ભાન થયું છે તે હવે દુઃખના ભાવને કેમ વેદે? કિંચિત્ રાગનો ભાવ છે તેને કેવળ તે જાણે જ છે, પણ વેદતો નથી. કર્મના સ્વભાવને-પુણ્ય-પાપ આદિ ભાવને ધર્મી પુરુષ કેવળ જાણે જ છે પણ તેને કરતો કે ભોગવતો નથી. દયા, દાન, ભક્તિ, પૂજા ઇત્યાદિના ભાવ જ્ઞાનીને આવે ખરા, પણ એનો એ કર્તા-ભોક્તા થતો નથી. ધર્મી જીવ અતીન્દ્રિય આનંદમાં રક્ત છે ને રાગથી વિરક્ત છે. તેથી રાગમાં ભળ્યા વિના, જે રાગ થાય છે તેને કેવળ તે જાણે જ છે.

બાપુ! આ તો મોટા ઘરનાં (-કેવળીના ઘરનાં) કહેણ આવ્યાં છે કે -ભગવાન!

તું અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો મહાન સમુદ્ર છો; તેમાં રાગેય નથી ને અલ્પજ્ઞતાય નથી. અહા! આવા તારા અંતર-નિધાનમાં દ્રષ્ટિ કર. જો તો ખરો! આ દ્રષ્ટિવંતોએ (આચાર્ય આદિ પુરુષોએ) અંતર્દષ્ટિ વડે સમકિત સાથે સગાઈ કરી છે, અને રાગનું સગપણ (-બંધન) તેમણે છોડી દીધું છે. હવે તે કર્મના ઉદયને કેવળ જાણે જ છે. હવે તે રાગને કરે ને ભોગવે કેમ? અહા! સમકિતી ધર્મી પુરુષ ભલે છ ખંડના રાજ્યમાં પડયો હોય તોપણ તે પોતાનું હોવાપણું જ્ઞાન ને આનંદમાં જ દેખે છે; રાગને તો તે પોતાથી ભિન્ન કેવળ જાણે જ છે; કર્મના સ્વભાવને-પુણ્ય-પાપ આદિ ભાવોને-તે પોતાની નિર્મળ પરિણતિમાં ભેળવતો જ નથી. આનું નામ ધર્મ છે બાપુ!

ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે ભાઈ! પૂર્વે કદીય એણે ધર્મ કર્યો નથી. અંદર વસ્તુ તો અંદર 'પૂર્ણ' પૂરણ જ્ઞાનઘનસ્વરૂપ પૂર્ણતાથી ભરેલી છે. અહાહા....! પૂરણ અનંતસ્વભાવોથી ભરેલી વસ્તુ તો અંદર પૂરણ જ્ઞાનઘનસ્વરૂપ છે. તેનાં જ્ઞાન-શ્રદ્ધાન ને રમણતા થયાં તે હવે સ્વભાવમાં રક્ત છે ને વિભાવથી વિરક્ત છે. ભક્તિ, પૂજા આદિનો રાગ આવે પણ તેનાથી જ્ઞાનીને એકત્વ નથી. વિરક્તિ છે. તે એને કેવળ કર્મનો સ્વભાવ જાણે છે. ભાઈ! આ કોઈ કલ્પિત વાત નથી, આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલો માર્ગ છે. હવે કહે છે-

'परं जानन्' એમ કેવળ જાણતો થકો 'करणवेदनयोः अभावात्' કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના-) અભાવને લીધે 'शुद्धस्वभावनियतः स हि मुक्त एव' શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.

અહાહા...! ધર્મી પુરુષ શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો ખરેખર મુક્ત જ છે. સ્વભાવમાં એકત્વ થયું છે તે રાગથી મુક્ત જ છે. ભગવાન સિદ્ધ રાગથી સર્વથા મુક્ત છે તેમ દ્રષ્ટિની પ્રધાનતાએ જ્ઞાની રાગથી મુક્ત જ છે, કેમકે જ્ઞાનીને રાગનું કરવાપણું અને ભોગવવાપણું નથી. રાગનો ધર્મી પુરુષ કર્તાય નથી, ભોક્તાય નથી; માટે તે મુક્ત જ છે. લ્યો, આવી વાત!

અહાહા...! વસ્તુ આત્મા અંદર નિર્મળ નિર્વિકાર પૂર્ણ આનંદકંદ પ્રભુ છે. એના આશ્રયે જેને એનાં જ્ઞાન-શ્રદ્ધાન અને નિર્મળ આચરણ પ્રગટ થયાં તે જીવ વિભાવથી-કર્મના સ્વભાવથી વિરક્ત છે. જેમ સાકરની કટકી મોઢામાં મૂકતાં ભેગી ચીરોડીની કટકી આવી જાય તો ફડાક તેને ફેંકી દે છે; તેમ આનંદઘન પ્રભુ આત્માનો અનુભવ થતાં ચીરોડીની કણી સમાન ભેગો રાગ આવી જાય તો ફડાક તેને ફેંકી દે છે. વાસ્તવમાં રાગનો નિર્મળ અનુભવની પરિણતિમાં પ્રવેશ જ નથી. આ પ્રમાણે જ્ઞાની રાગથી મુક્ત જ છે.

## * કળશ ૧૯૮ : ભાવાર્થ *

'જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી, કેવળ જ્ઞાતા જ છે; માટે તે કેવળ શુદ્ધ સ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે. કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે? જ્યાં સુધી નિર્બળતા રહે ત્યાં સુધી કર્મ જોર ચલાવી લે; ક્રમે સબળતા વધારીને છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ.'

જુઓ, જ્ઞાનીને કર્મ ઉદયમાં આવે છે અને નિર્બળતાવશ તેને કિંચિત્ રાગ પણ થાય છે, પણ તેનો તે જ્ઞાતા જ રહે છે. જ્યાં સુધી નિર્બળતા છે ત્યાં સુધી કર્મનું જોર છે, પણ સ્વરૂપનો ઉગ્ર આશ્રય કરીને સબળતા વધારતો થકો જ્ઞાની છેવટે કર્મનો નિર્મૂળ નાશ કરશે જ. અહાહા...! અંદર આનંદનો નાથ પૂર્ણ બળિયો પૂરણ સ્વભાવથી ભરિયો છે. અનંત બળનો સ્વામી તે નિજસ્વભાવનો ઉગ્ર આશ્રય કરીને કર્મનો નિર્મૂળ નાશ કરશે જ. આ પ્રમાણે જ્ઞાની કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે.

[ પ્રવચન નં. ૩૮૨-૩૮૩ * દિનાંક ૧-૭-૭૭ ]

## ગાથા-૩૧૯

**ण वि कुव्वइ ण वि वेयइ णाणी कम्माइं बहुपयाराइं।**
**जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च।। ३१९।।**

**नापि करोति नापि वेदयते ज्ञानी कर्माणि बहुप्रकाराणि।**
**जानाति पुनः कर्मफलं बन्धं पुण्यं च पापं च।। ३१९।।**

હવે આ જ અર્થને ફરી દ્રઢ કરે છેઃ-

**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ बहुप्रकाराणि ] બહુ પ્રકારનાં [ कर्माणि ] કર્મોને [ न अपि करोति ] કરતો પણ નથી, [ न अपि वेदयते ] વેદતો (ભોગવતો) પણ નથી; [ पुनः ] પરંતુ [ पुण्यं च पापं च ] પુણ્ય અને પાપરૂપ [ बन्धं ] કર્મબંધને [ कर्मफलं ] તથા કર્મફળને [ जानाति ] જાણે છે.

**ટીકાઃ-** કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી, અને કર્મફળ-ચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક (-અભોક્તા) હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો (-ભોગવતો) નથી; પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે.

* * *

## સમયસાર ગાથા ૩૧૯ : મથાળું

હવે આ જ અર્થને ફરી દ્રઢ કરે છેઃ-

## * ગાથા ૩૧૯ : ટીકા ઉપરનું પ્રવચન *

'કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી, અને કર્મફળચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક (-અભોક્તા) હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો (-ભોગવતો) નથી; પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે.'

જેમાં રાગનું ચેતવું થાય છે, જ્ઞાનનું ચેતવું નથી તે કર્મચેતના છે. આ હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિ અશુભરાગ ને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભરાગનું જે ચેતવું છે તે કર્મચેતના છે. એક વાર સાંભળ ભાઈ! અહીં કહે છે-જ્ઞાની કર્મ-ચેતના રહિત છે અને તેથી અકર્તા છે.

શું કીધું? કે આત્મા જ્ઞાનનો સાગર પ્રભુ છે. તેનો જેને અંતરમાં અનુભવ

થયો તે જ્ઞાની પુરુષ છે. આ જ્ઞાની પુરુષ એમ જાણે છે કે હું તો ચેતનામાત્ર સ્વભાવથી ભરેલો ભગવાન છું. કર્મચેતનાથી રહિત છું. પુણ્ય-પાપ આદિ ભાવ મારું સ્વરૂપ નથી. રાગમાં એકત્વ નથી ને? તેથી જ્ઞાની રાગના કરવાપણાથી રહિત હોવાને લીધે અકર્તા છે.

તો શું ધર્મીને રાગ હોતો નથી?

ધર્મીને રાગ હોય છે, પણ એનું સ્વામીપણું એને નથી. જેને સચ્ચિદાનંદમય નિજ આત્મવસ્તુનું સ્વામીપણું થયું છે તેને (-ધર્મીને) રાગનું સ્વામીપણું નથી. જેમ બે ઘોડે સવારી થાય નહિ તેમ આત્માનું અને રાગનું-બન્નેનું સ્વામીપણું બનતું નથી. તેથી આનંદના નાથ ભગવાન આત્માનું જેને સ્વામીપણું થયું તેને રાગનું સ્વામીપણું નથી અને તેથી તે રાગનો અકર્તા છે. જ્ઞાની જાણનાર બન્નેનો છે, પણ સ્વામી બંનેનો નથી.

વળી જ્ઞાની કર્મફળચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક છે. વિકાર અર્થાત્ હરખશોકનું સુખદુઃખનું જે ચેતવું થાય તે કર્મફળચેતના છે. વિકારી પરિણામના ફળનું વેદવું તે કર્મફળચેતના છે. ધર્મી જીવ કર્મફળચેતનાથી રહિત છે અને તેથી અવેદક છે. અહા! નિજઘરમાં એકલો જ્ઞાન ને આનંદ ભરેલો છે; જ્ઞાની તેનો વેદનારો છે. નિરાકુળ આનંદના વેદનમાં પડેલો જ્ઞાની હવે વિકારનો -ઝેરનો સ્વાદ કેમ લે? ન લે. આ પ્રમાણે કર્મફળચેતના રહિત હોવાને લીધે જ્ઞાની અભોક્તા જ છે. દયા, દાન, ભક્તિ ઇત્યાદિ ભાવ એને થાય છે પણ એનો એ ભોક્તા નથી.

આ પ્રમાણે જ્ઞાની કર્મને (-રાગાદિને) કરતોય નથી, ભોગવતોય નથી.

અહાહા...! ચિદ્બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્માનો એક જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે. સ્વ અને પરને જાણે એવો એનો સહજ સ્વભાવ છે. અહા! આવો નિજસ્વભાવ અનુભવમાં આવ્યો હોવાથી જ્ઞાનીને એક જ્ઞાનચેતના જ છે. અહાહા...! કહે છે- જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી જ્ઞાની શુભાશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે.

અહીં ત્રણ વાત કરીઃ

૧. જ્ઞાની કર્મચેતના રહિત હોવાથી અકર્તા છે, કર્મનો-રાગનો કર્તા નથી.

૨. જ્ઞાની કર્મફળચેતના રહિત હોવાથી અવેદક છે, કર્મફળનો-સુખદુઃખાદિનો ભોક્તા નથી.

૩. જ્ઞાની જ્ઞાનચેતનામય હોવાથી કેવળ જ્ઞાતા જ છે; શુભાશુભ કર્મને અને કર્મફળને કેવળ જાણે જ છે.

અહા! આવો સાક્ષીપણે માત્ર જાણનાર જ રહે એવો ધર્મી પુરુષ હોય છે. આવી વાત!

[ પ્રવચન નં. ૩૮૨-૩૮૩ * દિનાંક ૧-૭-૭૭ ]

# समयसार गाथा ३२० : तात्पर्यवृत्ति टीका

[ અહીં પ્રથમ મૂળ ગાથા, સંસ્કૃત ટીકા અને ગુજરાતી અનુવાદ
આપેલ છે. પછી પૃ. ૯૧ થી પ્રવચનનો પ્રારંભ થાય છે. ]

**दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणदि य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।। ३२०।।**

[ दिट्ठी सयं पि णाणं ने બદલે આત્મખ્યાતિ-ટીકામાં
दिट्ठी जहेव णाणं એવો પાઠ છે. ]

तमेव अकर्तृत्वभोक्तृत्वभावं विशेषेण समर्थयति; [ दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव ] यथा दृष्टि: कर्त्री दृश्यमग्निरूपं वस्तुसंघुक्षणं पुरुषवन्न करोति तथैव च तप्तायःपिंडवदनुभवरूपेण न वेदयति। तथा शुद्धज्ञानमप्यभेदेन शुद्धज्ञानपरिणत जीवो वा स्वयं शुद्धोपादानरूपेण न करोति न च वेदयति। अथवा पाठांतरं [ दिट्ठी खयंपि णाणं ] तस्य व्याख्यानं-न केवलं दृष्टि: क्षायिकज्ञानमपि निश्चयेन कर्मणामकारक तथैवावेदकमपि। तथाभूत: सन् किं करोति ? [ जाणदि य बंधमोखं ] जानाति च। कौ ? बंधमोक्षौ। न केवलं बंधमोक्षौ [ कम्मुदयं णिज्जरं चेव ] शुभाशुभरूपं कर्मोदयं सविपाकाविपाकरूपेण सकामाकामरूपेण वा द्विधा निर्जरां चैव जानाति इति।

एवं सर्वविशुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धोपादानभूतेन शुद्धद्रव्यार्थिकनयेन कर्तृत्व भोक्तृत्व बंध-मोक्षादिकारणपरिणामशून्यो जीव इति सूचितं। समुदायपातनिकायां पश्चाद्गाथाचतुष्टयेन जीवस्याकर्तृत्वगुणव्याख्यानमुख्यत्वेन सामान्यविवरणं कृतं। पुनरपि गाथाचतुष्टयेन शुद्धस्यापि यत्प्रकृतिभिर्बंधो भवति तदज्ञानस्य माहात्म्यमित्यज्ञानसामर्थ्यकथनरूपेणे विशेषविवरणं कृतं। पुनश्च गाथाचतुष्टयेन जीवस्याभोक्तृत्वगुणव्याख्यानमुख्यत्वेन व्याख्यानं कृतं। तदनन्तरं शुद्धनिश्चयेन तस्यैव कर्तृत्वबंधमोक्षादिककारणपरिणामवर्जनरूपस्य द्वादशगाथा-व्याख्यानस्योपसंहाररूपेण गाथाद्वयं गतं।। इति समयसारव्याख्यायां शुद्धात्मानुभूतिलक्षणायां तात्पर्यवृत्तौ मोक्षाधिकार संबंधिनी चूलिका समाप्ता। अथवा द्वितीयव्याख्यानेनात्र मोक्षाधिकार समाप्त:।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



किं च विशेष:- औपशमिकादिपंचभावानां मध्ये केन भावेन मोक्षो भवतीति विचार्यते। तत्रौपशमिकक्षायोपशमिकक्षायिकौदयिकभावचतुष्टयं पर्यायरूपं भवति, शुद्धपारिणामिकस्तु द्रव्यरूप इति। तच्च परस्परसापेक्षं द्रव्यपर्यायद्धयात्मा पदार्थो भण्यते।

तत्र तावज्जीवत्वभव्यत्वाभव्यत्वत्रिविधपरिणामिकभावमध्ये शुद्ध जीवत्व शक्तिलक्षणं यत्पारिणामिकत्वं तच्छुद्धद्रव्यार्थिकनयाश्रितत्वान्निरावणं शुद्धपारिणामिकभावसंज्ञं ज्ञातव्यं तत्तु बंधमोक्षपर्यायपरिणतिरहितं। यत्पुनर्दशप्राणरूपं जीवत्वं भव्याभव्यत्वद्वयं तत्पर्यायार्थिकनयाश्रितत्वादशुद्धपारिणामिकभावसंज्ञमिति। कथमशुद्धमिति चेत्, संसारिणां शुद्धनयेन सिद्धानां तु सर्वथेव दशप्राणरूप जीवत्वभव्याभव्यत्वद्धयाभावादिति।

तत्र त्रयस्य मध्ये भव्यत्वलक्षणपारिणामिकस्तु यथासंभवं सम्यक्त्वादिजीवगुणघातकं देशघातिसर्वघातिसंज्ञं मोहादिकर्मसामान्यं पर्यायार्थिकनयेन प्रच्छादकं भवति इति विज्ञेयं। तत्र च यदा कालादिलब्धिवशेन भव्यत्वशक्तर्व्यक्तिभवति तदायं जीव: सहजशुद्धपारिणामिकभावलक्षणनिजपरमात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञानानुचरणपर्यायेण परिणमति। तच्च परिणमनमागमभाषयौपशमिकक्षायोपशमिकक्षायिक भावत्रयं भण्यते। अध्यात्मभाषया पुन: शुद्धात्माभिमुखपरिणाम: शुद्धोपयोग इत्यादि पर्यायसंज्ञां लभते।

स च पर्याय: शुद्धपारिणामिकभावलक्षणशुद्धात्मद्रव्यात्कथंचिद्भिन्न:। कस्मात्? भावनारूपत्वात्। शुद्धपारिणामिकस्तु भावनारूपो न भवति। यद्यकांतेन शुद्धपारिणामिकादभिन्नो भवति तदास्य भावनारूपस्य मोक्षकारणभूतस्य मोक्षप्रस्तावे विनाशे जाते सति शुद्धपारिणामिकभावस्यापि विनाश: प्राप्नोपि; न च तथा।

तत:स्थितं-शुद्धपारिणामिकभावविषये या भावना तद्रूपं यदौपशमिकादि भावत्रयं तत्समस्तरागादिरहितत्वेन शुद्धोपादानकारणत्वात् मोक्षकारणं भवति, न च शुद्धपारिणामिक:।

यस्तु शक्तिरूपो मोक्ष: स शुद्धपारिणामिकपूर्वमेव तिष्ठति। अयं तु व्यक्तिरूप मोक्षविचारो वर्तते।

तथा चोक्त सिद्धान्ते- ‘ निष्क्रिय: शुद्धपारिणामिक: ’ निष्क्रिय इति कोऽर्थ: ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बंधकारणभूता या क्रिया रागादिपरिणतिः तद्रूपो न भवति, मोक्षकारणभूता च क्रिया शुद्धभावनापरिणतिस्तद्रूपश्च न भवति। ततो ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति ध्यानरूपो न भवति। कस्मात्? ध्यानस्य विनश्वरत्वात्। तथा योगीन्द्रदेवैप्युक्तं- णवि उपज्जइ णवि मरइ बंध ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ।।

किंच विवक्षितैकदेशशुद्धनयाश्रितेयं भावना निर्विकारस्वसंवेदनलक्षण-क्षायोपशमिकन्यत्वेन यद्यप्येकदेशव्यक्तिरूपा भवति तथापि ध्यातापुरुषः यदेव सकल निरावरणमखंडैकप्रत्यक्षप्रतिभासमयमविनश्वरं शुद्धपारिणामिकपरमभावलक्षणं निजपरमात्मद्रव्यं तदेवाहमिति भावयति, न च खंडज्ञानरूपमिति भावार्थः।

इदं तु व्याख्यानं परस्पसापेक्षागमाध्यात्मनयद्वयाभिप्रायस्यानिरोधेनैव कथितं सिद्धयतीति ज्ञातव्यं विवेकिभिः।। ३२०।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# સમયસારની ગાથા ૩૨૦ ‘ તાત્પર્યવૃત્તિ ’ ટીકાનો ગુજરાતી અનુવાદ

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

તે જ અકર્તૃત્વભોક્તૃત્વભાવને વિશેષપણે દ્રઢ કરે છે–

[ दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव ] જેવી રીતે નેત્ર–કર્તા–દ્રશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ ( સંધૂકણ ) કરનાર પુરુષની માફક, કરતું નથી અને, તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ–ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાન્તરઃ ‘ दिट्ठी खयं पि णाणं ’ – તેનું વ્યાખ્યાનઃ– માત્ર દ્રષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો ( શુદ્ધજ્ઞાનપરિણત જીવ ) શું કરે છે ? [ जाणदि य बंधमोक्खं ] જાણે છે. કોને ? બંધ–મોક્ષને. માત્ર બંધ–મોક્ષને નહિ, [ कम्मुदयं णिज्जरं चेव ] શુભ–અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક–અવિપાકરૂપે ને સકામ–અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે ”

સર્વવિશુદ્ધ–પારિણામિક–પરમભાવગ્રાહક શુદ્ધ–ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ–ભોક્તૃત્વથી તથા બંધ–મોક્ષનાં કારણ ને પરિણામથી શૂન્ય છે એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા ‘ શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે ’ એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા જીવનું અભોક્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યાર પછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા, પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ–ભોક્તૃત્વના અભાવરૂપ તથા બંધ–મોક્ષનાં કારણ ને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો. આ રીતે સમયસારનીશુદ્ધાત્માનુભૂતિલક્ષણ ‘ તાત્પર્યવૃત્તિ ’ નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ. અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો.

વળી વિશેષ કહેવામાં આવે છેઃ–

ઔપશમિકાદિ પાંચ ભાવોમાં ક્યા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાય–

રૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા-પદાર્થ છે.

ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધમોક્ષપર્યાયપરિણતિ રહિત છે. પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળાં છે. પ્રશ્નઃ- 'અશુદ્ધ' કેમ? ઉત્તરઃ- સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.

તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક 'દેશઘાતી' અને 'સર્વઘાતી' એવાં નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી 'ઔપશમિક', 'ક્ષાયોપશમિક' તથા 'ક્ષાયિક' એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.

તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શા માટે? ભાવનારૂપ હોવાથી. શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી. જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય) નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી (કારણ કે શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે.)

માટે આમ ઠર્યુંઃ- શુદ્ધપારિણામિકભાવવિષયક (શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાન-કારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહિ (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી).

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે 'निष्क्रिय: शुद्धपारिणामिक:' અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? (શુદ્ધપારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિપરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે

ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે). શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે 'ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ।।' (અર્થાત્ હે યોગી! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી-એમ શ્રી જિનવર કહે છે.)

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છેઃ- વિવક્ષિત-એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જો કે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકપ-રમભાવલક્ષણનિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' -આમ ભાવાર્થ છે.

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે. (-નિર્બાધ છે) એમ વિવેકીઓએ જાણવું.

*(અનુવાદકઃ પં. શ્રી હિંમતલાલ જે. શાહ)*

* * *

## શ્રી સમયસાર ગાથા ૩૨૦ : મથાળું

(તાત્પર્યવૃત્તિ ટીકા)

એ જ અકર્તૃત્વભોક્તૃત્વભાવને વિશેષપણે દઢ કરે છેઃ-

## ગાથા ૩૨૦ઃ શ્રી જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ ટીકા ઉપરનું પ્રવચન

"[दिट्ठी सयं पि णाणं अकारयं अवेदयं चेव] જેવી રીતે નેત્ર- કર્તા, દશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ (સંધૂકણ) કરનાર પુરુષની માફક, કરતું નથી અને, તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાન્તરઃ [दिट्ठी खयं पि णाणं] -તેનું વ્યાખ્યાનઃ માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે? [जाणदि य-बंध-मोक्खं] - જાણે છે. કોને? બંધ- મોક્ષને. માત્ર બંધ મોક્ષને નહિ, [कम्मुदयं णिज्जरं चेव] શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપ ને સકામ-અકામરૂપ બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે."

અહાહા...! ભગવાન આત્માનો તો જ્ઞાન સ્વભાવ છે. રાગને કરે અને રાગને ભોગવે એવો એનો સ્વભાવ નથી. શું કીધું? આ શરીરાદિ પરપદાર્થ છે તેને તો આત્મા કરે નહિ પણ રાગાદિનું કરવું ને રાગાદિનું વેદવું એવું આત્માના જ્ઞાન-સ્વભાવમાં નથી. લ્યો, આ દ્દષ્ટાંતથી સમજાવે છેઃ-

નેત્ર-આંખ દશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને દેખે છે પણ સંધુક્ષણ કરનાર પુરુષની માફક આંખ અગ્નિરૂપ વસ્તુને કરતી નથી. જેમ અગ્નિને સળગાવનાર પુરુષ અગ્નિરૂપ વસ્તુને કરે છે તેમ આંખ દશ્ય પદાર્થને દેખે છે પણ તેને કરતી નથી. તેમ જ તપેલા લોખંડના ગોળાની માફક આંખ અગ્નિને અનુભવરૂપે વેદતી નથી. લોઢાનો ઉનો ગોળો હોય તે જેમ ઉનાપણું વેદે છે તેમ આંખ વેદતી નથી, લ્યો, દ્દષ્ટાંત કીધું.

તેમ, કહે છે, આત્મા કે જેનો એક જ્ઞાયકભાવ સ્વભાવ છે તે પુણ્ય અને પાપના ભાવને કરતો નથી તેમ જ વેદતો નથી. આ દયા પાળે, દાન કરે, વ્રતાદિ પાળે પણ ભાઈ! એ તો બધો રાગ છે. એ રાગનું કરવું ને રાગનું વેદવું તે, કહે છે, આત્માના જ્ઞાનસ્વભાવમાં નથી. અહા! આવો પોતાનો સ્વભાવ જ્યાં સુધી દ્દષ્ટિમાં ન આવે ત્યાં સુધી જીવ અજ્ઞાની છે.

કહ્યું ને કે- 'તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી.' જુઓ, શુદ્ધપણે પરિણમ્યો છે એવા જીવની અહીં વાત છે. શુદ્ધ જ્ઞાન તે ગુણ લીધો અને શુદ્ધ જ્ઞાન પરિણત જીવ તે દ્રવ્ય લીધું છે. અહાહા...! હું એક શુદ્ધ જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ જેને અંતરમાં શુદ્ધ જ્ઞાનમય પરિણમન થયું છે તે જીવ શુદ્ધ ઉપાદાનરૂપે દયા, દાન, વ્રત આદિ રાગના ભાવને કરતો નથી અને વેદતોય નથી કેમકે આત્માનું શુદ્ધ ઉપાદાન તો શુદ્ધ એક ચૈતન્યમય છે.

અહીં બે વાત થઈઃ

૧. જ્ઞાનગુણ ત્રિકાળ છે તે પણ દયા, દાન આદિ રાગને-વિકલ્પને કરતો કે વેદતો નથી અને

૨. તેમ શુદ્ધજ્ઞાનપરિણતિ જીવ પણ રાગને કરતો કે વેદતો નથી.

બાપુ! આ બહારનાં બધાં કામ હું વ્યવસ્થિત કરી શકું છું એમ જે માને છે તે તો મિથ્યાદ્દષ્ટિ છે. અહીં તો કહે છે-સ્વભાવસન્મુખની દ્દષ્ટિ વડે શુદ્ધજ્ઞાનરૂપે પરિણમેલો જીવ, બહારનાં કામ કરવાનું તો દૂર રહો, પુણ્ય ને પાપના ભાવને કરે અને વેદે એમ પણ છે નહિ. અહાહા...! જ્ઞાનગુણ પણ એવો નથી અને શુદ્ધજ્ઞાનરૂપે પરિણમેલું દ્રવ્ય પણ એવું નથી. અહીં શુદ્ધજ્ઞાનપરિણત જીવ દ્રવ્ય કેમ કહ્યું? કેમકે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય તો રાગને કરતુંય નથી અને વેદતુંય નથી; એવો જ એનો સ્વભાવ છે;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પરિણમન શુદ્ધ થયા વિના રાગને કરતું નથી અને વેદતું નથી એ સિદ્ધ ક્યાંથી થાય? દ્રવ્ય શુદ્ધજ્ઞાનરૂપે પરિણમે ત્યારે તે રાગને કરતું નથી ને વેદતું નથી એમ સિદ્ધ થાય. ભાઈ! આ તો ઘણો ગહન વિષય છે.

ભાઈ! આ તો સર્વજ્ઞના ઘરની અંતરની વાતુ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે તો માત્ર જ્ઞાનરૂપે જ પરિણમે છે. રાગને કરે કે વેદે એ તો જ્ઞાનસ્વભાવમાં છે જ નહિ; પણ જ્ઞાનનો જ્યારે અનુભવ થાય ત્યારે તે સમજાય ને? અહાહા...! નિશ્ચયથી જીવદ્રવ્ય છે તે રાગનો કર્તા કે ભોક્તા નથી, પણ જીવ રાગનો કર્તા-ભોક્તા નથી એવો નિર્ણય કોને થાય? શુદ્ધજ્ઞાનપરિણત જીવને આવો નિર્ણય થાય છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ ત્રિકાળ શુદ્ધ અને પવિત્ર છે. તેને ધ્યેય બનાવી તેના લક્ષ્યે-આશ્રયે જ્યાં પર્યાયમાં શુદ્ધ પરિણમન થતું ત્યાં તે જીવ રાગનો કર્તા નથી અને હરખ-શોકનો ભોક્તા નથી. શુદ્ધપણે પરિણમન થયા વિના દ્રવ્ય-સ્વભાવ રાગનો કર્તા-ભોક્તા નથી એમ નિર્ણય કેવી રીતે થાય? આ પ્રમાણે ગુણ અને ગુણી બન્નેનું શુદ્ધ જ્ઞાનમય પરિણમન થાય ત્યારે તે જીવ વ્યવહારના જે વિકલ્પ આવે તેનો કર્તા નથી અને ભોક્તા પણ નથી એમ યથાસ્થિત સિદ્ધ થાય છે. જ્ઞાનીને અશુભ રાગ પણ આવે તેનો પણ તે કર્તા-ભોક્તા નથી. લ્યો, આવી વાત! સમજાણું કાંઈ...? જ્ઞાનસ્વરૂપી આત્મા સ્વભાવપણે પરિણમે તે વિભાવપણે કેમ થાય! ન જ થાય.

ધર્મી એવો ભગવાન આત્મા-તેનો ધર્મ, જ્ઞાન અને આનંદ છે; તેનું પર્યાયમાં જેને પરિણમન થાય તે જીવ કે તે જીવનું જ્ઞાન દયા, વ્રત, તપ આદિના વિકલ્પને કરે કે વેદે એમ કદી છે નહિ. આવી સૂક્ષ્મ વાત!

અથવા પાઠાન્તરઃ 'दिट्ठी खयं पि णाणं' તેનું વ્યાખ્યાનઃ શું કહે છે? કે માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. જેમ નેત્ર છે તે પરને કરતું કે વેદતું નથી તેમ ક્ષાયિક જ્ઞાન અને જ્ઞાનપરિણત જીવ પણ દયા-દાન આદિ વિકલ્પને કરતો નથી અને વેદતો પણ નથી.

જુઓ, પહેલા બે બોલમાં દૃષ્ટિનું (દ્રવ્યદૃષ્ટિનું) જોર આપ્યું છે. અહીં હવે ક્ષાયિક જ્ઞાનની વાત કરે છે. જેવું શક્તિરૂપે સર્વજ્ઞપણું છે એવું પર્યાયમાં પણ સર્વજ્ઞપણું પ્રગટયું તે ક્ષાયિકજ્ઞાન છે. તે ક્ષાયિકજ્ઞાન પણ, કહે છે, નિશ્ચયથી રાગનું અકારક તેમ જ અવેદક છે. અહા! સર્વજ્ઞ પરમાત્માને જે યોગનું કંપન છે તેના પણ તેઓ અકર્તા અને અવેદક છે. 'ક્ષાયિકજ્ઞાન પણ' -એમ 'પણ' શબ્દ કેમ કીધો? કે પ્રથમ બે બોલમાં વાત કરી તે પ્રમાણે આ ક્ષાયિકજ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક છે એમ કહેવું છે. અહીં કર્મ શબ્દે રાગદ્વેષ આદિ ભાવકર્મ સમજવું.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઘણાં વર્ષ પહેલાં એક ભાઈએ પ્રશ્ન કરેલ કે-મહારાજ! સિદ્ધ ભગવાન શું કરે? અથવા મોટા ભગવાન છે તો જગતનું કાંઈ ન કરે? લ્યો, આવો પ્રશ્ન કરે!

ત્યારે કહ્યું કે-ભાઈ! સિદ્ધ ભગવાન જગતનું કાંઈ ન કરે, એ તો પોતાના (અતીન્દ્રિય) જ્ઞાન આનંદને વેદે. જગતનાં પદાર્થોના તેઓ અકર્તા અને અભોક્તા છે. લોકોને (અજ્ઞાનીઓને) એમ લાગે કે અમે સંસારમાં પાંચ-પચીસ માણસોને નભાવીએ છીએ, કુંટુંબનું ભરણ-પોષણ કરીએ છીએ, ધંધા-પાણીની વ્યવસ્થા કરીએ છીએ, ઇત્યાદિ પણ ભાઈ! એ તારી મિથ્યા માન્યતા છે; વસ્તુસ્થિતિ એમ નથી ભાઈ! તને બાહ્ય સ્થૂળ દ્રષ્ટિમાં એમ ભાસે કે અમે પરનાં કામ કરીએ છીએ પણ વાસ્તવમાં પરનાં કાર્ય કોઈ (આત્મા) કરી શકતો જ નથી. પરને અડે નહિ તે પરનું શું કરે? અહીં કહે છે- ક્ષાયિકજ્ઞાન પરનું કાંઈ કરે તે વાત તો છે નહિ પણ તે રાગાદિ કર્મોનું પણ અકારક અને અવેદક છે. સમજાણું કાંઈ...?

આમ ક્ષાયિકજ્ઞાનની વાત કરી. હવે ફરીથી શુદ્ધજ્ઞાનપરિણત સાધક જીવની વાત કરે છે. એમ કે જે પોતે હજુ સિદ્ધ થયો નથી, હજુ જેને કેવળજ્ઞાન થયું નથી એવો શુદ્ધજ્ઞાનપરિણત સાધક જીવ છે તે શું કરે છે? કે અવસ્થામાં જે રાગાદિ થાય તેને જાણે છે, કરે છે એમ નહિ, માત્ર જાણે છે. આવી વાત!

સવારના પ્રવચનમાં આવ્યું કે રાગ અને પરથી ભિન્ન અંદર ત્રિલોકીનાથ ભગવાન અમે તને બતાવ્યો તો ત્રણલોકમાં એવો ક્યો જીવ હોય કે જેને જ્ઞાનનું પરિણમન ન થાય? સમયસાર ગાથા ૩૧, ૩૨, ૩૩ માં વિકલ્પથી ભિન્ન ચૈતન્યઘન પ્રભુ આત્મા બતાવ્યો છે. અહા! ચૈતન્યના અસ્તિત્વથી આત્મા છે અને રાગના અસ્તિત્વથી આત્મા નથી-આવો ભિન્ન આત્મા બતાવ્યો છે; અહો! તેને જાણીને એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય?

આ શાસ્ત્રની પાંચમી ગાથામાં પણ આચાર્યદેવે કહ્યું કે 'जदि दाएज्ज पमाणं' જો હું શુદ્ધજ્ઞાનઘન એકત્વ-વિભક્ત એવો આત્મા તને દેખાડું તો હે શિષ્ય! તું પ્રમાણ કરજે. પ્રમાણ કરજે એટલે? એટલે કે સ્વાભિમુખ થઈ સ્વાનુભવ કરીને પ્રમાણ કરજે. 'હું તને દેખાડું તો' -એમ કહ્યું ને આચાર્યદેવે? મતલબ કે એને (શુદ્ધાત્માને) દેખનારો- સ્વાનુભવથી પ્રમાણ કરનારો પણ છે ત્યાં. અહો! આવી અદ્ભુત અલૌકિક વાત કરીને આચાર્યદેવે જગતને ન્યાલ કરી દીધું છે. અહા! અંતરમાં જ્યાં ખબર પડી કે અંદરમાં મોટો પ્રભુ-ચૈતન્યમહાપ્રભુ પોતે આત્મા છે ત્યારે તેની સંભાળ કરી તેનો અનુભવ કેમ ન કરે? અવશ્ય કરે જ.

જુઓ, અહીં પણ સ્વાનુભવમંડિત શુદ્ધજ્ઞાનપરિણત જીવ લીધો છે; એકલો

સાંભળનારો લીધો નથી. અહા! એ શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કરે છે? જાણે છે. કોને? બંધ-મોક્ષને.

અહાહા...! અંદર આત્મા ચૈતન્યમહાપ્રભુ શુદ્ધજ્ઞાનપ્રકાશનો પુંજ છે. એ તો જ્ઞાનપણે પ્રકાશે કે રાગમાં અટકીને રાગને કરે ને રાગને વેદે? જે રાગ છે તે ભાવબંધ છે, અને જડ કર્મનો બંધ નિમિત્ત છે. અહીં કહે છે -જ્ઞાનપરિણત જીવ રાગ અને જડ કર્મબંધને દૂર રહી પૃથક્પણે જાણે છે.

હવે આવી વાત અત્યારે ક્યાં છે? અરે! લોકોએ તો તદ્દન સ્થૂળ કરી નાખ્યું છે. એમ કે વસ્ત્ર-લુગડાં સહિત હોય તે શ્વેતાંબર ને વસ્ત્ર-લુગડાં રહિત હોય તે દિગંબર. બાપુ! દિગંબર તો વસ્તુનું સ્વરૂપ છે. અહાહા...! અંદરમાં રાગથી નગ્ન શૂન્ય બીનમૂરત ચિન્મૂરત પ્રભુ આત્મા વિરાજી રહ્યો છે તે યથાર્થ દિગંબરસ્વરૂપ છે. અહાહા...! આવા નિજ સ્વરૂપનું અંદરમાં જેને ભાન થયું છે તે શુદ્ધજ્ઞાનપરિણત ધર્મી પુરુષ પર્યાયમાં બંધ છે તેને જાણે જ છે.

જેમ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એકલા જ્ઞાનપ્રકાશનો પુંજ ત્રિકાળ અસ્તિ છે, એમ રાગાદિ બંધ પણ વર્તમાન અસ્તિ છે. અવસ્થામાં બંધ છે જ નહિ એમ નથી. પણ સમ્યગ્દ્રષ્ટિ ધર્મી જીવ તે રાગાદિ બંધભાવને દૂર રહીને જાણે છે; તેમાં ભળીને તેને કરે કે તેને વેદે એમ છે નહિ.

જો રાગમાં ભળીને રાગને કરે અને રાગને વેદે તો તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. શું કીધું? આ દયા, દાન, વ્રત, તપ આદિના જે શુભરાગના વિકલ્પ છે તેને જીવ કરે અને વેદે એમ જેણે માન્યું છે તેની તો દ્રષ્ટિ જ મિથ્યા છે કેમકે તેને રાગથી અધિક-ભિન્ન જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્માનું ભાન થયું નથી. તે તો રાગને જ એકત્વપણે કરે છે અને રાગને એકત્વપણે વેદે છે. આવા જીવની અહીં વાત નથી.

અહીં તો જેને જાણવામાં ને પ્રતીતિમાં આવ્યું કે હું રાગથી ભિન્ન પૂર્ણ જ્ઞાનઘનસ્વરૂપ ભગવાન આત્મા છું એવા શુદ્ધજ્ઞાનપરિણત જીવની વાત છે. અહાહા...! તેણે વ્યક્ત જ્ઞાનના અંશમાં એમ જાણ્યું કે આ વ્યક્તિરૂપ છે તે તો અંશ છે પણ મારી વસ્તુ તો અંદર ધ્રુવ પરિપૂર્ણ છે. ધ્રુવમાં ધ્રુવ જણાય એમ નહિ, પણ ધ્રુવના ધ્યેયે જે પરિણમન થયું તે પરિણમનમાં ધ્રુવને જાણ્યું છે. અહા! તે જ્ઞાનનો અંશ અવસ્થામાં જે રાગ અને બંધ છે તેને પણ જાણે છે. જેમ જ્ઞાન સ્વને જાણે છે તેમ જે રાગ આવે છે તેને પણ જાણે છે, બસ. હવે આવી વાત કઠણ લાગે પણ આ સત્ય વાત છે, અત્યારે તો આ સાંભળવા મળવી પણ મુશ્કેલ છે.

અહાહા...! ભગવાન આત્મા સદા જ્ઞાનસ્વરૂપી પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે. તેનો પૂરણ આશ્રય જેને થયો તે સર્વજ્ઞ પરમાત્માને એક સમયમાં ત્રણકાળ અને ત્રણલોકનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન હોય છે. તેમનું શરીર નગ્ન હોય છે અને તેમને આહાર-પાણી હોતાં નથી. અહાહા...! તેઓ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદના કર્તા-ભોક્તા છે. એ તો આવી ગયું કે ક્ષાયિકજ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક છે. અહા! આવું ક્ષાયિકજ્ઞાન જેમને પ્રગટ થયું છે તેમને પરમાત્મા કહીએ. અહા! તે સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ આનંદની-અનંત આનંદની દશાના વેદનમાં રહેલા છે. તેઓ કોઈનું કાંઈ કરે કે કોઈને કાંઈ આપે એ વાત જ ક્યાં રહે છે?

હા, પણ ભગવાન કરુણા કરે કે નહિ? ભગવાન કરુણાસાગર તો કહેવાય છે?

**સમાધાનઃ-** ના, ભગવાન કોઈની કરુણા ના કરે, ભાઈ! કરુણાનો ભાવ એ તો વિકલ્પ-રાગ છે, અને ભગવાન તો પૂરણ વીતરાગ છે. ભગવાનને કરુણાનો વિકલ્પ હોતો નથી.

તો કેવી રીતે છે!

ભગવાનની ઓમ્‌ધ્વનિ સાંભળીને વા ભગવાનના વીતરાગસ્વરૂપને જાણીને કોઈ ભવી જીવ પોતે પોતાની કરુણા-દયા કરે અને પોતાના હિતરૂપ પ્રવર્તે તો તે ભગવાનની કરુણા-દયા છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ભગવાન કરુણાસાગર છે એ પણ વ્યવહારનું જ કથન સમજવું. ભગવાન તો શું નિશ્ચયે કોઈ જીવ કોઈ અન્ય જીવની દયા કરી શકે એવી વસ્તુસ્થિતિ જ નથી. તેથી તો પ્રવચનસાર ગાથા ૮૫ માં કહ્યું કે-

“અર્થોતણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં<br>
વિષયોતણો વળી સંગ, -લિંગો જાણવાં આ મોહનાં.”

પદાર્થોનું અયથાગ્રહણ (અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્યસ્વરૂપે ન માનતા તેમના વિષે અન્યથા સમજણ), અને તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, તથા વિષયોનો સંગ (અર્થાત્ ઈષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ) -આ મોહનાં લિંગો છે. બાપુ! આ તો મારગડા જુદા છે નાથ! પોતાને રાગનો કર્તા માને એ તો મિથ્યાદષ્ટિ છે. અને ભગવાન પરને અને રાગને કરે અને ભોગવે એમ માને એય મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ...?

અહીં તો અવસ્થામાં કિંચિત્ રાગ વિદ્યમાન છે એવો શુદ્ધજ્ઞાન પરિણત ધર્મી જીવ પણ રાગનો અને પરનો અકર્તા અને અવેદક છે એમ કહે છે. સૂક્ષ્મ વાત છે પ્રભુ! શક્તિરૂપે તે આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળ છે. અહા! આવા આત્માનો આશ્રય થતાં જેને જ્ઞાન અને આનંદની રચના કરે એવું વીર્ય પર્યાયમાં જાગ્યું અને જેને અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો સ્વાદ આવ્યો એવો ધર્મી સાધક જીવ જે છે તે, કહે છે, જાણે છે; કોને? કે બંધ અને મોક્ષને.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શું કીધું? કે કેવળી ભગવાનને તો રાગેય નથી ને બંધેય નથી. પૂરણ વીતરાગ છે ને? પણ જેને સચ્ચિદાનંદસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ આત્માનું અંતરમાં ભાન થયું છે એવો અંશે શુદ્ધતારૂપ પરિણમેલો ધર્મી જીવ પણ રાગનો અકારક અને અવેદક છે-એમ કહે છે. અહા! તે રાગને-બંધને જાણે છે, કરતો નથી. ધર્મી પુરુષ રાગ હોય છે તેને જ્ઞાનની દશામાં તે જાણે કે આ રાગ (બીજી ચીજ) છે, મારો છે અને તેનું વેદન મને છે એમ નહિ. અહો! ધર્મનું સ્વરૂપ આવું અલૌકિક છે ભાઈ! ધર્મી જીવ બંધને જાણે અને મોક્ષને પણ જાણે. અહાહા...! તે રાગ થાય તેને જાણે અને રાગનો અભાવ થાય તેને પણ જાણે, પણ રાગ થાય તેને વા રાગનો અભાવ થાય તેને કરે એમ નહિ. સમજાણું કાંઈ...? અહો! ચિત્ચમત્કાર પ્રભુ ભગવાન આત્માનું જેને ભાન થયું તે ધર્મી પુરુષની અંતરદશા કોઈ અદ્‌ભુત અલૌકિક હોય છે.

ત્યારે કલકત્તાના એક સામાયિકમાં આવ્યું છે કે-કાનજીસ્વામી તો બધાને 'ભગવાન આત્મા' કહીને સંબોધન કરે છે.

હા, ભાઈ! અમે તો સૌને ભગવાન આત્મા તરીકે દેખીએ છીએ, અમે તો તેને ભગવાન! બાળક, યુવાન કે વૃદ્ધપણે દેખતા જ નથી. અહાહા...! અંદરમાં તું પૂરણ જ્ઞાનાનંદસ્વરૂપ છો ને પ્રભુ! 'ભગ' નામ જ્ઞાનાનંદની લક્ષ્મીનો ધ્રુવ-ધ્રુવ ભંડાર એવો ભગવાન છો ને નાથ! અહો! આવા નિજસ્વરૂપને અનુભવ્યું તેની અંતરદશા અલૌકિક છે.

જુઓ, વીતરાગ સર્વજ્ઞદેવને ઇચ્છા વિના જ ૐધ્વનિ નીકળે છે. અહાહા....! ૐ .. ૐ...ૐ એમ દિવ્યધ્વનિ છૂટે છે. આવે છે ને કે-

'મુખ ૐકાર ધુનિ સુનિ, અર્થ ગણધર વિચારૈ
રચિ આગમ ઉપદેશ, ભવિક જીવ સંશય નિવારૈ.'

અહાહા....! ભગવાનની વાણી આપણા જેવી ક્રમવાળી ન હોય, સર્વાંગેથી સ્ફુરતી તે નિરક્ષરી હોય છે. અહા! આવી પરમાત્માની શ્રી સીમંધરનાથની વાણી વિદેહમાંથી અહીં ભરતક્ષેત્રમાં આવી છે. અહા! તે વાણીમાં એમ આવ્યું છે કે જે શુદ્ધજ્ઞાનપરિણત જીવ છે તે બંધ અને મોક્ષને જાણે છે બસ, અહાહા...! અંતરમાં સ્વસ્વરૂપના આશ્રયે ધર્મ પ્રગટ થયો છે તે ધર્મપરિણત જીવ જે રાગ આવે તેને ય જાણે અને જે રાગ ટળે તેનેય જાણે છે, પણ રાગને કરેય નહિ અને રાગને ટાળેય નહિ. અહા! જેને અંદર જ્ઞાનચક્ષુ પ્રગટ થયું છે તે સમકિતી ધર્મી પુરુષ આવો હોય છે.

હવે કહે છે-"માત્ર બંધ-મોક્ષને નહિ, 'कम्मुदयं णिज्जरं चेव' શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપ ને સકામ-અકામરૂપ બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે."

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! જ્યાં સુધી પૂરણ વીતરાગ સર્વજ્ઞ થયો નથી ત્યાં સુધી સાધક જીવને અંશે બાધકપણું પણ છે. કર્મના ઉદયના નિમિત્તે તેને શુભ ને અશુભ ભાવ થતા હોય છે. પણ એ બન્નેને સાધક ધર્મી જીવ માત્ર જાણે છે, કરે છે એમ નહિ. કોઈને થાય કે આ તો નવો માર્ગ કાઢયો; પણ અરે ભાઈ! આ તો અનાદિથી પરંપરામાં ચાલ્યો આવતો અનંતા તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલો સનાતન માર્ગ છે. એકવાર ધીરજ અને શાંતિથી સાંભળ તો ખરો પ્રભુ! અનાદિનો જે સત્ય માર્ગ છે તે આ છે. ભગવાન આત્મા પોતે સહજ જ જ્ઞાન-સ્વરૂપ છે તે શું કરે? બસ જાણે. અરે! અનંતકાળમાં ધર્મ શું ચીજ છે તે સમજવાની એણે દરકાર કરી નથી. કદાચિત્ સાંભળવા ગયો તો સંભળાવનારા પણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભભાવથી ધર્મ થાય એવું માનનારા ને કહેનારા મળ્યા. ત્યાં એ નવું શું કરે? અરે! આમ ને આમ બિચારો સ્વરૂપને વિસારીને ચાર ગતિમાં રઝળી મર્યો છે!

જુઓને! કોઈ પાંચ-પચીસ લાખનું દાન આપે એટલે એને ધર્મધુરંધરનો ઈલ્કાબ આપી દે. શું કહેવું? આવા જીવોને ધર્મ શું ચીજ છે એની ખબર જ નથી. એક કરોડપતિ શેઠે એક વાર પચાસ હજારનું દાન દીધું તો તેને શ્રાવક-શિરોમણિનો ઈલ્કાબ આપ્યો. અરે ભાઈ! શ્રાવક-શિરોમણિ કોને કહેવાય? બિચારાઓને શ્રાવક કોને કહેવાય એનીય ખબર ન મળે! શ્રાવકની વ્યાખ્યા તો આવી છે. શું? કે-'શ્ર' એટલે કે વાસ્તવિક તત્ત્વસ્વરૂપ જેમ છે તેમ શ્રવણ કરીને તેની શ્રદ્ધા કરી હોય, 'વ' એટલે રાગથી આત્મા-પોતે ભિન્ન છે એમ વિવેક કર્યો હોય અને 'ક' એટલે સ્વાનુભવની ક્રિયાનો કરનારો હોય-લ્યો, આનું નામ શ્રાવક છે. ભાઈ! આ વસ્તુસ્થિતિ છે.

આ જાણીને એ કરોડપતિ શેઠ અહીં બોલ્યા, -મહારાજ! મને તો એકેય વ્રત ને પડિમા નથી, આત્માનું ભાનેય નથી. લોકોએ સમજ્યા વિના જ મને આવું 'શ્રાવક-શિરોમણિ' નું બિરૂદ આપ્યું.

ત્યારે કહ્યું કે ભાઈ! લોકો તો પૈસા ખર્ચે એને ધર્મ-ધુરંધર આદિ નામ આપી દે; પણ બાપુ! ધર્મનું સ્વરૂપ બહુ જુદું છે. (પૈસાથી નહિ પણ ધર્મ અંતરના આશ્રયે પ્રાપ્ત થાય છે.)

પ્રભાવનાના હેતુથી લાખો રૂપિયા દાનમાં આપે, મોટાં મંદિરો બનાવે, જિનપ્રતિમા પધરાવે ઇત્યાદિ ભાવ ગૃહસ્થને અવશ્ય આવે અને આવવા જોઈએ, પણ ત્યાં રાગની મંદતા કરી હોય તો શુભભાવને કારણે પુણ્યબંધ થાય છે પણ ધર્મ નહિ. ધર્મી જીવ તો પુણ્યના જે પરિણામ થાય તેનો અકારક અને અવેદક છે.

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યચક્ષુ છે. જેમ આંખ દૃશ્ય પદાર્થને દેખતાં દૃશ્યમાં જતી નથી તેમ ચૈતન્યચક્ષુ પ્રભુ આત્મા પરને જાણતાં પરમાં જતો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નથી, પરથી ભિન્ન રહીને પરને જાણે છે, આ સર્વ તત્ત્વજ્ઞાનનો નિચોડ છે. અજ્ઞાની એને જાણે નહિ. સમકિતી જ તેને યથાર્થ જાણે છે.

સમકિતી એકલા બંધ અને મોક્ષને જાણે એમ નહિ, તે કર્મના ઉદયે જે શુભાશુભ ભાવ થાય તેને પણ જાણે છે. ધર્મીને શુભ હોય તેમ અશુભ પણ હોય છે. ચારિત્રમોહના ઉદયમાં એને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામ પણ પોતાની કમજોરીથી થાય છે. સ્ત્રી સંબંધી વિષયનો રાગ પણ આવે છે. પરંતુ જ્ઞાની તે શુભાશુભ કર્મોદયથી પૃથક્ રહીને તેને જાણે છે. અહાહા...! જ્ઞાન શું કરે? બસ જાણે. આંખ છે તે બીજી ચીજને શું કરે? બસ દેખે; પણ આંખ બીજી ચીજને રચે કે તોડે એવું આંખનું કાર્ય નથી, તેમ જ્ઞાન શુભાશુભને કરે કે તોડે એવું જ્ઞાનનું કાર્ય નથી. સમજાણું કાંઈ....? અહાહા....! ધર્મી જીવ કર્મના ઉદયને જાણે, કર્મના ઉદયે જે શુભાશુભ ભાવ થાય તેનેય જાણે અને દેહની જે ક્રિયા થાય તેને પણ જાણે છે; કેમકે જ્ઞાની પોતાની જ્ઞાનભૂમિકામાં રહ્યો છે પણ તે રાગની ભૂમિકામાં પ્રવેશતો જ નથી. લ્યો, આવી વાત!

નાની ઉંમરમાં મૂળજી નામે એક બ્રાહ્મણ અમારી પડોશમાં રહેતા. અમારી બા ભૂંભલીના હતાં. તેઓ પણ ભૂંભલીના વતની હતા. અમે તેમને મૂળજી મામા કહીને બોલાવતા. તેઓ સવારમાં વહેલા ઉઠીને નાહ્યા બાદ બોલતા કે-

'અનુભવીને એટલું કે આનંદમાં રહેવું રે;
ભજવા પરિબ્રહ્મને, બીજું કાંઈ ન કહેવું રે.'

આમ બોલતા. ૭૭ વર્ષ પહેલાંની આ વાત છે. તે વખતે અમે તો નાના બાળક હતા; પણ અમને લાગેલું કે મામા બોલે છે કાંઈક જાણવા જેવું. મામાને તો ક્યાં ખબર હતી કે એમાં શું ભાવ છે? પણ અમને ખ્યાલ રહી ગયો કે મામા બોલે છે કાંઈક રહસ્ય ભર્યું. લ્યો, એ રહસ્ય આ કે- અનુભવી એટલે સમ્યગ્દ્રષ્ટિ-ધર્મી-જ્ઞાની- તેને તો બસ એટલું કે આનંદમાં સદા રહેવું. ભલે શરીર હો, સગાં હો, પરિવાર હો-એ બધું ભલે રહ્યું એના ઘરે, -અનુભવીને તો બસ એટલું કે સદાય અતીન્દ્રિય આનંદના અનુભવમાં મસ્ત રહેવું. ભગવાન આત્મા પરિબ્રહ્મ નામ સમસ્ત પ્રકારે આનંદનો નાથ છે. અહાહા..! આવો જે પોતાનો આત્મા છે તેને ભજવો-અનુભવવો બસ એ એક જ ધર્મીનું કાર્ય છે. આવી વાત!

અહીં પણ એમ કહે છે કે ચોથા ગુણસ્થાને સમકિતી ધર્માત્મા, તેને કર્મના ઉદયના નિમિત્તે જે જે શુભ-અશુભ ભાવ આવે છે તેનો તે અકારક અને અવેદક છે, માત્ર તેને તે ભિન્ન રહીને જાણે છે. અહાહા...! મિથ્યાદ્રષ્ટિ કર્મોદયમાં અને શુભાશુભભાવમાં એકરૂપ-તદ્રૂપ થઈને તેનો કર્તા ને ભોક્તા થાય છે જ્યારે સમ્યગ્જ્ઞાની ધર્મી પુરુષ તેને દૂરથી માત્ર જાણે છે, તેમાં એકરૂપ થતો નથી.

જ્ઞાની કર્મોદયને જાણે છે તેમ સવિપાક-અવિપાક નિર્જરાને પણ જાણે છે; કરે છે એમ નહિ. સૂક્ષ્મ વાત ભાઈ! આત્મા એકલા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. અહા! આવું જેને અંતરમાં ભાન થયું તે જ્ઞાતા-દ્રષ્ટા થયો, જાણનાર-દેખનાર થયો. વસ્તુ સહજ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવી છે. તેનું ભાન થતાં વર્તમાન, દશામાં જ્ઞાતા-દ્રષ્ટાપણું આવ્યું-પ્રગટયું. અહા! આવો જ્ઞાની અહીં કહે છે, સવિપાક-અવિપાકરૂપ ને સકામ-અકામરૂપ-એમ બે પ્રકારની નિર્જરાને બસ જાણે છે.

જુઓ, વર્તમાનમાં આ મનુષ્યગતિ છે છતાં ત્યાં અંદર નરકગતિ, દેવગતિ આદિ ચાર ગતિનો ઉદય હોય છે. પૂર્વનાં બાંધેલાં કર્મ પડયાં છે તેથી દેવગતિનો ઉદય તો આવે છે પણ તે ખરી જાય છે. તેને સવિપાક નિર્જરા કહે છે. એની મેળે પાક આવીને કર્મ ખરી ગયાં તેને જ્ઞાની જાણે છે. આત્માનું ભાન થતાં શાંતિ અને આનંદનું પરિણમન થયું છે તે જીવને પૂર્વે બાંધેલાં ગતિ આદિ કર્મો હોય તે ઉદયમાં આવીને ખરી જાય તેને સવિપાક નિર્જરા કહે છે અને જ્ઞાની તેને જાણે છે. વિપાક એટલે કર્મનું ફળ દઈને ખરી જવું. સ્થિતિ પૂરી થયે ઉદયમાં આવીને કર્મનું ખરી જવું તેનું નામ સવિપાક નિર્જરા છે. વિપાક એટલે વિશેષે પાક, સત્તામાં કર્મ પડયાં છે તે પાક આવીને ખરી જાય તે સવિપાક નિર્જરાને જ્ઞાની જાણે છે.

હવે બીજી વાતઃ અવિપાક નિર્જરાઃ ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપી આત્માના અનુભવમાં પુરુષાર્થ કરતાં આત્મા-પોતે જ્ઞાતા-દ્રષ્ટા થયો. આવા સ્વરૂપના ભાનમાં ઉગ્ર પુરુષાર્થ હોતાં કર્મ ઉદયમાં ન આવે, આવવાની યોગ્યતા છે પણ તત્કાલ ઉદયમાં આવ્યું નહિ અને ખરી જાય તેને અવિપાક નિર્જરા કહે છે. વર્તમાન અહીં મનુષ્ય ગતિનો ઉદય છે. વર્તમાન એક ગતિ વિપાકપણે છે, બીજી ત્રણ વિપાકપણે નથી; પણ અંદર ઉદયમાં આવ્યા વિના ખરી જાય તે અવિપાક નિર્જરાને જ્ઞાની જાણે છે. આનંદનો નાથ પ્રભુ ત્રિકાળી આત્મા છે તેમાં અંતઃપુરુષાર્થ કરવામાં આવતાં કર્મ પુરુષાર્થથી ખરી જાય તેને અવિપાક નિર્જરા કહે છે; તેને પણ જ્ઞાની પુરુષ બસ જાણે છે, કરે છે એમ નહિ, સમજાણું કાંઈ....?

સકામ-અકામરૂપ બે પ્રકારની નિર્જરાને પણ જ્ઞાની જાણે છે. અહો! ધર્મી જીવ જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવે પરિણમે છે. તેને રોજ દસ વાગે ભોજન લેવાનો ટાઈમ હોય પણ પ્રસંગવશ કોઈ વાર મોડું થાય ને બપોરે બે ત્રણ વાગે ભોજન લેવાનું બને તો ત્યાં તે આકુળ-વ્યાકુળ થતો નથી પણ સમભાવથી સહન કરે છે. ત્યારે જે નિર્જરા થાય છે તે અકામ નિર્જરા છે. અજ્ઞાનીને પણ અકામ નિર્જરા થતી હોય છે પણ તે સમભાવપૂર્વક હોતી નથી. અહીં કહે છે-જ્ઞાની તેને જે અકામ નિર્જરા થાય છે તેને જાણે છે, કરે છે એમ નહિ.

વળી સમકિતીને પુરુષાર્થપૂર્વક તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય છે તે સકામ નિર્જરા છે. તેના પણ જ્ઞાની જ્ઞાતા છે, કર્તા નથી. અહા! રાગ થાય તેનેય જ્ઞાની જાણે, કરે નહિ; અને રાગ ટળે તેનેય જ્ઞાની જાણે પણ કરે નહિ. અહા! જ્ઞાતાસ્વભાવે પરિણમેલા જ્ઞાની-ધર્મી જીવની અંતર દશા અદ્ભુત અલૌકિક હોય છે.

લોકો તો બહાર દાનાદિમાં પૈસા ખરચે અને વ્રતાદિમાં રાગની મંદતાએ પરિણમે એટલે ધર્મ થવાનું માને છે. પણ ભાઈ! ધર્મનું એવું સ્વરૂપ નથી. ધર્મ તો અંતરની ચીજ છે અને તે શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. હવે આવું કઠણ પડે તોય બાપુ! સત્ય તો આ જ છે.

જેમ ભગવાન કેવળીનો આત્મા એક જ્ઞાનમાત્ર ભાવમાં તન્મય છે તેમ ધર્મી સમકિતી પણ એક જ્ઞાનમાત્રભાવમાં તન્મય વર્તે છે. અહાહા...! જુઓ તો ખરા! ભગવાનનું એ સમોસરણ, એ બારસભા, એ દિવ્યધ્વનિ! ઓહોહોહો...! એકલા પુણ્યના ઢગલા!! પણ બાપુ! ભગવાન એના કાંઈ કર્તા નથી. ભગવાન એમાં ક્યાંય પ્રવેશ્યા-સ્પર્શ્યા નથી. 'ભગવાનની વાણી' -એ તો એમ ઉપચારથી કહેવાય છે, વાણીના કાળમાં ભગવાન કેવળીનું જ્ઞાન નિમિત્ત છે બસ એટલું જ્ઞાન કરાવવા ઉપચારથી 'ભગવાનની વાણી' -એમ કહેવાય છે. બાકી વાણી આદિના કર્તા-ભોક્તા ભગવાન નથી. અહા! આવા જ્ઞાનસ્વરૂપે ભગવાનને જે ઓળખે તે જ ભગવાનને યથાર્થ ઓળખે છે.

તીર્થંકરોને વાણીનો અદ્ભુત દિવ્ય યોગ હોય છે-એ ખરું, બીજાને તેવી વાણી હોય નહિ; છતાં તે વાણી જડ વર્ગણાઓનું પરિણમન છે, ભગવાનનું તે કાર્ય નથી. વાણી કાર્ય અને ક્ષાયિકજ્ઞાન તેનું કર્તા-એમ છે નહિ. વળી ગણધરદેવને, તે વાણીના કાળમાં જે બાર અંગરૂપ ભાવશ્રુતજ્ઞાન ખીલ્યું ત્યાં વાણી કર્તા ને ગણધરનું જ્ઞાન તેનું કાર્ય-એમ પણ છે નહિ. અહાહા...! શું જ્ઞાનનો નિરાલંબી સ્વભાવ! જ્ઞાન વાણીને ઉપજાવે નહિ અને વાણીથી જ્ઞાન ઉપજે નહિ. ભલે દિવ્યધ્વનિ થવામાં ભગવાન કેવળીનું કેવળજ્ઞાન જ નિમિત્તરૂપ હોય, અજ્ઞાનીનું જ્ઞાન નિમિત્ત ન હોય, તોપણ તેથી કાંઈ જ્ઞાનને અને વાણીને કર્તાકર્મપણું છે એમ છે નહિ. બન્નેય તત્ત્વો જુદાં જુદાં જ છે. લ્યો, આવી વાત છે.

જો એમ છે કે આત્મા બોલતો નથી તો લ્યો, હવે અમે નહિ બોલીએ; મૌન જ રહીશું.

અરે ભાઈ! પહેલાં પણ તું ક્યાં બોલતો હતો તે હવે બોલવાની ના પાડે છે? હું વાણી નહિ બોલું અર્થાત્ ભાષાને નહિ પરિણમાવું-એમ માને એને પણ જડની કર્તાબુદ્ધિ ઊભી જ છે. બાપુ! જેમ ભાષા બોલાય એ જડની ક્રિયા છે તેમ ભાષા

બોલાતી અટકે એ પણ જડની જ ક્રિયા છે. જ્ઞાની તો બેમાંથી એકેયનો કર્તા નથી. સમજાણું કાંઈ..?

અહાહા....! જ્ઞાની કહે છે કે-અમે વાણીમાં કે વિકલ્પમાં ઊભા નથી, અમે તો અમારા જ્ઞાનમાત્ર ભાવમાં જ છીએ. વાણીના કે વિકલ્પના કર્તાપણે અમને જોશો મા, -જોશો તો તમારું જ્ઞાન મિથ્યા થશે. અહો! ભગવાન કેવળીની જેમ શુદ્ધજ્ઞાનપરિણત ધર્મી પુરુષ શરીરને-મનને-વાણીને, કર્મના બંધ-મોક્ષને કર્મોદયને અને નિર્જરાને કરતો નથી;-તો શું કરે છે? માત્ર જાણે જ છે અર્થાત્ શુદ્ધજ્ઞાનપણે જ રહે છે. આ 'જાણે જ છે' -એવો જે ભાવ છે તે મોક્ષમાર્ગ છે. અહા! વસ્તુસ્થિતિ જેમ છે તેમ જાણવાપણે રહેનારો હું તો એક જ્ઞાયકભાવમાત્ર આત્મા છું-એમ પોતાને જાણવો-અનુભવવો તે મોક્ષમાર્ગ છે. અહા! -

આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન,
સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન.

જુઓ, અહીં પહેલાં પેરેગ્રાફમાં ત્રણ વાત આવી :

૧. શુદ્ધજ્ઞાનસ્વરૂપ જે આત્મા છે તેનું શુદ્ધ જ્ઞાન પુણ્ય-પાપ આદિ ભાવને કરતું નથી અને વેદતું નથી.

૨. આમાં શુદ્ધજ્ઞાનપરિણત જીવદ્રવ્ય લીધું છે. પરથી અને રાગથી ભિન્ન શુદ્ધજ્ઞાનઘન પ્રભુ આત્માનું જેને નિર્મળ શ્રદ્ધાન થયું છે તે શુદ્ધજ્ઞાન પરિણત જીવ છે અને તે રાગનો કર્તા કે ભોક્તા નથી. છદ્મસ્થ છે એટલે તેને રાગ આવે પણ તેનો તે અકારક અને અવેદક જ છે.

૩. ક્ષાયિકજ્ઞાન-કેવળજ્ઞાન જેમને પ્રગટ થયું છે એવા જે કેવળી પરમાત્મા છે તે રાગરહિત પૂરણ વીતરાગ છે, તેથી તેઓ પણ કર્મોના અકારક અને અવેદક છે. તેમને બહારમાં શરીરની દશા નગ્ન હોય છે અને આહાર-પાણી હોતાં નથી. અહા! આવા કેવળી ભગવાન રાગને કરતા નથી તેમ જ વેદતાય નથી.

આમ ત્રણ વાત કર્યા પછી ફરીથી સાધક જીવની વાત કરે છે. શું? કે શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કરે છે? કે જાણે છે. કોને? બંધ-મોક્ષને; માત્ર બંધ-મોક્ષને; નહિ, શુભ-અશુભ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપે ને સકામ-અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે. અહાહા...! ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ છે તે રાગરૂપી ભાવબંધને જાણે અને રાગનો અભાવ થાય, મોક્ષ થાય તેને પણ જાણે છે. શુભાશુભ કર્મોદયને અને પ્રતિસમય થવાવાળી સવિપાક-અવિપાકરૂપ ને સકામ-અકામરૂપ નિર્જરાને પણ તે જાણે જ છે. તે એના કરવાપણે કે વેદવાપણે રહેતો નથી પણ માત્ર જ્ઞાતાપણે જ રહે છે. આવી બધી અલૌકિક વાતો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ આંખ પદાર્થોને માત્ર દેખે છે, તેને પોતામાં ગ્રહતી નથી તેમ આત્માની આંખ અર્થાત્ શુદ્ધજ્ઞાનપરિણતિ પણ રાગ-દ્વેષને, પુણ્ય-પાપને કરતી-ભોગવતી નથી, તેને ગ્રહતી નથી, તેનાથી જુદી જ વર્તે છે. જો અગ્નિને કરવા-ભોગવવા જાય તો આંખ અગ્નિરૂપ થઈ જાય અર્થાત્ બળી જાય; તેમ જ્ઞાનચક્ષુ જો રાગાદિને કરવા-ભોગવવા જાય તો તે રાગાદિરૂપ થઈ જાય અર્થાત્ એની શાંતિ બળી જાય. પણ નિર્મળ જ્ઞાનપરિણતિ રાગાદિ ભાવોને સ્પર્શતી જ નથી, તેને કરતી કે વેદતી જ નથી. જ્ઞાનપરિણતિનો આવો સહજ સ્વભાવ જ છે. શુદ્ધ જ્ઞાનપરિણત આત્મા શુદ્ધ ઉપાદાનપણે જ્ઞાનને કરે છે, પણ રાગાદિને કે કર્મોને કરતો નથી, ભોગવતો નથી. તેને માત્ર જાણે જ છે.

ભાઈ! કેવળીને તો રાગ થતો જ નથી એટલે તે તેને ન કરે, પણ સાધકને તો રાગ હોય છે એટલે તે તેનો કર્તા થતો હશે-એમ શંકા ન કરવી; સાધકનું જ્ઞાન - ભાવશ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાનની જેમ જ પરથી-રાગથી જુદું વર્તે છે; રાગ તેને પરજ્ઞેયપણે જ છે, જ્ઞાન તેમાં તન્મય થતું નથી. અહા! કેવળીનું જ્ઞાન (કેવળજ્ઞાન) હો કે સાધકનું જ્ઞાન (ભાવશ્રુતજ્ઞાન) હો, જ્ઞાનનો સ્વભાવ જ આવો છે કે તેમાં રાગ સમાય નહિ; એ તો રાગથી ભિન્ન સદા જ્ઞાયક જ છે. લ્યો, આવી વાત! સમજાણું કાંઈ...?

હવે ભગવાન આત્મા કેવો છે, એનું ત્રિકાળી સ્વરૂપ કેવું છે તે બતાવે છે. અહાહા...! સમ્યગ્દર્શનનો વિષય (લક્ષ્ય), સમ્યગ્દર્શનનું ધ્યેય પરમાત્મસ્વરૂપ એવો ત્રિકાળી આત્મા કેવો છે તે હવે કહે છેઃ

'સર્વવિશુદ્ધ-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોકતૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે-એમ સમુદાય-પાતનિકામાં કહેવામાં આવ્યું હતું.'

જુઓ, આ સમયસારની ગાથા ૩૨૦ ઉપર શ્રી જયસેનાચાર્યની ટીકા વંચાય છે. આચાર્ય શ્રી જયસેનસ્વામીએ ૩૦૮ થી ૩૨૦ સુધીની ગાથાઓને મોક્ષાધિકારની ચૂલિકા તરીકે વર્ણવી છે. તેની શરૂઆતના ઉપોદ્ઘાતમાં-સમુદાય-પાતનિકામાં એમ કહ્યું' તું કે- 'સર્વવિશુદ્ધ-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોકતૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે.'

શું કહ્યું આ? અહાહા...! આ આત્માના સહજ એક શુદ્ધ સ્વભાવની વાત છે. 'સર્વવિશુદ્ધ-પારિણામિક' -એટલે આત્માનો સહજ-અકૃત્રિમ એક શુદ્ધ સ્વભાવ જે સમ્યગ્દર્શનનો વિષય છે. 'પરમભાવગ્રાહક' એટલે કે જે ત્રિકાળી એક જ્ઞાયક સ્વભાવ તેને ગ્રહનાર અર્થાત્ જાણનાર જે શુદ્ધદ્રવ્યાર્થિકનય છે તે નયે, કહે છે, જીવ કર્મના કર્તૃત્વભોકતૃત્વથી ને બંધ-મોક્ષના કારણ ને પરિણામથી રહિત છે. ગજબ વાત છે ભાઈ! અંદર ભગવાન પૂરણ જ્ઞાનાનંદસ્વભાવ છે, સર્વ વિશુદ્ધ છે. અહીં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કહે છે-તે કર્તૃત્વ-ભોક્તૃત્વથી ને બંધ-મોક્ષના કારણ ને પરિણામથી રહિત છે. પરમાત્મપ્રકાશમાં (દોહા ૧૯૧ ની ટીકામાં) પરમાનંદસ્તોત્રનો શ્લોક આવે છે ને કે-

"आनंदं ब्रह्मणो रुपम् निजदेहे व्यवस्थितम्।
ध्यानहीना न पश्यन्ति जात्यंधा इव भास्करम्।।"

અહાહા...! દેહમાં-શરીરમાં ભિન્નપણે વિરાજમાન બ્રહ્મ નામ પરમસ્વભાવવાન ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરૂપ છે. પરંતુ અંતર્દષ્ટિ-સહિત જે ધ્યાન તે ધ્યાન વિનાના પ્રાણી આનંદકંદ પ્રભુ આત્માને જોઈ શકતા નથી, કોની જેમ? તો કહે છે-જે જન્મથી અંધ છે તે સૂર્યને જોઈ શકતો નથી તેમ. અહા! આત્મા અંદરમાં અતીન્દ્રિય આનંદરૂપ-પરમસ્વભાવભાવરૂપ છે તેને અનાદિથી મિથ્યાદષ્ટિ જોઈ શકતો નથી.

અહીં પણ કહે છે-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધ-દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી અને બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે. આ પરમસ્વભાવભાવ જે એક આનંદરૂપ, જ્ઞાયકરૂપ, ધ્રુવ સ્વભાવભાવરૂપ શુદ્ધ-ઉપાદાનભૂત છે તે ત્રિકાળીની અહીં વાત છે. પર્યાયમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગી દશા પ્રગટે છે તેને પણ (ક્ષણિક) શુદ્ધ-ઉપાદાન કહેવાય છે. અહીં ત્રિકાળી દ્રવ્યને શુદ્ધ-ઉપાદાન તરીકે લેવું છે.

અહાહા...! જયસેનાચાર્ય મહા મુનિવર દિગંબર સંતની આ ટીકા છે. તેઓ વનવાસી મુનિ હતા. મુખ્યપણે નિજાનંદરસમાં લીન રહેતો હતા. તેમની આ ટીકા છે. તેમાં શું કહે છે? કે પરમપારિણામિક પરમભાવરૂપ એવો જે શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે તેને ગ્રહણ કરનાર અર્થાત્ જાણનાર શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી શૂન્ય છે. અહીં શુદ્ધદ્રવ્યાર્થિકનયે કહ્યું ને? મતલબ કે શુદ્ધ ઉપાદાન તો ત્રિકાળ છે પણ તેના લક્ષે જે વર્તમાનદશા પ્રગટે છે તે પણ કર્તા-ભોક્તાપણાથી શૂન્ય છે. અહાહા...! જે ત્રિકાળને પકડે એવી જે આનંદની દશા તે-રૂપે જે પરિણત છે તે જીવ પણ શુભાશુભ રાગના અને પરપદાર્થના કર્તા-ભોક્તાપણાથી શૂન્ય છે. હવે લોકોને બિચારાઓને આ સાંભળવા મળે નહિ એટલે કઠણ પડે; પણ ભાઈ! આ પરમ સત્ય વાત છે.

દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિ કરતાં કરતાં નિશ્ચય સમકિત અને નિશ્ચય ચારિત્ર પ્રગટશે એમ જેઓ માને છે તેમને શુદ્ધ અંતઃતત્ત્વની ખબર નથી. કેટલાક તો આ શુદ્ધ અંતઃતત્ત્વની વાત એકાંત છે એમ માની ઉડાવી દે છે. પણ અરે પ્રભુ! આવા ભાવથી તને સંસારનું પરિભ્રમણ થશે. ભાઈ! આ તો તારા હિતની વાત છે. એની ઉપેક્ષા કરવાથી તને ભારે નુકશાન છે. અરેરે! સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન કેવળી

અહીં રહ્યા નહિ, ત્રણ જ્ઞાન અને ચાર જ્ઞાનની દશાવાળા પણ રહ્યા નહિ! અહા! આ સત્યનો હકાર કોની પાસે કરાવવો? તું માને, ન માને; પણ માર્ગ તો આ જ છે ભાઈ!

અહાહા..! શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પરમભાવસ્વરૂપ છે. તે વર્તમાન નિર્મળ નિર્વિકાર વીતરાગી જ્ઞાનપર્યાયથી જણાવા યોગ્ય છે. અહાહા...! આવો આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો, અનુભવમાં આવ્યો તે, કહે છે, વ્યવહારના રાગનો કર્તા નથી, ભોક્તાય નથી, આવું વસ્તુનું સ્વરૂપ છે. રાગની વૃત્તિ ઊઠે તેનો કર્તા-ભોક્તા તો નથી પણ બંધ-મોક્ષનાં કારણ અને પરિણામથીય આત્મા શૂન્ય છે.

અહાહા...! ભગવાન! તું કોણ છો? કે પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદસ્વરૂપ પરમભાવસ્વરૂપ પરમાત્મા છો. અહાહા...! ત્રિકાળી ચૈતન્યનું બિંબ એકલું ચૈતન્યનું દળ છો ને પ્રભુ! તું! અહાહા...! તેને જાણનાર શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનય વડે જોતાં કહે છે, તે બંધ અને બંધના કારણથી તથા મોક્ષ અને મોક્ષના કારણથી રહિત છે. અહાહા...! સમ્યગ્દર્શનનું ધ્યેય જે ત્રિકાળી શુદ્ધ આત્મા તે સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રના પરિણામથી રહિત છે, ઝીણી વાત છે પ્રભુ! બંધના કારણથી તો રહિત પણ મોક્ષના કારણથીય ભગવાન આત્મા રહિત છે. આવી વાત!

ભાઈ! આ તો મૂળ મુદ્દાની રકમની વાત છે. ત્રિકાળી ધ્યેયસ્વરૂપ પૂરણ શુદ્ધ ચિન્માત્ર વસ્તુ ભગવાન આત્મા બંધ-પરિણામ અને બંધનાં કારણ જે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તેને કરતો નથી. વળી તે મોક્ષના પરિણામ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ-તેને કરતો નથી તથા મોક્ષનું કારણ જે નિર્મળ રત્નત્રય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તેને કરતો નથી. કેમ? કેમકે ભગવાન આત્મા ત્રિકાળી એકરૂપ ધ્રુવ વસ્તુ છે અને બંધ-મોક્ષ આદિ એક સમયની પર્યાય-અવસ્થા છે, ભાઈ! આવો માર્ગ છે; સર્વજ્ઞથી સિદ્ધ થયેલો હોં. આ કહ્યું ને કે- શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા બંધ-મોક્ષનાં કારણ અને બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય છે. ભાઈ! મોક્ષ છે તે પરિણામ છે, પર્યાય છે; તેને એકરૂપ ધ્રુવદ્રવ્ય કાંઈ કરે નહિ. સમજાણું કાંઈ...?

ભાઈ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માને સર્વજ્ઞદશા પ્રગટી હોય છે, તેમાં ભગવાનને ત્રણકાળ-ત્રણલોક જણાય છે. ભગવાનને તેની ઇચ્છા ન હોય હોં. તેમને બારમે ગુણસ્થાને પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય છે અને ત્યાર પછી તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન પ્રગટે છે. અહા! આવી જે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટી તેને, અહીં કહે છે, ધ્રુવદ્રવ્ય જે છે તે કરતું નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય છે, તે બંધ-મોક્ષના પરિણામ અને બંધ-મોક્ષના કારણોને કરતું નથી.

હવે આવી વાત બીજે ક્યાં છે? એક દિગંબરમાં છે. પણ તેમાંય (દિગંબર સંપ્રદાયમાંય) અત્યારે આ વાત આ રીતે ચાલતી નથી; ઘણો ફેરફાર છે. અહા! સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનની જે દશા થઈ તેનો વિષય જે ધ્રુવ દશાવાન તેમાં, કહે છે, પલટતી બંધ-મોક્ષની દશાઓનો અભાવ છે. બંધ-મોક્ષના પરિણામ તો ઉત્પાદ-વ્યયરૂપ પલટતા પરિણામ છે તેનો ધ્રુવમાં અભાવ છે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' - એમ આવે છે ને? તેમાં ધ્રુવ જે ત્રિકાળી સત્ છે તેમાં ઉત્પાદ-વ્યયનો અભાવ છે અર્થાત્ ધ્રુવ ઉત્પાદ-વ્યયને (પલટતી પર્યાયને) કરતું નથી એમ કહે છે. બાપુ! ભગવાનના મારગડા જુદા છે ભાઈ!

મોક્ષમહલકી પરથમ સીઢી.... અહાહા...! આવું સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે; અને મુનિપણાની તો શી વાત! ત્રણ કષાયના અભાવ સહિત જેને અંતરમાં પ્રચુર આનંદનો સ્વાદ અનુભવ છે અને બહારમાં જેને વસ્ત્રનો એક ધાગોય નથી, જંગલમાં જેનો વાસ હોય છે. અહા! એ દિગંબર સંતોની શી વાત કરવી? છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા એ મોક્ષમાર્ગી મુનિવરોની દશા મહા અલૌકિક હોય છે. બાપુ! મુનિ એ તો સાક્ષાત્ ધર્મ-મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. અહીં કહે છે-એ મોક્ષમાર્ગની દશાને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કરતું નથી. લ્યો, આવી કોઈ ભાગ્યશાળી હોય એને રુચે એવી વાત છે. (ભગવાન! તું રુચિ તો કર એમ કહેવું છે.)

આત્મા એક જ્ઞાયકભાવરૂપ શુદ્ધ દ્રવ્યાર્થિકનયે શુદ્ધ પારિણામિક પરમસ્વભાવભાવરૂપ છે. આવા પરમસ્વભાવભાવની ભાવનાથી મોક્ષમાર્ગ પ્રગટે છે. આ ભાવનારૂપ મોક્ષમાર્ગ તે પર્યાય છે. બંધ-મોક્ષની પલટના તે પર્યાયમાં થાય છે, દ્રવ્યમાં નહિ. ધ્રુવ દ્રવ્ય છે તે બંધ-મોક્ષની પર્યાયરૂપ થતું નથી. પર્યાયનો કર્તા પર્યાયધર્મ છે. પર્યાય છે ખરી, પણ તે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યરૂપ નથી. દ્રવ્યદૃષ્ટિનો તે વિષય નથી. અર્થાત્, દ્રવ્યને દેખનારી દૃષ્ટિમાં પર્યાય ગૌણ છે. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયે જીવદ્રવ્ય બંધ-મોક્ષના કારણ ને પરિણામથી રહિત છે.

બંધ ને મોક્ષનાં કારણ તે બન્ને પર્યાયરૂપ છે. જીવના અશુદ્ધ પરિણામ તે બંધનું કારણ છે અને શુદ્ધ પરિણામ તે મોક્ષનું કારણ છે. આ પરિણામ તે પર્યાયરૂપ છે. ત્યાં પરદ્રવ્ય તો બંધ-મોક્ષનું કારણ નથી, શુદ્ધ દ્રવ્યરૂપ પારિણામિક પરમભાવ પણ બંધ-મોક્ષનું કારણ નથી, જો તે પોતે (ધ્રુવ દ્રવ્યભાવ) બંધનું કારણ હોય તો ત્રિકાળ બંધ જ થયા કરે; જો તે મોક્ષનું કારણ હોય તો ત્રિકાળ મોક્ષ હોય. અથવા પારિણામિક ભાવ પોતે સર્વથા પર્યાયરૂપ થઈ જાય તો પર્યાયની સાથે તે પણ નાશ પામી જાય. આમ આ ન્યાયથી સિદ્ધ થયું કે બંધ-મોક્ષના પરિણામ અને તેનાં કારણ પર્યાયમાં છે પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય શુદ્ધ એક પરમભાવસ્વરૂપ વસ્તુ

એનાથી શૂન્ય છે. ત્રિકાળીમાં-ધ્રુવમાં બંધ-મોક્ષ નથી. આવી વાત! અહો! આ તો ચમત્કારી ગાથા અને ચમત્કારી ટીકા છે.

એક વાર એક ભાઈ એમ કહેતા હતા કે-તમે જે અરિહંતનું અને સિદ્ધનું ધ્યાન ધરો છો તે જૂઠું છે કેમકે અરિહંત અને સિદ્ધ અહીં છે નહિ.

અરે ભાઈ! તું સાંભળ તો ખરો પ્રભુ! જે અર્હંતદશા અને સિદ્ધદશા પ્રગટ થવાની છે તે અંદરમાં શક્તિપણે પડી છે. તેનું જે ધ્યાન કરે છે તે અર્હંતનું અને સિદ્ધનું ધ્યાન કરે છે. શું કીધું? કેવળીને જે કેવળજ્ઞાન આદિ અનંતચતુષ્ટય પ્રગટ થયાં તે અંદર શક્તિમાં છે. તેથી તો કહ્યું કે 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' બાપુ! ભગવાન આત્મા, જેને પૂરણ નિર્મળ વીતરાગી દશા પ્રગટ થાય એવો અંદર વીતરાગી અનંત શક્તિનો-સ્વભાવનો પિંડ છે. ભાઈ! આ પરમ સત્યની પ્રસિદ્ધિ છે. અહા! ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે નિર્મળ વીતરાગી પરિણતિ પ્રગટ થાય છે તે અપેક્ષાએ (આશ્રય અપેક્ષાએ) તેને મોક્ષ અને મોક્ષમાર્ગનું કારણ ભલે કહો, પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયે તેમાં બંધ-મોક્ષ નથી અર્થાત્ શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય બંધ-મોક્ષનું કર્તા નથી, ઝીણી વાત ભાઈ!

ત્યારે કોઈ પંડિત વળી એમ કહે છે કે-પરિણામ અશુદ્ધ હોય ત્યાં દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું.

અરે પ્રભુ! તું શું કહે છે આ? આ કાળના સાધારણ બુદ્ધિવાળા જીવોને કાંઈ ખબર ન પડે એટલે 'હા જી હા' ભણે, પણ બાપુ! આત્માની એક સમયની પર્યાયમાં બંધના અશુદ્ધભાવ છે માટે દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું એમ છે નહિ. પર્યાયની અશુદ્ધતાના કાળમાં પણ અંદર ત્રિકાળી દ્રવ્ય તો એવું ને એવું શુદ્ધ ચૈતન્યનું દળ છે. તેમાં અશુદ્ધતા નામ બંધની પર્યાયનું પ્રવેશવું તો નથી, તેમાં શુદ્ધતારૂપ મોક્ષની પર્યાયનો પણ પ્રવેશ નથી. અહાહા...! ત્રિકાળી શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તો બંધ-મોક્ષના કારણ અને પરિણામથી રહિત છે. હવે આવી વાત કોઈને એકાંત લાગે પણ ભાઈ! આ સમ્યક્ એકાન્ત છે. આ તો મહામુનિવર દિગંબર સંત શ્રી જયસેનાચાર્યદેવનું કથન છે. અહાહા..! અંતરમાં જેમને રાગરહિત વીતરાગ દશા હતી અને બહારમાં જેમને વસ્ત્રરહિત નગ્ન દશા હતી ને જેમને અતીન્દ્રિય આનંદનું પ્રચુર સંવેદન હતું તે મુનિરાજ આ કહે છે કે-અમારી આ જે મુનિપણાની-મોક્ષમાર્ગની દશા છે તેને ધ્રુવ કરતું નથી, તે ધ્રુવમાં નથી.

અહા! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ પૂર્ણ એક શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. અહાહા..! તે અનંત શક્તિઓનો એક પિંડ છે. તેની એક એક શક્તિ પૂરણ શુદ્ધ છે. જે શક્તિ શુદ્ધ છે તે અશુદ્ધતાને કેમ કરે? ન કરે; અશુદ્ધતાને તો ન કરે,

શુદ્ધતાના ઉત્પાદનેય એ ન કરે એમ કહે છે; કેમકે ઉત્પાદરૂપ પર્યાયને દ્રવ્ય સ્પર્શતું સુદ્ધાં નથી.

જુઓ, સમયસારની ૪૯મી ગાથાની ટીકામાં અવ્યક્તના છ બોલ છે, તેના પાંચમા બોલમાં આવે છે કે-"વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે." વ્યક્ત જે પર્યાય તે અવ્યક્ત દ્રવ્યને સ્પર્શતી નથી અને અવ્યક્ત દ્રવ્ય છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શતું નથી. શું કીધું? વ્યક્ત એટલે પ્રગટ પર્યાય અને અવ્યક્ત એટલે ધ્રુવ દ્રવ્ય બન્નેને એક સાથે જાણવા છતાં તે વ્યક્તને સ્પર્શતું નથી. દ્રવ્ય ધ્રુવ છે તે મોક્ષ માર્ગની પર્યાયને અડતું નથી. લ્યો, આવી વાત!

પ્રવચનસારની ગાથી ૧૭૨ માં અલિંગગ્રહણના વીસ બોલ છે, તેમાં છેલ્લા બોલમાં કહ્યું છે કે-"લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે." અહાહા...! આત્મા શુદ્ધ પર્યાય છે તે ધ્રુવને સ્પર્શતી નથી. પર્યાય અને દ્રવ્ય બે ચીજ છે તે બન્ને અસ્તિરૂપ છે. વાચકના વાચ્ય બે છે તે બેપણે રહેવાં જોઈએ, ત્યાં એ (ધ્રુવ) આને (પર્યાયને) કેમ કરે? અને આ (પર્યાય) એને (ધ્રુવને) કેમ કરે? બન્ને પોતપોતામાં સત્ છે ને પ્રભુ! ભાઈ! આ સમજીને અંદરમાં (શુદ્ધ અંતઃતત્ત્વમાં) રુચિ કરવા જેવું છે. બાકી અંતરની રુચિ-સમ્યગ્દર્શન વિના વ્રત, તપ આદિ બહારનાં આચરણ કરે પણ એ તો બધાં એકડા વિનાનાં મીંડાં છે. સમજાણું કાંઈ...?

અહા! જે ધ્રુવ છે એ તો સદા એકરૂપ સદશ છે અને ઉત્પાદ-વ્યય વિસદશ છે. શું કીધું? ધ્રુવ એક પરમભાવ-જ્ઞાયકભાવ ત્રિકાળી એકરૂપ સદશ ચીજ છે ને ઉત્પાદ-વ્યય તો ભાવ-અભાવરૂપ વિસદશ છે. હવે જે સદશ છે તે વિસદશને કેમ કરે? જે સ્પર્શતો નથી તે સદશ ત્રિકાળી ધ્રુવ વિસદશ પર્યાયને કેવી રીતે કરે? "પરિણામ પરિણામમાં રહી ગયા, હું તો ભિન્ન વસ્તુ છું" એમ સોગાનીજીએ દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં કહ્યું છે ને? લ્યો, એ આ વાત છે. મારગડા તારા જુદા છે પ્રભુ! તારે ધર્મ કરવો છે ને? તો કહે છે-ધર્મની પર્યાયને પર તો ના કરે, પણ તારું ધ્રુવેય ના કરે. અહાહા...! રાગ તો ધર્મ પર્યાયને ના કરે, શુભરાગ કર્તા ને ધર્મની-મોક્ષમાર્ગની પર્યાય તેનું કાર્ય એમ તો છે નહિ, પણ ધ્રુવ દ્રવ્ય કર્તા અને પર્યાય એનું કાર્ય એમેય નથી. અહો! પર્યાય-પર્યાય સ્વતંત્ર સત્ છે. આમાં તો ગજબની વાત છે ભાઈ!

આ બધા પૈસાવાળા ધૂળમાં (-પૈસામાં) ગુંચવાઈ ગયા છે તેમને હવે આ

કે દિ' સાંભળવા મળે? બિચારાને નવરાશ મળે ત્યારે ને? અહીં કહે છે-સાંભળને પ્રભુ! આ તારું ચૈતન્યદળ છે એમાં સંખ્યાએ અનંતી શક્તિઓ છે. એવી અનંત શક્તિનું એકરૂપ તે દ્રવ્ય છે. તેને જાણનારો શુદ્ધ દ્રવ્યાર્થિકનય છે. તો શુદ્ધદ્રવ્યાર્થિકનયે, કહે છે, ધ્રુવ દ્રવ્ય છે તે મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાયને કરતું નથી. ગજબની વાત કરી છે, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની સમુદાયપાતનિકામાં આ વાત પહેલાં કહેવાઈ ગઈ છે.

હવે કહે છે- 'પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા "શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે" એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું.'

ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ છે, તેને રાગનો બંધ થાય તે અજ્ઞાનનું માહાત્મ્ય છે. શું કીધું? પોતાના સ્વરૂપનું ભાન નથી એવું જે અજ્ઞાન તે બંધનું કારણ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ સદા અબંધસ્વરૂપ છે, તે રાગને સ્પર્શતો નથી. તથાપિ પ્રકૃતિ સાથે તેને જે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે.

ભાઈ! તારી પર્યાયમાં તારી ભૂલથી તને બંધન છે. ભૂલ શું? કે પોતે પોતાને જાણ્યો નહિ, પોતાના સ્વસ્વરૂપને જાણ્યું નહિ તે ભૂલ છે અને તેથી બંધન છે. બંધન છે ત્યારે તો એનાથી છૂટવારૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીએ છીએ. જો બંધન હોય જ નહિ તો 'મોક્ષ કાજે શુદ્ધાત્માને ધ્યાઓ' એમ ઉપદેશ કેમ દઈએ? પર્યાયમાં બંધન છે, અને એનાથી છૂટવાનો ઉપાય પણ છે. -પણ તેટલો જ આખો આત્મા નથી. તે પર્યાયો વખતે જ આખો પરમભાવસ્વરૂપ પરમ પવિત્રતાનો પિંડ પ્રભુ આત્મા અનંતશક્તિઓથી પરિપૂર્ણ અંદર વિરાજી રહ્યો છે, -જેનું લક્ષ કરતાં બંધન ટળે છે ને મોક્ષ પ્રગટે છે. અહા! આવો પવિત્રસ્વરૂપ પ્રભુ આત્મા છે, એનું જ્ઞાન નથી એવા અજ્ઞાનનો એ મહિમા છે કે એને પર્યાયમાં બંધ છે.

અરે! લોકો તો બાહ્ય ક્રિયામાં ધર્મ માને છે. દયા પાળવી, સામાયિક કરવી, પોસા કરવા, ચોવિહાર કરવા, કંદમૂળ ન ખાવાં ઇત્યાદિ મંદરાગની ક્રિયામાં ધર્મ માને છે. પણ ભાઈ! એમાં ધૂળેય ધર્મ નથી. ક્રિયાનો રાગ છે એ તો કલેશ છે, દુઃખ છે અને તેને ધર્મ જાણવો એ સ્વરૂપનું અજ્ઞાન છે. અહા! શુદ્ધને જડકર્મની પ્રકૃતિ સાથે જે બંધ છે તે આ અજ્ઞાનનું માહાત્મ્ય છે. અહા! મારગ તો એક વીતરાગભાવસ્વરૂપ છે ને દુનિયા ક્યાંય (-રાગમાં) માની બેઠી છે એ અજ્ઞાનનું માહાત્મ્ય છે. એમ (ચાર ગાથાઓમાં) અજ્ઞાનનું સામાર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું.

હવે કહે છે- 'ત્યાર પછી ચાર ગાથા દ્વારા જીવનું અભોકતૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું.'

પહેલાં અકર્તૃત્વ કહેવામાં આવેલ, પછી અભોકતૃત્વગુણની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું.

'ત્યાર પછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા, પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ-ભોકતૃત્વના અભાવરૂપ તથા બંધ-મોક્ષનાં કારણ ને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો.

આ રીતે સમયસારની શુદ્ધાત્માનુભૂતિલક્ષણ "તાત્પર્યવૃતિ" નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ. અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો.'

જુઓ, આ ટીકાનું નામ શુદ્ધાત્માનુભૂતિલક્ષણ તાત્પર્યવૃતિ છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની ટીકાનું નામ આત્મખ્યાતિ છે. શ્રી જયસેનાચાર્યદેવની અપેક્ષાએ મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ, અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, મોક્ષાધિકાર અહીં સમાપ્ત થયો. હવે-

વળી વિશેષ કહેવામાં આવે છે:

'ઔપશમિકાદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા-પદાર્થ છે.'

જુઓ, પાંચ ભાવમાં ઉપશમાદિ ચાર ભાવો પર્યાયરૂપ છે. તેમાં (પ્રથમના) ત્રણ નિર્મળ પર્યાયરૂપ છે, ઔદયિક મલિન વિકારરૂપ છે; અને પારિણામિક ધ્રુવ દ્રવ્યસ્વરૂપ છે. તે આત્માનો અહેતુક અકૃત્રિમ સહજ સ્વભાવ છે.

**ઔપશમિક ભાવ:-** પાંચ ભાવોમાં એક ઔપશમિક ભાવ છે. તે નિર્મળ છે. જેમ પાણીમાં મેલ હોય તે મેલ નીચે ઠરી જાય અને ઉપર પાણી નિર્મળ થઈ જાય તેમ કર્મનો ઉદય ઠરે અને અંદર પર્યાયમાં નિર્મળ ભાવ પ્રગટ થાય તેને ઔપશમિક ભાવ કહે છે. અનાદિ અજ્ઞાની જીવને સૌ પ્રથમ જ્યારે પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન કરે ત્યારે, ચોથે ગુણસ્થાને ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે. આ ઔપશમિક ભાવથી ધર્મની શરૂઆત થાય છે, પછી ચારિત્રમાં ઉપશમભાવ ઉપશમશ્રેણી વખતે મુનિને હોય છે. આ ઉપશમભાવ એ નિર્મળ ભાવ છે. તેમાં મોહનો વર્તમાન ઉદય નથી, તેમ જ તેનો સર્વથા ક્ષય પણ થઈ ગયો નથી. જેમ નીતરેલા સ્વચ્છ પાણીમાં નીચે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કાદવ બેસી ગયો હોય તેમ સત્તામાં મોહકર્મ પડયું છે. જીવની આવી નિર્મળ પર્યાયને ઔપશમિક ભાવ કહે છે.

**ક્ષાયોપશમિક ભાવઃ-** આ ભાવમાં કાંઈક વિકાસ ને કાંઈક આવરણ છે; જ્ઞાનાદિનો સામાન્ય ક્ષયોપશમ ભાવ તો બધા છદ્મસ્થ જીવોને અનાદિથી હોય છે, પણ અહીં મોક્ષના કારણરૂપ ક્ષયોપશમભાવ બતાવવો છે-એટલે સમ્યગ્દર્શનપૂર્વકનો ક્ષયોપશમભાવ અહીં સમજવો.

કર્મનો ઉદય છે તેનો ઉદયાભાવી ક્ષય અને અનુદય છે તે ઉપશમરૂપે અંદર સત્તામાં રહે તેના નિમિત્તે જે જીવનો ભાવ હોય તેને ક્ષયોપશમભાવ કહેલ છે.

**ક્ષાયિક ભાવઃ-** આત્માના ગુણની સંપૂર્ણ શુદ્ધ દશા પ્રગટે અને કર્મોનો સર્વથા ક્ષય થઈ જાય-એવી દશા તે ક્ષાયિક ભાવ છે. દર્શનમોહનીયનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યગ્દર્શન, જ્ઞાનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિક જ્ઞાન, દર્શનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિકદર્શન-એમ જે ભાવ પ્રગટ થાય તે ક્ષાયિક કહેવાય છે.

આ ત્રણે ભાવ નિર્મળ પર્યાયરૂપ છે; તે અનાદિના નથી હોતા, પણ આત્માના આશ્રયપૂર્વક નવા પ્રગટે છે, સાદિ છે અને તે ભાવો મોક્ષનું કારણ થાય છે એમ આગળ કહેશે.

**ઔદયિક ભાવઃ-** જેમાં કર્મનો ઉદય નિમિત્ત હોય છે એવો જીવનો રાગાદિ વિકારી ભાવ તે ઔદયિક ભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ તથા હિંસા, જૂઠ, ચોરી, કુશીલ આદિના જે ભાવ થાય તે ઔદયિક ભાવ છે, એક અપેક્ષાએ તેને પારિણામિક કહ્યો છે. જીવ સ્વયં તે ભાવ કરે છે તે અપેક્ષાએ તેને પારિણામિક કહ્યો છે અને કર્મોદયના નિમિત્તના વશે થાય છે માટે તેને ઔદયિક ભાવ કહેવાય છે. હવે આવી વાત ઓઘે ઓઘે સાંભળે એને શું સમજાય? ભાઈ! દયા પાળો, દાન કરો, વ્રત પાળો એમ પ્રરૂપણા કરે પણ બાપુ! એ બધા રાગના ભાવ ઔદયિક ભાવ છે. તે બંધના કારણરૂપ છે, તે કોઈ ભાવો મોક્ષનું કારણ થતા નથી.

અનાદિથી બધા સંસારી જીવોને ઔદયિક ભાવ હોય છે. મોક્ષદશા થતાં તેનો સર્વથા અભાવ થાય છે.

**પારિણામિક ભાવઃ-** આત્માનો ત્રિકાળી સહજ એકરૂપ શાશ્વત સ્વભાવ તે પારિણામિક ભાવ છે; તે ધ્રુવ દ્રવ્યરૂપ છે. તેને 'પરમભાવ' કહ્યો છે. અન્ય ચાર ભાવો ક્ષણિક છે તેથી તેમને 'પરમભાવ' ન કહ્યા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહાહા...! પારિણામિકરૂપ પરમસ્વભાવભાવ પ્રત્યેક જીવને સદાય વિદ્યમાન છે.

હવે આ પાંચ ભાવોમાં સર્વવિશુદ્ધ પરમ પારિણામિકભાવ જે શાશ્વત ધ્રુવ અચલ છે તે દ્રવ્યરૂપ-વસ્તુરૂપ છે અને અન્ય ચાર ભાવો પ્રગટ પર્યાયરૂપ છે. તેમાં ત્રણ નિર્મળરૂપ છે ને ઔદયિક મલિનરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્ય-પર્યાયદ્વય તે આત્મા-પદાર્થ છે. અર્થાત્ દ્રવ્ય-પર્યાય બન્ને થઈને આખો આત્મા-પદાર્થ છે. દ્રવ્ય તે નિશ્ચય, પર્યાય તે વ્યવહાર; બન્ને થઈને પ્રમાણવસ્તુ સત્.

દ્રવ્ય-પર્યાયરૂપ આખો પદાર્થ આત્મા તે પ્રમાણનો વિષય છે. તેમાં પરમ પારિણામિકસ્વભાવે જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે તે નિશ્ચયનો વિષય છે, અને વર્તમાન વર્તતી પર્યાય તે વ્યવહારનો વિષય છે. નિશ્ચય છે તે ત્રિકાળી દ્રવ્યને સ્વીકારે છે, અને વ્યવહારનય વર્તમાન વર્તતી પર્યાયને સ્વીકારે છે. ત્યાં નિશ્ચયનું જે જ્ઞાન કર્યું. તેની સાથે પર્યાયનું જ્ઞાન ભેળવે તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. નિશ્ચયને રાખીને વ્યવહારને જાણે તે પ્રમાણજ્ઞાન છે; પણ નિશ્ચયને ઉડાડીને વ્યવહારને ભેળવે તો પ્રમાણજ્ઞાન રહે જ નહિ.

ભાઈ! તારી વસ્તુને-આત્માને જોવાના ત્રણ પ્રકારઃ-

-ત્રિકાળી ધ્રુવ દ્રવ્યરૂપ પરમભાવને દેખનારી દૃષ્ટિ તે દ્રવ્યાર્થિકનય,
-વસ્તુને પર્યાયરૂપે દેખનારી દૃષ્ટિ તે પર્યાયાર્થિકનય, અને
-દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુને સમગ્રપણે દેખનારું તે પ્રમાણજ્ઞાન.

અધ્યાત્મદૃષ્ટિમાં શુદ્ધ દ્રવ્ય તે નિશ્ચય છે, ને તેની શુદ્ધપર્યાય વડે મોક્ષમાર્ગને સાધવો તે વ્યવહાર છે. રાગાદિક તો પરમાર્થે અનાત્મા છે, કેમકે તે શુદ્ધ આત્મા નથી; અશુદ્ધ ભાવ છે તેથી શુદ્ધદૃષ્ટિમાં તે અનાત્મા છે. અભેદ આત્માની અનુભૂતિમાં તેનો અભાવ છે. અર્થાત્ શુદ્ધાત્માનુભૂતિથી તેઓ (રાગાદિ) બાહ્ય છે.

જુઓ, શુદ્ધ જીવ તે અંતઃતત્ત્વ છે, ને રાગાદિ બાહ્ય તત્ત્વ છે. અભેદ તત્ત્વની અનુભૂતિમાં નિર્મળપર્યાયના ભેદો પણ નથી તે અપેક્ષાએ તેમને પણ બાહ્ય તત્ત્વ કહ્યા છે. નિયમસાર ગાથા ૩૮ માં એક શુદ્ધ આત્માને જ અંતઃતત્ત્વ કહ્યું છે ને જીવાદિ તત્ત્વોને બાહ્ય તત્ત્વ કહ્યા છે. મતલબ કે જીવાદિતત્ત્વો સંબંધી જે ભેદવિકલ્પ છે તેના વડે શુદ્ધ આત્મા અનુભવમાં નથી આવતો માટે તેઓ બાહ્ય તત્ત્વ છે, હેય છે. ભાઈ! પર્યાયના ભેદો છે તે આદરણીય નથી, આશ્રય કરવાયોગ્ય નથી. એક માત્ર શુદ્ધ ત્રિકાળી એક જ્ઞાયકતત્ત્વમાં અભેદ થઈને અનુભવ કરવાયોગ્ય છે. અલબત અનુભવ છે તે પર્યાય છે, પણ તે દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને તેનો આશ્રય કરે છે. આમ શાશ્વત શુદ્ધ જ્ઞાયક વસ્તુ ને તેની વર્તમાન અવસ્થા તે બન્ને પરસ્પર સાપેક્ષપણે આખો આત્મા-પદાર્થ છે. સમજાણું કાંઈ...?

ભાઈ! તારે દુઃખ મટાડીને સુખી થવું છે ને? તો દુઃખ કયા ભાવથી છે, ને સુખ કયા ભાવથી થાય-તેને તું જાણ. સુખ-દુઃખ તારા પોતાના ભાવોથી જ છે, બીજાને લીધે નથી. બાપુ! આવા વસ્તુના સ્વરૂપને જાણ્યા વિના અનંતકાળથી તું ૮૪ લાખ યોનિમાં અવતાર કરી કરીને રઝળે છે. ત્યાં એકલો તું તારા ભાવથી દુઃખી છે, કોઈ બીજાથી નહિ. પાપના ઉદયે એકેન્દ્રિયાદિમાં જાય ત્યાં તું એટલો દુઃખી છે, ને પુણ્યોદયે સ્વર્ગાદિમાં જાય તો ત્યાં તું એકલો કલ્પનાથી (વાસ્તવિક નહિ) સુખી છે; એમાં કોઈની સહાય-અપેક્ષા છે નહિ. તથા શુદ્ધ અંતઃતત્ત્વના આશ્રયે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પરિણત થતાં મોક્ષમાર્ગમાં પણ તું એકલો જ સુખી છે-હોઈશ; તેમાં પણ કોઈનો સાથ-સહાય કે અપેક્ષા છે નહિ.

અહીં કહે છે-ચાર ભાવો પર્યાયરૂપ છે; તેમાં ઔપશમિકાદિ ત્રણ ભાવો નિર્મળ છે, મોક્ષના કારણરૂપ છે અને ઔદયિક ભાવ મલિન વિકારી છે ને બંધનું-સંસારનું કારણ છે. તથા જેના આશ્રયે નિર્મળ ભાવ પ્રગટ થાય છે તે શુદ્ધ પારિણામિક ભાવ ત્રિકાળ દ્રવ્યરૂપ છે. એમ પરસ્પર સાપેક્ષ દ્રવ્ય-પર્યાયનું જોડકું તે આખો આત્મા-પદાર્થ છે. અહો! આ તો એકલું અમૃત પીરસ્યું છે; "અમૃત વરસ્યાં રે પ્રભુ! પંચમ કાળમાં."

હવે કહે છે -"ત્યાં, પ્રથમ તો જીવત્વ ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધ જીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને "શુદ્ધ પારિણામિકભાવ" એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધમોક્ષપર્યાયપરિણતિ રહિત છે.'

જુઓ, અહીં જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ-એમ ત્રણ પ્રકારના જે પારિણામિકભાવ કહ્યા ત્યાં 'શુદ્ધ' શબ્દ નથી વાપર્યો; મતલબ કે એ ત્રણ ભેદો પાડવા તે અશુદ્ધ પારિણામિક છે અને તે વ્યવહારનયનો વિષય છે. પરંતુ ત્યાં એ ત્રણ પ્રકારના ભાવોમાં, શુદ્ધ જીવત્વ એવું જે શક્તિ લક્ષણ પારિણામિકપણું છે ધ્રુવ ત્રિકાળ છે અને તે શુદ્ધ-દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને "શુદ્ધ પારિણામિકભાવ" એવી સંજ્ઞાવાળું જાણવું. અહાહા...! કેટલું સ્પષ્ટ કર્યું છે?

શું કહે છે? કે સમ્યગ્દર્શનનો વિષય-લક્ષ્ય એવું જે ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય, ચાર પર્યાય વિનાની ચીજ, તે શક્તિલક્ષણ શુદ્ધ પારિણામિકભાવ જાણવો. તે શુદ્ધ દ્રવ્યાર્થિકનય નો વિષય છે અને તે નિરાવરણ છે. અહાહા... ! ભવ્ય હો કે અભવ્ય હો, તેમાં જે ત્રિકાળ શક્તિરૂપ શુદ્ધ જીવત્વછે તે શુદ્ધ પારિણામિક ભાવ છે અને તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય હોવાથી નિરાવરણ છે. અહા! જેમાં ચાર પર્યાય નથી

તેમાં આવરણ કેવું? (આવરણ તો પર્યાયમાં હોય છે.) આવું જે શુદ્ધ ચૈતન્યના પ્રવાહરૂપ-અહાહા..! ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એમ શુદ્ધ ચૈતન્યના ધ્રુવ પ્રવાહરૂપ શુદ્ધ જીવત્વ છે તે નિરાવરણ શુદ્ધ પારિણામિકભાવ છે અને તે બંધ-મોક્ષના પરિણામથી રહિત છે. અર્થાત્ તે બંધ મોક્ષના પરિણામનું કારણ નથી.

પર્યાયમાં અશુદ્ધતા હોય તો દ્રવ્ય અશુદ્ધ થઈ જાય-એમ કેટલાક કહે છે ને? લ્યો, એમની એ માન્યતાનો આમાં નિષેધ થઈ ગયો. ભાઈ! દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ નિરાવરણ જ છે. (આવરણ છે એ તો પર્યાયમાં છે.) આવી વાત ચાલતી ન હતી અને બહાર આવી એટલે કેટલાકને ખળભળાટ થયો કે-અરે! અમારા આ બધા ક્રિયાકાંડ ઉડી જશે. પણ બાપુ! આ તારા હિત ની વાત છે ભાઈ! ચોર્યાસીના અવતારનો અંત કરી જન્મ મરણ રહિત થવાની આ વાત છે બાપુ!

શુદ્ધ જીવત્વસ્વરૂપ ત્રિકાળ શક્તિલક્ષણ જે પારિણામિકપણું છે તેમાં દ્રષ્ટિ આપતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે એ પછી કહેશે. અહીં કહે છે -વસ્તુનું સ્વરૂપ જે ત્રિકાળ શક્તિરૂપ સત્ છે, અહાહા..! સત્નું જે સત્વ છે તે ત્રિકાળ નિરાવરણ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક-એમ ચાર ભાવો જે પર્યાયરૂપ છે તે ત્રિકાળી ધ્રુવ શુદ્ધમાં નથી. તેમ તેને આવરણેય નથી. આવો માર્ગ છે ભાઈ! એક વાર સાંભળ તો ખરો નાથ! અંદરમાં ભગવાન આત્મા "આનંદ બ્રહ્મણોરૂપં" જ્ઞાનાનંદની સ્વરૂપલક્ષ્મીથી મહા પ્રતાપવંત ત્રિકાળ વિરાજી રહ્યો છે. તેની દ્રષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે જે ધર્મનું પહેલું પગથીયું છે.

અજ્ઞાની માને છે કે કષાય મંદ કરીએ, વ્રત, નિયમની ક્રિયા કરીએ તે સાધન અને તેનાથી સાધ્ય સિદ્ધ થશે; પરંતુ એમ છે નહિ. કષાય તિવ્ર હો કે મંદ, એ ઔદયિક ભાવ છે અને તે મલિન વિકારી પરિણામ સંસારનું-બંધનું કારણ છે. મોક્ષનું નહિ. મોક્ષના કારણરૂપ તો ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક-એમ નિર્મળ પર્યાયરૂપ ત્રણ ભાવો છે. અને ચારેય ભાવોથી રહિત ત્રિકાળ શુદ્ધ જીવત્વલક્ષણ જે શુદ્ધ પારિણામિકભાવ છે તે અક્રિય છે. તેમાં ક્રિયા નથી, ઉત્પાદ-વ્યય નથી. એમાં કાંઈ કરવું નથી કે છોડવું નથી. મોક્ષ કરવો એમેય નહી, ને રાગ કરવો એમેય નહી, રાગ છોડવો એમેય નહી. અહા! આવો શુદ્ધ પારિણામિક ભાવ નિરાવરણ છે. તેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થાય છે.

અરેરે? આવી વાત જેને કાનેય ન પડે તે બિચારા શું કરે? હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? આ પાંચ ભાવો કેવી રીતે છે? કયા ભાવથી બંધન છે ને કયા ભાવથી મોક્ષનો ઉપાય ને મોક્ષ થાય, ક્યા ભાવ શુદ્ધ છે ને કયા ભાવ અશુદ્ધ છે, કયા ભાવ આશ્રય કરવાયોગ્ય ઉપાદેય છે ને કયા હેય છે-અહા! ઇત્યાદિ સમજવાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નવરાશ ન મળે તે બિચારા શું કરે? અરેરે! તે ચોરાસીના અવતારના સમુદ્રમાં ક્યાંય ડૂબી મરે. શું થાય? ભાઈ! તને આ સમજવાનો અવસર છે. એમાં તું રળવા-કમાવા પાછળ, કુટુંબ-પરિવારને સાચવવા પાછળ ને ઈન્દ્રિયના વિષયભોગની પાછળ જ રોકાઈને રહીશ તો અવસર વેડફાઈ જશે.

જુઓ, શુદ્ધ પારિણામિક ભાવ જે ત્રિકાળ છે તેને ભાવ કહેવાય. પર્યાયને પણ ભાવ કહેવાય. રાગને પણ ભાવ કહેવાય ને દ્રવ્ય-વસ્તુ છે તેને પણ ભાવ કહેવાય. અહીં દ્રવ્યને શુદ્ધ પારિણામિકભાવ એવી સંજ્ઞા આપી છે. તે તો બંધ-મોક્ષપર્યાયની પરિણતિથી રહિત છે એમ કહે છે.

અહાહા...! ભગવાન આત્મા ત્રિકાળ ધ્રુવ અસ્તિરૂપ છે. અહાહા...! છે... છે.... ... છે ને છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ એવા અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યના પ્રવાહરૂપ છે. તે, અહીં કહે છે, બંધ-મોક્ષની પરિણતિથી રહિત છે; રાગાદિના ભાવથી રહિત છે અને મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાયથી પણ રહિત છે. અહાહા...! ત્રિકાળી સ્વભાવમાં પરવસ્તુ નથી, રાગ નથી, મલિન પર્યાય નથી, અને અપૂર્ણ કે પૂર્ણ નિર્મળ પર્યાય પણ નથી. અહાહા...! આવી પોતાની ચીજનો જેને અંદર દ્રષ્ટિમાં સ્વીકાર થયો છે તેને જ શુદ્ધ આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. બાકી તો બધું થોથે થોથાં છે.

ભાઈ! જન્મ-મરણના અંતનો ઉપાય આ એક જ છે. દુનિયા માને કે ન માને. દુનિયા ગમે તે કહે, સત્ય આ છે. આત્મા શુદ્ધચૈતન્ય મહાપ્રભુ બંધ-મોક્ષની પર્યાયથી રહિત વસ્તુ છે. તે એકના આશ્રયે ધર્મરૂપ નિર્મળ પરિણતિ પ્રગટ થાય છે.

હવે વિશેષ કહે છે- 'પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી "અશુદ્ધપારિણામિકભાવ" સંજ્ઞાવાળાં છે.

કોઈને થાય કે આવો ઉપદેશ! લોકોને આ સમજવું કઠણ પડે છે. હજુ તો હું શરીરથી રહિત છું એ કબૂલવું કઠણ પડે છે. પણ ભાઈ! આ શરીર આદિની ક્રિયા તો એના કાળે જે થવાની હોય તે થાય છે. તેમાં તારો કાંઈ અધિકાર છે જ નહિ. હું ધ્યાન રાખું તો શરીર વ્યવસ્થિત રહે. નહિતર બગડી જાય એમ તું માને, પણ એવો કોઈ અધિકાર તને શરીર પર છે નહિ; કેમકે શરીર પરવસ્તુ છે. અહાહા...! શરીરથી જુદું, રાગથી જાુદું ને એક સમયની પર્યાયથી પણ જાુદું-એવું જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય અંદર છે એને ધ્યેય બનાવવું છે. આવો માર્ગ છે. ભાઈ! અહો! આ અપૂર્વ વાત છે. અનંતકાળમાં એણે અંતર્દ્રષ્ટિ-દ્રવ્યદ્રષ્ટિ કરી જ નથી, પણ એ વિના બહારની ક્રિયાથી ધર્મ થાય એવી ચીજ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે ભાઈ! તને તારા કાયમી ત્રિકાળી જીવનની ખબર ન મળે તો તું સાચું જીવન કેવી રીતે જીવીશ? આહાર-પાણી કે શરીરાદિ જડથી તું જીવવાનું માન તે કાંઈ સાચું જીવન નથી. અહા! શરીર પોતે જ જડ મૃતક-કલેવર છે તો તે વડે તું કેમ જીવે? ભાઈ! પોતાના શુદ્ધ ચૈતન્યપ્રાણો વડે ત્રિકાળ જીવે, અને શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે મોક્ષ-સિદ્ધપદને સાધીને સાદિ-અનંત પૂરણ આનંદમય જીવન જીવે તે જ જીવનું સાચું જીવન છે. સ્તુતિમાં આવે છે ને કે-

તારું જીવન ખરું તારું જીવન... ....

જીવી જાણ્યું નેમનાથે જીવન... ....

અહાહા...! ભગવાન કેવળી જે પૂરણ વીતરાગવિજ્ઞાનમય જીવન જીવે છે તે ખરું જીવન છે, સાચું જીવન છે. બાકી અજ્ઞાનપૂર્વક રાગાદિમય જીવન જીવે તેને જીવનું જીવન કોણ કહે? એ તો ભયંકર ભાવમરણ છે. આવે છે ને કે -

ક્ષણક્ષણ ભયંકર ભાવમરણે કાં અરે! રાચી રહો? બાપુ! રાગથી ધર્મ માને અર્થાત્ રાગને જીવન માને તેને તો સાચું જીવન જીવતાં જ નથી આવડતું; તેને તો નિરંતર ભાવમરણ જ થયા કરે છે. સમજાણું કાંઈ..

અહીં કહે છે-જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિકનયને આશ્રિત છે અને તેથી તે 'અશુદ્ધ પારિણામિકભાવ' સંજ્ઞાવાળાં છે. અહો! આ તો એકલું માખણ મૂક્યું છે. શું કહે છે! કે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય-એ ત્રણ અવસ્થાદૃષ્ટિએ, પર્યાયદૃષ્ટિએ, વ્યવહારનયથી કહેવામાં આવ્યાં છે.

દશપ્રાણરૂપ જીવત્વ છે તે અશુદ્ધ પ્રાણ છે. જડપ્રાણોથી જીવ જીવે છે એ તો વાત નહિ, પણ અહીં કહે છે-પાંચ ઈન્દ્રિયો (ભાવેન્દ્રિયો) મન, વચન, કાયા આયુષ્ય અને શ્વાસ (અંદર જીવની યોગ્યતારૂપ) -એવા દશપ્રાણરૂપ જે અશુદ્ધ જીવત્વ તેનાથી જીવ જીવે છે એમ જે કહ્યું તે વ્યવહારનયથી કહ્યું છે અને તે 'અશુદ્ધ પારિણામિકભાવ' છે. વળી ભવ્યત્વ-અભવ્યત્વદ્વય પણ પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધ પારિણામિકભાવ' છે, અહાહા..! ત્રિકાળી ધ્રુવ એક ચૈતન્યસ્વભાવભાવથી ભરેલી શુદ્ધ પરમપારિણામિકભાવસ્વરૂપ જે વસ્તુ તેમાં આ 'અશુદ્ધ પારિણામિકભાવ' ક્યાં છે? નથી. લ્યો, હવે આમાં ઓલા વ્યવહારવાળાઓને બધા વાંધા ઉઠે છે. પણ શું થાય. (વસ્તુસ્વરૂપ જ એવું છે ત્યાં શું થાય?) જાુઓને! આ ચોકખું તો કહ્યું છે કે-જે દશપ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ-એ ત્રણે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધ પારિણામિકભાવ' સંજ્ઞાવાળાં છે.

**પ્રશ્નઃ-** 'અશુદ્ધ' કેમ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**ઉત્તરઃ-** સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.

શું કીધું? જોકે પર્યાયાર્થિકનયે અશુદ્ધ દશભાવપ્રાણ, ભવ્યત્વ-અભવ્યત્વદ્વય-એ ત્રણે કહેવામાં આવ્યા છે તોપણ 'सव्वे सुद्धा हु सुद्धणया' -એ વચનથી શુદ્ધનયથી સંસારીને એ ત્રણેય છે નહિ. અહાહા...! વસ્તુ જે ત્રિકાળ શુદ્ધ એકરૂપ છે તેમાં એનો અભાવ છે-અને સિદ્ધોને એ દશ અશુદ્ધ ભાવપ્રાણ સર્વથા પર્યાયમાં પણ છે નહિ. સંસારીને (એ ત્રણ) પર્યાયમાં છે પણ વસ્તુમાં નથી, જ્યારે સિદ્ધમાં એ ત્રણેનો સર્વથા અભાવ છે, અહાહા...! સિદ્ધ ભગવાન છે તે ભવ્ય પણ નથી; અભવ્ય પણ નથી; આ પર્યાયની વાત છે. ભવ્યત્વ એટલે મોક્ષ હોવાને લાયક, મોક્ષ તો થઈ ગયો માટે ભવ્યત્વનો સિદ્ધને અભાવ છે; અને અભવ્યને તો મોક્ષ છે જ નહિ.

સંસારી પ્રાણીને શુદ્ધનયથી જોઈએ તો દશભાવપ્રાણ નથી. પાંચ ભાવેન્દ્રિયો, મન-વચન-કાયાના નિમિત્તે કંપનદશા, શરીરમાં રહેવાની યોગ્યતારૂપ આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ થવાની પર્યાયની યોગ્યતા-એમ દશ અશુદ્ધ ભાવપ્રાણ બધા સંસારી જીવોને શુદ્ધનયથી નથી. અને સિદ્ધોને તો સર્વથા દશપ્રાણરૂપ જીવત્વ નથી. તેમ જ ભવ્યત્વ-અભવ્યત્વનો પણ સિદ્ધ ભગવાનને અભાવ છે, કેમકે જ્યાં સાક્ષાત્ મોક્ષદશા છે ત્યાં મોક્ષ થવાની લાયકાત ભવ્યત્વ ક્યાં રહ્યું? અને અભવિને તો મોક્ષ છે જ ક્યાં? આ પ્રમાણે ભવ્યત્વ-અભવ્યત્વને પણ ભેદરૂપ વ્યવહાર ગણીને અશુદ્ધ પારિણામિકભાવ કહ્યા.

આત્માનો સાચો પ્રાણ અને એનું સાચું જીવન તો શુદ્ધ ચેતના છે; એને દશપ્રાણ કહ્યા એ તો વ્યવહારથી છે, પણ તે કાંઈ આત્માનું પરમાર્થ જીવન નથી. તેના વગર પણ આત્મા જીવી શકે છે. જુઓ, સિદ્ધને પૂર્વે (સંસારદશામાં) દશ પ્રાણ હતા, પણ હમણાં તો તે સર્વથા જ નથી, દ્રવ્ય-ગુણમાં તો પહેલેથી જ ન હતા, હવે પર્યાયમાં પણ તેનો અભાવ થયો. અહો! ભગવાન સર્વજ્ઞદેવે કહેલું તત્ત્વ પરમ અલૌકિક છે. ભાઈ! અહા! દ્રવ્ય-પર્યાયનું ને પાંચ ભાવોનું સ્વરૂપ સમજાવીને મોક્ષનો ઉપાય ને મોક્ષ કેમ સધાય તે આચાર્યદેવે બતાવ્યું છે. અહા! વીતરાગી સંતોનો મહા-મહા ઉપકાર છે.

હવે કહે છે- 'તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક "દેશઘાતી" અને "સર્વઘાતી" એવાં નામવાળું મોહાદિકર્મ-સામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું.'

જુઓ, દશભાવપ્રાણરૂપ અશુદ્ધ જીવત્વ ભવ્યત્વ અને અભવ્યત્વ-એ ત્રણમાં, મોક્ષ થવાની લાયકાતરૂપ ભવ્યત્વલક્ષણ પારિણામિકભાવ છે. તેને કહે છે, સમ્યક્ત્વાદિ ગુણોનું ઘાતક 'દેશઘાતી' ને 'સર્વઘાતી' નામવાળું મોહાદિકર્મસામાન્ય

પર્યાયાર્થિકનયે ઢાંકે છે. અહીં દ્રવ્ય ઘાતીકર્મ ન લેતાં ભાવઘાતીકર્મ ઢાંકે છે એમ સમજવું; દ્રવ્યઘાતીકર્મ તો જડ છે, બાહ્ય નિમિત્ત છે. સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક તો અંદરમાં મોહાદિ ભાવઘાતી કર્મ છે અને તે ભવ્યત્વલક્ષણ પારિણામિક ભાવને પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. અહા! આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરની વાણીમાંથી સાર-સાર માખણ તારવીને જૈનદર્શનનું રહસ્ય આચાર્યદેવે જગતને આપ્યું છે.

કહે છે-જે ભવ્યત્વલક્ષણ પારિણામિકભાવ છે તેને સમ્યક્ત્વાદિ ગુણોનું ઘાતક 'દેશઘાતી-સર્વઘાતી' નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે. એટલે શું? કે પર્યાયમાં ઢાંકણ છે પણ શુદ્ધ વસ્તુમાં નથી. વસ્તુ શુદ્ધપારિણામિકભાવરૂપ સદા નિરાવરણ એકરૂપ છે. શુદ્ધ, દ્રવ્યાર્થિકનયે એમાં ઢાંકવું ને ઉઘડવું એવું કાંઈ છે જ નહિ. અહાહા...! આત્મા આનંદકંદ પ્રભુ ત્રિકાળ નિરાવરણ છે. તેમાં ઢંકાવું ને ઉઘડવું ક્યાં છે? છે જ નહિ. આવે છે ને કે- (પરમાત્મપ્રકાશમાં)

"आनंदं ब्रह्मणो रुपं निजदेहे व्यवस्थितम्
ध्यान हीना न पश्यन्ति जात्यंधा इव भास्करम्"

અહાહા...! નિજદેહમાં ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા (ભિન્ન) વિરાજે છે. તેને ધ્યાન વિનાના પુરુષો જોઈ શકતા નથી; જેમ સૂર્ય સદા વિદ્યમાન છે તેને જાતિઅંધ છે તેઓ જોઈ શકતા નથી તેમ ભગવાન આત્માનું લક્ષ જેમને નથી તેઓ તેને જોઈ શકતા નથી.

ઘુવડને કોઈએ પૂછ્યું-"એલા! સૂર્ય છે કે નહિ?" ત્યારે તે કહે -"જેને કોઈ દિ' નજરે ભાળ્યો નથી તે છે એમ કેમ કહું?" લ્યો, આવો મહા પ્રતાપવંત ઉજ્જ્વળ પ્રકાશનો ગોળો સૂર્ય છે તે ઘુવડને દેખાતો નથી. જાતિઅંધ છે ને! તેમ આત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ સદાય અંદર બિરાજે છે, પરંતુ એની દૃષ્ટિ (સમ્યક્દર્શન) વિના, એના ધ્યાન વિના તે દેખાતો નથી. જેમ જાતિઅંધને સૂર્ય દેખાય નહિ તેમ રાગ ને પર્યાયની રુચિવાળા જન્માંધને ચૈતન્યચમત્કાર પ્રભુ આત્મા દેખાતો નથી અર્થાત્ ભાવઘાતી આવરણ વડે પર્યાયનયે ઢંકાઈ ગયો છે. લ્યો, આવી વાત!

હવે કહે છે- 'ત્યાં. જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી "ઔપશમિક", "ક્ષાયોપશમિક" તથા "ક્ષાયિક" એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મભાષાથી "શુદ્ધાત્માભિમુખ પરિણામ", "શુદ્ધોપયોગ" ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.'

જુઓ, અહીં કાળાદિ-એમ પાંચે લબ્ધિની વાત કરી છે; એકલા કાળની વાત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, કાળલબ્ધિ, પુરુષાર્થ, સ્વભાવ, ભવિતવ્યતા અને તે જ સમયે નિમિત્ત-કર્મનાં ઉપશમાદિ-એમ પાંચે સમવાય એક સાથે જ હોય છે.

તો કળશટીકામાં (કળશ ૪ માં) સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે એમ કહ્યું છે-તે કેવી રીતે છે?

**સમાધાનઃ-** હા, ત્યાં કાળલબ્ધિની મુખ્યતાથી વાત કરી છે. સમકિતની પર્યાય પણ પોતાનું સહજ જ છે એમ ત્યાં કહેવું છે; બાકી તે જ કાળે પાંચે સમવાય એકી સાથે જ હોય છે. ઘણે ઠેકાણે પુરુષાર્થની મુખ્યતાથી વાત કરી હોય ત્યાં સમ્યક્ત્વ પ્રયત્નથી-પુરુષાર્થથી સિદ્ધ થાય છે એમ કહ્યું છે. એ તો વિવક્ષાભેદ છે; બાકી કાર્યકાળે પાંચે સમવાય એકી સાથે હોય છે.

આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો રસકંદ છે. અહાહા...! અતીન્દ્રિય આનંદનો દરિયો પ્રભુ આત્મા છે. એના સિવાય ત્રણકાળ-ત્રણલોકમાં આનંદરૂપ વસ્તુ બીજી કોઈ નથી. અહા! પણ અજ્ઞાની જીવ પોતે આનંદસ્વરૂપ છે તેને ન માનતાં બહારમાં બીજે આનંદ છે એમ માને છે. મારાં કોઈ વખાણ કરે તો મને મઝા પડે, મને કોઈ મોટો કહે તો મઝા પડે, કોઈ પૈસાવાળો કહે તો મઝા પડે, કોઈ મને જ્ઞાની પંડિત કહે તો મઝા પડે-એમ અનેક પ્રકારે તે મિથ્યા કલ્પના કરે છે. પણ ભાઈ! તારો આનંદ બહારમાં ક્યાંય નથી; તારા આનંદની ધ્રુવ ખાણ તો અંદર ચિદાનંદ પ્રભુ તું પોતે જ છો. અહા! આવી વાત પોતાની ચીજને પામવા માટે કાળલબ્ધિવશે જ્યાં સ્વભાવની રુચિ કરે છે ત્યાં (તત્કાલ જ) અંતઃપુરુષાર્થ જાગે છે, કાળલબ્ધિ પાકે છે, ભવિતવ્ય જે સમકિત પ્રગટ થવાયોગ્ય છે તે થાય છે અને ત્યારે કર્મના ઉપશમાદિ પણ થાય છે; આ પ્રમાણે પાંચે સમવાય એકી સાથે જ હોય છે.

પહેલાં અનાદિથી મોહકર્મના વશે પરિણમતાં જીવને પોતાના સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત થતો હતો એટલે મોક્ષના કારણરૂપ ત્રણ ભાવો તેને ન હતા. અજ્ઞાનદશામાં મિથ્યાત્વાદિ-સર્વઘાતી ને દેશઘાતી-કર્મો તેના સમ્યક્ત્વાદિ ગુણોને ઘાતવામાં-ઢાંકવામાં નિમિત્ત થતા હતા. પણ હવે સદ્‌ગુરુના ઉપદેશનું નિમિત્ત પામીને જ્યાં શુદ્ધ પારિણામિકરૂપ પરમ સ્વભાવભાવની સન્મુખ થઈ તેની ભાવનારૂપ પરિણત થયો ત્યાં મોક્ષના કારણરૂપ એવા ઔપશમિકાદિ ભાવો પ્રગટ થાય છે; તેને પુરુષાર્થ, સ્વકાળ, કર્મનાં ઉપશમ આદિ પાંચે લબ્ધિઓ થઈ જાય છે અને આ ભવ્યત્વશક્તિની વ્યક્તિ છે. ભવ્યત્વ તો તે જીવમાં પહેલેથી હતું, પણ નિજસ્વભાવભાવનું ભાન થયું ત્યારે તે પાકરૂપ થઈને પરિણમ્યું; મોક્ષની જે યોગ્યતા હતી તે ત્યારે કર્મરૂપ થવા માંડી; ને હવે અલ્પકાળમાં મોક્ષદશા પ્રગટ થઈ જશે. લ્યો, આવી વાત!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહો! આ તો કોઈ અદ્‌ભુત અલૌકિક વાતો છે. કહે છે-જ્યારે કાળાદિલબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે જીવ સહજ-શુદ્ધ-પારિણામિકલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે. નિયમસારમાં (ગાથા-૧૫૭ માં) આવે છે ને કે-

"નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજન સંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે."

જેમ કોઈ દરિદ્ર માણસ નિધિને પામીને પોતાના વતનમાં ગુપ્તપણે રહી તેના ફળને ભોગવે છે. તેમ જ્ઞાની પરજનોના સંગને છોડીને સ્વરૂપમાં ગુપ્ત રહીને જ્ઞાન-નિધિને ભોગવે છે. આની ટીકામાં કહ્યું છે કે-

"સહજ પરમતત્ત્વજ્ઞાની જીવ કવચિત્ આસન્નભવ્યના (આસન્નભવ્યતારૂપ) ગુણનો ઉદય થતાં સહજ વૈરાગ્યસંપત્તિ હોતાં, પરમ ગુરુના ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે મુક્તિસુંદરીના મુખના મકરંદ સમાન સહજજ્ઞાનનિધિને પામીને, સ્વરૂપવિકળ એવા પરજનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે."

જેમ કોઈ દરિદ્રીને મોટી કરોડોની નિધિ ભાગ્યવશ મળી જાય તો તે પોતાના વતનમાં જઈને તેને ગુપ્તપણે એકલો ભોગવે છે. એમ, કહે છે, હે, ભાઈ! તને પરમ અદ્‌ભુત જ્ઞાનનિધિ-જ્ઞાનનો સમુદ્ર જો પ્રાપ્ત થયો તો તેને એકલો (સ્વરૂપગુપ્ત રહીને) ભોગવજે. એમ કે કોઈ સાથે વાદવિવાદ કરીશ નહિ. જગતમાં સ્વસમય અને પરસમય એમ અનેક પ્રકારના જીવ છે. તેની સાથે વાદવિવાદમાં પડીશ નહિ, કેમકે વાદવિવાદથી આવી સ્વરૂપની વાત સમજાય એમ નથી. નિયમસાર ગાથા ૧૫૬ માં એ જ કહ્યું છે કે-

"णाणा जीवा णाणा कम्मं णाणाविहं हवे लद्धि।
तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो।।"

નાના પ્રકારનાં જીવો છે, નાના પ્રકારનું કર્મ છે, નાના પ્રકારની લબ્ધિ છે; તેથી સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) વચન-વિવાદ વર્જવાયોગ્ય છે.

ત્યારે કોઈ કહે છે- વિઘટન થયું છે તે અમે સંગઠન કરવા માગીએ છીએ.

પરંતુ ભાઈ! ભગવાન જિનેશ્વરનો આ માર્ગ એમ (વાદ કરવાથી) નહિ સમજાય. વાદવિવાદમાં એકને સાચા અને એકને ખોટા પાડવા છે તારે; પણ ત્યાં તું એક વાત કરવા જાય ત્યાં તે બીજી વાત કરશે. એમ કે વ્યવહારને શાસ્ત્રમાં સાધન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કહ્યું છે, તમે કેમ ના પાડો છો? તમે એકાંતે હઠ કરો છો. બાપુ! આમ આ વાતનો નિવેડો આમ આવે એમ નથી. વીતરાગભાવે ધીરજથી પોતે સમજવા માગે તો નિવેડો આવે, પણ તમે ખોટા અને અમે સાચા છીએ એમ સિદ્ધ કરવા માટે વાતચીત કરવાથી વિવાદ થાય અને વિવાદથી પાર પડે (સમજમાં આવે) એવી આ ચીજ નથી. અરે ભગવાન! અંદર તારું સત્ એવું છે કે એનો કાળ પાક્યો હોય અને પુરુષાર્થ કરી તું સ્વભાવનું ભાન કરે તો સહેજે આ સમજાય એવી ચીજ છે; વાદવિવાદથી કોઈને સમજાવી શકાય એવી ચીજ નથી.

સમાધિશતકમાં આવે છે કે-અરે! હું કોને સમજાવું? હું જેને સમજાવવા માગું છું એ સમજનારો આત્મા છે એ તો (આંખથી) મને દેખાતો નથી; અને આ જે દેખાય છે એ તો જડ (શરીર) છે; તેને હું શું સમજાવું? માટે હું સમજાવું એવો જે મારો વિકલ્પ છે તે પાગલપણું છે, ચારિત્રદોષ છે. અહા! આવો મારગ! બાપુ! આ તો દિગંબર સંતોની વાણી! ભારે કુશાગ્ર; તેમાં આ કહે છે-વાણીથી તને જ્ઞાન થાય એવો ભગવાન! તું નથી. અહો! સંતોની આવી અલૌકિક ચમત્કારી વાતો છે.

અહીં કહે છે-જ્યારે કાળાદિલબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ શુદ્ધ પારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે. અહીં 'કાળાદિલબ્ધિના વશે' -એમ કહ્યું ત્યાં સ્વભાવવશે, પુરુષાર્થવશે એમ બધું સાથે લેવું. એકલા કાળની આ વાત નથી પણ પાંચે સમવાયની આમાં વાત છે. અહા! જ્યારે મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ આવે ત્યારે એની દ્રષ્ટિ સહજ શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવ ઉપર જાય છે અને ત્યારે તેને અંદરમાં સમ્યક્દર્શન પ્રગટ થાય છે. આવી વાત છે.

અહાહા...! આત્મદ્રવ્ય સહજ એક શુદ્ધ પરમપારિણામિકભાવલક્ષણ સદા પરમાત્મસ્વરૂપ ચિન્માત્ર વસ્તુ છે. અહા! આવા નિજ પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે જીવ પરિણમે એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. જુઓ, દેવ-ગુરુ-શાસ્ત્રનું ભેદરૂપ શ્રદ્ધાન એ કાંઈ વાસ્તવિક શ્રદ્ધાન-સમકિત નથી; અને શાસ્ત્રનું જ્ઞાન તે કાંઈ વાસ્તવિક સમ્યગ્જ્ઞાન નથી, પણ પોતે સદાય અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ કારણ પરમાત્મા વિરાજી રહ્યો છે તેના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમવું તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે.

એક પ્રશ્ન થયો હતો કે- તમે કારણપરમાત્મા-કારણપરમાત્મા કહ્યા કરો છો, તો કારણ હોય તો કાર્ય આવવું જોઈએ ને?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યારે કહ્યું કે-ભાઈ! કારણપરમાત્મા તો અંદર ત્રિકાળ એક જ્ઞાયકભાવપણે બિરાજી રહ્યો છે પણ એને અંતર્મુખપણે પ્રતીતિમાં આવે ત્યારે 'હું કારણપરમાત્મા છું' – એમ ભાન થાય ને? પ્રતીતિમાં આવ્યા વિના એને કારણપરમાત્મા ક્યાં છે? ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ નિજ પરમાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન થાય તેને 'હું કારણ પરમાત્મસ્વરૂપ છું' -એમ ભાસે છે ને તેને કાર્ય (કાર્ય પરમાત્મા) પ્રગટે છે. જે એક સમયની પર્યાય અને રાગની શ્રદ્ધામાં રહ્યો છે તેને કારણપરમાત્મા કેમ ભાસે? તેને કાર્ય ક્યાંથી પ્રગટે?

એ તો ગાથા (સમયસારમાં) ૧૭-૧૮ માં આવી ગયું કે-આબાળગોપાળ બધા આત્માઓને વર્તમાન જે જ્ઞાનપર્યાય છે તેમાં નિજ પરમાત્મદ્રવ્ય જ ભાસે છે, પણ અજ્ઞાનીઓની દૃષ્ટિ ત્યાં નથી. અહા! આખું દ્રવ્ય પોતાના જ્ઞાનમાં જણાય એવી પોતાની ચીજ છે કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. પણ એની (-અજ્ઞાની જીવની) દૃષ્ટિ સ્વ ઉપર નથી પણ પર ઉપર છે, પર્યાય અને રાગ ઉપર છે. તેથી જે નિજ પરમાત્મદ્રવ્ય જણાય છે તેનો તે અનાદર કરે છે અને રાગ અને અંશમાત્ર હું છું એમ તે માને છે. હવે આવી વાત છે ત્યાં એને કાર્ય કેમ પ્રગટે?

કળશટીકામાં આવે છે કે-જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે, કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ તે સમ્યક્ત્વ છે. એક સમયની પર્યાય અને રાગ જેટલો આત્માને માને તેને આત્મા મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે, કેમકે જીવતી જ્યોત નિજ પરમાત્મદ્રવ્ય તેની સન્મુખ થઈને તેનો એને સ્વીકાર નથી. સ્વભાવથી વિમુખ થઈને રાગ અને વર્તમાન પર્યાયનો સ્વીકાર કરનાર જીવ મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. ૧૧ અંગ અને નવપૂર્વનો ઉઘાડ ભલે હોય, તે વિકાસમાં સંતુષ્ટ થઈ જે રોકાઈ ગયો છે તે જીવ સ્વભાવને ભૂલીને મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. અરે! અનંતકાળમાં એણે સ્વભાવની દૃષ્ટિ કરી જ નથી!

અહીં કહે છે-ત્રિકાળ આનંદસ્વરૂપ પોતે પરમાત્મદ્રવ્ય છે, તેના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ પર્યાયે જીવ પરિણમે તે ભવ્યત્વ શક્તિની અર્થાત્ મોક્ષમાર્ગની યોગ્યતારૂપ શક્તિની વ્યક્તિ છે અને તે ધર્મ છે. અરે! પોતે આવો અંદર ભગવાનસ્વરૂપ છે એનાં ગાણાંય કદી એણે સાંભળ્યાં નથી! પણ ભાઈ! જો અંદર શક્તિએ ભગવાનસ્વરૂપ ન હોય તો પર્યાયમાં આવશે ક્યાંથી? બહારમાં તો કાંઈ છે નહિ. બહારમાં તું ભગવાનની (અર્હંતાદિની) ભક્તિ કરે, પૂજા કરે કે સમ્મેદશિખરની જાત્રા કરે, પણ એનાથી ધર્મ થાય એવું ધર્મનું સ્વરૂપ નથી, કેમકે એ તો માત્ર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શુભરાગ છે. અહીં શુભ છોડીને અશુભ કરો એ વાત નથી. ધર્મીને વિશેષે શુભભાવ આવે છે, પણ તે ધર્મ વા ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ તો જે સ્વદ્રવ્યના-નિજપરમાત્મદ્રવ્યના આશ્રયે પરિણમવું છે તે છે. અરે ભાઈ! તું એકવાર તેને (સ્વ-દ્રવ્યને) જોવાની ભાવના તો કર!

જુઓ, એક રાજવીનાં રાણી ઓઝલમાં રહેતાં. એક વખતે રાણીસાહેબા ઓઝલમાંથી બહાર નીકળ્યાં તો તેને જોવા માટે લોકોનાં ટોળે ટોળાં ઉમટી પડયાં. એમ, અહીં કહે છે, આ ભગવાન આત્મા અનાદિકાળથી રાગ અને પર્યાયબુદ્ધિના ઓઝલમાં પડયો છે. એને જોવા માટે એક વાર અંતર્મુખ થઈ પ્રયત્ન તો કર. ભાઈ! તારા સંસારના-દુઃખના નાશનો આ એક જ ઉપાય છે.

ઓહો! આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ સદા પરમાત્મસ્વરૂપે અંદર પ્રગટ મોજુદ છે. તેને ભૂલીને અરે! તું બહારથી સુખ મેળવવા ઝાવાં નાખે છે! અહીંથી સુખ લઉં કે ત્યાંથી સુખ લઉં, રાજપદમાંથી સુખ લઉં કે દેવપદમાંથી સુખ લઉં-એમ તું ઝાવાં નાખે છે, પણ સુખનિધાન તો તું પોતે જ છો ને પ્રભુ! માટે આવા ભિખારીવેડાં-રાંકાઈ છોડી દે, અને અંદર તારા પરમાત્મદ્રવ્યને જો, તેથી સહજશુદ્ધ ચિદાનંદમય પરમાત્મદ્રવ્યની પ્રતીતિ થઈને નિરાકુળ સુખની પ્રાપ્તિ થશે.

અહીં, કાળાદિલબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે એમ કહ્યું એમાં એકલો કાળ વા અન્યરૂપ કાળ ન લેવો, પણ પાંચે સમવાય એકસાથે જ છે એમ યથાર્થ સમજવું. અહા! મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ હોય ત્યારે-

૧. ચિદાનંદઘનસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તે સ્વભાવ થયો,

૨. ચિદાનંદઘનસ્વભાવની દૃષ્ટિ થઈ તે સ્વભાવ તરફનો પુરુષાર્થ થયો,

૩. તે જ કાળે આ (નિર્મળ) પર્યાય થવાનું જ્ઞાન થયું તે કાળલબ્ધિ થઈ,

૪. આ જે (નિર્મળ) ભાવ તે કાળે થયો તે થવાનો હતો તે જ થયો તે ભવિતવ્ય, અને

૫. ત્યારે પ્રતિકૂળ નિમિત્તનો અભાવ થયો તે નિમિત્ત થયું.

આ પ્રમાણે પાંચે સમવાય એક સાથે હોય છે એમ જાણવું.

વસ્તુતઃ જેને જે પર્યાય થવાની હોય તેને તે કાળે તે જ પર્યાય થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય પણ નિજ જન્મક્ષણે ઉત્પન્ન થાય છે. તે પર્યાયની ઉત્પત્તિનો તે નિયત કાળ છે. પ્રવચનસાર ગાથા ૧૦૨ માં પર્યાયની ઉત્પન્ન થવાની તેની જન્મક્ષણ હોવાની વાત આવે છે. લ્યો, આવી બહુ ઝીણી વાત ભાઈ! આ તો સર્વજ્ઞ

પરમેશ્વરના ઘરની વાતો બાપા! અરે! લોકોને આવું સાંભળવાય મળ્યું ન હોય ને એમ ને એમ નપુંસકની જેમ જિંદગી ચાલી જાય. શું થાય?

આ કરોડપતિ ને અબજોપતિ બધા મોટા નપુંસક છે. શું કીધું? અમે આ કરીએ ને અમે તે કરીએ-એમ રાગ અને પુણ્ય-પાપના વિકારને રચવામાં જેણે વીર્ય રોક્યું છે. પરમાત્મા કહે છે, એ બધા મહા નપુંસક છે. જુઓ, પરપદાર્થની રચના તો કોઈ કરી શકતું નથી કેમકે જગતના પદાર્થો સર્વ સ્વતંત્ર છે. પરંતુ જે વીર્ય પુણ્ય-પાપને રચે, શુભાશુભ રાગને રચે તે નપુંસક વીર્ય છે. કેમ? કેમકે તેને ધર્મની પ્રજા પાકતી નથી. જેમ નપુંસકને પ્રજા ન થાય તેમ શુભાશુભભાવની રચનાની રુચિમાં પડયો છે તેને ધર્મની પ્રજાની ઉત્પત્તિ થતી નથી. હવે આવી વાત દુનિયાને મળી નથી. ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી પરમ સત્ય વાત છે.

કહે છે-વિભાવમાં જે વીર્ય રોકાતું હતું તે જ્યારે સ્વભાવસન્મુખ થયું ત્યારે તેને ભવ્યશક્તિની વ્યક્તિ થાય છે. આ લીંડીપીપર આવે છે ને? પીપર-પીપર, તે રંગે કાળી અને કદમાં નાની હોય છે પણ તેમાં ૬૪ પહોરી અર્થાત્ પૂરણ સોળઆની તીખાશ અંદર શક્તિરૂપે ભરી છે. તેને ઘૂંટવાથી તેમાંથી ૬૪ પહોરી તીખાશ બહાર પ્રગટ થાય છે. ભાઈ! આ તો અંદર શક્તિ છે તે પ્રગટ થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. લાકડા કે કોલસાને ઘૂંટો તો તેમાંથી તીખાશ પ્રગટ નહિ થાય, તેમાં તીખાશ ભરી નથી તો ક્યાંથી પ્રગટ થાય? તેમ ભગવાન આત્મા અંદર ૬૪ પહોર અર્થાત્ સોળઆની પૂરણ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલું સત્ત્વ છે. તે સ્વભાવની સન્મુખ થઈને પરિણમતાં શક્તિની નિર્મળ વ્યક્તિ થાય છે. અંદર શક્તિ તો વિદ્યમાન છે જ, તે શક્તિની સન્મુખ થઈ, તેનો સ્વીકાર, સત્કાર અને આદર જ્યાં કર્યો કે તત્કાલ તે પર્યાયમાં વ્યક્તરૂપે પ્રગટ થાય છે. આનું નામ ધર્મ ને મોક્ષમાર્ગ છે.

અહાહા...! કહે છે- 'ત્યાં જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવ લક્ષણ નિજ-પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી "ઔપશમિક", "ક્ષાયોપશમિક" તથા "ક્ષાયિક" એવા ભાવત્રય કહેવાય છે અને અધ્યાત્મભાવથી "શુદ્ધાત્માભિમુખ પરિણામ", "શુદ્ધોપયોગ" ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.'

જુઓ, સ્વભાવવાન વસ્તુ છે તે લક્ષ્ય છે અને શુદ્ધ સ્વભાવભાવ તે લક્ષણ છે, આત્મા એક જ્ઞાયકભાવમાત્ર વસ્તુ સહજ શુદ્ધ પારિણામિકભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય છે. ખૂબ સૂક્ષ્મ વસ્તુ પ્રભુ! એને જાણ્યા વિના અવતાર કરી કરીને અનંતકાળ એ આથડી મર્યો છે. અરે! અનંતવાર એણે જૈન સાધુપણું લીધું, મહાવ્રત પાળ્યાં,

દયા પાળી, બાયડી-છોકરાં, દુકાન-ધંધા છોડયા પણ ભ્રાંતિ ન છોડી, આત્મજ્ઞાન ન કર્યું. રાગ અને અલ્પદશા તે હું નહિ, હું તો પૂરણ વીતરાગ-સર્વજ્ઞસ્વભાવી સહજ શુદ્ધપારિણામિકભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય છું એમ અંતર્મુખ દૃષ્ટિ ન કરી.

અહાહા...! વસ્તુ આત્મા સહજ શુદ્ધપારિણામિકભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય છે, બાપુ! આ તો ઝેર ઉતારવાના મંત્રો છે. જેમ સર્પ કરડે અને ઝેર ચઢે તો તે મંત્રદ્વારા ઉતરી જાય તેમ રાગની એકત્વબુદ્ધિનાં એને અનાદિથી ઝેર ચઢેલાં છે તે ઉતારવાના આ મંત્રો છે. આ પુણ્યભાવ અને પુણ્યનાં ફળ જે ધૂળ (પૈસા આદિ) મળે તે મારાં એવી માન્યતા એ ભ્રાંતિ-મિથ્યાત્વનું ઝેર છે. અહા! તે મિથ્યાત્વના ઝેરે તેના સહજશુદ્ધસ્વભાવનો ઘાત કર્યો છે.

તો શું કર્મોએ ઘાત કર્યો છે એમ નહિ?

**ઉત્તરઃ-** ના કર્મોએ ઘાત કર્યોનથી. પૂજામાં આવે છે ને કે-

"કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહૈ ઘનઘાત, લોહકી સંગતિ પાઈ."

ભાઈ! કર્મનાં રજકણ તો જડ બીજી ચીજ છે, એ તો આત્માને અડતાંય નથી ત્યાં એ શું ઘાત કરે? પોતાના સ્વભાવની વિપરીત માન્યતા તે સ્વભાવનો ઘાત કરનારી ચીજ છે અને તેને મિથ્યાત્વ કહે છે. લ્યો, હવે આવી વાત સમજવા રોકાય નહિ ને વખત રળવા-કમાવામાં ગુમાવી દે. પણ એમાં શું છે? પુણ્યોદય હોય તો કરોડો કમાય પણ એ તો ધૂળની ધૂળ છે. સમજાણું કાંઈ... ...?

ભાઈ! આ તો તારું સત્યાર્થ સ્વરૂપ શું છે તે આચાર્યદેવ બતાવે છે. આ શક્કરિયાનો દાખલો ઘણીવાર આપીએ છીએ ને? જેમ શક્કરકંદ, તેના ઉપર ઝીણી લાલ છાલ છે તેને નજરમાં ન લ્યો તો, અંદર એકલી સાકરની મીઠાશનો પિંડ છે. સાકરની મીઠાશનો પિંડ છે એટલે તો એને શક્કરકંદ કહેવામાં આવે છે. અહાહા...! તે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, ઉપર પર્યાયમાં શુભાશુભભાવરૂપ જે લાલ છાલ છે તેને લક્ષમાં ન લ્યો તો, અંદર એકલા જ્ઞાનાનંદરૂપ અમૃતરસનો પિંડ છે. અહાહા...! શુભાશુભભાવની છાલ પાછળ અંદર ભગવાન! તું એકલા જ્ઞાનાનંદરસનો દરિયો ભર્યો છો. અહા! આવું પૂરણ પરમાત્મસ્વરૂપ એને કેમ બેસે? ભાઈ! આ ભગવાન જે પર્યાયમાં પરમાત્મા થઈ ગયા એની વાત નથી હોં; આ તો અંદર સ્વભાવરૂપ નિજપરમાત્મદ્રવ્યની વાત છે. તીર્થંકરાદિ પર પરમાત્માનું લક્ષ કરીશ તો તો તને રાગ જ થશે. 'परदव्वादो दुग्गइ' એવું શાસ્ત્રવચન છે. પરદ્રવ્ય પ્રત્યે લક્ષ જાય એ દુર્ગતિ છે ભાઈ!

ત્યારે કેટલાક વાંધો ઉઠાવે છે કે-વ્યવહારથી નિશ્ચય થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને કહીએ છીએ કે તારી માન્યતા યથાર્થ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિના પરિણામ વડે પુણ્યબંધ થાય છે, ધર્મ નહિ. શુભરાગ-મંદરાગના પરિણામ ધર્મનું કારણ નથી. શુભરાગ ધર્મ નહિ. ધર્મનું કારણેય નહિ.

ત્યારે તે કહે છે-શાસ્ત્રમાં શુભરાગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે.

હા, કહ્યું છે; પણ તેનો અર્થ શું? ચિદાનંદઘન સહજશુદ્ધ પારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યનું જેને અંતરમાં ભાન વર્તી રહ્યું છે એવા ધર્મી જીવને શુભના કાળે અશુભ (મિથ્યાત્વાદિ) ટળી ગયેલ છે અને ક્રમે કરીને (વધતા જતા અંતઃપુરુષાર્થ અને વીતરાગતાને કારણે) શુભને પણ તે ટાળી દે છે એ અપેક્ષાએ એના શુભરાગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે. ત્યાં ખરેખર તો ક્રમે વધતી જતી વીતરાગતા જ મોક્ષનું પરંપરા કારણ છે, પણ તે તે કાળમાં અભાવરૂપ થતો જતો શુભરાગ આવો હોય છે તેનું જ્ઞાન કરાવવા ઉપચારથી તેને મોક્ષનું પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. ખરેખર તે કાંઈ મોક્ષનું કારણ વા પરંપરા કારણ છે એમ નથી, ખરેખર તો રાગ અનર્થનું જ કારણ છે; તે અર્થનું-હિતનું કારણ કેમ થાય? કદીય ન થાય. આવી વાત છે. જગત માને કે ન માને, આ સત્ય છે.

અરે! એ અનાદિકાળથી રખડી મર્યો છે. પોતાનું સત્ કેવડું મોટું અને કેટલા સામર્થ્યવાળું છે એની એને ખબર નથી. અહીં કહે છે-ભગવાન! તું પોતે સહજ શુદ્ધપારિણામિકભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય છો. બહિરાત્મા. અંતરાત્મા અને પરમાત્મા-એ તો પર્યાયની વાત છે; એ વાત આ નથી. આ તો પોતે શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન ત્રિકાળી ધ્રુવ પરમાત્મ-દ્રવ્ય છે એની વાત છે. અરે! અનંતકાળમાં એને આત્માનું પ્રમાણ નામ માપ કરતાં આવડયું નથી; એનાં માપલાં જ ખોટાં છે.

જુઓ, એક રવિવારની રજાના દિવસે એક નાના છોકરાનો બાપ ૫૦ હાથ આલપાકનો તાકો ઘેર લઈ આવ્યો પેલા છોકરાને થયું કે હું એને માપું. એણે પોતાના હાથથી ભરીને માપ્યો અને એના બાપને કહ્યું- 'બાપુજી, આ કાપડનો તાકો તો ૧૦૦ હાથનો છે.' ત્યારે તેના બાપે સમજણ પાડી કે-ભાઈ! આ તારા નાનકડા હાથનાં માપ અમારા વેપારના કામમાં જરાય ન ચાલે. તેમ પરમ પિતા સર્વજ્ઞ પરમેશ્વર કહે છે-ભાઈ! ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનું માપ તારી મતિ-કલ્પનાથી તું કરવા જાય પણ મોક્ષના મારગમાં તારું એ માપ ન ચાલે. તારા કુતર્ક વડે ભગવાન ચૈતન્યમૂર્તિસ્વરૂપ આત્માનું માપ નહિ નીકળે, ભાઈ! અરે ધર્મના બહાને વ્રત, ભક્તિ, પૂજા, દયા, દાન આદિ શુભરાગમાં રોકાઈને લોકો ઉંધા રસ્તે ચઢી ગયા છે. એ ભાવ (-શુભભાવ) અશુભથી બચવા પૂરતો હોય છે ખરો, પણ તે ભાવ ધર્મ કે ધર્મનું કારણ છે એમ કદીય નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અહીં કહે છે-સહજ શુદ્ધ નિજપરમાત્મદ્રવ્યનું અંતઃશ્રદ્ધાન કરવું એનું નામ સમ્યગ્દર્શન છે. શું કીધું? આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભેદરૂપ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન એમ નહિ, કેમકે એ તો રાગ છે. આ તો 'અપ્પા સો પરમ અપ્પા' અર્થાત્ ભગવાન આત્મા અંદર સદા પરમાત્મસ્વરૂપે વિરાજે છે, તેની સન્મુખ થઈને જેવી અને જેવડી પોતાની ચીજ છે તેવી અને તેવડી એની પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવી હું આ (-શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન પરમજ્યોતિ સુખધામ) છું એવી પ્રતીતિ કરવી એનું નામ અંતઃશ્રદ્ધાન છે. એને આત્માનું અંતઃશ્રદ્ધાન કહો, રુચિ કહો કે સમ્યગ્દર્શન કહો-એક જ વાત છે. સમજાણું કાંઈ....?

વળી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવતાં નિજપરમાત્મદ્રવ્યનું જે પરિજ્ઞાન થયું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. ઘણા શાસ્ત્રોનું જ્ઞાન-ભણતર તે સમ્યગ્જ્ઞાન એમ નહિ, કેમકે એ તો પરલક્ષી જ્ઞાન છે. આ તો પોતે અંતરમાં ભગવાન આત્મા પૂરણ એક જ્ઞાનસ્વભાવી પરમાત્મદ્રવ્ય છે. તેની સન્મુખતા થતાં 'હું આ છું' -એમ જ્ઞાન થવું એનું નામ આત્મજ્ઞાન-સમ્યગ્જ્ઞાન છે. દશામાં ભલે રાગ હો, અલ્પજ્ઞતા હો, વસ્તુ પોતે અંદર પૂરણ પરમાત્મસ્વરૂપ છે. આવા પોતાના પરમાત્મસ્વરૂપનું જ્ઞાન થવું તેને સમ્યગ્જ્ઞાન કહે છે. લ્યો, આવો વીતરાગનો મારગ લૌકિકથી ક્યાંય મેળ ન ખાય એવો છે.

ઓહો! 'નિજપરમાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન' -એમ કહીને એક સમયની પર્યાય; કે રાગ કે દેવ-શાસ્ત્ર-ગુરુ-કોઈ એના શ્રદ્ધાનનો વિષય જ નથી એમ સિદ્ધ કર્યું છે. ગજબ વાત છે ભાઈ! જેવું પોતાનું ત્રિકાળી સત્ છે તેવું તેનું શ્રદ્ધાન-જ્ઞાન થવું તેને અહીં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન કહ્યું છે. લ્યો, આવી ચુસ્ત-આકરી શરતો છે.

વળી નિજપરમાત્મદ્રવ્યનું અનુચરણ એનું નામ ચારિત્ર છે. મહાવ્રતાદિ પાળવાં એ ચારિત્ર એમ નહિ, કેમકે એ તો રાગ છે. આ તો ચિદાનંદઘન એવું જે સ્વસ્વરૂપ તેમાં ચરવું-રમવું એનું નામ સમ્યક્ચારિત્ર છે. ઓહો! અંદર આનંદનો નાથ પૂરણ જ્ઞાનાનંદસ્વરૂપે વિરાજે છે તેને અનુસરીને ચરવું, તેમાં રમવું અને તેમાં જ ઠરવું એને આત્મચરણ નામ સમ્યક્ચારિત્ર કહે છે.

પૂર્વે અનંતકાળમાં અનુભવી નથી એવી આ અપૂર્વ-અપૂર્વ વાતો છે. ભાઈ! તું એકવાર રુચિથી સાંભળ. અહીં કહે છે-જેણે અંતરમાં આત્માને ભાળ્યો છે, હું આ છું-એમ પ્રતીતિમાં લીધો છે એવો સમકિતી ધર્મી પુરુષ એને જ (આત્મદ્રવ્યને જ) અનુસરીને એમાં રમે એનું નામ સમ્યક્ચારિત્ર છે. જેણે પોતાનું અંતઃતત્ત્વ શું છે એ ભાળ્યું નથી, શ્રદ્ધયું નથી તે રમે તો શેમાં રમે? તે રાગમાં ને વર્તમાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પર્યાયમાં રમશે, અને એ તો મિથ્યાત્વભાવ છે. કોઈ મહાવ્રતના ભાવ પાળીને એને ધર્મ માને પણ બાપુ! એ ધર્મ નહિ, એ મિથ્યાત્વભાવ છે. બહુ આકરી વાત! પણ શું થાય? વસ્તુસ્વરૂપ જ એવું છે.

જેમ સોનું છે તે વસ્તુ છે; પીળાશ, ચીકાશ, વજન આદિ તેની શક્તિઓ છે; તેમાંથી કુંડળ, કડું, વીંટી વગેરે અવસ્થા થાય તેને પર્યાય કહેવાય છે. તેમ આ ભગવાન આત્મા સોના સમાન ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે; પરમપારિણામિકભાવ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ તેનો ભાવ છે; તેની જ્ઞાન, દર્શન આદિ નિર્મળ દશા પ્રગટ થાય તે પર્યાય છે. વસ્તુ ને વસ્તુનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવ છે, પર્યાય પરિણમનશીલ છે.

પ્રવચનસારમાં (ગાથા ૧૬૦) આવે છે કે- બાળ, યુવાન અને વૃદ્ધ એ તો શરીરની અવસ્થા છે; તેનો હું કર્તા નથી, કરાવનાર નથી, અનુમોદક નથી; તેમ તેનું હું કારણ પણ નથી. આ શરીરની યુવાન અવસ્થા હો કે વૃદ્ધ, સરોગ હો કે નિરોગ-એવી કોઈ પણ અવસ્થા હો-તેને મેં કરી નથી, કરાવી નથી, હું તેનો અનુમોદક નથી; તેમ તે તે અવસ્થાનું હું કારણ પણ નથી. અહા! આવો જે હું આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ પરમાત્મદ્રવ્ય છું. તેનું સમ્યક્ શ્રદ્ધાન થાય તે પર્યાય છે, તેનું સમ્યક્જ્ઞાન ને અનુચરણ થાય તે પર્યાય છે. આગમભાષાથી કથન કરીએ તો તેને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા ભાવત્રયપણે કહેવામાં આવે છે.

જેમ પાણીમાં મેલ નીચે બેસી જાય એટલે પાણી નીતરીને નિર્મળ થઈ ગયું હોય છે તેમ જેમાં કષાય દબાઈ ગયો હોય છે એવી પર્યાય નિર્મળ પ્રગટ થાય છે અને તે દશાને ઉપશમભાવ કહે છે. કંઈક નિર્મળતા અને હજુ મલિનતાનો અંશ પણ છે એવી દશાને ક્ષયોપશમભાવ કહે છે અને રાગનો જેમાં સર્વથા ક્ષય થઈ જાય એ પર્યાયને ક્ષાયિકભાવ કહે છે. આ ત્રણને ભાવત્રય કહેવામાં આવે છે. આ ત્રણ ભાવ મોક્ષમાર્ગરૂપ છે; તેમાં (મોક્ષમાર્ગમાં) ઉદયભાવ સમાતો નથી. આ વ્યવહારરત્નત્રયના પરિણામ જે ઉદયભાવ છે તે મોક્ષમાર્ગમાં સમાતા નથી. લ્યો, આવી વાત; પછી એનાથી (વ્યવહારથી) નિશ્ચય થાય એ વાત ક્યાં રહી? વાસ્તવમાં નિશ્ચય રત્નત્રય પરમ નિરપેક્ષ છે; તેમાં વ્યવહારરત્નત્રયની કોઈ અપેક્ષા નથી. (નિયમસારની બીજી ગાથામાં આ વાત આવી ગઈ છે.)

ભાઈ! આ વાત અત્યારે બીજે ક્યાંય ચાલતી નથી એટલે તને કઠણ લાગે છે પણ આ પરમ સત્ય છે. પં. શ્રી દીપચંદજી બસો વર્ષ પહેલાં થઈ ગયા. અધ્યાત્મપંચસંગ્રહમાં તેઓ લખી ગયા છે કે-બહાર જોઉં છું તો વીતરાગના આગમ પ્રમાણે કોઈની શ્રદ્ધા દેખાતી નથી, તેમ આગમના સિદ્ધાંતનું સ્પષ્ટ રહસ્ય કહેનારા કોઈ વક્તા પણ જોવામાં આવતા નથી; વળી કોઈને મોઢેથી આ વાત કહીએ તો કોઈ

તે માનતા નથી. માટે હું આ તત્ત્વની વાત લખી જાઉં છું.

**પ્રશ્નઃ-** હા, પણ ગુરુદેવ! અત્યારે શું સ્થિતિ છે?

**ઉત્તરઃ-** અત્યારે તો આ વાતની હા પાડનારા રુચિવાળા જીવો પાકયા છે. દિગંબરોમાંથી તેમ શ્વેતાંબરોમાંથીય હજારો લોકો આ વાત સમજતા થયા છે. જાણે આ વાતને સમજવાની જાગૃતિનો આ કાળ છે.

ઓહો! ભગવાન આત્મા ત્રિકાળી પરમસ્વભાવભાવરૂપ પરમપારિણામિકભાવ-લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય છે; તેનાં શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્રની જે નિર્મળ દશા પ્રગટ થાય તેને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એમ ભાવત્રય કહેવામાં આવે છે.

એ તો પહેલાં આવી ગયું કે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિકભાવ દ્રવ્યરૂપ છે. એ ચાર પર્યાયરૂપ ભાવોમાંથી ત્રણ ભાવથી મુક્તિ થાય છે અર્થાત્ ત્રણભાવ છે તે મોક્ષમાર્ગરૂપ છે, જ્યારે ચોથો ઔદયિકભાવ મોક્ષમાર્ગની બહાર છે અર્થાત્ ઔદયિકભાવથી મુક્તિ થતી નથી. હવે આવી વાત વ્યવહાર કરતાં કરતાં મોક્ષ થઈ જશે એમ માનનારા ઓલા વ્યવહારરસિયાઓને રુચતી નથી. પણ શું થાય? વ્યવહારનો જે રાગ છે તે ઔદયિકભાવ છે અને ઔદયિકભાવ મુક્તિનું-મોક્ષનું કારણ નથી.

એક મુમુક્ષુભાઈ કરોડપતિ છે, તે એકવાર એમ બોલ્યા, "મહારાજ! તમારી વાત મને એમ તો ઠીક લાગે છે, પણ મને એ ઘણા ભવ પછી સમજાશે." અરે ભાઈ! આ વાત ઠીક લાગે છે એને ઘણા ભવ કેમ હોય? માટે તું એમ કહે ને કે મને આમાં ઠીક લાગતું નથી. શું થાય? લોકોને આવું પરમ તત્ત્વ સમજવું કઠણ પડે છે. પણ બાપુ! આ તો દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્માથી આવેલી પરમ સત્ય વાત છે.

અહા! ચોરાશીના અવતારમાં ક્યાંય એકેન્દ્રિયાદિમાં રખડતાં રખડતાં માંડ આ મનુષ્યભવ મળ્યો છે. એમાં બહારમાં હો-હા કરીને રળવા-કમાવામાં એને તું વીતાવી દે તો જિંદગી એળે જાય.

પણ પૈસા-ધન તો મળે ને?

શું ધૂળ પૈસા મળે? એ તો પુણ્યોદય હોય તો ઢગલા થઈ જાય; પણ એમાં શું છે? એ તો ધૂળની ધૂળ છે બાપુ! જેનાથી જન્મ-મરણના ફેરા ન મટે એ ચીજ શું કામની? અહો! આવી સર્વજ્ઞ પરમેશ્વરની વાણી ભાગ્ય હોય તો કાને પડે. લોકો તો સંપ્રદાયમાં સાંભળવા જાય. પણ ખુલ્લું કરીને કહીએ તો સંપ્રદાયનાં શાસ્ત્રો છે તે ભગવાનનાં કહેલાં નથી, કલ્પનાથી લખાયેલાં છે; માટે એ વાણીથી ભ્રાંતિ ટળે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કદીય બને નહિ. લોકોને ઠીક પડે ન પડે, માર્ગ તો આવો છે ભાઈ! સર્વ જીવો પોતપોતામાં સ્વતંત્ર છે.

મહાવિદેહક્ષેત્રમાં અત્યારે સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા સીમંધરસ્વામી બિરાજે છે; પાંચસો ધનુષ્યનો તેમનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, ત્રિકાળજ્ઞાની છે ને પોતે તીર્થંકરપદમાં બિરાજે છે. બીજા લાખો કેવળી ભગવંતો પણ ત્યાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે, તેમાં આ કહે છે કે - આગમભાષાથી ઉપશમ આદિ એ જે ભાવત્રય કહેવાય છે તે મોક્ષનું કારણ છે, અને ઉદયભાવ તે મોક્ષનું કારણ નથી. શું કીધું? આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિ ને શુભવૃત્તિ ઉઠે છે તે રાગ છે, વિકાર છે અને તે મોક્ષનું-સુખનું કારણ નથી. ભાવપાહુડની ગાથા ૮૩માં કહ્યું છે કે વ્રત, પૂજા, ભક્તિ આદિ છે એ કાંઈ જૈનધર્મ નથી, વીતરાગતામય ધર્મ નથી; એ તો બધી રાગની ક્રિયાઓ છે, એના વડે પુણ્ય થાય છે, ધર્મ નહિ.

વાસ્તવમાં શુદ્ધ પારિણામિકભાવવિષયક જે ભાવના તે-રૂપ જે ઔપશમાદિક ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાથી શુદ્ધ ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનાં કારણ છે, ચાહે ઉપશમભાવ હો, ક્ષયોપશમભાવ હો કે ક્ષાયિકભાવ હો-એ ત્રણે ભાવ રાગના વિકલ્પથી રહિત શુદ્ધ છે અને તેથી તેને મોક્ષમાર્ગપણે ભાવત્રય કહેવામાં આવે છે.

પોતાની ચીજની ખબરેય ન મળે અને ઓઘે ઓઘે માને કે ભગવાનની ભક્તિ કરો તો ભગવાન મોક્ષ આપી દેશે. પણ ભાઈ! જરા વિચાર તો કર. ભગવાન તને શું આપશે? તારી ચીજ તો તારી પાસે પડી છે; ભગવાન તને ક્યાંથી આપશે? વળી ભગવાન તો પૂરણ વીતરાગ પ્રભુ નિજાનંદરસલીન પરિણમી રહ્યા છે. તેમને કાંઈ લેવું-દેવું તો છે નહિ તો તેઓ તને મોક્ષ કેમ આપશે?

તો ભગવાનને મોક્ષદાતાર કહેવામાં આવે છે ને?

હા, કહેવામાં આવે છે. એ તો ભગવાને પોતે પોતામાં પોતાથી નિજાનંદલીન થઈ મોક્ષદશા પ્રગટ કરી અને પોતાને જ તે દીધી તો તેમને મોક્ષદાતાર કહીએ છીએ. તથા કોઈ જીવ તેમને જોઈ, તેમનો ઉપદેશ પામી સ્વયં અંતર્લીન થઈ જ્ઞાનદર્શન પ્રગટ કરે તો તેમાં ભગવાન નિમિત્ત છે. તો નિમિત્તની મુખ્યતાથી ભગવાનને ઉપચાર માત્ર મોક્ષદાતાર કહેવામાં આવે છે, લ્યો, આવી વાત છે.

જુઓ, એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જે પ્રત્યક્ષ જાણે છે તે સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર છે; તેમને શરીરની દશા નગ્ન હોય છે. તેમને 'અરિહંત' ભગવાન કહેવામાં આવે છે. 'અરિહંત' એટલે શું? 'અરિ' નામ પુણ્ય ને પાપના વિકારી ભાવ; અને તેને જેઓએ હણ્યા છે તે અરિહંત છે. લ્યો, હવે પુણ્યભાવને જ્યાં અરિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અર્થાત્ વેરી કહ્યો છે ત્યાં તે ભાવ ધર્મ પ્રગટ થવામાં મદદ કરે એ કેમ બને? ભાઈ! હરકોઈ પ્રકારે આ સ્પષ્ટ છે કે એ પુણ્યભાવ ઔદયિકપણે છે અને તે મોક્ષનું કારણ નથી, મોક્ષના કારણરૂપ તો ઉપશમાદિ ભાવત્રય કહેવામાં આવ્યા છે.

વળી કહે છે-નિજપરમાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ જે પરિણામ છે તે અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ નામથી કહેવાય છે. જોયું? શું કહે છે? કે આત્માનું દર્શન, આત્માનું જ્ઞાન અને આત્માનું અનુચરણ એ ત્રણેય ભાવ શુદ્ધાત્માની સન્મુખના પરિણામ છે. લ્યો, આમ લોકોની વાતમાં અને આ વીતરાગતાના તત્ત્વની વાતમાં આવડો મોટો ફેર છે. આવે છે ને કે-

આનંદા કહે પરમાનંદા, માણસે માણસે ફેર;
એક લાખે તો ના મળે, એક તાંબિયાના તેર.

અહા! અજ્ઞાનીની માનેલી શ્રદ્ધામાં અને ભગવાન વીતરાગ પરમેશ્વરે કહેલા તત્ત્વની શ્રદ્ધામાં વાતે વાતે ફેર છે.

અહાહાહા....! સર્વજ્ઞદેવ ત્રિલોકીનાથ અરિહંત પરમાત્મા એમ ફરમાવે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે તે શુદ્ધાત્માભિમુખ છે, અર્થાત્ તે પરિણામ રાગથી તે પરથી વિમુખ અને સ્વભાવથી સન્મુખના પરિણામ છે. અહા! જેને આગમભાષાએ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવ કહીએ તે શુદ્ધાત્માભિમુખ અર્થાત્ સ્વભાવસન્મુખના પરિણામ છે અને તેને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ....?

અનંતકાળથી પ્રભુ! તું દુઃખી થવાના પંથે દોરાઈ ગયો છો. અહીં તને સુખી થવાનો પંથ બતાવે છે. શું કહે છે? કે પરથી વિમુખ અને સ્વથી સન્મુખ એવા નિજ પરિણામનું નામ મોક્ષનો મારગ છે. સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વર હોય તોપણ તેઓ તારા માટે પરદ્રવ્ય છે ભાઈ! તેમના પ્રતિ તને જે ભક્તિ હોય એનાથી વિમુખ અને એ રાગને જાણવાની એક સમયની પર્યાયથી પણ વિમુખ શુદ્ધ આત્મદ્રવ્યની સન્મુખના જે પરિણામ તેને ભગવાન મોક્ષનો મારગ ફરમાવે છે. સાવ અજાણ્યા માણસને તો આ પાગલના જેવી વાત લાગે. પણ શું કરીએ? નાથ! તને તારી ખબર નથી!

શુદ્ધ આત્મવસ્તુ સહજશુદ્ધપારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય છે. તેની સન્મુખના પરિણામને આગમભાષાથી ઉપશમાદિ ભાવત્રય કહીએ છીએ, અધ્યાત્મભાષાથી તેને શુદ્ધાત્માભિમુખ કહીએ છીએ અને તેને જ મોક્ષનો માર્ગ કહીએ છીએ. ભાઈ! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ છે તે તો ઔદયિકભાવ છે અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પરસન્મુખના ભાવ છે. તેથી તે ધર્મ નથી, તેમ ધર્મનું કારણેય નથી. સ્વાભિમુખ સ્વદશા જ એક મોક્ષનું કારણ છે, મારગ આવો સૂક્ષ્મ છે ભાઈ!

એક મોટા પંડિત એક કહેતા હતા કે પર્યાયમાં જો અશુદ્ધભાવ થાય તો આખું દ્રવ્ય અશુદ્ધ થઈ જાય.

અરે ભાઈ! તું શું કહે છે આ? શુદ્ધ આત્મદ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. ત્રિકાળી દ્રવ્ય કદીય અશુદ્ધ થતું જ નથી. પર્યાયમાં વિકાર-અશુદ્ધતા થાય છે. શુભાશુભ વખતે દ્રવ્યની પર્યાય તેમાં તન્મય છે. દ્રવ્યની પર્યાય અશુદ્ધતાથી તન્મય છે, પણ તેથી કાંઈ ત્રિકાળી દ્રવ્ય અશુદ્ધ થઈ જાય છે એમ નથી. પરિણામ ભલે શુભ કે અશુભ હો, તે કાળે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તો શુદ્ધ જ છે. અનાદિ-અનંત વસ્તુતત્ત્વ તો શુદ્ધ જ છે, અને જ્યાં શુભાશુભથી ખસીને જીવ ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિ કરે છે ત્યાં તત્કાલ જ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ...? પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ને ટચ, આટલું બસ ' -બસ આ વાત છે.

ઈંદોરના શેઠ સર હુકમચંદજી અહીં આવેલા; ૮૩ વર્ષની ઉંમરે દેહ છૂટી ગયો, તેઓ કહેતા હતા- 'તમે કહો છો એ માર્ગ તો બીજે ક્યાંય સાંભળવા મળતો નથી. તમે કહો છો એ હિસાબે તો ભાવલિંગી સાચા સંત વર્તમાનમાં કોઈ દેખાતા નથી.'

લોકોને આ વાત કઠણ પડે. કેટલાકને આમાં અપમાન જેવું લાગે. પણ બાપુ! આ તો વાસ્તવિકતા છે. તારી અવાસ્તવિક માન્યતા ટળે અને સત્યાર્થ વાત તને સમજાય એ હેતુથી આ તારા હિતની વાત કહેવાય છે. ભાઈ! કોઈના અનાદર માટેની આ વાત નથી; (આ તો સ્વસ્વરૂપના આદરની વાત છે).

આત્મા જે પરમભાવસ્વરૂપ ત્રિકાળી નિજ પરમાત્મદ્રવ્ય છે તેનું જે સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પરિણામ તેને 'શુદ્ધોપયોગ' પર્યાયસંજ્ઞાથી કહેવામાં આવે છે, અને તે સ્વાભિમુખ પરિણામ છે. પુણ્ય ને પાપના જે ભાવ થાય તે તો અશુદ્ધોપયોગ છે અને તે પરસન્મુખના પરિણામ છે. આત્માની સન્મુખના જે સ્વાભિમુખ પરિણામ છે તેને 'શુદ્ધોપયોગ' કહે છે અને તે શુદ્ધોપયોગ મોક્ષનો માર્ગ છે એમ કહેતાં જ વ્યવહારરૂપ જે શુભોપયોગ છે તે મોક્ષમાર્ગ નથી એમ તેમાં સ્પષ્ટ થઈ જાય છે.

અરે ભાઈ! તું થોડા દિ' શાંત ચિત્તે ધીરજથી આ વાત સાંભળ! બાપુ! આ કાંઈ વાદવિવાદ કરવાનો વિષય નથી, ને અમે કોઈથી વાદવિવાદમાં ઉતરતા પણ નથી. આ તો શુદ્ધ વીતરાગી તત્ત્વની જે અંતરની વાત છે તે કહીએ છીએ. બાકી વાદથી કાંઈ અંતરનું તત્ત્વ પમાય એમ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યમય અનંતગુણનિધાન પ્રભુ એક સમયમાં પરિપૂર્ણ વસ્તુ છે. તેની સન્મુખના પરિણામ થાય તેને અહીં શુદ્ધોપયોગ કહ્યો છે અને તેને જ મોક્ષમાર્ગ કહ્યો છે. વળી તેને જ શુદ્ધાત્મભાવના, શુદ્ધરત્નત્રય, વીતરાગતા, સ્વચ્છતા, પવિત્રતા, પ્રભુતા, સામ્યભાવ ઇત્યાદિ કહીએ છીએ. અહીં તો આ ચોકખી વાત છે. આ સિવાય (સ્વસન્મુખના પરિણામ સિવાય) દયા, દાન આદિના જે પરિણામ થાય તે કાંઈ વાસ્તવમાં જૈનધર્મ નથી. આ મંદિરમાં ને શાસ્ત્રના પ્રકાશનમાં લાખો રૂપિયાનું દાન લોકો આપે છે ને? અહીં કહે છે-એ ધર્મ નથી, બહુ આકરી વાત ભાઈ! એ રૂપિયા તો બધા પર જડ માટી-ધૂળ છે. એ તો પોતાના કાળમાં પોતાની ક્રિયાવતીશક્તિના કારણે આવે અને જાય. ત્યાં પરનો સ્વામી થઈને તું માન કે મેં પૈસા દાનમાં આપ્યા તો એ તો ભ્રમભરી તારી મૂઢમતિ છે.

શાંતિપ્રસાદ સાહૂજી પ્રાંતીજમાં આવ્યા હતા; ત્રણ વ્યાખ્યાન સાંભળી ગયા. ગયા વર્ષે આ શરીરને ૮૭ મું વર્ષ બેઠું ત્યારે જન્મ-જયંતિ વખતે દાદરમાં તેમણે ૮૭૦૦૦ ની રકમ તેમના તરફથી જાહેર કરી હતી. તે વખતે તેમને અમે કહેલું- શેઠ, દાન આપવામાં રાગ મંદ હોય તો પુણ્યબંધનું કારણ બને, પણ તે કાંઈ ધર્મનું કારણ નથી.

ભાઈ! ધર્મ તો એક શુદ્ધાત્મસન્મુખ પરિણામ જ છે. તેને અહીં શુદ્ધોપયોગ કહેલ છે. તેને શુદ્ધોપયોગ કહો, વીતરાગવિજ્ઞાન કહો, સ્વચ્છતાના પરિણામ કહો, અનાકુળ આનંદના પરિણામ કહો, શુદ્ધાત્માભિમુખ પરિણામ કહો કે શાંતિના પરિણામ કહો-તે આવા અનેક નામથી કહેવાય છે. અહાહા...! શાંતિ... શાંતિ.... શાંતિ... ભગવાન આત્મા પૂરણ શાંતિથી ભરેલું ચૈતન્યતત્ત્વ છે. તેની સન્મુખતાના જે પરિણામ થાય તે પણ શાંત.. શાંત... શાંત.. અકષાયરૂપ શાંત વીતરાગી શુદ્ધ પરિણામ છે. વસ્તુ પોતે પૂરણ અકષાય શાંતસ્વરૂપ છે, અને તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા-એ પણ અકષાયસ્વરૂપ શાંત... શાંત... શાંત છે; આને જ મોક્ષનો અર્થાત્ પૂરણ પરમાનંદની પ્રાપ્તિનો ઉપાય કહે છે. આ સિવાય બીજો કોઈ ઉપાય છે જ નહિ.

ભાઈ! અનાદિ-અનંત સદા એકરૂપ પરમસ્વભાવભાવસ્વરૂપ નિજપરમાત્મદ્રવ્ય તે ધ્રુવ ત્રિકાળ છે, ને મોક્ષમાર્ગ તે પરમસ્વભાવભાવના આશ્રયે પ્રગટેલી વર્તમાન પર્યાય છે. એક ત્રિકાળભાવ ને એક વર્તમાન પર્યાયભાવ; આવા દ્રવ્યપર્યાયરૂપ બન્ને સ્વભાવો વસ્તુમાં એકસાથે છે. વસ્તુ કદી પર્યાય વગરની હોય નહિ; દરેક સમયે તે નવી નવી પર્યાયે પરિણમ્યા કરે છે. તે પર્યાય જો અંતર્મુખ સ્વભાવભાવમાં ઢળેલી હોય તો તે મોક્ષનું કારણ છે, ને બહિર્મુખ પરભાવમાં ઢળેલી હોય

તો તે બંધનું કારણ છે. આમ બંધ-મોક્ષની રમતુ તારી પર્યાયમાં જ સમાય છે; બીજું કોઈ તારા બંધ-મોક્ષનું કારણ નથી. પોતાના પરમસ્વભાવમાં એકાગ્ર થઈને આનંદને અનુભવનારી ધ્રુવમાં ઢળેલી ને ધ્રુવમાં ભળેલી જે દશા થાય તે મોક્ષમાર્ગ છે અને તે ધર્મ છે. ધ્રુવસામાન્યને ધ્યેયમાં લઈને જે દશા પ્રગટી તે નવી છે; ધ્રુવ નવું નથી પ્રગટયું પણ નિર્મળ અવસ્થા નવી પ્રગટી છે, ને તે વખતે મિથ્યાત્વાદિ જૂની અવસ્થાનો નાશ થયો છે. નાશ થવું ને ઉપજવું તે પર્યાયધર્મ છે, ને ટકી રહેવું તે દ્રવ્યસ્વરૂપ છે. આવી વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ છે, અહો! દ્રવ્ય અને પર્યાયનું આવું અલૌકિક સત્યસ્વરૂપ સર્વજ્ઞભગવાને સાક્ષાત્ જોઈને ઉપદેશ્યું છે. અહા! આને સમજતાં તો તું ન્યાલ થઈ જાય અને તેના ફળમાં કેવળજ્ઞાન ફળે એવી આ અલૌકિક વાત છે!

નિજ પરમાત્મદ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગ છે, પરના આશ્રયે મોક્ષમાર્ગ નથી. શું કીધું? આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ ત્રણે સ્વાશ્રિત પરિણામ છે, તેમાં પરનું કે રાગનું અવલંબન જરાય નથી. તે ત્રણેય ભાવો શુદ્ધાત્માભિમુખ છે ને પરથી વિમુખ છે. આ રીતે મોક્ષમાર્ગ અત્યંત નિરપેક્ષ છે, પરમ ઉદાસીન છે. જેટલા પરસન્મુખના પરાશ્રિત રાગાદિ વ્યવહારભાવો છે તે કોઈપણ મોક્ષમાર્ગ નથી. સ્વાભિમુખ સ્વાશ્રિત પરિણામમાં વ્યવહારના રાગની ઉત્પત્તિ જ થતી નથી. માટે તે રાગાદિભાવો મોક્ષમાર્ગ નથી; જે સ્વાશ્રિત નિર્મળરત્નત્રયરૂપ ભાવ છે તે જ મોક્ષમાર્ગ છે, અને તે જ ધર્મ છે. તેને જ આગમ ભાષાથી ઉપશમાદિ ભાવત્રય કહેવામાં આવેલ છે.

આ પ્રમાણે પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ કોણ છે તે બતાવ્યું; તેનાં બીજાં અનેક નામોની ઓળખાણ કરાવી. હવે કહે છે-

'તે પર્યાય શુદ્ધપારિણામિકભાવ લક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.'

શું કીધું? કે જે શુદ્ધ પારિણામિકભાવલક્ષણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એનાથી તે મોક્ષમાર્ગની પર્યાય કથંચિત્ ભિન્ન છે. જે પરિણામને આગમભાષાએ ઉપશમ આદિ ભાવત્રયપણે કહ્યા અને અધ્યાત્મભાષાએ જેને શુદ્ધાત્માભિમુખ પરિણામ વા શુદ્ધોપયોગ પરિણામ કહ્યા તે પરિણામ ત્રિકાળી પરમસ્વભાવભાવરૂપ નિજ પરમાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જુઓ, મોક્ષમાર્ગનાં દ્રવ્યસંગ્રહમાં ૬૫ નામ આપ્યાં છે. એ બધાં સ્વસ્વભાવમય ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મદ્રવ્યના આશ્રયે પ્રગટેલા શુદ્ધોપયોગરૂપ પરિણામનાં નામાંતર છે. અહીં કહે છે-તે પરિણામ શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધ આત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે, ઝીણી વાત છે પ્રભુ!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગાદિ પુણ્ય-પાપના ભાવ તો ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્યથી ભિન્ન જ છે કેમકે રાગાદિ છે તે દોષ છે, ઉદયભાવ છે, ને બંધનું કારણ છે, જ્યારે ભગવાન આત્મા સદા નિર્દોષ, નિરપેક્ષ અને અબંધ તત્ત્વ છે. ભાઈ! આ વ્યવહારરત્નત્રયના ભાવ, દેવ-શાસ્ત્ર-ગુરુની ભેદરૂપ શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન ને પંચમહાવ્રતના પરિણામ ઇત્યાદિ જે મંદરાગના પરિણામ છે તે કર્મના ઉદયે ઉત્પન્ન થયેલા ઔદયિક ભાવ છે. તે ઉદયભાવ બંધનું કારણ છે અને તેથી તે પરિણામ શુદ્ધ આત્મદ્રવ્યથી ભિન્ન છે અર્થાત્ તે પરિણામમાં શુદ્ધ આત્મદ્રવ્ય નથી.

અહીં તો વિશેષ એમ કહે છે કે-પૂર્ણાનંદમય પરમાનંદમય એવો જે મોક્ષ છે તેનો ઉપાય જે શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગ તે ભાવ એક સમયની પર્યાયરૂપ છે અને તે ભાવ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્ર એ ત્રણે પર્યાય છે, શુદ્ધોપયોગ છે તે પર્યાય છે; એ પર્યાય, અહીં કહે છે, શુદ્ધપારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. અહા! જેમાં કાંઈ પલટના નથી, બદલવું નથી એવી પોતાની ત્રિકાળી ધ્રુવ ચીજ શુદ્ધ આત્મવસ્તુ જેને અહીં શુદ્ધ પારિણામિકભાવલક્ષણ કહી એનાથી સ્વાભિમુખ પ્રગટ થયેલા મોક્ષમાર્ગના પરિણામ કથંચિત્ ભિન્ન છે એમ કહે છે. અહો! જૈન તત્ત્વ બહુ સૂક્ષ્મ છે પ્રભુ!

કર્મોદયના નિમિત્તે જે ભાવ થાય તે વિકાર છે અને તે બંધનું કારણ છે, ઉપશમભાવ છે તે કર્મના અનુદયના કારણરૂપ દશા છે; તે દશા પવિત્ર છે, પણ અંદર સત્તા હજી પડી છે તો તેને ઉપશમભાવ કહેવાય છે. કાંઈક નિર્મળ અને કાંઈક મલિન અંશ છે એવી મિશ્રદશાને ક્ષયોપશમભાવ કહેવાય છે, કર્મના ક્ષયના નિમિત્તે પ્રગટ થાય તેને ક્ષાયિકભાવ કહેવાય છે. લ્યો, આમાં તો કર્મના ઉપશમ, ક્ષય આદિની અપેક્ષા આવે છે, જ્યારે ત્રિકાળી જે સ્વભાવભાવ છે તેને કોઈ અપેક્ષા લાગુ પડતી નથી. ઓહો! ત્રિકાળી ચૈતન્યમાત્ર જે દ્રવ્યસ્વભાવ ચિદાનંદ, સહજાનંદ, નિત્યાનંદ પ્રભુ તે પરમ નિરપેક્ષ તત્ત્વ છે.

અહા! આ તો મારગડા જ તદ્દન જુદા છે. પ્રભુ! ભાઈ! તારી અંદર જે ત્રિકાળી ધ્રુવ સદા એકરૂપે પડી છે તે સહજાનંદમૂર્તિ પ્રભુ એકલું જ્ઞાન અને આનંદનું દળ છે. અહા! તે સમ્યગ્દર્શનનો વિષય છે. પ્રવચનસારમાં કહ્યું છે કે-જ્ઞેયતત્ત્વની અને જ્ઞાતૃતત્ત્વની તથા પ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે. અહા! આવું સમ્યગ્દર્શન જે એણે અનંતકાળમાં પ્રગટ કર્યું નથી અને જે મોક્ષનું સૌ પહેલું પગથિયું છે તે, અહીં કહે છે, ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકદ્રવ્યથી ભિન્ન છે. બાપુ! મારગડા આવા છે તારા!

ભગવાન! પરમાત્મદ્રવ્ય છે તારો આત્મા; પ્રત્યેક આત્મા સ્વરૂપથી આવો છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને, અહીં કહે છે, શરીરની અવસ્થાથી ન જુઓ, એને રાગની અવસ્થાથી ન જુઓ, અરે! એનામાં નિર્મળ અવસ્થા છે તે હું એમ પણ ન જુઓ; અહા! નિર્મળ અવસ્થામાં એક ત્રિકાળી દ્રવ્ય હું છું એમ જુઓ. અહા! આવું ભગવાન! તારું ત્રિકાળી ધ્રુવ જે એક જ્ઞાયકતત્ત્વ એનાથી વર્તમાન નિર્મળ અવસ્થા ભિન્ન છે.

લોકોએ માર્ગ કદી સાંભળ્યો ન હોય એટલે નવો લાગે પણ ભાઈ! આ માર્ગ કાંઈ નવો કાઢયો નથી; આ તો અનંતા જિનેશ્વર ભગવંતોએ આદરેલો ને કહેલો સનાતન માર્ગ છે. અહા! પંચમહાવ્રતાદિનું પાલન એણે અનંતવાર કર્યું, અનંતવાર એ નગ્ન દિગંબર સાધુ થયો, પણ એક સમયની પાછળ (ભિન્નપણે) આખું પરમાત્મતત્ત્વ શું છે એનું જ્ઞાન એણે કદી પ્રગટ કર્યું નથી. એક સમયની પર્યાયમાં બધી રમતુ રમ્યો, પણ અંદર આત્મારામ ચૈતન્યમહાપ્રભુ બિરાજી રહ્યા છે એમાં રમણતા ન કરી. માર્ગ અંદર તદ્દન નિરાળો છે ભાઈ!

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઇત્યાદિ બધો શુભરાગ છે તે વિકલ્પ છે અને તે ઉદયભાવ છે, બંધનું કારણ છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક જે ભાવત્રય છે તે એનાથી (ઉદયભાવથી) રહિત છે. એ ત્રણભાવને અહીં શુદ્ધોપયોગ કહેલ છે. તે શુદ્ધોપયોગ કે જેમાં આનંદની દશાનું વેદન છે તે દશાપર્યાય ત્રિકાળી ચીજથી કથંચિત્ ભિન્ન છે. એક સમયની પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિક છે. તે અપેક્ષાએ શુદ્ધોપયોગની દશા ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્યથી ભિન્ન છે. આવી વાત! સમજાણું કાંઈ...?

સમયસારના સંવર અધિકારમાં આવ્યું છે કે પુણ્ય-પાપના ભાવ અને વ્યવહારરત્નત્રયનો જેટલો વિકલ્પ છે તે સર્વ રાગ ત્રિકાળી દ્રવ્યથી ભિન્ન છે. અહા! ભાવ તો ભિન્ન છે પણ રાગના પ્રદેશોય ભિન્ન છે એમ ત્યાં કહ્યું છે. અહાહા...! એકલું આનંદનું દળ પ્રભુ આત્મા-એમાંથી વિકાર ઉત્પન્ન થતો નથી. એટલે વિકારનું ક્ષેત્ર ત્રિકાળી દ્રવ્યના ક્ષેત્રથી ભિન્ન છે. અનંત-ગુણધામ પ્રભુ આત્મા ત્રિકાળ શુદ્ધ અસંખ્યપ્રદેશી વસ્તુ છે. તેની પર્યાયમાં જે દયા, દાન આદિ વિકલ્પ ઉઠે છે તે ત્રિકાળી સ્વભાવથી તો ભિન્ન છે, પણ ક્ષેત્રથી પણ તે ભિન્ન છે, બન્નેને ભિન્નભિન્ન વસ્તુ કહી છે. એક વસ્તુની ખરેખર બીજી વસ્તુ નથી એમ ત્યાં કહ્યું છે. પ્રવચનસાર ગાથા ૧૦૨ ની શૈલી પ્રમાણે 'ચિદ્‌વિલાસ' માં પણ એમ કહ્યું છે કે પર્યાયને કારણે પર્યાય થાય છે, દ્રવ્યગુણને કારણે નહિ.

આ રીતે મોક્ષમાર્ગની જે પર્યાય છે તે પર્યાયનો કર્તા તે પર્યાય, પર્યાયનું કર્મ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું સંપ્રદાન, અપાદાન ને અધિકરણ પણ પર્યાય જ છે. પર્યાય એક સમયનું સહજ સત્ છે. આવો વીતરાગનો મારગ શૂરાનો મારગ છે, કાયરોનું, જેઓ મારગ સાંભળીને પણ કંપી ઉઠે એમનું એમાં કામ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જુઓ, આત્મભાન થયા પછી પણ જ્ઞાનીને શુભ ને અશુભભાવ પણ આવે છે. તેને કદાચિત્ આર્ત્ત-રૌદ્રધ્યાનના તથા વિષયભોગના ભાવ પણ થાય છે. નબળાઈને લઈને તે ભાવ થાય છે પણ જ્ઞાનીને એ ભાવની હોંશ નથી, એને એ ભાવોમાં મજા નથી. એ તો જાણે છે કે મારા સ્વરૂપમાં જ મજા છે, એ સિવાય બહારમાં-નિમિત્તમાં કે રાગમાં-ક્યાંય મજા નથી. રાગ અને નિમિત્તમાં મજા છે એવી દૃષ્ટિનો એને અભાવ છે.

હવે આ વાણિયા આખો દિ' પૈસા રળવા-કમાવામાં ગરી ગયા હોય તે આ કયે દિ' સમજે? પણ બાપુ! એ પૈસા-બૈસા તો જડ માટી-ધૂળ છે. એમાં ક્યાં આત્મા છે? એ મારા છે એવી માન્યતા જ મિથ્યાત્વ છે, કેમકે જડ છે તે કદીય ચેતનરૂપ થાય નહિ. અહીં તો કહે છે- આ મોક્ષમાર્ગની જે પર્યાય છે કે જેમાં અપૂર્વ-અપૂર્વ આનંદનો સ્વાદ આવે છે, તે પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. અતીન્દ્રિય આનંદનો પૂરણ સ્વાદ આવે તે મોક્ષ છે અને તે પણ એક પર્યાય છે. તે પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. હવે દ્રવ્ય શું? ગુણ શું? અને પર્યાય શું? -આવું પોતાનું દ્રવ્ય-પર્યાયસ્વરૂપ કદી લોકોએ જાણવાની દરકાર જ કરી નથી.

ત્રિલોકીનાથ અરિહંત પરમેશ્વર એમ ફરમાવે છે કે-વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઉઠે છે એ તો કથનમાત્ર મોક્ષનો માર્ગ છે. એ તો ભગવાન આત્માથી ભિન્ન જ છે; પણ ત્રિકાળી ધ્રુવના આલંબને જે અંતરમાં સત્યાર્થ મોક્ષનો માર્ગ પ્રગટ થયો તે મોક્ષના માર્ગની પર્યાય પણ ત્રિકાળી શુદ્ધ પારિણામિકભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે; કેમકે વસ્તુ દ્રવ્ય છે તે ત્રિકાળ છે ને પર્યાયનો કાળ તો એક સમય છે. ન્યાલભાઈએ તો 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' માં પર્યાયને દ્રવ્યથી સર્વથા ભિન્ન કહેલ છે એ વાત ખ્યાલમાં છે, પણ અહીં અપેક્ષા રાખીને કથંચિત્ ભિન્ન કહેલ છે. મોક્ષનું કારણ જે નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય તે શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે એમ અહીં અપેક્ષાથી વાત છે.

સમ્યગ્દર્શન છે તે પર્યાય છે. તેનો વિષય ત્રિકાળ સત્યાર્થ, ભૂતાર્થ, છતી ચીજ સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્મા છે. અહીં કહે છે વિષયી જે પર્યાય છે તે એનો વિષય જે ત્રિકાળી ધ્રુવ ચીજ છે એનાથી કથંચિત્ ભિન્ન છે.

'શા માટે?' - તો કહે છે-

'ભાવનારૂપ હોવાથી, શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી.'

અહો! જંગલમાં વસતાં વસતાં સંતોએ કેવાં કામ કર્યાં છે! અંદરમાં સિદ્ધની સાથે ગોષ્ઠી કરી છે, અર્થાત્ અંદર નિજ સિદ્ધસ્વરૂપનો અનુભવ પ્રગટ કરીને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે ભગવાન સિદ્ધના સાધર્મી થઈ બેઠા છે. વાહ! મોક્ષમાર્ગને સાધનારા સંતો સિદ્ધના મિત્ર છે, સાધર્મી છે. એમની આ વાણી છે. તેઓ કહે છે-

ભગવાન આત્મા શુદ્ધપારિણામિકભાવલક્ષણ વસ્તુ પૂર્ણ એક ચૈતન્યમય વસ્તુ છે તે ત્રિકાળ ભાવરૂપ છે, ભાવનારૂપ નથી, જ્યારે તેના આશ્રયે જે મોક્ષનો માર્ગ પ્રગટ થયો છે તે ભાવનારૂપ છે, ત્રિકાળભાવરૂપ નથી. ઝીણી વાત પ્રભુ!

અજ્ઞાની મૂઢ જીવો આ બૈરાં-છોકરાં મારાં ને આ બાગ-બંગલા મારા અને હું આ કરું ને તે કરું-એમ પરની વેતરણ કરવામાં ગુંચાઈ ગયા છે, સલવાઈ પડયા છે. તેઓ તો મોક્ષના માર્ગથી બહુ જ દૂર છે. અહીં તો આ કહે છે કે- મોક્ષમાર્ગની પર્યાય વર્તમાન ભાવનારૂપ હોવાથી ત્રિકાળી ધ્રુવ નિજપરમાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે એવો ભેદ અંતરમાં જેમને ભાસિત થયો નથી તેઓ પણ મોક્ષના મારગથી દૂર છે. હવે જ્યાં આ વાત છે ત્યાં વ્યવહારથી નિશ્ચય પ્રગટે એ વાત ક્યાં રહી પ્રભુ!

ત્રિકાળી પારિણામિકને ભાવરૂપ કહીએ; એને પારિણામિક કહીએ, ધ્રુવ કહીએ, નિત્ય કહીએ, સદશ કહીએ, એકરૂપ કહીએ. અને જે આ પર્યાય છે તે અનિત્ય, અધ્રુવ, વિસદશ કહીએ, કેમકે તેમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય થાય છે. મોક્ષનો મારગ છે તે પણ ઉત્પાદ-વ્યયરૂપ છે. એટલે કે વર્તમાન જેનો ઉત્પાદ થાય તેનો બીજે સમયે વ્યય થાય છે, બીજે સમયે ઉત્પાદ થાય તેનો ત્રીજે સમયે વ્યય થાય છે. આ પ્રમાણે ઉત્પાદ-વ્યયરૂપ હોવાથી મોક્ષમાર્ગની પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. કેમ? કેમકે તે પર્યાય ભાવનારૂપ છે. સમજાણું કાંઈ...?

બાર ભાવના કહી છે ને? તેમાં પ્રથમ તો વિકલ્પરૂપ ભાવના હોય છે. તેનો વ્યય થઈને પછી નિર્વિકલ્પ થાય છે. આ નિર્મળ નિર્વિકલ્પ પર્યાય જે અંદર પ્રગટ થઈ તે ભાવનારૂપ છે. ભાવ જે ત્રિકાળી એકરૂપ પરમાત્મદ્રવ્ય તેની સન્મુખ થઈને પ્રગટેલી જે દશા છે તે ભાવનારૂપ છે, ત્રિકાળી ભાવરૂપ નથી. ભાઈ! આ તો ભાષા છે, જડ છે. તેનો વાચ્યભાવ શું છે તે યથાર્થ સમજવો જોઈએ.

શુદ્ધ પારિણામિકભાવ ત્રિકાળી સ્વભાવ પરમાનંદમય પ્રભુ છે. તે ભાવનારૂપ નથી, અર્થાત્ તે વર્તમાન પર્યાયરૂપ નથી; તેના આશ્રયે પ્રગટેલી મોક્ષના કારણરૂપ દશા ભાવનારૂપ છે. હવે આવી વાત ન સમજતાં કેટલાક દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટી જાય એમ કહે છે. અરે પ્રભુ! આ તું શું કહે છે ભાઈ! તારી માન્યતાથી મારગનો વિરોધ થાય છે ભાઈ! એ રીતે તને સત્ય નહિ મળે, અસત્ય જ તને મળશે; કેમકે રાગના સર્વ ભાવ અસત્યાર્થ જ છે. આકરી વાત પ્રભુ! પણ જો ને અહીં શું કહે છે? ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વર્તમાન મોક્ષમાર્ગની પર્યાયને તેનાથી કથંચિત્ ભિન્ન કહીને અસત્યાર્થ કહી તો પછી રાગના વિકલ્પવાળી મલિન દુઃખરૂપ દશાનું શું કહેવું? ભાઈ! મોક્ષમાર્ગની પર્યાય છે તે તો પવિત્ર છે, આનંદરૂપ છે, અબંધ છે. તે પણ ત્રિકાળી શુદ્ધ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે તો પછી બંધરૂપ રાગની દશાનું શું કહેવું? રાગ કરતાં કરતાં નિશ્ચય (-વીતરાગતા) પ્રગટે એ તો તારો અનાદિકાલીન ભ્રમ છે ભાઈ! (ત્યાંથી હઠી જા).

અહા! મોક્ષના કારણરૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે અને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે તે ભાવનારૂપ નથી. અહો! આવી શુદ્ધ તત્ત્વદષ્ટિ કરીને આઠ આઠ વર્ષના ચક્રવર્તી અને તીર્થંકરના પુત્રો કેવળજ્ઞાન પ્રગટ કરીને અલ્પકાળમાં મોક્ષપદ પામે છે. તેમને શરીરની અવસ્થા ક્યાં નડે છે? આ તો મોટાની વાત કરી, બાકી લાકડીના ભારા વેચીને ગુજરાન ચલાવનાર ગરીબ કઠિયારાના આઠ-આઠ વર્ષના બાળકો પણ અંતઃતત્ત્વનું ભાન કરી, જ્યાં માણસના ચાલવાનો પગરવ પણ થતો નથી એવા જંગલમાં ચાલ્યા જઈને એકાન્ત સ્થાનમાં નિજસ્વરૂપની સાધના કરીને થોડા જ કાળમાં પરમપદની પ્રાપ્તિ કરી લે છે. અહો! અંતરનો આવો કોઈ અલૌકિક માર્ગ છે!

લ્યો, હવે બહારની ચીજ-નિમિત્ત અને રાગ-તો ક્યાંય દૂર રહી ગઈ; અહીં તો નિર્મળ દ્રવ્ય-પર્યાય વચ્ચે કથંચિત્ ભેદ હોવાની સૂક્ષ્મ વાત છે. જૈનતત્ત્વ બહુ સૂક્ષ્મ ને ગંભીર છે ભાઈ! એ જ વિશેષ કહે છે.

'જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાયનો) નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી (કારણ કે શુદ્ધપારિણામિક ભાવ તો અવિનાશી છે).'

જુઓ, શું કહે છે? કે વીતરાગભાવરૂપ નિર્મળ પર્યાય જો ત્રિકાળી ભાવથી એકમેક હોય તો મોક્ષનો પ્રસંગ બનતાં મોક્ષમાર્ગની ભાવનારૂપ પર્યાયનો વિનાશ થાય છે તે વખતે જ શુદ્ધપારિણામિકભાવ-ત્રિકાળીભાવ પણ વિનાશને પામે. અહીં શું કહેવું છે? કે-

મોક્ષમાર્ગમાં ક્ષાયિકાદિભાવરૂપ જે નિર્મળ પર્યાય થઈ તે પર્યાય ત્રિકાળી દ્રવ્ય સાથે સર્વથા અભિન્ન નથી. જો બન્ને સર્વથા અભિન્ન એક હોય તો તે બે ધર્મોની સિદ્ધિ જ ન થાય; ને એકનો-પર્યાયનો વ્યય થતાં આખા દ્રવ્યનો જ નાશ થઈ જાય. જુઓ, પૂરણ શુદ્ધ જ્ઞાન અને આનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની પ્રગટતા થતાં મોક્ષમાર્ગની ભાવનારૂપ પર્યાયનો વ્યય થાય છે. તો શું તે કાળે આત્મદ્રવ્ય જ નાશ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પારિપામી જાય છે? ના; કેમ? કેમકે તે પર્યાય દ્રવ્ય સાથે સર્વથા અભિન્ન નથી, કથંચિત્ ભિન્ન છે. અહીં કહે છે-મોક્ષમાર્ગની ભાવનારૂપ પર્યાય જો ત્રિકાળી પારિણામિકભાવ સાથે એકાંતે એકમેક હોય તો મોક્ષના પ્રસંગમાં મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થતાં ત્રિકાળી દ્રવ્ય પણ નાશ પામી જાય; પણ એમ કદીય બનતું નથી કેમકે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તો શાશ્વત-અવિનાશી તત્ત્વ છે. સમજાય છે કાંઈ..? ભાઈ! આ ન્યાયથી તો વાત છે; ન્યાયથી તો સમજવું જોઈએ ને? વાદવિવાદથી શું પાર પડે?

ભાઈ! કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવંત છે. નિયમસાર, શુદ્ધભાવઅધિકારમાં નવે તત્ત્વને નાશવંત કહ્યા છે. જીવની એક સમયની પર્યાય નાશવંત છે, અજીવનું જ્ઞાન કરનારી પર્યાય નાશવંત છે. આસ્રવ, બંધ, પુણ્ય ને પાપ, સંવર, નિર્જરા ને મોક્ષ-એ બધાં તત્ત્વોને ત્યાં નાશવંત કહ્યાં છે. ગજબ વાત કરી છે ભાઈ! શરીર નાશવંત, પૈસા નાશવંત, રાગાદિ નાશવંત, સંવર-નિર્જરા અર્થાત્ મોક્ષમાર્ગની પર્યાય નાશવંત અને કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવંત છે; કેમકે પ્રત્યેક પર્યાયની મુદ્દત જ એક સમયની છે. કેવળજ્ઞાનની પર્યાય પણ બીજા સમયે બીજી થાય છે; જાત એ, પણ બીજા સમયે બીજી થાય છે. કેવળજ્ઞાનની પર્યાય બીજા સમયે રહી ન શકે, કેમકે તે એક સમયની મુદ્દતવાળી ક્ષણવિનાશી ચીજ છે; જ્યારે અહો! ભગવાન અંદર નિત્યાનંદ પ્રભુ નિજપરમાત્મદ્રવ્ય શુદ્ધ પારિણામિકભાવરૂપ વસ્તુ અવિનાશી શાશ્વત ચીજ છે. આમ બે વચ્ચે કથંચિત્ ભિન્નતા છે. અનાદિ-અનંત આવી જ વસ્તુની સ્થિતિ છે.

તો પંચાસ્તિકાયમાં, પર્યાયરહિત દ્રવ્ય નહિ ને દ્રવ્યરહિત પર્યાય નહિ-એમ કહ્યું છે ને? હા, ત્યાં તો પરથી ભિન્ન દ્રવ્યનું અસ્તિકાયસ્વરૂપ સિદ્ધ કરવું છે તેથી એમ વાત કરી છે કે પર્યાયરહિત દ્રવ્ય નહિ ને દ્રવ્યરહિત પર્યાય નહિ. આખું દ્રવ્યનું (દ્રવ્ય-પર્યાયરૂપ) અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને? પણ અહીં તો અનાદિકાલીન પર્યાયમૂઢ જીવને ભેદજ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. તેથી પર્યાયદ્રષ્ટિ છોડાવવા અર્થે કહ્યું કે પર્યાયને ત્રિકાળી દ્રવ્યથી કથંચિત્ ભિન્નતા છે; જો બન્ને સર્વથા એકમેક હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય. પણ એમ છે નહિ. માટે ત્રિકાળી ભાવથી તે ભાવનારૂપ પર્યાય કથંચિત્ ભિન્ન છે.

ભાઈ! આ તો અંદરની વાતુ છે બાપા! જો તારે સત્ શોધવું હોય તો તે સત્ શાશ્વત અંદરમાં છે; એને શોધનારી પર્યાય પણ એ સત્‌થી કથંચિત્ ભિન્ન છે, અર્થાત્ પર્યાયમાં જેને અહંભાવ છે તેને તે હાથ ન લાગે એવી ચીજ છે. ભાઈ! તારે શેમાં અહંપણું કરવું છે? કોને અધિકપણે માનવું છે? હું પર્યાયથી અધિક-ભિન્ન છું એમ માનતાં અંદર દ્રવ્ય અંદર જે અધિક છે તેનો અનુભવ થાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસાર ગાથા ૩૧ માં આવે છે કે-

"जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं"

અહાહા...! જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળ છે તે અધિક છે. પરમસ્વભાવભાવ જે એક જ્ઞાયકસ્વભાવ તે રાગ અને એક સમયની પર્યાયથી અધિક નામ ભિન્ન છે. અહીં એ જ કહે છે કે ધ્રુવસ્વભાવના લક્ષે પ્રગટ થતો જે સત્યાર્થ મોક્ષનો માર્ગ છે તે ભાવનારૂપ છે અને તે ત્રિકાળી ભાવથી ભિન્ન છે. ભાવનારૂપ મોક્ષમાર્ગ અને ત્રિકાળી પરમભાવ-બે ચીજ સર્વથા એક નથી; તે બન્ને ચીજ સર્વથા એક હોય તો ભાવનારૂપ મોક્ષમાર્ગનો વ્યય થઈને મોક્ષ થાય ત્યારે ત્રિકાળી ભાવનો પણ નાશ થવાનો પ્રસંગ આવી પડે. ભગવાન! મારગ તો આવો સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ...?

ભાઈ! આવો મારગ તારે જેમ છે તેમ યથાર્થ સમજવો પડશે. એ સમજ્યા વિના જ અનંતકાળથી રઝળતો તું દુઃખી થયો છે. અહીં મોટો અબજોપતિ શેઠિયો હોય, કરોડોના બંગલામાં રહેતો હોય, ને ક્ષણમાં દેહ છૂટીને તેની ફૂ થઈ જાય અને પોતે મરીને બકરીની કૂખમાં જાય. ત્યાં જન્મ થતાં બેં.. બેં.. બેં.. એમ કરે. બકરીનાં બચ્ચાં બેં.. બેં.. બેં.. એમ કરે છે ને? પણ અરે! એને વિચાર જ નથી કે મરીને હું ક્યાં જઈશ? હું ક્યાં છું અને મારા શું હાલ-હવાલ થશે? ભાઈ! આ અવસરમાં જો સ્વરૂપની સમજણ ના કરી તો ક્ય ાંય કાગડે-કૂતરે-કંથવે... ઇત્યાદિ સંસારમાં ખોવાઈ જઈશ.

અહીં ભાવનારૂપ પર્યાયને મોક્ષના કારણભૂત પર્યાય કહેલ છે. બીજી જગ્યાએ એમ આવે છે કે મોક્ષની પર્યાય મોક્ષના કારણભૂત પર્યાયથી પ્રગટ થતી નથી. વાસ્તવમાં તે સમયની કેવળજ્ઞાન અને મોક્ષની દશા એના પોતાના ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, પૂર્વની મોક્ષમાર્ગની પર્યાયની એને અપેક્ષા નથી. જો કે મોક્ષની દશાના પૂર્વે મોક્ષમાર્ગની પર્યાય જ અવશ્ય હોય છે તોપણ મોક્ષની દશા તે સમયનું સ્વતંત્ર સત્ છે. મોક્ષમાર્ગની પર્યાયના કારણે મોક્ષની દશા થઈ છે એમ નથી. આવો માર્ગ છે ભાઈ!

અહીં એમ સમજાવવું છે કે મોક્ષ થવા પહેલાં મોક્ષમાર્ગની પર્યાય હતી તે પર્યાય ત્રિકાળી ચીજથી એકમેક નથી પણ ભિન્ન છે. જો અભિન્ન હોય તો મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે; પણ એમ કદીય બનતું નથી કેમકે વસ્તુ-ત્રિકાળી દ્રવ્ય અવિનાશી છે. અહા! સત્ એકસદશરૂપ સ્વભાવ, અવિરુદ્ધસ્વભાવ ત્રિકાળ છે તે ક્યાં જાય? વિસદશપણું ને ઉત્પાદ-વ્યય છે એ તો પર્યાયમાં છે, ઉપજવું ને વિણશવું છે એ તો પર્યાયમાં છે. વસ્તુ છે એ તો ઉત્પાદ-વ્યયરહિત ત્રિકાળ શાશ્વત સત્પણે વિદ્યમાન ચીજ છે. આગળ કહેશે કે મોક્ષના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

માર્ગની પર્યાયપણે આત્મા ઉપજતો નથી. અરે! મોક્ષના માર્ગની પર્યાયના અભાવપણે (મોક્ષપણે) પણ તે ઉપજતો નથી. બાપુ! આ મારગડા જુદા છે નાથ!

અરેરે! એ હમણાં સ્વના ભાન વિના દુઃખી છે એવી એને ક્યાં ખબર છે? અરે! દુઃખ શું છે એનીય એને ક્યાં ખબર છે? શાસ્ત્રમાં દાખલો આવે છે કે વનમાં દાવાનળ લાગતાં પશુ-પંખીઓ બિચારાં ભસ્મ થઈ જાય છે, તે વખતે કોઈ મનુષ્ય વનની વચ્ચે આવેલા ઝાડ ઉપર ચઢીને બેસે છે અને ચોતરફ ભડકે બળતું વન જુએ છે તોપણ એમ માને છે કે હું સલામત છું; હું ક્યાં બળું છું? પણ ભાઈ! આ વન સળગ્યું છે તે હમણાં જ આ ઝાડ બાળશે અને તું પણ ક્ષણમાં જ બળીને ભસ્મ થઈ જઈશ. જેમ ઝાડ ઉપર બેઠેલો તે માણસ 'હું સલામત છું' એમ માને છે તે એની મૂઢતા છે કેમકે ક્ષણમાં જ અગ્નિ સળગતી સળગતી આવશે, ઝાડને પકડશે અને તેની જ્વાળામાં તે તત્કાલ ભરખાઈ જશે. તેમ આ ભવરૂપી વન કાલાગ્નિ વડે બળી રહેલું દેખવા છતાં 'હું સલામત છું, સુખી છું' એમ કોઈ માને છે તે એની મૂઢતા છે. અરે! બળી રહ્યો હોવા છતાં એને બળતરાની ખબર નથી!

અહા! મોક્ષમાર્ગની પર્યાય પણ નાશવંત છે. પ્રભુ! તારે કઈ ચીજને ટકાવી રાખવી છે? પોતે નિત્યાનંદ પ્રભુ ત્રિકાળી ટકતું તત્ત્વ છે. અહા! એમાં નજર નાખતો નથી ને અનિત્યને ટકાવવા માગે છે તે તારી મૂઢતા છે. દેહાદિ બાહ્ય વિનશ્વર ચીજને ટકાવી રાખવા તું મથે છે પણ એમાં તને નિષ્ફળતાનું દુઃખ જ પ્રાપ્ત થશે.

વઢવાણના એક ભાઈ કહેતા કે-મહારાજ! આ બધી ઉપાધિ કોણે કરી?

અરે ભાઈ! શું આટલીય તને ખબર નથી? આ બધી ઉપાધિ તેં પોતે જ ઊભી કરી છે. તારા સ્વસ્વરૂપને ભૂલીને અનાદિથી રાગ અને વિકારની ઉપાધિ તેં સ્વયં વહોરી છે. નાથ! તને જ તું ભૂલી ગયો છો. અહા! પોતાના નિરુપાધિ શુદ્ધ ચૈતન્યતત્ત્વને ભૂલીને આ સઘળી ઉપાધિ તેં પોતે ઊભી કરી છે. તેં અનંતકાળમાં પુણ્ય-પાપના વિકલ્પો કર્યે જ કર્યા અને તેથી તને બંધ થયો અને તેના નિમિત્તે આ બધો સંગ થયો. ભાઈ! તે બધાને પોતાના માની તેં પોતે આ ઉપાધિ કરી છે.

જુઓ, ચમરી ગાયનું પૂંછડું ખૂબ સુંવાળું હોય છે. તેના વાળ ઝાડમાં ભરાઈ જતાં વાળના પ્રેમમાં ત્યાં તે ગાય ઊભી રહી જાય છે અને શિકારીના બાણથી વીંધાઈને મરણ પામે છે. તેમ અજ્ઞાની સંસારી પ્રાણી આ દુનિયાના પદાર્થોના પ્રેમમાં ત્યાં ઊભો રહી ગયો છે અને પોતે હણાઈ રહ્યો છે, લૂંટાઈ રહ્યો છે એનું એને ભાન નથી. નિયમસારમાં આવે છે કે-આ બાયડી-છોકરાં, કુટુંબ-કબીલા વગેરે પોતાની આજીવિકા માટે તને ધુતારાની ટોળી મળી છે; તારા મરણ સમયે તને કોઈ કામમાં આવે તેમ નથી, હમણાં પણ તેઓ કોઈ જ કામના નથી. બાપુ! તું એકલો વિલાપ

કરતો ક્યાંનો ક્યાંય ચાલ્યો જઈશ; આ ભવભ્રમણના પ્રવાહમાં તું ક્યાંય તણાઈ જઈશ.

ભાઈ! આત્માના પોતાના અંદરના ભાવોની આ વાત છે. તેમાં શુદ્ધપારિણામિક-ભાવ છે તે ત્રિકાળ પરમભાવ છે, તેમાં ઉત્પાદ-વ્યય નહિ ને તેનો કદીય અભાવ નહિ એવો શાશ્વત ધ્રુવ એકરૂપભાવ છે. પર્યાયરૂપ જે ચાર ભાવો છે તે ઉત્પાદ-વ્યયરૂપ છે. અશુદ્ધતાનો વ્યય થઈને અંશે શુદ્ધતારૂપ મોક્ષમાર્ગ પ્રગટે, ને મોક્ષમાર્ગનો વ્યય થઈને પૂરણ મોક્ષદશા પ્રગટે; પણ જે પરમભાવરૂપ દ્રવ્ય છે તેનો વ્યય પણ ન થાય અને તે નવો પ્રગટે પણ નહિ. આ રીતે પલટતી પર્યાય, ને ત્રિકાળ ટકતું દ્રવ્ય -આવું વસ્તુસ્વરૂપ છે. દ્રવ્ય અપેક્ષાએ વસ્તુ અપરિણામી અક્રિય અને પર્યાય અપેક્ષાએ પરિણમનશીલ સક્રિય છે. શ્રી સર્વજ્ઞદેવે આવું દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુનું સ્વરૂપ ઉપદેશ્યું છે. તેમાં કહે છે-દ્રવ્ય-પર્યાય સર્વથા અભિન્ન નથી, કથંચિત્ ભિન્ન છે. અહા! સર્વથા ભિન્ન નહિ, સર્વથા અભિન્ન નહિ-આવું વસ્તુનું સ્વરૂપ છે. સર્વથા ભિન્ન હોય તો વસ્તુ અવસ્થા વગરની થઈ જતાં વસ્તુ જ ન રહે; તથા સર્વથા અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો નાશ થઈ જાય અર્થાત્ વસ્તુ જ ન રહે. માટે દ્રવ્ય-પર્યાય કથંચિત્ ભિન્ન છે એ યથાર્થ છે.

શાસ્ત્રમાં 'उत्पादव्ययध्रोव्ययुक्तम् सत्' કહ્યું છે. ધ્રુવતા એટલે ટકવું, ઉત્પાદ-વ્યય એટલે બદલવું. અહા! ટકીને બદલે, ને બદલવા છતાં ટકી રહે એવું આશ્ચર્યકારી વસ્તુનું સત્સ્વરૂપ છે. દ્રવ્ય અવિનાશી, પર્યાય વિનાશી-એમ દ્રવ્ય-પર્યાય બન્ને સર્વથા એક નથી. ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના લક્ષે શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ જે એની નિર્મળ દશા પ્રગટી છે તે મોક્ષદશાનું કારણ ખરું, પણ તે દશા પોતે તો મોક્ષદશા થતાં વ્યય પામી જશે, જ્યારે દ્રવ્ય ટકીને ત્રિકાળ ઊભું રહેશે. આ પ્રમાણે દ્રવ્ય અને પર્યાય એમ વસ્તુના બન્ને અંશોમાં ભિન્નતા છે. અહો! આવું વસ્તુસ્વરૂપ સમજતાં અંશબુદ્ધિ ટળીને દ્રવ્યદ્રષ્ટિ થાય છે.

જુઓ, આત્મામાં એક પર્યાયઅંશ છે; અજ્ઞાન ટળીને જ્ઞાન થવું, અશુદ્ધતા ટળીને શુદ્ધતા થવી ઇત્યાદિ નવું નવું કાર્ય પર્યાયમાં જ થાય છે. ત્યાં જે પર્યાયનું અસ્તિત્વ જ ન માને તેને તો નવું કાંઈ કાર્ય થતું જ નથી, અર્થાત્ તેને પોતાના અજ્ઞાનભાવને કારણે સંસાર મટતો જ નથી. વળી કોઈ એકલી પર્યાય સામું જ જોયા કરે ને દ્રવ્યના શુદ્ધસ્વભાવનું લક્ષ ન કરે તેને પણ અશુદ્ધતા ટળીને શુદ્ધતા થતી નથી. પર્યાયની શુદ્ધતા તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના આશ્રયે થાય છે; દ્રવ્યસ્વભાવમાં અંતર્મુખ એકાગ્ર થયા વગર પર્યાયની શુદ્ધતા થતી નથી. દ્રવ્યને ન માને તોય શુદ્ધતા ન સધાય, ને પર્યાયને ન માને તોય શુદ્ધતા ન સધાય. એકાંતે પર્યાયને જ વસ્તુ માની લે તો પર્યાયનો વ્યય થતાં જ વસ્તુનો નાશ-અભાવ થઈ જાય. પણ

એવું વસ્તુસ્વરૂપ નથી. વળી પર્યાય ન માનતાં વસ્તુને એકાંતે નિત્ય-કૂટસ્થ માને તો પર્યાયરૂપ પલટના વિના નવું કાર્ય બની શકે જ નહિ, અને તો તેના સંસારનો અભાવ ન થાય. આ પ્રમાણે વસ્તુમાં દ્રવ્ય-પર્યાય-એમ બન્ને અંશો એકી સાથે રહેલા છે અને તે બન્નેમાં કથંચિત્ ભિન્નપણું છે એવો સ્યાદ્વાદ મત છે. સમજાણું કાંઈ..?

અહીં કહે છે-મોક્ષમાર્ગની જે પર્યાય છે તે ત્રિકાળી દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જુઓ, પર ચીજ તો આત્માથી સર્વથા જુદી છે. આ શરીર, મન, વચન ઇત્યાદિ આત્માથી સર્વથા જુદાં છે, કર્મ પણ આત્માથી સર્વથા જુદાં છે. અહીં કહે છે- પોતામાં જે દ્રવ્ય-પર્યાયના અંશો છે તેઓ પણ પરસ્પર કથંચિત્ ભિન્ન છે. અહો! આ તો ભેદજ્ઞાનની ચરમ સીમારૂપ સર્વોત્કૃષ્ટ વાત છે. જેના અંતરમાં બેસી તે ન્યાલ થઈ જાય એવી આ વાત છે.

હવે કહે છે-"માટે આમ ઠર્યું:- શુદ્ધપારિણામિકભાવવિષયક (શુદ્ધ પારિણામિક-ભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાન-કારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધ-પારિણામિક નહિ (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી)"

ઓહો! વસ્તુ-ભગવાન આત્મા નિત્યાનંદ સચ્ચિદાનંદ પ્રભુ સદા એક જ્ઞાયકભાવપણે છે; તેને શુદ્ધપારિણામિકભાવ, કહે છે. તે પારિણામિકભાવ, અહીં કહે છે, મોક્ષનું કારણ નથી. ઝીણી વાત છે પ્રભુ! તેને મોક્ષનું કારણ કહેવું એ વ્યવહારનય છે. બાકી મોક્ષની પર્યાય જે પ્રગટે છે તેનું શુદ્ધ દ્રવ્ય વાસ્તવમાં કારણ નથી. અહા! જેમ દ્રવ્ય ત્રિકાળી સત્ છે તેમ પર્યાય પણ સહજ સત્ છે; આવું વસ્તુનું સ્વરૂપ છે. રાગ પરિણામ હો કે વીતરાગ પરિણામ હો, તે પરિણામ તે તે કાળે સહજ સત્ છે. હવે જ્યાં આમ છે ત્યાં વ્યવહારથી-રાગથી નિશ્ચય થાય એ વાત ક્યાં રહી?

વ્યવહારરત્નત્રય કરતાં કરતાં મોક્ષ થશે એવી વાતો અત્યારે ચાલે છે પણ તે યથાર્થ નથી. દયા કરો, વ્રત કરો, દાન, ભક્તિ, પૂજા કરો ઇત્યાદિ પ્રરૂપણા અત્યારે ચાલે છે, પણ ભગવાન! એ તો બધી રાગની ક્રિયાઓ છે. રાગ છે એ ઉદયભાવ છે, બંધનું કારણ છે; તે મોક્ષનું કારણ કેમ થાય? ન થાય. અત્યારે આ બધો મોટો ગોટો ઉઠયો છે. પણ બાપુ! પોતે પૂર્ણાનંદનો નાથ પ્રભુ સદા શાંતભાવ-આનંદભાવપણે અંતરમાં બિરાજે છે તેના લક્ષે પરિણમતાં સ્વતંત્રપણે જ પોતાના ષટ્કારકરૂપ પરિણમન વડે નિર્મળ રત્નત્રયની પર્યાય પ્રગટ થાય છે. અહા! તે પર્યાયને વ્યવહારરત્નત્રયની-રાગની અપેક્ષા નથી. વ્યવહારની અપેક્ષા વિના જ નિરપેક્ષપણે નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પોતાના ષટ્કારકપણે પરિણમતી પ્રગટ થાય છે. આવી

ઝીણી વાત છે પ્રભુ! (એમ કે ઉપયોગને ઝીણો કર તો સમજાય એવો પ્રભુ તું છે).

ભાઈ! આત્મા ત્રિકાળી શુદ્ધ વસ્તુ જે છે તે પરિણમતી નથી. સમયસાર ગાથા ૨૮૦ ના ભાવાર્થમાં આવ્યું છે કે-"આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે-આત્મા પોતે તો શુદ્ધ જ છે- 'દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે. પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે;' માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી. ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે." અહા! સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે જે વ્યવહારરત્નત્રયના રાગનો કર્તા કે ભોક્તા થતો નથી કેમકે પર્યાયે તે જ્ઞાનભાવે પરિણમી રહ્યો છે ને દ્રવ્ય જે છે તે તો અપરિણમનસ્વરૂપ છે. આવી આ પરમાત્માના ઘરની વાતુ છે ભાઈ!

અહાહા....! અંદર વસ્તુ જે ચિદ્દ્ઘન ધ્રુવ છે તે પરિણમન વિનાની સદા એકરૂપ છે; તેમાં પરિણમન જ નથી. અને બદલતી ચીજ જે (વિકારી કે નિર્વિકારી) પર્યાય છે તે એક સમયનું સત્ છે. આ રાગાદિ વિકારના જે પરિણામ થાય છે તે પણ જડ કર્મની અપેક્ષા વિના સ્વતંત્રપણે પ્રગટતા પોતાના ષટ્કારકરૂપ પરિણામ છે.

ત્યારે કેટલાક કહે છે-કર્મથી શું વિકાર ન થાય? કર્મથી વિકાર ન થાય તો તે સ્વભાવ થઈ જશે.

અરે ભાઈ! કર્મ તો બિચારાં જડ અજીવ છે, પરદ્રવ્ય છે; એ તો સ્વદ્રવ્યને અડતાંય નથી. જ્યાં આમ છે ત્યાં પરદ્રવ્યથી-કર્મથી સ્વદ્રવ્યની વિકારી પર્યાય કેમ થાય? ન થાય. (કર્મથી વિકાર થયો એમ કહેવું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવતું નિમિત્તપ્રધાન કથન છે).

મિથ્યાત્વાદિ ભાવ જે થાય છે તેને જીવ સ્વતંત્રપણે પોતાની પર્યાયમાં ઉત્પન્ન કરે છે. ત્રિકાળી જીવદ્રવ્ય એનું કારણ નહિ, તેમ પરદ્રવ્ય-કર્મ પણ એનું કારણ નહિ. એ મિથ્યાત્વભાવનો કર્તા મિથ્યાત્વ પર્યાય છે. મિથ્યાત્વની પર્યાય તે કર્તા, મિથ્યાત્વની પર્યાય તે કર્મ, મિથ્યાત્વની પર્યાય પોતે સાધન, મિથ્યાત્વના પરિણામ પોતે સંપ્રદાન, મિથ્યાત્વમાંથી મિથ્યાત્વ થયું તે અપાદાન અને મિથ્યાત્વના આધારે મિથ્યાત્વ થયું તે અધિકરણ; આ પ્રમાણે મિથ્યાત્વની વિકારી પર્યાય કર્તા-કર્મ આદિ પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે ઉત્પન્ન થાય છે; એને નિમિત્તની કે કર્મના કારકોની કોઈ અપેક્ષા નથી.

જુઓ, વિકારની પર્યાયને જીવ કરે એવો એનો સ્વભાવ નથી, કેમકે જીવમાં એવી કોઈ શક્તિ નથી જે વિકારને કરે. શું કીધું? આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ આદિ અનંત અનંત શક્તિઓ ભરી છે; પણ એમાં એવી કોઈ શક્તિ નથી જે વિકારને ઉત્પન્ન કરે. શક્તિઓ તો બધી નિર્મળ જ નિર્મળ છે.

તો પર્યાયમાં વિકાર તો થાય છે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હા, પર્યાયમાં જે વિકાર થાય છે તે સ્વતંત્ર તે સમયના ષટ્કારકના પરિણમનથી થાય છે. જીવદ્રવ્ય એનું કારણ નહિ ને નિમિત્ત-કર્મ પણ એનું વાસ્તવિક કારણ નહિ. પંચાસ્તિકાય ગાથા-૬૨ માં આ વાત આવી છે. લોકોને બેસવી કઠણ પડે છે પણ આ સત્ય વાત છે.

તેવી રીતે મોક્ષમાર્ગની જે પર્યાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ રત્નત્રયની જે પર્યાય છે તે નિશ્ચયથી તે તે કાળે પોતાના ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થાય છે. પરમપારિણામિકભાવલક્ષણ જે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય-ગુણ છે એની તેને અપેક્ષા નથી; તેમ દયા, દાન, વ્રત, આદિ વ્યવહારરત્નત્રયની પણ એને અપેક્ષા નથી. વીતરાગનો માર્ગ આવો સૂક્ષ્મ છે ભાઈ! રાગની ક્રિયા કરતાં કરતાં ધર્મ થાય એ વીતરાગના માર્ગમાં નથી; એ તો અજ્ઞાની લોકોએ કલ્પના કરીને ઊભી કરેલી વાત છે. અરે! લોકોએ માર્ગને ચૂંથી નાખ્યો છે!

ભાઈ! મોક્ષનો માર્ગ કે સમ્યગ્દર્શન આદિ નિર્મળ રત્નત્રયની જે પર્યાય પ્રગટ થઈ તે સ્વતંત્ર પ્રગટ થઈ છે, એને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષા નથી ને બાહ્ય વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી. સમ્યગ્દર્શનની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શનની કર્તા સમ્યગ્દર્શનની પર્યાય, એનું કાર્ય તે પર્યાય, એનું સાધન તે પર્યાય, એનું સંપ્રદાન, અપાદાન ને અધિકરણ પણ તે પર્યાય પોતે જ છે. અહો! સંતોએ આડતિયા થઈને સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વાત જગત સમક્ષ જાહેર કરી છે.

અહાહા...! આત્મા શુદ્ધપારિણામિકભાવરૂપ સહજાનંદ ચિદાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા આદિથી પૂરણ શક્તિઓથી ભરેલો પૂર્ણાનંદઘન ભગવાન છે. તેને અવલંબનારી તેને વિષય કરનારી જે ભાવના છે, જેને ઉપશમાદિ ભાવત્રય કહીએ તે, અહીં કહે છે, સમસ્ત રાગાદિથી રહિત છે. જુઓ, શું કીધું? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળરત્નત્રયરૂપ જે ભાવના છે, જેને આગમભાષાએ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક-એમ ભાવત્રયપણે કહી અને અધ્યાત્મભાષાએ 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞાથી કહી તે-

૧. શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી છે.
૨. સમસ્ત રાગાદિથી રહિત છે.

જુઓ, આ ટીકા કરનારા જયસેનાચાર્યદેવ છે. તેઓ નગ્ન દિગંબર સંત હતા. અંદર આત્માના પ્રચુર આનંદરસના સ્વાદમાં રહેનારા તેઓ વનમાં રહેતા હતા. નવસો વર્ષ પહેલાં તેમણે આ ટીકા બનાવી છે. ટીકામાં તેઓ કહે છે-ભગવાન આત્મા ત્રિકાળ ચિદાનંદઘન નિત્યાનંદ પ્રભુ છે; એના આશ્રયે, એના અવલંબે, એના લક્ષે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે તે ભાવના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રૂપ પર્યાય સમસ્ત રાગાદિથી ભિન્ન છે. તે ભાવનારૂપ પર્યાય શું છે? તો કહે છે- ઉપશમાદિ ભાવત્રયરૂપ છે. ક્ષાયિકમાં અહીં ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનના ક્ષાયિકભાવની વાત છે, અહીં ભગવાન કેવળીના ક્ષાયિકભાવની વાત નથી. ચોથે ગુણસ્થાને પણ ક્ષાયિક સમકિત પ્રગટ થાય છે એની અહીં વાત છે.

શ્રેણિક રાજાને ક્ષાયિક સમકિત હતું. તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું, પણ પૂર્વે નરકગતિનું આયુષ્ય બંધાઈ ગયેલું તેથી પર્યાયની યોગ્યતાવશ નરકના સંજોગમાં ગયા છે. પરંતુ રાગથી ભિન્ન પૂર્ણાનંદસ્વરૂપ નિજપરમાત્મદ્રવ્યનું અંદરમાં ભાન છે, અને આનંદનું વેદન સાથે છે. શીલપાહુડમાં આવે છે કે ધર્મી જીવને નરકગતિમાં પણ શીલ છે. અહાહા...! પૂર્ણાનંદના નાથને જ્યાં અંતરમાં ઢંઢોળીને જગાડયો અને સમ્યગ્દર્શન-જ્ઞાનને પ્રાપ્ત થયો ત્યાં તેની સાથે સ્વરૂપાચરણરૂપ સ્થિરતા પણ જીવને હોય જ છે. પોતાના સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન ને સ્વરૂપનું આચરણ-એ ત્રણે મળીને શીલ કહેવાય છે. શીલ એટલે ખાલી શરીરથી બ્રહ્મચર્ય પાળવું એની આ વાત નથી; એ તો એકલી રાગની ક્રિયા છે, જ્યારે સ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રરૂપ શીલ તો રાગથી ભિન્ન છે. માર્ગ તો આવો છે ભાઈ!

જે શુભરાગ છે તેમાં જેટલો અશુભરાગ ટળ્યો તે શુદ્ધતા છે એમ કહેવું તે બરાબર નથી. સમ્યગ્દર્શન અને આત્માનો અનુભવ થાય, પછી તેને શુભરાગ આવે છે અને એમાં અશુભ ટળે છે. પણ શુભરાગ જે રહે છે તેનો ક્રમે અભાવ થઈને પૂર્ણ અભાવ થતાં મોક્ષ પ્રગટ થાય છે પણ શુભરાગ રહે ને મોક્ષ પ્રગટ થાય એમ ન બને. બાપુ! શુભરાગ છે એ તો બંધનું જ કારણ છે.

આ ઉપશમાદિ ત્રણ ભાવોને સમસ્ત રાગાદિરહિત કહ્યા છે. છે કે નહિ અંદર? ભાઈ! કોઈપણ રાગનો અંશ મોક્ષનો માર્ગ હોઈ શકે જ નહિ. જે ભાવથી તીર્થંકર-ગોત્રકર્મની પ્રકૃતિ બંધાય તે ભાવ પણ રાગ છે અને બંધનું જ કારણ છે. તે રાગ ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવરૂપ નથી. શુભરાગ છે એ તો ઉદયભાવ છે, બંધ પરિણામ છે, જ્યારે ઉપશમાદિ ભાવત્રય છે એ મોક્ષમાર્ગરૂપ છે, અબંધ છે.

જુઓ, સોલહકારણ ભાવના સમ્યગ્દષ્ટિને જ હોય છે, અજ્ઞાનીને હોતી નથી. સમ્યગ્દષ્ટિ ધર્માત્માને ષોડશકારણભાવનાનો રાગ આવે છે, પણ એ બંધનું જ કારણ છે, તે કાંઈ અબંધ પરિણામ નથી. અહીં તો આ ચોકખી વાત છે કે મોક્ષનો માર્ગ જે ત્રણભાવમય છે તે સમસ્ત રાગાદિથી રહિત છે.

કોઈને થાય કે-ધર્મી પુરુષને ઉપશમાદિ ભાવ વખતેય રાગ તો હોય છે. તો તેને 'સમસ્ત રાગાદિ રહિત કેમ કહ્યા?'

ભાઈ! જે ઉપશમાદિ નિર્મળ ભાવો છે તે તો રાગરહિત જ છે; તે કાળે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ધર્મીને રાગ હો ભલે, પણ એ તો ભિન્ન ઉદયભાવરૂપ છે, એ કાંઈ ઉપશમાદિ ભાવમાં સમાતો નથી. અંશે શુદ્ધતા અને અંશે રાગ બન્ને એક સાથે હોવા છતાં બન્ને ભિન્ન ભિન્ન છે. ત્યાં ઉપશમાદિ નિર્મળભાવો છે તે મોક્ષનું કારણ છે અને જે કોઈ રાગાંશ છે તે બંધનું જ કારણ છે, તે મોક્ષનું કારણ જરાય નથી. આ પ્રમાણે મોક્ષનું કારણ જે ઉપશમાદિ નિર્મળ ભાવો છે તે તો સમસ્ત રાગરહિત જ છે. સમજાણું કાંઈ...?

શુદ્ધદ્રવ્ય ત્રિકાળ ભાવરૂપ, અને તેને અવલંબીને પ્રગટ થયેલી પરિણતિ તે ભાવના-એ બન્ને શુદ્ધ છે, પવિત્ર છે. જેમ ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્યમાં રાગ નથી તેમ તેમાં ઝુકેલી પરિણતિમાં પણ રાગ નથી. અહા! શુદ્ધાત્માની આવી ભાવના કે જેમાં શુદ્ધ ચૈતન્યભાવનું ભવન થયું હોય તે પરમ અમૃતસ્વરૂપ છે. ચોથા ગુણસ્થાનથી આવી ભાવનાપરિણતિ શરૂ થાય છે. ઉપશમાદિ ત્રણ ભાવો ચોથા ગુણસ્થાને પણ હોય છે. સમ્યક્ત્વ પ્રગટવાના કાળે, તેમજ ત્યારપછી પણ કોઈવાર ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય છે. તે સિવાયના કાળમાં પણ જેટલી શુદ્ધ પરિણતિ થઈ છે તેનું નામ 'ભાવના' છે, ને તે મોક્ષનું સાધન છે.

જો કોઈ એમ કહે કે ચોથે ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય નહિ તો તેને સમકિત શું ચીજ છે, ભગવાનનો મારગ શું છે-એની ખબર જ નથી. ભાઈ! શુદ્ધોપયોગ વિના તને ભગવાનનો માર્ગ હાથ નહિ આવે. અંતર્શુદ્ધતા વિના એકલા રાગથી તું મોક્ષમાર્ગ માની લે પણ તે વીતરાગનો માર્ગ નથી. ચોથે ગુણસ્થાને ઉપશમ સમ્યગ્દર્શન શુદ્ધોપયોગપૂર્વક જ થાય છે એ સિદ્ધાંત છે. શુભરાગ વડે સમ્યગ્દર્શન થાય એમ કદીય બનતું નથી. શુદ્ધાત્મભાવના શુદ્ધદ્રવ્યને અવલંબનારી છે, રાગને કદીય નહિ. રાગમાં એ તાકાત નથી કે તે શુદ્ધદ્રવ્યને-સ્વદ્રવ્યને ભાવી શકે. રાગની મંદતા વડે અંતઃપ્રવેશ શક્ય જ નથી તો તે વડે સમ્યગ્દર્શનાદિ કેમ થાય? ન થાય. ભાઈ! વીતરાગનો મારગ તો આવો રાગરહિત જ છે.

ભગવાન આત્મા જિનસ્વરૂપ પ્રભુ છે. આવે છે ને કે-

જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ;
યહી વચનસે સમજ લે, જિનપ્રવચનકા મર્મ.

આ આત્મા સદા જિનસ્વરૂપ-વીતરાગસ્વરૂપ-પરમાત્મસ્વરૂપ જ છે. જો પોતે વીતરાગસ્વરૂપ ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી? ભગવાન અર્હંતદેવને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ થયાં તે આવ્યાં ક્યાંથી? શું તે બહારથી આવ્યાં છે? ના; અંદર શક્તિમાં વીતરાગતા કે કેવળજ્ઞાન ભર્યાં છે તે પ્રગટ થયાં છે. કેવી રીતે? શુદ્ધાત્મભાવનાની પૂર્ણતા વડે. અહા! તે શુદ્ધાત્મભાવના જે મોક્ષમાર્ગરૂપ છે તે, કહે છે, સમસ્ત રાગાદિથી રહિત છે, રાગનો-વિકલ્પનો અંશ પણ એમાં સમાતો નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, આ સંસ્કૃત ટીકા છે. નવસો વર્ષ પહેલાં શ્રી જયસેનાચાર્યદેવે આ ટીકા રચી છે. એમાં આવી ચોકખી વાત કરી છે કે શુદ્ધાત્મભાવના કે જે ત્રણભાવરૂપ છે તે સમસ્ત રાગાદિરહિત હોવાને લીધે શુદ્ધ ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ છે. ભાઈ! ચોથા ગુણસ્થાનમાં પણ જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ પ્રગટ થયા તે રાગાદિરહિત પરિણામ છે. આ તો ભગવાન જિનચંદ્ર-જિનેશ્વરનાથ સર્વજ્ઞ પરમાત્માના ઘરની વાત છે. બાપુ! શ્રી સીમંધર પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરપદે બિરાજે છે; તેમની દિવ્યધ્વનિમાં આવેલી સાર-સાર આ વાત છે. અહો! દિગંબર સંતોએ આમાં તો કેવળજ્ઞાનનો કક્કો ઘુંટાવ્યો છે.

કહે છે- આ ભાવના જે ત્રણભાવરૂપ છે તે સમસ્ત રાગાદિરહિત હોવાના કારણે શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ છે. અહીં પર્યાયરૂપ શુદ્ધઉપાદાનની વાત છે. ત્રિકાળી શુદ્ધઉપાદાન કે જે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે તે તો પહેલાં આવી ગઈ છે. અહીં પર્યાયના શુદ્ધઉપાદાનની વાત છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક-એ ત્રણે વીતરાગી નિર્મળ પર્યાયો છે. તે વીતરાગી પર્યાય સમસ્ત રાગાદિથી રહિત શુદ્ધઉપાદાનકારણભૂત છે અને તેથી મોક્ષનું કારણ છે. અહા! નિર્મળ પર્યાય પોતે જ શુદ્ધઉપાદાનકારણભૂત છે. શું કીધું? એ પર્યાય પોતે જ પોતાનું ઉપાદાનકારણ છે; અર્થાત્ પર્યાય પોતે જ પોતાનું કારણ અને પોતે જ પોતાનું કાર્ય છે. અહો! આ તો કોઈ અલૌકિક શૈલીથી વાત છે. આવી વાત ભગવાન કેવળીના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાયનો વિષય ત્રિકાળી, દ્રવ્ય છે. વર્તમાન ભાવનારૂપ જે નિર્મળ પર્યાય તે શુદ્ધ ત્રિકાળીને અવલંબે છે. ધર્મની દશા ને મોક્ષની દશા શુદ્ધપારિણામિકભાવસ્વરૂપ ત્રિકાળીને અવલંબે છે, તે રાગને અવલંબતી નથી, તેમ વર્તમાન પર્યાયને પણ અવલંબતી નથી. (નિર્મળ) પર્યાયનો વિષય પર્યાય નથી. સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળીને અવલંબતી થકી પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે પ્રગટ થાય છે. આ તો એકલું અમૃત છે ભાઈ! અહો! આચાર્યદેવે આ પંચમકાળમાં અમૃત રેડયાં છે; 'અમૃત વરસ્યાં રે પંચમકાળમાં.'

જુઓ, નિયમસારમાં આચાર્યદેવે એમ કહ્યું છે કે-ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ જે નિર્મળ વીતરાગી ધર્મની પર્યાય છે તેને અમે પરદ્રવ્ય કહીએ છીએ. અહા! તે પરભાવ છે, પરદ્રવ્ય છે અને તેથી હેય છે એમ ત્યાં કહ્યું છે. શું કીધું? વ્યવહારરત્નત્રયનો રાગ તો હેય છે જ, પણ શુદ્ધ આત્મદ્રવ્યની દૃષ્ટિ થતાં જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે તે મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય પણ ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિએ પરભાવ છે, પરદ્રવ્ય છે અને તેથી હેય છે એમ કહે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે શું? કે તે પર્યાય પણ અવલંબનયોગ્ય નથી. અહાહા....! નિર્મળ પર્યાયને તે પર્યાયનું અવલંબન નથી. જેમ રાગ આશ્રયયોગ્ય નથી તેમ નિર્મળ પર્યાય પણ આશ્રયયોગ્ય નથી.

અરે ભાઈ! તું દુઃખી-દુઃખી થઈને ચાર ગતિમાં રઝળી મર્યો છે. ચારે ગતિમાં તને જે મિથ્યાત્વના ભાવ રહ્યા તે સંસાર છે, બીજી ચીજ-બૈરાં-છોકરાં, કુટુંબ-કબીલા વગેરે કાંઈ સંસાર નથી. રાગ સાથે એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વનો ભાવ તે જ સંસાર છે. બાપુ! તું બૈરાં-છોકરાં છોડે ને દુકાન વગેરે છોડે એટલે સંસાર છોડયો એમ માને છે પણ એ મિથ્યા-જૂઠું છે. મિથ્યાત્વને છોડયા વિના સંસાર કદીય છૂટે નહિ. એમ તો અનંતકાળમાં તું અનંતવાર નગ્ન દિગંબર મુનિ થયો, પણ એથી શું? છહઢાલામાં આવે છે ને?

મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયો;<br>
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેસ ન પાયો.

હવે આવી વાત આકરી લાગે છે એટલે વિરોધ કરે છે. પણ ભાઈ! ત્રણકાળમાં કદીય ફરે નહિ એવી આ પરમ સત્ય વાત છે. વિરોધ કરો તો કરો; પણ તારા એવા પરિણામથી તને બહુ નુકશાન થશે.

વ્યવહાર છે તે મોક્ષનો માર્ગ છે જ નહિ, વાસ્તવમાં તે બંધનું જ કારણ છે, મોક્ષમાર્ગ બે નથી. એનું નિરૂપણ બે પ્રકારે છે. નિશ્ચય મોક્ષનો મારગ તો સમસ્ત રાગાદિથી રહિત છે તે શુદ્ધ ઉપાદાનકારણભૂત છે. રાગ છે તે મોક્ષમાર્ગ પણ નહિ અને તેનું કારણ પણ નહિ. આવી વાત છે.

સમાધિતંત્ર શ્લોક ૯૧ ના વિશેષ અર્થમાં લખ્યું છે કે-નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન હોય છે. જયધવલ-પૃ. ૧૧૭, પુસ્તક સાતમું એમાં કહ્યું છે કે-

'बज्झकारण–निरपेक्खो वत्थुपरिणामो'

વસ્તુનું પરિણામ બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે. આ વાત સમજવા દ્રષ્ટાંત આપીએ છીએ:

જુઓ, દશમા ગુણસ્થાને લોભપરિણામ એક છે, છતાં કર્મોની સ્થિતિમાં ફેર પડે છે. નિમિત્તપણે લોભનું એક જ કારણ હોવા છતાં કોઈ કર્મની સ્થિતિ આઠ મુહૂર્તની અને કોઈ કર્મની સ્થિતિ અંતર્મુહૂર્તની પડે છે. આનું કારણ શું? એ તો નીચેના ગુણસ્થાનોમાં પણ આમ છે; આ તો લોભના છેલ્લા પરિણામની વાત કરીએ છીએ. લોભના એક જ પરિણામ નિમિત્તકારણ હોવા છતાં કર્મના સ્થિતિબંધમાં ફેર પડે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નામ અને ગોત્રકર્મની સ્થિતિ આઠ મુહૂર્તની બંધાય છે, જ્યારે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીયનો સ્થિતિનો બંધ અંતઃમુહૂર્તનો પડે છે. આમ કેમ? તો કહે છે-તે સ્થિતિબંધની પર્યાય સ્વતંત્ર છે, તેને કોઈ બાહ્ય કારણની અપેક્ષા નથી અર્થાત્ વસ્તુનું પરિણામ બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે.

અમે તો આ ઘણા વખતથી કહીએ છીએ. અમુક કર્મપ્રકૃતિમાં પરમાણુ ઓછાં આવે છે, તો કોઈ કર્મપ્રકૃતિમાં પરમાણુ ઘણાં આવે છે; ત્યાં મિથ્યાત્વ અને રાગાદિ પરિણામ તો એક જ છે, છતાં આમ બને છે એનું કારણ શું? બસ આ જ કે વસ્તુનું પરિણામ બાહ્ય કારણથી નિરપેક્ષ છે. પ્રત્યેક કાર્ય અંતરંગકારણથી જ થાય છે, તેને બાહ્ય પરકારણની અપેક્ષા છે જ નહિ. અહાહા....! મોક્ષનો માર્ગ જે અંદર પ્રગટ થાય છે તેને બાહ્યકારણની-વ્યવહારરત્નત્રયની કોઈ અપેક્ષા નથી; તે મોક્ષના માર્ગની પર્યાય શુદ્ધ ઉપાદાનકારણભૂત છે. અહો! સર્વજ્ઞના કેડાયતીઓએ સર્વજ્ઞ થવાની આવી અલૌકિક વાત કરી છે. જેનાં પરમ ભાગ્ય હોય તેને તે સાંભળવા મળે તેવી છે.

અહાહા..! કહે છે-શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવને અવલંબનારી ભાવના રાગાદિરહિત હોવાને લીધે શુદ્ધ ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષના કારણરૂપ છે. તે ભાવનાને બાહ્યકારણની-વ્યવહારકારણની અપેક્ષા નથી. હવે આ સાંભળીને ઓલા વ્યવહારના પક્ષવાળા રાડ પાડી જાય છે. તેઓ કહે છે-નિશ્ચય અને વ્યવહાર-એમ બે મોક્ષમાર્ગ છે.

અરે ભાઈ! તને ખબર નથી ભગવાન! પણ નિશ્ચયમોક્ષમાર્ગ એક જ સત્યાર્થ મોક્ષમાર્ગ છે, વ્યવહાર મોક્ષમાર્ગ એ કાંઈ વાસ્તવિક માર્ગ નથી, એ તો ઉપચારમાત્ર છે; વાસ્તવમાં તો એ રાગ છે, બંધનું કારણ છે. વ્યવહારમોક્ષમાર્ગને જ સત્યાર્થ મોક્ષમાર્ગ માની અનંતકાળથી તું રખડવાના પંથે ચઢી ગયો છો. માર્ગના યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના એકેન્દ્રિય આદિમાં અનંત અનંત અવતાર ધરીને તું હેરાન-હેરાન થઈ ગયો છું પ્રભુ! જરા યાદ કર.

સંવત ૧૯૮૦ ની સાલમાં સંપ્રદાયમાં બોટાદમાં હતા ત્યારે પંદરસો પંદરસો માણસો વ્યાખ્યાનમાં આવતા. બહારમાં નામ પ્રસિદ્ધ હતું ને? તો હજારો માણસો સાંભળવા આવતા. ત્યારે એકવાર જાહેર સભામાં કહેલું કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહિ. બહુ આકરી વાત! પણ લોકો સાંભળતા; અમારા ઉપર વિશ્વાસ હતો ને! તો સાંભળતા. લ્યો, તે વખતે આ દેહની ઉંમર તો નાની હતી, તે વખતે આ વાત મૂકી હતી કે-સમકિતીને તીર્થંકરપ્રકૃતિનો બંધ પડે, અજ્ઞાનીને નહિ; છતાં સમકિતી જીવને તીર્થંકરપ્રકૃતિના કારણભૂત જે પરિણામ થાય તે પરિણામ ધર્મ નથી. અહા! જે ભાવથી બંધ થાય તે ભાવ ધર્મ કે ધર્મનું કારણ કેમ થાય? ન થાય. ભાઈ! મુનિરાજને જે પંચમહાવ્રતના પરિણામ છે તે રાગ છે માટે તે આસ્રવભાવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે, બંધનું કારણ છે. હવે આવી વાત સાંભળીને ઘણાને ખળભળાટ થઈ જાય છે, પણ ભાઈ! આ ત્રિલોકીનાથ જૈન પરમેશ્વરની વાણીમાં આવેલી પરમ સત્ય વાત છે.

શુભભાવ જ્ઞાનીને આવે છે ખરો; અંદર આત્મજ્ઞાન અને સ્વાનુભવ જેને પ્રગટ થયાં છે તેને ક્રમે આગળ વધતાં વચ્ચે યથાયોગ્ય શુભભાવ આવે છે, પણ એનાથી ધર્મ થાય છે એમ નથી. ધર્મ તો રાગરહિત શુદ્ધઉપાદાનકારણભૂત છે. શુભભાવ છોડીને અંદર આત્માનુભવમાં સ્થિરતા થાય ત્યારે આગળ આગળનું ગુણસ્થાન પ્રગટે છે. જુઓ, છઠ્ઠે ગુણસ્થાને પાંચ મહાવ્રતનો વિકલ્પ છે તે પ્રમાદ છે. તેને છોડીને, અંતરમાં સ્થિર થાય ત્યારે સાતમું ગુણસ્થાન પ્રગટ થાય છે. સાધકને ભૂમિકાયોગ્ય વચમાં વ્યવહાર આવે છે ખરો, પણ તેને તે હેય છે.

નિયમસારમાં તો મોક્ષમાર્ગની પર્યાયને પણ હેય કહી છે, કેમકે તે આશ્રય કરવાયોગ્ય નથી. વસ્તુસ્થિતિ જ આવી છે બાપુ! કોઈની કલ્પનાથી વસ્તુસ્થિતિ ન બદલી જાય. ઓહો! વસ્તુ ચિદાનંદઘન પ્રભુ અંદર ત્રિકાળી સત્ છે તેના લક્ષે, તેના આશ્રયે, તેના અવલંબને જે શુદ્ધાત્મભાવના પ્રગટ થાય તે સર્વથા રાગરહિત છે અને શુદ્ધ ઉપાદાનકારણભૂત છે. આવી વાત સંપ્રદાયબુદ્ધિવાળાને કઠણ પડે પણ શું થાય? હવે તો લાખો લોકો આ વાતને સમજવા લાગ્યા છે.

જેને આ વાત બેસતી નથી તે પ્રરૂપણા કરે છે કે-વ્રત લો, પડિમા ધારણ કરો-એનાથી ધર્મ થઈ જશે. પણ ભાઈ! સમ્યગ્દર્શન વિના પડિમા આવશે ક્યાંથી? હજુ સમકિતની દશા કેવી હોય અને તે કેમ પ્રગટે એનીય જેને ખબર નથી તેને પડિમા કેવી? તેને વ્રત કેવાં? અહીં તો આ એકદમ ચોકખી વાત છે કે મોક્ષમાર્ગની ભાવનારૂપ જે પર્યાય છે તે રાગરહિત શુદ્ધઉપાદાનકારણભૂત છે. અર્થાત્ તે પડિમા આદિની અપેક્ષાથી રહિત છે.

ત્યારે કેટલાક વાંધા ઉઠાવે છે કે- (કાર્ય) ઉપાદાનથી પણ થાય અને નિમિત્તથી પણ થાય.

ભાઈ! તારી આ વાત યથાર્થ નથી. બે કારણથી કાર્ય થાય છે એમ શાસ્ત્રમાં આવે છે, પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે ઉપચારથી બીજી ચીજને કારણ કહી છે, પણ તે સત્યાર્થ કારણ છે એમ છે નહિ; સત્યાર્થ કારણ તો એક ઉપાદાનકારણ જ છે. આ પ્રમાણે મોક્ષનો માર્ગ અને તેનું કારણ એક જ પ્રકારે છે.

ચિદ્‌વિલાસમાં પં. શ્રી દીપચંદજીએ બહુ સરસ વાત કરી છે. તેઓ કહે છે-પર્યાયનું કારણ તે પર્યાય જ છે. ગુણ વિના જ (ગુણની અપેક્ષા વિના જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે; પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે, પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે, પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે. જેટલામાં પર્યાય ઉઠે તે પ્રદેશ પર્યાયનું કારણ છે, ધ્રુવના પ્રદેશ નહિ. આવી વાત છે! સમજાય છે કાંઈ....?

જુઓ, આત્માના પાંચ ભાવોમાં કયા ભાવ મોક્ષનું કારણ છે એની આ વાત ચાલે છે. ત્યાં કહે છે-શુદ્ધ એક ચૈતન્યસ્વભાવની ભાવનાથી પ્રગટેલા ઔપશમિક આદિ ત્રણ ભાવો મોક્ષનું કારણ છે, ને તે ત્રણે ભાવો રાગરહિત શુદ્ધ છે. રાગ છે તે ઔદયિકભાવ છે અને તે મોક્ષના કારણભૂત નથી. આ પ્રમાણે અસ્તિ-નાસ્તિરૂપ મોક્ષમાર્ગનું સ્વરૂપ કહ્યું. આવા મોક્ષમાર્ગની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. શુદ્ધ આત્મ-દ્રવ્યનું અવલંબન ચોથે ગુણસ્થાનેથી શરૂ થાય છે. ત્યાં જેટલું શુદ્ધાત્માનું અવલંબન તેટલી શુદ્ધતા છે; ને તે શુદ્ધતાને જ ઉપશમાદિ ભાવત્રય કહે છે, ઉદયભાવ-રાગભાવ તો એનાથી બહાર જ છે.

પણ તે કાળે રાગ છે તો ખરો?

છે ને? તે કાળે રાગ હો, પણ તેથી શું? આખી દુનિયા છે, પણ એનાથી જ્ઞાન જાુદું છે, જ્ઞાન તેને કરતું નથી; તેમ રાગનેય જ્ઞાન કરતું નથી, ભોગવતું નથી, જાણે જ છે. ભાઈ! સમકિતીને સમ્યક્ત્વાદિ જે નિર્મળ નિર્મળ ભાવો છે તે રાગથી મુક્ત જ છે, ભિન્ન જ છે. અહો! ભગવાન આત્મા તો ભિન્ન હતો જ, ને પરિણતિ સ્વાભિમુખ થઈ ત્યાં તે પણ રાગથી ભિન્ન જ થઈ. ભાઈ! રાગ રાગમાં હો, પણ રાગ જ્ઞાનમાં નથી, કેમકે જ્ઞાને રાગને ગ્રહ્યો નથી, રાગ જ્ઞાનમાં જણાતાં 'આ રાગ હું' -એમ જ્ઞાને રાગને પકડયો નથી. 'હું તો જ્ઞાન છું' -એમ જ્ઞાન પોતાને જ્ઞાનપણે જ વેદે છે. આવા વેદનમાં સાથે આનંદ છે, પણ એમાં રાગ નથી. સમજાણું કાંઈ...?

અરે જીવ! મોક્ષના કારણરૂપ તારી નિર્મળદશા કેવી હોય તેને ઓળખ તો ખરો! અહા! તારી સ્વરૂપસંપદાને ઓળખતાં તે પ્રગટ થાય છે. ભાઈ! મોક્ષના કારણરૂપ તે દશા-

-શુદ્ધ એક પરમસ્વભાવભાવને જ અવલંબનારી છે, પરને ને રાગને અવલંબનારી નથી.

-દેહ, મન, વચન આદિ જગતના સર્વ અન્યપદાર્થોથી ભિન્ન છે.

-પુણ્ય-પાપ આદિ ભાવકર્મથી પણ ભિન્ન છે. તેમાં રાગનો એક કણ પણ સમાતો નથી.

-શુદ્ધ ઉપાદાનકારણભૂત છે.

અહા! મોક્ષના કારણરૂપ તે દશા સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-રમણતા આદિ નિજભાવોથી ભરપૂર છે. અહો! સમકિતીને સ્વાવલંબે પ્રગટેલી ચૈતન્યસંપદા આગળ જગતની જડસંપદા કાંઈ નથી ; કેમકે પુણ્યને આધીન એ જડસંપદા પરમસુખમય મોક્ષને દેવા સમર્થ નથી. આવી વાત છે.

બાપુ! વીતરાગનો મારગ રાગથી સદાય અનેરો છે. ચોથે ગુણસ્થાને શુદ્ધતાનો જે અલ્પ અંશ પ્રગટ થયો તેમાં પણ રાગનો અભાવ જ છે. શુદ્ધતામાં રાગ નહિ, ને રાગમાં શુદ્ધતા નહિ; બન્નેની જાતિ જ ભિન્ન છે. સમ્યગ્દષ્ટિને દ્રવ્યમાં રાગ નહિ, ગુણમાં રાગ નહિ ને જે નિર્મળ પરિણતિ થઈ તેમાંય રાગ નહિ; આમ તેને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય રાગરહિત શુદ્ધ વર્તે છે. અભેદ એક 'શુદ્ધ' ને ભાવતાં તેને શુદ્ધતાનું પરિણમન થયા કરે છે. આવી શુદ્ધતાની પૂર્ણતા થાય તે મોક્ષ; અને અંશે શુદ્ધતા તે મોક્ષમાર્ગ, શ્રીમદે કહ્યું છે ને કે-

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા; તે પામે તે પંથ.

આ પ્રમાણે કારણ-કાર્ય એક જાતિનાં જ હોય છે. શુભરાગ કારણ થઈને અશુદ્ધ કાર્યને જ કરે. પણ તે શુદ્ધ કાર્યને કરે એમ કદીય ના બને. શુદ્ધ કાર્યનું કારણ તો શુદ્ધ જ હોય, રાગરહિત જ હોય. હવે આમ છે ત્યાં કોઈ બહારમાં જડની ક્રિયાઓ થાય એને મોક્ષનું કારણ માને એ તો નરી મૂઢતા જ છે.

સમકિતીને જેટલી સ્વ-આશ્રયે શુદ્ધ ઉપાદાનરૂપ પરિણતિ થઈ છે તેટલું મોક્ષનું કારણ છે. ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય કે જે ધ્રુવભાવરૂપ છે, અક્રિય છે તે મોક્ષનું કારણ થતું નથી, વળી શુદ્ધદ્રવ્યથી વિમુખપણે વર્તતા ભાવો પણ મોક્ષનું કારણ નથી થતા; શુદ્ધદ્રવ્યની સન્મુખ થઈને વર્તતા નિર્મળ ભાવો જ મોક્ષનું કારણ થાય છે. આ પ્રમાણે અહીં પર્યાયમાં કારણ-કાર્યપણું કહ્યું છે. એમ તો તે-તે સમયની પર્યાય શુદ્ધદ્રવ્યને અવલંબીને પોતે પૂરણ શુદ્ધપણે પ્રગટે છે, પૂર્વ પર્યાયમાંથી તે નથી આવતી. પણ પૂર્વે આટલી શુદ્ધિપૂર્વક જ પૂર્ણ શુદ્ધતા થાય છે તેથી તેમનામાં કારણ-કાર્યપણું કહ્યું, અને તેનાથી વિરુદ્ધભાવોનો નિષેધ કર્યો. આ પ્રમાણે કયા ભાવથી મોક્ષ સધાય છે તે બતાવ્યું.

અહીં કહે છે-શુદ્ધાત્મભાવના કે જે ઔપશમિકાદિ ભાવત્રયરૂપ છે તે મોક્ષનું કારણ છે, પરંતુ શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. હવે આ વાણિયા માલ લેવા જાય ત્યાં તો કસી-કસીને માલ ખરીદે પણ અહીં ધર્મની વાત આવે તેમાં 'જયનારાયણ' એમ હા જી હા કરે. પણ ભાઈ! આ તો ત્રિલોકીનાથ જૈન પરમેશ્વરની સર્વજ્ઞદેવની વાણી છે. અહા! જેમની સભામાં ઇન્દ્રો, મુનિવરો, ગણધરો બિરાજતા હોય, જેમની વાણી નાગ અને વાઘ પણ સાંભળતા હોય તે વાણી કેવી હોય બાપુ! દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો એવી વાત તો કુંભારેય કરે છે; એમાં શું નવું છે? ૫૦ વર્ષ પહેલાં તો એવો રિવાજ હતો કે શ્રાવણ માસ આવે એટલે કુંભાર નિભાડા બંધ કરે, ઘાંચી ઘાણી ન ચલાવે ઇત્યાદિ. પણ ભાઈ! એ કાંઈ ધર્મના પરિણામ નથી.

અહીં કહે છે-મોક્ષના માર્ગરૂપ જે નિર્મળ રત્નત્રયની પર્યાય છે તે મોક્ષનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ છે, પરંતુ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય છે તે મોક્ષનું કારણ નથી. અહાહા...! ભગવાન આત્મા જેને કારણજીવ, કારણપરમાત્મા કહીએ તે ચિદાનંદઘન પ્રભુ, અહીં કહે છે, મોક્ષનું કારણ નથી. ભાઈ! જ્યાં જે પદ્ધત્તિથી વાત હોય તે યથાર્થ સમજવી જોઈએ. જો ત્રિકાળીભાવરૂપ કારણપરમાત્મા મોક્ષનું કારણ હોય તો મોક્ષરૂપ કાર્ય સદાય હોવું જોઈએ, કેમકે દ્રવ્ય તો સદાય વિદ્યમાન છે. પરંતુ મોક્ષકાર્ય તો નવું પ્રગટે છે. માટે તેનું કારણ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નથી પણ પર્યાય છે. અહાહા...! કારણપરમાત્મદ્રવ્ય સદાય શુદ્ધ છે; એનું ભાન કરીને પર્યાય જ્યારે એની ભાવનારૂપ પરિણમી, એમાં એકાકાર થઈ પરિણમી ત્યારે તે શુદ્ધ થઈને મોક્ષનું કારણ થઈ. આ પ્રમાણે મોક્ષનું કારણ-કાર્ય પર્યાય છે, શુદ્ધ દ્રવ્ય નહિ.

જુઓ, એક ફેરા એક પ્રશ્ન થયેલો કે-તમો કારણપરમાત્મા અનાદિથી વિદ્યમાન છે એમ કહો છો તો તેનું કાર્ય કેમ નથી આવતું? એમ કે કારણ કહો છો તો એનું કારણ આવવું જોઈએ ને?

**સમાધાનઃ-** ત્યારે કહ્યું, -ભાઈ! કારણપરમાત્મા તો ત્રિકાળ સત્ છે. પણ તેં એનું અસ્તિત્વ ક્યાં માન્યું છે? એનો સ્વીકાર કર્યા વિના પર્યાયમાં એનું કાર્ય ક્યાંથી આવે? પર્યાય જ્યારે સ્વાભિમુખપણે વર્તે છે ત્યારે એનું કાર્ય આવે જ છે. કાર્ય તો પર્યાયમાં આવે ને? પણ સ્વાભિમુખ થાય ત્યારે. આવી વાત છે. આ પ્રમાણે સ્વાભિમુખ પર્યાય મોક્ષનું કારણ થાય છે, ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નહિ; કેમકે દ્રવ્ય તો અક્રિય અપરિણામી છે. સમજાય છે કાંઈ...?

આ પ્રમાણે મોક્ષનું કારણ દર્શાવીને શક્તિરૂપ ને વ્યક્તિરૂપ મોક્ષની ચર્ચા કરે છે; કહે છે-

'જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.'

અહાહા...! ભગવાન આત્મા શુદ્ધ શક્તિરૂપ ત્રિકાળ મોક્ષસ્વરૂપ અબંધસ્વરૂપ છે. સમયસાર ગાથા ૧૪-૧૫ માં આત્માને 'અબદ્ધસ્પૃષ્ટ' કહ્યો છે. અબદ્ધ કહો કે મુક્ત કહો- એક જ વાત છે. ભાઈ! ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સદા મુક્તસ્વરૂપ જ છે. ગજબ વાત છે ભાઈ! કહે છે-શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે. અહા! ભગવાન આત્મા તો શક્તિએ-સ્વભાવથી ત્રિકાળ મોક્ષસ્વરૂપ પ્રથમથી જ વિદ્યમાન છે. જોયું? એનો મોક્ષ કરવો છે એમ નહિ, ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે, પ્રથમથી જ મોક્ષસ્વરૂપ છે.

૧૫ મી ગાથામાં કહ્યું છે કે-જે કોઈ આત્માને અબદ્ધ-સ્પૃષ્ટ દેખે છે તે સકલ જિનશાસનને દેખે છે. જુઓ આ જૈનધર્મ! ભગવાન આત્મા રાગ અને કર્મના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સંબંધથી રહિત અબદ્ધસ્પૃષ્ટ છે. અહા! આવા શુદ્ધ ચિદાનંદ ભગવાનને જેણે અંતર્મુખ થઈ અનુભવ્યો તે, કહે છે, સર્વ જિનશાસનને દેખે છે -કે જે બાહ્ય દ્રવ્યશ્રુત તેમજ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. અહા! જે પુરુષે નિજ શુદ્ધોપયોગમાં આત્માનુભવ કરીને મોક્ષમાર્ગ પ્રગટ કર્યો એણે સકળ જિનશાસન જોયું. આવું જિનશાસન એક વીતરાગભાવરૂપ છે.

અહા! શ્રી જયસેનાચાર્યદેવ વીતરાગી સંત મુનિવર કહે છે-મોક્ષના બે પ્રકારઃ એક શક્તિરૂપ મોક્ષ, બીજો વ્યક્તિરૂપ મોક્ષ. ત્યાં પર્યાયમાં પરિણમન થઈને આત્માનો પૂર્ણ લાભ વ્યક્તરૂપે પ્રાપ્ત થવો તે વ્યક્તિરૂપ મોક્ષ છે. અને વસ્તુ જે શુદ્ધપારિણામિકસ્વભાવે છે તે શક્તિરૂપ મોક્ષ ત્રિકાળ છે. ત્રિકાળ પરમસ્વભાવભાવરૂપ જે શુદ્ધ શક્તિરૂપ મોક્ષ છે તેમાં મોક્ષ કરવો છે એમ નથી. એ તો પ્રથમથી જ મોક્ષસ્વરૂપ છે. અને તેનો આશ્રય કરીને પર્યાય જે પરિપૂર્ણસ્વભાવે પ્રગટ થાય તે વ્યક્તિરૂપ મોક્ષ છે. આવું બહુ ઝીણું ભાઈ! અજાણ્યા માણસને તો ગ્રીક-લેટિન જેવું લાગે. ભાઈ! ફુરસદ લઈને આનો પરિચય કરવો જોઈએ; આ તો વીતરાગનો મારગ છે બાપા!

અહીં કહે છે-શક્તિરૂપ મોક્ષ શુદ્ધપારિણામિક ત્રિકાળ છે, તે પ્રથમથી જ વિદ્યમાન છે; આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે. અહા! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય-એમ અનંતચતુષ્ટય પ્રગટ થયાં તે વ્યક્તરૂપ મોક્ષ છે અને તે મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે. એ મોક્ષ દ્રવ્યથી પ્રાપ્ત ન થાય એમ અહીં કહેવું છે. દુનિયાને આ ગોઠે નહિ એવી વાત છે, પણ ભાઈ રે! પર્યાયમાં જે મોક્ષ થાય છે એ મોક્ષમાર્ગના કારણથી થાય છે, પર પદાર્થ એનું કારણ નથી, તેમ ત્રિકાળી દ્રવ્ય પણ એનું કારણ નથી. વાસ્તવમાં તો તે-તે પર્યાયનું શુદ્ધ ઉપાદાન જ તે પર્યાયનું (-મોક્ષનું) કારણ છે. સમજાય છે કાંઈ...?

મોક્ષમાર્ગની પર્યાયને અહીં મોક્ષનું કારણ કહ્યું છે એ પણ અપેક્ષાથી વાત છે; મોક્ષમાર્ગની જે પર્યાય છે તે વ્યય થઈને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે, પણ એમ નથી કે જોર કરીને તે મોક્ષની પર્યાયને ઉત્પન્ન કરી દે છે વા કરાવી દે છે. આવી વાત છે.

આત્માનો ત્રિકાળી ધ્રુવસ્વભાવ અને એના આશ્રયે પ્રગટ થતો મોક્ષમાર્ગ સમજાવીને અહો! આચાર્ય ભગવાને અંતરનો ખજાનો ખોલી દીધો છે. હે ભાઈ! તારો ચૈતન્યખજાનો અંદર મોક્ષસ્વભાવથી ભરપૂર છે. એમાં અંદર ઉતરીને એમાંથી જોઈએ એટલું કાઢઃ સમ્યગ્દર્શન કાઢ, સમ્યગ્જ્ઞાન કાઢ, સમ્યક્ચારિત્ર કાઢ, કેવળજ્ઞાન કાઢ અને મોક્ષ કાઢ. અહા! સદાકાળ એમાંથી પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ લીધા જ કર;

તારો ખજાનો ખૂટે એમ નથી. અહા! તારું આત્મદ્રવ્ય અવિનાશી અનંતગુણસ્વભાવથી ભરેલું સદા મોક્ષસ્વરૂપ જ છે. 'તું છો મોક્ષસ્વરૂપ.' અહા! આવા નિજ સ્વભાવનું જ્ઞાન-શ્રદ્ધાન થયું તેને મોક્ષ પ્રગટતાં શી વાર! જેણે અંતરમાં શક્તિરૂપ મોક્ષ ભાળ્યો તેને મોક્ષના ભણકાર આવી ગયા ને તેને અલ્પકાળમાં જ વ્યક્તિરૂપ મોક્ષ થાય છે.

વસ્તુ-ધ્રુવ આત્મદ્રવ્ય શક્તિરૂપ મોક્ષ ત્રિકાળ છે, અને એના આશ્રયે વ્યક્તિરૂપ મોક્ષ નવો પ્રગટે છે. પર્યાયમાં મિથ્યાત્વ હો કે સમ્યક્ત્વ હો, બંધન હો કે મોક્ષ હો; દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે, તેમાં બંધન નથી, આવરણ નથી, અશુદ્ધતા નથી કે અલ્પતા નથી. અહાહા...! વસ્તુ તો સદા પરિપૂર્ણ જ્ઞાનઘન-આનંદઘન પ્રભુ મોક્ષસ્વરૂપ જ છે. અહા! આવા નિજસ્વભાવનું અંતર્મુખ થઈને ભાન કરનારને પર્યાયમાં બંધન ટળીને પૂરણ શુદ્ધ મોક્ષદશા થવા માંડે છે. અહો! આવો અલૌકિક મોક્ષનો માર્ગ છે અને એનું નામ ધર્મ છે.

હવે કહે છે-

'એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે-" निष्क्रिय: शुद्धपारिणामिक: " અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે.'

જુઓ, આ વિશેષ સ્પષ્ટ કરે છે કે પારિણામિક ધ્રુવ સ્વભાવભાવ જે છે તે મોક્ષનું કારણ નથી કેમકે તે નિષ્ક્રિય છે. અહાહા...! શુદ્ધ પારિણામિક શુદ્ધચેતનામાત્ર વસ્તુમાં દૃષ્ટિ પડતાં જે નિર્મળ પરિણમન થાય તે પર્યાય મોક્ષનું કારણ છે, પણ શુદ્ધપારિણામિક વસ્તુ મોક્ષનું કારણ નથી. કેમ નથી? તો કહે છે-તે ઉત્પાદ-વ્યય વિનાની નિષ્ક્રિય ચીજ છે. એમાં બંધમાર્ગ કે મોક્ષમાર્ગની ક્રિયાઓ થતી નથી એવી તે નિષ્ક્રિય ચીજ છે. સૂક્ષ્મ વાત છે ભાઈ!

પરમાર્થવચનિકામાં પં. શ્રી બનારસીદાસજીએ કહ્યું છે કે-" મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર અને શુદ્ધ દ્રવ્ય અક્રિયરૂપ તે નિશ્ચય છે." વળી ત્યાં છેલ્લે કહ્યું છે કે-"આ વચનિકા યથાયોગ્ય સુમતિપ્રમાણ કેવળીવચનાનુસાર છે. જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્યાનુસાર કલ્યાણકારી થશે."

જુઓ, આમાં શું કહ્યું? કે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર; આ વ્યવહાર મોક્ષમાર્ગ તે વ્યવહાર એમ નહિ. ભાઈ! વ્યવહાર મોક્ષમાર્ગ એ તો માર્ગ જ નથી; એ તો ઉપચારમાત્ર-કથનમાત્ર માર્ગ છે; વાસ્તવમાં તો એ રાગ હોવાથી બંધરૂપ જ છે. ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરથી સિદ્ધ થયેલી વાત છે, આ કાંઈ કલ્પનાની વાત નથી.

"મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર, ને શુદ્ધ દ્રવ્ય અક્રિય તે નિશ્ચય." આમાં શુદ્ધદ્રવ્યને અક્રિય કહ્યું છે. અહા! વસ્તુ ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ પ્રભુ જે છે તે, કહે છે, અક્રિય છે. અહાહા....! જેમાં મોક્ષમાર્ગની કે મોક્ષની પર્યાય પણ નથી એવી ત્રિકાળી

ધ્રુવ અંતર્-વસ્તુ અક્રિય છે. એને અક્રિય કહો કે નિષ્ક્રિય કહો-એક જ વાત છે.

દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ સદા નિષ્ક્રિય તત્ત્વ છે. તથાપિ એમાં દૃષ્ટિ કરતાં, એનો આશ્રય કરી પરિણમતાં શુદ્ધ અરાગી-વીતરાગી પરિણમન થાય છે, તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહીએ. તે મોક્ષનો માર્ગ છે. અહા! આવો મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. આ ધર્મીનો વ્યવહાર ને ધર્મીની ક્રિયા છે. ધર્માત્મા નિર્મળ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને સાધે છે, એ કાંઈ વ્યવહારરત્નત્રયને (-રાગને) સાધતા નથી. માર્ગ તો આ છે ભાઈ!

અરે! આ જીવ ૮૪ લાખ યોનિમાં દુઃખી દુઃખી થઈને રઝળ્યો છે. અહા! એવો કોઈ શુભભાવ થઈ જાય તો પુણ્યોદય વશ તે બહાર ત્રસમાં આવે છે. આમ તો ત્યાં (એકેન્દ્રિયમાં) જીવને ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ-એવા ભાવ નિરંતર થયા કરે છે, પણ મનુષ્યગતિમાં આવે એવા એ શુભભાવ હોતા નથી. મનુષ્યપણામાં આવે એવા શુભભાવ કોઈકવાર જીવને થાય છે. ભાઈ! પુણ્યોદયવશ તને મનુષ્યપણું મળ્યું એ અવસર છે. જો આ અવસરમાં નિજ અંતઃતત્ત્વ મોક્ષસ્વરૂપ આત્મવસ્તુમાં જાય તો સમકિત થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્ચારિત્ર થાય-મોક્ષમાર્ગ થાય. પણ અંદર ન જાય તો? તો અવસર ચાલ્યો જાય અને બહાર આવેલા બીજા જીવ જેમ એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે તેમ તું પણ સરવાળે એકેન્દ્રિયમાં ચાલ્યો જાય. છહઢાલામાં આવે છે ને કે-

જો વિમાનવાસી હૂ થાય, સમ્યગ્દર્શન બિન દુઃખ પાય;
તહઁતૈં ચય થાવર તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ.

બહારમાં તો લોકો બાહ્ય વ્યવહારની-રાગની (જડ) ક્રિયાઓમાં ધર્મ માને-મનાવે છે. એક ટંક ખાવું કે ઉપવાસ કરવો તે તપસ્યા, અને તે તપસ્યા તે મુક્તિનું કારણ-આવું બધું સંપ્રદાયમાં હાલે છે. અરે ભગવાન! આ તું શું કરે છે? આખો માર્ગ વીંખી નાખ્યો પ્રભુ! અહીં તો આ દિગંબર સંતો પોકાર કરીને કહે છે કે-ત્રિકાળી સહજાનંદસ્વરૂપ અક્રિય આત્મવસ્તુ તે નિશ્ચય અને તેના અવલંબને નિર્મળ પરિણમન મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. અહાહા... અક્રિય શુદ્ધ દ્રવ્ય તે નિશ્ચય અને તેના આશ્રયે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. આવો માર્ગ! ભાઈ! આ જેમ વસ્તુ છે તેમ સમજવી પડશે હોં. બાકી બહારના ઝવેરાત આદિના ધંધા કાંઈ કામ આવે એમ નથી. ઉલટું એની એકત્વબુદ્ધિએ પરિણમતાં એ કાગડે-કૂતરે-કંથવે... ક્યાંય સંસાર-સમુદ્રમાં ગોથાં ખાતો ડૂબી મરશે.

ત્યારે કેટલાક લોકો દલીલ કરે છે કે-તમે કોઈ સાથે વાતચીત (વાદ) કરતા નથી; તો તકરાર (-વિવાદ) ઊભી રાખવી છે શું?

અરે ભાઈ! તું શું કહે છે આ? બાપુ! આ અધ્યાત્મની વાત વાદ કર્યે સમજાય એવી નથી. આ તો અંતર-પરિણમનમાં સમજાય એવી ચીજ છે. જુઓને, સમયસાર ગાથા-૧૧ ના ભાવાર્થમાં પં. શ્રી જયચંદજીએ કેવી ખુલાસાભરી સરસ વાત કરી છે! કે-

૧. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે,

૨. અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે,

૩. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;

૪. પણ એનું ફળ સંસાર જ છે.

લ્યો, હવે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય-એમ વ્યવહારનો પક્ષ તો જીવોને અનાદિથી જ છે. એકબીજાને ઉપદેશ પણ એવો જ કરે છે કે વ્રત, તપ, દાન, ભક્તિ, પૂજા ઇત્યાદિ કરો... એનાથી પરંપરા મોક્ષ થશે; વળી શાસ્ત્રોમાં પણ શુદ્ધનયને હસ્તાવલંબ' જાણી વ્યવહારનો ઉપદેશ ઘણો કર્યો છે. પણ ભાઈ! એનું ફળ સંસાર જ છે. આવી વાત!

વળી ત્યાં કહ્યું છે કે-

૧. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી,

૨. અને એનો ઉપદેશ પણ વિરલ છે-ક્યાંક ક્યાંક છે,

૩. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી દીધો છે કે-

"શુદ્ધનય ભૂતાર્થ છે. સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી." જુઓ, ગૃહસ્થાશ્રમમાં રહીને આવો ભાવાર્થ પંડિત શ્રી જયચંદજીએ લખ્યો છે!

અહીં જયસેનાચાર્યદેવ કહે છે- 'સિદ્ધાંતમાં એમ કહ્યું છે કે શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિયછે. નિષ્ક્રિયનો શો અર્થ છે?' તો કહે છે-

'(શુદ્ધપારિણામિકભાવ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિ-પરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવના-પરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ-પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.'

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિષ્ક્રિય એટલે શું? જડની અને પરની ક્રિયા વિનાની ચીજ એનું નામ શું નિષ્ક્રિય છે? આત્મા શરીર આદિ પરની ક્રિયા ન કરી શકે માટે તે નિષ્ક્રિય છે શું? તો કહે છે-ના; એમ નથી. ભાઈ! તું જરા ધીરો થઈને સાંભળ. બંધના કારણભૂત જે ક્રિયા એટલે કે રાગાદિ મલિન ભાવ તે-રૂપ શુદ્ધપારિણામિકભાવ નથી તેથી તેને નિષ્ક્રિય કહે છે. શું કીધું? આ પુણ્ય-પાપના ભાવ જે થાય તે બંધના કારણરૂપ ક્રિયા છે અને તેનો શુદ્ધપારિણામિકમાં અભાવ છે તેથી તેને નિષ્ક્રિય કહ્યો છે. તે ક્રિયા પર્યાયમાં તો છે પણ શુદ્ધ દ્રવ્યવસ્તુમાં નથી. માટે શુદ્ધ દ્રવ્યવસ્તુ નિષ્ક્રિય છે. સમજાણું કાંઈ...? ભાઈ! આ તો જૈનતત્ત્વ! બહુ સૂક્ષ્મ બાપા!

લોકમાં તો ધર્મના નામે બીજું (-રાગની ક્રિયાઓ) ચલાવે તો ચલાવો, પણ એ રીતે સંસારમાં રખડવાના આરા નહિ આવે. અહીં તો આ ચોકખી વાત છે કે -નિશ્ચય સમ્યગ્દર્શનનું ધ્યેય જે ત્રિકાળી શુદ્ધદ્રવ્ય તે રાગરૂપ ક્રિયાની પરિણતિથી ભિન્ન છે; અર્થાત્ રાગની કોઈ ક્રિયાથી તે પમાય એમ નથી. લ્યો, હવે આવી વાત! જૈનમાં જન્મ્યાં હોય એનેય ખબર ન મળે! એક જૈન ત્યાગી સાંભળવા આવેલા તે કહેતા હતા કે-આવી વાતની અમને ખબર નથી. અમારી બધી ક્રિયાઓ ફોગટ ગઈ.

જુઓ, ત્રિકાળી શુદ્ધપારિણામિક ભાવ નિષ્ક્રિય છે એટલે શું-એની વાત ચાલે છે કે બંધના કારણરૂપ જે ક્રિયા-રાગાદિ પરિણતિ તે-રૂપ શુદ્ધપારિણામિક ભાવ થતો નથી, તેમ મોક્ષના કારણરૂપ જે ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ તે-રૂપ પણ શુદ્ધ પારિણામિક ભાવ થતો નથી. મોક્ષના કારણરૂપ ક્રિયા છે તે નિર્મળ નિર્વિકાર શુદ્ધ ભાવનાપરિણતિ છે. તે ક્રિયાપણે ત્રિકાળી શુદ્ધદ્રવ્ય થતું નથી, માટે તે નિષ્ક્રિય છે. અહાહા...! સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી શુદ્ધદ્રવ્ય તે સમ્યગ્દર્શનની ક્રિયાપણે થતું નથી, ભાઈ! આ તો ત્રિલોકીનાથ જૈન વીતરાગી પરમેશ્વરની દિવ્યધ્વનિમાં આવેલું એકલું અમૃત છે. અહો! સમયસાર, પ્રવચનસાર ઇત્યાદિ દ્વારા આચાર્યદેવે એકલાં અમૃત વરસાવ્યાં છે! 'અમૃત વરસ્યાં રે પંચમકાળમાં.'

જડની ક્રિયાઓ-બોલવું, ચાલવું, ખાવું, પીવું, લખવું ઇત્યાદિ તો ભગવાન આત્મામાં છે જ નહિ. અહીં તો કહે છે-એની પર્યાયમાં રાગાદિ વિકારની જે ક્રિયા થાય છે તે ક્રિયારૂપે શુદ્ધદ્રવ્ય થતું નથી, તથા એની પર્યાયમાં મોક્ષની સાધક જે જ્ઞાનભાવરૂપ ક્રિયા થાય છે તે ક્રિયારૂપે પણ શુદ્ધદ્રવ્ય થતું નથી. અહા! જે એક જ્ઞાયકભાવ છે તે તો તે જ છે, તે કદીય પ્રમત્ત-અપ્રમત્તરૂપ થયો નથી. માટે, કહે છે, ત્રિકાળી શુદ્ધદ્રવ્યઅક્રિય છે. અહો! કોઈ અલૌકિક શૈલીથી વીતરાગી સંતોએ શુદ્ધદ્રવ્યસ્વભાવનું રહસ્ય ખોલ્યું છે. બાપુ! આ તો અંતરના નિધાન ખોલ્યાં છે.

એ તો પહેલાં આવી ગયું કે "શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિક નયે જીવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે" બંધ અને બંધનું કારણ, મોક્ષ અને મોક્ષનું કારણ-એ ચારેય ચીજ ત્રિકાળી શુદ્ધદ્રવ્યમાં નથી.

દયા, દાન, વ્રત, તપના પરિણામ તે બંધના કારણરૂપ ક્રિયા છે, તે આત્મદ્રવ્યમાં નથી; અને શુદ્ધભાવના પરિણતિ જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે તે મોક્ષના કારણરૂપ ક્રિયા છે, તે પણ આત્મદ્રવ્યમાં નથી. માટે કહે છે, એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે. ધ્યાનરૂપ નથી.

આ શું કીધું? કે શુદ્ધપારિણામિકભાવરૂપ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ તે ધ્યાનનું ધ્યેય છે, ધ્યાન નથી. અહાહા...! જેમાં નિરાકુળ આનંદનો સ્વાદ આવે એવા નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થવામાં ત્રિકાળી શુદ્ધ ચિન્માત્ર વસ્તુ એના ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી, કેમકે ત્રિકાળી વસ્તુ છે તે અક્રિય છે. હવે ધ્યેય શું ને ધ્યાન શું? - એની ખબરેય ન મળે ને મંડી પડે ધ્યાન ધરવા આસન લગાવીને; ધૂળમાંય ધ્યાન નથી સાંભળને, એ તો બધી મિથ્યા રાગની ક્રિયા છે.

અહીં કહે છે- શુદ્ધપારિણામિકભાવરૂપ ચિન્મૂર્તિ પ્રભુ આત્મા ધ્યાનનું ધ્યેય છે, તે ધ્યાનરૂપ નથી. પર્યાયને કથંચિત્ દ્રવ્યથી ભિન્ન કહેલ ને? તે વાત અહીં સિદ્ધ કરી છે.

અહાહા...! વસ્તુ ત્રિકાળી છે તે શુદ્ધચૈતન્યનો મહા દરિયો છે. 'શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ-એમ આવે છે ને? અહાહા...! અનંત... અનંત...અનંત ગુણનું એકરૂપ દળ પ્રભુ આત્મા છે. તે, કહે છે, ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. સમ્યગ્દર્શનની પર્યાય ધ્યાનરૂપ છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એનું ધ્યેય છે, આત્માનું સ્વસંવેદનજ્ઞાન તે ધ્યાનરૂપ છે અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એનું ધ્યેય છે, આત્મરમણતા ધ્યાનરૂપ છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તેનું ધ્યેય છે. ધ્યાન તો ધ્યેયમાં એકાગ્ર થયેલી પર્યાય છે, ને ધ્યેય ત્રિકાળ ધ્રુવસ્વભાવ છે. ધ્યાનની પર્યાય ધ્યેયને ધ્યાવે છે તોપણ ધ્યેય છે તે ધ્યાનરૂપ નથી. અહો! આ અલૌકિક વાત છે.

ભગવાન! નિજ ધ્યેયને ભૂલીને પોતાની નજરને તેં રાગમાં રોકી રાખી છે, તેથી ધ્યેયરૂપ નિજ જ્ઞાનાનંદનો દરિયો તને દેખાતો નથી. અરે! નજરને વર્તમાન પર્યાયની રુચિમાં રોકી દીધી છે તેથી અનંતગુણનિધિ શુદ્ધચેતનાસિંધુ એવો ભગવાન આત્મા તને ભાસતો નથી. અરે ભાઈ! ધ્યાનરૂપ પર્યાય રાગ વગરના નિર્મળભાવ રૂપ છે અને એનું ધ્યેય પરમસ્વભાવભાવરૂપ ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્ય છે. માટે રુચિ પલટી નાખ ને ધ્રુવસ્વભાવમાં ઉપયોગને સ્થિર કરીને તેને ધ્યાવ. અહા! ઉપયોગને ધ્યેયમાં એકાગ્ર કરીને ધ્યાવતાં જે ધ્યાન પ્રગટ થશે તેમાં અતીન્દ્રિય આનંદની ધારા ઉલસશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર તરફ વળેલી જ્ઞાનની પર્યાયમાં પણ ખરેખર તો જ્ઞાયક જ જણાઈ રહ્યો છે. આ વાત આચાર્યદેવે ગાથા ૧૭-૧૮ માં કરી છે. જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક પણાનો સ્વભાવ છે. તેથી વર્તમાન જ્ઞાન-પર્યાયમાં જે આ વસ્તુ ત્રિકાળ પરમ પારિણામિકભાવે સ્થિત છે તે જાણવામાં આવે છે. અજ્ઞાનીને પણ તે ત્રિકાળી દ્રવ્ય જ્ઞાનમાં જણાય છે, પણ એની નજર એના ઉપર નથી. દ્રષ્ટિનો ફેર છે બાપા! ધ્રુવની દ્રષ્ટિ કરવાને બદલે તે પોતાની નજર પર્યાય ઉપર, રાગ ઉપર, નિમિત્ત ઉપર ને બહારના પદાર્થ ઉપર રાખે છે અને તેથી તેને અંદરનું ચૈતન્યનિધાન જોવા મળતું નથી.

અરે! આ પૈસા-બૈસામાં ક્યાંય ધૂળેય સુખ નથી. એ તો બાપા! બધા ધૂળના ઢગલા છે; અને એનું ધ્યાન કરી પરિણમતાં એકલા દુઃખના ઢગલા છે. ભાઈ! પંચ મહાવ્રતના પરિણામનો વિકલ્પ ઉઠે એય રાગ છે, દુઃખ છે, બંધનું કારણ છે. ભાઈ! તું એને ભ્રમથી સંવર માની સેવે છે, પણ આચાર્યદેવે એને 'તત્ત્વાર્થસૂત્ર' માં આસ્રવમાં ગણ્યા છે. ભાઈ! આસ્રવથી મને લાભ થાય એવી તારી દ્રષ્ટિ તને સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન થવામાં બાધક છે.

અહીં કહે છે- 'શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે)'

જોયું? આ ધ્યાન છે તે પર્યાય છે, તે ઔપશમિકાદિભાવરૂપ છે અને તે પલટી જાય છે તેથી તે પર્યાય ધ્યેયરૂપ નથી. ધ્યેયરૂપ તો એક શુદ્ધપારિણામિકભાવ છે કેમકે તે અવિનશ્વર છે, નિત્ય છે, શાશ્વત છે, ધ્રુવ એકરૂપ છે; તે ધ્યાનરૂપ કેમ હોય? ભાઈ! આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ જે મોક્ષમાર્ગની પર્યાય છે તે નાશવંત છે, કારણ કે મોક્ષદશા પ્રગટ થતાં મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થઈ જાય છે, વ્યય થઈ જાય છે; માટે તે ધ્યેયરૂપ નથી. અને ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય નિત્ય અવિનાશી હોવાથી ધ્યેયરૂપ છે, પણ ધ્યાનરૂપ નથી. લ્યો, આવી વાત! ભાષા તો સાદી છે, પણ ભાવ તો છે તે જે છે. કોઈ કહે છે કે-સહેલું કરો. પણ શું સહેલું કરો? સહેલું જ આ છે. તું વ્રત, તપ, ઉપવાસ આદિના વિકલ્પને સહેલું માને છે પણ બાપુ! એ તો માર્ગ જ નથી; એ તો બધી રાગની મંદતાની ક્રિયાઓ છે અને એ તો રખડવાનો માર્ગ છે. સમજાણું કાંઈ....?

ધ્યાનપર્યાય વિનશ્વર છે. શુક્લધ્યાનની પર્યાય પણ વિનશ્વર છે. માટે તે ધ્યેય રૂપ નથી. , ધ્યેયથી ભિન્ન છે. શ્રી યોગીન્દ્રદેવે કહ્યું છે કે-

"ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।
जिउ परमत्थे जाइया जिणवर एउ भणेइ।। ६८।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અર્થાત્ હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી-એમ શ્રી જિનવર કહે છે."

લ્યો, શ્રી યોગેન્દ્રદેવ શિષ્ય પ્રતિ કહે છે-હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી. અહાહા....! વસ્તુ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય જે છે તે આ નરકગતિ, મનુષ્યગતિ, સિદ્ધગતિ... ઇત્યાદિ પર્યાયમાં પરમાર્થે ઉપજતો નથી, તેમ મરતો પણ નથી. ગંભીર સૂક્ષ્મ વાત છે ભાઈ! પાસે પુસ્તક છે ને! જુઓ, એમાં છે કે નહિ?

અહાહા...! કહે છે-ખરેખર આત્મા એને કહીએ જે એક સમયની પર્યાયપણે ઉપજતો નથી, વિણશતો પણ નથી. નિયમસારની ગાથા ૩૮ માં કહ્યું છે કે-ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકભાવમાત્ર-શુદ્ધપારિણામિકભાવમાત્ર વસ્તુ જે છે તે જ ખરેખર આત્મા છે. પર્યાયરૂપ આત્મા એ તો વ્યવહાર આત્મા છે, ત્રિકાળીની અપેક્ષા એ અભૂતાર્થ-અસત્યાર્થ છે. આવી વાત છે! જે ઉપજે છે, વિણશે છે તે પર્યાય-આત્મા અભૂતાર્થ છે. અહો! આ તો અલૌકિક વાત છે!

ભાઈ! ગણધર ભગવાનનાં રચેલાં શાસ્ત્ર કેવાં હોય? અહા! કેવળી પરમાત્માના શ્રીમુખેથી જે ઓમ્ધ્વનિ નીકળી તેને સાંભળીને ચાર જ્ઞાનના ધરનારા શ્રી ગણધરદેવ અંતર્મુહૂર્તમાં બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરે છે. અહા! તે ચીજ કેવી હોય! ભાઈ! એ કાંઈ લૌકિક વાર્તા ન હોય. અહા! તેમાં આ કહે છે કે-નિત્ય ધ્રુવ એક ચિન્માત્ર વસ્તુને અમે આત્મા કહીએ છીએ. આવો આત્મા એક સમયની પર્યાયમાં આવતો નથી. મોક્ષમાર્ગ કે મોક્ષની એક સમયની પર્યાયપણે ત્રિકાળી ધ્રુવ જે અંતઃતત્ત્વ આત્મા છે તે ઉપજતો નથી, વિણશતો નથી. તે પણે પર્યાય ઉપજે છે, પણ શુદ્ધ જીવ ઉપજતો નથી.

હવે આવી વાત કદીય સાંભળી ન હોય એટલે કોઈને એમ લાગે કે શું જૈનનો માર્ગ આવો હશે? વળી કોઈને આ સાંભળીને વેદાંત જેવું લાગે, પણ વેદાંત વગેરેમાં તો આ વાત છે જ નહિ. આત્મા એકાંતે નિત્ય એક સર્વવ્યાપક માને એ તો ગૃહીત મિથ્યાદર્શન છે ભાઈ! વેદાંતાદિવાળા પર્યાયને ક્યાં માને છે? અનંત આત્માઓને ક્યાં માને છે? અનંત પરમાણુઓને ક્યાં માને છે? અનંત ગુણોને ક્યાં માને છે? ભાઈ! એમાં મૂળ વસ્તુ-સ્વરૂપની વાત જ ક્યાં છે? તને વેદાંત જેવું લાગે, પણ બાપુ! વેદાંતમાં અને જૈનમાં મોટો (આસમાન-જમીનનો) ફરક છે.

જીવ પરમાર્થથી ઉપજતો નથી, મરતો પણ નથી. તો આ ઉપજે-વિણસે છે તે કોણ છે? તો કહે છે-ઉપજવું-વિણસવું જેમાં થાય છે તે પર્યાય છે. અહા! પ્રત્યેક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યની પર્યાય પ્રગટ થવાની જન્મક્ષણ છે. પર્યાયની ઉત્પત્તિનો સ્વકાળ છે, ને તે જ કાળે તે ઉત્પન્ન થાય છે. આ વાત પ્રવચનસારમાં આવે છે. ત્યાં પહેલા અધિકારમાં જ્ઞાનતત્ત્વનું નિરૂપણ છે; બીજો જ્ઞેય અધિકાર છે. છએ દ્રવ્યો જ્ઞેય છે. તેનું સ્વરૂપ કેવું છે-એની એમાં વાત છે. ત્યાં ગાથા ૧૦૨માં દ્રવ્યમાં પર્યાયની જન્મક્ષણ હોવાની વાત છે. એટલે શું? જે સમયે જે પર્યાય દ્રવ્યમાં થવાની હોય તે સમયે તે જ પર્યાય પ્રગટ થાય છે, તે પર્યાય કાંઈ આડી-અવળી ન થાય, તેમ બીજાને લઈને પણ તે ન થાય. પ્રત્યેક પર્યાય ક્રમબદ્ધ પોતાના અવસરે જ પ્રગટ થાય છે. ત્યાં ૯૯ મી ગાથામાં છે કે-જે સમયે જે પર્યાય થવાની હોય તે તેના સ્વ-અવસરે પ્રગટ થાય છે, આડાઅવળા અવસરે ન થાય. આ મૂળ વાત છે. દ્રવ્યમાં સમસ્ત પર્યાયો ક્રમબદ્ધ જ પોતપોતાના અવસરે પ્રગટ થાય છે.

હવે આમાં લોકો વાંધા કાઢે છે. એમ કે પર્યાયો ક્રમબદ્ધ જ હોય તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો?

ભાઈ! તું જરા ધીરો થઈને સાંભળ. જીવ જ્યારે સ્વભાવસન્મુખ થઈને સ્વાનુભવ પ્રગટ કરે છે ત્યારે જ તેને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે અને એ જ પુરુષાર્થ છે. બાકી અજ્ઞાનીને પુરુષાર્થ છે જ ક્યાં? ક્રમબદ્ધ નો નિર્ણય કહો કે સ્વભાવસન્મુખતાનો પુરુષાર્થ કહો-એક જ વાત છે. (ક્રમબદ્ધના નિર્ણયવાળાને પુરુષાર્થનો અભાવ કદી હોતો નથી, અને પુરુષાર્થનો અભાવ છે તેને ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય હોતો નથી). અહીં આ કહે છે કે- જે પુરુષાર્થની પર્યાયથી કેવળ જ્ઞાન ઉપજ્યું તે પર્યાયમાં ભગવાન ધ્રુવસ્વભાવ આવતો નથી. લ્યો, આવું બધું ઝીણું છે.

વળી પરમાર્થે જીવ બંધ-મોક્ષને પણ કરતો નથી. એવું કોણ કહે છે? તો કહે છે- 'जिणवर एउ भणेइ' -ભગવાન જિનેશ્વરદેવ જેમણે એક સેકન્ડના અસંખ્યાત ભાગમાં ત્રણકાળ-ત્રણલોક જોયા તે સર્વજ્ઞ પરમાત્મા આમ કહે છે.

જુઓ, ભગવાને એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જોયા એમ કહેવું એ પણ વ્યવહાર છે. કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ-ત્રણલોક જણાય એમ કહેવું તે વ્યવહાર છે, કેમકે જ્ઞાનની પર્યાયને જાણતાં તેમાં લોકાલોક જણાઈ જાય છે, તેને જોવા જવું પડતું નથી; વા કેવળજ્ઞાન તેમાં (લોકાલોકમાં) તન્મય થઈ જાણતું નથી.

અહીં કહે છે-અનંતા સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે કે જે ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પરમાત્મદ્રવ્ય છે તે બંધ-મોક્ષના પરિણામને અને બંધ-મોક્ષના કારણને કરતો નથી. કેમકે એ તો ત્રિકાળ સદશ એકરૂપ ભાવ છે જ્યારે બંધ-મોક્ષના પરિણામ વિસદશ છે, ભાવ-અભાવરૂપ છે. ઉત્પાદ તે ભાવ ને વ્યય તે અભાવ છે, પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વસ્તુમાં-ધ્રુવમાં ભાવ-અભાવ ક્યાં છે? નથી. માટે બંધ અને બંધના કારણરૂપ રાગાદિ પરિણામ અને મોક્ષ ને મોક્ષના કારણરૂપ શુદ્ધભાવનાપરિણતિ-નિર્મળ રત્નત્રય -એને શુદ્ધઆત્મદ્રવ્ય કરતું નથી.

કોઈને એમ થાય કે-જો આત્મા બંધ-મોક્ષના ભાવને કરતો નથી તે પછી આ દીક્ષા કેમ? આ આનંદની દશાનું પરિણમન કેમ?

સાંભળ, ભાઈ! સાંભળ. અનંતા તીર્થંકરદેવોએ આ કહ્યું છે કે પરમાર્થ જે નિશ્ચય જીવ છે તે કાંઈ દીક્ષાના પરિણામરૂપે કે આનંદની દશારૂપે ઉપજતો નથી; તેમ તે-તે દશાનો વ્યય થતાં તે મરતો પણ નથી. મનુષ્યપણે ઉત્પાદ અને દેવગતિનો વ્યય થાય ત્યાં-એ બન્ને ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થાઓ છે ખરી, પણ તે-તે અવસ્થાકાળે ધ્રુવ આત્મદ્રવ્ય ઉત્પાદ-વ્યયરૂપ થતું નથી, તે તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવપણે જ રહે છે. આવું જ દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુસ્વરૂપ છે.

'जिणवर एउ भणेइ' ભગવાન જિનેશ્વરદેવ દિવ્યધ્વનિ દ્વારા આમ કહે છે કે-બંધ-મોક્ષના પરિણામને શુદ્ધ જીવ કરતો નથી; અર્થાત્ શુદ્ધ જીવ નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ બંધ-મોક્ષની પર્યાયપણે થતો નથી. અહો! આવું અલૌકિક શુદ્ધ જીવતત્ત્વ તે સમ્યગ્દર્શનનો વિષય છે. શું કીધું? સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનનો વિષય નથી, પણ ત્રિકાળી શુદ્ધ જીવવસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે અને તેથી તેને મુખ્ય ગણીને સમયસારની ૧૧ મી ગાથામાં ભૂતાર્થ કહેલ છે. સમજાણું કાંઈ.....? હવે કહે છે-

'વળી તે સ્પષ્ટ કરવામાં આવે છેઃ- વિવક્ષિત-એકદેશ શુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે-" જે સકલ નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું," પરંતુ એમ ભાવતો નથી કે " ખંડજ્ઞાનરૂપ હું છું"-આમ ભાવાર્થ છે.'

વિવક્ષિત એટલે કહેવા ધારેલી આ આંશિક શુદ્ધિરૂપ પરિણતિ તે એકદેશ શુદ્ધનયાશ્રિત છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આ ભાવના એકદેશ શુદ્ધ છે, અંશે શુદ્ધ છે, પૂર્ણ શુદ્ધ નથી. પૂર્ણ શુદ્ધિ તો ભગવાન કેવળીને હોય છે. પં. શ્રી ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે કે-" એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થયા છે તેની તથા તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો સર્વદેશરૂપ પ્રગટ થયા છે તેની એકજાતિ છે- " એમ સમજવું. મતલબ કે સાધકને જે નિર્મળરત્નત્રયરૂપ ભાવના પ્રગટ થઈ છે તે એકદેશ શુદ્ધ છે, અંશે શુદ્ધ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આકાશના પ્રદેશ અનંત છે, એનાથી અનંતગુણા એક જીવના ગુણ છે. સમ્યગ્દર્શન થતાં તે દરેક ગુણનું અંશે પ્રગટ પરિણમન થાય છે. તેને અહીં એકદેશ શુદ્ધનયાશ્રિત ભાવના કહેલ છે. અહીં પ્રગટ પરિણતિને શુદ્ધનય કહેલ છે. ગાથા ૧૪માં પણ આવે છે કે-શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો-તે એક જ છે. ત્રિકાળી પરમાત્મસ્વરૂપ ભગવાન આત્માને ધ્યેય બનાવી પરિણમતાં પ્રગટેલી નિર્મળ દશા તે એકદેશ શુદ્ધનયાશ્રિત ભાવના છે. દ્રવ્યસંગ્રહમાં મોક્ષમાર્ગની પ્રગટ પર્યાયનાં ૬૩ નામ આવે છે. અહીં તેનાં બે નામ આપી કહ્યું છે કે-તે અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે. દ્રવ્યસંગ્રહમાં આ ભાવનાના ૬૩ બોલ ઉતાર્યા છે. તે આ રીતે છે-

તે ભાવના પરબ્રહ્મસ્વરૂપ છે,
તે પરમવિષ્ણુસ્વરૂપ છે,
તે પરમશિવરૂપ છે,
તે પરમબુદ્ધસ્વરૂપ છે,
તે પરમજિનસ્વરૂપ છે,
તે પરમનિજઆત્મોપલબ્ધિરૂપ સિદ્ધસ્વરૂપ છે,
તે નિરંજનસ્વરૂપ છે,
તે નિર્મલસ્વરૂપ છે,
તે સ્વસંવેદનજ્ઞાન છે,
તે પરમતત્ત્વજ્ઞાન છે,
તે પરમાવસ્થારૂપ પરમાત્માનું સ્પર્શન છે,
તે પરમાવસ્થારૂપ છે,
તે પરમાત્મજ્ઞાન છે,
તે જ ધ્યાન કરવાયોગ્ય શુદ્ધપારિણામિકભાવરૂપ છે,
તે ધ્યાનભાવનારૂપ છે,
તે જ શુદ્ધ ચારિત્ર છે,
તે જ અંતરંગતત્ત્વ છે,
તે જ પરમાત્મતત્ત્વ છે,
તે જ શુદ્ધાત્મદ્રવ્ય છે,

તે જ પરમજ્યોતિ છે, ઇત્યાદિ બીજા બોલ પણ છે. અહીં કહે છે-મોક્ષમાર્ગની તે પર્યાય એકદેશ વ્યક્ત પર્યાય છે. કહેવા ધારેલી આ આંશિક શુદ્ધિરૂપ પરિણતિ નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી એકદેશ વ્યક્તિરૂપ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ-ધ્રુવભાવ તેને અહીં નિશ્ચયથી જીવી કહ્યો છે. તે જીવ (શુદ્ધજીવ) સિદ્ધની પર્યાયપણે ઉપજતો નથી, તેમ પૂર્વની જે મનુષ્યગતિનો વ્યય થયો તેમાં પણ તે આવ્યો નથી. અહા! આવો જે ઉપજતો નથી, મરતો પણ નથી તે શુદ્ધપારિણામિકભાવરૂપ શુદ્ધ જીવ સમ્યગ્દર્શનનો વિષય છે. આ વાત અહીં સિદ્ધ કરવી છે. તો ભાષા એમ લીધી છે કે-શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે અને શુદ્ધપારિણામિકભાવ અવિનશ્વર છે. અહા! તે કેમ જણાય? તો કહે છે-સમ્યગ્દર્શન પ્રગટ થતાં સહજ વીતરાગી આનંદની અનુભૂતિલક્ષણવાળું જે સ્વસંવેદનજ્ઞાન છે તેનાથી એ પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ...? ધ્રુવથી ધ્રુવ ન જણાય, કેમકે ધ્રુવમાં જાણવું (-ક્રિયા) નથી; નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ જ્ઞાનમાં તે જણાય છે.

ત્રિકાળસ્વરૂપ છે તે તો ધ્રુવભાવરૂપ છે. તે ધ્રુવભાવરૂપ વસ્તુ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. કેવી છે તે પર્યાય? તો કહે છે- એકદેશ પ્રગટ શુદ્ધનયની ભાવનારૂપ છે. અહા! આવી ભાષા અને આવા ભાવ! એણે કોઈ દિ સાંભળ્યા પણ ન હોય! એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના છે તે અતીન્દ્રિય આનંદની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનરૂપ છે. આ નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ જે જ્ઞાન છે તે ક્ષાયોપશમિક ભાવ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષનો માર્ગ છે તે ત્રણ ભાવરૂપ છેઃ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. એ ત્રણ ભાવમાંથી સ્વસંવેદનલક્ષણ જે જ્ઞાન છે તે ક્ષયોપશમભાવરૂપ છે. શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ ક્ષયોપશમજ્ઞાનમાં થાય છે. મોક્ષમાર્ગની પર્યાયને ત્રણભાવે કહેલ છે. પણ આ જ્ઞાન છે એ તો ક્ષયોપશમભાવે છે, તે ઉપશમ કે ક્ષાયિકભાવે નથી. આ તો વીતરાગના પેટની વાતો બાપ!

કહે છે- આ ભાવના નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી એકદેશ વ્યક્તિરૂપ છે. જુઓ, ત્રણ ભાવમાં આ નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ જ્ઞાન છે તે ક્ષયોપશમ ભાવ છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાન ક્ષયોપશમભાવરૂપ છે. ભલે સમ્યગ્દર્શન ઉપશમ હો, ક્ષયોપશમ હો કે ક્ષાયિક હો, તેના કાળમાં જે જ્ઞાન છે એ તો ક્ષાયોપશમિક જ્ઞાન છે. વળી કેવું છે તે જ્ઞાન? નિર્વિકાર આનંદનો સ્વાદ જેમાં અનુભવાય છે તેવું સ્વસંવેદનલક્ષણ તે જ્ઞાન છે. અહા! તે જ્ઞાન સ્વ-સ્વરૂપને જાણવા-અનુભવવામાં પ્રવૃત્ત છે. ઝીણી વાત ભાઈ!

આ ભાવના સંબંધીનું વર્ણન બંધ અધિકાર તથા સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છેલ્લે શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં આવે છે. તથા પરમાત્મપ્રકાશમાં પણ આવે છે. ત્રણ જગાએ આ વાત કરી છે. એ વાત અહીં કરી છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગદ્વેષનો જે બંધ છે તે બંધના વિનાશ માટે આ વિશેષ ભાવના છે. અહા! હું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તો એક ત્રિકાળી ધ્રુવ પરમસ્વભાવભાવમય શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપી પરમાત્મદ્રવ્ય જ છું, દયા-દાન આદિના વિકલ્પેય હું નહિ, ગુણભેદના વિકલ્પેય હું નહિ, અને એક સમયની પર્યાય પણ હું નહિ-એક ધ્રુવમાં એકપણે રહીને આ ભાવના ધ્રુવનો નિર્ણય કરે છે. લ્યો, આનું નામ જૈનદર્શન છે અને એ મહા અદ્ભુત અલૌકિક ચીજ છે.

અહા! દ્રવ્યસ્વભાવના આશ્રયે અતીન્દ્રિય આનંદનો જેને રસાસ્વાદ આવ્યો છે એવો ધર્મી જીવ એમ ભાવે છે કે-હું તો સહજ શુદ્ધ સચ્ચિદાનંદમય પરમાનંદમય પરમાત્મા જ છું; અને જગતના સર્વ જીવોનું અંતરંગમાં આવું જ સ્વરૂપ છે.

'પરમાત્મપ્રકાશ' માં અંતિમ કથનમાં આચાર્યદેવે કહ્યું છેઃ આ પરમાત્મ પ્રકાશ-વૃત્તિનું વ્યાખ્યાન જાણીને ભવ્યજનોએ શું કરવું? ભવ્યજનોએ આવો વિચાર કરવો જોઈએ કે "શુદ્ધનિશ્ચયનયથી હું એક (કેવલ) ત્રણલોકમાં ત્રણકાલમાં મન-વચન-કાયાથી અને કૃત-કારિત-અનુમોદનાથી ઉદાસીન છું, નિજ નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્-શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપસુખાનુભૂતિમાત્રલક્ષણવાળા સ્વસંવેદનજ્ઞાનથી સ્વસંવેદ્ય -ગમ્ય-પ્રાપ્ય એવો પરિપૂર્ણ હું છું; રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઈન્દ્રિયોનો વિષયવ્યાપાર, મન-વચન-કાયાના-વ્યાપાર, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ, ખ્યાતિ, પૂજા, લાભ, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા, મિથ્યાત્વ એ ત્રણે શલ્ય આદિ સર્વ વિભાવ-પરિણામોથી રહિત-શૂન્ય હું છું. સર્વ જીવો પણ આવા જ છે-એવી નિરંતર ભાવના કરવી. જુઓ આ ધર્મીની ભાવના, એકરસ-સમરસભાવના!

સંવત ૧૯૬૪ માં એકવાર પાલેજથી વડોદરા માલ લેવા ગયેલા. ત્યારે ૧૮ વર્ષની ઉંમર. ત્યાં રાતે નાટક જોવા ગયેલા. એ વખતનાં નાટક પણ વૈરાગ્યસૂચક હતાં; અત્યારે તો નાટક-સીનેમામાં નૈતિક જીવનનો ખાત્મો બોલાવી દીધો છે. 'અનસૂયા' નું નાટક, ને સાથે નાટકની ચોપડી પણ લીધેલી. એ નાટકમાં એવું દશ્ય આવે કે-તે બાઈ (અનસૂયા) સ્વર્ગમાં જતી હતી ત્યાં દેવે તેને રોકી પાડી ને કહ્યું- 'અપુત્રસ્ય ગતિર્નાસ્તિ' પુત્ર ન હોય તેને સ્વર્ગગતિ ન મળે. આ તો અન્યમતની વાત છે હોં. તે બાઈને કહેવામાં આવ્યું -હેઠ જા અને જે મળે એને વર. તે બાઈ નીચે આવીને એક અંધ બ્રાહ્મણને વરી. તેને એક બાળક થયું. બાળકને પારણામાં ઝુલાવતાં તે બાઈ બોલી. બેટા! शुद्धोऽसि, बुद्धोऽसि, निर्विकल्पोऽसि, उदासिनोऽसि. એમ કે જગતથી તારી ચીજ શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ ભિન્ન છે. લ્યો, આ તો નાટકમાં આવું આવતું. આ શુદ્ધભાવનાનો અધિકાર વાંચતાં વર્ષો પહેલાં નાટક જોયેલું એનો ભાવ યાદ આવી ગયો.

અહા! સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા એમ ભાવે છે કે-હું નિર્વિકલ્પ છું, શુદ્ધ છું, બુદ્ધ છું, પરમ-ઉદાસીન છું, અને જગતના સર્વ જીવો પણ સ્વભાવે આવા જ છે. સૂક્ષ્મ નિગોદના જે અનંત જીવ છે તે પ્રત્યેકનું સ્વરૂપ આવું શુદ્ધ સચ્ચિદાનંદમય છે. લીલોતરીનાં પાંદડે પાંદડે અસંખ્ય જીવ છે; તે દરેક જીવનું દ્રવ્ય શુદ્ધ ચિદ્દઘન આનંદઘન જ છે. લ્યો, ચોથા ગુણસ્થાનવાળો જીવ હું આવો છું ને સર્વ જીવો પણ આવા જ છે એમ ભાવે છે. જગતના સર્વ જીવોને ધર્માત્મા દ્રવ્યદ્રષ્ટિથી આવા જુએ છે.

અહા! આવો શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા હું છું એમ શામાં જણાય? તો કહે છે-અતીન્દ્રિય આનંદની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા સ્વસંવેદનજ્ઞાનમાં તે જણાય છે. આ સિવાય તે પર ભગવાનથી જણાય નહિ, ભગવાનની વાણીથી પણ જણાય નહિ, ને વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઉઠે છે એનાથી પણ તે જણાય એમ નથી, અહીં તો નિર્વિકાર સ્વસંવેદન-લક્ષણ જે ક્ષયોપશમરૂપ જ્ઞાન છે એનાથી ભગવાન આત્મા જણાય તેવો છે એમ કહે છે. પોતે સ્વ-સંવેદ્ય છે ને? મતલબ કે સ્વાનુભવની દશામાં જે જ્ઞાન સ્વાભિમુખ થયું છે તેમાં જ તે જણાય એવો છે, બીજી કોઈ રીતે તે પ્રાપ્ત થાય એમ નથી. આવી વાત છે. લોકોને આ આકરું લાગે છે, પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ તો જેવું છે તેવું જ છે. એને જાણ્યા વિના એ બહારમાં વ્રતાદિના વ્યવહારથી પ્રાપ્ત થશે એમ બફમમાં ને બફમમાં કાળ ગયો તો ક્યાંય ચારગતિરૂપ સંસારમાં રઝળી મરીશ.

વ્રતાદિનો વ્યવહાર છે એ તો બધો રાગ છે બાપુ! ભાવપાહુડની ૮૩ મી ગાથામાં આચાર્ય ભગવાન કહે છે કે પૂજા ને વ્રતના જે ભાવ થાય છે તે પુણ્ય છે, એ કાંઈ જૈનધર્મ નથી; એક વીતરાગ પરિણામ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ થાય એ જ જૈનધર્મ છે અને એ જ મુક્તિમાર્ગ છે. સમજાઈ છે કાંઈ.....?

અહા! હું મારી કેવળજ્ઞાન આદિ અનંત શક્તિઓથી ભરેલો પૂરણ પરમાત્મા છું, નિશ્ચયથી મારો આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતસ્વચ્છતા, અનંતપ્રકાશ, અનંતપ્રભુતા આદિ અનંત શક્તિઓથી ભરિતાવસ્થ છે. સમ્યગ્દ્રષ્ટિ-ધર્મની પહેલી સીડીવાળો જીવ પોતાના આત્માને આ રીતે ભાવે છે, ધ્યાવે છે. જગતના બધા જ આત્માઓ પણ શક્તિએ ભગવાન છે, રાગદ્વેષાદિ વિભાવથી રહિત-શૂન્ય છે, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મથી ભિન્ન છે-એમ તે જાણે છે. અહા! જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ વિભાવ એટલે વિપરીત ભાવ છે અને એનાથી ભગવાન આત્મા શૂન્ય છે, એમ સમકિતી જાણે છે. અહો! જેમાં જગતના સર્વ જીવ સમાનપણે શક્તિએ પરિપૂર્ણ ભાસે છે એવી સમકિતીની આ ભાવના કોઈ અચિંત્ય ને અલૌકિક છે. અહા! અનંત શક્તિથી ભરિયો. પૂરણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્ય-દરિયો જેમાં ભાસ્યો તે ભાવના અપૂર્વ છે. બાકી આ શેઠિયા બધા, પાસે પાંચ-દસ કરોડ સંયોગમાં હોય ને એટલે માને કે અમે કાંઈક છીએ, પણ બાપુ! એ તો બધી ધૂળની ધૂળ છે.

**પ્રશ્નઃ-** પણ એ ધૂળ વિના ચાલતું નથી ને?

**સમાધાનઃ-** તને ખબર નથી ભગવાન! પણ એ ધૂળ વિના જ તારે અનાદિથી ચાલ્યા કર્યું છે; કેમકે તારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એ ક્યાં છે? ભાઈ! પરદ્રવ્યનો આત્મામાં ત્રણેકાળ અભાવ છે, અને સ્વભાવભાવનો સદાય સદ્ભાવ છે. ભાઈ! તારા સ્વસ્વભાવમાં પરદ્રવ્ય તો શું, એક સમયની પર્યાય પણ પ્રવેશ પામતી નથી એવું તારું સ્વદ્રવ્ય છે.

અહીં કહે છે-એ સ્વદ્રવ્ય નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જણાય એવું છે. આ જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન હોવાથી ક્ષયોપશમભાવરૂપ છે; સમકિત ભલે ક્ષાયિક હોય, પણ જ્ઞાન તો ક્ષાયોપશમિકભાવે જ છે.

જુઓ, શ્રેણિક રાજાને ક્ષાયિક સમકિત હતું, સ્વાનુભવમંડિત ભાવશ્રુતજ્ઞાન હતું. તીર્થંકરગોત્ર બાંધ્યું છે. પૂર્વે નરકનું આયુ બંધાઈ ગયું હતું એટલે અત્યારે પહેલા નરકના સંયોગમાં ગયા છે. ત્યાં પણ ક્ષાયિક સમકિત વર્તે છે. ક્ષણે ક્ષણે ત્યાં તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. અહા! એ નરકના પીડાકારી સંયોગમાં પણ પોતાના આત્માને શુદ્ધ બુદ્ધ ચિદાનંદસ્વરૂપ પરમાત્મસ્વરૂપ અનુભવે છે. એની અજ્ઞાનીને શું ખબર પડે? આ કરો ને તે કરો-એમ ક્રિયાકાંડમાં જ એકાંતે રોકાઈ ગયા છે એને ભગવાન કેવળીની આજ્ઞાની ખબર જ નથી. બાપુ! આ તો જગતથી તદ્દન નિરાળી વાત છે, જગત સાથે એનો ક્યાંય મેળ બેસે એમ નથી.

સમકિતીને જે ભાવશ્રુતજ્ઞાન છે તે ક્ષયોપશમરૂપ છે અને તે એકદેશવ્યક્તિરૂપ છે, ક્ષાયિકની જેમ પૂર્ણ વ્યક્તિરૂપ નથી, સર્વદેશવ્યક્તિરૂપ ક્ષાયિકજ્ઞાન તો કેવળી પરમાત્માને હોય છે. સમ્યગ્દ્રષ્ટિને તથા ભાવલિંગી મુનિવરને જે જ્ઞાન અંદર પ્રગટ છે તે ક્ષાયોપશમિક છે અને તેથી કહે છે, એકદેશવ્યક્તિરૂપ છે.

અહાહા...! ભગવાન! તું જિન છો, જિનવર છો, જિન સો જિનવર, ને જિનવર સો જિન. અહા! આવો જિનસ્વરૂપ ભગવાન આત્મા જેમાં જણાય તે ભાવશ્રુતજ્ઞાન ક્ષાયોપશમિક છે અને એકદેશ-અંશે પ્રગટરૂપ છે. આત્મામાં અનંત શક્તિઓ છે. આત્માનુભવ થતાં તે બધી શક્તિઓ અંશરૂપ પર્યાયમાં પ્રગટ થાય છે. તેમ સમ્યગ્દર્શન થાય ત્યારે જે ક્ષયોપશમ જ્ઞાન પ્રગટ થાય છે તે અંશરૂપ વ્યક્ત હોય છે, પૂર્ણ વ્યક્ત નહિ. સર્વજ્ઞ પરમેશ્વરને જે અનંત શક્તિઓ છે તે સર્વ પૂર્ણ-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યક્તિરૂપ છે, પણ સાધકને તો તે મોક્ષમાર્ગના કાળમાં અંશે વ્યક્તિરૂપ છે, જ્ઞાન પણ એકદેશવ્યક્તિરૂપ છે. આવી વાત! હવે જૈનમાં જન્મેલાનેય ખબર ન મળે કે જૈન પરમેશ્વર કોણ અને એના જ્ઞાનની કેવી અલૌકિકતા છે! બાપુ! આ સમજ્યા વિના જ તું અનંતકાળથી રખડી-રખડીને મરી રહ્યો છે. ભાઈ! ૮૪ લાખ યોનિમાં-પ્રત્યેકમાં અનંતવાર જન્મમરણ કરીને તારા સોથા નીકળી ગયા છે. હવે તો આ સમજ.

અરે! આ સમજ્યા વિના આ કરોડપતિ ને અબજોપતિ શેઠીઆ બધા દુઃખી જ છે ભાઈ! દિલ્હીના શેઠ સાહુ શાન્તિપ્રસાદ અહીં પંદર દિ' પહેલાં આવ્યા હતાં. ત્રણ વ્યાખ્યાન તેઓ સાંભળી ગયા. તેઓ પછી એકાંતમાં મળવા આવેલા. ત્યારે કહેલું કે-" અરે શેઠ! દુનિયાના પાપના ધંધામાં પડી આ આત્મા શું ચીજ છે તે સાંભળવાનોય તમને વખત ન મળે એવું તમારું જીવન કેટલું દુઃખમય છે? કાંઈ વિચાર તો કરો." બાપુ! આ સમજ્યા વિના સંસારના ગમે તે સ્થાનમાં એ રહે તોય દુઃખી જ છે.

પાંચ-પચાસ કરોડ મળી જાય એ તો બધી ધૂળ છે. એ ક્યાં તારા આત્મામાં છે? કદાચિત્ એમાંથી પાંચ-પચીસ લાખ મંદિર, પ્રતિષ્ઠા વગેરેમાં દાનમાં ખર્ચે તોય ધર્મ થાય એમ નથી. જુઓ, ભાવનગરથી સત્-સાહિત્ય બહાર પડે છે. તેના પ્રકાશન માટે એક મુમુક્ષુએ લાખ રૂપિયાનું દાન જાહેર કર્યું છે. લાખ તો શું, કોઈ કરોડ રૂપિયાનું દાન આપે તોય એમાં મંદ રાગ હોય તો પુણ્ય થાય, ધર્મ જરાય નહિ. ભાઈ! વીતરાગનો ધર્મ તો વીતરાગભાવથી જ પ્રગટ થાય છે. (રાગથી ધર્મ થવાનું માને એ તો મિથ્યાભાવ છે).

અહીં કહે છે-આ ભાવના નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જો કે એકદેશવ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલ નિરાવરણ અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું'.

અહા! ધર્મી જીવને આનંદની અનુભૂતિ સહિતનું સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થયું છે. તે જ્ઞાન એકદેશવ્યક્તિરૂપ છે. તેમાં પૂરણ પોતાનું પરમાત્મદ્રવ્ય જણાયું છે, પણ તે ખંડજ્ઞાનરૂપ પ્રગટ દશાનું ધ્યાન જ્ઞાની કરતા નથી. લોકોને આવું આકરું લાગે પણ શું થાય? જૈન પરમેશ્વરનો કહેલો માર્ગ તો આવો જ છે. બીજા મતમાં તો આ વાત છે જ નહિ. એકપદમાં આવે છે કે-

'ધૂન રે દુનિયા અપની ધૂન, જાકી ધૂનમેં નહિ પાપ ઔર પુણ્ય.'

અહા! ભગવાન આત્માની જેને ધૂન લાગી છે તેને પુણ્ય-પાપ તરફનું લક્ષ હોતું નથી. આત્માની ધૂનમાં પાપ-પુણ્યના ભાવ બીલકુલ હોતા નથી. હે ભાઈ!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નિર્મળાનંદનો નાથ પ્રભુ તું પરમાત્મદ્રવ્ય છો, તેની એકવાર ધૂન લગાવ; તને સમ્યગ્દર્શન થશે, સુખી થવાનો માર્ગ પ્રગટ થશે. ભાઈ! આ સર્વજ્ઞપરમાત્માએ કહેલી વાત છે; આ વાત બીજે ક્યાંય નથી.

કોઈ જગતકર્તા ઈશ્વરને માને કે સર્વવ્યાપી એક ઈશ્વરને માને પણ એવું વસ્તુસ્વરૂપ નથી. સર્વજ્ઞ વીતરાગદેવ સિવાય આત્મા કેવો છે તે બીજાએ જોયો નથી, જાણ્યો નથી. ભલે અન્યમતવાળા આત્માની વાતો કરે, પણ એ તો બધી કલ્પિત વાતો છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો અને દિવ્યધ્વનિમાં કહ્યો તે જ યથાર્થ છે. અહા! આવા અનંતગુણમંડિત અખંડ એક પરમજિનસ્વરૂપ આત્માનું જેને સ્વાનુભવમાં ભાન થયું તેની સ્વાનુભવની દશા એકદેશ પ્રગટરૂપ છે. ભાઈ! ધર્માત્માને નિજ પરમાત્મદ્રવ્યના લક્ષે જે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટ થઈ તે દશા એકદેશ વ્યક્તિરૂપ છે. ધર્મી પુરુષ તે દશાનું ધ્યાન કરતા નથી, પણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય પરમાત્મદ્રવ્ય હું છું એમ તે ધ્યાવે છે. સમજાય છે કાંઈ....?

અહા! ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવ એમ ફરમાવે છે કે અનંતશક્તિસ્વરૂપ આત્માનો અનુભવ થતાં અનંત શક્તિઓનો એક અંશ પર્યાયમાં પ્રગટ થાય છે; સમકિતપણે શ્રદ્ધાનો અંશ પ્રગટ થાય છે, ભાવશ્રુતજ્ઞાનરૂપ જ્ઞાનનો અંશ પ્રગટ થાય છે, ચારિત્રનો અંશ પ્રગટ થાય છે, વીર્યનો અંશ પ્રગટ થાય છે, સ્વચ્છતા ને પ્રભુતાનો અંશ પણ પર્યાયમાં વ્યક્ત થાય છે. તે બધી નિર્મળ પ્રગટ થયેલી પર્યાયો, અહીં કહે છે, ધ્યાતા પુરુષના ધ્યાનનું ધ્યેય નથી. અહાહા....! ધ્યાતા પુરુષ આ પ્રગટ પર્યાયોને જાણે છે ખરા પણ તે પર્યાયોનું ધ્યાન કરતા નથી. તે પર્યાયોને ધ્યાવતા નથી.

ખૂબ ઝીણી વાત પ્રભુ! આઠ દિવસથી ચાલે છે. આજે આ છેલ્લું પ્રવચન છે. અહા! સચ્ચિદાનંદમય નિજ ભગવાનના સ્વરૂપને કહેનારી ભગવાનના ઘરની આ ભાગવત કથા છે. કહે છે-સ્વદ્રવ્યના અવલંબને પ્રગટ થયેલી જે વીતરાગવિજ્ઞાન દશા તેને ધર્માત્મા પુરુષ ધ્યાવતા નથી, તો કોને ધ્યાવે છે? અહા! ધર્મી પુરુષ કોનું ધ્યાન કરે છે? તો કહે છે-સકળ નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધપારિણામિકપરમભાવસ્વરૂપ નિજ પરમાત્મદ્રવ્ય સદાય અંદર વિરાજી રહ્યું છે તેને ધર્માત્મા ધ્યાવે છે.

અહા! અંદર શક્તિસ્વરૂપ જે વસ્તુ આત્મા છે તે ત્રિકાળ નિરાવરણ છે. ભાઈ! તારા દ્રવ્યનું દ્રવ્યમાન સ્વભાવથી સદાય નિરાવરણ છે, પર્યાયમાં રાગ સાથે અને કર્મ સાથે એક સમય પૂરતો વ્યવહારે ભલે સંબંધ હો, પણ અંદર વસ્તુ જે ભૂતાર્થ છે, ચિદાનંદમય સદા વિદ્યમાન છે તે નિરાવરણ છે. ભગવાન! તારી વસ્તુ અંદર પરમાનંદમય સદા નિરાવરણ છે, કર્મ અને રાગના સંબંધથી રહિત છે. હવે આવું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કેમ બેસે એને? તું માન કે ન માન; પણ વસ્તુ અંદર જ્ઞાનઘન છે તે સકળ નિરાવરણ છે, અને તેને ધર્મી પુરુષ ધ્યાવે છે.

અહા! અનંત અનંત શક્તિઓનો પિંડ પ્રભુ આત્મા સકળ નિરાવરણ છે. વળી અનંતગુણથી ભરેલો છતાં ગુણભેદ વિનાનો અખંડ એક છે; ખંડરૂપ નથી, ભેદરૂપ નથી; પર્યાયભેદથી ભેદાતો નથી તેવો અભેદ એક છે. વળી સ્વસંવેદનજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવો પ્રત્યક્ષપ્રતિભાસમય છે. આત્મા સ્વભાવથી જ પ્રત્યક્ષપ્રતિભાસમય છે.

કોઈને થાય કે તે જણાતો તો નથી?

બાપુ! તું રાગમાં ને નિમિત્તમાં એને શોધે તો તે કેમ જણાય? એ તો જ્યાં છે ત્યાં અંતર્મુખ થઈ જુએ તો અવશ્ય જણાય એવો તે પ્રત્યક્ષપ્રતિભાસમય છે. આત્મા ચૈતન્યપ્રકાશનું બિંબ છે. જ્ઞાનને તેમાં એકાગ્ર કરીને જોનારને તે અવશ્ય જણાય એવો છે. અહા! અંતર્મુખ ઉપયોગમાં-નિજ સ્વસંવેદનજ્ઞાનમાં તે જણાય એવો પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. ભલે મતિજ્ઞાન હો કે શ્રુતજ્ઞાન, સમ્યક્જ્ઞાનની એક સમયની પર્યાયમાં આખો આત્મા એક-અખંડપણે જણાઈ જાય એવું જ એનું સ્વરૂપ છે. ન જણાય એ વાત જ ક્યાં છે? ભાઈ! તું બહારમાં ફાંફાં મારે ને તે ન જણાય એમાં અમે શું કરીએ?

વસ્તુ નિજ પરમાત્મતત્ત્વ સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય ત્રિકાળ અવિનશ્વર છે અને તે જ ધ્યાતા પુરુષના ધ્યાનનું ધ્યેય છે. સમ્યગ્દર્શનનો વિષય પણ એ જ છે અને કલ્યાણકારી ધ્યાનનું ધ્યેય પણ એ જ છે. લોકોને આ આકરું લાગે છે, પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ તો જેમ છે તેમ આવું જ છે.

અરે! ચૈતન્યનિધાનસ્વરૂપ પોતાના ભગવાનને ભૂલીને તે અનાદિથી અવળે પંથે ચઢી ગયો છે! અહા! ચૈતન્યલક્ષ્મીથી ભરેલો પોતે ત્રિકાળ વિદ્યમાન હોવા છતાં તે આ બહારની જડ લક્ષ્મીની ને પુણ્યની ભાવના કરે છે! અહા! ત્રણલોકનો નાથ જિનસ્વરૂપ પ્રભુ આમ ભિખારી થઈને લોકમાં ભમે તે કેમ શોભે? ભગવાન! આ શું કરે છે તું? તારા ઉપયોગને અંતરમાં લઈ જા, તને સુખનિધાન પ્રભુ આત્મા પ્રાપ્ત થશે. ભાઈ! તારા સુખનો આ એક જ ઉપાય છે. ધર્મી પુરુષો અંતર્મુખપણે પરમભાવસ્વરૂપ એ એકને જ ધ્યાવે છે.

પર્યાય અપેક્ષાએ કેવળજ્ઞાન આદિને 'પરમભાવ' કહીએ, પૂર્ણદિશાને 'પરમભાવ' કહીએ; પણ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ તો શુદ્ધપારિણામિકભાવ જે ત્રિકાળ એકરૂપ છે તે જ પરમભાવ છે. છઠ્ઠી ગાથામાં જેને એક જ્ઞાયકભાવ કહ્યો તે જ પરમભાવ છે. અહા! આવો પરમભાવસ્વરૂપ અખંડ એક જ્ઞાયકભાવ જેનો ભાવ છે તે નિજ

પરમાત્મદ્રવ્ય હું છું-એમ ધર્માત્મા ધ્યાવે છે. આ સર્વજ્ઞ પરમાત્મા (અરિહંતાદિ) તે હું એમ નહિ, આ તો ધ્યાતા પોતાના જ ત્રિકાળી આત્માને 'હું પરમાત્મદ્રવ્ય છું' -એમ ભાવે છે, અનુભવે છે, ધ્યાવે છે. જે સર્વજ્ઞ પરમાત્મા પ્રગટપણે છે તે તો પરદ્રવ્ય છે. એને ધ્યાતાં તો રાગ થશે બાપુ!

તો ભગવાનને તરણ-તારણ કહેવામાં આવે છે ને?

હા, ભગવાનને વ્યવહારથી તરણ-તારણ કહેવામાં આવે છે. ભગવાનનું નિમિત્ત બનતાં તરનારો પોતે પોતાના સ્વરૂપના અનુભવમાં રહીને તરે છે તો ભગવાનને વ્યવહારથી તરણ-તારણ કહેવામાં આવે છે. બાકી ધ્યાતા પોતાના આત્માને અંતર્મુખપણે ધ્યાવે એ જ મોક્ષના કારણરૂપ ધ્યાન છે. સમજાય છે કાંઈ.....? કોઈ એકાંતે પર ભગવાનનું ધ્યાન ધરીને મોક્ષમાર્ગ થવાનું માને એ તો બહુ ફેર થઈ ગયો ભાઈ! ધ્યાતાના ધ્યાનનું એવું સ્વરૂપ નથી.

ભાઈ! આ તો અનંતા તીર્થંકરોએ ઇન્દ્રો, મુનિવરો ને ગણધરોની સમક્ષ ધર્મસભામાં જે ફરમાવ્યું છે તે અહીં દિગંબર સંતો જગત સમક્ષ જાહેર કરે છે. કહે છે-ભગવાનનો આ સંદેશ છે; શું? કે પોતે આત્મા ચિદાનંદઘન પ્રભુ સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ પરમાત્મદ્રવ્ય છે. અહા! આવું જે નિજપરમાત્મદ્રવ્ય તે હું છું-એમ ધ્યાતા પુરુષ ધ્યાવે છે, ભાવે છે; અને આ જ મોક્ષના કારણરૂપ ધ્યાન છે. જેમાં પોતાનો ત્રિકાળી શુદ્ધ આત્મા જ ધ્યેયરૂપ છે તે પરમાર્થધ્યાન છે અને તે જ મોક્ષના કારણરૂપ છે.

જોયું? નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું, પણ સંવેદનની પર્યાય જે છે તે હું છું એમ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાનની પ્રગટ પર્યાય જે છે તેમાં નિરાકુલ આનંદનું વેદન સાથે જ છે. પણ તે પર્યાય એમ ભાવે છે કે-આ ત્રિકાળી શુદ્ધ નિજપરમાત્મદ્રવ્ય છે તે હું છું. આ ઉઘડેલી પર્યાય તે હું નહિ. સૂક્ષ્મ વાત ભાઈ! પણ આનો સ્વીકાર કર્યા વિના જન્મ-મરણના અંત નહિ આવે.

અહાહા....! ધર્મી એમ ભાવે છે કે અખંડ એક નિજપરમાત્મદ્રવ્ય તે હું છું, પણ એમ ભાવતો નથી કે ભાવશ્રુતજ્ઞાન તે હું છું. આનંદના અનુભવ સહિત જે શ્રુતજ્ઞાન પ્રગટ થયું તે એક સમયની પર્યાય છે, માટે ધર્મી પુરુષ એનું ધ્યાન કરતો નથી. પર્યાય ખંડરૂપ વિનશ્વર છે ને? માટે ધર્માત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનું પણ ધ્યાન કરતો નથી. અહા! ધ્યાનની કરનારી પર્યાય છે, પણ તે પર્યાયનું -ભેદનું ધ્યાન કરતી નથી; એ તો અખંડ અભેદ એક નિજ પરમાત્મદ્રવ્યને જ ધ્યાવે છે. ધર્માત્માની ધ્યાનની દશા એક ધ્રુવને જ ધ્યાવે છે, ભેદની સામે એ જોતી જ નથી.

આ રીતે ધર્મી પુરુષ નિજ પરમાત્મતત્ત્વને ભાવીને-ધ્યાવીને ધ્યાનનું ફળ જે મોક્ષ તે અવિચલ દશાને પ્રાપ્ત થઈ જાય છે.

અરેરે! એણે પોતાના અંતરંગ પરમાત્મસ્વરૂપનો ઈન્કાર કરીને પોતાને મરણ-તુલ્ય કરી નાખ્યો છે! અહા! એણે અનંતકાળમાં પોતાની દયા કરી નહિ! જેવું પોતાનું પૂરણ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યતત્ત્વ છે તેને તે રીતે માન્યું નહિ. એણે પોતાને રાગવાળો ને પુણ્યવાળો માન્યો છે; પર્યાયદૃષ્ટિ થઈને આ પર્યાય છે તે હું છું એમ માન્યું છે. પણ ભાઈ! તે વડે તેં તારો પોતાનો ઘાત જ કર્યો છે, કેમકે પર્યાયમાત્ર વસ્તુ નથી.

અહીં કહે છે-નિજકારણપરમાત્મદ્રવ્ય છે તે હું છું એમ ધર્માત્મા ભાવના કરે છે, પરંતુ હું ખંડજ્ઞાન છું એમ ભાવના કરતો નથી. અહા! સમકિતીને જ્ઞાન ને આનંદની નિર્મળ પર્યાય પ્રગટી છે, તેને તે જાણે છે, પણ તેની એ ભાવના કરતો નથી. અહા! નિર્મળ પર્યાય પ્રતિ પણ આવો તે ઉદાસીન છે. સમજાય છે કાંઈ...? ભાઈ! શાસ્ત્રની આ ભાષા અને ભાવ જેને સમજાય તેને ભવનાશિની શુદ્ધઆત્મભાવના પ્રગટ થાય છે, અને એ જ આ 'તાત્પર્યવૃત્તિ' નું તાત્પર્ય છે.

હવે છેલ્લે કહે છે- 'આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના-તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (-નિર્બાધ છે) એમ વિવેકીઓએ જાણવું.'

જુઓ, ભગવાનનાં કહેલાં જે શાસ્ત્રો છે તેમાં આગમ અને અધ્યાત્મનાં શાસ્ત્રો છે. ભગવાને કહેલાં જે દ્રવ્યો છે તેનું જેમાં નિરૂપણ કરવામાં આવ્યું છે તેને આગમ કહીએ. અનંતા આત્મા છે, અનંતા-અનંત પુદ્‌ગલદ્રવ્યો છે, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ અને અસંખ્યાત કાલાણુ-આમ જાતિએ છ દ્રવ્યો છે, સંખ્યાએ અનંત છે. આ સર્વનું જેમાં નિરૂપણ છે તે આગમ છે તથા જેમાં શુદ્ધ નિશ્ચયસ્વરૂપ આત્મદ્રવ્ય કેવું છે અને તેની નિર્મળ પર્યાય કેવી છે તેનું નિરૂપણ છે તે અધ્યાત્મશાસ્ત્ર છે. આચાર્ય કહે છે-એ બન્નેના સાપેક્ષથી અહીં કથન કર્યું છે.

વળી નયદ્વયના અભિપ્રાયના અવિરોધપૂર્વક જ અહીં કહેવામાં આવ્યું છે. માટે આ કથન સિદ્ધ છે, નિર્બાધ છે-એમ વિવેકીઓએ જાણવું જોઈએ. વર્તમાન પર્યાયમાં આનંદનો અનુભવ થઈને જે નિર્વિકલ્પ નિર્મળ ભાવનારૂપ દશા પ્રગટ થઈ તે પર્યાયાર્થિકનયનો, વ્યવહારનયનો વિષય છે; અને જેનું લક્ષ કરીને તે પ્રગટ થઈ તે ત્રિકાળી શુદ્ધ પરમાત્મદ્રવ્ય શુદ્ધ નિશ્ચયનયનો, દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આમ નયદ્વયના અવિરોધપૂર્વક પરસ્પર સાપેક્ષ સર્વ કથન છે. માટે આ કથન સિદ્ધ છે, નિર્દોષ છે, નિર્બધ છે એમ વિવેકી પુરુષોએ જાણવું. જેને વિવેક નથી તે ગમે તેમ જાણે અને માને, પણ વિવેકી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુરુષોએ તો આને પ્રમાણરૂપ જાણી જેમ ભવનાશિની શુદ્ધાત્મભાવના પ્રગટ થાય તેમ પ્રવર્તવું, કેમકે આવી ભાવના વડે જ ભવનો નાશ થઈ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. લ્યો, આવી વાત છે. આ રીતે આજે આઠ વ્યાખ્યાન દ્વારા આ અધિકાર પૂરો થાય છે.

આ પ્રમાણે સમયસાર ગાથા ૩૨૦ ઉપરની આચાર્ય શ્રી જયસેનાચાર્યની તાત્પર્યવૃત્તિ ટીકા ઉપરનાં પરમ કૃપાળુ પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચન સમાપ્ત થયાં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગાથા-૩૨૦

### * શ્રી સમયસાર ગાથા ૩૨૦ ( શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યકૃત ) ટીકા *

कुत एतत् ? -

दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।
जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।

दृष्टिः यथैव ज्ञानमकारकं तथाऽवेदकं चैव।
जानाति च बन्धमोक्षं कर्मोदयं निर्जरां चैव।।३२०।।

यथात्र लोके दृष्टिर्दृश्यादत्यन्तविभक्तत्वेन तत्करणवेदनयोरसमर्थत्वात् दृश्यं न करोति न वेदयते च, अन्यथाग्निदर्शनात्सन्धुक्षणवत् स्वयं ज्वलनकरणस्य, लोहपिण्डवत्स्वयमौष्ण्यानुभवनस्य च दुर्निवारत्वात्, किन्तु केवलं दर्शनमात्रस्वभावत्वात् तत्सर्वं केवलमेव पश्यति; तथा ज्ञानमपि स्वयं द्रष्टृत्वात् कर्मणोऽत्यन्तविभक्तत्वेन निश्चयतस्तत्करणवेदनयोरसमर्थत्वात्कर्म न करोति न वेदयते च, किन्तु केवलं ज्ञानमात्रस्वभावत्वात्कर्मबन्धं मोक्षं वा कर्मोदयं निर्जरां वा केवलमेव जानाति।

હવે પૂછે છે કે- ( જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે ) એ કઈ રીતે ? તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છેઃ-

જ્યમ નેત્ર. તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦

**ગાથાર્થઃ**- [ यथा एव दृष्टिः ] જેમ નેત્ર ( દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે ), [ तथा ] તેમ [ ज्ञानम् ] જ્ઞાન [ अकारकं ] અકારક [ अवेदकं च एव ] તથા અવેદક છે, [ च ] અને [ बन्धमोक्षं ] બંધ, મોક્ષ, [ कर्मोदयं ] કર્મોદય [ निर्जरां च एव ] તથા નિર્જરાને [ जानाति ] જાણે જ છે.

**ટીકાઃ**- જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, દૃશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી-જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, *સંધુક્ષણની માફક, પોતાને ( નેત્રને ) અગ્નિનું

---

* સંધુક્ષણ = સંધૂકણ; અગ્નિ સળગાવનાર પદાર્થ; અગ્નિ ચેતાવનારી વસ્તુ.

કરવાપણું (સળગાવવાપણું), અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય (અર્થાત્ જો નેત્ર દૃશ્ય પદાર્થને કરતું વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી) -પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે; તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી, પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું હોવાથી કર્મના બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.

* * *

## શ્રી સમયસાર ગાથા ૩૨૦ (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યકૃત) ટીકા ઉપર પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન

**મથાળું:-** 'હવે પૂછે છે કે- (જ્ઞાની કરતો-ભોગવતો નથી) એ કઈ રીતે?'

લ્યો, શિષ્ય પૂછે છે-એનો અર્થ એ કે તે ખૂબ જિજ્ઞાસાથી વાત સાંભળે છે, ભાઈ! સાંભળવા ખાતર સાંભળવું એ જુદી ચીજ છે ને આત્માર્થી થઈ જિજ્ઞાસાથી સાંભળવું એ જુદી ચીજ છે. એમ કે આ (અનેક તરહના વિકલ્પ) કરે છે, વેદે છે એમ દેખાય છે ને આપ ધર્મી કરતો નથી, ભોગવતો નથી એમ કહો છો તો તે કેવી રીતે છે? અહા! આત્મા પરને-રાગને કરે નહિ ને વેદેય નહિ -આ શું ચીજ છે? અહા! આવા વિસ્મયકારી સ્વભાવને જાણવાની જેને અંતરમાં જિજ્ઞાસા જાગી છે તે શિષ્યને દૃષ્ટાંતપૂર્વક અહીં ગાથામાં ઉત્તર દે છે.

### ટીકા ઉપરનું પ્રવચન:

'જેવી રીતે આ જગતમાં....'

પહેલાં જગત સિદ્ધ કર્યું જોયું? છ દ્રવ્યમય જગતની હયાતી-અસ્તિ કહી. જગત છે એમ એની અસ્તિ સિદ્ધ કરીને વાત કરે છે કે-

'જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, દૃશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી....'

અહાહા.....! શું કહે છે? કે આ નેત્ર જે આંખ છે તે દૃશ્ય નામ દેખવાયોગ્ય પદાર્થથી અત્યંત ભિન્ન છે. ભાઈ! આ આંખ જેને દેખે છે તે દેખવા યોગ્ય પદાર્થથી

તે અત્યંત ભિન્ન છે, અને તેથી તે (-આંખ) તેને કરવા અને વેદવા અસમર્થ છે. જુઓ, આ સિદ્ધાંત કહ્યોઃ- કે દૃશ્ય પદાર્થથી આંખ ભિન્ન ને આંખથી દૃશ્ય પદાર્થ ભિન્ન-એમ પરસ્પર ભિન્નતા છે, ત્યાં આંખ ભિન્ન વસ્તુને કરે ને વેદે કેમ? અહા! પોતામાં અભિન્ન હોય તેને કરે અને વેદે, પણ ભિન્નને-પરને કરે ને વેદે એ કેમ બને? જેને આંખ અડેય નહિ તેને તે કરે ને ભોગવે એ કેવી રીતે બને? ભાઈ! આંખ જગતની ચીજને દેખે, પણ તે જગતની દૃશ્ય ચીજને કરેય નહિ ને વેદેય નહિ. અહાહા...! (આ તે) ગાથા છે કાંઈ!

હવે કહે છે- 'જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, સંધુક્ષણની માફક, પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું), અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય....'

'જો એમ ન હોય તો.....' જોયું? ભિન્નપણાને લીધે આંખ દૃશ્ય પદાર્થને કરે અને વેદે તો નહિ, પણ જો કરે ને વેદે તો.... , તો અગ્નિને દેખવાથી, સંધુક્ષણ નામ અગ્નિ ચેતાવનાર-સળગાવનારની માફક નેત્રને અગ્નિને કરવાપણું-સળગાવવાપણું આવી પડે. સંધુકણ જેમ અગ્નિને સળગાવે છે તેમ આંખને, પરથી ભિન્ન છે છતાં જો તેને કરે ને વેદે તો, પરને સળગાવવાપણું આવે; આંખ જ્યાં પડે ત્યાં તે પદાર્થ સળગવા લાગે એમ એને સળગાવવાપણું આવે. ન્યાય સમજાય છે કે નહિ?

વળી 'લોખંડના ગોળાની માફક પોતાને (આંખને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય.' આંખ જો પરને કરે ને વેદે તો લોઢાનો ગોળો જેમ અગ્નિમાં ઉષ્ણ થઈ જાય છે તેમ, અગ્નિને દેખવામાત્રથી આંખ અગ્નિમય થઈ જાય, બળી જાય. અહાહા...! આંખને જો ભિન્ન ચીજને અનુભવવાનો-વેદવાનો ભાવ આવી જાય તો ભિન્ન અગ્નિને દેખવામાત્રથી આંખ અગ્નિમય થઈ જાય, તેને અગ્નિનો અનુભવ દુર્નિવાર થઈ જાય, લોખંડના ગોળાની જેમ.

જુઓ, બે વાત કરી. એક તો-જો આંખ પરને-ભિન્ન વસ્તુને કરે તો સંધુકણ જેમ અગ્નિને કરે છે તેમ આંખની જ્યાં નજર પડે ત્યાં પદાર્થમાં અગ્નિ પ્રગટી જાય. આંખ જો પરને કરે તો જેમ સંધુકણ વડે અગ્નિ પ્રગટે છે તેમ આંખ વડે અગ્નિ સળગવી જોઈએ.

બીજું-જો આંખ પરને વેદે તો અગ્નિને જોવામાત્રથી જ, આંખને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ થવો જોઈએ પણ એમ છે નહિ, અર્થાત્ આંખ છે તે અગ્નિને દેખે તો છે, પણ કાંઈ અગ્નિનો અનુભવ કરતી નથી. જો એમાં એકાકાર થાય તો અનુભવ થાય ને! પણ એ તો ભિન્ન ચીજ છે. અહા! આંખ અને જે અગ્નિ છે એ તો ભિન્ન ભિન્ન ચીજ છે. તેથી ભિન્નને આંખ કરે પણ નહિ ને ભિન્નને આંખ વેદે પણ નહિ.

લ્યો, કહે છે- એમ તો થતું નથી. અર્થાત્ આંખથી કાંઈ સળગે પણ નહિ, ને આંખ અગ્નિને વેદે પણ નહિ. દેખવાયોગ્ય પદાર્થને આંખ દેખે; દેખે એટલો તો સંબંધ છે પણ તેને કરે ને ભોગવે એવો સંબંધ સર્વથા નથી. માટે દશ્ય પદાર્થને નેત્ર કરતુંય નથી. વેદતુંય નથી. એ જ કહે છે-

'પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે.' જોયું? આંખનો તો કેવળ દેખવામાત્રસ્વભાવ છે અને તેથી તે સર્વને કેવળ દેખે જ છે, કોઈને કરે કે વેદે છે એમ નહિ. જો કરે ને વેદે તો દેખવામાત્રથી તે દશ્ય પદાર્થમાં અગ્નિને કરે અને પોતે જ અગ્નિને વેદે, પણ અગ્નિને આંખ કરતી નથી, તેમ અગ્નિ દેખતાં આંખ બળતીય નથી; માટે આંખ સર્વને દેખે જ છે; કોઈને કરતી નથી, વેદતી પણ નથી. આ દષ્ટાંત કહ્યું. હવે તે સિદ્ધાંતમાં ઉતારે છે. -

'તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી,.......'

જોયું? જ્ઞાન નામ જ્ઞાનસ્વભાવી આત્મા, નેત્રની જેમ, દેખનાર છે; તે પરને દેખે છે એવો વ્યવહાર સંબંધ છે. આંખ જેમ પરને-દશ્યને દેખે તેમ ભગવાન આત્મા પરને દેખે ખરો, પણ દેખવા ઉપરાંત પરનું કરવું ને વેદવું એનામાં છે નહિ.

અહાહા.....! નેત્રની જેમ, જ્ઞાન અર્થાત્ ભગવાન આત્મા પરને દેખે છે એમ તો છે; જો કે પરને દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે, પણ એટલો વ્યવહારસંબંધ અહીં લીધો છે. તો કોઈ વળી પૂછે છે-

જેમ પરને દેખે છે એવો વ્યવહાર છે તો પરને કરે એવો વ્યવહાર પણ હોવો જોઈએ ને? તો કહે છે-ના, એમ નથી. આંખ પરને દેખે છે તેથી કાંઈ આંખ પરને-અગ્નિ વગેરેને કરે છે કે વેદે છે એમ નથી. તેમ ભગવાન આત્માને બીજા સાથે દેખવાનો સંબંધ તો છે, આટલો તો વ્યવહારસંબંધ છે, પણ બીજાને કરે કે વેદે એમ છે નહિ, સમજાણું કાંઈ...?

જુઓ, આ અંદર એ જ કહ્યું છે: 'તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી.'

અહાહા...! ભગવાન આત્મા કર્મથી અત્યંત ભિન્ન છે; એકલો ભિન્ન એમેય નહિ, અત્યંત ભિન્ન છે. જેમ આંખ દશ્ય પદાર્થથી ભિન્ન છે તેમ શુદ્ધ ચિદાનંદમય વસ્તુ ચૈતન્યરત્નાકર પ્રભુ કર્મથી અત્યંત ભિન્ન છે, પરપદાર્થથી અત્યંત ભિન્ન છે. અત્યંત ભિન્નપણાને લીધે, જેમ આંખ દશ્ય પદાર્થને દેખે ખરી, પણ કરે કે વેદે

નહિ, તેમ ભગવાન આત્મા પરપદાર્થને દેખે-જાણે ખરો, પણ પરને કરતો કે ભોગવતો નથી, ભોગવી શકતો નથી.

કોઈને થાય કે દેખવા-જાણવાની પોતાની ક્રિયા કરે તો પછી ભેગું પરનું પણ કરે કે નહિ?

**સમાધાનઃ-** પોતાના પરિણામને ભલે કરે ને ભોગવે, એય અહીં નિર્મળ પરિણામને કરવા-ભોગવવાની વાત છે, મલિનની વાત નથી. આત્મા પરને દેખે-જાણે એટલા સંબંધમાત્રથી પરનું કરે ને પરને વેદે એ ક્યાંથી આવ્યું? અહા! પરને દેખવું એવો તો એનો સંબંધ છે, પણ એટલા સંબંધમાત્રથી તે પરનું શું કરે? કાંઈ ન કરે. શું તે હાથ-પગને હલાવે? આંખને હલાવે કે બોલે? કાંઈ ન કરે. જે ચીજ છે એને દેખે છે, પણ દેખવા છતાં તે પરનું કાંઈ કરી દે એમ નથી. અહાહા....! આત્મા દેખનાર હોવા છતાં, અત્યંત ભિન્નપણાને લીધે તે કર્મને કરતો નથી. રાગાદિને કરતો નથી.

અહાહા...! 'જ્ઞાન' કહ્યું ખરું ને! જ્ઞાન એટલે જ્ઞાનસ્વભાવી આત્મા. અહા! એને પરને દેખવા-જાણવાનો સંબંધ તો કહ્યો (વ્યવહારથી હોં), પણ નિશ્ચયથી, તેને દેખવા ઉપરાંત પરવસ્તુને કરવા-વેદવાની અસમર્થતા છે. કર્મને કરે ને કર્મને વેદે એવી એને અસમર્થતા છે. અહાહા....! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, કર્મનો ઉદય થાય એને જાણે, પણ કર્મના ઉદયને તે કરે કે વેદે એની એને અસમર્થતા છે, તેથી જ્ઞાન અર્થાત્ આત્મા કર્મને કરતો કે વેદતો નથી. હવે આવી વાત! બિચારો ધંધા આડે નવરો થાય તો એને સમજાય ને?

અહાહા...! આ બધી આખો દિ' વેપાર-ધંધાની ધમાલ ચાલે છે ને? પોતે દુકાનના થડે બેઠો હોય ને માલ આવે ને જાય, પૈસા આવે ને જાય; અહીં કહે છે, આત્માને એ બધા સાથે દેખવામાત્ર સંબંધ છે, અર્થાત્ આત્મા-જીવ એને જાણે ખરો, પણ જાણવા ઉપરાંત એ બધાને કરે ને વેદે એવો એનો સ્વભાવ નથી. આંખ જેમ અગ્નિ વગેરે દૃશ્ય પદાર્થને કાંઈ કરતી નથી, તેમ ભગવાન આત્મા કર્મ કે કર્મથી પ્રાપ્ત ચીજો-એ કોઈને કરતો કે ભોગવતો નથી.

'પરંતુ કેવળ જ્ઞાનમાત્ર સ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.'

અહાહા....! જોયું? આત્માનો કેવળ જ્ઞાનમાત્ર સ્વભાવ છે, જાણવામાત્ર સ્વભાવ છે. એટલે શું? કે રાગાદિ કરવાનો આત્માનો સ્વભાવ નથી, પર વસ્તુ તો ક્યાંય દૂર રહી. આત્માનો રાગ કરવો એ સ્વભાવ નથી. કેવળ જ્ઞાનસ્વભાવપણું કહ્યું ને?

મતલબ કે જાણે સૌને પણ કરે કોઈને નહિ. આવી વાત! વિષયવાસનાના કાળે સંયોગને દેખે, પણ તે સંયોગને ને સંયોગીભાવ જે વાસના તેને કરતો નથી, ભોગવતો નથી. સામી ચીજને એ કરતો ને ભોગવતો દેખાય છે ને! અહીં કહે છે -એ-જ્ઞાનસ્વભાવી આત્મા, એનો જ્ઞાનમાત્ર સ્વભાવ હોવાથી, પરને કરતો ને ભોગવતો નથી.

જુઓ, અહીં જ્ઞાન કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું છે એમ કહીને એકાંત કર્યું. પણ બાપુ! એ તો સમ્યક્ એકાંત છે ભાઈ! કેમકે ભગવાન આત્માનો એકાંત જ્ઞાનસ્વભાવ જ છે. કથંચિત્ જ્ઞાનસ્વભાવ ને કથંચિત્ કર્તાસ્વભાવ એવું આત્મવસ્તુનું સ્વરૂપ જ નથી, એવું જ્ઞાનનું સ્વરૂપ જ નથી.

ત્યારે કોઈ વળી કહે છે- કથંચિત્ બંધને મોક્ષનું કર્તાપણું કહો તો અનેકાન્ત થાય.

અરે ભાઈ! એમ નથી બાપા! ભગવાન આત્મા કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો હોવાથી 'જાણવું' તો કરે પણ તે બંધને-રાગને કરતો નથી, તેમ તે રાગને વેદતો પણ નથી, બંધને-રાગને જ્ઞાન જાણે, એનો કેવળ જ્ઞાનસ્વભાવ છે ને! તો રાગને-બંધને જ્ઞાન જાણે, પણ તેને એ કરે કે વેદે-એવું એનું સ્વરૂપ નથી. લ્યો, હવે પરનું-આ ઝવેરાત, હીરા, માણેક-મોતીનું ને કપડાં વગેરેનું કરવું તો કયાંય દૂર રહી ગયું. સમજાણું કાંઈ...?

અહા! એક રજકણથી માંડીને આખી દુનિયાને એ જાણે, પણ જાણવાના સંબંધમાત્રથી એને પરને ને રાગને કરવા ને વેદવાનો સંબંધ થઈ જાય એવી વસ્તુ નથી. જ્ઞાનતત્ત્વવસ્તુ ખૂબ સૂક્ષ્મ છે ભાઈ! લોકો તો એને સ્થૂળ સંયોગના ને રાગના સંબંધથી માને છે, પણ અહીં કહે છે, રાગથી ને પરથી ભિન્ન શુદ્ધ જ્ઞાનતત્ત્વ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું છે અને તેથી તે કર્મના બંધને માત્ર જાણે જ છે. શું કીધું? જે કર્મનો બંધ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે છે, પણ કરે છે કે ભોગવે છે એમ નહિ. બહુ આકરી વાત! શુભના પક્ષવાળાને આકરી પડે, પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં ( શું થાય? )

અહાહા.....! જ્ઞાન નામ આત્માને કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો કહ્યો ત્યાં વસ્તુમાં -આત્મામાં એકલું જ્ઞાન છે એમ ન લેવું, પણ બીજા અનંત ગુણ સાથે જ અવિનાભાવપણે રહેલા છે એમ જાણવું. એમાં રાગનું કે પરનું કરવું નથી માટે 'જ્ઞાનમાત્રસ્વભાવવાળું' -એમ કહ્યું છે. અહાહા....! એ બોલે નહિ, ખાય નહિ, ચાલે નહિ, બીજાને શીખામણ દે નહિ, બીજાની શીખામણ લે નહિ.... અહાહા....! આવું પરનું કાંઈ કરે નહિ એવું જ્ઞાનમાત્ર તત્ત્વ આત્મા છે. સમજાણું કાંઈ....?

કોઈને એમ થાય કે કાલે બપોરે તો એમ આવ્યું હતું કે 'ગુરુનાં વચનોને પામીને.....'

ભાઈ! એ તો સ્વના આશ્રયે એણે અંદર સુદૃષ્ટિ-સમદૃષ્ટિ પ્રગટ કરી તો કહ્યું કે 'ગુરુનાં વચનો પામીને...' આ તો તે તે કાળે ઉપસ્થિત બાહ્ય નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવામાં આવ્યું છે. બાકી ગુરુનાં વચનો છે (ગુરુ વચન બોલે છે) અને એ વચનોને કોઈ શિષ્ય લે છે-એવું વસ્તુસ્વરૂપ નથી. લ્યો, આવી વાત! સમજાય છે કાંઈ...?

અહીં કહે છે-કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી કર્મના બંધને કરતું નથી, માત્ર જાણે જ છે, જુઓ, શાસ્ત્રમાં આવે કે ચોથે ગુણસ્થાને આટલી પ્રકૃતિ સત્તામાં હોય, આટલો ઉદય હોય, આટલું વેદન એટલે અનુભાગ હોય, આટલી પ્રકૃતિ બંધાય, આટલી ઉદયમાં આવે ને આટલીની ઉદીરણા થાય-ઇત્યાદિ, પણ ભાઈ! એ તો આ બધું જે હોય તેને જાણે જ છે, એને કરતો નથી. હવે નજીકની ચીજ જે કર્મ તેના ઉદયાદિને તે માત્ર જાણે જ છે, કરતો નથી તો પછી પરચીજને એ કરે એ વાત ક્યાં રહી? આત્મા બોલે, ચાલે, પરને મદદ કરે કે પરથી મદદ લે આદિ પરની ક્રિયા કરવી-એ વસ્તુના સ્વરૂપમાં નથી.

હા, પણ બંધને એ ભલે ન કરે, પણ મોક્ષને તો એ કરે છે ને?

ના, તે કાળે તે પર્યાય-પૂરણ મોક્ષ દશા થાય જ તેને કરે શું? જ્ઞાન કહેતાં શુદ્ધ આત્મદ્રવ્ય મોક્ષને પણ કરતું નથી. જે સમયે જે સત્‌પણે છે તેને કરે શું? 'કરે' એ તો જે ન હોય એને કરે એમ કહેવાય. શું કીધું? જેની સ્થિતિ ન હોય તેને કરે એમ કહેવાય. પણ જાણનાર જ્ઞાનીને તો જે મોક્ષની પર્યાય છે તેને એ જાણે છે બસ. અહાહા....! છે એને જાણે છે, પણ કરે-બરે છે એમ છે નહિ.

જુઓ, એનામાં એક 'ભાવ' નામનો ગુણ છે. આ ગુણને લઈને તને પ્રતિ સમય નિયત પર્યાય હોય જ છે. અહા! આવું જે દ્રવ્ય તેનો જ્યાં સ્વીકાર થયો ત્યાં પર્યાયમાં જે બંધ-રાગ આદિ છે તેને એ જાણે જ છે, કરતો નથી, અહાહા...! જે તે ગુણસ્થાને તેના પ્રમાણમાં કર્મનો ઉદય આવે અને ઉદીરણા થાય, પણ એને એ કરતો નથી. અહાહા...! આ તો ૩૨૦ ગાથા! બહુ ઊંચી! છેલ્લી હદ છે. જ્ઞાનસ્વભાવ... જ્ઞાનસ્વભાવ... જ્ઞાનસ્વભાવ એવી વસ્તુ છે. એમાં બહુ તાણીને, તું કહે તો, એ જાણે દેખે છે એમ અમે કહીએ, ખરેખર તો (પરનું) જાણવું-દેખવું-એય વ્યવહાર છે.

અહાહા...! પોતે પોતાને જાણે છે એ નિશ્ચય ને પરને જાણે છે ઈ વ્યવહાર;

બાકી પરને કરે ને વેદે એ તો વાત જ નથી. ભાઈ! અહીં તો આ કહેવું છે કે તું બહુ લઈ જા તો એ દેખે-જાણે છે બસ એટલે રાખ, બાકી (પરનું) કરવું ને વેદવું એ તો એને છે જ નહિ. અહાહા...! આત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપી ભગવાન મોક્ષને કરે છે એમ પણ છે નહિ.

તો એના પુરુષાર્થનું શું?

બાપુ! એ જાણે એ જ એનો પુરુષાર્થ છે. જાણગ-જાણગ સ્વભાવ છે એનો; તો જાણવા પ્રતિ વીર્ય જાગ્રત થાય તે પુરુષાર્થ છે; કેમકે હું કરું તો (પર્યાય) થાય એવું વસ્તુના સ્વરૂપમાં ક્યાં છે? નથી.

અહાહા...! જ્ઞાનમાત્ર સ્વભાવવાળો હોવાથી એ બંધને કરતો નથી, મોક્ષનેય કરતો નથી. અહાહા...! મોક્ષની પર્યાય તે કાળે થવાની જ છે, થાય છે, છે-તેને કરવું શું? અહાહા...! જાણનારને, તે મોક્ષની પર્યાય છે તેને કરવું ક્યાં છે? બાપુ! મોક્ષની પર્યાય જે થાય છે ને છે તેને કરવી એ તો વિરુદ્ધ થઈ ગયું. છે તેને કરે છે એ તો વિરુદ્ધ છે, છે તેને બસ જાણે જ છે એ વસ્તુસ્વરૂપ છે.

દ્રવ્ય સત્, ગુણ સત્ ને એક સમયની પર્યાય પણ સત્ છે. મોક્ષની અવસ્થા જે થાય છે તે સત્ છે. સત્પણે જે થાય જ છે એને હું કરું છું એ કેમ આવે? સત્ છે, છેપણે છે એને શું કરે? અહા! આખી દ્રવ્યદૃષ્ટિ જેને યથાર્થ થઈ છે તે મોક્ષને પણ જાણે જ છે, મોક્ષને કરતો નથી. આવી વાત બાપુ! બહુ ઝીણી! લોકો તો અત્યારે બહારમાં (કરવામાં) જ પડી ગયા છે પણ બાપુ! વસ્તુ આત્મા જ્ઞાનમાત્ર સ્વભાવવાળો હોવાથી તે બંધને કે મોક્ષને કરતો નથી, માત્ર જાણે જ છે.

વળી કહે છે-જ્ઞાનમાત્રસ્વભાવવાળો હોવાથી કર્મના ઉદયને અને નિર્જરાને જાણે જ છે. અહાહા....! કર્મનો ઉદય પણ 'છે'. ઉદય છે તેને પરપણે જાણે છે. બસ જાણે છે એટલું જ, એ સિવાય બીજું (-કરે છે કે વેદે છે એવું) કાંઈ છે નહિ. નિર્જરાનેય બસ જાણે છે, કરે છે એમ નહિ.

અશુદ્ધતાનું ગળવું, શુદ્ધતાનું વધવું ને કર્મનું ખરી જવું એમ નિર્જરા ત્રણ પ્રકારે છે. એમાં અશુદ્ધતાનું ગળવું એ વ્યવહારનયથી છે ને કર્મનું ટળવું એ અસદ્ભૂત વ્યવહારનયથી છે. શુદ્ધતાનું વધવું એ વાસ્તવિક નિર્જરા છે. અહીં કહે છે -એક સમયમાં એ ત્રણેય છે. હવે એ છે એને કરવું શું? અહાહા..! શુદ્ધતાનું વધવું એ એક સમયનું તે-તે સમયે સત્ છે; હવે એ પર્યાય સત્-વિદ્યમાન છે તેને કરવી શું? અહાહા...! શુદ્ધોપયોગની સ્થિરતા થતાં ત્યાં શુદ્ધતાનું વધવું હોય છે. હવે છે, ઉપજે છે એને કરવું શું? જેમ મોક્ષ ઉપજે છે તેમ નિર્જરા પણ ઉપજે છે. હવે

હયાતી લઈને જે ઉપજે છે, છે એને કરવું છે એ વાત ક્યાં છે? નથી. તેથી નિર્જરાનેય એ કરતો નથી, કેવળ જાણે જ છે.

અહાહા...! પર્યાયના ક્રમબદ્ધ પ્રવાહમાં એના કાળે નિર્જરાય થાય છે તેને કરવી શું? હવે આવી વાત સમજમાં બેસે નહિ એટલે એને ઠેકાણે કોઈ લોકો કહે કે-પરને સહાય કરવી, ગરીબોનાં આંસુ લૂંછવા, એકબીજાને મદદ કરવી-અન્ન, વસ્ત્ર, ઔષધિ આપવાં-ઇત્યાદિ કરે તે ધર્મ, 'જનસેવા તે પ્રભુ સેવા' -લ્યો, આવું કહે. અનંતકાળથી ઓશિયાળી દૃષ્ટિ ખરી ને! પણ બાપુ! એ તો વિપરીત દૃષ્ટિ છે. ભાઈ! એ વીતરાગનો મારગ નહિ પ્રભુ!

અહીં કહે છે-જેમ જ્ઞાનસ્વભાવી ત્રિકાળી આત્મદ્રવ્ય સહજ સત્ છે, એનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ સત્ છે તેમ એની એક સમયની પર્યાય પણ વર્તમાન સત્ જ છે. જેમ ત્રિકાળીને કરવો નથી તેમ વર્તમાન વર્તતી પર્યાયને પણ કરવી નથી, બહુ ઝીણી વાત પ્રભુ! જેમ વસ્તુ આત્મા ત્રિકાળ સત્ છે તેમ નિર્જરા ને મોક્ષની પર્યાય પણ તે તે કાળે સત્ જ છે. હવે સત્પણે 'છે' એને શું કરવું? એને માત્ર જાણે છે. અહા! ગજબ વાત કરી છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને! એ તો જાણવા-રૂપ પર્યાય નિર્જરાને ને મોક્ષને જાણે છે એમ કહ્યું, કરે છે એમ નહિ, પણ વાસ્તવમાં તો નિર્જરાને ને મોક્ષને તે તે કાળે જાણે એવી જાણવારૂપ પર્યાય સ્વતઃ થવાની જ છે તે થાય છે. શું કીધું? નિર્જરા ને મોક્ષની પર્યાય તો તે તે કાળે વિદ્યમાનપણે છે, તેને જ્ઞાન જાણે છે એમ કહેવાય, બાકી જાણવાની પર્યાય પણ તે કાળે તે રીતે જ સત્ છે; નિર્જરા ને મોક્ષ છે માટે જાણનારી પર્યાય છે એમ નથી. અહા! આવું બહુ ઝીણું!

ભાઈ! આ તો સત્ને સત્પણે અહીં સિદ્ધ કરે છે. એક સમયની પર્યાય છે, પરવસ્તુ છે, છે એને જ્ઞાન જાણે છે એમ ભલે કહીએ, વાસ્તવમાં તો જાણે છે એ પર્યાય પણ તે કાળે સત્ જ છે. પરવસ્તુ છે, પર્યાય છે માટે એને જાણે છે એમ નથી. અહાહા...! જે છે તેને તે કાળે તે જ પ્રકારે જાણે એવી જ્ઞાનની પર્યાય સ્વયં સત્ છે, બીજી ચીજ છે માટે એને જાણે છે એમ નથી. જાણવાની પર્યાય બીજી ચીજની અપેક્ષા રાખતી નથી, પોતે પોતાના ક્રમમાં જાણવાપણે પોતાથી જ વિદ્યમાન છે. બીજાને જાણે છે એમ કહીએ એ તો વ્યવહાર છે. લ્યો, આવું બહુ ઝીણું છે.

અહીં ચાર બોલ લીધા છે. હવે બાકી શું રાખ્યું? બંધ, મોક્ષ ઉદય અને નિર્જરાને તે તે કાળે જ્ઞાન જાણે જ છે. રાગ-બંધ થાય છે તેને તે કાળે જ્ઞાન પોતે પોતાથી જ જાણતું થકું પ્રગટ થાય છે; રાગ ને બંધ છે માટે એને જાણે છે એમ જ્ઞાનને અપેક્ષા નથી. રાગની-બંધની અપેક્ષા રાખીને જાણવાની પર્યાય થાય છે એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. વાસ્તવમાં એને જ્ઞાન જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. અહાહા...! અનંત ગુણ, અનંતી પર્યાય, બંધ, મોક્ષ આદિને તે તે કાળમાં જ્ઞાનની પર્યાય તે તે પ્રકારે જાણે એ રીતે જ તે સ્વતઃ સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. આવી વાત છે.

ત્યારે કોઈ પંડિતો વળી કહે છે-પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નથી.

અરે પ્રભુ! તું શું કહે છે આ? આ દિગંબરાચાર્ય શું કહે છે એ તો જો અહાહા...! કર્તા તો નહિ, પણ ખરેખર તો એનો જાણનારે નહિ. જાણનારી પર્યાય જાણગને-જાણનારને જાણતી સત્‌પણે ઉત્પન્ન થાય છે. એ તો અહીં બંધ-ઉદય આદિને જાણે છે એમ વ્યવહાર સિદ્ધ કર્યો છે. સમજાય છે કાંઈ...? જાણવાની પર્યાય ને બંધ -મોક્ષ આદિ પર્યાય, તથા અનંતા ગુણની અનંતી પર્યાય અક્રમે ઉત્પન્ન થાય છે તેને તે તે કાળે તે પ્રકારે જ્ઞાન જાણે છે એ વ્યવહાર છે. આવી ઝીણી વાત!

**પ્રશ્નઃ-** આ જાણવું એમાં ગર્ભિત કર્તાપણું આવ્યું કે નહિ?

**ઉત્તરઃ-** અહા! જાણવાનું કરું એમ (પણ) નહિ. એ જાણવાની પર્યાય તે કાળે સહજપણે જ સતરૂપ છે, અને થાય છે. હવે આવું છે ત્યાં મેં આ કર્યું ને તેં કર્યું, મેં છોકરાંને પાળ્યાં-પોષ્યાં ને મોટા કર્યાં, ને મેં વેપાર-ધંધા કર્યા ને હું પૈસા રળ્યો એ વાત ન ક્યાં રહે છે? બાપુ! એ તો બધી મિથ્યા કલ્પના જ છે, બધું ગપે-ગપ છે. સમજાય છે કાંઈ...?

હવે જ્યાં પોતાની નિર્જરા ને મોક્ષની પર્યાયને પણ જાણવાનું કામ કરે છે એમ પણ કથનમાત્ર છે ત્યાં પરને-પર રજકણોને ને સ્કંધને-એ પલટાવે-બદલાવે એ વાત જ ક્યાં રહે છે! આત્મા રોટલી કરે ને લાડવો વાળે ને વેપાર કરે- એ બધું બાપુ! ગપે-ગપ જ છે. એ તો તે તે સમયે તે તે (રોટલી વગેરે પર્યાય) સત્‌ છે તો એ પ્રકારે પરિણમન થાય છે. તેમાં તારા હેતુની ક્યાં જરૂર-અપેક્ષા છે? અને તે તે કાળે જ્ઞાન તેને એમ જ જાણે છે એમાં એની ક્યાં અપેક્ષા છે? જૈનતત્ત્વ ખૂબ ગંભીર છે ભાઈ! અહીં તો સિદ્ધ કરવું છે કે - ભગવાન! તું જ્ઞાન છો તો તું એને (બંધ-મોક્ષ આદિને) જાણે બસ એટલું રાખ, પણ એને કરે ને વેદે એ ભગવાન! તારું સ્વરૂપ જ નથી. હવે આવો મારગ!

ત્યાં વળી કોઈ કહે- એકેન્દ્રિય આદિની રક્ષા કરો, હિંસા ન કરો એ જૈનનો મારગ છે.

**સમાધાનઃ-** બાપુ! એ બધાં વ્યવહારનાં વચન ભાઈ! બાકી શું તું અન્ય જીવની રક્ષા કરી શકે છે? કદીય નહિ હોં. એ તો તે તે કાળે હિંસા થવાની નથી જ, રક્ષા થવાની છે તેને જ્ઞાન જાણે છે; તે પણ પર જીવની રક્ષા એની અપેક્ષા રાખીને જ્ઞાન થાય છે એ નથી. અહા! આવું અલૌકિક સત્‌નું સ્વરૂપ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે-

ण वि उपज्जइ ण वि मरइ, बंधु ण मोक्खु करेइ।
जिउ परमत्थे जोइया, जिणवर एउ भणेइ।।

શ્રી જયસેનાચાર્યની ટીકામાં આ લીધું છે કે - 'જિનવર એમ કહે છે કે' ... કહે છે-એમ કહ્યું ને? ભાઈ! એ તો વાણી વાણીના કારણે આવે છે, પણ ભગવાન તે કાળે નિમિત્ત છે તો કહ્યું કે 'જિણવર એઉ ભણેઈ?' ભગવાન છે માટે વાણી આવે છે એમ નથી. વાસ્તવમાં જેમ ભગવાન છે તેમ વાણી પણ તે કાળે સ્વતઃ વિદ્યમાન છે. (કોઈના કારણે કોઈ છે એમ છે જ નહિ) એ તો સર્વોત્કૃષ્ટ નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું કે 'जिणवर एउ भणेइ' ।

જિનવર કહે છે કે-હે યોગી!-અહાહા....! યોગને આત્મામાં જોડનાર હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી, ને બંધ અને મોક્ષને પણ કરતો નથી. આનો અર્થ જ આ થયો કે આત્મા જે જ્ઞાનમાત્રસ્વભાવ છે એના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું ત્યાં (કરવું) બધું છૂટી ગયું, બસ પછી જે છે એને એ જાણે જ છે. નિર્જરાને ને મોક્ષનેય એ જાણે જ છે. સાધકના કાળમાં નિર્જરાને જાણે અને સાધ્યકાળે મોક્ષને જાણે. બસ જાણે એટલું જ; ત્યાં જાણવાની પર્યાય પણ તે કાળે તેની જ પોતાથી ઉપજે છે.

અહીં શું કહે છે કે- પરમાર્થે જીવ ઉપજતો નથી, મરતોય નથી? ઉપજતો નથી શેમાં? કે પર્યાયમાં પરમાર્થે તે ઉપજતો નથી, વ્યય પણ કરતો નથી. પ્રવચનસાર ગાથા ૧૦૨ માં આવ્યું છે કે જે પર્યાય ઉપજે છે તેને ધ્રુવની અપેક્ષા નથી. હવે અને પોતાના ધ્રુવની જ્યાં અપેક્ષા નથી ત્યાં પરની અપેક્ષાની તો વાત જ ક્યાં રહી? એ બંધ-મોક્ષ ઇત્યાદિ જેવું જ્ઞેય હોય તેવું જ તે કાળે જાણે છે, પણ તેને (જ્ઞાનની પર્યાયને) બંધ-મોક્ષ આદિ જ્ઞેયની અપેક્ષા નથી. અહાહા...! જાણવાના જ્ઞાનમાં, જાણવા યોગ્યજ્ઞેય બરાબર આવ્યું માટે તેને જાણે છે એમ અપેક્ષા લઈને જ્ઞાનપર્યાય થાય છે એમ નથી.

અહાહા....!

'ण वि उपज्जइ ण वि मरइ, बंधु ण मोक्खु करेइ'

અહાહા....! પૂર્ણાનંદનો નાથ પૂર્ણજ્ઞાનઘન એકલા જ્ઞાનસ્વભાવમય ભગવાન આત્મા છે એની પર્યાયમાં (-જ્ઞાનપર્યાયમાં) અનંતી પર્યાય ને દ્રવ્ય-ગુણ જણાય છે તે પર્યાય સહજ છે, તેને હું ઉત્પન્ન કરું છું એમ છે નહિ, અહાહા...! બંધને, મોક્ષને, ઉદયને, નિર્જરાને કેવળ જાણું જ છું; જે છે તેને માત્ર જાણું જ છું, પણ કરું છું કે ભોગવું છું એમ છે નહિ, હવે પરની દયા કરવી ને પરની મદદ કરવી ઇત્યાદિ તો ભાઈ! તદ્દન તત્ત્વવિરુદ્ધ છે. એ કાંઈ માર્ગ નથી, લ્યો, આવી વાત!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## * ગાથા ૩૨૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી. કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે.'

જુઓ, આંખ છે તે અગ્નિને જાણે, કાષ્ટને જાણે, વીંછીને જાણે, પણ દૂરથી જ જાણે છે; એમાં ભળીને ન જાણે, આંખ કાંઈ અગ્નિ આદિમાં ન પ્રવેશે અને અગ્નિ આદિ પદાર્થ આંખમાં ન પેસી જાય. લ્યો, આ પ્રમાણે આંખ દૂરથી જ જાણે છે. તેમ, કહે છે, જ્ઞાન દૂરથી જ જાણે છે; જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે. અહાહા...! આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને તે રાગાદિ પુણ્ય-પાપના પરિણામને દૂરથી જ જાણે છે, તેમાં ભળીને-એકમેક થઈને જાણે એમ નહિ. રાગાદિમાં ભળી જાય-એકમેક થઈ જાય એવો આત્માનો સ્વભાવ જ નથી. તેથી જ્ઞાન દૂરથી જાણે પણ એને કરવું-ભોગવવું નથી.

શું કીધું? દુનિયામાં અનેક કામ થાય તેને આંખ દૂરથી માત્ર જાણે, કરે નહીં. મકાન બને તેને જાણે, પણ કરે એમ નહિ. તેમ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા શરીર, મન, વાણી ઇત્યાદિની ક્રિયાને માત્ર જાણે પણ કરે એમ નહિ. પુણ્ય-પાપના ભાવ થાય તેને પણ કરે નહિ, દૂર રહીને માત્ર જાણે. ભાઈ! આવું જ ભગવાન આત્માનું સ્વરૂપ છે. માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી. અહા! આવા પોતાના જ્ઞાનસ્વભાવનું અંતરઅવલંબને જેને ભાન થયું તેને રાગનું કરવું-ભોગવવું નથી.

તથાપિ કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે આ ભગવાનની ભક્તિના રાગને હું કરું છું, હું ભોગવું છું-એમ માને એ અજ્ઞાન છે. અજ્ઞાનવશ જ જીવ રાગાદિનો કર્તા-ભોક્તા છે; બાકી ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા છે તે શુભાશુભરાગના અંધકારમાં ભળે શી રીતે? ચૈતન્યબિંબ પ્રભુ આત્મા રાગથી એકમેક કેમ થાય? કદી ન થાય. માટે સમ્યગ્દ્રષ્ટિ જીવ, તેને રાગ આવે પણ તેનો કર્તા-ભોક્તા થતો નથી, રાગમાં ભળ્યા વિના દૂર રહીને માત્ર તેનો જ્ઞાતા જ છે.

'અહીં કોઈ પૂછે કે-"એવું તો કેવળજ્ઞાન છે. બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુઃખ-રાગાદિરૂપે પરિણમન થાય જ છે, તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ તથા વીર્યાંતરાયનો ઉદય છે ત્યાં સુધી અદર્શન, અજ્ઞાન તથા અસમર્થપણું હોય જ છે; તો પછી કેવળજ્ઞાન થયા પહેલાં જ્ઞાતાદ્દષ્ટાપણું કેમ કહેવાય?'

જુઓ, આ શિષ્યનો પ્રશ્ન! એમ કે ચોથેગુણસ્થાને જ્યાં આત્મજ્ઞાન થયું ત્યાં કર્તાભોક્તાપણું નથી, માત્ર જ્ઞાતાપણું છે એમ કહ્યું, પણ એ તો કેવળજ્ઞાનને લાગુ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પડે; કેમકે નીચેની ભૂમિકાવાળાને તો કર્મનો ઉદય છે, સુખદુઃખરૂપે પરિણમન થાય જ છે. જ્યાંસુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ ને વીર્યાંતરાયનો ઉદય છે ત્યાં સુધી અદર્શન, અજ્ઞાન અને અસમર્થપણું હોય જ છે. તો પછી કેવળજ્ઞાન થયા પહેલાં જ્ઞાતા-દ્રષ્ટાપણું કેમ કહ્યું?

**તેનું સમાધાનઃ-** 'પહેલેથી કહેતા જ આવ્યા છીએ કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે. માટે જ્યાં મિથ્યાદ્રષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી, તથા પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદ્રષ્ટિએ તેને કહેવાતો નથી.'

જ્ઞાની જીવ શુદ્ધ ચેતનામાત્ર ભાવનો સ્વામી થયો તે રાગાદિ પરદ્રવ્યનો સ્વામી મટી ગયો છે. હવે તેને વિકારભાવ હું કરું-ભોગવું' એમ અભિપ્રાય નથી અને તેનો ઉત્સાહ પણ નથી. (તેને તો એક શુદ્ધોપયોગનો જ ઉત્સાહ છે) તેથી ઉદયની બળજોરીથી અર્થાત્ પોતાના પુરુષાર્થની નબળાઈથી જે અસ્થિરતાનો રાગ તેને થાય છે તેનો તે પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાતો નથી. અહીં બે વાત કરીઃ

૧. જ્ઞાની સ્વતંત્રપણે રાગાદિનો કર્તા-ભોક્તા થતો નથી, અને

૨. પુરુષાર્થની નબળાઈને લીધે ઉદયમાં જોડાતાં કિંચિત્ અસ્થિરતાનો રાગ તેને થાય છે તેનો પરમાર્થે તે કર્તા-ભોક્તા નથી.

હવે વિશેષ કહે છે- 'વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે તોપણ તેને અહીં બંધમાં ગણવામાં આવતી નથી. મિથ્યાત્વ છે તે જ સંસાર છે. મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. સમુદ્રમાં બિંદુની શી ગણતરી?'

પુણ્ય-પાપ આદિ ભાવ મારા છે એવી જે મિથ્યાદ્રષ્ટિ છે તે જ સંસાર છે. આ બૈરાં-છોકરાં તે સંસાર-એમ નથી, કેમકે પરવસ્તુને આત્મા ગ્રહે-છોડે એ એના સ્વરૂપમાં નથી. પરવસ્તુના ગ્રહણ-ત્યાગથી આત્મા શૂન્ય છે. તથાપિ પરવસ્તુ મારી હું તેને કરું-ભોગવું એવી મિથ્યા માન્યતા કરે તે જ સંસાર છે.

જ્ઞાનીને મિથ્યા અભિપ્રાય મટી ગયો છે, તોપણ પુરુષાર્થની નબળાઈને લીધે કિંચિત્ અલ્પ રાગાદિ તેને થાય છે અને તેના નિમિત્તે કિંચિત્ અલ્પ કર્મબંધ પણ તેને થાય છે; પણ તેને અહીં ગણવામાં આવેલ નથી. કેમ? કેમકે મિથ્યાત્વ છે તે જ મુખ્યપણે બંધ છે અને તે જ સંસારનું મૂળ છે. મૂળ કપાઈ ગયા પછી સંસારની અવધિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કેટલી? મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. જેને સમકિતની બીજ ઉગી તેને પૂનમના પૂરણ ચંદ્રની જેમ પૂર્ણ કેવળજ્ઞાન થાય જ છે.

'સમુદ્રમાં બિંદુની શી ગણતરી? ' એમ કે સંસારનું બીજ એવું મિથ્યાદર્શન ગયું પછી કિંચિત્ રાગ-બંધ થાય તેની શું વિસાત? એ તો નાશ થવા ખાતે જ છે; કેમકે સમકિતી ધર્મી પુરુષ ક્રમે પુરુષાર્થ વધારીને તેનો નાશ કરી જ દે છે. કેવું સરસ સ્પષ્ટીકરણ કર્યું છે!

હવે કહે છે- 'વળી એટલું વિશેષ જાણવું કે-કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે અને શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે છે; પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે.'

જુઓ, અરિહંત પરમાત્મા તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે. ચોથે ગુણસ્થાને શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી આત્માને શુદ્ધાત્મસ્વરૂપ જ અનુભવે છે; માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે. કેવળજ્ઞાની આત્માને પ્રત્યક્ષ અનુભવે છે, જ્યારે શ્રુતજ્ઞાની પરોક્ષ અનુભવે છે. તેને આનંદનું વેદન છે તે અપેક્ષાએ આત્મા સ્વાનુભવ-પ્રત્યક્ષ છે એમ પણ કહીએ છીએ.

'માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતા-દ્રષ્ટાપણું જ છે અને ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે તેટલો ઘાત છે તથા તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે. જ્યારે તે કર્મનો અભાવ થશે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત-ચારિત્ર થશે અને ત્યારે કેવળજ્ઞાન થશે.'

જુઓ, જ્ઞાનીને દ્રષ્ટિ-શ્રદ્ધા અપેક્ષાએ જ્ઞાતા-દ્રષ્ટાપણું જ છે, પણ ચારિત્ર અપેક્ષા જેટલો ઉદય છે તેટલો ઘાત છે. અહા! જ્ઞાનીને જેટલો રાગ છે તેટલો શાંતિનો ઘાત છે, છતાં તેનો નાશ કરવાનો ઉદ્યમ પણ છે, કેમકે તેને રાગની ભાવના નથી, પણ એક શુદ્ધોપયોગની જ ભાવના છે, જ્યાં તે સ્વસ્વરૂપમાં અતિ ઉગ્રપણે સ્થિર થાય છે ત્યાં રાગનો ઉદય થતો નથી અને એ પ્રમાણે રાગનો ક્ષય-અભાવ થાય છે. આ રીતે જ્યારે તે (-અસ્થિરતાનો) રાગ સર્વથા નાશ પામે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત્ચારિત્ર-પૂરણ વીતરાગ ચારિત્ર પ્રગટ થશે અને ત્યારે કેવળજ્ઞાન થશે.

'અહીં સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે.' કેવળજ્ઞાન હોય તો જ્ઞાની એમ અર્થ અહીં નથી. તેમ જ બહુ શાસ્ત્રો જાણે માટે જ્ઞાની એમ પણ અર્થ નથી. પરંતુ સ્વસ્વરૂપના આશ્રયે આત્માનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન અંદર પ્રગટ થયાં છે તે જ્ઞાની છે એમ અહીં વાત છે.

'જ્ઞાનસામાન્યની અપેક્ષા લઈએ તો સર્વ જીવ જ્ઞાની છે અને વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાંસુધી કિંચિત્‌માત્ર પણ અજ્ઞાન રહે ત્યાં સુધી જ્ઞાની કહી શકાય નહિ-જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં, જ્યાંસુધી કેવળજ્ઞાન ન ઉપજે ત્યાંસુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે. માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.'

જુઓ, જ્ઞાનસામાન્યની અપેક્ષા સર્વ જીવને જ્ઞાની કહ્યા, કેમકે સામાન્યપણે સર્વ જીવ જ્ઞાનસ્વરૂપ જ છે.

વિશેષ અપેક્ષા જ્યાંસુધી કિંચિત્‌માત્ર અજ્ઞાન રહે ત્યાં સુધી જીવને અજ્ઞાની કહ્યો; જેમ સિદ્ધાંતમાં બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો. અહીં અજ્ઞાન એટલે મિથ્યાજ્ઞાન નહિ પણ ઓછું જ્ઞાન એમ અર્થ છે. બારમા ગુણસ્થાને વીતરાગ થયો છે પણ એને પરિપૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન નથી, ઓછું જ્ઞાન છે. તે અપેક્ષા ત્યાં અજ્ઞાનભાવ કહ્યો.

સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહ્યો છે તે આત્માનું એને યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાન થયું છે તે અપેક્ષાએ કહ્યો છે. અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું છે તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ સમજવું. મતલબ કે-

૧. સમ્યક્ત્વ સહિત જીવ જ્ઞાની છે.

૨. મિથ્યાત્વ સહિત જીવ અજ્ઞાની એટલે મિથ્યાજ્ઞાની છે. સમ્યગ્દર્શન વિના કોઈ અગિયાર અંગ ભણે તોય અજ્ઞાની છે. તથા કોઈને શાસ્ત્રનું વિશેષ જ્ઞાન ન હોય પણ અંતરમાં ભેદજ્ઞાન થયું હોય, રાગથી ભિન્ન આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાન થયાં હોય તો તે જીવ જ્ઞાની છે.

શિવભૂતિ મુનિની વાત આવે છેઃ ગુરુએ કહ્યું- 'મા રુષ મા તુષ' -કોઈ પ્રતિ રાગ ન કર, દ્વેષ ન કર-; હવે એ શબ્દ તો ભૂલી ગયા, પણ એક વાર એક બાઈ અડદની દાળનાં ફોતરાં જુદી પાડતી હતી ત્યારે તેને બીજી એક બાઈએ પૂછ્યું બેન, શું કરો છો આ? ત્યારે તે બાઈએ જવાબ દીધો-આ દાળમાંથી ફોતરાં જુદાં પાડું છું. બસ, આ સાંભળીને શિવભૂતિ મુનિરાજ એકદમ અંદર સોંસરા ઊંડા ઉતરી ગયા. અહો! આ પુણ્યના પરિણામ તો ફોતરાં જેવા છે; અંદર મારો નાથ તો રાગ રહિત અતિ ઉજ્જ્વલ જ્ઞાનસ્વભાવે પ્રકાશે છે-બસ આમ ભેદવિજ્ઞાન કરી અંતર-અનુભવ કરી સ્વરૂપમાં એવા સ્થિર થયા કે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ગઈ.

આ પ્રમાણે ભેદવિજ્ઞાન તે જ્ઞાન છે અને તે વડે જીવ જ્ઞાની છે. ભેદવિજ્ઞાન વિના જીવ અજ્ઞાની છે. આવી વાત છે.

* * *

હવે, જેઓ-જૈનના સાધુઓ પણ-સર્વથા એકાન્તના આશયથી આત્માને કર્તા જ માને છે તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

## * કળશ ૧૯૯ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

[ये तु तमसा तताः आत्मानं कर्तारम् पश्यन्ति] જેઓ અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, [मुमुक्षुताम् अपि] તેઓ ભલે મોક્ષને ઈચ્છનારા હોય તોપણ [सामान्यजनवत्] સામાન્ય (લૌકિક) જનોની માફક [तेषाम् मोक्षः न] તેમનો પણ મોક્ષ થતો નથી.

શું કહે છે? કે તેમનો પણ મોક્ષ થતો નથી. કોનો? કે જેઓ અજ્ઞાન-અંધકારથી વ્યાપ્ત થયા થકા આત્માને કર્તા માને છે.

અહાહા...! ભગવાન આત્મા ચિદ્બ્રહ્મ પ્રભુ એક જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવી છે. અહા! પોતાના આવા સ્વરૂપને નહિ જાણતાં અજ્ઞાનથી રાગની ક્રિયા-દયા, દાન, વ્રત, ભક્તિ આદિની ક્રિયા-કરવાનો મારો સ્વભાવ છે અર્થાત્ એ રાગાદિ ક્રિયા મારું કર્તવ્ય છે એમ જે માને છે તેઓ મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. છ કાયના જીવોની રક્ષા હું કરી શકું અને તે મારું કર્તવ્ય છે એમ જેની માન્યતા છે તે ભલે બહારથી જૈનમતાનુસારી હો, દ્રવ્યચારિત્ર પાળતો હો, દેવ-ગુરુ-શાસ્ત્રની વિનય-ભક્તિયુક્ત હો, તથા શાસ્ત્રોમાં પારંગત હો, તોપણ તે પોતાને-આત્માને રાગનો કર્તા માનનારો મિથ્યાદ્રષ્ટિ છે. જૈન નથી. અહા! આવા પુરુષો (આત્માને કર્તા માનનારા પુરુષો) ભલે મોક્ષને ઈચ્છનારા હો તોપણ સામાન્ય જનોની માફક-તાપસાદિ લૌકિક જનોની માફક-તેમનો પણ મોક્ષ થતો નથી.

આ સાંભળીને કોઈને (વ્યવહારમૂઢ જીવને) ખોટું લાગે, પણ ભાઈ! આ કોઈના અનાદરની વાત નથી, આ તો વસ્તુની સ્થિતિ આવી છે એમ વાત છે; યથાર્થ સમજણ કરીને પોતાની ભૂલ ટાળવાની વાત છે. બાકી દરેક આત્મા શક્તિપણે તો ભગવાન છે. (ત્યાં કોનો અનાદર કરીએ?)

પાપનો કર્તા થાય કે પુણ્યનો કર્તા થાય-બન્ને એક સમાનપણે વિપરીતદ્રષ્ટિ છે, કેમકે ભગવાન આત્મા તો અકર્તાસ્વભાવ છે, જ્ઞાતાદ્રષ્ટા છે. તેથી જેઓ આત્માને પુણ્યનો કર્તા માને છે તેઓ પણ અન્ય લૌકિક મિથ્યાદ્રષ્ટિઓની જેમ મોક્ષ પામતા નથી, બલ્કે દીર્ઘકાળ સંસારમાં રખડયા જ કરે છે. આવી વાત છે.

[પ્રવચન નં. ૩૮૫ * દિનાંક ૩-૭-૭૭]

## ગાથા ૩૨૧ થી ૩૨૩

लोयस्स कुणदि विण्हू सुरणारयतिरियमाणुसे सत्ते।
समणाणं पि य अप्पा जदि कुव्वदि छव्विहे काऐ।।३२१।।

लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।
लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि।।३२२।।

एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाण दोण्हं पि।
णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए।।३२३।।

लोकस्य करोति विष्णुः सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान्।
श्रमणानामपि चात्मा यदि करोति षड्विधान् कायान्।।३२१।।

लोकश्रमणानामेकः सिद्धान्तो यदि न द्दश्यते विशेषः।
लोकस्य करोति विष्णुः श्रमणानामप्यात्मा करोति।।३२२।।

एवं न कोऽपि मोक्षो द्दश्यते लोकश्रमणानां द्वयेपामपि।
नित्यं कुर्वतां सदेवमनुजासुरान् लोकान्।।३२३।।

હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છેઃ-

જ્યમ લોક માને ‘દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે,’
ત્યમ શ્રમણ પણ માને કદી ‘આત્મા કરે ષટ્ કાયને,’ ૩૨૧.

તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,
વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.

એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,
-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.

**ગાથાર્થઃ**- [ लोकस्य ] લોકના ( લૌકિક જનોના ) મતમાં [ सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान् ] દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય-પ્રાણીઓને [ विष्णुः ] વિષ્ણુ [ करोति ] કરે છે; [ च ] અને [ यदि ] જો [ श्रमणानाम् अपि ] શ્રમણોના ( મુનિઓના ) મન્તવ્યમાં પણ [ षड्विधान् कायाम् ] છ કાયના જીવોને [ आत्मा ] આત્મા [ करोति ] કરતો હોય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

**नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।**
**कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः।। २००।।**

[ यदि लोकश्रमणानाम् ] તો લોક અને શ્રમણોનો [ एकः सिद्धान्तः ] એક સિદ્ધાંત થાય છે, [ विशेषः ] કાંઈ ફેર [ न दृश्यते ] દેખાતો નથી; (કારણ કે) [ लोकस्य ] લોકના મતમાં [ विष्णुः ] વિષ્ણુ [ करोति ] કરે છે અને [ श्रमणानाम् अपि ] શ્રમણોના મતમાં પણ [ आत्मा ] આત્મા [ करोति ] કરે છે (તેથી કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન થયા). [ एवं ] એ રીતે, [ सदेवमनुजासुरान् लोकान् ] દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણે લોકને [ नित्यं कुर्वतां ] સદાય કરતા (અર્થાત્ ત્રણે લોકના કર્તાભાવે નિરંતર પ્રવર્તતા) એવા [ लोकश्रमणानां द्वयेषाम् अपि ] તે લોક તેમ જ શ્રમણ-બન્નેનો [ कः अपि मोक्षः ] કોઈ મોક્ષ [ न दृश्यते ] દેખાતો નથી.

**ટીકાઃ-** જેઓ આત્માને કર્તા જ દેખે છે-માને છે, તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી; કારણ કે, લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે, અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે-એમ *અપસિદ્ધાંતની (બન્નેને) સમાનતા છે. માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.

**ભાવાર્થઃ-** જેઓ આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય તોપણ લૌકિક જન જેવા જ છે; કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે અને તે મુનિઓએ આત્માને કર્તા માન્યો-એમ બન્નેની માન્યતા સમાન થઈ. માટે જેમ લૌકિક જનોને મોક્ષ નથી, તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી. જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ, અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?

હવે, 'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, માટે કર્તાકર્મસંબંધ પણ નથી' -એમ શ્લોકમાં કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ परद्रव्य–आत्मतत्त्वयोः सर्वः अपि सम्बन्धः नास्ति ] પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી; [ कर्तृ–कर्मत्व–सम्बन्ध–अभावे ] એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, [ तत्कर्तृता कुतः ] આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?

---

* અપસિદ્ધાંત = ખોટો અથવા ભૂલભરેલો સિદ્ધાંત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**ભાવાર્થઃ-** પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, તો પછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય? એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે? ૨૦૦.

* * *

## સમયસાર ગાથા ૩૨૧ થી ૩૨૩ : મથાળું

હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છેઃ-

## * ગાથા ૩૨૧ થી ૩૨૩ : ટીકા ઉપરનું પ્રવચન *

'જેઓ આત્માને કર્તા જ દેખે છે-માને છે, તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી; કારણકે લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે, અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે-એમ અપસિદ્ધાંતની (બન્નેને) સમાનતા છે.'

ભગવાન આત્મા એક જ્ઞાનસ્વરૂપ છે. જાણવું.... જાણવું.... જાણવું-બસ જાણવું એ એનો સ્વભાવ છે. અહા! આવા નિજસ્વભાવને ભૂલીને પુણ્યના ભાવ જે થાય તેનો હું કર્તા અને તે મારું કાર્ય-એમ જે માને છે તે લોકોત્તર એટલે કે શ્રાવક કે મુનિ હોય તોપણ લૌકિકતાને અતિક્રમતો નથી; અર્થાત્ તે પણ લૌકિક જેવો જ છે. કેમ! કેમકે લૌકિકમાં જેમ વિષ્ણુને દેવનારકાદિ જગતના કાર્યોનો કર્તા માને છે તેમ આ (શ્રાવક કે મુનિ) પણ પોતાને રાગાદિ સંસારનો કર્તા માને છે. આ પ્રમાણે અપસિદ્ધાંતની બન્નેને સમાનતા છે. ભાઈ! પોતાને રાગાદિ કાર્યોનો કર્તા માને તે શ્રાવક-ક્ષુલ્લક-એલ્લક કે મુનિ હોય તોપણ તે લૌકિકજનની જેમ મિથ્યાદષ્ટિ જ છે.

પ્રવચનસારની ગાથા ૨૩૬ ની ટીકામાં કહ્યું છે કે-"સ્વપરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાય સાથે એકતાનો અધ્યવસાય કરતા એવા તે જીવો, (પોતાને) વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે છ જીવનિકાયના ઘાતી થઈને સર્વતઃ (બધીયે તરફથી) પ્રવૃત્તિ કરતા હોવાથી, તેમને સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે (અર્થાત્ એક્કે તરફથી જરાય નિવૃત્તિ નથી)."

આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એક જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવમય છે. રાગને કરવો એ એનો સ્વભાવ નથી. રાગને કરે એવી કોઈ શક્તિ-ગુણ એનામાં નથી. હવે જે એનામાં નથી તે રાગાદિનો પોતાને કર્તા માને તે જીવ મિથ્યાદષ્ટિ છે. અહા! જૈન નામ ધરાવતો હોય અને બહારમાં જિન આજ્ઞા અનુસાર મહાવ્રતાદિ પાળતો હોય તોપણ ષટ્કાયના જીવોનો હું રક્ષક છું અને જીવોની રક્ષા મારું કાર્ય છે એમ જે માને છે તે અન્ય લૌકિકજન જેવો મિથ્યાદષ્ટિ છે, તે વાસ્તવિક જૈન નથી.

અહાહા....! ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર છે. તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગરૂપી અંધકારને કેમ કરે? શું પ્રકાશ અંધકારને કરે? ન કરે. છતાં દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિ શુભભાવનો હું કર્તા છું એમ માને તે મિથ્યાશ્રદ્ધા વડે પોતાના જ્ઞાતાસ્વભાવને હણે છે. વાસ્તવમાં તે પોતાની અદયા કરે છે. હવે કહે છે-

'માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.'

ભાઈ! જેમ આ છ દ્રવ્યમય લોક અનાદિઅનંત સ્વયંસિદ્ધ છે, તેનો કોઈ કર્તા નથી; તેમ રાગ થાય તેનો આત્મા કર્તા નથી. છતાં રાગ કરવો મારો સ્વભાવ છે એમ આત્માને રાગનો નિત્ય કર્તા માને તે નિરંતર રાગ કરવામાં રોકાયેલો રહેશે અને એના ફળમાં તે ચારગતિમાં રખડશે. અહા! પોતાને કર્તા માને તે લોકોત્તર પુરુષો-મુનિજનો પણ, લૌકિક જનોની માફક, મોક્ષને પ્રાપ્ત થતા નથી. જે કર્તા થઈ પરિણમે તે ચારગતિમાં પરિભ્રમણને જ પ્રાપ્ત થાય છે. આવી વાત છે.

## * ગાથા ૩૨૧ થી ૩૨૩ : ભાવાર્થ *

'જેઓ આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય તોપણ લૌકિક જન જેવા જ છે; કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે અને તે મુનિઓએ આત્માને કર્તા માન્યો-એમ બન્નેની માન્યતા સમાન થઈ, માટે જેમ લૌકિક જનોને મોક્ષ નથી, તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી. જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ, અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?'

જે રાગનો કર્તા થાય તેને તેનું ફળ સંસાર જ મળે છે, અને જે સંસારને ભોગવે તેને મોક્ષ કેવો? તેને તો ચતુર્ગતિપરિભ્રમણ જ રહે છે.

* * *

હવે, 'પરદ્રવ્યને અને આત્માને કંઈ પણ સંબંધ નથી, માટે કર્તાકર્મસંબંધ પણ નથી' -એમ શ્લોકમાં કહે છેઃ-

## * કળશ ૨૦૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'परद्रव्य-आत्मतत्त्वयोः सर्वः अपि सम्बन्धः नास्ति' પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈપણ) સંબંધ નથી;

શું કીધું? આ લોકમાં અનંત આત્મા અને અનંતાનંત પરમાણુ છે; તેમને એકબીજાને કાંઈપણ સંબંધ નથી. પરસ્પર એક-બીજા વચ્ચે અભાવ છે ને? માટે એક બીજાને કાંઈ સંબંધ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એક દ્રવ્ય બીજાને (પરિણમન કાળે) નિમિત્ત હો, પણ નિમિત્ત કાંઈ કરી દે છે એમ નથી. સ્વદ્રવ્યનાં અને પરદ્રવ્યનાં ચતુષ્ટય (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) ભિન્ન ભિન્ન છે. ચતુષ્ટયમાં પર્યાય પણ આવી ગઈ. ભાઈ! પ્રત્યેક દ્રવ્યની પર્યાય એનાથી છે, પરદ્રવ્યને લઈને તે પર્યાય થાય એમ ત્રણકાળમાં નથી. એક દ્રવ્યનો બીજા ઉપર પ્રભાવ પડે એમ કેટલાક કહે છે, પણ એ બરાબર નથી. ભાઈ! પ્રભાવ એ શું ચીજ છે? દ્રવ્ય-ગુણ-પર્યાયને છોડીને જગતમાં કોઈ વસ્તુ નથી; અને એક દ્રવ્યનાં દ્રવ્ય-ગુણ-પર્યાય બીજામાં પ્રવેશી જાય એમ તો છે નહિ. માટે કોઈનો કોઈના ઉપર પ્રભાવ પડે છે એમ માનવું બરાબર નથી.

અહીં કહે છે-પરદ્રવ્ય અને આત્મતત્ત્વને કાંઈપણ સંબંધ નથી. ભાઈ! એક તત્ત્વને બીજાં અનંત તત્ત્વ છે એની સાથે કાંઈ સંબંધ નથી, સ્ત્રીને પુરુષ સાથે કાંઈ સંબંધ નથી. જડ કર્મ એકક્ષેત્રાવગાહે છે તેને આત્મા સાથે કાંઈ સંબંધ નથી.

હા, પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે ને?

હા, છે; પણ નિમિત્તની પર્યાયને સ્વદ્રવ્યની પર્યાય સાથે સંબંધ શું છે? નિમિત્ત તો પરવસ્તુ છે. નિમિત્ત પોતાના દ્રવ્ય-પર્યાયમાં નિમિત્તપણે ઊભું છે અને ભગવાન આત્મા પોતાના દ્રવ્ય-પર્યાયમાં ઊભો છે. કોઈ કોઈમાં પ્રવેશે એમ તો છે નહિ. તો નિમિત્ત સ્વદ્રવ્યનું કરે શું? વાસ્તવમાં સ્વદ્રવ્ય-પરદ્રવ્યને પરસ્પર કોઈ સંબંધ છે જ નહિ. એક ચૈતન્યતત્ત્વને બીજા ચૈતન્યતત્ત્વ સાથે કે બીજા જડ પરમાણુ સાથે કાંઈ સંબંધ નથી; કેમકે સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનો ત્રિકાળ અભાવ છે; એ પણ પરને લઈને છે એમ નથી પણ પરના અભાવરૂપ પોતાનો જ સ્વભાવ છે. આ પ્રમાણે પરદ્રવ્યને આત્મદ્રવ્ય સાથે કાંઈપણ સંબંધ નથી. હવે કહે છે-

'कर्तृ-कर्मत्व-संबंध-अभावे' એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, 'तत्कर्तृता कुतः' આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?

જુઓ, આ પ્રમાણે સ્વદ્રવ્ય-પરદ્રવ્યને કર્તાકર્મસંબંધ નથી તો પછી આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કેમ હોય? નિશ્ચયથી તે પરદ્રવ્યનો તો કર્તા નથી, રાગનોય કર્તા નથી; અને એથી વિશેષ કહીએ તો ગાથા ૩૨૦ માં આવી ગયું કે દ્રવ્ય ત્રિકાળી જે નિત્યાનંદ પ્રભુ છે તે એની નિર્મળ પર્યાયને-નિર્જરા ને મોક્ષનેય-કરતું નથી. એ તો તે તે પર્યાય પોતાના સ્વકાળે પોતાથી સ્વયં પ્રગટ થાય છે. હવે આવી વાત સાંભળીને લોકોને ખળભળાટ થઈ જાય છે.

પણ ભાઈ! જગતનો કર્તા કોઈ ઈશ્વર છે એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે તેમ જૈન સાધુ થઈને છ કાયના જીવોની હું રક્ષા કરી શકું એમ માનનાર પણ મિથ્યા-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દૃષ્ટિ જ છે. કોઈપણ પરદ્રવ્યની ક્રિયા પ્રભુ! તું ન કરી શકે; આ વસ્તુસ્વરૂપ છે. પરદ્રવ્યની ક્રિયા થાય તેનો કર્તા આત્મા નથી.

## * કળશ ૨૦૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'પરદ્રવ્યને અને આત્માને કાંઈપણ સંબંધ નથી, તોપછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય? એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે?'

આ કળશ બહુ ઊંચો છે ભાઈ! ભાષા સાદી છે, પણ ભાવ ખૂબ ગંભીર. કહે છે- 'सर्वोऽपि संबंधः नास्ति' કાંઈપણ સંબંધ નથી. તું તારામાં ને એ એનામાં. માટે તું પરનું કાંઈ કરી શકે નહિ. આ આંખની પાંપણ હલે તે આત્માનું કાર્ય અને આત્મા તેનો કર્તા એમ ત્રણકાળમાં નથી. એક દ્રવ્યનો બીજા પર પ્રભાવ પડે એમ છે નહિ.

હા, પણ વાઘ અને નાગ શાંત થઈને એક સાથે ભગવાનની વાણી સાંભળવા આવે તે અતિશય છે કે નહિ?

બાપુ! એ તો ઉપચારથી કહેવાય; બાકી અતિશય છે માટે શાંત થઈ જાય છે એમ નથી. પોતાની તે કાળે તે પર્યાય થવાની યોગ્યતા છે તો તે થાય છે અને ત્યારે ભગવાન નિમિત્ત છે બસ. ભાઈ! તે પર્યાયની તે જન્મક્ષણ છે, બાકી ભગવાને એમાં કાંઈ કર્યું છે એમ છે નહિ. આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ત્રણકાળમાં છે નહિ; આ સિદ્ધાંત છે.

[ પ્રવચન નં. ૩૮૬ ]

## ગાથા ૩૨૪ થી ૩૨૭

ववहारभासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था।
जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तमवि किंचि।। ३२४।।

जह को वि णरो जंपदि अम्हं गामविसयणयररट्ठं।
ण य होंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा।। ३२५।।

एमेव मिच्छदिट्ठी णाणी णीसंसयं हवदि एसो।
जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणदि।। ३२६।।

तम्हा ण मे त्ति णच्चा दोण्ह वि एदाण कत्तविवसायं।
परदव्वे जाणंतो जाणेज्जो दिट्ठिरहिदाणं।। ३२७।।

व्यवहारभाषितेन तु परद्रव्यं मम भणन्त्यविदितार्थाः।
जानन्ति निश्चयेन तु न च मम परमाणुमात्रमपि किञ्चित्।। ३२४।।

હવે, “જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને ‘પરદ્રવ્ય મારું છે’ એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદ્રષ્ટિ છે” ઇત્યાદિ અર્થની ગાથાઓ દ્રષ્ટાંત સહિત કહે છેઃ–

વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને ‘મારું’ કહે,
‘પરમાણુમાત્ર ન મારું’ જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.

જ્યમ પુરુષ કોઈ કહે ‘અમારું ગામ, પુર ને દેશ છે,’
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી ‘મારાં’ કહે; ૩૨૫.

એવી જ રીત જે જ્ઞાની પણ ‘મુજ’ જાણતો પરદ્રવ્યને,
નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.

તેથી ‘ન મારું’ જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની
કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદ્રષ્ટિરહિતની. ૩૨૭.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


यथा कोऽपि नरो जल्पति अस्माकं ग्रामविषयनगरराष्ट्रम्।
न च भवन्ति तस्य तानि तु भणति च मोहेन स आत्मा।। ३२५।।

एवमेव मिथ्यादृष्टिर्ज्ञानी निःसंशयं भवत्येषः।
यः परद्रव्यं ममेति जानन्नात्मानं करोति।। ३२६।।

तस्मान्न मे इति ज्ञात्वा द्वयेषामप्येतेषां कर्तृव्यवसायम्।
परद्रव्ये जानन् जानीयात् दृष्टिरहितानाम्।। ३२७।।

**ગાથાર્થઃ-** [ अविदितार्थाः ] જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો [ व्यवहारभाषितेन तु ] વ્યવહારનાં વચનોને ગ્રહીને [ परद्रव्यं मम ] 'પરદ્રવ્ય મારું છે' [ भणन्ति ] એમ કહે છે, [ तु ] પરંતુ જ્ઞાનીઓ [ निश्चयेन जानन्ति ] નિશ્ચય વડે જાણે છે કે '[ किञ्चित् ] કોઈ [ परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર પણ [ न च मम ] મારું નથી'.

[ यथा ] જેવી રીતે [ कः अपि नरः ] કોઈ પુરુષ [ अस्माकं ग्रामविषयनगरराष्ट्रम् ] 'અમારું ગામ, અમારો દેશ, અમારું નગર, અમારું રાષ્ટ્ર' [ जल्पति ] એમ કહે છે, [ तु ] પરંતુ [ तानि ] તે [ तस्य ] તેનાં [ न च भवन्ति ] નથી, [ मोहेन च ] મોહથી [ सः आत्मा ] તે આત્મા [ भणति ] 'મારાં' કહે છે; [ एवम् एव ] તેવી જ રીતે [ यः ज्ञानी ] જે જ્ઞાની પણ [ परद्रव्यं मम ] 'પરદ્રવ્ય મારું છે' [ इति जानन् ] એમ જાણતો થકો [ आत्मानं करोति ] પરદ્રવ્યને પોતારૂપ કરે છે, [ एषः ] તે [ निःसंशयं ] નિઃસંદેહ અર્થાત્ ચોક્કસ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદ્રષ્ટિ [ भवति ] થાય છે.

[ तस्मात् ] માટે તત્ત્વજ્ઞો [ न मे इति ज्ञात्वा ] 'પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, [ एतेषां द्वयेषाम् अपि ] આ બન્નેનો (-લોકનો અને શ્રમણનો-) [ परद्रव्ये ] પરદ્રવ્યમાં [ कर्तृव्यवसायं जानन् ] કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા, [ जानीयात् ] એમ જાણે છે કે [ दृष्टिरहितानाम् ] આ વ્યવસાય સમ્યગ્દર્શન રહિત પુરુષોનો છે.

**ટીકાઃ-** અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે-માને છે; જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી. તેથી, જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે' એમ દેખતો-માનતો થકો મિથ્યાદ્રષ્ટિ (-ખોટી દ્રષ્ટિવાળો) છે. તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે તો તે વખતે તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(वसन्ततिलका)

**एकस्य वस्तुन इहान्यतरेण सार्धं**
**सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।**
**तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे**
**पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्।। २०१।।**

(वसन्ततिलका)

**ये तु स्वभावनियमं कलयन्ति नेम-**
**मज्ञानमग्नमहसो बत ते वराकाः।**
**कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-**
**कर्ता स्वयं भवति चेतन एव नान्यः।। २०२।।**

પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદ્રષ્ટિ જ થાય છે. માટે તત્ત્વને જાણનારો પુરુષ 'સઘળુંય પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, 'લોક અને શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે' એમ સુનિશ્ચિતપણે જાણે છે.

**ભાવાર્થઃ-** જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો કે મુનિજન હો-મિથ્યાદ્રષ્ટિ જ છે. જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને 'મારું' માને તો મિથ્યાદ્રષ્ટિ જ થાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [यतः] કારણ કે [इह] આ લોકમાં [एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सम्बन्धः एव निषिद्धः] એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, [तत्] તેથી [वस्तुभेदे] જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં [कर्तृकर्मघटना अस्ति न] કર્તાકર્મઘટના હોતી નથી- [मुनयः च जनाः च] એમ મુનિજનો અને લૌકિક જનો [तत्त्वम् अकर्तृ पश्यन्तु] તત્ત્વને (વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો (-કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે- એમ શ્રદ્ધામાં લાવો). ૨૦૧.

"જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે; એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે." -આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** (આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કેઃ) [बत] અરેરે! [ये तु

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इमम् स्वभावनियमं न कलयन्ति ] જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી [ ते वराकाः ] તેઓ બિચારા, [ अज्ञानमग्नमहसः ] જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, [ कर्म कुर्वन्ति ] કર્મને કરે છે; [ ततः एव हि ] તેથી [ भावकर्मकर्ता चेतनः एव स्वयं भवति ] ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, [ अन्यः न ] અન્ય કોઈ નહિ.

**ભાવાર્થઃ-** વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (-મિથ્યાદ્રષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે; એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી. ૨૦૨.

* * *

## સમયસાર ગાથા ૩૨૪ થી ૩૨૭ : મથાળું

હવે, “જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને ‘પરદ્રવ્ય મારું છે’ એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદ્રષ્ટિ છે”-ઇત્યાદિ અર્થની ગાથાઓ દ્રષ્ટાંત સહિત કહે છેઃ-

## * ગાથા ૩૨૪ થી ૩૨૭ : ટીકા ઉપરનું પ્રવચન *

‘અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને ‘આ મારું છે’ એમ દેખે છે-માને છે; જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ ‘આ મારું છે’ એમ દેખતા નથી.’

જુઓ, પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુથી અજાણ એવા અજ્ઞાનીઓ વ્યવહાર વિમૂઢ હોય છે. તેઓ સ્ત્રી-પુત્ર-પરિવાર, ધન-દોલત, શરીર આદિ પરદ્રવ્યને ‘આ મારું છે’ એમ માને છે, વ્યવહારથી કહેવાય છે ને? તો અજ્ઞાની એને નિશ્ચય માની ‘પરદ્રવ્ય મારું છે’ એમ માને છે. એને સ્વદ્રવ્ય-પરદ્રવ્ય, સ્વસત્તા-પરસત્તા સંબંધી કોઈ સુધ-બુધ નથી.

પરંતુ જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ છે. શું કહ્યું? નિશ્ચય જે પોતાનું એક શુદ્ધ ચૈતન્યતત્ત્વ ચિદાનંદમય વસ્તુ તેના જાણનારા એવા જ્ઞાનીઓ છે. અહાહા....! હું તો એક ઉપયોગરૂપ ચિન્મૂર્તિ પ્રભુ આત્મા છું એમ જ્ઞાની જાણે છે. તે પરદ્રવ્યના એક કણમાત્રને-રજકણને કે રાગના કણને - ‘આ મારું છે’ એમ દેખતા નથી માનતા નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભરત ચક્રવર્તી ક્ષાયિક સમકિતી હતા. તેઓ છ ખંડના સ્વામી હતા. અહા! આવો રાજવૈભવ-છન્નુ હજાર રાણી, છન્નુ કરોડનું પાયદળ, છન્નુ કરોડ ગામ-આ બધું સંયોગમાં હોવા છતાં એ કોઈપણ ચીજ મારી નથી એમ માનતા હતા. હું જ્યાં (ઉપયોગસ્વરૂપમાં) છું ત્યાં તે (પરદ્રવ્યો) નથી, અને તે (-પરદ્રવ્યો) જ્યાં છે ત્યાં હું નથી-આવું જાણનારા તે પરદ્રવ્યના કણમાત્રને મારાપણે માનતા ન હતા, અનુભવતા ન હતા. ગાથા ૩૮ માં આવે છે ને કે-"એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતુ નથી..." આ રીતે જ્ઞાનીને પરદ્રવ્યમાં સુખબુદ્ધિ કે સ્વામિત્વનો ભાવ હોતા નથી. હવે કહે છે-

'તેથી, જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ "આ ગામ મારું છે" એમ દેખતો-માનતો થકો મિથ્યાદ્રષ્ટિ (-ખોટી દ્રષ્ટિવાળો) છે, તેમ જો જ્ઞાની પણ કોઈપણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને પરદ્રવ્યને "આ મારું છે" એમ દેખે તો તે વખતે તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદ્રષ્ટિ જ થાય છે.'

પારકા ગામમાં રહેનારો કોઈ પુરુષ એમ માને કે 'આ ગામ મારું છે' તો તેની દ્રષ્ટિ જૂઠી છે, વિપરીત છે. તેમ જ્ઞાની પણ કોઈપણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને પરદ્રવ્યને 'આ મારું છે' એમ માને તો તે કાળે પણ તે પણ નિઃસંશય મિથ્યાદ્રષ્ટિ જ થાય છે. આ પરમાત્મા સર્વજ્ઞદેવ મારા છે, ગુરુ મારા છે, શાસ્ત્ર મારું છે અને એના લક્ષે થતા શુભ વિકલ્પ મારા છે- એમ પરદ્રવ્યને પોતાનું માને તો જ્ઞાની પણ તે કાળે અવશ્ય મિથ્યાદ્રષ્ટિ જ થાય છે. મારા દેવ, મારા ગુરુ એમ કહે ભલે, એમ કહે એ વ્યવહાર છે; પણ એમ માને એ તો મિથ્યાદર્શન જ છે. સમજાણું કાંઈ...? જ્ઞાની કોઈ પરદ્રવ્યને પોતાનું માનતા નથી.

પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે-જે શુભરાગને ઉપાદેય માને છે તેને ભગવાન આત્મા હેય છે; અને જે આત્માને ઉપાદેય માને છે તેને શુભરાગ હેય છે. અહા! રાગ મારો નથી, હેય છે એવી દ્રષ્ટિ ચોથે ગુણસ્થાનેથી ધર્મી જીવને હોય છે. રાગનો સર્વથા ક્ષય તો શુદ્ધોપયોગની પૂર્ણતા થતાં થાય છે, પણ રાગ ક્ષય કરવાયોગ્ય છે એવું શ્રદ્ધાન તો સમકિતીને પ્રથમથી જ હોય છે. રાગ કરવા લાયક છે એમ કદીય તે માનતા નથી. તેને તો એક શુદ્ધોપયોગની જ ભાવના હોય છે. નિર્મળ રત્નત્રય જ કરવા લાયક હોવાથી તેને તે પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય સમજે છે.

નિયમસારમાં તો સંવર-નિર્જરાની પર્યાયને હેય કહી છે?

હા, ત્યાં અપેક્ષા બીજી છે. ત્યાં તો ધર્માત્માનું આલંબન ત્રિકાળી એક શુદ્ધ-

ભાવ જ છે, પર્યાય નહિ. તેથી એક શુદ્ધભાવને જ ઉપાદેય કહી સંવર-નિર્જરા આદિ પરિણામને હેય કહ્યા છે. ભાઈ! પર્યાયને જે ઉપાદેય (આશ્રય કરવાયોગ્ય) માને તે નિયમથી મિથ્યાદૃષ્ટિ જ થાય છે. હવે કહે છે-

'માટે તત્ત્વને જાણનારો પુરુષ "સઘળુંય પરદ્રવ્ય મારું નથી" એમ જાણીને, " લોક અને શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે." એમ સુનિશ્ચિતપણે જાણે છે.'

લોક એમ માને છે કે જગતના કર્તા ઈશ્વર છે. હવે શ્રમણ પણ જો એમ માને કે પરદ્રવ્યનો કર્તા હું છું તો એ રીતે પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય બન્નેને સમાન છે. તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે એમ તત્ત્વજ્ઞ પુરુષ નિશ્ચિતપણે જાણે છે. ભાઈ! ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવ એમ ફરમાવે છે કે 'પરદ્રવ્ય મારું છે, હું પરદ્રવ્યને કરું છું' એમ જે કોઈ-લોક કે શ્રમણ-માને છે તે અવશ્ય મિથ્યાદૃષ્ટિ છે. હું પરને લાભ-નુકશાન કરી શકું છું એવી માન્યતા જેની છે તે સમ્યગ્દર્શનથી રહિત મિથ્યાદૃષ્ટિ જ છે.

ભાઈ! બહારના ચમત્કાર તો બધા બહાર રહ્યા; આ તો નિજ ચૈતન્યચમત્કાર પ્રભુ આત્મામાં જે એકાગ્ર થઈ સ્થિર થયો તે સમકિતી ધર્માત્મા છે. તે પરદ્રવ્યને 'આ મારું છે' એમ કદીય માનતા નથી.

## * ગાથા ૩૨૪ થી ૩૨૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો કે મુનિજન હો-મિથ્યાદૃષ્ટિ જ છે. જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને "મારું" માને તો મિથ્યાદૃષ્ટિ જ થાય છે.'

જુઓ, સમયસાર ગાથા ૮ માં કહ્યું છે કે- પરમાર્થનો પ્રતિપાદક હોવાથી વ્યવહાર સ્થાપન કરવાયોગ્ય છે, પણ તે અનુસરવા યોગ્ય નથી. 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે' એમ કહ્યું તે વ્યવહાર છે. ભેદ પાડીને કહ્યું ને? તેથી વ્યવહાર છે. પણ તે અભેદને સમજવા માટે છે, નહિ કે ભેદને અનુસરવા માટે. વ્યવહાર છે, તે જાણવાયોગ્ય છે, પણ અનુસરવા યોગ્ય નથી.

પરંતુ વસ્તુસ્વરૂપથી અજાણ એવો અજ્ઞાની જીવ વ્યવહારથી વિમોહિત હોય છે, વ્યવહારવિમૂઢ હોય છે. તે વ્યવહારના શબ્દોને પકડીને 'આ પરદ્રવ્ય, શુભવિકલ્પને ભેદ મારાં છે' એમ માને છે. પરદ્રવ્યને, પરભાવને હું કરું છું એમ તે માને છે. અહીં કહે છે- આવું માનનાર ચાહે લૌકિક જન હો કે મુનિજન હો, તે મિથ્યાદૃષ્ટિ જ છે.

ભગવાનની ભક્તિથી સંસારવેલનો નાશ થાય છે, જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મ ટળી જાય છે, જીવ પંગુ છે, કર્મ તેને ચાર ગતિમાં લઈ જાય છે-ઇત્યાદિ વચન શાસ્ત્રમાં આવે છે. આ વ્યવહારનાં વચન છે. અજ્ઞાની તેનો આશય સમજવા રોકાતો નથી અને શબ્દાર્થને પકડીને નિશ્ચયરૂપ એમ જ માનવા લાગે છે. અહીં કહે છે-આમ જે પરદ્રવ્યને અન્યદ્રવ્યનું કર્તાપણું માને છે તે મિથ્યાદ્રષ્ટિ જ છે.

સમકિતી ધર્મી પુરુષને અંતરમાં નિશ્ચયભક્તિ-આત્મઆરાધના પ્રગટ થઈ હોય છે અને તે સંસારના નાશનું કારણ છે. હવે તેને બહારમાં ભગવાન જિનેન્દ્રની ભક્તિનો રાગ પણ આવે છે તો એમાં નિશ્ચયભક્તિનો ઉપચાર કરીને કહ્યું કે ભગવાનની ભક્તિથી સંસારવેલનો નાશ થાય છે. હવે આ વ્યવહારના વચનને યથાર્થ સમજ્યા વિના કોઈ ભગવાનની ભક્તિના રાગમાં જ લીન થઈ રહે તો તે મિથ્યાદ્રષ્ટિ જ છે, તેનો સંસાર મટતો નથી. આમ એકાંતે ભગવાનની ભક્તિના રાગથી જ મુક્તિ થવાનું માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

અહાહા...! પોતાનો સ્વભાવ તો જિનસ્વરૂપ-વીતરાગસ્વરૂપ જ છે. હવે કોઈ જિનબિંબનું દર્શન કરતાં જિનસ્વરૂપ નિજ જ્ઞાયકસ્વભાવ પ્રતિ ઢળીને-ઝુકીને તેમાં જ એકાગ્ર થાય તો તેને નિજસ્વરૂપનું-જિનસ્વરૂપનું અંદર દર્શન-શ્રદ્ધાન પ્રગટ થાય છે અને ત્યારે તેને નિદ્ધત અને નિકાચિત કર્મ ટળી જાય છે, અકર્મરૂપ થઈ જાય છે. ત્યાં કર્મ તો કર્મના કારણે અકર્મપણે થઈ જાય છે, કાંઈ જિનબિંબ તેને અકર્મપણે કરી દે છે એમ નથી. પણ આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જાણી વ્યવહારથી કહ્યું કે જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મ ટળી જાય છે. પણ એને ઉપચારમાત્ર ન સમજતાં એમ જ કોઈ માને તો લાખ જિનબિંબનાં દર્શન કરે તોય કર્મ ટળે નહિ અને તે મિથ્યાદ્રષ્ટિ જ રહે.

ભગવાન આત્મા એક જ્ઞાનાનંદસ્વરૂપ છે. તેમાં વિકાર થાય એવી કોઈ શક્તિ નથી. તેથી પર્યાયમાં જે વિકાર થાય છે તે જ્ઞાનનું-આત્માનું કાર્ય નથી. જે વિકાર થાય છે તે પ્રકૃતિના નિમિત્તે પ્રકૃતિને વશ થઈ પરિણમતાં થાય છે અને એનું ફળ ચારગતિરૂપ પરિભ્રમણ છે. તેથી નિમિત્તની મુખ્યતાથી કહ્યું કે-આત્મા પંગુ છે, કર્મ તેને ચારગતિમાં લઈ જાય છે. હવે ત્યાં કર્મને લઈને વિકાર થાય છે વા કર્મ વિકાર કરી દે છે, કરાવી દે છે એમ તો છે નહિ. તોપણ કોઈ એમ જ માને કે મને કર્મના કારણે વિકાર થાય છે અને કર્મના કારણે ચારગતિમાં રખડવું છે તો તે માન્યતા બરાબર નહિ હોવાથી તે મિથ્યાદ્રષ્ટિ જ છે; કેમકે કર્મ તો પરદ્રવ્ય છે, તે એનું શું કરે?

આ પ્રમાણે વ્યવહારથી વિમોહિત જીવો વ્યવહારના વચનને પકડીને પરદ્રવ્યનું

કર્તાપણું માને છે તે, લૌકિકજન હો કે મુનિજન હો, મિથ્યાદ્રષ્ટિ જ છે. જ્ઞાની પણ જો કોઈ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને પરદ્રવ્યને ‘મારું’ માને તો મિથ્યાદ્રષ્ટિ જ થાય છે.

* * *

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૦૧ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

‘यतः’ કારણકે ‘इह’ આ લોકમાં ‘एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सम्बन्धः एव निषिद्धः’ એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, ‘तत्’ તેથી ‘वस्तुभेदे’ જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં ‘कर्तृकर्मघटना अस्ति न’ કર્તાકર્મઘટના હોતી નથી-

જુઓ, આ લોકમાં અનંત જીવ, અનંતાઅનંત પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એકેક અને અસંખ્યાત કાલાણુઓ-એમ છ દ્રવ્યો છે. અહીં કહે છે-તે પ્રત્યેક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે. એક વસ્તુ છે તે અન્યવસ્તુના અભાવસ્વભાવ જ છે. વાસ્તવમાં ભાઈ! પ્રત્યેક વસ્તુ બીજી વસ્તુના અભાવથી જ સ્વતંત્ર ટકી રહેલી છે.

આ મારે આના વિના ન ચાલે એમ લોકો કહે છે ને? પૈસા વિના તો ચાલે જ નહિ એમ કહે છે ને? અહીં કહે છે-ભાઈ! તારે એના વિના જ અનંતકાળથી ચાલે છે; એક વસ્તુને બીજી અનંત વસ્તુઓના વિના જ ચાલે છે. જો એમ ન હોય તો અનંત વસ્તુઓ અનંતપણે રહે જ નહિ, બધી મળીને એક થઈ જાય. જો તારે પૈસા વિના ન ચાલે તો તું જડ પૈસામય થઈ જાય; પણ એમ છે નહિ.

તેથી, કહે છે, જ્યાં ભિન્ન વસ્તુઓ છે ત્યાં કર્તાકર્મઘટના હોતી નથી. શું કીધું એ? કે આત્મા કર્તા અને પરવસ્તુ એનું કાર્ય-એમ ભિન્ન વસ્તુઓમાં કર્તા-કર્મઘટના હોતી નથી. આ દેવ-ગુરુ આદિ કર્તા અને તારી (નિર્મળ) પર્યાય એનું કાર્ય એમ કર્તાકર્મઘટના હોતી નથી. ભાઈ! આ તો જૈન પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં આવેલો મૂળ સિદ્ધાંત છે.

જગતમાં અનંતા દ્રવ્યો છે. તેમાં કોઈ દ્રવ્ય કોઈ સમયે કાર્ય વિનાનું ખાલી હોતું જ નથી. કાર્ય કહો કે પર્યાય કહો-એક જ વાત છે. તેથી એના કાર્યને કોઈ બીજો કરે એમ ત્રણકાળમાં હોવું અસંભવ છે, આ ન્યાય છે, ન્યાય સમજાય છે કે નહિ?

ભગવાન તારી ચીજને બીજી ચીજ સ્પર્શતી નથી. એ તો ત્રીજી ગાથામાં આવી ગયું કે- ‘પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને

ચુંબે છે-સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.....' મતલબ કે એક દ્રવ્ય બીજા કોઈ દ્રવ્યને સ્પર્શતું નથી-આ મૂળ વાત છે. અહાહા....! સર્વજ્ઞ પરમેશ્વર ફરમાવે છે કે-અમે તારા કાંઈ નથી, તું અમારો કાંઈ નથી. અમે પરમેશ્વર અને તું અમારો ભક્ત-એમ છે નહિ; અમે તારા તારણહાર અને તું તરનારો એમ છે નહિ, કેમકે ભિન્ન દ્રવ્યોમાં કર્તૃકર્મઘટના હોતી નથી. હવે કહે છે-

ભિન્ન વસ્તુઓમાં કર્તાકર્મઘટના હોતી નથી- 'मुनयः च जनाः च' એમ મુનિજનો અને લૌકિક જનો 'तत्त्वम् अकतृ पश्यन्तु' તત્ત્વને અકર્તા દેખો (-કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે-એમ શ્રદ્ધામાં લાવો).

આત્મા પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ એક જ્ઞાનમાત્રવસ્તુ છે. તેને તું રાગનો અને પરનો અકર્તા દેખ-એમ અહીં કહે છે; કેમકે પરદ્રવ્ય પરનું અકર્તા જ છે. લ્યો, આ વાસ્તવિક શ્રદ્ધાન છે અને સમકિતીને આવું શ્રદ્ધાન હોય છે.

* * *

"જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે; એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે"- આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે:-

## * કળશ ૨૦૨ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

(આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે:) 'बत' અરેરે! 'ये तु इमम् स्वभावनियमं न कलयन्ति' જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી 'ते वराकाः' બિચારા, 'अज्ञानमग्नमहसः' જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, 'कर्म कुर्वन्ति' કર્મને કરે છે;......

જુઓ, આચાર્યદેવને પરમાત્મદશા પ્રગટ નથી; પ્રચુર આનંદની દશા પ્રગટી છે, પણ પરમ આનંદદશાની પ્રાપ્તિ થઈ નથી, તેથી જરી વચ્ચે કરુણાનો વિકલ્પ ઉઠયો છે તો ખેદપૂર્વક કહે છે કે- અરેરે! જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તેઓ બિચારા કર્મને કરે છે.

અહાહા....! પોતે અંદર પૂરણ ચૈતન્યસંપદાથી ભરેલો ભગવાન છે. પરંતુ પોતાની સ્વરૂપસંપદાના સ્વભાવને જેઓ જાણતા નથી તેઓ 'वराकाः' એટલે બિચારા છે, રાંકા છે. અહા! લોકો જેમને શ્રીમંત-લક્ષ્મીવંત માને છે તેમને અહીં બિચારા-રાંકા કહ્યા છે. કેમ? કેમકે તેઓ પોતાની ચૈતન્યસંપદા ચૈતન્યલક્ષ્મીને જાણતા નથી, અનુભવતા નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા...! વસ્તુ-ભગવાન આત્મા-પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ શુદ્ધ એક જ્ઞાયક તત્ત્વ છે. તેની સન્મુખ થઈને નિરાકુળ આનંદનો જે અનુભવ ન કરે તે મોટો અબજોપતિ શેઠ હોય કે મોટો દેવ હોય-તે હમણાંય ભિખારી જ છે, બિચારો જ છે. પોતાની ચૈતન્યસંપદાને જાણે નહિ અને પર સંપદાને પોતાની કરવા ઝંખે તે 'વરાકાઃ' એટલે બિચારા જ છે, કેમકે એ બહારની સંપદા પોતાની ચીજ અનંતકાળેય થાય એમ નથી. એને પોતાની માને એ તો બધી આપદા જ છે. સમજાણું કાંઈ....?

ભાઈ! આત્મા વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો એનો કોઈ સ્વભાવ હોય કે નહિ? જેમ સાકર વસ્તુનો ગળપણ અને સફેદાઈ સ્વભાવ છે તેમ જ્ઞાન અને આનંદ આત્માનો સ્વભાવ છે અને તે એની સ્વરૂપસંપદા છે. હવે આવી સ્વરૂપસંપદાને જાણે નહિ અને પરસંપદાને ઈચ્છે તે જીવો 'વરાકાઃ' એટલે બિચારા છે, રાંકા છે.

એક મોટા દરબાર (રાજવી) એક વાર પ્રવચન સાંભળવા આવેલા, ત્યારે તેમને કહેલું કે-દરબારઃ- મહિને એક લાખ જોઈએ એમ માને એ નાનો માગણ અને મહિને એક કરોડ જોઈએ એમ માને એ મોટો માગણ; બન્ને માગણ-ભિખારી છે; કેમકે સ્વરૂપસંપદાના ભાન રહિત બન્નેને પરસંપદાની આશા છે.

અહીં કહે છે-અરેરે! જે આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તેઓ બિચારા જેમનું પુરુષાર્થરૂપી તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે તેવા કર્મને કરે છે. અહાહા...! આ સંયોગો અને સંયોગીભાવ જે અધ્રુવ અને નાશવંત છે તેને પોતાના માને તે વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી; તેમનું પુરુષાર્થરૂપી તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે. એટલે શું? કે પોતાના સ્વરૂપના અજ્ઞાનમાં તેમને અનંત પરાક્રમ ઢંકાઈ ગયું છે. અહાહા...! અનંત વીર્યનો સ્વામી ભગવાન આત્મા છે. આત્માનો વીર્યગુણ અનંતા પરાક્રમથી ભરેલો છે. રે! આવા પોતાના સ્વરૂપને જાણતા નથી તેમને તે અનંત પરાક્રમ ઢંકાઈ ગયું છે. અહા! આવા બિચારા જીવો રાગને-શુભાશુભકર્મને (કર્તા થઈને) કરે છે. અજ્ઞાની જીવો દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિના રાગને કરે છે.

તો જ્ઞાનીને પણ એવા શુભ પરિણામ તો હોય છે.

હા, હોય છે; પણ જ્ઞાની એને કરતો નથી, કેમકે જ્ઞાની એનો સ્વામી થતો નથી. (જ્ઞાની જ્ઞાનભાવનો સ્વામી છે). જ્યારે અજ્ઞાની રાગ મારું કર્તવ્ય છે એમ એનો કર્તા થઈને કરે છે. હવે કહે છે-

'तत्: एव हि' તેથી 'भावकर्मकर्ता चेतन: एव स्वयं भवति' ભાવકર્મનો કર્તા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ચેતન જ પોતે થાય છે, 'अन्य: न' અન્ય કોઈ નહિ.

લ્યો, આ પ્રમાણે ભાવકર્મનો-શુભાશુભ રાગનો કર્તા અજ્ઞાનદશામાં ચેતન જ પોતે થાય છે, કોઈ જડકર્મ વા અન્ય કોઈ નિમિત્ત એનું કર્તા છે એમ છે જ નહિ.

## * કળશ ૨૦૨ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (-મિથ્યાદ્રષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે; એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે; અન્ય નથી.'

અજ્ઞાની વસ્તુના સ્વરૂપના નિયમને જાણતો નથી. એટલે શું? એટલે કે-

૧. હું ચિન્માત્ર વસ્તુ અકર્તાસ્વભાવી આત્મા છું, રાગનું કર્તાપણું મને નથી, એક વાત; અને

૨. પર્યાયમાં જે વિકારના પરિણામ થાય છે તે પોતાથી થાય છે, પરદ્રવ્યથી થતા નથી. વિકારનું કર્તાપણું પરદ્રવ્યને નથી. આમ અજ્ઞાની જીવ વસ્તુના સ્વરૂપના નિયમને જાણતો નથી. તેથી તે પોતાના શુદ્ધચૈતન્યસ્વભાવને ભૂલીને રાગ-દ્વેષ-મોહાદિભાવે પરિણમે છે, રાગ-દ્વેષ-મોહને જ કરે છે.

સંવત '૭૧ ની સાલમાં એકવાર લાઠીમાં આ વાત જાહેરસભામાં મૂકી હતી કે વિકારના ભાવ જે થાય છે તે પોતાથી થાય છે અને પોતાના અંતર્-પુરુષાર્થથી તે ટળે છે; એમાં કોઈ પરકારકોની-પરદ્રવ્યની અપેક્ષા છે જ નહિ. હવે આવી વાત સાંભળીને લોકોમાં ખળભળાટ મચી ગયો. કર્મથી વિકાર થાય એમ માનનારા બધા ખળભળી ગયા. પણ બાપુ! જીવને રાગ-દ્વેષ-મોહાદિ જે વિકારી ભાવ થાય છે તે, તે સમયે એની જન્મક્ષણ છે, તે (-વિકારી) પર્યાય થવાનો તે સ્વકાળ છે અને તેથી પર કારકોની અપેક્ષા વિના જ તે પોતાથી સ્વતંત્રપણે પ્રગટ થાય છે.

અહાહા...! અનંત ગુણ-શક્તિઓનો પિંડ પ્રભુ આત્મા છે. પણ તેમાં રાગને-વિકારને કરે એવી કોઈ શક્તિ નથી. ભાઈ! વસ્તુનો સહજ સ્વભાવ જ આવો છે કે તે રાગને કરે નહિ. તથાપિ પર્યાયમાં વિકાર થાય છે તે પોતાના ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થયેલી દશા છે, તેને કોઈ પરકારકોની અપેક્ષા નથી. આવો વસ્તુના સ્વભાવનો નિયમ છે.

શું કીધું? નિર્મળ નિર્વિકારી દશા હો કે મલિન વિકારી દશા હો, તે પોતાના ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થયેલી દશા છે; નિર્મળ નિજ દ્રવ્ય-ગુણની પણ તેને અપેક્ષા નથી અને પરકારકોની પણ તેને અપેક્ષા નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકારી પરિણામ થાય તેમાં શુદ્ધ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી એ તો બરાબર, પણ તેને પરની-નિમિત્તની અપેક્ષા તો છે કે નહિ?

તો કહે છે- ના, બીલકુલ નથી; વિકાર થાય તે પોતાથી જ થાય છે, તેને નિમિત્તાદિ પરકારકોની કોઈ અપેક્ષા નથી. ભાઈ! આ શુભાશુભ વિકલ્પ જે ઉઠે તે શુદ્ધ ચૈતન્યનું કાર્ય નથી, તેમ પરદ્રવ્યનું પણ એ કાર્ય નથી. તો એ કોનું કાર્ય છે? તો કહે છે-

વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો એટલે રાગાદિ વિકારનો કર્તા થતો મિથ્યાદ્રષ્ટિ જીવ પોતે જ અજ્ઞાનભાવે-મિથ્યાત્વાદિભાવે પરિણમે છે, તેને બીજો કોઈ પરિણમાવે છે એમ છે નહિ. લ્યો, આવી વાત!

વિકારપણે થવાની પોતાની (તત્કાલીન) યોગ્યતા ન હોય તો બીજો તેને પરિણમાવી શકે નહિ, અને વિકારપણે થવાની પોતાની યોગ્યતા હોય તો તેમાં બીજાની શું અપેક્ષા? સમ્યગ્દર્શન એટલે ધર્મની પ્રથમ દશા થવામાં પણ કોઈ પરદ્રવ્યની અપેક્ષા નથી. કર્મ ખરે તો ધર્મ થાય વા રાગની મંદતા હોય તો સમકિત થાય. એવી તેને અપેક્ષા નથી. અહા! પોતાના સ્વરૂપના ભાન વિના અજ્ઞાની જીવ પોતે જ રાગાદિભાવે પરિણમે છે. આ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની જીવ પોતે જ છે, અન્ય નથી.

ત્યારે કોઈ કહે છે-શાસ્ત્રમાં બે કારણો કહ્યાં છે; આચાર્ય જયસેનની ટીકામાં પણ બે કારણની વાત છે.

**સમાધાનઃ-** ભાઈ! એ તો ત્યાં પ્રમાણજ્ઞાન કરાવતાં સાથે નિમિત્તને ભેળવ્યું છે. ત્યાં નિશ્ચય નામ યથાર્થ રાખીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, પણ નિશ્ચયને ઉડાડી નિમિત્તથી થાય એમ ક્યાં વાત છે? વિકાર પોતાથી જ થાય છે એમ નિશ્ચય રાખીને સાથે નિમિત્ત બીજી ચીજ છે એમ જાણે તે પ્રમાણજ્ઞાન છે; પણ નિશ્ચયનો નિષેધ કરીને નિમિત્તથી કાર્ય થાય એમ જાણે ત્યાં પ્રમાણજ્ઞાન ક્યાં રહ્યું? બાપુ! નિમિત્ત તો ઉપચારથી કારણ કહ્યું છે; વાસ્તવમાં નિમિત્તથી કાર્ય થાય છે વા નિમિત્ત કાર્યનો કર્તા છે એવો નિમિત્તનો અર્થ છે જ નહિ. સમજાણું કાંઈ...? આ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની જીવ પોતે જ છે, અન્ય નથી.

[ પ્રવચન નં. ૩૮૭-૩૮૪ ]

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# ગાથા ૩૨૮ થી ૩૩૧

मिच्छत्तं जदि पयडी मिच्छादिट्ठी करेदि अप्पाणं।
तम्हा अचेदणा ते पयडी णणु कारगो पत्तो।।३२८।।

अहवा एसो जीवो पोग्गलदव्वस्स कुणदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छादिट्ठी ण पुण जीवो।।३२९।।

अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।
तम्हा दोहिं कदं तं दोण्णि वि भुंजंति तस्स फलं।।३३०।।

अह ण पयडी ण जीवो पोग्गलदव्वं करेदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा।।३३१।।

मिथ्यात्वं यद प्रकृतिर्मिथ्यादृष्टिं करोत्यात्मानम्।
तस्मादचेतना ते प्रकृतिर्ननु कारका प्राप्ता।।३२८।।

હવે, '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેના કર્તા કોણ છે?' -એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છેઃ-

જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,
તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.

અથવા કરે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વને,
તો તો ઠરે મિથ્યાત્વી પુદ્‌ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.

જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,
તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.

જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,
પુદ્‌ગલદરવ મિથ્યાત્વ વણકૃત! -એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.

अथवैष जीवः पुद्गलद्रव्यस्य करोति मिथ्यात्वम्।
तस्मात्पुद्गलद्रव्यं मिथ्यादृष्टिर्न पुनर्जीवः।। ३२९।।

अथ जीवः प्रकृतिस्तथा पुद्गलद्रव्यं कुरुतः मिथ्यात्वम्।
तस्मात् द्वाभ्यां कृतं तत् द्वावपि भुञ्जाते तस्य फलम्।। ३३०।।

अथ न प्रकृतिर्न जीवः पुद्गलद्रव्यं करोति मिथ्यात्वम्।
तस्मात्पुद्गलद्रव्यं मिथ्यात्वं तत्तु न खलु मिथ्या।। ३३१।।

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ मिथ्यात्वं प्रकृतिः ] મિથ્યાત્વ નામની ( મોહનીય કર્મની ) પ્રકૃતિ [ आत्मानम् ] આત્માને [ मिथ्यादृष्टिं ] મિથ્યાદ્રષ્ટિ [ करोति ] કરે છે એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ ते ] તારા મતમાં [ अचेतना प्रकृतिः ] અચેતન પ્રકૃતિ [ ननु कारका प्राप्ता ] ( મિથ્યાત્વભાવની ) કર્તા બની ! ( તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો ! )

[ अथवा ] અથવા, [ एषः जीवः ] આ જીવ [ पुद्गलद्रव्यस्य ] પુદ્ગલદ્રવ્યના [ मिथ्यात्वम् ] મિથ્યાત્વને [ करोति ] કરે છે એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ पुद्गलद्रव्यं मिथ्यादृष्टिः ] પુદ્ગલદ્રવ્ય મિથ્યાદ્રષ્ટિ ઠરે ! – [ न पुनः जीवः ] જીવ નહિ !

[ अथ ] અથવા જો [ जीवः तथा प्रकृतिः ] જીવ તેમ જ પ્રકૃતિ બન્ને [ पुद्गलद्रव्यं ] પુદ્ગલદ્રવ્યને [ मिथ्यात्वम् ] મિથ્યાત્વભાવરૂપ [ कुरुतः ] કરે છે એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ द्वाभ्यां कृतं तत् ] જે બન્ને વડે કરવામાં આવ્યું [ तस्य फलम् ] તેનું ફળ [ द्वौ अपि भुञ्जाते ] બન્ને ભોગવે !

[ अथ ] અથવા જો [ पुद्गलद्रव्यं ] પુદ્ગલદ્રવ્યને [ मिथ्यात्वम् ] મિથ્યાત્વભાવરૂપ [ न प्रकृतिः करोति ] નથી પ્રકૃતિ કરતી [ न जीवः ] કે નથી જીવ કરતો ( -બેમાંથી કોઈ કરતું નથી ) એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ पुद्गलद्रव्यं मिथ्यात्वम् ] પુદ્ગલદ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વભાવરૂપ ઠરે ! [ तत् तु न खलु मिथ्या ] તે શું ખરેખર મિથ્યા નથી ?

( આથી એમ સિદ્ધ થાય છે કે પોતાના મિથ્યાત્વભાવનો-ભાવકર્મનો-કર્તા જીવ જ છે. )

**ટીકાઃ-** જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો તે ( ભાવકર્મ ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને ( -ભાવકર્મને ) અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ

( शार्दूलविक्रीडित )

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्कृतिः।**
**नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः।।२०३।।**

પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે. માટે એમ સિદ્ધ થયું કે-જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે (અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).

**ભાવાર્થઃ-** ભાવકર્મનો કર્તા જીવ જ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યનાં ભાવનું કર્તા હોય નહિ તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય. આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે, જડ નથી; અશુદ્ધનિશ્ચયનયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય-એ પરમાર્થ છે. અભેદદષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે. અભેદદષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે. આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कर्म कार्यत्वात् अकृतं न ] કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે તે કાર્ય છે, માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ. [ च ] વળી [ तत् जीव–प्रकृत्योः द्वयोः कृतिः न ] તે (ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી, [ अज्ञायाः प्रकृतेः स्व–कार्य–फल–भुग्–अनुषङ्गात् ] કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે. [ एकस्याः प्रकृतेः न ] વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી, [अचित्त्वलसनात्] કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે (અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે). [ततः] માટે [अस्य कर्ता जीवः] તે ભાવકર્મનો કર્તા જીવ જ છે [च] અને [चिद्-अनुगं] ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનના પરિણામરૂપ-) એવું [तत्] તે ભાવકર્મ [जीवस्य एव कर्म] જીવનું જ કર્મ છે, [यत्] કારણ કે [पुद्गलः ज्ञाता न] પુદ્ગલ તો જ્ઞાતા નથી (તેથી તે ભાવકર્મ પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ).

**ભાવાર્થઃ-** ચેતનકર્મ ચેતનને જ હોય; પુદ્ગલ જડ છે, તેને ચેતનકર્મ કેમ હોય? ૨૦૩.

હવેની ગાથાઓમાં જેઓ ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છેઃ-

(शार्दूलविक्रीडित)

**कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां**
**कर्तात्मैष कथञ्चिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता।**
**तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये**
**स्याद्वादप्रतिबन्धलब्धविजया वस्तुस्थितिः स्तूयते।। २०४।।**

**શ્લોકાર્થઃ-** [कैश्चित् हतकैः] કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) [कर्म एव कर्तृ प्रवितर्क्य] કર્મને જ કર્તા વિચારીને [आत्मनः कर्तृतां क्षिप्त्वा] આત્માના કર્તાપણાને ઉડાડીને, '[एषः आत्मा कथञ्चित् कर्ता] આ આત્મા કથંચિત્ કર્તા છે' [इति अचलिता श्रुतिः कोपिता] એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે); [उद्धत-मोह-मुद्रित-धियां तेषाम् बोधस्य संशुद्धये] તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે [वस्तुस्थितिः स्तूयते] (નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે- [स्याद्वाद-प्रतिबन्ध-लब्ध-विजया] કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે (અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).

**ભાવાર્થઃ-** કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે અને આત્માને અકર્તા જ કહે છે; તેઓ આત્માના ઘાતક છે. તેમના પર જિનવાણીનો કોપ છે, કારણ કે સ્યાદ્વાદથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે. આત્માને અકર્તા જ કહેનારા એકાન્ત-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે; તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્ય-ભગવાન સ્યાદ્વાદ અનુસાર જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે. ૨૦૪.

* * *

## સમયસાર ગાથા ૩૨૮ થી ૩૩૧ : મથાળું

હવે, '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે?' -એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છેઃ-

## * સમયસાર ગાથા ૩૨૮ થી ૩૩૧ : ટીકા ઉપરનું પ્રવચન *

'જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને (-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે.'

'જીવ જ, जीव एव' -એમ શબ્દ છે. મતલબ કે મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા જીવ છે, બીજો કોઈ નથી. ભાઈ! વિકાર થાય છે તે પોતાની ભૂલથી થાય છે. પોતે પોતાને ભૂલી ગયો તે ભૂલ છે. આવે છે ને કે-"અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા"- અહાહા-! પોતે અંદર ચિદાનંદમય ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે, તેને ભૂલીને પોતે જ પોતાના ષટ્કારકથી પર્યાયમાં મિથ્યાત્વાદિ વિકારી ભાવને કરે છે.

પુણ્યભાવ કરતાં કરતાં ધર્મ થશે, અને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખ-મઝા છે એવો જે અભિપ્રાય છે તે મિથ્યાત્વભાવ છે. તેને, કહે છે, જીવ એકલો પોતે કરે છે. 'જીવ જ' એમ શબ્દ છે ને? મતલબ કે બીજો કોઈ તેનો કર્તા નથી. જુઓ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઇત્યાદિ શુભભાવ છે, અને હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગની વાસના ઇત્યાદિ અશુભભાવ છે. બન્ને વિકારભાવ છે; તેમાં ઠીકપણાની કલ્પના કરવી તે મિથ્યાત્વભાવ છે, અને તેનો કર્તા જીવ જ છે. 'આદિ' શબ્દથી રાગ-દ્વેષાદિ પુણ્ય-પાપના ભાવોનો જીવ પોતે જ કર્તા છે, બીજો કોઈ (કર્મપ્રકૃતિ) તેનો કર્તા નથી. હવે તેને કારણ આપી સમજાવે છેઃ-

વિકારી ભાવકર્મનો કર્તા જીવ જ છે કારણ કે જો તે ભાવકર્મ અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તે ભાવકર્મને અચેતનપણાનો પ્રસંગ આવે. જુઓ, શું કહે છે? કે જો ભાવકર્મ-વિકારના ભાવ અચેતન પ્રકૃતિ કરે તો તે ભાવકર્મ અચેતન-જડ થઈ જાય. પણ વિકારી પરિણામ કાંઈ અચેતન નથી, એ તો ચૈતન્યની જ વિકૃત દશા છે.

તો વિકારના પરિણામને બીજે અચેતન-જડ કહ્યા છે ને?

**સમાધાનઃ-** હા કહ્યા છે, પરંતુ ત્યાં બીજી અપેક્ષાથી વાત છે, વિકારી ભાવ

અચેતન પ્રકૃતિના લક્ષે થાય છે અને તે જીવનો સ્વભાવ નથી માટે તેને અચેતન-અજીવ કહીને તેનું લક્ષ ત્યાંથી છોડાવ્યું છે. અજ્ઞાની જીવ વિકારને પોતાનો સ્વભાવ માને છે ને? તેને કહ્યું કે વિકારના પરિણામ જડ-અચેતન છે, તે તારો સ્વભાવ કેમ હોય?

અહીં બીજી વાત છે. અહીં તો પોતાની પર્યાયમાં વિકાર છે તેનો કર્તા અન્ય દ્રવ્યકર્મ છે એમ માને છે તેને કહે છે-ભાઈ! પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા પોતે જીવ જ છે, અન્ય કોઈ નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવની અપેક્ષાએ તેને જડ-અચેતન કહ્યો છે તોપણ એ કાંઈ જડ પરમાણુરૂપ નથી, પણ જીવની જ અરૂપી વિકૃતદશા છે. ભાવકર્મને જો અચેતન કર્મપ્રકૃતિ કરે તો તે જડ-અચેતન થઈ જાય. પણ એમ છે નહિ. માટે મિથ્યાશ્રદ્ધાન અને રાગદ્વેષના વિકારી ભાવોનો કર્તા જીવ જ છે એમ સિદ્ધ થયું.

હવે વિશેષ કહે છે- 'જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્‌ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે.'

શું કહ્યું? પુદ્‌ગલદ્રવ્યમાં-પ્રકૃતિમાં જે મિથ્યાત્વાદિ વિકારી પરિણામ થાય છે તેનો કર્તા જો જીવ હોય તો પુદ્‌ગલદ્રવ્યને-પ્રકૃતિને ચેતનપણું આવી જશે; જડ પ્રકૃતિના પરિણામ ચેતનમય થઈ જશે. પણ એમ છે નહિ. માટે જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે, પણ પુદ્‌ગલદ્રવ્યના પરિણામનો કર્તા નથી-એમ સિદ્ધ થયું.

બે વાત થઈ:-

૧. પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા જીવ જ છે, જડ પ્રકૃતિ નહિ.

૨. જીવ પોતાના ભાવકર્મનો કર્તા છે, પણ જડ પ્રકૃતિના પરિણામનો કર્તા નથી.

હવે કહે છે- 'વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'

શું કીધું? જેમ હળદર અને ચુનો બે ભેગાં મળવાથી લાલ રંગ થાય છે તેમ જીવ અને પ્રકૃતિ બે ભેગાં મળીને જીવના વિકારી ભાવને કરે તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તે ભાવકર્મનું ફળ ભોગવવું પડે. પણ ભાવકર્મનું ફળ તો

એક જીવને જ આવે છે, જડ પ્રકૃતિ કાંઈ વિકારનું ફળ ભોગવતી નથી. માટે જીવ અને પ્રકૃતિ બન્ને મળીને વિકાર કરે છે એ વાત બરાબર નથી. બન્ને ભાવકર્મના કર્તા હોય એમ હોઈ શકે નહિ; એમ છે નહિ.

'વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે એમ પણ નથી; કારણ કે જો એ બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે.'

જીવ પણ મિથ્યાત્વાદિ ભાવકર્મને કરતો નથી અને પ્રકૃતિ પણ તે વિકારી ભાવને કરતી નથી-એમ જો બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવી પડે; અર્થાત્ મિથ્યાત્વાદિરૂપે પરિણમવું તે પુદ્‌ગલનો સ્વભાવ થઈ જાય. પણ એમ તો છે નહિ. માટે જીવ અને પ્રકૃતિ બન્ને વિકારી પરિણામના અકર્તા છે-એમ છે નહિ. તો કેમ છે? લ્યો, આ બધાનો નિષ્કર્ષ-સરવાળે હવે કહે છે કે-

'માટે એમ સિદ્ધ થયું કે- જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે.' અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે.

હા, પણ પ્રકૃતિ નિમિત્ત તો છે ને?

એ તો સમયસાર ગાથા ૮૦, ૮૧, ૮૨ માં આવી ગયું કે- 'જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે-એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં પણ જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે જીવને પુદ્‌ગલપરિણામો સાથે અને પુદ્‌ગલકર્મને જીવના પરિણામો સાથે કર્તાકર્મની અસિદ્ધિ હોઈને, માત્ર નિમિત્ત-નૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ (થાય) છે.'

આમ પરસ્પર નિમિત્ત તો છે પણ એનો અર્થ શું? બન્નેના પરિણામ તો સમકાળે છે, બન્નેનો કાળ તો એક જ છે. માટે આંહી નિમિત્ત આવ્યું તો કાર્ય થયું એમ છે નહિ. અહીં જીવના વિકારી પરિણામ થાય તે કાળે ત્યાં પ્રકૃતિનું પરિણમન તેના પોતાના કારણે થાય છે અને તેમાં જીવપરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. તેવી રીતે પુદ્‌ગલકર્મનો ઉદય છે તે કાળે જીવ સ્વયં પોતાના કારણે વિકારના ભાવે સ્વતંત્ર પરિણમે છે અને તેમાં કર્મનો ઉદય તેનું નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કાંઈ નૈમિત્તિક કાર્ય કરી દે છે, વા તેમાં કાંઈ વિલક્ષણતા ઉત્પન્ન કરી દે છે એમ છે નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘણાં વર્ષો પહેલાં કહેલું કે-જીવને વિકારી પરિણામ થાય છે તે પોતાથી થાય છે, કર્મને લઈને નહિ. ત્યારે એક શેઠ બોલી ઉઠેલા-મહારાજશ્રી તો દોરા વગરની પડાઈ ઉડાડે છે. અરે ભાઈ! એમ વાત નથી બાપુ! જીવ પોતાના પરિણામનો પોતે સ્વતંત્રપણે કર્તા છે અને વિકારીભાવ તે જીવનું પોતાનું સ્વતંત્ર કાર્ય છે.

ત્યારે કોઈ વળી કહે છે- જીવને વિકાર થાય એમાં જીવના ૫૧ ટકા ને જડ પ્રકૃતિના ૪૯ ટકા રાખો-તો આ વાત પણ બરાબર નથી. જીવને વિકાર થવામાં જીવના ૧૦૦ ટકા સ્વતંત્ર અને પ્રકૃતિમાં કાર્ય થાય એમાં પ્રકૃતિ ૧૦૦ ટકા સ્વતંત્ર છે; કોઈ કોઈને આધીન નથી.

તો જૈનતત્ત્વમીમાંસામાં આવે છે કે જીવને જ્યારે ક્રોધ થાય ત્યારે સામે ક્રોધ-કર્મપ્રકૃતિનો ઉદય હોય છે, અને માન થાય ત્યારે સામે માન-કર્મપ્રકૃતિનો ઉદય હોય છે.

એ તો બરાબર જ છે. ભાઈ! એમાં એવો અર્થ ક્યાં છે કે સામે ક્રોધકર્મનો ઉદય છે માટે અહીં જીવને ક્રોધ પરિણામ થાય છે? ક્રોધ કર્મનો ઉદય અને જીવના ક્રોધ પરિણામનો-બન્નેનો સમકાળ છે બસ એટલું જ. ભાઈ! ક્રોધ કર્મના ઉદયના કાળે જીવને ક્રોધદશા થવાનો સ્વકાળ છે તેથી સ્વયં તે પોતાના ષટ્કારકના પરિણમનથી ક્રોધદશારૂપે પરિણમી જાય છે. ક્રોધકર્મનો ઉદય નિમિત્ત હો ભલે, પણ એના કારણે જીવને ક્રોધપરિણામ થયા છે એમ છે નહિ. આવું વસ્તુનું સ્વરૂપ છે. શું? કે અજ્ઞાનદશામાં જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે; પરદ્રવ્યનું-નિમિત્તનું એમાં કાંઈ કર્તવ્ય નથી.

## * ગાથા ૩૨૮ થી ૩૩૧ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

‘ભાવકર્મનો કર્તા જીવ જ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય.’

જુઓ, શું કીધું? કે મિથ્યાત્વ અને પુણ્ય-પાપ આદિ વિકારી ભાવોનો કર્તા જીવ જ છે; મોહનીયકર્મનો ઉદય તેમાં નિમિત્તમાત્ર છે. ગોમ્મટસાર આદિ શાસ્ત્રમાં આવે છે કે દર્શનમોહનીય કર્મના ઉદયથી જીવને મિથ્યાત્વના ભાવ થાય છે, જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી એને જ્ઞાન રોકાય છે ઇત્યાદિ. હવે કર્મનો ઉદય તો જડમાં આવે છે, તે જડના કાર્યરૂપ છે, અને મિથ્યાત્વાદિ ભાવ તો જીવને થાય છે. બન્ને ભિન્ન દ્રવ્યમાં થતી ક્રિયા છે. અહીં કહે છે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ. તેથી કર્મના ઉદયના કારણે મિથ્યાત્વાદિ ભાવ જીવને થાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એમ છે નહિ. જડ કર્મ કર્તા ને જીવને વિકાર થાય તે એનું કાર્ય એમ છે નહિ. તો નિમિત્તની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે એમ યથાર્થ જાણવું.

ત્યારે કોઈ વળી કહે છે-નિમિત્ત-કર્મનો ઉદય-કાંઈ ન કરે તો જીવ ઠેઠ દસમે ગુણસ્થાને ચઢીને પછી હેઠે પડે છે તે કેમ પડે? એમ કે કર્મના ઉદયથી જીવ હેઠે પડી જાય છે.

અરે ભાઈ! દસમાં ગુણસ્થાનમાં જીવ ગયો છે તે પોતાના પુરુષાર્થથી ગયો છે, કાંઈ કર્મના (કર્મના અભાવના) કારણે ગયો છે એમ નથી; તથા ત્યાંથી નીચે પડે છે તે પણ પોતાના પુરુષાર્થની નબળાઈથી પડે છે, કર્મના ઉદયના કારણે નીચે પડે છે એમ નહિ, કેમકે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવોનું પરમાર્થે કર્તા છે જ નહિ. કર્મનો ઉદય નિમિત્ત હો ભલે, પણ અસ્થિરતારૂપ પરિણમન તો પોતાનું સ્વતંત્ર પોતાથી જ છે.

પ્રવચનસાર ગાથા ૧૬ માં આત્માને 'સ્વયંભૂ' કહ્યો છે. તેની વ્યાખ્યા કરતાં ત્યાં કહ્યું છે કે-"આ રીતે સ્વયં (પોતે જ) છ કારકરૂપ થતો હોવાથી તે 'સ્વયંભૂ' કહેવાય છે. અથવા, અનાદિકાળથી અતિ દ્રઢ બંધાયેલાં દ્રવ્ય તેમ જ ભાવ ઘાતિકર્મોને નષ્ટ કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો તેથી તે 'સ્વયંભૂ' કહેવાય છે." દ્રવ્ય ઘાતિકર્મ છે તે જડ છે, અને પોતાની હીણી દશારૂપે જીવ પરિણમે તે ભાવઘાતિકર્મ છે. ભાવઘાતિકર્મનો કર્તા, અહીં કહે છે, જીવ જ છે. જડ ઘાતિકર્મને લઈને ભાવઘાતિકર્મ જીવમાં થયું છે એમ નથી.

તો કોઈ વળી કહે છે-કર્મ એક ચીજ છે, કર્મનો ઉદય પણ એક ચીજ છે; કર્મનો ઉદય આવે એટલે આને (-જીવને) વિકાર કરવો જ પડે.

લ્યો, હવે આવી ઊંધી માન્યતા! જૈનમાં (જૈનાભાસોમાં) વળી કર્મના લાકડાં ગરી ગયાં છે! કર્મનો ઉદય આવે એટલે વિકાર કરવો જ પડે એ તારી માન્યતા ભાઈ! યથાર્થ નથી, જો ને, અહીં શું કહે છે? કે પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ.

તેથી જે ચેતનના ભાવો છે તેનો કર્તા ચેતન જ હોય. અહીં મિથ્યાત્વ અને પુણ્ય-પાપ આદિ વિકારી ભાવોને ચેતનના ભાવો કહ્યા છે, અને તેના કર્તા ચેતન જ છે એમ કહે છે. અહા! વ્યાપક એવો આત્મા અજ્ઞાનપણે પ્રસરીને વિકારી પરિણામનો કર્તા થાય છે અને વિકારી પરિણામ એનું વ્યાપ્ય કર્મ છે.

એકકોર વિકારી ભાવોને અહીં ચેતનના ભાવો કહ્યા, ત્યારે બીજે ગાથા ૫૦ થી ૫૫ માં તે ભાવોને પુદ્દગલના પરિણામ કહ્યા છે; તો આ કેવી રીતે છે?

જુઓ, જે આ વિકારી ભાવો છે તે ચેતનની પર્યાયના અસ્તિત્વમાં થાય છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તેથી તેઓ ચેતનના ભાવો છે એમ અહીં કહ્યું. પરંતુ તેઓ ચૈતન્યના સ્વભાવભાવ નથી પણ વિભાવો છે અને પુદ્ગલના-કર્મના ઉદયના સંગમાં થાય છે અને સ્વભાવની દૃષ્ટિ થતાં નાશ પામી જાય છે તેથી તેઓ જીવના નથી પણ પુદ્ગલના છે એમ બીજે (ગાથા ૫૦ થી ૫૫માં) કહ્યું છે; સ્વભાવની દૃષ્ટિ થતાં વિકારના ભાવ પોતાની સ્વાનુભૂતિથી ભિન્ન જ રહી જાય છે. આવી વાત છે. સમજાણું કાંઈ....?

આ પ્રમાણે પોતાને ભૂલીને અજ્ઞાનવશ જે મિથ્યાત્વાદિભાવરૂપ પરિણામો થાય છે તે ચેતનના ભાવ છે અને તેનો કર્તા ચેતન જ હોય, અન્ય પુદ્ગલદ્રવ્ય નહિ. એ જ કહે છે-

'આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે, જડ નથી; અશુદ્ધનિશ્ચયનયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય -એ પરમાર્થ છે.'

જુઓ, જીવનો જ્ઞાન-દર્શનનો જે ઉપયોગ છે તેને ચેતન કહે છે; જ્ઞાન-દર્શન સિવાય એના બીજા જે અનંતગુણ છે તેને અચેતન કહેલ છે કેમકે તે (-બીજા ગુણો) પોતાને જાણતા નથી, બીજાને પણ જાણતા નથી. આમ ભિન્ન ભિન્ન અપેક્ષાએ શાસ્ત્રમાં કથન આવે છે તેને યથાર્થ સમજવું જોઈએ. અચેતનના જુદા જુદા પ્રકાર છેઃ-

-શરીર, મન, વાણી ઇત્યાદિ અચેતન છે;

-પુણ્ય-પાપ અને મિથ્યાત્વના જે ભાવ જીવને થાય તેને પણ (શુદ્ધ ચૈતન્યની) અપેક્ષાથી અચેતન કહેલ છે.

-જીવના જ્ઞાન-દર્શનના ઉપયોગની અપેક્ષા બીજા ગુણોને અચેતન કહીએ કારણ કે બીજા ગુણોમાં જાણવા-દેખવાના ઉપયોગની શક્તિ નથી.

પરંતુ અહીં બીજી વાત છે. અહીં તો મિથ્યાત્વ અને પુણ્ય-પાપ આદિ વિકારી ભાવો જીવની પર્યાયના અસ્તિત્વમાં થાય છે તેથી તેમને ચેતન કહ્યા છે; અને તેઓ ચેતન હોવાથી તેમનો કર્તા ચેતન જ છે એમ સિદ્ધ કર્યું છે. કહ્યું ને કે-ચેતન કર્મનો કર્તા ચેતન જ હોય-એ પુરુષાર્થ છે, સત્યાર્થ છે. પોતાના શુદ્ધ ચૈતન્યને ભૂલીને જીવ પોતે જ વિકારના ભાવોનો કર્તા થાય છે એ સત્યાર્થ છે, યથાર્થ છે. હવે કહે છે-

'અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધચેતના માત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદૃષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'

અહાહા...! અંદર વસ્તુ ત્રિકાળ એકરૂપ ચિદ્રૂપ છે તેને અભેદદ્રષ્ટિ વડે જોઈએ તો તે શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે વિકારી વિભાવરૂપ પરિણામોથી યુક્ત થાય છે અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદ્રષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ પોતે જ થાય છે. આ પુણ્ય-પાપ આદિ વિકારી ભાવ થયા તે પરિણામ અને જીવ પરિણામી-એમ ભેદદ્રષ્ટિમાં પોતાના વિકારી ભાવોનો કર્તા જીવ જ છે.

'અભેદદ્રષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.' અહાહા...! ભગવાન ચિદાનંદ ચૈતન્યસ્વરૂપની જ્યાં અભેદદ્રષ્ટિ થઈ ત્યાં તે નિજ ચૈતન્યસ્વરૂપમાં એકાકાર થયો, રાગથી ભિન્ન પડી ગયો અને તેથી ત્યાં કર્તાકર્મભાવ રહ્યો જ નહિ. સમજાય છે કાંઈ...? ભાઈ! અભેદદ્રષ્ટિમાં રાગાદિ વિકાર છે જ નહિ, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે. અહાહા...! સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે, ભેદ કે પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી.

હવે સરવાળો કરી કહે છે કે- 'આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.' લ્યો, વિકારી પરિણામોનો કર્તા જીવ જ છે, કર્મને લઈને વિકાર થાય છે એમ કદીય નથી. અહા! આવી સ્વતંત્રતાને સ્વીકારી બીજેથી દ્રષ્ટિ હઠાવી, દ્રવ્યદ્રષ્ટિ પ્રગટ કરવી એ આનું તાત્પર્ય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૦૩ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'कर्म कार्यत्वात् अकृतं न' કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે તે કાર્ય છે, માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ..... .... .

શું કીધું? આ પુણ્ય-પાપ આદિ ભાવકર્મ છે તે કાર્ય છે, અને કાર્ય છે માટે તે અકૃત (અકૃત્રિમ) હોય નહિ. કોઈએ કર્યા વિના હોય નહિ. હવે આમાં અન્યમતવાળા કહે કે ઈશ્વર હોય તો કાર્ય થાય અને જૈનમતવાળા કોઈ કહે કે જડકર્મને લઈને કાર્ય થાય, આમ બન્નેમાં વિપરીત-ઊંધું ચાલ્યું છે. પણ અહીં શું કહે છે? જુઓ-

'च' વળી 'तत् जीव-प्रकृत्योः द्वयो कृतिः न' તે (ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી, 'अज्ञायाः प्रकृतेः स्व-कार्य-फल-भुगू-भाव-अनुषङ्गात्' કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે.

શું કીધું આ? કે પુણ્ય-પાપ આદિ વિકારી ભાવ જે થાય તે જીવ અને જડ-

કર્મ- એ બન્નેનું કાર્ય પણ નથી. કેટલાક કહે છે ને? કે નિમિત્ત અને ઉપાદાનને સરખા માનો; પણ અહીં એની ના પાડે છે. અહા! જીવને જે શુભાશુભ ભાવ થાય છે તે કાર્ય છે અને એનો કોઈ કર્તા ન હોય એમ ન હોય. વળી તે જીવ અને કર્મપ્રકૃતિ બન્ને મળીને કરે છે એમ નથી, કારણ કે જો બંને મળીને કરે તો જડ પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે, પણ એમ છે નહિ, પ્રકૃતિને કાંઈ (કાર્યનું ફળ) ભોગવવું છે એમ છે નહિ.

ત્યારે એ કહે છે-શું કુંભાર વિના ઘડો થાય છે ખરો?

હા, ભાઈ! સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં આ આવ્યું છે કે-કુંભાર વિના ઘડો થાય છે; ઘડાનો કર્તા કુંભાર નથી. સમયસાર ગાથા ૩૭૨માં આચાર્ય ભગવાન કહે છે કે-" માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઉપજે છે." નિમિત્તાધીન દ્રષ્ટિ હોવાથી નિમિત્ત હોય તો કાર્ય થાય એમ અજ્ઞાની માને છે; પરંતુ દિગંબર સંતો-ભગવાન કેવળીના કેડાયતીઓ તો આ કહે છે કે-કુંભાર ઘડો કરે છે એમ અમે દેખતા નથી. માટી જ ઘડાનો કર્તા છે ને ઘડો માટીનું જ કાર્ય છે એ પરમાર્થ છે. કુંભાર કર્તા અને ઘડો એનું કાર્ય એમ છે જ નહિ. અરે! જીવ અને અજીવ બન્ને ભિન્ન ભિન્ન ચીજ છે એની લોકોને ખબર નથી.

અહીં કહે છે-જીવમાં પુણ્ય-પાપ આદિ જે ભાવકર્મ પ્રગટ થાય છે તે કાર્ય છે અને તે જીવ અને પ્રકૃતિ બન્નેનું કાર્ય છે એમ નથી, કારણ કે જો એમ હોય તો જડ પ્રકૃતિને પણ એનું ફળ ભોગવવું પડે, પણ જડ પ્રકૃતિ તો કાંઈ ભોગવતી નથી. માટે ભાવકર્મ, જીવ અને પ્રકૃતિ બન્નેનું કાર્ય નથી.

વળી 'एकस्य प्रकृतेः न' તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (- એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી, 'अचित्त्वलसनात्' કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે.

ભાવકર્મ એકલી પ્રકૃતિનું કાર્ય પણ નથી. એકલા કર્મના કારણે વિકાર થાય છે એમ પણ નથી. જીવ અને પ્રકૃતિ બનેનું કાર્ય છે એમેય નહિ અને એકલી પ્રકૃતિનું તે કાર્ય છે એમેય નહિ. અહો! વીતરાગ જૈન પરમેશ્વરની શી આજ્ઞા છે એની લોકોને ખબર નથી. આખો દિ' ખાવું-પીવું, રળવું-કમાવું ઇત્યાદિ પાપ-પ્રવૃત્તિમાં રોકાઈને જન્મારો વીતાવી દે. કદાચિત્ સાંભળવા જાય તો સમજ્યા વિના જ્યાં ત્યાં 'જય નારાયણ' કરી દે; પણ ભાઈ! વીતરાગનો મારગ જગતથી તદ્દન જુદી જાતનો છે બાપુ!

બીજે તો આ વાત છે નહિ પરંતુ વાડાવાળાઓને પણ આ કઠણ પડે છે.

કર્મથી થાય એમ માન્યું છે ને? તેથી આવી વાત બહુ આકરી પડે છે, પણ અહીં તો આ ચોકખી વાત છે કે તે (-ભાવકર્મ) એક પ્રકૃતિનું કાર્ય પણ નથી કારણ કે પ્રકૃતિ અચેતન છે, અને ભાવકર્મ ચેતન છે. અચેતન ચેતનને કેમ કરે? ન કરે.

'ततः' માટે 'अस्य कर्ता जीवः' તે ભાવકર્મનો કર્તા જીવ જ છે 'च' અને 'चिद्–अनुगं' ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનાના પરિણામ રૂપ-) એવું 'तत्' તે ભાવકર્મ 'जीवस्य एव कर्म' જીવનું જ કર્મ છે 'यत्' કારણ કે 'पुद्गलः ज्ञाता न' પુદ્ગલ તો જ્ઞાતા નથી (તેથી તે ભાવકર્મ પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ.)

જુઓ, આ નિષ્કર્ષ કાઢયો કે પુણ્ય-પાપ આદિ જે વિકારી ભાવ થાય તેનો કર્તા જીવ જ છે. એટલે કે અજ્ઞાની જીવ તેનો કર્તા છે. અહીં આ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ જીવની વાત છે. બાકી સ્વભાવના અવલંબને જેને અંતરમાં જૈનપણું પ્રગટયું છે અને મિથ્યાત્વ દૂર થયું છે એવો જ્ઞાની પુણ્ય-પાપ આદિ વિકારી ભાવોનો કર્તા નથી. અહીં આ સિદ્ધ કર્યું કે ભાવકર્મ જીવનું જ કાર્ય છે, પુદ્ગલકર્મનું તે કાર્ય નથી કેમકે પુદ્ગલકર્મ અચેતન છે, જડ છે, જ્યારે ભાવકર્મ છે તે ચેતનને અનુસરનારું ચેતન છે.

અહાહા...! કહે છે - 'पुद्गलः ज्ञाता न' પુદ્ગલ જ્ઞાતા નથી. શું કહેવું છે આમાં? કે જાણનાર-જ્ઞાતા (જીવ) હોય તે ભૂલે, જેમાં જાણવું નથી તેને ભૂલવું શું? જડ પુદ્ગલકર્મને ભૂલવું શું? અહા! રાગ છે તે મારું કાર્ય છે એમ અજ્ઞાની પોતાના સ્વરૂપને ભૂલીને માને છે; તેથી અજ્ઞાની પોતાના અજ્ઞાનને લીધે ભાવકર્મનો- રાગાદિનો કર્તા થાય છે. બાકી પુદ્ગલકર્મ તો જડ માટી-ધૂળ અચેતન છે, તે ચેતન એવાં ભાવકર્મને કેમ કરે? ન કરે. માટે ભાવકર્મ જીવનું જ કાર્ય છે, પુદ્ગલકર્મનું નહિ-

અહાહા...! પૂર્ણાનંદનો નાથ પ્રભુ હું એક જ્ઞાયકસ્વભાવી આત્મા છું એમ જેને અંતરમાં ભાન થયું છે એવો સમ્યગ્દ્રષ્ટિ જીવ રાગનો કર્તા નથી, રાગ થાય તેનો એ જ્ઞાતા જ છે. આવી વાત! પણ અહીં રાગનો પરમાર્થે કર્તા કોણ છે એ સિદ્ધ કરવું છે. તો કહે છે- પોતાની શુદ્ધ ચૈતન્યસત્તાનું જેને ભાન નથી એવો અજ્ઞાની જીવ, રાગનો હું કર્તા ને રાગ મારું કર્મ એમ અજ્ઞાનપણે માનતો હોવાથી, રાગાદિનો કર્તા થાય છે. એ તો ઉપર આવી ગયું કે-

અભેદદ્રષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવ વસ્તુ છે; પરંતુ પરિણામ -પરિણામીની ભેદદ્રષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે; જડકર્મ કર્તા નથી.

પણ જડકર્મ નિમિત્ત તો છે ને?

નિમિત્ત છે એટલે શું? શું એ જીવમાં વિકારને કરે છે? શું એને લઈને જીવમાં વિકાર થાય છે? એમ છે જ નહિ. જીવને વિકારના પરિણામ થાય એમાં કર્મની-નિમિત્તની અપેક્ષા છે જ નહિ. પંચાસ્તિકાય ગાથા ૬૨માં આ વાત સ્પષ્ટ આવી છે. શાસ્ત્રમાં નિમિત્ત-બીજી વસ્તુ સિદ્ધ કરવી હોય તો નિમિત્ત વિના ન થાય એમ વાત આવે, બાકી જીવને વિકાર થાય એમાં નિમિત્તાદિ પર કારકોની-જડ- કર્મની અપેક્ષા છે નહિ. ભાઈ! આ કેવળી પરમાત્માનો પોકાર છે. પોતાની વાતને આગમ સાથે મેળવી સત્યનો નિર્ણય કરવો જોઈએ, બાકી એમ ને એમ ધર્મ થઈ જાય એવી આ ચીજ નથી, સમજાણું કાંઈ...?

અરે! આ કાળમાં આયુષ્ય બહુ અલ્પ છે. જોતજોતામાં ચાલીસ-પચાસ-સાઈઠ પૂરાં થાય ત્યાં તો જિંદગી પૂરી થઈ જાય છે. માટે ભાઈ! હમણાં જ આ નહિ સમજે ત્યારે ક્યારે સમજીશ? (એમ કે પછી સમજવાનો દાવ નહિ હોય).

અહીં જિનેશ્વર પરમાત્મા કહે છે- રાગ તારા અજ્ઞાનભાવથી થાય છે, કર્મને લીધે નહિ. કર્મના કારણે રાગ થાય છે એમ છે જ નહિ. રાગ મારો છે એમ માનનાર પર્યાયબુદ્ધિ જીવ રાગને કરે છે; તે રાગ પોતાથી થાય છે; પરથી નહિ.

વળી પોતાના ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વભાવ પર જેની દ્રષ્ટિ પડી છે એવો ધર્મી જીવ રાગનો કર્તા નથી. , અકર્તા અર્થાત્ જ્ઞાતાદ્રષ્ટા જ છે. જ્ઞાની, જે રાગ થાય તેનો જ્ઞાતા-દ્રષ્ટા છે, અકર્તા છે.

એક કોર જીવ કર્તા છે એમ કહેવું ને વળી અકર્તા છે એમ કહેવું એ બન્ને જુદી જુદી અપેક્ષાથી વાત છે. અને એનું નામ સ્યાદ્વાદ છે. અજ્ઞાનવશ જીવ કર્તા છે, અને અજ્ઞાન મટતાં જ્ઞાનભાવ થયે અકર્તા જ છે. આવી વાત છે. સત્યને માનનારા થોડા હોય તેથી કાંઈ સત્ય ફરી જતું નથી; સત્યને સંખ્યાથી શું સંબંધ છે; સત્ય તો ત્રિકાળ સત્ય જ રહે છે.

## * કળશ ૨૦૩ : ભાવાર્થ *

'ચેતનકર્મ ચેતનને જ હોય; પુદ્ગલ જડ છે, તેને ચેતનકર્મ કેમ હોય?'

રાગ થાય તે ચેતનનું કાર્ય છે, તે કાંઈ જડ કર્મપરમાણુની દશા નથી. માટે જડકર્મ રાગનો કર્તા નથી, પણ અજ્ઞાનભાવે ચેતન જ એનો કર્તા છે અને ભાવકર્મ ચેતનનું જ કાર્ય છે.

હવેની ગાથાઓમાં જેઓ ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છેઃ-

## * કળશ ૨૦૪ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'कैश्चित् हतकैः' કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) 'कर्म एव कर्तृ प्रवितर्क्य' કર્મને જ કર્તા વિચારીને 'आत्मनः कर्तृत्वं क्षिप्त्वा' આત્માના કર્તાપણાને ઉડાડીને 'एषः आत्मा कथञ्चित् कर्ता' આ આત્મા કથંચિત્ કર્તા છે 'इति अचलिता श्रुतिः कोपिता' એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે);.......

શું કહે છે? કે કોઈ આત્માના ઘાતક એવા સર્વથા એકાંતવાદીઓ જીવને વિકારનો કર્તા જડકર્મ જ છે એમ વિચારીને આત્માના કર્તાપણાને ઉડાડી દે છે, પણ તેઓ ખોટા છે. વળી કોઈ જીવ અને કર્મ બન્ને ભેગા મળીને વિકાર કરે છે એમ કહે છે, પણ એમ કહેનારાય ખોટા છે કેમકે બે કદી એક થતા જ નથી.

જીવના દ્રવ્ય-ગુણમાં વિકાર થાય એવી કોઈ શક્તિ નથી; પર્યાયમાં વિકાર થાય છે; પર્યાયમાં વિકાર થવાની શક્તિ-યોગ્યતા છે તો થાય છે. હવે એને પર્યાય શું? - એનીય ખબર ન મળે, દ્રવ્ય નામ ત્રિકાળી શક્તિઓનો પિંડ, ગુણ નામ ત્રિકાળી શક્તિ અને પર્યાય એટલે વર્તમાન ક્ષણિક અવસ્થા. અહીં અવસ્થા ઉપર જેની દૃષ્ટિ છે એવા મૂઢ પર્યાયદૃષ્ટિ જીવ વિકારનો-ભાવકર્મનો કર્તા છે તોપણ એકાંતવાદીઓ જડકર્મને જ કર્તા માને છે તે અજ્ઞાન છે. ભાઈ! કર્મ વિકાર કરે છે એમેય નહિ અને જીવ અને કર્મ બન્ને થઈને વિકાર કરે છે એમેય નહિ. વિકાર થવાના કાર્યકાળે વિકાર જીવ પોતે જ કરે છે.

ત્યારે તે કહે છે-એક કાર્ય થવામાં બે કારણ છે.

હા, શાસ્ત્રમાં બે કારણની વાત આવે છે. પણ એ બેમાં એક તો યથાર્થ-વાસ્તવિક કારણ છે ને બીજું ઉપચરિત કારણ છે. જે સત્યાર્થ કારણ તો નથી પણ ઉપચાર કરીને કારણ કહેવું તે ઉપચરિત છે. (એને યથાર્થ કારણ માનવું તે મિથ્યાત્વ છે).

અહીં કહે છે-કેટલાક આત્મઘાતી એકાંતવાદીઓ જડકર્મને જ વિકારનો કર્તા વિચારીને આત્માના કર્તાપણાને ઉડાડી દે છે અને એ રીતે આત્મા વિકારી ભાવનો કથંચિત્ કર્તા છે એમ કહેનારી જિનવાણીની વિરાધના કરે છે. કથંચિત્ કર્તા છે એટલે શું? કે જ્યાંસુધી અજ્ઞાન છે ત્યાંસુધી પુણ્ય-પાપ આદિ વિકારી ભાવનો જીવ કર્તા છે; સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે આત્મજ્ઞાન થતાં તે રાગનો અકર્તા છે; આ સ્યાદ્વાદ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મને લઈને આત્માને વિકાર થાય છે એમ માનનારા એકાંતવાદીઓ કહે છે, ભગવાન કેવળીની નિર્બાધ વાણીની વિરાધના કરે છે.

ત્યારે તે કહે છે-શાસ્ત્રમાં વિકારને પુદ્ગલજન્ય કહ્યો છે. કળશ ૩૬ માં 'भावाः पौद्गलिकाः अमी' -એમ કહ્યું છે.

હા, કહ્યું છે. ત્યાં તો વિકાર ઔપાધિકભાવ છે, પુદ્ગલકર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થાય છે અને નિજ ચિદાનંદ સ્વભાવના સંગમાં રહેતાં તે નીકળી જાય છે તો સ્વભાવદ્રષ્ટિની અપેક્ષાએ તેને પુદ્ગલજન્ય કહ્યો છે. જીવને રાગ થાય છે તે ખરેખર કાંઈ પુદ્ગલકર્મ ઉત્પન્ન કરે છે એમ નથી, પણ જીવ જ્યારે પુદ્ગલકર્મના નિમિત્તને આધીન થઈ પરિણમે છે ત્યારે રાગ ઉત્પન્ન થાય છે, અને સ્વદ્રવ્યને આધીન રહી પરિણમતાં રાગ નીકળી જાય છે (ઉત્પન્ન થતો નથી) માટે તે રાગાદિ ભાવોને સ્વભાવની મુખ્યતાથી પૌદ્ગલિક કહ્યા છે કેમકે તેઓ સ્વભાવભાવ નથી. ભાઈ! જ્યાં જે અપેક્ષા હોય તે યથાર્થ સમજવી જોઈએ.

અહીં અપેક્ષા બીજી છે, રાગ અજ્ઞાનથી જીવમાં પોતામાં-પોતાની પર્યાયમાં થાય છે માટે તે જીવના-ચેતનના પરિણામ છે, અને જીવ-ચેતન જ તેનો કર્તા છે, જડકર્મ નહિ. જેઓ જડકર્મને ખરેખર રાગનો કર્તા માને છે તેઓ ખરેખર જિનવાણીની વિરાધના કરે છે. સમજાણું કાંઈ...?

કોઈને થાય કે આવું બધું સમજવા ક્યાં રોકાવું? એના કરતાં વ્રત, તપ, ભક્તિ ઇત્યાદિ કરવાનું બતાવો તો બધું સહેલું થઈ જાય.

અરે ભાઈ! વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિ તારે ક્યાં નવું છે? એ તો બધું તેં અનંતકાળમાં અનંતવાર કર્યું છે. સાંભળ; મહાવિદેહક્ષેત્રમાં કે જ્યાં તીર્થંકર પરમાત્મા સદાય બિરાજમાન છે ત્યાં તું અનંતવાર જન્મ્યો છે પ્રભુ! અને ત્યાં ભગવાનના સમોસરણમાં અનંતવાર તું ગયો છે, ભગવાનની મણિરત્નના દીવાથી હીરાના થાળમાં કલ્પવૃક્ષના ફૂલથી અનંતવાર પૂજા કરી છે. પણ ભાઈ! એ તો બધો શુભરાગ; એ કાંઈ ધર્મ નહિ અને ધર્મનું કારણેય નહિ. આવી વ્યવહારના પક્ષવાળાને આકરી લાગે એવી વાત! પણ શું થાય? આ તો વસ્તુસ્વરૂપ છે બાપુ!

પણ વ્રત, તપ, ભક્તિ, પૂજા ઇત્યાદિ ધર્મી પુરુષોને પણ હોય છે!

હા, હોય છે. ધર્મી પુરુષોને એ બધું હેયબુદ્ધિએ હોય છે. તેઓ એ શુભરાગના કર્તા થતા નથી, જાણનાર માત્ર જ રહે છે. જે રાગ થયો તેને તેઓ પોતાના ચૈતન્યસ્વરૂપમાં ભેળવતા નથી, પણ તેને પૃથક રાખી માત્ર જાણે જ છે. જ્યારે અજ્ઞાની જીવ રાગને કર્તા થઈને કરે છે. આમ હોવા છતાં કર્મ જ રાગને કરે છે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કર્મ વિના રાગ ન થાય એમ જેઓ માનનારા છે તેઓ, અહીં કહે છે, નિર્બાધ જિનવાણીની વિરાધના કરનારા એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ છે.

અહા! અનાદિથી અજ્ઞાનવશ એને જે વિકાર થાય છે તે જીવ પોતે જ કરે છે, કર્મ એનો કર્તા નથી. આવું વસ્તુસ્વરૂપ સિદ્ધ કરીને ભગવાન આચાર્યદેવ એને રાગના કર્તાપણારૂપ જે અનાદિ અજ્ઞાનભાવ છે તેને છોડી દેવાની વાત કરે છે; કેમકે જ્યારે તે આવો અજ્ઞાનભાવ છોડી દે ત્યારે તેને ચૈતન્યના આનંદનો-નિજાનંદસ્વરૂપની પ્રાપ્તિનો લાભ થાય; અને એનું જ નામ ધર્મ છે. ભાઈ! ચારગતિના પરિભ્રમણના દુઃખનો જો તને ડર હોય તો આનો સત્વરે નિર્ણય કરવો પડશે.

પ્રત્યેક દ્રવ્યની સમયે સમયે જે જે પર્યાય થાય તે ક્રમબદ્ધ થાય છે. જે દ્રવ્યની જે સમયે જે ક્ષેત્રે જે પર્યાય થવાની હોય તે દ્રવ્યની તે સમયે ત્યાં તે જ પર્યાય થાય છે આવું પર્યાયનું સ્વરૂપ છે. હવે આનો યથાર્થ નિર્ણય કરવા જાય તો કર્મથી વિકાર થાય, ને નિમિત્તથી ઉપાદાનનું કાર્ય થાય ને ભક્તિ આદિ શુભરાગથી મુક્તિમાર્ગ થાય ઇત્યાદિ બધી મિથ્યા માન્યતાઓ ઉડી જાય છે, પરના કર્તાપણાનું અભિમાન પણ ઉડી જાય છે.

હા, પણ ભગવાનના ગુણનું સ્મરણ કરે તો ગુણનો લાભ થાય. આવે છે ને કે 'वन्दे तद्गुणलब्धये' ?

એ તો બધાં નિમિત્તનાં કથન છે ભાઈ! અરે! પોતાનો જે આત્મા છે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરે તોય ત્યાં વિકલ્પ-રાગ ઉઠે છે તો પછી ભગવાનના ગુણનું સ્મરણ કરે તો ગુણપ્રાપ્તિ ક્યાંથી થાય? એનાથીય શુભરાગ જ ઉઠે. અરે ભાઈ! ધર્માત્માનેય જે વ્યવહારરત્નત્રય છે એય શુભરાગ જ છે, ધર્મ નથી. (એને વ્યવહારથી ધર્મ કહીએ એ બીજી વાત છે).

અહાહા...! ત્રિકાળી ધ્રુવ એક સામાન્ય-સામાન્ય-સામાન્ય ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મામાં અભેદદૃષ્ટિ કરતાં એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે; અને એ ધર્મ છે. પરંતુ ભગવાનની ભક્તિ અને ભેદ ઉપર દૃષ્ટિ રાખતાં તો રાગ જ થાય છે, એનાથી ધર્મ થાય એમ તો છે જ નહિ.

તો પછી પ્રવચનસાર ગાથા ૮૦ માં તો આમ કહ્યું છે કે-

"જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે;
તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે."

ભાઈ! એનો અર્થ એ છે કે પ્રથમ અર્હંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જાણીને, પોતાના આત્મામાં અંદર લક્ષ કરે ત્યારે શુદ્ધ ચૈતન્યસ્વરૂપની એકત્વપણે અભેદદ્રષ્ટિ થતાં એને સમ્યગ્દર્શન થાય છે અને મિથ્યાત્વનો નાશ થાય છે. ભગવાનના ગુણો તરફનું લક્ષ રહે ત્યાં સુધી તે રાગ જ છે; જ્યારે અંતર્દષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. સમાધિતંત્રમાં પણ આવે છે કે-સિદ્ધનું ધ્યાન કરતાં આત્માનું ધ્યાન થાય છે. એનો પણ આવો જ અર્થ છે કે સિદ્ધ ભગવાનનું ધ્યાન કરતાં હું પોતે સ્વરૂપથી સિદ્ધ છું એમ સ્વરૂપની અંતર્દષ્ટિ થાય ત્યારે આત્મધ્યાન થાય છે. આવી વાત છે.

અરે ભાઈ! હમણાં જ તું આ નહિ સમજે તો ક્યારે સમજીશ? જોતજોતામાં આયુ તો પુરું થઈ જશે; પછી તું ક્યાં જઈશ? જો તો ખરો, આ ભવસિંધુ તો અમાપ દરિયો છે. પુણ્યથી ધર્મ થાય ને નિમિત્તથી કાર્ય થાય ઇત્યાદિ શલ્ય ઊભું રહેશે તો અપાર ભવસમુદ્રમાં ચોરાશી લાખ યોનિમાં તું ક્યાંય આથડી મરીશ ભાઈ!

માટે કહે છે-

'उद्धत–मोह–मुद्रित–धियां तेषां बोधस्य संशुद्धये' તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બીડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે 'वस्तुस्थितिः स्तूयते' (નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે- 'स्याद्वाद–प्रतिबन्ध–लब्ध–विजया' કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે (અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).

અહાહા...! શું કહે છે? પોતે અકર્તા છે એમ સમજી રાગનો કર્તા જેઓ જડકર્મને માને છે તેમની બુદ્ધિ તીવ્ર મોહથી બીડાઈ ગઈ છે એમ કહે છે. તેમના જ્ઞાનની નિર્મળતા માટે નીચેની ગાથાઓમાં વસ્તુસ્થિતિ એટલે વસ્તુના સ્વરૂપની મર્યાદા કહેવામાં આવે છે. તે મર્યાદા આ કે-અજ્ઞાનવશ વિકારભાવનો કર્તા જીવ પોતે જ છે, કર્મ તેને વિકાર કરાવે છે એમ નથી.

અહા! પોતાના સ્વભાવને તરછોડીને જે નિમિત્તના સંગે પરાધીન થઈ પરિણમે છે તેને પર્યાયમાં વિકારી ભાવ ઉત્પન્ન થાય છે અને તે વિકારી ભાવનો કર્તા તે પોતે જ છે, પરદ્રવ્ય-જડકર્મ તેનો કર્તા નથી. પરદ્રવ્ય રાગનું કર્તા નથી પણ અજ્ઞાનદશામાં જીવ પોતે જ રાગનો કર્તા થાય છે-તથા જ્યારે તેને સ્વભાવનું ભાન થઈ આત્મજ્ઞાન થાય છે ત્યારે તે રાગનો કર્તા નથી, જ્ઞાતા જ છે, અકર્તા છે. આવી આ સ્યાદ્વાદ વડે સિદ્ધ થયેલી વસ્તુસ્થિતિ છે જે હવેની ગાથાઓમાં કહેવામાં આવશે.

અહો! કેવળીના કેડાયતી દિગંબર સંતોએ ઢંઢેરો પીટીને સત્યને ખુલ્લું કર્યું

છે. તે આ કે-પોતાના સ્વભાવના ભાન વિના અનાદિ અજ્ઞાનવશ જીવ રાગનો કર્તા છે અને જ્યારે તે સ્વભાવનું ભાન કરી સમ્યગ્દષ્ટિ થાય છે ત્યારે તે અકર્તા છે, રાગનો માત્ર જ્ઞાતા જ છે. આ સ્યાદ્વાદ છે.

ભાઈ! આ ક્ષણિક દેહનો ભરોસો નથી. રાત્રે સૂતો છે તે સવારે ઉઠશે કે નહિ એની કોને ખબર છે? ક્યારે આયુ પૂરું થઈ જશે એ કોણ જાણે છે? માટે હમણાં જ તત્ત્વનિર્ણય કરી લે; વીજળીના ઝબકારે મોતી પરોવી લે તો પરોવી લે બાપા! (એમ કે આ મનુષ્યભવ વીજળીના ઝબકારા જેવો ક્ષણિક છે, તેમાં તત્ત્વ નિર્ણય કર્યો તો કર્યો, નહિ તો ભવસમુદ્રમાં ક્યાંય ખોવાઈ જઈશ).

જડ શરીરની, વાણીની ઇત્યાદિ જડની ક્રિયાઓનો તો અજ્ઞાની પણ કર્તા નથી. શું કીધું? આ પૂજા વખતે હાથ પ્રસારીને ફૂલ ચઢાવે ને સ્વાહા બોલે એ બધી જડની ક્રિયાઓ છે અને તેનો અજ્ઞાનભાવે પણ જીવ કર્તા નથી. ફક્ત પર તરફ લક્ષ જતાં જે રાગ થાય છે તે રાગ ઉપર જેની દૃષ્ટિ છે એવો અજ્ઞાની જીવ તે રાગનો કર્તા છે, અને જેની દૃષ્ટિ રાગથી ખસીને અંદર ચિત્સ્વભાવ ઉપર ગયેલી છે તે જ્ઞાની જીવ રાગનો કર્તા નથી, અકર્તા છે, જ્ઞાતા છે. આવી વાત છે.

## * કળશ ૨૦૪ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે અને આત્માને અકર્તા જ કહે છે; તેઓ આત્માના ઘાતક છે. તેમના પર જિનવાણીનો કોપ છે, કારણ કે સ્યાદ્વાદથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે.'

જુઓ, અન્યમતવાળા જગત-કર્તા ઈશ્વરને માને છે, જ્યારે કોઈ જૈનમતવાળા (-જૈનાભાસીઓ) રાગનો કર્તા જડકર્મ છે એમ માને છે. તેઓ બન્ને એક જાતની માન્યતાવાળા મિથ્યાદૃષ્ટિ છે; તેઓ આત્માના ઘાતક છે. એટલે શું? કે વિપરીત માન્યતા વડે તેઓ નિરંતર નિજ આત્મદ્રવ્યની હિંસા જ કરે છે તેથી આત્મઘાતી છે. તેમના પર જિનવાણીનો કોપ છે. જિનવાણી આત્માને કથંચિત્ કર્તા કહે છે, અને આ આત્માને સર્વથા અકર્તા જ માને છે. આ પ્રમાણે તેમના પર જિનવાણીનો કોપ છે, અર્થાત્ તેઓ જિનવાણીના વિરાધક છે.

અજ્ઞાની જીવ પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને જાણતો નથી. તેની દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર પડી છે, તેથી તે રાગનો કર્તા થાય છે. આમ અનાદિથી આત્મા પોતાના વિકારી ભાવોનો, પરની અપેક્ષા વિના, સ્વતંત્ર કર્તા છે; એવો એનો પર્યાયધર્મ છે.

પરંતુ આ (-જૈનાભાસી) માને છે કે વિકાર કર્મને લઈને થાય છે, આત્મા એનો કર્તા નથી. તેની આ માન્યતા જૂઠી છે કેમકે પરદ્રવ્યને અને આત્મદ્રવ્યને કાંઈપણ (-કર્તાકર્મ આદિ) સંબંધ નથી. (જુઓ કળશ ૨૦૦)

જગતની રચના ઈશ્વરે કરી છે એ જેમ જૂઠી વાત છે તેમ અજ્ઞાનીની બધી જૂઠી કલ્પનાઓ છે. ચૌદ બ્રહ્માંડ તે અણકરાયેલી-અકૃત્રિમ ચીજ છે; અનાદિ વસ્તુસ્થિતિ છે. તેમ એને જે વિકાર થાય છે તે એની જન્મક્ષણ છે. અલબત વિકાર નિમિત્તાધીન થવાથી ઉત્પન્ન થાય છે, તોપણ નિમિત્ત વિકાર કરી-કરાવી દે છે એમ નથી. પોતે કર્મને વશ થઈને વિકાર કરે છે, પણ કર્મ એને વિકાર કરાવે છે એમ નથી.

પ્રવચનસારમાં ૪૭ નયમાં એક ઈશ્વરનય કહેલ છે. આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે; એટલે કે આત્મા નિમિત્તને આધીન થઈને પોતે પરતંત્ર થાય છે, કર્મ એને પરતંત્ર કરે છે એમ નહિ. ચંદ્રપ્રભુ ભગવાનની જયમાલામાં પણ આવે છે ને કે-

કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ;

અગ્નિ સહૈ ઘનઘાત, લોહકી સંગતિ પાઈ.

એકલી અગ્નિ પર ઘણના ઘા પડતા નથી, પણ લોઢાની તે સંગતિ કરે તો માથે ઘણના ઘા પડે છે. તેમ એકલા આત્માને વિકાર નથી, નિર્વિકાર છે. પણ સ્વભાવને છોડી નિમિત્તના-કર્મના સંગે પરિણમે તો વિકાર થાય છે. એમાં કર્મનો તો કાંઈ વાંક નથી, પોતે એના સંગમાં જાય એ પોતાનો જ અપરાધ છે.

એક મોટા પંડિત અહીં આવેલા તે કહેતા -મહારાજ! આ તમે કહો છો એવી તો અમારી પઢાઈ (-ભણતર) નથી; અમારા પંડિતો ને ત્યાગીઓની તો આવી પઢાઈ છે કે-નિમિત્તથી વિકાર થાય, નિમિત્તથી કાર્ય થાય આદિ.

પણ ભાઈ! જો તો ખરો, અહીં આ શું કહે છે? કે જડકર્મથી જ વિકાર થાય છે અને આત્મા એનો સર્વથા કર્તા નથી એમ માનનારા આત્મઘાતી મિથ્યાદૃષ્ટિ છે. વાસ્તવમાં ભાઈ! પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપને ભૂલીને અજ્ઞાની જીવ સ્વતંત્ર રાગનો કર્તા છે, તેને કર્મ રાગ કરાવે છે એ વાત ત્રણકાળમાં સત્યાર્થ નથી. સો એ સો ટકા વિકાર થાય છે તે જીવને પોતાથી થાય છે, તેમાં કર્મનું એક દોકડો પણ કર્તાપણું નથી. અત્યારે તો બધે મોટી ગડબડ ઊભી થઈ છે; મૂળમાં જ મોટો ફેર છે. પણ બાપુ! યથાર્થ નિર્ણય નહિ કરે તો તને મોટું નુકશાન છે. જો, આ શું કહે છે? -

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બીડાઈ ગયેલી છે; તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્ય ભગવાન સ્યાદ્વાદ અનુસાર જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે.'

સમયસાર કળશ ૧૭૫ માં કહ્યું છે કે-આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદીય નથી; તેને જે વિકાર થાય છે તેમાં નિમિત્ત પરદ્રવ્યનો સંગ જ છે– 'तस्मिन्निमित्तं पर–संग एव' –આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે, કોઈએ કરેલો નથી. અજ્ઞાનીને નિજ દ્રવ્યસ્વભાવનું ભાન નથી, તેથી તે બાહ્ય નિમિત્તના-પરદ્રવ્યના સંગે પરિણમે છે અને તેથી તેને વિકાર જ થાય છે. સમકિતીને જેટલો સ્વભાવનો સંગ-સંબંધ છે તેટલી નિર્મળ-નિર્વિકાર દશા છે, ધર્મ છે અને જેટલો પરદ્રવ્યના-નિમિત્તના પ્રસંગમાં જાય છે તેટલો તેને ત્યાં રાગ થાય છે; પણ તેનો એ જ્ઞાતા છે; કર્તા નથી; અજ્ઞાની વિકારનો કર્તા થાય છે. આ સ્યાદ્વાદ છે.

પંચાસ્તિકાયની ૬૨ મી ગાથામાં આ સ્પષ્ટ વાત છે કે વિકાર થાય છે તે પોતાના ષટ્કારકના પરિણમનથી જીવને સ્વતંત્રપણે થાય છે, તેમાં પરકારકોની કોઈ અપેક્ષા નથી. જીવને વિકાર થાય એમાં નિશ્ચયથી પરની અપેક્ષા બીલકુલ નથી.

ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી; આ તો આગમથી, ન્યાયથી, યુક્તિથી વસ્તુસ્થિતિ નિર્બાધ સિદ્ધ થાય છે. છતાં આત્મા સર્વથા અકર્તા જ છે એમ કહેનારા મિથ્યાત્વગ્રસ્ત પુરુષોના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્ય ભગવાન, જેવી વસ્તુસ્થિતિ છે તેવી, ગાથાઓમાં હવે કહે છે.

[ પ્રવચન નં. ૩૮૯ થી ૩૯૧ * દિનાંક ૧૭-૭-૭૭ થી ૧૯-૭-૭૭ ]

ॐ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# ગાથા ૩૩૨ થી ૩૪૪

कम्मेहि दु अण्णाणी किज्जदि णाणी तहेव कम्मेहिं।
कम्मेहि सुवाविज्जदि जग्गाविज्जदि तहेव कम्मेहिं।। ३३२।।

कम्मेहि सुहाविज्जदि दुक्खाविज्जदि तहेव कम्मेहिं।
कम्मेहि य मिच्छत्तं णिज्जदि णिज्जदि असंजमं चेव।। ३३३।।

कम्मेहि भमाडिज्जदि उड्ढमहो चावि तिरियलोयं च।
कम्मेहि चेव किज्जदि सुहासुहं जेत्तियं किंचि।। ३३४।।

जम्हा कम्मं कुव्वदि कम्मं देदि हरदि त्ति जं किंचि।
तम्हा उ सव्वजीवा अकारगा होंति आवण्णा।। ३३५।।

पुरिसित्थियाहिलासी इत्थीकम्मं च पुरिसमहिलसदि।
एसा आयरियपरंपरागदा एरिसी दु सुदी।। ३३६।।

'આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે' એવા અર્થની ગાથાઓ હવે કહે છે:–

"કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી, કર્મો જગાડે જીવને; ૩૩૨.

કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.

કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે. ૩૩૪.

કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે, -સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.

વળી 'પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઈચ્છે પુરુષને'
-એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.

तम्हा ण को वि जीवो अबंभचारी दु अम्ह उवदेसे।
जम्हा कम्मं चेव हि कम्मं अहिलसदि इदि भणिदं।। ३३७।।

जम्हा धादेदि परं परेण घादिज्जदे य सा पयडी।
एदेणत्थेणं किर भण्णदि परघादणामेत्ति।। ३३८।।

तम्हा ण को वि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे।
जम्हा कम्मं चेव हि कम्मं घादेदि इदि भणिदं।। ३३९।।

एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा।
तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे।। ३४०।।

अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणदि।
एसो मिच्छसहावो तुम्हं एयं मुणंतस्स।। ३४१।।

अप्पा णिच्चोऽसंखेज्जपदेसो देसिदो दु समयम्हि।
ण वि सो सक्कदि तत्तो हीणो अहिओ य कादुं जे।। ३४२।।

એ રીત 'કર્મ જ કર્મને ઈચ્છે' -કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.

વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
-એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.

એ રીત 'કર્મ જ કર્મને હણતું' -કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં." ૩૩૯.

એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.

અથવા તું માને 'આતમા મારો કરે નિજ આત્મને',
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.

જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवस्स जीवरूवं वित्थरदो जाण लोगमेत्तं खु।
तत्तो सो किं हीणो अहिओ य कहं कुणदि दव्वं।। ३४३।।

अह जाणगो दु भावो णाणसहावेण अच्छदे त्ति मदं।
तम्हा ण वि अप्पा अप्पयं तु सयमप्पणो कुणदि।। ३४४।।

कर्मभिस्तु अज्ञानी क्रियते ज्ञानी तथैव कर्मभिः।
कर्मभिः स्वाप्यते जागर्यते तथैव कर्मभिः।। ३३२।।

कर्मभिः सुखी क्रियते दुःखी क्रियते तथैव कर्मभिः।
कर्मभिश्च मिथ्यात्वं नीयते नीयतेऽसंयमं चैव।। ३३३।।

कर्मभिर्भ्राम्यते ऊर्ध्वमधश्चापि तिर्यग्लोकं च।
कर्मभिश्चैव क्रियते शुभाशुभं यावद्यत्किञ्चित्।। ३३४।।

यस्मात्कर्म करोति कर्म ददाति हरतीति यत्किञ्चित्।
तस्मात्तु सर्वजीवा अकारका भवन्त्यापन्नाः।। ३३५।।

**ગાથાર્થઃ-** “[कर्मभिः तु] કર્મો [अज्ञानी क्रियते] (જીવને) અજ્ઞાની કરે છે [तथा एव] તેમ જ [कर्मभिः ज्ञानी] કર્મો (જીવને) જ્ઞાની કરે છે, [कर्मभिः स्वाप्यते] કર્મો સુવાડે છે [तथा एव] તેમ જ [कर्मभिः जागर्यते] કર્મો જગાડે છે, [कर्मभिः सुखी क्रियते] કર્મો સુખી કરે છે [तथा एव] તેમ જ [कर्मभिः दुःखी क्रियते] કર્મો દુઃખી કરે છે, [कर्मभिः च मिथ्यात्वं नीयते] કર્મો મિથ્યાત્વ પમાડે છે [च एव] તેમ જ [असंयमं नीयते] કર્મો અસંયમ પમાડે છે, [कर्मभिः] કર્મો [उर्ध्वम् अधः च अपि तिर्यग्लोकं च] ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં [भ्राम्यते] ભમાવે છે, [यत्किञ्चित् यावत् शुभाशुभं] જે કાંઈ પણ જેટલું શુભ અશુભ છે તે બધું [कर्मभिः च एव क्रियते] કર્મો જ કરે છે. [यस्मात्] જેથી [कर्म करोति] કર્મ કરે છે, [कर्म ददाति] કર્મ આપે છે, [हरति] કર્મ હરી લે છે- [इति यत्किञ्चित्] એમ જે કાંઈ પણ કરે છે તે કર્મ જ કરે છે, [तस्मात् तु] તેથી [सर्वजीवाः] સર્વ જીવો [अकारकाः आपन्नाः भवन्ति] અકારક (અકર્તા) ઠરે છે.

વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.

માને તું- ‘જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિર રહે’,
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

पुरुषः स्त्र्यभिलाषी स्त्रीकर्म च पुरुषमभिलषति।
एषाचार्यपरम्परागतेद्दशी तु श्रुतिः।। ३३६ ।।

तस्मान्न कोऽपि जीवोऽब्रह्मचारी त्वस्माकमुपदेशे।
यस्मात्कर्म चैव हि कर्माभिलषतीति भणितम्।। ३३७ ।।

यस्माद्धन्ति परं परेण हन्यते च सा प्रकृतिः।
एतेनार्थेन किल भण्यते परघातनामेति।। ३३८ ।।

तस्मान्न कोऽपि जीव उपघातकोऽस्त्यस्माकमुपदेशे।
यस्मात्कर्म चैव हि कर्म हन्तीति भणितम्।। ३३९ ।।

एवं साङ्ख्योपदेशं ये तु प्ररूपयन्तीद्दशं श्रमणाः।
तेषां प्रकृतिः करोत्यात्मानश्चाकारकाः सर्वे।। ३४० ।।

વળી, [ पुरुषः ] પુરુષવેદકર્મ [ स्त्र्यभिलाषी ] સ્ત્રીનું અભિલાષી છે [ च ] અને [ स्त्रीकर्म ] સ્ત્રીવેદકર્મ [ पुरुषम् अभिलषति ] પુરુષની અભિલાષા કરે છે- [ एषा आचार्यपरम्परागता ईद्दशी तु श्रुतिः ] એવી આ આચાર્યની પરંપરાથી ઊતરી આવેલી શ્રુતિ છે; [ तस्मात् ] માટે [ अस्माकम् उपदेशे तु ] અમારા ઉપદેશમાં [ कः अपि जीवः ] કોઈ પણ જીવ [ अब्रह्मचारी न ] અબ્રહ્મચારી નથી, [ यस्मात् ] કારણ કે [ कर्म च एव हि ] કર્મ જ [ कर्म अभिलषति ] કર્મની અભિલાષા કરે છે [ इति भणितम् ] એમ કહ્યું છે.

વળી, [ यस्मात् परं हन्ति ] જે પરને હણે છે [ च ] અને [ परेण हन्यते ] જે પરથી હણાય છે [ सा प्रकृतिः ] તે પ્રકૃતિ છે- [ एतेन अर्थेन किल ] એ અર્થમાં [ परघातनाम इति भण्यते ] પરઘાતનામકર્મ કહેવામાં આવે છે, [ तस्मात् ] તેથી [ अस्माकम् उपदेशे ] અમારા ઉપદેશમાં [ कः अपि जीवः ] કોઈ પણ જીવ [ उपघातकः न अस्ति ] ઉપઘાતક (હણનાર) નથી [ यस्मात् ] કારણ કે [ कर्म च एव हि ] કર્મ જ [ कर्म हन्ति ] કર્મને હણે છે [ इति भणितम् ] એમ કહ્યું છે.”

(આચાર્યભગવાન કહે છે કેઃ-) [ एवं तु ] આ પ્રમાણે [ ईद्दशं साङ्ख्योपदेशं ] આવો સાંખ્યમતનો ઉપદેશ [ ये श्रमणाः ] જે શ્રમણો (જૈન મુનિઓ) [ प्ररूपयन्ति ] પ્રરૂપે છે [ तेषां ] તેમના મતમાં [ प्रकृतिः करोति ] પ્રકૃતિ જ કરે છે [ आत्मानः च सर्वे ] અને આત્માઓ તો સર્વે [ अकारकाः ] અકારક છે એમ ઠરે છે!

[ अथवा ] અથવા (કર્તાપણાનો પક્ષ સાધવાને) [ मन्यसे ] જો તું એમ માને કે ‘[ मम आत्मा ] મારો આત્મા [ आत्मनः ] પોતાના [ आत्मानम् ] (દ્રવ્યરૂપ)

अथवा मन्यसे ममात्मात्मानमात्मन: करोति।
एष मिथ्यास्वभाव: तवैतज्जानत:।।३४१।।

आत्मा नित्योऽसङ्ख्येयप्रदेशो दर्शितस्तु समये।
नापि स शक्यते ततो हीनोऽधिकश्च कर्तु यत्।।३४२।।

जीवस्य जीवरूपं विस्तरतो जानीहि लोकमात्रं खलु।
तत: स किं हीनोऽधिको वा कथं करोति द्रव्यम्।।३४३।।

अथ ज्ञायकस्तु भावो ज्ञानस्वभावेन तिष्ठतीति मतम्।
तस्मान्नाप्यात्मात्मानं तु स्वयमात्मन: करोति।।३४४।।

આત્માને [ करोति ] કરે છે’, [ एतत जानत: तव ] તો એવું જાણનારનો તારો [ एष: मिथ्यास्वभाव: ] એ મિથ્યાસ્વભાવ છે (અર્થાત્ એમ જાણવું તે તારો મિથ્યાસ્વભાવ છે); [ यद् ] કારણ કે- [ समये ] સિદ્ધાંતમાં [ आत्मा ] આત્માને [ नित्य: ] નિત્ય, [ असङ्ख्येय–प्रदेश: ] અસંખ્યાત-પ્રદેશી [ दर्शित: तु ] બતાવ્યો છે, [ तत: ] તેનાથી [ स: ] તેને [ हीन: अधिक: च ] હીન-અધિક [ कर्तु न अपि शक्यते ] કરી શકાતો નથી; [ विस्तरत: ] વળી વિસ્તારથી પણ [ जीवस्य जीवरूपं ] જીવનું જીવરૂપ [ खलु ] નિશ્ચયથી [ लोकमात्रं जानीहि ] લોકમાત્ર જાણ; [ तत: ] તેનાથી [ किं स: हीन: अधिक: वा ] શું તે હીન અથવા અધિક થાય છે? [ द्रव्यम् कथं करोति ] તો પછી (આત્મા) દ્રવ્યને (અર્થાત્ દ્રવ્યરૂપ આત્માને) કઈ રીતે કરે છે?

[ अथ ] અથવા જો ‘[ ज्ञायक: भाव: तु ] જ્ઞાયક ભાવ તો [ ज्ञानस्वभावेन तिष्ठति ] જ્ઞાનસ્વભાવે સ્થિત રહે છે’ [ इति मतम् ] એમ માનવામાં આવે, [ तस्मात् अपि ] તો એમ પણ [ आत्मा स्वयं ] આત્મા પોતે [ आत्मन: आत्मानं तु ] પોતાના આત્માને [ न करोति ] કરતો નથી એમ ઠરે છે!

(આ રીતે કર્તાપણું સાધવા માટે વિવક્ષા પલટીને જે પક્ષ કહ્યો તે ઘટતો નથી.)

(આ પ્રમાણે, કર્મનો કર્તા કર્મ જ માનવામાં આવે તો સ્યાદ્વાદ સાથે વિરોધ આવે છે; માટે આત્માને અજ્ઞાન-અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા માનવો, જેથી સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.)

**ટીકા**:- (અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છે:) “કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની (-અજ્ઞાનની) અનુપપત્તિ છે; કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય

વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ જગાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુખી કરે છે, કારણ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ દુઃખી કરે છે, કારણ કે અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ મિથ્યાદ્રષ્ટિ કરે છે, કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ અસંયમી કરે છે, કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યગ્લોકમાં ભમાવે છે, કારણ કે આનુપૂર્વી નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; બીજું પણ જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે તે બધુંય કર્મ જ કરે છે, કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે. એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે, તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે-સર્વે જીવો સદાય એકાંતે અકર્તા જ છે. વળી શ્રુતિ (ભગવાનની વાણી, શાસ્ત્ર) પણ એ જ અર્થને કહે છે; કારણ કે, (તે શ્રુતિ) 'પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે અને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે' એ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે, તથા 'જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે' એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તાપણાનો નિષેધ કરે છે, અને એ રીતે (અબ્રહ્મચર્યના તથા ઘાતના કર્તાપણાના નિષેધ દ્વારા) જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે."

(આચાર્યદેવ કહે છે કેઃ-) આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક *શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી 'જીવ કર્તા છે' એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે (અર્થાત્ ભગવાનની વાણીની વિરાધના થાય છે). વળી, 'કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને- કે જેઓ પર્યાયરૂપ છે તેમને-કરે છે, અને આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે માટે જીવ કર્તા છે; એ રીતે શ્રુતિનો કોપ થતો નથી' -એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે. (તે સમજાવવામાં આવે છેઃ) જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે, અસંખ્યાત-પ્રદેશી છે અને લોકપરિમાણ છે. તેમાં પ્રથમ, નિત્યનું કાર્યપણું બની શક્તું નથી, કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે. (આત્મા નિત્ય છે તેથી તે કૃતક અર્થાત્ કોઈએ કરેલો હોઈ શકે નહિ.) વળી

---

* શ્રમણાભાસ = મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવરાવનાર.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (-આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શક્તું નથી, કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય. (સ્કંધ અનેક પરમાણુઓનો બનેલો છે, માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય તેમ જ તેમાં પરમાણુઓ આવે; પરંતુ આત્મા નિશ્ચિત અસંખ્ય-પ્રદેશવાળું એક જ દ્રવ્ય હોવાથી તે પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ તેમ જ વધારે પ્રદેશોને લઈ શકે નહિ.) વળી સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી પરિમિત જેનો નિશ્ચિત નિજ *વિસ્તાર-સંગ્રહ છે (અર્થાત્ લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે) તેને (-આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શક્તું નથી, કારણ કે પ્રદેશોનાં સંકોચ-વિસ્તાર થવાં છતાં પણ, સૂકા-ભીના ચામડાની માફક, નિશ્ચિત નિજ વિસ્તારને લીધે તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી. (આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શક્તું નથી.) વળી, "વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે અને એમ સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી; અને મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે; તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે"-આવી જે વાસના (અભિપ્રાય, વલણ) પ્રગટ કરવામાં આવે છે તે પણ 'આત્મા આત્માને કરે છે' એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે (કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).

માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું); તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો (-જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.

**ભાવાર્થઃ-** કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે અને વિવક્ષા પલટીને એમ કહે છે કે-

---

* સંગ્રહ = જથ્થો; મોટપ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( शार्दूलविक्रीडित )

**माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः**
**कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।**
**ऊर्ध्वम् तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं**
**पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्।।२०५।।**

"આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે, કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે; અજ્ઞાન, જ્ઞાન, સૂવું, જાગવું, સુખ, દુઃખ, મિથ્યાત્વ, અસંયમ, ચાર ગતિઓમાં ભ્રમણ-એ બધાંને, તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે." વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે- "વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે." આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે અને પુરુષને અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું. માટે જિનવાણી તો સ્યાદ્વાદ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. જિનવાણીના કોપના ભયથી જો તેઓ વિવક્ષા પલટીને એમ કહે કે-"ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી;" તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત પ્રદેશોવાળો છે, લોકપરિમાણ છે, તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટયો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છેઃ-

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अमी आर्हताः अपि ] આ અર્હત્‌ના મતના અનુયાયીઓ અર્થાત્

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मालिनी )

**क्षणिकमिदमिहैक: कल्पयित्वात्मतत्त्वं**
**निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम्।**
**अपहरति विमोहं तस्य नित्यामृतौघै:**
**स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव।।२०६।।**

જૈનો પણ [ पुरुषं ] આત્માને, [ सांख्या: इव ] સાંખ્યમતીઓની જેમ, [ अकर्तारम् मा स्पृशन्तु ] ( સર્વથા ) અકર્તા ન માનો; [ भेद–अवबोधात् अध: ] ભેદજ્ઞાન થયા પહેલાં [ तं किल ] તેને [ सदा ] નિરન્તર [ कर्तारम् कलयन्तु ] કર્તા માનો, [ तु ] અને [ ऊर्ध्वम् ] ભેદજ્ઞાન થયા પછી [ उद्धत–बोध–धाम–नियतं स्वयं प्रत्यक्षम् एनम् ] ઉદ્ધત *જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને [ च्युत–कर्तृभावम् अचलं एकं परम् ज्ञातारम् ] કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ [ पश्यन्तु ] દેખો.

**ભાવાર્થઃ-** સાંખ્યમતીઓ પુરુષને સર્વથા એકાંતથી અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે; અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે, તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી, તેને સંસાર કેવો? આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે. સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીઓ મિથ્યાદ્રષ્ટિ છે; અને જો જૈનો પણ એવું માને તો તેઓ પણ મિથ્યાદ્રષ્ટિ છે. તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિકનો-પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો. આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું-એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્વાદ મત જૈનોનો છે; અને વસ્તુસ્વભાવ પણ એવો જ છે, કલ્પના નથી. આવું ( સ્યાદ્વાદ અનુસાર ) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે; સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે. ૨૦૫.

હવેની ગાથાઓમાં, 'કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે' એવું માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતીઓને તેમની સર્વથા એકાંત માન્યતામાં દૂષણ બતાવશે અને સ્યાદ્વાદ અનુસાર જે રીતે વસ્તુસ્વરૂપ અર્થાત્ કર્તાભોક્તાપણું છે તે રીતે કહેશે. તે ગાથાઓની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इह ] આ જગતમાં [ एक: ] કોઈ એક તો ( અર્થાત્ ક્ષણિકવાદી

---

* જ્ઞાનધામ = જ્ઞાનમંદિર; જ્ઞાનપ્રકાશ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બૌદ્ધમતી તો ) [ इदम् आत्मतत्त्वं क्षणिकम् कल्पयित्वा ] આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને [ निज–मनसि ] પોતાના મનમાં [ कर्तृ–भोक्त्रोः विभेदं विधत्ते ] કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે (-અન્ય કર્તા છે અને અન્ય ભોક્તા છે એવું માને છે); [ तस्य विमोहं ] તેના મોહને (અજ્ઞાનને) [ अयम् चित्–चमत्कारः एव स्वयम् ] આ ચૈતન્યચમત્કાર જ પોતે [ नित्य–अमृत–ओधैः ] નિત્યતારૂપ અમૃતના ઓઘ (-સમૂહો) વડે [ अभिषिञ्चन् ] અભિસિંચન કરતો થકો, [ अपहरति ] દૂર કરે છે.

**ભાવાર્થઃ-** ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે, અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી ક્ષણે નથી-એમ માને છે. આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ? આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે-કે જે (ચૈતન્ય) અનુભવગોચર નિત્ય છે. પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે 'હું પહેલાં હતો તે જ છું'; આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે. અહીં બૌદ્ધમતી કહે છે કે- 'જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું' એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે; એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય, સમસ્ત કલેશ મટે. તેનો ઉત્તર આપવામાં આવે છે કે-"હે બૌદ્ધ! તું આ જે દલીલ કરે છે તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે? વળી તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે? જો અનેક આત્માઓ પલટાઈ જતા હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી; તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું? * આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે કે આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો તે યથાર્થ નથી. માટે એમ સમજવું કે-આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે, વસ્તુસ્વરૂપ નથી; અમે (જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે." ૨૦૬.

ફરી, ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

---

* જો એમ કહેવામાં આવે કે 'આત્મા તો નાશ પામે છે પણ તે સંસ્કાર મૂક્તો જાય છે' તો તે પણ યથાર્થ નથી; આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે? વળી કદાપિ એક આત્મા સંસ્કાર મૂક્તો જાય, તોપણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

**वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमन्नाशकल्पनात्।**
**अन्यः करोति भुंक्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा।। २०७।।**

**શ્લોકાર્થઃ-** [ वृति–अंश–भेदतः ] વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે [ अत्यन्तं वृत्तिमत्–नाश–कल्पनात् ] 'વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે' એવી કલ્પના દ્વારા [ अन्यः करोति ] 'અન્ય કરે છે અને [ अन्यः भुंक्ते ] અન્ય ભોગવે છે' [ इति एकान्तः मा चकास्तु ] એવો એકાંત ન પ્રકાશો.

**ભાવાર્થઃ-** દ્રવ્યની અવસ્થાઓ ક્ષણે ક્ષણે નાશ પામતી હોવાથી બૌદ્ધમતી એમ માને છે કે 'દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે' . આવી એકાંત માન્યતા મિથ્યા છે. જો અવસ્થાવાન પદાર્થનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય? એ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવવાથી શૂન્યનો પ્રસંગ આવે છે. ૨૦૭.

* * *

## સમયસાર ગાથા ૩૩૨ થી ૩૪૪ : મથાળું

આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે-એવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ-

## * ગાથા ૩૩૨ થી ૩૪૪ : ટીકા ઉપરનું પ્રવચન *

'(અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છેઃ) -કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની (-અજ્ઞાનની) અનુપપત્તિ છે; કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે;.......'

જુઓ, આ અજ્ઞાની પક્ષ કરે છે કે-કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે. અહાહા...! આત્મા તો પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે; પણ પર્યાયમાં એને જે ઓછું જ્ઞાન દેખાય છે તે કર્મના ઉદયને લઈને ઓછું છે એમ અજ્ઞાનીનો પક્ષ છે; કારણ કે જ્ઞાનાવરણ કર્મના ઉદય વિના અજ્ઞાનની અનુપપત્તિ છે-આ એની દલીલ છે. વળી એને જ્ઞાનનો જે વિકાસ થાય છે તે જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી થાય છે; જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ વિના જ્ઞાનનો ઉઘાડ નથી-એમ અજ્ઞાની પોતાની દલીલ રજૂ કરે છે.

લ્યો, આમ કર્મ જ બધું કરે છે; કર્મ હેરાન કરે છે, કર્મ રખડાવે છે એમ જ્યાં હોય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ત્યાંથી જૈનમાં (જૈનાભાસોમાં) કર્મનું લાકડું બહુ ગરી ગયું છે. પણ ભાઈ! એ જિનમત નથી, ભગવાનની વાણીમાં આવેલી આ વાત નથી.

આ મેઘ ગર્જના કરે છે ને? તેમ સમોસરણમાં ભગવાનની વાણીની ગર્જના થાય છે. હોઠ અને મોં બંધ હોય છે, શરીરના સર્વાંગેથી ગર્જના- ૐધ્વનિ ઉઠે છે, ભગવાનની વાણીને શાસ્ત્રમાં મેઘગર્જનાની ઉપમા આપી છે. એ વાણી સાંભળીને ભગવાન ગણધરદેવ એનો અર્થ વિચારે છે ને તદનુસાર સંતો-મુનિવરો આગમની રચના કરે છે. અહાહા...! એમાંનું આ એક પરમાગમ શાસ્ત્ર છે. તેમાં કહે છે- કર્મ જીવને અજ્ઞાની કરે છે એવી માન્યતા જિનમત નથી, પણ અજ્ઞાનીનો પક્ષ છે.

શ્વેતાંબરના શાસ્ત્રો તો કલ્પિત બનાવેલાં છે. બે હજાર વર્ષ પર દિગંબરમાંથી છૂટા પડીને શ્વેતાંબર પંથ નવો નીકળ્યો છે. તેઓએ વસ્ત્રનો કટકો રાખીને મુનિપણું મનાવ્યું ને અર્ધફાલક તરીકે તેઓ ઓળખાયા. તેમાંથી પછી સ્થાનકવાસી આદિ બીજા સંપ્રદાયો નીકળ્યા છે. તે બધા કલ્પિત મતો છે ને તેમનાં શાસ્ત્રો પણ કલ્પિત બનાવેલાં છે.

હા, પણ તેમનું ખોટું હોય તે કાઢી નાખો, પણ સાચું હોય તે તો સાચું માનો?

શું સાચું? જેમાં ભેળસેળથી વાત હોય તેમાં શું સાચું હોય? કશુંય સાચું ન હોય; બધું જ કલ્પિત ખોટું છે. એમ તો એના લાખો શ્લોકો જોયા છે; બધું જ કલ્પિત છે.

અહીં કહે છે- કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે એવો અજ્ઞાનીનો પક્ષ છે પણ એ મિથ્યા છે. વાસ્તવમાં જ્ઞાનની જે હીણી દશા થાય છે તે પોતાના કારણે થાય છે અને ત્યારે એમાં જ્ઞાનાવરણ કર્મનો ઉદય નિમિત્તમાત્ર છે. કર્મ નિમિત્ત છે, બસ એટલું.

હવે દર્શનાવરણની વાત કરે છે.

'કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ જગાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે;'

જુઓ, અજ્ઞાની કહે છે કે નિદ્રા નામનું દર્શનાવરણીય કર્મ છે, તેનો ઉદય આવે તો જીવને સુવું પડે. નિદ્રા નામનું કર્મ જ જીવને સુવાડે છે. આમ અજ્ઞાની માને છે. વાસ્તવમાં તો જીવ પોતાના કારણે સુવાની અવસ્થાપણે પરિણમે છે;

કર્મનો ઉદય તો જડ પુદ્‌ગલરૂપ છે; એ ક્યાં જીવને અડેય છે? એ તો તે કાળે નિમિત્તમાત્ર છે.

વળી જેને વસ્તુના યથાર્થ સ્વરૂપનું ભાન નથી તે અજ્ઞાની કહે છે કર્મ જ જગાડે છે, કેમકે નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે. આમ બધું કર્મ જ કરે છે એમ અજ્ઞાની ભ્રમથી માને છે. કર્મનો ક્ષયોપશમ નિમિત્ત છે ને? તેથી કર્મ જગાડે છે એવો તેને ભ્રમ થઈ ગયો છે; વાસ્તવમાં એમ છે નહિ.

હવે ત્રીજા વેદનીય કર્મની વાત કરે છે.

'કર્મ જ સુખી કરે છે, કારણ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ દુઃખી કરે છે, કારણ કે અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે,....'

જીવને શરીર, કુટુંબ-પરિવાર, ધન-સંપત્તિ ઇત્યાદિ અનુકુળ સામગ્રી મળે છે તેમાં શાતાવેદનીય કર્મનો ઉદય નિમિત્ત છે. હવે તે સામગ્રીમાં તેને જે સુખબુદ્ધિ થાય છે તે કાંઈ શાતાવેદનીયનું કાર્ય નથી; પણ અજ્ઞાની એવું જૂઠું માને છે કે શાતાવેદનીયના ઉદય વિના જીવ સુખી ન થાય. બાહ્ય અનુકૂળ સાધનો મળે છે તે શાતાવેદનીયના ઉદય અનુસાર મળે છે એ વાત તો સાચી છે, પણ એમાં સુખની કલ્પના તો પોતે ઊભી કરી છે, એ કાંઈ શાતાવેદનીયના કારણે છે એમ નથી.

અનુકુળ સામગ્રી સુખનું કારણ નથી, ને પ્રતિકૂળ સામગ્રી દુઃખનું કારણ નથી; પણ અજ્ઞાની તેમાં પોતાને સુખી-દુઃખી થવાનું માને છે. રે અજ્ઞાન!

શરીરમાં રોગ આવે, નિર્ધનપણું આવે, વાંઝીયાપણું આવે ઇત્યાદિ બધું અશાતા કર્મના ઉદય અનુસાર હોય છે એ તો સાચું છે, પણ એમાં જે દુઃખની કલ્પના થાય છે તેમાં અશાતાકર્મનું કારણપણું નથી. અશાતા કર્મ એને દુઃખી કરે છે એ વાત તદ્દન ખોટી છે. અજ્ઞાનીએ બધું (સુખદુખ) કર્મથી થાય છે એમ ઊંધું માન્યું છે. આમ ત્રણ કર્મની વાત થઈ. હવે ચોથી મોહનીય પ્રકૃતિની વાત કરે છે.

'કર્મ જ મિથ્યાદ્રષ્ટિ કરે છે, કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;'

દર્શનમોહનીયનો ઉદય આવે ત્યારે જીવ મિથ્યાદ્રષ્ટિ થાય કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે, - આમ અજ્ઞાનીની દલીલ છે. પરંતુ આ વાત બરાબર નથી. પોતે ઊંધા પુરુષાર્થથી વસ્તુસ્વરૂપથી ઉલટી માન્યતા કરે છે તે પોતાનો જ અપરાધ છે, કર્મનું તેમાં કાંઈ જ કામ નથી.

જુઓ, ભગવાન કુંદકુંદાચાર્યદેવ દિગંબર મહાસંત હતા. મંગલાચરણમાં ભગવાન શ્રી મહાવીર અને ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી પછી મંગળપણે તરત જ તેમનું નામ આવે છે. અહા! એ આચાર્યનો આ પોકાર છે કે કર્મના ઉદયના કારણે જીવને વિકાર થાય છે એમ અજ્ઞાનીઓ માને છે પણ તે યથાર્થ નથી, સત્યાર્થ નથી.

વળી કોઈ કહે છે– ચોથે ગુણસ્થાને નિશ્ચયસમકિત ન હોય. અરે! સમકિત કોને કહેવું એની એને ખબર જ નથી. અહા! અંદર વસ્તુ નિત્યાનંદ જ્ઞાનાનંદપ્રભુ પોતે છે તેની સન્મુખ થતાં સ્વાનુભવની દશામાં 'હું આ છું' એવી પ્રતીતિ થાય એનું નામ સમકિત છે અને તે નિશ્ચય સમકિત છે; તે વીતરાગી દશા છે. સમકિતના સરાગ અને વીતરાગ એવા બે ભેદ તો ચારિત્રની અપેક્ષાએ કહ્યા છે, બાકી સમકિત–નિશ્ચય સમકિત તો સ્વયં રાગરહિત વીતરાગી નિર્મળ દશા જ છે. તે પોતાના અંતઃપુરુષાર્થથી પ્રગટ થાય છે.

જેને સમકિત પોતાના અંતઃપુરુષાર્થથી થાય છે તેમ મિથ્યાત્વ પોતાના ઊંધા–વિપરીત પુરુષાર્થથી થાય છે, તેમાં કર્મ કાંઈ કારણ છે એમ છે જ નહિ.

પણ નિમિત્ત તો છે ને?

નિમિત્ત છે એટલે શું? એટલે જ એમ અર્થ છે કે મોહનીય કર્મ કાંઈ (મિથ્યાત્વ) જીવમાં કરે છે એમ છે નહિ. નિમિત્ત તો પરવસ્તુ છે, એ જીવમાં શું કરે? (અડેય નહિ ત્યાં શું કરે?)

વળી અજ્ઞાની કહે છે– 'કર્મ જ અસંયમી કરે છે, કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;'

જુઓ, ઋષભદેવ ભગવાન જન્મથી જ ત્રણ જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિતી હતા. ૮૩ લાખ પૂર્વ સુધી તેમને ચારિત્ર ન આવ્યું, ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ત્યાં અજ્ઞાની કહે છે કે ચારિત્રમોહકર્મના ઉદયના કારણે તેમને ચારિત્ર પ્રગટ ન થયું. પણ ભાઈ! એ અભિપ્રાય સત્યાર્થ નથી. પોતાની (પુરુષાર્થની) નબળાઈને લઈને તેમને ચારિત્ર ન આવ્યું એ સત્યાર્થ છે. કર્મના ઉદયના નિમિત્તે તેમને ચારિત્રનો અભાવ હતો એમ કહેવું એ તો ઉપચાર છે, વાસ્તવિક નથી. આવી વાત છે. સમજાણું કાંઈ....?

વળી કોઈ બહારની (વ્રતાદિ રાગની) ક્રિયાને ચારિત્ર કહે છે, પણ ચારિત્રનું એ વાસ્તવિક સ્વરૂપ નથી. અહાહા....! અંદર વસ્તુ પોતે શુદ્ધ ચિદાનંદઘન ચૈતન્યમૂર્તિ પ્રભુ સદા વિરાજી રહેલ છે. તેની એકાગ્રતાપૂર્વક તલ્લીન થઈ પ્રચુર આનંદમાં રમતાં રમતાં તેમાં જ ઠરીને રહેવું તે ચારિત્ર છે અને તે ધર્મ છે. નિજાનંદસ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે, રાગની ક્રિયા કાંઈ ચારિત્ર નથી.

અહા! કર્મના નામે અત્યારે મોટો ગોટો ઉઠયો છે; એમ કે કર્મ જ જીવને

અસંયમી, વિકારી કરે છે. અરે ભાઈ! કર્મ તો જડ છે, એને લઈને જીવને વિકાર કેમ થાય? કર્મ નિમિત્ત હો, પણ જીવને વિકાર થાય છે એ તો પોતાને પોતાથી જ થાય છે. જીવને વિકાર થાય એ પર્યાયગત પોતાનો જ અપરાધ છે, કર્મનું એમાં કાંઈ કાર્ય નથી.

વાસુદેવના અવસાન થતાં બળદેવ એના શબને છ માસ સુધી ખભે ફેરવે છે તે કર્મના-ચારિત્રમોહના ઉદયને લઈને જ છે ને?

ના, એમ નથી. ચારિત્રમોહનો તે કાળે ઉદય હો ભલે, પણ બળદેવને જે અસંયમનો ભાવ આવે છે તે એની પુરુષાર્થની નબળાઈ છે અને તે તેનો પોતાનો જ અપરાધ છે; પોતાના અપરાધના કારણે જ તેને એવો અસંયમનો ભાવ આવે છે. અહા! સમ્યગ્દર્શન તો પછીની વાત, પહેલાં સાચો નિર્ણય તો કર બાપુ! પર્યાયમાં રાગાદિ થાય તે પોતાનો દોષ છે, કર્મનો નહિ-એવો સાચો નિર્ણય કર્યા વિના રાગ મટાડી સમકિત કરવાનો ઉદ્યમ કેમ થશે? અહો! આચાર્ય ભગવાને કરુણાનો ધોધ વહેવડાવ્યો છે; ભગવાનના આડતિયા થઈને માર્ગને જાહેર કર્યો છે. સમકિતીને અસંયમનો ભાવ છે તે તેની પોતાની કમજોરી છે; ત્યાં ચારિત્રમોહના ઉદયનું જોર છે એમ કહેવું એ તો નિમિત્તથી કથન છે અને તે પોતાની કમજોરીનું જ્ઞાન કરવા માટે છે. બાકી કર્મના ઉદયને લઈને જીવને અસંયમ છે એમ માને એ તો અજ્ઞાનભાવ છે, મિથ્યાત્વભાવ છે. હવે કહે છે-

'કર્મ જ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યગ્લોકમાં ભમાવે છે, કારણ કે આનુપૂર્વી નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'

આનુપૂર્વી નામનું એક કર્મ છે. બળદને નાકમાં નાથ નાખે છે ને? નાથ, નાથ. એ ખેંચીને જેમ બળદને લઈ જાય છે તેમ આનુપૂર્વી નામની પ્રકૃતિ આને નરકાદિમાં લઈ જાય છે એમ અજ્ઞાનીની દલીલ છે. જુઓ, શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી હતા, તીર્થંકરગોત્ર બાંધ્યું છે. પણ નરકગતિ-નામકર્મ બાંધ્યું હતું તો આનુપૂર્વી કર્મ તેમને નરકમાં લઈ ગયું. જુઓ! આ અજ્ઞાનીની માન્યતા! ભાઈ! શ્રેણીક રાજા પ્રથમ નરકક્ષેત્રમાં ગયા છે એ એવી જ પોતાની પર્યાયની યોગ્યતાથી ગયા છે. પોતાના ઊંધા પુરુષાર્થથી નરકગતિનું આયુ બંધાયેલું. તેના ઉદયકાળે તેમની પર્યાયની એવી જ યોગ્યતા હતી જે વડે તેઓ નરકમાં ગયા છે; કર્મને લઈને તેઓ નરકમાં ગયા છે અથવા કર્મ એમને નરકમાં ખેંચીને લઈ ગયું છે એમ છે જ નહિ. ભાઈ! કર્મ તો જડ છે, એ તારી ચીજમાં છે જ નહિ પછી એ તને શું કરે? કાંઈ ન કરે. બધું કર્મ કરે, કર્મ કરે એમ બધું કર્મથી થવાનું તેં માન્યું છે પણ ભાઈ! જેનો તારી ચીજમાં અભાવ છે એ કર્મ તને શું નુકશાન કરે?

વળી અજ્ઞાની કહે છે– 'બીજું પણ જે કાંઈપણ જેટલું શુભ-અશુભ છે તે બધુંય કર્મ જ કરે છે, કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે......'

જે કાંઈ શુભ-અશુભ ભાવ થાય છે તે કર્મ જ કરે છે એમ અજ્ઞાની જીવ માને છે. પણ એમ છે નહિ. વાસ્તવમાં શુભ-અશુભ ભાવ જે એને થાય છે તે પોતાના અવળા પુરુષાર્થથી થાય છે. શું કીધું? જેમ શુદ્ધભાવ થાય તે પોતાના સવળા (સમ્યક્) પુરુષાર્થથી થાય છે તેમ શુભ-અશુભ ભાવ થાય તે પોતાના અવળા (મિથ્યા) પુરુષાર્થથી થાય છે; કર્મના ઉદયના કારણે શુભ-અશુભ ભાવ થાય છે એમ છે જ નહિ.

અજ્ઞાની કહે છે-શું કરીએ? કર્મ માર્ગ આપે તો ધર્મ કરીએ ને?

અરે ભાઈ! કર્મ તો બિચારાં જડ છે; કર્મ બિચારે કૌન? એ તને ક્યાં નડે છે? કર્મને આધીન તારી જે દૃષ્ટિ છે એ જ મિથ્યા છે. જેટલું શુભ-અશુભ થાય તે જડ કર્મના લઈને થાય છે એ તારી દૃષ્ટિ જ, આચાર્ય કહે છે, મિથ્યા છે. કર્મ-બીજી ચીજ નિમિત્ત હો, પણ તને શુભ-અશુભભાવ જે થાય છે તે તો તારા પોતાના કારણે થાય છે, કર્મના કારણે નહિ.

ઝીણી વાત છે ભાઈ! જે શુભભાવરૂપ પરિણામ છે તે પરિણામીના (-જીવના) છે. તે પરિણામ કર્મની મંદતા છે માટે અહીં (-જીવમાં) થાય છે એમ નથી. પ્રશસ્તરાગ નામના કર્મનો ઉદય કર્તા અને શુભભાવ થાય તે એનું કાર્ય એમ છે નહિ. વળી શુભભાવ થાય તે કર્તા અને તે કાળમાં પરજીવોની દયા પળે તે એનું કાર્ય એમ પણ છે નહિ. પર્યાયમાં જે શુભભાવ થાય તેનો કર્તા તે પર્યાય અને કર્મ પણ તે પર્યાય છે. શુભરાગ કાર્ય અને દ્રવ્ય તેનું કર્તા એમ કહેવાય પણ ખરેખર તો પર્યાય જ પર્યાયનું કર્તા અને કર્મ છે.

અજ્ઞાની કહે છે-પ્રશસ્તરાગ નામના કર્મના ઉદય વિના આને શુભભાવ હોય નહિ. પણ એનો એ અભિપ્રાય સત્યાર્થ નથી. પ્રશસ્તરાગ કર્મનો ઉદય નિમિત્ત હો, પણ તેને લઈને શુભભાવ થાય છે એમ નથી. ભાઈ! યથાર્થ તત્ત્વની દૃષ્ટિ વિના કોઈ વ્રત કરે, તપ આચરે, ઉપવાસ કરી કરીને મરી જાય તોય શું? મિથ્યાદર્શનને લીધે તે સંસારમાં રખડતાં રખડતાં પરંપરા નરક-નિગોદાદિમાં જ જાય. બહુ આકરી વાત ભગવાન! પણ શું કરીએ? કુંદકુંદાચાર્ય કહે છે- "नग्गे मोक्खो भणियं" નાગાને મોક્ષ કહ્યો છે. અહા! જેને અંતરમાં તત્ત્વદૃષ્ટિ-વીતરાગદૃષ્ટિ પ્રગટી છે અને બહારમાં સહજ નગ્નદશા છે તેને મોક્ષનો માર્ગ ને મોક્ષ કહ્યો છે. વસ્ત્રસહિત મુનિપણું માનવું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એ તો માર્ગ જ નથી, ઉન્માર્ગ છે. આચાર્ય કહે છે-વસ્ત્રસહિત જે મુનિપણું માને-મનાવે તે નિગોદમાં ચાલ્યા જશે, લસણ-ડુંગળીમાં જઈને જન્મશે અને અનંતકાળ ત્યાં રહેશે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ એક વાર કરુણાર્દ્ર થઈ કહેલું કે-અરેરે! આ અમારો સત્યનો નાદ કોણ સાંભળશે? ભગવાનની વાણીનો આ પોકાર કે વસ્ત્રનો એક ધાગો પણ રાખીને મુનિપણું માને-મનાવે કે માનનારાને ભલો જાણે તે ત્રણેય નિગોદગામી છે; એકેન્દ્રિયમાં ઉપજી અનંતકાળ ત્યાં અનંત દુઃખમાં પડયા રહેશે.

અહીં કહે છે-દયા, દાન, વ્રત, તપ, ભક્તિ ઇત્યાદિનો જે શુભભાવ થાય છે તે જડકર્મનું-પ્રશસ્તરાગકર્મનું કાર્ય છે એમ છે નહિ. જડ કર્મ કર્તા થઈને જીવમાં શુભભાવ કરે છે એમ અજ્ઞાની માને છે એ એની મહાન ભૂલ છે, વિપરીતતા છે. શુભભાવ જે થાય છે એનો કર્તા જીવ પોતે છે અને એ જીવનું કર્મ છે, જડકર્મનું નહિ.

દ્રષ્ટિની અપેક્ષાએ જીવ શુભભાવનો કર્તા નથી એ બીજી વાત છે. પરંતુ શુભભાવનું પરિણમન પોતાની પર્યાયમાં છે અને એ અપેક્ષાએ એનું કર્તૃત્વ પોતાને છે એમ જ્ઞાન યથાર્થ જાણે છે. બાકી ખરેખર તો વિકારીભાવનું પરિણમન તે કર્તા, અને વિકારીભાવ થયો તે એનું કર્મ છે, દ્રવ્ય-ગુણને એમાં કાંઈ (કર્તાપણું) નથી. હવે આવી વાત બીજે (શ્વેતાંબરાદિમાં) ક્યાં છે બાપુ?

ભાઈ! આવો મનુષ્યભવ માંડ કોઈ પુણ્યયોગે મળ્યો છે તેમાં જો દ્રવ્યદ્રષ્ટિ પ્રગટ ન કરી તો પ્રભુ! તારા ઉતારા ક્યાં થશે? અરેરે! તત્ત્વદ્રષ્ટિ પામ્યા વિના ચોરાસીના ભવસિંધુમાં તું ક્યાંય ગોથાં ખાતો ડૂબીને મરી જઈશ! આવો માર્ગ સાંભળવા મળવોય આ કાળે દુર્લભ છે, માટે સાવધાન થા અને અંતર્દ્રષ્ટિ કર.

અહીં કહે છે-રાગ નામનું જડ કર્મ છે તેના મંદ ઉદય વિના જીવને શુભભાવ ન થાય એમ અજ્ઞાની માને છે. તેને આચાર્યદેવ કહે છે કે એમ નથી. શુભરાગનો કર્તા (અજ્ઞાનપણે) જીવ છે અને તે રાગ જીવનું કર્મ છે. જ્ઞાનભાવ પ્રગટતાં જ્ઞાની પર્યાયમાં જે રાગ થાય તેને પોતાનું કર્મ માનતા નથી, પર્યાયમાં રાગનું પરિણમન છે બસ એમ જ્ઞાનમાં જાણે છે. જૈન તત્ત્વ આવું બહુ સૂક્ષ્મ ને ગંભીર છે ભાઈ!

સત્ય બોલવાનો શુભભાવ થાય તે કર્મના ઉદયથી થાય છે એમ નથી. તેમ જ શુભભાવ છે માટે સત્ય બોલાય છે એમેય નથી. જડકર્મ કર્તા ને શુભભાવ એનું કાર્ય એમ નહિ, તથા શુભભાવ કર્તા ને ભાષા બોલાય તે એનું કાર્ય-એમ પણ નહિ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહાહા....! જુઓ આ તત્ત્વદૃષ્ટિ! બ્રહ્મચર્ય પાળવાનો શુભભાવ છે તે ધર્મ નહિ, વળી એ શુભભાવ જડકર્મના મંદ ઉદયને કારણે થયો છે એમ નહિ. તથા બ્રહ્મચર્યનો શુભભાવ છે માટે શરીરથી વિષયની ક્રિયા વિરામ પામી છે એમ પણ નહિ. અહો! કેવળીના કેડાયતીઓ-દિગંબર સંતોએ અલૌકિક વાતો કરી છે. ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી; આ તો જૈનદર્શન અર્થાત્ વસ્તુદર્શનની જાહેરાત છે.

એકવાર ઈસરીમાં ચર્ચા થયેલી. ત્યારે ત્યાગીગણ અને મોટા પંડિતોની રૂબરૂ પોકાર કરીને કહ્યું હતું કે-જીવની પર્યાયમાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે પોતાથી થાય છે; તે ભાવનો કર્તા પોતે, કર્મ પોતે અને કરણ પણ પોતે છે. તે ભાવ કર્મથી બીલકુલ થયો નથી. જીવની પર્યાયમાં વિકાર થાય છે તે પોતાના ષટ્કારકથી થાય છે, તેનો કર્તા જડકર્મ તો નથી, પણ દ્રવ્ય-ગુણ પણ એના કર્તા નથી.

ત્યારે કોઈ કોઈ તો આ વાત સાંભળીને ભડકી ઉઠયા અને કહેવા લાગ્યા- શું કર્મ વિના જીવને વિકાર થાય? કર્મ વિના જો વિકાર થાય તો તે સ્વભાવ થઈ જાય.

ત્યારે કહ્યું-જીવને પર્યાયમાં વિકાર થાય છે તે પર્યાયનો સ્વભાવ છે અને તે સ્વતંત્ર પોતાના ષટ્કારકથી થાય છે, તેમાં કર્મની બીલકુલ અપેક્ષા નથી. કર્મ વિના ન થાય અર્થાત્ કર્મથી થાય છે એ તો અજ્ઞાનીની માન્યતા છે. વળી,

જે કાંઈ અશુભ છે તે બધુંય કર્મ કરે છે, કારણ કે અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે-આ અજ્ઞાનીની દલીલ છે, પણ આ વાત બરાબર નથી, કેમકે હિંસા, જૂઠ, ચોરી, કુશીલ ઇત્યાદિ જે અશુભભાવ છે તે કાર્ય અને કર્મનો તીવ્ર ઉદય તે એનો કર્તા-એમ છે નહિ. કર્મથી વિકાર થાય છે એમ માનવું એ તો સાંખ્યમત છે, કોઈ જૈનો (જૈનાભાસો) આવું માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે.

અરે ભગવાન! તું અનંત બળનો સ્વામી મહા-બળિયો-બળવંત છો ને પ્રભુ! અહાહા...! અનંત અનંત પુરુષાર્થનો પિંડ પ્રભુ તું છો ને! જે ઘડીએ અંદર જાગીને જુએ તે ઘડીએ ખબર પડે કે જે રાગ થાય છે તે પર્યાયધર્મ છે, પર્યાયનું કર્તવ્ય છે, તે મારું (-દ્રવ્યનું) કર્તવ્ય નહિ અને જડ કર્મનું પણ નહિ.

હિંસાનો અશુભભાવ થાય તે કર્તા અને સામે પરજીવનો ઘાત થાય તે એનું કાર્ય એમ છે નહિ. જાડી બુદ્ધિવાળાને આ ઝીણું પડે પણ માર્ગ જ આવો છે ત્યાં બીજું શું થાય? ભાઈ! આ સમજ્યા વિના જ તું અનંતકાળથી ચારગતિમાં રખડી મર્યો છે. આ તો જૈન પરમેશ્વરનો પોકાર છે કે કર્મના તીવ્ર ઉદયના કારણે તને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


હિંસાદિનો અશુભભાવ થાય છે એવી તારી માન્યતા મિથ્યા છે. ભાઈ! પરદ્રવ્ય કારણ અને શુભાશુભ ભાવ એનું કાર્ય એ માન્યતા મિથ્યા છે.

બોટાદમાં એક શ્રીમદ્દ્ના અનુયાયી હતા. તે રાગ તાણી-તાણીને ભગવાનની સ્તુતિ-ભક્તિ કરે. તે પૂછતા-મહારાજ! દેવ-ગુરુને શું પર કહેવાય?

તેમને પૂછ્યું-હા, દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા પર છે, લાખવાર પર છે. પહેલાં તો એમને બેસે નહિ, પણ પછીથી નરમ થઈને કબુલ્યું કે મહારાજની વાત સાચી છે. ભાઈ! આ ક્યાં મહારાજની (કાનજીસ્વામીની) કલ્પિત વાત છે, આ તો વીતરાગ જૈન પરમેશ્વરનો પોકાર છે.

જીવને ચોરી કરવાનો અશુભભાવ થયો તે કર્મના ઉદયનું કાર્ય નથી. કર્મનો ઉદય હો, એ તે કાળે નિમિત્ત છે, પણ કર્મના ઉદયનું તે (અશુભભાવ) કાર્ય નથી; અને ચોરીની-પૈસા વગેરે ઉપાડી જવાની-જે ક્રિયા થઈ તે અશુભભાવનું કાર્ય નથી. આવી વાત છે.

ભાઈ! આમાં તો ઘણું બધું સમાવી દીધું છે. સૂક્ષ્મપણે વિચારીએ તો આ દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિ વ્યવહારરત્નત્રયના ભાવ-શુભભાવ તે કર્તા અને સમકિત આદિ નિર્મળરત્નત્રય પ્રગટ થાય તે એનું કાર્ય એમ નથી; કેમકે પરભાવ પરભાવનું કર્તા નથી. શુભભાવ જે પરભાવ છે તે કર્તા ને જીવની નિર્મળ ધર્મરૂપ પર્યાય પ્રગટી તે એનું કર્મ એમ છે નહિ. વ્યવહારથી નિશ્ચય પ્રગટે એ માન્યતા જ મિથ્યા છે.

અરે! પણ એને આ વિચારવાની ફુરસદ ક્યાં છે? આંધળે-બહેરું કૂટે રાખે છે. બિચારાને પાપના ધંધા આડે નવરાશ ન મળે; બાવીસ-બાવીસ કલાક તો રોજ બાયડી-છોકરાં સાચવવા પાછળ, રળવા-કમાવા પાછળ અને ખાન-પાન આદિ ભોગની પાછળ ચાલ્યા જાય. માંડ બે કલાક મળે તો કુગુરુ એને લૂંટી લે. અરે! એમ ને એમ એની જિંદગી પૂરી થઈ જાય ને ક્યાંય સંસારમાં અટવાઈ જાય, ખોવાઈ જાય! અહીં તો એમ કહેવું છે કે વ્યવહાર રત્નત્રયનો શુભરાગ કર્તા ને સમ્યગ્દર્શનની પર્યાય એનું કાર્ય એમ છે નહિ. અજ્ઞાની હોય તે જ એમ માને. બાપુ! મારગ તો આવો છે. હવે કહે છે-

'એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે, તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે- સર્વે જીવો સદાય એકાંતે અકર્તા જ છે.'

લ્યો, અજ્ઞાની કહે છે-બધુંય સ્વતંત્ર કર્મ જ કરે છે. અહીં 'સ્વતંત્ર' કેમ કહ્યું? કેમકે કર્તા સિદ્ધ કરવો છે ને? કર્મ કર્તા છે એમ નક્કી કરવું છે એટલે ત્યાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બધુંય કર્મ સ્વતંત્ર કરે છે એમ લીધું. આ સ્ત્રી, કુંટુંબ-પરિવાર, ધન-ધાન્ય, બાગ-બંગલા ઇત્યાદિ અનેક સામગ્રી કર્મ જ આપે છે એમ અજ્ઞાનીનું માનવું છે. પણ અરે ભાઈ! સંયોગમાં જે આ સામગ્રી આવે છે એ તો પોતાના કારણે પોતાથી-પોતાના ઉપાદાનથી આવે છે. સાતાવેદનીય આદિ કર્મનો ઉદય તો ત્યાં નિમિત્તમાત્ર છે. નિમિત્ત કાંઈ સામગ્રી બલાત્ ખેંચી લાવે છે એમ તો નથી, એ સામગ્રી તો પોતાના કાળમાં પોતાથી આવે છે ને પોતાથી જાય છે. છે તો આમ; પણ અજ્ઞાની કહે છે-કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે.

એમ કે કર્મનો (અસાતાનો) ઉદય આવે તો આદમી એકદમ રાંક-ગરીબ થઈ જાય. જયપુરમાં એકવાર એક ૮૦ વરસનો વૃદ્ધ પુરુષ ભીખ માગતાં જોયેલો. જોયો ત્યારે એમ લાગેલું કે આ કોઈ અસલ ભિખારી નથી. પછી પૂછયું કે આ કોણ છે? તો ખબર પડી કે એ તો એક મોટા ઝવેરીનો પુત્ર છે. બધું ખલાસ થઈ ગયું એટલે ભીખ માગે છે. હવે એ ભિખારી થઈ ગયો એ કર્મને લઈને થયો છે એમ અજ્ઞાની માને છે. વાસ્તવમાં તો જે સ્થિતિ થઈ છે તે એની પોતાની યોગ્યતાથી થઈ છે, કર્મથી થઈ છે એમ નથી; કર્મ તો નિમિત્તમાત્ર છે.

તો એમ આવે છે ને કે-

કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.

ભાઈ! એ તો બધાં નિમિત્તનાં કથન બાપુ! તે તે સ્થિતિના કાળે કર્મનો ઉદય નિમિત્ત છે તો નિમિત્તની મુખ્યતાથી કહેવાય કે 'કર્મે રાજા, કર્મે રંક;' બાકી કર્મ કાંઈ આપે છે કે હરી લે છે એમ વાસ્તવિક સ્વરૂપ નથી.

તોપણ અજ્ઞાની એમ જ કહે છે કે-કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે, તેથી અમે નિશ્ચય કરીએ છીએ કે-સર્વે જીવો સદાય એકાંતે અકર્તા જ છે. જીવ રાગનો કર્તા છે જ નહિ, રાગનો કર્તા કર્મ જ છે. નિગોદથી માંડીને સર્વ જીવો સદા એકાંતે અકર્તા જ છે, કર્મ જ કર્તા છે. વળી તે આ માન્યતાને આ પ્રમાણે દઢ કરે છે કે-

'વળી શ્રુતિ (ભગવાનની વાણી, શાસ્ત્ર) પણ એ જ અર્થને કહે છે; કારણ કે, (તે શ્રુતિ) "પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે અને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે." એ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે, તથા "જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે"- એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તાપણાનો નિષેધ કરે છે, અને એ રીતે (અબ્રહ્મચર્યના તથા ઘાતના કર્તાપણાના નિષેધ દ્વારા) જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે.'

જુઓ, આ અજ્ઞાનીની દલીલ! એમ કે શાસ્ત્રમાં એમ કહ્યું છે કે પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે ને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે. 'કર્મ અભિલાષા કરે છે' -શબ્દ તો છે એમ, પણ એનો અર્થ શું? આ તો નિમિત્તપ્રધાન કથન છે બાપુ! વાસ્તવિક તો અર્થ આ છે કે પુરુષવેદનો ઉદય હોય તે કાળે સ્ત્રી સાથે રમવાનો ભાવ તે પુરુષને થાય છે અને તે ભાવ તે પુરુષ પોતે કરે છે. કર્મના ઉદયના કારણે તે ભાવ થાય છે એમ છે જ નહિ. તેવી રીતે સ્ત્રીવેદનો ઉદય હોય ત્યારે સ્ત્રી પોતે જ પુરુષ સાથે રમવાનો અભિલાષ કરે છે, કાંઈ કર્મના કારણે તેને અભિલાષ થાય છે એમ નથી. શાસ્ત્રમાં કયી પદ્ધતિથી કથન છે તે અજ્ઞાની સમજતો જ નથી. વાસ્તવમાં એક દ્રવ્યનું કાર્ય બીજું દ્રવ્ય કરે એમ કદી હોય જ નહિ. પણ કર્મ જ બધું કરે છે એમ તે માને છે ને? છેથી શાસ્ત્રનો આધાર લઈ જીવ અબ્રહ્મચર્યનો અકર્તા છે એમ જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો તે નિષેધ કરે છે. વળી,

આઠ કર્મમાં એક નામકર્મ છે. તેની પ્રકૃતિના ૯૩ ભેદ છે. તેમાં એક પરઘાતનામકર્મની પ્રકૃતિ છે, પરનો ઘાત થવામાં નિમિત્ત એવી પરઘાતનામકર્મની પ્રકૃતિ છે. અજ્ઞાની કહે છે-પરનો ઘાત કરે એવી પરઘાતનામકર્મ પ્રકૃતિ છે, અર્થાત્ પરઘાતનામકર્મને લઈને પરનો ઘાત થાય છે; પરંતુ એમ વસ્તુસ્વરૂપ નથી. પરઘાતનો-હિંસાનો ભાવ જીવ પોતે કરે છે, અને પરઘાતનામકર્મ તેમાં નિમિત્તમાત્ર છે. પરનો ઘાત થાય એ તો એનું-પરનું કાર્ય છે, તે કાર્યનો કર્તા જીવ નથી, કર્મ પણ નથી.

પરઘાતનો-હિંસાનો જીવને જે ભાવ થયો તેમાં પરઘાતનામકર્મ નિમિત્ત છે, પણ કર્મને લઈને તે ભાવ થયો છે એમ નથી તથા તે પરઘાતના-હિંસાના ભાવને લઈને પરમાં ઘાત થયો છે એમેય નથી. આ વસ્તુ સ્વરૂપ છે. પણ "જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે"-એવા નિમિત્તપ્રધાન વચનનો આશ્રય લઈ અજ્ઞાની જીવને ઘાતના-હિંસાના કર્તાપણાનો નિષેધ કરે છે. આ રીતે અબ્રહ્મચર્યના તથા ઘાતના કર્તાપણાનો નિષેધ કરી તે જીવને સર્વથા જ અકર્તાપણું જણાવે છે.

તેને આચાર્યદેવ કહે છે કે- 'આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી "જીવકર્તા છે"-એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે (અર્થાત્ ભગવાનની વાણીની વિરાધના થાય છે).'

અંદર મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવડાવે તે શ્રમણાભાસ

છે. મુનિ નહિ, પણ બાહ્યમાં મુનિ જેવો વેશ-લેબાસ હોય તે શ્રમણાભાસ છે. આ નગ્નદશાવાળાની વાત છે હોં; વસ્ત્રસહિત મુનિપણું માને-મનાવે તે તો કુલિંગ છે. અહીં તો જે બાહ્યમાં જેનું નગ્ન-દિગંબર લિંગ છે અને જે આવી સાંખ્યમતની પ્રરૂપણા કરે છે તે શ્રમણાભાસ છે એમ વાત છે. તેઓ પોતાની પ્રજ્ઞાના દોષથી શાસ્ત્રના ઊંધા અર્થ કરે છે.

કર્મને લઈને શુભભાવ થાય, કર્મને લઈને અશુભભાવ થાય, કર્મને લઈને પરઘાત થાય ને કર્મને લઈને અબ્રહ્મચર્ય થાય-આવી એકાંત પ્રરૂપણા કરનારા બધા અજ્ઞાનીઓ, સૂત્રના અર્થને નહિ જાણનારા એવા શ્રમણાભાસ છે. ભાઈ! કર્મ જ વિકારને કરે એમ માને તે સાંખ્યમત છે. જૈનમત નથી, જૈન નામધારી પણ જો આવી પ્રરૂપણા કરે તો તેઓ જૈનાભાસી છે, સાંખ્યમતી જેવા મિથ્યાદ્રષ્ટિ જ છે. જડ કર્મ નિમિત્ત હો, પણ નિમિત્તને લઈને અહીં જીવમાં વિકારનું કાર્ય થાય છે એમ છે જ નહિ.

અહા! આચાર્ય કહે છે-એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી "જીવ કર્તા છે-" એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે, અર્થાત્ એ વડે ભગવાનની વાણીની અવશ્ય વિરાધના થાય છે. જીવને કર્મ જ રખડાવે છે, કર્મ જ હેરાન કરે છે, કર્મ જ વિકાર કરાવે છે, જીવ તો સર્વથા જ અકર્તા છે-આવું માનનારા જિનવાણીના વિરાધક છે.

અહાહા...! ભગવાનની શ્રુતિ તો "જીવ કર્તા છે"-એમ કહે છે. ભગવાનની વાણી તો આમ ફરમાવે છે કે પુણ્ય અને પાપના જે ભાવ જીવને થાય છે તેનો કર્તા કથંચિત્ જીવ પોતે છે, જડ કર્મ તેનો કર્તા નથી. અહા! તને જ્ઞાનની જે હીણી-દશા થાય તેનો કર્તા તું પોતે છો, જ્ઞાનાવરણીય કર્મ નહિ. કર્મ તો નિમિત્તમાત્ર છે. આમ હોવા છતાં જ્ઞાનાવરણીય કર્મ જ જ્ઞાનને હીણું કરે છે એમ માને તેના પર જિનવાણીનો કોપ છે, અર્થાત્ તેને ભગવાનની વાણીની વિરાધના થાય છે. આવી વાતુ!

'વળી કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને-કે જેઓ પર્યાયરૂપ છે તેમને કરે છે, અને આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે માટે જીવ કર્તા છે; એ રીતે શ્રુતિનો કોપ થતો નથી- એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે.'

જુઓ, પોતાની વાતને સિદ્ધ કરવા અજ્ઞાની દલીલ કરીને કહે છે કે-મિથ્યાત્વ, રાગદ્વેષ, અજ્ઞાનાદિ જેટલા પર્યાયરૂપ વિકારી ભાવ છે તેમને જડ કર્મ કરે છે અને

આત્મા તો આત્માને એકને દ્રવ્યરૂપને કરે છે. આ રીતે આત્મા કર્તા છે એમ આવી જાય છે. કર્તાપણું ને અકર્તાપણું બન્ને સિદ્ધ થઈ જાય છે માટે શ્રુતિનો કોપ થતો નથી અર્થાત્ જિનવાણીની વિરાધના થતી નથી.

તેને આચાર્ય કહે છે-ભાઈ! તારો આ અભિપ્રાય મિથ્યા જ છે; કેમકે દ્રવ્ય-ત્રિકાળી આત્મા તો નિત્ય ધ્રુવ એકરૂપ છે. એમાં શું કરવાનું છે! આત્મા એને શું કરે? આ તો વીતરાગનો મારગ ભાઈ! બધું ન્યાયથી-લોજીકથી સિદ્ધ થવું જોઈએ ને? ભાઈ! આ સમજ્યા વિના વ્રત, તપ આદિ ક્રિયાકાંડ તું કરે પણ એ બધાં એકડા વિનાનાં મીંડા છે હોં; થોથેથોથાં છે. એ બધું તારું રણમાં પોક મૂકવા જેવું છે.

અજ્ઞાનીનો ઉપરોક્ત અભિપ્રાય કેમ મિથ્યા છે તે હવે સમજાવવામાં આવે છેઃ-

'જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે. અસંખ્યાત-પ્રદેશી છે અને લોકપરિમાણ છે. તેમાં પ્રથમ નિત્યનું કાર્યપણું બની શકતું નથી. કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે.'

આત્મા પર્યાયે અનિત્ય છે પણ દ્રવ્યરૂપે અનાદિ અનંત નિત્ય છે. હવે અનિત્ય પર્યાયને જડ કર્મ કરે છે ને આત્મા આત્માને દ્રવ્યરૂપે કરે છે એમ અજ્ઞાનીની દલીલ છે. પણ ભાઈ! તારી આ વાત મિથ્યા છે; કેમકે જે ત્રિકાળ નિત્ય છે એને કરવાનું શું હોય? નિત્યનો કોઈ કર્તા નથી. જેમાં પલટના હોય તેમાં કાર્ય હોય, પણ જે નિત્ય ધ્રુવ છે તેમાં શું કરવાપણું હોય? નિત્યનું કાર્યપણું બની શકતું નથી, કેમકે કૃતકપણાને અને એકપણાને વિરોધ છે. કરવાપણું અને નિત્યપણું એ બન્નેને વિરોધ છે, અર્થાત્ કરવાપણું હોય ત્યાં નિત્યપણું ન હોય ને નિત્યપણું હોય ત્યાં કરવાપણું ન હોય. આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે તેથી તે કૃતક કોઈથી કરેલો ન હોય. અહાહા..! અનાદિ-અનંત ધ્રુવ એકરૂપ વસ્તુ પોતે દ્રવ્યપણે નિત્ય છે. ત્યાં આત્મા આત્માને, પોતે પોતાને કરે એ ક્યાંથી આવ્યું? એમ છે નહિ. એમ તું આત્માને કર્તા માન એ મિથ્યા છે.

હવે ક્ષેત્રથી વાત કરે છેઃ

'વળી અવસ્થિત અસંખ્યપ્રદેશી એક એવા તેને (-આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય.'

જુઓ, પુદ્‌ગલસ્કંધ છે તે અનેક પરમાણુઓનો બનેલો છે. આ શરીર છે તે અનેક પરમાણુનો બનેલો સ્કંધ છે. તેમાં સમયે સમયે કેટલાક નવા પરમાણુ આવે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અને કેટલાક તેમાંથી નીકળી જાય. પરમાણુના સ્કંધનો આવો જ સ્વભાવ છે. બાળકનું નાનું શરીર હોય તે જુવાન થાય ત્યારે મોટું અને પુષ્ટ લટ્ઠ જેવું બળવાન થાય અને વળી વૃદ્ધ અવસ્થા આવતાં તે શિથિલ થઈ જાય, ચામડીમાં કરચલીઓ પડી જાય. કેમ? કેમકે તેમાં કોઈ નવા પરમાણુ આવે અને કોઈ વિખરાઈ જાય; સ્કંધમાં આવું નિરંતર થયા જ કરે; પરંતુ આત્મા અસંખ્યપ્રદેશી અખંડ એક દ્રવ્ય છે, તેમાં કોઈ નવા પ્રદેશો આવે ને કોઈ પ્રદેશો તેમાંથી બહાર નીકળી જાય એમ બની શકતું નથી. માટે અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં પણ કાંઈ કરવાપણું સિદ્ધ થતું નથી. આ રીતે દ્રવ્યમાં ને ક્ષેત્રમાં કર્તાપણું સિદ્ધ થતું નથી; અને પર્યાયનું કર્તાપણું તો તું જડ કર્મમાં નાખે છે; તો પછી "આત્મા કર્તા છે" એમ ક્યાં સિદ્ધ થયું? શ્રુતિનો કોપ ક્યાં મટયો? આ તો ન્યાયથી વાત છે ભાઈ!

જુઓ, શું કહે છે? કે જીવને પ્રદેશોમાં પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય. એટલે શું? કે શરીરમાં જેમ પરમાણુઓ કોઈ નવા આવે ને કોઈ નીકળી જાય તેમ જીવદ્રવ્યમાં કોઈ નવા પ્રદેશો આવે ને કોઈ તેમાંથી નીકળી જાય તો જીવ અસંખ્યપ્રદેશી એક દ્રવ્ય જ ન રહે. પણ એમ બનતું જ નથી; કેમકે આત્મા નિશ્ચિત અસંખ્યપ્રદેશવાળું અખંડ એક દ્રવ્ય છે. આત્મા જેમ દ્રવ્યરૂપે ત્રિકાળ એક છે તેમ ક્ષેત્રરૂપે પણ ત્રિકાળ અખંડ એક છે. નિશ્ચિત અસંખ્યપ્રદેશ એ આત્માનો સ્વદેશ છે. આત્મા પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ તેમ નવા પ્રદેશોને લઈ શકે પણ નહિ. આ પ્રમાણે ત્રિકાળી દ્રવ્ય અને તેનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર-તેમાં કાંઈ પલટવાપણું-પ્રક્ષેપણ-આકર્ષણ-આવવું જવું-નહિ બનતું હોવાથી તેને કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવને જે વિકાર થાય તેનું કર્તા કર્મ જ છે અને આત્મા આત્માને એકને દ્રવ્યરૂપે કરે એવી તારી (-અજ્ઞાનીની) માન્યતા મિથ્યા-જૂઠી જ છે, સમજાણું કાંઈ.....?

અહો! આ સમયસાર તો કોઈ દિવ્ય અલૌકિક શાસ્ત્ર છે. પણ અરે! એને વાંચવા-વિચારવાની એને ફુરસદ ક્યાં છે? સ્વાધ્યાયની (સમ્યક્) પરંપરા રહી નહિ અને ઓઘેઓઘે વ્રત, તપ, દયા, દાન, ભક્તિ, જાત્રા ઇત્યાદિના શુભરાગમાં બિચારો ધર્મ માનીને રોકાઈ ગયો છે. પણ બાપુ! સત્યની સમજણ વિના, અંતરમાં સમ્યક્શ્રદ્ધાન નામ સમકિત પ્રગટ કર્યા વિના તારા એ ક્રિયાકાંડ કાંઈ કામ નહિ આવે. આ ક્રિયા કાંઈ તું નવી (પહેલી જ વાર) કરે છે એમ નથી. બાપુ! અનંતકાળમાં અનંતવાર તું નગ્ન દિગંબર સાધુ થયો છે, ને અનંતવાર મહાવ્રતાદિ પાળ્યાં છે. પણ એથી શું? હું ત્રિકાળી નિત્ય અસંખ્યપ્રદેશી અખંડ એક ચિદ્ઘનસ્વરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આત્મા છું, -એવા અંતર-અનુભવ વિના એ બધી ક્રિયા ફોગટ છે, સંસારની રખડપટ્ટી ખાતે છે.

હવે કહે છે- 'વળી સકલ લોકરૂપી ઘરના વિસ્તારથી પરિમિત જેનો નિશ્ચિત નિજ વિસ્તાર-સંગ્રહ છે (અર્થાત્ લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે) તેને (-આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્ય બની શકતું નથી, કારણ કે પ્રદેશોના સંકોચ-વિસ્તાર થવા છતાં પણ, સૂકા-ભીના ચામડાની માફક, નિશ્ચિત નિજ વિસ્તારને લીધે તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી. (આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી.)'

ત્રણકાળ-ત્રણલોક જેમના જ્ઞાનમાં યુગપદ જણાયા તે ભગવાન સર્વજ્ઞદેવે આ લોકનો વિસ્તાર દીઠો છે. તેના નિશ્ચિત અસંખ્ય પ્રદેશ છે અને એટલા જ એક જીવદ્રવ્યના નિશ્ચિત અસંખ્ય પ્રદેશો છે. લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી જીવવસ્તુ છે. આચાર્ય કહે છે- એ પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ જીવને કાર્યપણું બની શકતું નથી, કેમકે અસંખ્ય પ્રદેશોમાં સંકોચ-વિકાસ થાય પણ પ્રદેશોની સંખ્યા તો તેની તે જ અસંખ્ય રહે, તેમાં કોઈ હીના-અધિકતા કે વધ-ઘટ થતી નથી.

ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા શું ફરમાવે છે તે એક વાર ભગવાન! તું સાંભળ. કહે છે-આત્માના લોકપ્રમાણ અસંખ્ય પ્રદેશો છે તેમાં સંકોચ-વિકાસ થાય, પણ પ્રદેશોની સંખ્યામાં વધઘટ થતી નથી. કોઈ મનુષ્યદેહથી છૂટીને કીડીમાં જાય તો તેના અસંખ્ય પ્રદેશો સંકોચાઈ જાય, પણ પ્રદેશોની સંખ્યા ઓછી ન થાય. વળી તે જ જીવ હજારો જોજનના શરીરવાળો મચ્છ થાય તો પ્રદેશોનો વિકાસ થાય, પણ પ્રદેશોની સંખ્યા વધે નહિ. પ્રદેશની સંખ્યા તો એની એ જ અસંખ્ય રહે છે.

અહા! જીવ અનાદિકાલીન નિગોદની અવસ્થામાં રહ્યો છે. આ બટાટા ને ડુંગળી નથી આવતાં? અહાહા...! તેની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીર છે, ને એક એક શરીરમાં અનંત નિગોદિયા જીવ છે. તે પ્રત્યેક જીવના પ્રદેશો લોકપ્રમાણ અસંખ્યાત છે. સૂક્ષ્મ વાત છે પ્રભુ! એ પ્રદેશો ત્યાં સંકોચાઈ ગયા છે, પણ કાંઈ ઓછા થઈ ગયા છે એમ નથી. તે જ જીવ એક હજાર જોજનના શરીરવાળો મચ્છ થાય ત્યારે તેના પ્રદેશો તો એટલા ને એટલા જ છે, માત્ર ત્યાં પ્રદેશોનો વિકાસ (વિસ્તાર) થાય છે. સૂકું-ભીનું ચામડું સંકોચ-વિકાસ પામે છે, પણ તેથી સૂકું થતાં ઘટી ગયું ને ભીનું થતાં વધી ગયું-એમ નથી. તેમ અહીં કોઈ મોટો અબજોપતિ શેઠિયો હોય ને સ્વરૂપના ભાન વિના મિથ્યાશ્રદ્ધાનવશ પાપ ઉપજાવીને ગલુડિયામાં જન્મે ત્યાં તેના પ્રદેશોમાં સંકોચ થાય પણ તેની સંખ્યામાં કાંઈ ઘટે નહિ. અરે! દુઃખથી ભરેલી આ જન્મપરંપરામાં એને નાની-મોટી દેહની અનેક અવગાહના પ્રાપ્ત

થાય ત્યાં તેના પ્રદેશોમાં સંકોચ વિસ્તાર થાય છે પણ તેની પ્રદેશ-સંખ્યામાં કોઈ વધઘટ થતી નથી. આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી.

'વળી, "વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે અને એમ સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી; અને મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે; તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે" -આવી જે વાસના (અભિપ્રાય, વલણ) પ્રગટ કરવામાં આવે છે તે પણ "આત્મા આત્માને કરે છે" એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે (કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).

જુઓ, આત્મા દ્રવ્યે નિત્ય છે; તેથી આત્મા આત્માને કરે છે એમ અજ્ઞાની કહે છે એ સિદ્ધ થતું નથી.

વળી, આત્મા ક્ષેત્રપણે ત્રિકાળ નિયત છે; તેથી આત્મા આત્માને કરે છે એ ક્ષેત્રપણે પણ સિદ્ધ થતું નથી.

હવે આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે, તેથી આત્મા આત્માને કરે છે એ ભાવથી પણ સિદ્ધ થતું નથી એમ કહે છે. ત્યાં,

અજ્ઞાનીની દલીલ છે કે જ્ઞાયકભાવ ત્રિકાળ જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; અને જ્ઞાયકભાવને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા છે. માટે જ્ઞાયકભાવ છે તે મિથ્યાત્વાદિ વિકારને કરે એમ બને નહિ, તથા મિથ્યાત્વાદિ વિકાર થાય તો છે, તેથી તેનો કર્તા કર્મ જ છે. તેને આચાર્ય ભગવાન કહે છે-ભાઈ! તારી આ જે વાસના છે તે, "આત્મા આત્માને કરે છે" એવો જે તારો અભિપ્રાય છે તેને અત્યંતપણે હણે જ છે; કેમકે જ્ઞાયકભાવને ત્રિકાળ જ્ઞાનસ્વભાવે સ્થિત માનતાં આત્મા અકર્તા જ ઠર્યો, કોઈ રીતે કર્તા ન ઠર્યો.

આ પ્રમાણે આત્મા દ્રવ્યથી શું, કે ક્ષેત્રથી શું કે ભાવથી શું-ત્રણેમાંથી કોઈ રીતે કર્તા સિદ્ધ થતો નથી અને કાળથી-પર્યાયથી તું કર્તા બતાવતો નથી; પર્યાયનો કર્તા તો તું કર્મને ઠરાવે છે. માટે શ્રુતિના કોપથી બચવા આત્મા (કથંચિત્) કર્તા છે એમ તું દલીલ કરે છે તે મિથ્યા છે. વાસ્તવમાં પર્યાયદૃષ્ટિ જીવ તેને પર્યાયમાં જે વિકાર થાય છે તેનો તે પોતે જ કર્તા છે અને નિજ જ્ઞાયકભાવની દૃષ્ટિ થતાં જ્ઞાનભાવ પ્રગટ થવાથી તે રાગનો કર્તા નથી પણ જ્ઞાતા છે. આ વસ્તુસ્થિતિ છે. સમજાય છે કાંઈ....?

આચાર્ય કહે છે- 'માટે જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયકભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી, તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું);....'

અહાહા....! જાણગ... જાણગ..... જાણગ એવો જે એક જ્ઞાયકભાવ ધ્રુવસ્વભાવ સામાન્ય... સામાન્ય એવા જ્ઞાનસ્વભાવે સ્થિત છે. એમાં કાંઈ પલટવું નથી. અહાહા...! ભગવાન આત્મા ત્રિકાળી દ્રવ્ય પ્રભુ દ્રવ્યે નિત્ય છે, ક્ષેત્રે અસંખ્યપ્રદેશી નિત્ય છે અને ભાવથી સામાન્ય એક જ્ઞાયકભાવપણે નિત્ય છે. આવો એકરૂપ નિત્ય રહેનારો જ્ઞાયકભાવ હોવાથી તેમાં કાંઈ કર્તાપણું આવતું નથી.

આમ હોવા છતાં 'કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે....' 'કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવો...' એક કીધું ત્યાં તે ભાવોને કર્મ ઉપજાવે છે એમ અર્થ નથી. એ ભાવો ત્રિકાળી સ્વભાવના લક્ષે થયા નથી પણ પર-કર્મના નિમિત્તના સંબંધે થયા છે બસ એમ કહેવું છે. સમજાય છે કાંઈ....? તે ભાવો ઉપજે છે તેમાં કર્મનું નિમિત્ત છે બસ.

શું કહે છે? કે સામાન્ય એક જ્ઞાયકભાવ નિત્ય જ્ઞાનસ્વભાવે અવસ્થિત છે. આમ હોવા છતાં, 'કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે...' અહાહા....! કહે છે-હવે એ જ્ઞાયકભાવના વર્તમાનમાં (-એની વર્તમાન પર્યાયમાં) જ્યારે કર્મના સંબંધથી વિકાર થાય ત્યારે, તે કાળે એટલે તેના જ્ઞાનના કાળે, આ વિકારના પરિણામ તે જ્ઞેય અને હું તો તેને જાણનાર ભિન્ન જ્ઞાતા દ્રવ્ય છું. -એવા ભેદવિજ્ઞાનથી તે શૂન્ય છે. અનાદિથી તેને એવું ભેદવિજ્ઞાન નથી. સૂક્ષ્મ વાત છે પ્રભુ! રાગાદિ વિકારના પરિણામ થયા તેના જાણવાના કાળે તેનું (ભિન્નપણાનું) જ્ઞાન થવું જોઈએ. રાગાદિ વિકારના પરિણામ ભિન્ન અને તેને હું જાણનારો ભિન્ન-એવું ભેદજ્ઞાન થવું જોઈએ. પણ, કહે છે, આને એવા ભેદજ્ઞાનનો અનાદિ કાળથી જ અભાવ છે અને તેથી તે જ્ઞેય એવા રાગાદિ વિકારને પોતાના માને છે. લ્યો, આવી ભૂલ!

આત્મા જ્ઞાયકસ્વભાવી વસ્તુ નિત્ય ધ્રુવ ત્રિકાળ છે. તેમાં બદલવું નથી. પણ તેની પર્યાયમાં કર્મના નિમિત્તના સંબંધે રાગાદિ વિકાર થાય છે. તે વિકાર થવાના કાળે જ્ઞાન એને જાણે છે. અહા! આ દયા, દાન આદિ રાગના પરિણામ થયા તે જ્ઞેય ને હું તો તેને સ્પર્શ કર્યા વિના જ તેને જાણવાના સ્વભાવવાળો જ્ઞાયક છું- એમ ભિન્નપણું જાણવાને બદલે અનાદિથી એ આવા ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને

લીધે પોતાસ્વરૂપે જાણે તે રાગના પરિણામને પોતાસ્વરૂપ જાણે છે. રાગની જે ક્રિયા થઈ તે પોતાની છે એમ અજ્ઞાની જાણે છે. આ પ્રમાણે રાગને-પરને આત્મા તરીકે જાણતો એવો તે (-જ્ઞાયકભાવ) વિશેષઅપેક્ષાએ જ્ઞાનના પરિણામને અજ્ઞાનરૂપ કરતો, પર્યાયમાં મિથ્યાજ્ઞાનરૂપ કરતો આચાર્ય કહે છે, તે રાગનો કર્તા છે એમ સ્વીકારવું. આવી વાત!

કોઈને થાય કે હવે આ બધું ક્યાં સમજવા બેસવું? એને બદલે આપ દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિ કરવાનું કહો તો સહેલું સટ થઈ જાય. પણ બાપુ! જેને તું કરવાનું સહેલું સટ માને છે એ તો બધો રાગ છે અને એ તો પૃથક્ રહીને પરજ્ઞેય તરીકે જાણવાયોગ્ય છે. પણ એને બદલે તું એને કરવાયોગ્ય માને છે તે તારી કર્તાબુદ્ધિનું અજ્ઞાન જ છે. અજ્ઞાની જ તેને જાણવાકાળે પોતાને કરવાયોગ્ય જાણે છે અને એમ જાણતો તે તેનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ...? બાપુ! સમજ્યે જ છૂટકો છે. બાકી ચારગતિની જેલ ઊભી જ છે.

અહા! એને ક્યાં સુધી કર્તાપણું છે? તો કહે છે-

'તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો (-જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.'

જુઓ, પહેલાં કહ્યું કે- આ દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિ જે રાગનો વિકલ્પ ઉઠે છે તે પોતાની ચીજથી ભિન્ન પરજ્ઞેય છે, ને હું તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપી ચૈતન્યમહાપ્રભુ છું એવું જ્યાંસુધી ભેદજ્ઞાન ન થાય ત્યાંસુધી અજ્ઞાનપણે જીવ રાગનો કર્તા છે-એમ માનવું. રાગને પોતાનો જાણે, વા પોતાનું કર્તવ્ય જાણે ત્યાં સુધી ભેદજ્ઞાનના અભાવને લીધે જીવ રાગનો કર્તા છે; રાગને કર્મ (-પ્રકૃતિ) કરે છે એમ નહિ, પણ અજ્ઞાની જીવ પોતે રાગનો કર્તા છે. હવે આવો મારગ ને આવી વસ્તુસ્થિતિ છે.

અરેરે! ભાઈ! તેં મારગને યથાર્થ જાણ્યા વિના ચોરાસીના અનંત અનંત અવતાર કર્યા છે; કાગડાના, કુતરાના, કંથવાના અને નરકાદિના અનંત અનંત અવતાર કર્યા છે. આ પહેલી નરક છે ને? એની ઓછામાં ઓછી સ્થિતિ દશહજાર વર્ષની છે. એવી દશહજાર વર્ષની આયુસ્થિતિ લઈને ભગવાન! તું ત્યાં અનંતવાર જન્મ્યો-મર્યો છે. ત્યાંના દુઃખનું શું કહીએ? કોઈ મોટા વૈભવશીલ રાજાનો રાજકુમાર હોય, મહા કોમળ શરીર ને જુવાન-જોધ દશા હોય અને એ રાજકુમારને ધગધગતી-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભડભડતી જમશેદપુરની ભટ્ઠીમાં જીવતો નાખે તો જે દુઃખ થાય એથી અનંતગણું દુઃખ પહેલી નરકમાં છે. અહા! ત્યાં તું ભગવાન! દશહજાર વર્ષની સ્થિતિએ અને તેમાં એક એક સમય વધતાં વધતાં ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિએ-પ્રત્યેક આયુસ્થિતિમાં અનંત અનંત વાર જન્મ્યો છે. શું કીધું? દશહજાર વર્ષ, દશહજાર વર્ષ ને એક સમય, દશહજાર વર્ષ ને બે સમય, દશહજાર વર્ષ ને ત્રણ સમય.... એમ ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિએ પહોંચીને પ્રત્યેક આયુસ્થિતિમાં અનંતવાર ભગવાન! તેં જન્મ-મરણ કર્યાં છે. વળી પહેલી નરકની ઉત્કૃષ્ટ એક સાગરની સ્થિતિ માંડીને એક એક સમયની સ્થિતિ વધતાં સાતમી નરકની ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરની સ્થિતિએ પહોંચી દરેકમાં અનંતવાર જન્મ્યો-મર્યો છે. અહા! આવા અનંત અનંત ભવ અને અનંત અનંત દુઃખ! તું ભૂલી ગયો છે પ્રભુ! પણ મિથ્યાત્વને વશ તારી અનંતકાળના પરિભ્રમણમાં આવી ઘોર દુઃખની દશા થઈ છે.

આ કરોડોની સાહ્યબી, અનેક કારખાનાં, સ્ત્રી-કુટુંબ-પરિવાર ઇત્યાદિ બહારની ચમક-દમકમાં તું રાજી-રાજી થઈ ગયો છું પણ આ દેહ છૂટવાના કાળે એ બધું છૂટી જશે ભાઈ! ત્યારે સગી પત્ની પણ તારી નહિ હોય એ તો કહ્યું છે ને કે-

એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યો જ નહોતો;
કાઢો રે કાઢો રે એને સૌ કહે, જાણે કોઈ સગો જ નહોતો.

અહાહા....! જ્યાં દેહ પડયો ત્યાં કાઢો જ કાઢો- લ્યો, એમ સૌ મંડી પડે છે!

અહાહા......!

સગી નારી રે તારી કામની, ઊભી ટગટગ જુએ;
આ રે કાયામાં હવે કાંઈ નથી, એમ ટગરટગર રૂવે.

બાપુ! આવા આવા પણ અનંત ભવ થયા; શું કામના?

પોર-ગયે વર્ષે મુંબઈ ગયેલા; ત્યાં એક કરોડપતિ શેઠને ઘેર ગયા હતા. એની કરોડોની મિલ્કત. બંગલે ગયા તેમાંય બધે મખમલ પાથરેલું ને પાંચ-પચાસ લાખનું ફર્નીચર. મારા મનને થયું અરેરે! શેઠને અહીંથી (આના મોહપાશમાંથી) નીકળવું કઠણ પડશે! ત્યારે શેઠને કહ્યું-શેઠ! આ બધામાં (આ વૈભવમાં) ભગવાન આત્મા તું નહિ હોં; પ્રભુ! તું ક્યાં છો ને તારી ચીજ શું છે એની ખબર વિના તારા ભવનો અંત નહિ આવે, તું રઝળી મરીશ!

અહીં કહે છે-એ બહારનો વૈભવ તો દૂર રહો, આ દયા, દાન, વ્રત આદિના શુભભાવ પણ ત્યાં સુધી કરવાયોગ્ય ભાસે છે જ્યાં સુધી એને ભેદવિજ્ઞાનનો અભાવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે અને ત્યાં સુધી અજ્ઞાની જીવ કર્તા છે. પણ જ્યાં સૂક્ષ્મ વિકલ્પથી પણ ભિન્ન હું એક જ્ઞાયકસ્વભાવી ચિદાનંદઘન પ્રભુ આત્મા છું એમ અંતર્દૃષ્ટિ વડે તે ભેદવિજ્ઞાન સહિત થાય છે ત્યારે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયકભાવ) વિશેષઅપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય છે.

વિશેષ અપેક્ષાએ એટલે -ત્રિકાળી દ્રવ્ય-ગુણ-ક્ષેત્ર તો અકર્તા છે, તેમાં તો કરવાપણું નથી, વર્તમાન પર્યાયમાં પણ જ્યાં તે અંતર્મુખ થઈ જ્ઞાનસ્વભાવે પરિણમે છે, રાગરૂપે પરિણમતો નથી ત્યારે સાક્ષાત્ અકર્તા થાય છે -એમ કહેવું છે. રાગથી ખસીને જ્યાં જ્ઞાનસ્વભાવમાં વસ્યો ત્યાં સાક્ષાત્ અકર્તા થાય છે. એક ક્ષુલ્લકજી હતા, બહુ ભદ્રિક, અહીંનું સાંભળવા વારે ઘડીએ આવતા; તે બહુ પ્રમોદથી કહેતા- પરથી ખસ, સ્વમાં વસ; ટૂંકુ ને ટચ, આટલું કરે તો બસ. લ્યો, આનું નામ સાક્ષાત્ અકર્તાપણું; એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો કે ધર્મ કહો -એ બધું આ છે. શું? કે પરને પર અને સ્વને સ્વપણે જાણી, પરથી ખસી સ્વમાં વસવું, જ્ઞાનસ્વભાવમાં વસવું ને તેમાં જ ઠરવું તે સાક્ષાત્ અકર્તાપણું છે. ધર્મી જીવને કમજોરીનો રાગ થતો હોય છે, પણ તે રાગનો જરાય કર્તા થતો નથી, અકર્તા-જ્ઞાતા જ રહે છે.

પ્રવચનસારમાં આવે છે કે ધર્મીને કિંચિત્ રાગનું પરિણમન છે, અને પરિણમનની અપેક્ષાએ એટલું એને કર્તાપણું છે. રાગ કરવાલાયક છે એમ જ્ઞાનીને નથી તેથી દૃષ્ટિ અપેક્ષાએ તેને અકર્તા કહ્યો; તથાપિ જ્ઞાનની અપેક્ષા ધર્મી જાણે છે કે જેટલું રાગનું પરિણમન છે તેટલો દોષ છે અને તેટલું કર્તાપણું પરિણમનમાં છે. રાગ ઠીક છે, ભલો છે એમ ધર્મી પુરુષ માનતા નથી, હેય જ માને છે; તોપણ જેટલું પરિણમન છે તેટલું કર્તાપણું છે એમ યથાર્થ જાણે છે. આવી વાત છે.

કોઈને થાય કે ઘડીકમાં કર્તા કહે ને ઘડીકમાં અકર્તા કહે-આ તે કેવી વાત! ભાઈ! જ્યાં જે અપેક્ષાથી વાત હોય તેને તે રીતે યથાર્થ સમજવી જોઈએ. રાગથી ભિન્ન પડીને ચૈતન્યસ્વરૂપ નિજ શુદ્ધ આત્માને જાણ્યો-અનુભવ્યો અને ત્યારે રાગ પરજ્ઞેયપણે જણાયો ત્યારે તે સાક્ષાત્ અકર્તા થાય છે અને એનું નામ ધર્મ છે.

જ્યાં સુધી ભેદજ્ઞાનનો અભાવ છે ત્યાં સુધી જીવ રાગનો પોતે કર્તા છે એમ જાણવું અને ભેદજ્ઞાન થયે સાક્ષાત્ અકર્તા થાય છે.

## * ગાથા ૩૩૨ થી ૩૪૪ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે અને વિવક્ષા પલટીને એમ કહે છે કે -"આત્મા તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવકર્મનો અકર્તા જ છે, કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે; અજ્ઞાન, જ્ઞાન, સૂવું, જાગવું, સુખ, દુઃખ, મિથ્યાત્વ, અસંયમ, ચારગતિઓમાં ભ્રમણ-એ બધાંને, તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે." ......'

શું કહે છે? આ આત્મા જે વસ્તુ છે તેમાં જે શુભાશુભ વિકાર અને અલ્પજ્ઞદશા થાય છે તે કોઈ કર્મનું કાર્ય નથી. મિથ્યાત્વાદિ ભાવ મોહનીય કર્મને લઈને નથી; તથા અલ્પજ્ઞદશા જ્ઞાનાવરણીય કર્મને લઈને નથી. તો કેવી રીતે છે? તો કહે છે-અજ્ઞાનવશ જીવ પોતે જ તેનો કર્તા છે. અહીં પ્રથમ જીવનો પર્યાયસ્વભાવ સ્વતંત્ર સત્ હોવાનું સિદ્ધ કરે છે. વિકાર, અલ્પજ્ઞતા આદિ જીવને કર્મના કારણે થાય છે એ માન્યતા તદ્દન વિપરીત છે.

જુઓ, કોઈ અન્યમતવાળા ઈશ્વરને કર્તા માને, ઈશ્વરને લઈને બધું થાય છે એમ માને અને કોઈ જૈન (-જૈનાભાસી) મુનિઓ કર્મને લઈને બધું થાય છે, અલ્પજ્ઞતા આદિ કર્મ જ કરે છે એમ માને- ત્યાં એ બન્ને મિથ્યાદ્રષ્ટિ છે. અહા! જૈન મુનિઓ પણ સ્યાદ્વાદને સમજ્યા વિના એકાંત અભિપ્રાય કરે કે- 'આત્મા ભાવકર્મનો અકર્તા જ છે, કર્મપ્રકૃતિ જ ભાવકર્મને કરે છે' -એ મિથ્યાદર્શન છે.

પ્રત્યેક જીવ દ્રવ્યે શુદ્ધ છે, જ્ઞાનસ્વરૂપ અકર્તા છે. આ લીમડો છે ને? એ લીમડાના પાંદડામાં અસંખ્ય શરીર છે અને એકેક શરીરમાં એકેક જીવ છે. તે પ્રત્યેક જીવ શુદ્ધ ચૈતન્યસ્વભાવમય અકર્તા છે. આમ હોવા છતાં તેની પર્યાયમાં જે અલ્પજ્ઞતા ને વિકારની દશા થાય છે તે પોતાથી થાય છે, જડ કર્મને લઈને તે દશા થાય છે એમ નથી. તે વિકારની દશા તે તે પર્યાયનો સ્વભાવ છે. (તેને પ્રકૃતિસ્વભાવ કહીએ એ તો નિમિત્તનું કથન છે).

અહા! વિકારની દશા મને મારાથી મારામાં થઈ છે, છતાં મારી શુદ્ધ ચૈતન્યસ્વભાવમય વસ્તુમાં વિકાર નથી એવી જે પુરુષને અંતર્દ્રષ્ટિ પ્રગટ થઈ છે તેને ધર્મી પુરુષ કહીએ. ભાઈ! જૈનધર્મ એટલે શું? કે હું તો અખંડ એક જ્ઞાયકસ્વભાવી ચૈતન્યજ્યોતિમાત્ર વસ્તુ આત્મા છું-આવી નિર્વિકાર નિર્મળ અંતઃદ્રષ્ટિ થવી તે જૈન ધર્મ છે. જૈનધર્મ એ કોઈ વાડો કે સંપ્રદાય નથી; જૈનધર્મ તો વસ્તુનું સ્વરૂપ છે.

ભાઈ! આ ન્યાયથી સમજે તો સમજાય એવું છે. આત્મા શરીર, મન, વાણી, ઇન્દ્રિય ઇત્યાદિથી ત્રિકાળ ભિન્ન છે, કેમકે એ બધાં અત્યંત જડ છે; તેનો કર્તાહર્તા આત્મા નથી. પરંતુ એની પર્યાયમાં જે પુણ્ય-પાપ આદિ ભાવ અને અલ્પજ્ઞ દશા છે તે દશા પોતાનું જ કાર્ય છે, તે દશા કર્મનું કાર્ય નથી. અહા! પર્યાયની આવી સ્વતંત્રતા સ્વીકારે તે પર્યાયબુદ્ધિ છોડીને સ્વભાવદ્રષ્ટિ કરે-કરી શકે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જે પર્યાયને પરાધીન-કર્મને લઈને થવી માને છે તે સ્વભાવદષ્ટિ-સ્વાધીનતાની દષ્ટિ કેવી રીતે કરે? પરાધીનદષ્ટિવાળાને સ્વાધીનદષ્ટિ થવી સંભવિત નથી. ન્યાય સમજાય છે કે નહિ? જે વિકારી કે નિર્વિકારી પરિણામને પોતે સ્વતંત્રપણે કરે છે એમ સ્વીકારે તે જ પરનું લક્ષ છોડી સ્વના લક્ષે સ્વરૂપમાં જઈ શકે છે. આ ન્યાય છે.

જૈનધર્મનું સ્વરૂપ બહુ ઝીણું છે ભાઈ! અહીં દિગંબર સંતો-કેવળીના કેડાયતીઓ જગતને જાહેર કરે છે કે -કોઈ જૈન મુનિઓ (-જૈનાભાસીઓ) કર્મનો ઉદય ભાવકર્મને કરે છે એમ માને છે, પરંતુ તેમની એ માન્યતા જૈનમતથી તદ્દન વિપરીત છે, કેમકે જીવને વિકારની દશા સ્વતંત્ર પોતાથી થાય છે. અહા! આવું એક સમયની પર્યાયનું સત્ સ્વતંત્ર હોવાનું જેને અંતરમાં બેઠું તે અંદર ત્રિકાળી સત્ સહજ દ્રવ્યસ્વભાવ-નિર્મળ નિરાવરણ પૂરણ સ્વભાવ-જે પોતાની સ્વતંત્ર ચીજ છે તેમાં દષ્ટિ દે છે અને ત્યારે તેને ધર્મનું પહેલું પગથિયું એવું સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

આત્મા પરને કરે એ વાત તો છે નહિ; આત્મા પરને જાણે એમ કહેવું એય વ્યવહાર છે. વળી આત્મા આત્માને જાણે એટલો ભેદ પાડવો એ પણ વ્યવહાર છે. સમયસાર ગાથા ૩૫૬ થી ૩૬૫ ની ટીકામાં આવે છે કે-આત્મા પરદ્રવ્યને જાણે છે-એ વ્યવહાર કથન છે; આત્મા પોતાને જાણે છે-એમ કહેવામાં પણ સ્વસ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'જ્ઞાયક જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે. અહાહા....! દષ્ટિનો વિષય ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાયક જ્ઞાયક જ છે. -આ પરમાર્થ છે. અહાહા....! પોતે પોતાને જાણે-એવો ભેદ પણ જેમાં નથી એ જ્ઞાયક પ્રભુ જ્ઞાયક જ છે અને તે સમ્યગ્દર્શનનો વિષય છે, અર્થાત્ એક જ્ઞાયકના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આ ધર્મ પામવાની રીત છે. બાકી રાગ થાય તેનો કર્તા એકાંત જડ કર્મ જ છે એવી જેની પરાધીનદષ્ટિ છે તે ભલે બહારમાં જૈન મુનિ હોય તોપણ તે મિથ્યાદષ્ટિ જ છે, કેમકે તેને અંદર રહેલા ત્રિકાળી સ્વાધીન સ્વરૂપની દષ્ટિ થઈ નથી. સમજાણું કાંઈ....?

અરે ભાઈ! આ તો દેવાધિદેવ ત્રિલોકીનાથ પરમાત્માનાં કહેણ છે. અંતરમાં પ્રમોદ લાવીને તેનો સ્વીકાર કર. લૌકિકમાં પણ કોઈ મોટા ઘરનું કહેણ આવ્યું હોય તો, કન્યા બહુ મોટો લાખોનો કરિયાવર લઈને આવશે એમ સમજીને તેને સ્વીકારી લે છે. તો આ તો ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમેશ્વરનાં કહેણ! ભગવાન! તું જ્ઞાનાનંદસ્વભાવી એક જ્ઞાયકભાવમય પરમાત્મદ્રવ્ય છો-અહા! આવું ભગવાનનું કહેણ તને આવ્યું છે તે સ્વીકારી લે; તેથી નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની તેને પ્રાપ્તિ થશે. તું માલામાલ થઈ જઈશ પ્રભુ!

અહો! ભગવાનનો મારગ કોઈ અદ્ભુત અલૌકિક છે. તેને સમજવામાંય ઘણો

પુરુષાર્થ જોઈએ. કોઈ વિરલ પુરુષો જ તેને પ્રાપ્ત કરે છે. આવે છે ને (યોગસારમાં) કે-

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.

અહા! શુદ્ધ અંતઃતત્ત્વની આવી વાત સાંભળનારાય આજે તો અતિ દુર્લભ છે.

અહો! સર્વજ્ઞ પરમાત્મા ફરમાવે છે કે-તું પણ અંદર મારા જેવો પરમાત્મા છો. એક સમયની પર્યાયમાં ભૂલ છે; તે સ્વાધીન દૃષ્ટિ થતાં નીકળી જવા યોગ્ય છે.

અહા! આઠ વર્ષનો બાળક પણ સમજણ કરીને કેવળ લે એવી તેની શક્તિ છે. આઠ વર્ષનો રાજકુમાર હોય તે ગુરુ પાસે જઈ અતિ વિનયવંત થઈને સાંભળે ને તેને અંતરમાં બેસી જાય કે-અહો! હું તો પૂર્ણાનંદનો નાથ એકલી શાંતિનો પિંડ છું, મને બીજા કોઈની અપેક્ષા-જરૂર નથી. અહા! આવું ભાન થયા પછી એને અંદર એવું વૈરાગ્યનું દબાણ ઊભું થાય કે તે સ્વરૂપમાં વિશેષ રમવા માટે દીક્ષિત થવા ઈચ્છે અને ત્યારે તે માતાની પાસે જઈને કહે કે-

હે માતા! આ શરીરને ઉત્પન્ન કરનારી તું જનેતા છો; તું મારા આત્માની જનેતા નથી. મેં મારા આત્માને જાણ્યો-અનુભવ્યો છે, ને હવે હું પૂર્ણ સાધના કરવા જંગલમાં જાઉં છું. હે માતા! હવે હું બીજી માતા કરવાનો નથી, માટે માતા! મને રજા આપ. અહાહા....! મણિમય રતનથી જડેલા જેના રાજમહેલ છે એવા રાજાનો પુત્ર-રાજકુમાર માતાની આજ્ઞા લઈને પરિપૂર્ણ આનંદને સાધવા જંગલમાં ચાલ્યો જાય છે! અહો! ધન્ય એ વૈરાગ્યનો પ્રસંગ! ધન્ય એ મુનિદશા! !

અહા! જેમ દ્રવ્યદૃષ્ટિવંત પુરુષ તીવ્ર વૈરાગ્યને પ્રાપ્ત થતાં સાધનાની પૂર્ણતા કરવા માટે ગૃહવાસ છોડી જંગલમાં ચાલ્યો જાય છે તેમ, વર્તમાન પર્યાયમાં જે વિકાર ને અલ્પજ્ઞતા છે તે પોતાની દશા છે, કર્મને લઈને નથી-એમ પર્યાયની સ્વતંત્રતા અંતરમાં બેસતાં, તે દ્રવ્યની સ્વતંત્રતા નક્કી કરવા માટે પર્યાયનું લક્ષ છોડી સીધો ત્રિકાળી દ્રવ્યમાં ચાલ્યો જાય છે. અહો! આવો અલૌકિક મારગ છે!

અમે તો ૭૩ ની સાલમાં વાત બહાર મૂકી હતી કે કર્મને લઈને વિકાર થાય છે કે કર્મને લઈને એને અલ્પજ્ઞતા થાય છે વા કર્મ ખસી જાય તો એને જ્ઞાન થાય એમ બધું કર્મ જ કરે છે એ માન્યતા જૈનદર્શન નથી; એ તો અજ્ઞાનીઓની વિપરીત માન્યતા છે. ત્યારે ખળભળાટ મચી ગયેલો, પણ વસ્તુસ્વરૂપ બીજી રીતે કેમ થાય?

'વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો અર્થ કરે છે કે- " વેદના ઉદયથી

સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે." આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે અને પુરુષને અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું.'

જોયું? શાસ્ત્ર ભણીને પણ તેઓ આવો વિપરીત આશય કાઢે છે કે-પુરુષને સ્ત્રી સાથે રમવાનો ભાવ થાય વા સ્ત્રીને પુરુષ સાથે રમવાનો ભાવ થાય તે વેદકર્મનું કાર્ય છે. એમ કે આત્મા તો અકર્તા છે, નિર્દોષ છે અને વેદકર્મ જ સ્ત્રી-પુરુષનો વિકાર કરે છે, પણ આ તો સાંખ્યમતનો અભિપ્રાય છે અને તે મિથ્યા જ છે. પરસ્પર ઘાત થાય છે તે ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિનું કાર્ય છે એવો અભિપ્રાય પણ મિથ્યા જ છે. પોતાની બુદ્ધિના દોષથી અર્થાત્ ભ્રમપૂર્ણ બુદ્ધિના કારણે તેઓ (-મુનિઓ) એકાંતિક માને છે.

'માટે, જિનવાણી તો સ્યાદ્વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે, જિનવાણીના કોપના ભયથી જો તેઓ વિવક્ષા પલટીને એમ કહે કે- "ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી;" તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે.

જુઓ, જિનવાણી તો સ્યાદ્વાદરૂપ છે. એટલે શું? તે વિકારભાવનો અજ્ઞાનદશામાં જીવ કર્તા છે, અને સ્વભાવના લક્ષે જ્ઞાનભાવ પ્રગટ થતાં તે વિકારનો કર્તા નથી, અકર્તા છે. આમ જિનવાણી સ્યાદ્વાદરૂપ છે. તેથી સર્વથા આત્મા અકર્તા છે (કર્મ જ કર્તા છે) એમ એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. તેઓ અવશ્ય જિનવાણીના વિરાધક થાય છે.

હવે જિનવાણીના કોપના ભયથી તેઓ વિવક્ષા પલટીને કહે છે કે -"ભાવકર્મનો કર્તા કર્મ છે, અને પોતાના આત્માનો કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી;" -આ તેમનું કથન પણ મિથ્યા જ છે. કેમ? તો કહે છે-

'આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત પ્રદેશવાળો છે, લોકપરિમાણ છે, તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટયો?'

શું કીધું? આત્મા દ્રવ્યે નિત્ય છે અને ક્ષેત્રે નિયત લોકપ્રમાણ અસંખ્યાત

પ્રદેશી છે. તેમાં કાંઈ પલટવું તો છે નહિ. તો પછી આત્મા આત્માનો કર્તા ક્યાં રહ્યો? તેમાં કાંઈ નવીન કરવાપણું નહિ હોવાથી આત્મા અકર્તા જ ઠર્યો. તેથી જિનવાણીનો કોપ કેવી રીતે મટયો? તારી વિવક્ષા જ અસત્ય છે ત્યાં જિનવાણીનો કોપ કેવી રીતે મટે? ન મટે. જેમ ખોટો રૂપિયો હોય ને શાહુકારને હાથ આવે તો તે પાછો ન આપે, પણ ઘરના ઉંબરામાં જડી દે, જેથી તેનું ચલણ બંધ પડી જાય. તેમ તું ખોટી વિવક્ષા કહે પણ તે ભગવાનના મારગમાં કેમ ચાલે? સંત ધર્મી પુરુષો હોય તે તેનો નિષેધ જ કરે.

'માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે-

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે. અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.'

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે. અહાહા...! આત્મા જે સામાન્ય... સામાન્ય એકરૂપ, ભગવાન સર્વજ્ઞદેવે જોયો તે અનંતગુણનો એક અભેદ પિંડ પ્રભુ સદા જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે. ઝીણી વાત છે પ્રભુ! ચૈતન્ય.... ચૈતન્ય... ચૈતન્યના સદશ પ્રવાહરૂપ વસ્તુ આત્મા સદા એક જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે. પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણવાના કાળે... , જાણવું એ તો એનો સ્વભાવ છે ને? તો જે રાગાદિ ભાવો થાય તેને તે જાણે છે. અહા! તે રાગાદિ ભાવોને જાણવાના કાળે... , છે તો માત્ર જાણવાનો જ કાળ, પણ અનાદિકાળથી તેને જ્ઞેય અને જ્ઞાનના ભેદજ્ઞાનનો અભાવ હોવાને લીધે, જ્ઞેયરૂપ એવા જે રાગાદિ ભાવો છે તેને આત્મા તરીકે જાણે છે. ભારે ગજબ!

શું કીધું? આ દયા, દાન, વ્રત આદિના જે ભાવ થાય તે પરજ્ઞેય છે ને જાણગસ્વભાવી ભગવાન આત્મા એથી ભિન્ન છે -આવું ભેદજ્ઞાન અનાદિકાળથી નહિ હોવાથી વ્રતાદિ રાગના ભાવને જાણવાના કાળે તે ભાવ હું આત્મા છું એમ તે જાણે છે. તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અર્થાત્ પર્યાય અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાન-પરિણામને કરતો હોવાથી તે રાગનો કર્તા થાય છે. સામાન્ય અપેક્ષાએ તો તે જ્ઞાન-સ્વભાવે સ્થિત એવો અકર્તાસ્વભાવી છે, પણ વર્તમાન પર્યાય અપેક્ષાએ, રાગને

પોતાનો માનીને જ્ઞાનપરિણામને અજ્ઞાનરૂપ કરતો થકો તે રાગનો કર્તા થાય છે. આ પ્રમાણે તે કથંચિત્ કર્તા છે. સમજાણું કાંઈ....?

અને જ્યારે ભેદજ્ઞાન થવાથી અર્થાત્ રાગથી ભિન્ન હું એક જ્ઞાયકસ્વભાવી સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છું એમ ભાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે- અનુભવે છે ત્યારે વિશેષ અપેક્ષાએ અર્થાત્ પર્યાય અપેક્ષાએ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો, કેવળ જ્ઞાતા રહેવાથી, સાક્ષાત્ અકર્તા છે.

જોયું? ધર્મીને દયા, દાન, વ્રત આદિનો રાગ હોય છે, પણ તે કાળેય રાગથી ભિન્ન હું જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છું એવું અંતરમાં એને ભેદજ્ઞાન વર્તે છે; અને તેથી તે રાગ મારો છે એમ રાગ સાથે એકમેક થતો નથી. પણ તેને પૃથક્ જ જાણે છે; કેવળ જ્ઞાતા જ રહે છે. આ પ્રમાણે જ્ઞાની જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો, કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે. લ્યો, આનું નામ સમકિત અને આ ધર્મ. બાપુ! આ તો વીરનો માર્ગ પ્રભુ!

વીરનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને.

એ શુભરાગ મારો-એમ શુભરાગનો કર્તા થાય એ તો કાયર નપુંસક છે; તેને વીરનો માર્ગ મળતો નથી. જુઓ, છ ખંડના સ્વામી ભરત ચક્રવર્તી ક્ષાયિક સમકિતી હતા. તેના વૈભવનું શું કહેવું? જેને ઘેર ૯૬ હજાર રાણી, ને સોળ હજાર દેવતા જેની સેવા કરે, ઇન્દ્ર તો જેના મિત્ર અને હીરાજડિત સિંહાસન પર જે બેસે તે ભરત ચક્રવર્તીનો બહારમાં અપાર વૈભવ હતો. પણ આ બહારનો વૈભવ હું નહિ અને જે આ શુભાશુભ રાગ થાય તે મારી ચીજ નહિ; હું તો એ સર્વથી ભિન્ન ચિન્માત્ર-જ્ઞાયકમાત્ર પરમાત્મદ્રવ્ય છું એમ તે અંદર અનુભવતા હતા. જુઓ આ મારગ! તે વડે તે એ જ ભવે મુક્તિ પામ્યા.

આ પ્રમાણે ભેદવિજ્ઞાન થતાં જ્ઞાની વર્તમાન પર્યાયમાં જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને જ કરતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી, સાક્ષાત્ અકર્તા છે. આવી વાત છે. આ સ્યાદ્વાદ છે.

* * *

હવે આ અર્થના કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૦૫ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'अमी आर्हता: अपि' આ અર્હંતના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ 'पुरुषं' આત્માને, 'सांख्या: इव' સાંખ્યમતીઓની જેમ, 'अकर्तारम् मा स्पृशन्तु' (સર્વથા) અકર્તા ન માનો;.........

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા....! શું કહે છે? કે સાંખ્યમતીઓ તો આત્મા સર્વથા અકર્તા છે, જીવને પર્યાયમાં જે રાગ ને પુણ્ય-પાપ આદિ ભાવો થાય છે તેનો કર્તા આત્મા નથી, કર્મ જ તેનો કર્તા છે-એમ માને છે. અહીં કહે છે-ભગવાન અર્હંતદેવને અનુસરનાર જૈનો પણ સાંખ્યોની જેમ આત્માને સર્વથા અકર્તા ન માનો. કેમ? કેમકે એવું વસ્તુસ્વરૂપ નથી.

આ શરીર, મન, વાણી, ઈન્દ્રિય ઇત્યાદિ બધા જડ પદાર્થો પર પદાર્થ છે. તેનો કર્તા આત્મા નથી; કેમકે દરેક પદાર્થ પોતપોતાનું સમય સમયનું કાર્ય સ્વયં કર્યા જ કરે છે. કોઈ પણ પદાર્થ કાર્ય વિનાનો ખાલી-નકામો નથી. તેથી બીજો બીજાનું કામ કરે એ સંભવિત જ નથી. કોઈ જ નવરું નથી ત્યાં બીજાનું કેમ કરે? તેથી આત્મા શરીરાદિનું કાર્ય કરે, વા શરીરાદિ આત્માનું કાર્ય કરે એમ બનવાયોગ્ય જ નથી. , એમ છે જ નહિ.

હવે એની પર્યાયમાં જે શુભાશુભ રાગના-દયા, દાન, વ્રત, ભક્તિ આદિ તથા હિંસા, જૂઠ, ચોરી આદિના પરિણામ થાય છે તેનો કર્તા કોણ? શું કર્મ તેનો કર્તા છે કે જીવ પોતે તેનો કર્તા છે? તો કહે છે-

'भेदावबोधात् अध:' ભેદજ્ઞાન થયા પહેલાં 'तं किल' તેને 'सदा' નિરન્તર 'कर्तारम् कलयन्तु' કર્તા માનો,.....

જુઓ, કહે છે કે- જ્ઞાનાનંદસ્વભાવી શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મા ભિન્ન ને રાગાદિ વિકારના ભાવ ભિન્ન-એમ બેનું ભેદવિજ્ઞાન થયું નથી ત્યાં સુધી પર્યાયમાં જે રાગ-દ્વેષ-મોહના ભાવો નિરંતર થાય છે તેનો આત્મા કર્તા છે એમ માનો. અહા! ભેદજ્ઞાનરહિત અજ્ઞાનદશામાં આત્મા કર્તા છે એમ માનો.

આ શેઠિયા બધા ઝવેરાત વગેરેનો વેપાર કરીને ખૂબ પૈસા કમાય ને? અહીં કહે છે-એ ધૂળેય કમાય નહિ સાંભળને. એ પૈસા-ધૂળ આવે ને જાય તેનો આત્મા (અજ્ઞાની પણ) કદીય કર્તા નથી; પણ તત્સંબંધી જે લોભના ને માયાના પરિણામ થાય તેનો તે અવશ્ય કર્તા છે એમ માનો -એમ કહે છે. સમજાય છે કાંઈ...? અહાહા....! જ્યાં સુધી વિકારથી ભિન્ન નિર્મળ નિર્વિકાર શુદ્ધ ચિદાનંદઘનસ્વરૂપ હું આત્મા છું એવું ભાન થયું નથી ત્યાં સુધી, કહે છે, આત્મા કર્તા છે એમ માનો. લ્યો, આવી વાત! હવે કહે છે-

'तु' અને 'उर्ध्वम्' ભેદજ્ઞાન થયા પછી 'उद्धत–बोध–धाम–नियतं स्वयं प्रत्यक्षम् एनम्' ઉદ્ધત જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને 'च्युत–कर्तृभावम् अचलं एकम् परम् ज्ञातारम्' કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ 'पश्यन्तु' દેખો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અહાહા...! આત્મા જ્ઞાનધામ-વિજ્ઞાનઘનમંદિર પ્રભુ અંદર નિત્ય વિરાજી રહ્યો છે. અહાહા...! અનાદિ અનંત ધ્રુવ નિત્યાનંદ-સચ્ચિદાનંદ પ્રભુ અંદર શાશ્વત વિરાજી રહ્યો છે. જ્યાં પર્યાયમાં થતા વિભાવનું લક્ષ છોડી અંદર ધ્રુવધામ નિજ ચૈતન્યધામમાં દ્રષ્ટિ જોડી દે કે તત્કાલ તે કર્તાપણાથી રહિત થઈ જ્ઞાતાપણે પ્રગટ થાય છે. ઝીણી વાત છે પ્રભુ!

આ દરિયામાં વહાણ ચાલે છે ને? તે ધ્રુવ તારાનું લક્ષ રાખીને રાત્રે ચાલે છે. તેમ અહીં પરમાત્મા કહે છે-ચૈતન્યધાતુને ધરનાર ધ્રુવ ધ્યેયરૂપ ધ્રુવધામ અંદર નિત્ય બિરાજે છે તેના ધ્યાનની ધૂણી ધગશથી ધખાવ, જેથી સમ્યગ્દર્શન આદિ ધર્મ તને પ્રગટ થશે. એક સમયની પર્યાય છે તેમાં દ્રષ્ટિ ન જોડ, પણ ધ્રુવ ધ્યેયની ધૂન લગાવી તેનું ધ્યાન કર. આ ધર્મ પામવાની રીત છે.

કોઈને થાય કે વ્રત, તપ, ભક્તિ, દયા, દાન ઇત્યાદિ તો તમે કરવાનું કહેતા જ નથી!

અરે ભાઈ! વ્રત, તપ, ભક્તિ, દયા, દાન ઇત્યાદિ કરવાનો જ્યાંસુધી અભિપ્રાય છે ત્યાંસુધી ભેદજ્ઞાન થતું નથી અને તેથી અજ્ઞાનપણે તે રાગનો કર્તા જ થાય છે. વિના ભેદજ્ઞાન એ વ્રત અને તપને ભગવાને બાળવ્રત ને બાળતપ કહ્યાં છે. પરંતુ ત્યાંથી (કરવાના અભિપ્રાયથી) ખસીને દ્રષ્ટિ જ્યાં ઉદ્ધત જ્ઞાનધામમાં જઈ ચોંટે છે ત્યાં વસ્તુ-આત્મા-પ્રત્યક્ષ થતાં તે સાક્ષાત્ અકર્તા નામ જ્ઞાતા જ થાય છે. અહો! ધ્રુવધામમાં ધ્યેયની ધખતી ધૂણી ધખાવી ધીરજથી ધ્યાનરૂપ ધર્મનો ધારક ધર્મી જીવ ધન્ય છે.

અરે પ્રભુ! તારા સ્વભાવમાં અંદર પૂરણ પ્રભુતા ભરેલી છે. લ્યો, હવે સરખી બીડી પીવા ન મળે તો ટાંટિયા (પગ) ઘસે એને આ બેસે કેમ? બેસે કે ન બેસે, આ સત્યાર્થ છે. જેમ દરિયો જળથી ભરેલો છે તેમ ભગવાન આત્મા પ્રભુતાના સ્વભાવનો પૂરણ દરિયો છે. અંદર પ્રભુતા ન હોય તો આવે ક્યાંથી? આ લીંડીપીપર હોય છે ને! પીપર-પીપર; તે કદમાં નાની, રંગે કાળી ને શક્તિપણે ૬૪ પહોરી તીખાશના રસથી ભરેલી હોય છે. તેને ઘૂંટવાથી તે પ્રગટ થાય છે. માંહી છે તે પ્રગટ થાય છે હોં, એ તો પ્રાપ્તની પ્રાપ્તિ છે. કોલસાને ઘૂંટે તો પ્રગટ ન થાય. તેમ તેમ ભગવાન આત્મા પૂરણ જ્ઞાન ને આનંદની પ્રભુતાથી ભરેલો છે, તેમાં એકાગ્રતાને ઘૂંટવાથી (એકાગ્રતારૂપ ધ્યાનનો મહાવરો કરવાથી) કેવળજ્ઞાન ને પૂરણ આનંદ પર્યાયમાં પ્રગટ થાય છે. આવો મારગ છે.

આત્મા જ્ઞાનમાં સ્વયં પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે. શું કીધું? જ્ઞાનની દશામાં, સ્વયં એટલે નિમિત્તની કે રાગની અપેક્ષા વિના, સીધો આત્મા જણાય એવો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનો સ્વભાવ છે. સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી એવી પ્રકાશ નામની શક્તિ આત્મામાં છે જેથી સ્વસંવેદનમાં આત્મા જણાવાયોગ્ય છે. અહીં કહે છે- પ્રભુ! તું મોટા મહેલ ને મંદિર જોવા જાય છે તો એકવાર પરમ આશ્ચર્યકારી નિધાન એવા તારા જ્ઞાનધામને જોવા અંદર દૃષ્ટિ તો કર. અહાહા...! એ પરમ જ્ઞાનાનંદની લક્ષ્મીથી ભરેલો ભંડાર છે. એને દૃષ્ટિમાં લેતાં તને પરમ આનંદ પ્રગટ થશે અને કર્તાપણું મટી જશે. ભાઈ! રાગથી ભિન્ન પડીને ચૈતન્ય-ધ્રુવધામની દૃષ્ટિ કરવી- બસ આ એક જ કરવાયોગ્ય કર્તવ્ય છે; બાકી તો બધું ધૂળધાણી છે.

આત્મા ઉદ્ધત બોધધામ છે. એટલે શું? આ ચૈતન્યવસ્તુ એવી ઉદ્ધત છે કે કોઈને ગણે નહિ-નિમિત્તને ગણે નહિ, રાગનેય ગણે નહિ ને પર્યાયનેય ગણે નહિ-બધાને ગૌણ કરી દે. અહા! આવો ઉદ્ધત બોધધામ પ્રભુ આત્મા છે. તેને વર્તમાન જ્ઞાનની પર્યાય અંતર્મુખ કરી પ્રત્યક્ષ જાણી લેવો એ કરવાયોગ્ય કામ છે.

જુઓ, એક દરબારનાં રાણી સાહેબા બહુ રૂપાળાં ને ઓઝલમાં રહેતાં. એક વાર રાણી સાહેબા ઓઝલમાંથી બહાર નીકળ્યાં. તો તેમને જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઉમટી પડયાં. એમ અહીં કહે છે-આ ભગવાન આત્મા-ઉદ્ધત બોધધામ સુંદર આનંદરૂપ પ્રભુ- રાગની એકતાના ઓઝલમાં પડયો છે. અહા! તે ઓઝલને દૂર કરી તારી દૃષ્ટિને અંદર ધ્રુવધામમાં લઈ જા પ્રભુ! તારી જ્ઞાનની દશાને વાળીને અંતર્મુખ કર; તને જ્ઞાન ને આનંદનો અનુપમ સ્વાદ આવશે. અહા! સ્વસંવેદનજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થતાં એની જે નિર્મળ પ્રતીતિ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. હજુ આ ધર્મનું પહેલું પગથિયું હોં, શ્રાવકદશાની તો તે પછીની વાત છે.

ભાઈ! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. સમ્યગ્દર્શન થયા પછી શ્રાવકધર્મ પ્રગટે ને મુનિધર્મ પ્રગટે એ તો મહા અલૌકિક વસ્તુ છે. પણ લોકોએ એને ક્રિયાકાંડમાં કેદ કર્યો છે. જેમ કરીઆતાની કોથળી પર સાકરનું નામ કોઈ લખે તેમ સામાયિક ને પોસા ને વ્રત આદિ રાગની ક્રિયામાં લોકો ધર્મ માનવા લાગ્યા છે, ને પોતાને જૈન શ્રાવક ને જૈન સાધુ માને છે. પણ બાપુ! જ્યાં રાગનું કરવાપણું ઊભું છે. ત્યાં શ્રાવકધર્મ ને મુનિધર્મ તો શું, સમકિત હોવું પણ સંભવિત નથી. રાગ મારું કર્તવ્ય છે એમ જેણે માન્યું છે તે તો અજ્ઞાની કર્તા થયો છે, એ ક્યાં જૈન થયો છે? કર્તાપણું મટયા વિના જૈનપણું પ્રગટતું જ નથી. આવી વાતુ છે.

ભાઈ! તેં અનંતકાળમાં પર-નિમિત્તને ને રાગને જ મોટપ આપી છે. અંદર મહાન મહિમાવંત પ્રભુતાનો સ્વામી એવો તું છો એને તેં કદીય મોટપ આપી નથી. ભગવાન! તું એકવાર અંદર જો, ને જ્ઞાનાનંદની લક્ષ્મીનો ભંડાર તું છો તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તને અનુભવાશે; ને ત્યારે કર્તાપણું તત્કાલ નાશ પામી જશે; કેમકે કર્તાપણું ભગવાન આત્માનો સ્વભાવ નથી.

તો શું સમકિતીને રાગ થતો જ નથી?

ના, એમ નથી. સમ્યગ્દર્શન થયા પછી પણ સમકિતીને રાગ થઈ આવે છે, પણ તેનો તે પોતાના જ્ઞાનમાં રહીને જાણનાર જ રહે છે. સમ્યગ્દર્શન થયા પછી ઉદ્ધત જ્ઞાનધામ પ્રભુ આત્મા કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ છે. અહા! જગતના કોઈ પદાર્થની અવસ્થાની વ્યવસ્થાનો કર્તા આત્મા નથી- એ તો છે, પણ નિજ જ્ઞાતાદષ્ટા સ્વરૂપની અંતર્દષ્ટિ થયા પછી તેને પર્યાયમાં કિંચિત્ રાગ થાય તેનોય એ કર્તા નથી, કેવળ જ્ઞાતા જ છે. અહા! આમ રાગથી ખસવું ને ચિદાનંદ સ્વરૂપમાં વસવું એનું નામ સંવર ને એનું નામ નિર્જરા છે, તપ પણ એ જ છે ને ઉપવાસ પણ એ જ છે.

આ લોકો હઠ કરીને ઉપવાસ કરે છે તે ઉપવાસ નહિ. એ તો અપવાસ નામ માઠો વાસ છે. આ તો 'ઉપવસતિ ઈતિ ઉપવાસ;' આત્માની-ચિદાનંદસ્વરૂપ ભગવાનની સમીપ વસવું તે ઉપવાસ છે અને તે તપ ને નિર્જરા છે. આવી વાતુ! અજ્ઞાનીની આમ વાતે વાતે ફેર છે. આવે છે ને કે-

આનંદા કહે પરમાનંદા, માણસે માણસે ફેર;
એક લાખે તો ના મળે, એક તાંબિયાના તેર.

બહુ ફેર બાપા! સંતો કહે છે-તારે ને મારે શ્રદ્ધામાં બહુ ફેર છે.

હે ભાઈ! ભેદજ્ઞાન થયા પહેલાં આત્માને અજ્ઞાનપણે રાગનો કર્તા દેખો, પરંતુ ભેદજ્ઞાન થયા પછી ઉદ્ધત જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ દેખો. લ્યો, આવો સ્યાદ્વાદ સંતોએ પ્રસિદ્ધ કર્યો છે.

## * કળશ ૨૦૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'સાંખ્યમતીઓ પુરુષને સર્વથા એકાંતથી અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે; અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે, તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી, તેને સંસાર કેવો? આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીઓ મિથ્યાદ્દષ્ટિ છે; અને જો જૈનો પણ એવું માને તો તેઓ પણ મિથ્યાદ્દષ્ટિ છે'

જાુઓ, અન્યમતોમાં એક સાંખ્યમત છે. તે પુરુષ એટલે આત્માને સર્વથા અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. એટલે શું? કે આ જે પુણ્ય-પાપ આદિ વિકારના ભાવ થાય તે પુરુષ કરતો નથી, તે પ્રકૃતિનો દોષ છે. અહીં કહે છે-હવે જો આવું માનવામાં આવે તો પુરુષ નામ આત્માને સંસારનો અભાવ ઠરશે; અને પ્રકૃતિને સંસાર હોવાનું ઘટતું નથી, કેમકે પ્રકૃતિ તો જડ છે, એને ક્યાં સુખદુઃખ, હરખ-શોક આદિનું સંવેદન છે? માટે પ્રકૃતિને સંસાર નથી.

આ પ્રમાણે પુરુષને એકાંતે સર્વથા અકર્તા માનવાથી દોષ આવે છે. માટે સાંખ્યમતીની માન્યતા મિથ્યા છે માટે તે મિથ્યાદ્દષ્ટિ છે. જેવી વસ્તુ નથી તેવું તેઓ માને છે ને? માટે તેઓ મિથ્યાદ્દષ્ટિ છે.

હવે કહે છે- જૈનો પણ, સાંખ્યોની જેમ, આત્માને સર્વથા એકાંતે અકર્તા માને તો તેઓ પણ મિથ્યાદ્દષ્ટિ છે. જીવને વિકાર થાય છે તે કર્મના ઉદયથી થાય છે એવું માનનારા જૈનો પણ મિથ્યાદ્દષ્ટિ છે.

**પ્રશ્નઃ-** તો આગમમાં મોહનીય કર્મના ઉદયના નિમિત્તથી જીવને મિથ્યાત્વાદિ છે એમ આવે છે ને?

**સમાધાનઃ-** હા, આવે છે. પણ બાપુ! ત્યાં આગમમાં તો નિમિત્તની મુખ્યતાથી એવું કથન કરવામાં આવેલું હોય છે; બાકી જે વિકાર થાય છે તે પોતાથી જ થાય છે, કર્મને લઈને નહિ. મોહનીય કર્મ નિમિત્ત હો, પણ તે જીવમાં વિકાર કરે-કરાવે છે એમ છે જ નહિ.

અમે તો એકવાર ઈસરીમાં ચર્ચા થયેલી ત્યારે મોટેથી પોકારીને ઘોષણા કરી હતી કે જીવને વિકાર થાય છે તે પોતાથી થાય છે, કર્મને લઈને બીલકુલ નહિ. વિકારના કાળે કર્મનો ઉદય નિમિત્ત નથી એમ વાત નથી, પણ કર્મનો ઉદય જીવને વિકાર કરે છે એમ પણ કદીય નથી. વિકાર તે તે સમયથી પર્યાયનું સત્ છે, સહજ છે. આવી વાતુ! અમે તો આ '૭૧ની સાલથી કહીએ છીએ, સંપ્રદાયમાં હતા ત્યારે પણ કહેતા- આ હિંસાદિ પાપના પરિણામ જીવને થાય છે તે પોતે પોતાના સ્વરૂપને ભૂલીને કરે છે, એને કર્મ કરે છે એ બીલકુલ યથાર્થ નથી.

પણ અરે! એને આ સમજવાની ક્યાં પડી છે? આખો દિ' રળવું-કમાવું બાયડી- છોકરાં સાચવવાં ને ખાવું-પીવું-એમ પાપ, પાપ ને પાપની પ્રવૃત્તિમાં જાય અને કદાચિત્ ભગવાનનાં દર્શન પૂજા કરે ને શાસ્ત્ર સાંભળે તો માની લે કે થઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ગયો ધર્મ. પણ ધૂળમાંય ધર્મ થતો નથી સાંભળને. એ તો બધો રાગ છે ને તેનો તું કર્તા થાય તે મિથ્યાત્વ છે, મૂઢપણું છે. બાપુ! તને ખબર નથી પણ આવા મિથ્યાત્વના સેવનના ફળમાં તો તું ક્યાંય કાગડા, કૂતરા, કંથવાના ને નરકાદિના ભવ કરી કરીને રઝળી મર્યો છે.

ભાઈ! આત્મા શરીર, મન, વાણીની ક્રિયાને કે બૈરાં-છોકરાં સાચવવાની ક્રિયાને કે દેશનું ભલું કરવું, સમાજનું ભલું કરવું ઇત્યાદિ અનેક પરદ્રવ્યની ક્રિયાને કરે એ સંભવિત નથી, કેમકે એ પરદ્રવ્યો ક્યાં એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે કે એને કરે? પરનું કરું એમ માને એ તો મૂઢપણું છે. એ તો છે; પણ અહીં કહે છે-એ મૂઢપણાના ને વિકારના શુભાશુભભાવ આને જે થાય તે પર-કર્મ કરે છે એમ માને એ ભલે જૈન હો તોપણ, મિથ્યાદૃષ્ટિ જ છે. અરે! જૈનમાં હોવા છતાં વીતરાગ જૈન પરમેશ્વર શું કહે છે એની એને ખબર નથી. અરે! લોકોએ મારગ વીંખી નાખ્યો છે.

'તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે- સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાંસુધી સ્વ-પરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાંસુધી તો તેને રાગાદિકનો-પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો.'

અહાહા......! આચાર્ય કહે છે-આત્મા સર્વથા અકર્તા છે ને રાગાદિવિભાવનો કર્તા કર્મ-પ્રકૃતિ છે એમ, સાંખ્યોની જેમ, જૈનો ન માનો. તો કેવી રીતે છે? તો કહે છે- 'જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય...' , એટલે શું? કે જડ માટી-ધૂળ એવું આ શરીર અને આત્માની અવસ્થામાં થતા પુણ્ય-પાપરૂપ આસ્રવ-બંધના પરિણામ-એ સમસ્ત પરથી પોતાનું સ્વ-ચૈતન્યબિંબ એવું જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે એવું અંતર-અવલંબને ભાવભાસન ન થાય ત્યાંસુધી તેને (આત્માને) રાગાદિનો એટલે કે પોતાના ચેતનરૂપ ભાવકર્મોનો કર્તા માનો.

આ ભગવાનની સ્તુતિ, ભક્તિ, પૂજા ઇત્યાદિ કરે છે ને? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં-એમ ભગવાનનું નામસ્મરણ કરે છે ને? એ બધો રાગ છે, શુભ રાગ છે. એ રાગ છે તે પર છે અને પોતે શુદ્ધ ચૈતન્યજ્યોતિસ્વરૂપ -અહાહા...! એકલા ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યના પ્રકાશનું પૂર પ્રભુ આત્મા તે સ્વ છે. આ સ્વ અને પરનું ભિન્નપણું જ્યાંસુધી અંતરમાં ભાસ્યું નથી ત્યાંસુધી તે અજ્ઞાની છે; અને અજ્ઞાની હોતો થકો તે પુણ્ય-પાપ આદિ ભાવોનો કર્તા છે. અહા! જેને સ્વરૂપની રુચિ નથી પણ રાગની ને પરની રુચિ છે તે રાગાદિ વિકાર થાય તેનો કર્તા છે. કોઈ બીજું-કર્મ કર્તા છે એમ છે જ નહિ.

જુઓ, હરણિયાની નાભિમાં કસ્તૂરી છે. પણ એને ખબર નથી. આ સુગંધ ક્યાંથી આવે છે એનું એને ભાન નહિ હોવાથી તે બહારમાં દોડાદોડ કરી મૂકે છે. તેમ મૂઢ જીવોને સુખ પોતાના સ્વભાવમાં ભર્યું છે એનું ભાન નથી. તેથી સુખપ્રાપ્તિ માટે બહારમાં ઝાવાં નાખે છે, અનેક વિકલ્પોની ધમાધમ કરી મૂકે છે. અહીં કહે છે-તે હરણિયા જેવા મૂઢ અજ્ઞાની જીવો તે વિકલ્પોના કર્તા છે, બહારના પદાર્થ-કર્મ આદિ તેના કર્તા નથી. સમજાય છે કાંઈ...?

ક્યાં સુધી આત્મા કર્તા છે? સ્વપરનું ભેદવિજ્ઞાન ન થાય ત્યાં સુધી. અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો. જુઓ, ભગવાનના શ્રીમુખેથી નીકળેલી આ વાણી છે. વિકારથી ભિન્ન સ્વસ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વભાવમય આત્માનું ભાન થતાં તે રાગનો અકર્તા છે, જ્ઞાતા જ છે- એમ કહે છે. જુઓ આ સ્વભાવની રુચિનું જોર! સમ્યગ્દ્રષ્ટિને કિંચિત્ અસ્થિરતાનો રાગ થતો હોય છે, પણ તેનું તેને સ્વામિત્વ નહિ હોવાથી, તેનો એ કર્તા નથી, જ્ઞાતા જ છે. આવો ભગવાનનો માર્ગ ભાઈ! ન્યાયથી કસોટી કરીને સમજવો જોઈએ.

'આમ એક જ આત્માનું કર્તાપણું તથા અકર્તાપણું-એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે. અજ્ઞાનપણે વિકારનો કર્તા અને ભેદવિજ્ઞાન થતાં અકર્તા સિદ્ધ થાય છે.

'આવો સ્યાદ્વાદમત જૈનોનો છે; અને વસ્તુસ્વભાવ પણ એવો જ છે, કલ્પના નથી.' જુઓ, આ કલ્પનાની વાત નથી, પણ જેવો વસ્તુસ્વભાવ છે એવો જૈન પરમેશ્વરની વાણીમાં સ્યાદ્વાદયુક્ત શૈલીથી કહેવામાં આવ્યો છે.

'આવું (સ્યાદ્વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે; એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે.'

અજ્ઞાનભાવે વિકારનો કર્તા માનતાં એને સંસાર સિદ્ધ થાય છે, ને જ્ઞાનભાવ પ્રગટતાં અકર્તા થવાથી કેવળ જ્ઞાતાપણું અને મોક્ષદશા સિદ્ધ થાય છે. અજ્ઞાનપણે પણ જો અકર્તા માને, કર્મને જ કર્તા માને તો સંસાર-મોક્ષ કાંઈપણ સિદ્ધ ન થાય, ને નિશ્ચય-વ્યવહાર પણ સિદ્ધ ન થાય, આવી વાત!

* * *

હવેની ગાથાઓમાં, "કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે" એવું માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતીઓને તેમની સર્વથા એકાંત માન્યતામાં દૂષણ બતાવશે અને સ્યાદ્વાદ અનુસાર જે રીતે વસ્તુસ્વરૂપ અર્થાત્ કર્તા-ભોક્તાપણું છે તે રીતે કહેશે. તે ગાથાઓની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છેઃ-

## * કળશ ૨૦૬ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'इह' આ જગતમાં 'एक:' કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો) 'इदम् आत्मतत्त्वम् क्षणिकम् कल्पयित्वा' આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને 'निज मनसि' પોતાના મનમાં 'कर्तृ–भोक्त्रो: विभेदं विधत्ते' કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે (-અન્ય કર્તા અને અન્ય ભોક્તા છે એવું માને છે);......

અહાહા....! આ લોકમાં કોઈ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો આત્માને ક્ષણિક માને છે. આત્મા વસ્તુએ તો નિત્ય છે, ક્ષણે ક્ષણે તેની અવસ્થા બદલે છે. અહા! ક્ષણેક્ષણે તે બદલતી અવસ્થાનું છળ પામીને ક્ષણિકવાદી આત્માને ક્ષણિક કહે છે.

જુઓ આ માન્યતા! કોઈને અસાધ્ય કેન્સર થયું હોય તો કહે છે ને! કે હવે હું નહિ રહું, હવે હું જરૂર મરી જઈશ. અરે ભાઈ! તું નહિ રહે તો ક્યાં નહિ રહે? શરીરમાં કે તારા આત્મામાં? હવે નહિ રહે એવો તું કોણ છો? કાંઈ ભાન ન મળે. બાપુ! એ તો શરીર નહિ રહે; તું તો ત્રિકાળ ઊભો છે ને પ્રભુ! આ પહેરણ-અંગરખું, અંગરખુ બદલાય એટલે શું અંદર વસ્તુ (શરીરાદિ) બદલાઈ જાય છે? પહેરણ જીર્ણ થાય તો શું શરીર જીર્ણ થઈ જાય છે? (ના); આ તો સમજવા દાખલો કીધો. તેમ શરીર બદલતાં વસ્તુ-આત્મા ક્યાં બદલાય છે? શરીર નાશ પામતાં આત્મા ક્યાં નાશ પામે છે? એ તો શાશ્વત ઊભો છે ને પ્રભુ! ભાઈ! હવે હું નહિ રહું એ તારી માન્યતા જૂઠી છે. તેમ કોઈ ક્ષણિકવાદીઓ આત્માને ક્ષણિક માને છે તે જૂઠા છે. સમજાય છે કાંઈ....?

તેઓ (-ક્ષણિકવાદીઓ) બદલતી અવસ્થાને દેખી આત્મતત્ત્વને સર્વથા ક્ષણિક કલ્પીને પોતાના મનમાં કર્તા-ભોક્તાનો ભેદ કરે છે. એટલે શું? કે વર્તમાનમાં કાર્ય કોઈએ કર્યું ને તેનું ફળ બીજો આત્મા ભોગવશે એમ તેઓ માને છે. જેણે વર્તમાનમાં પાપના ભાવ કર્યા તે આત્માનો નાશ થઈ જશે, અને ભવિષ્યમાં બીજો આત્મા થશે જે એનું ફળ ભોગવશે; અન્ય કર્તા છે ને અન્ય ભોક્તા છે એમ તેઓ માને છે. અર્થાત્ વ્યય પામતી પર્યાય સાથે આત્મા વ્યય પામી ગયો, ને ઉત્પાદ થતી પર્યાયમાં બીજો નવો આત્મા ઉત્પન્ન થયો-એમ તેઓ માને છે. લ્યો, આવી માન્યતા! ક્ષણે ક્ષણે આત્મા બીજો ને બીજો ઉત્પન્ન થતો જાય છે-એમ આત્મા ક્ષણિક હોવાનું તેઓ માને છે.

પણ ભાઈ! તારી માન્યતા મિથ્યા છે, કેમકે વસ્તુ નામ આત્માનું એવું એકાંત ક્ષણિક સ્વરૂપ નથી. વાસ્તવમાં પર્યાયસ્વરૂપથી પલટવા છતાં આત્મા દ્રવ્યસ્વરૂપથી શાશ્વત નિત્ય છે. એ જ કહે છે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'तस्य विमोहं' તેના મોહને (અજ્ઞાનને) 'अयम् चित्चमत्कार: एव स्वयम्' આ ચૈતન્યચમત્કાર જ પોતે 'नित्य–अमृत–ओधै:' નિત્યતારૂપ અમૃતના ઓઘ (-સમૂહો) વડે 'अभिषिन्चन्' અભિસિંચન કરતો થકો, 'अपहरति' દૂર કરે છે.

અહાહા...! કહે છે-ચૈતન્યપ્રકાશના નૂરનું પુર ચૈતન્યચમત્કાર પ્રભુ આત્મા તેના મોહને-અજ્ઞાનને દૂર કરે છે. કેવી રીતે? તો કહે છે- નિત્યતારૂપ અમૃતના ઓઘ વડે અભિસિંચન કરીને. એટલે શું? ક્ષણિક પર્યાયથી હઠી અંદર આનંદકંદ નિત્યાનંદ પ્રભુ આત્મા બિરાજે છે તેની દૃષ્ટિ કરતાં તે નિત્યતાના અમૃતનો સાગર પ્રભુ ઉછળીને પર્યાયમાં પ્રગટ થાય છે, અને ત્યારે આત્મા ક્ષણિક છે એવા અજ્ઞાનનો નાશ થાય છે. આવી વાત!

અહાહા...! અંદર અનાદિ-અનંત નિત્યાનંદસ્વરૂપ છો ને પ્રભુ! અનંત ગુણનો પિંડ નિત્ય જિનસ્વરૂપ પરમાત્મસ્વરૂપ છો ને! ભાઈ! જેટલા પરમાત્મા થયા તે બધા અંદર શક્તિ હતી તે પ્રગટ કરીને થયા છે. તું પણ શક્તિએ નિત્ય જિનસ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે. અહાહા...! તારા સ્વરૂપમાં ત્રિકાળ અતીન્દ્રિય ચૈતન્યમય અમૃત ભર્યું છે. હવે આવી વાત એને કેમ બેસે? એનાં માપ બધાં ટૂંકાં (-પર્યાયરૂપ) અને વસ્તુ અંદર મોટી-મહાન (નિત્ય દ્રવ્યરૂપ). તે ટૂંકાં માપે તે કેમ મપાય? બાપુ! ક્ષણિકની દૃષ્ટિ છોડી દે અને અંદર અમૃતનો નાથ ચિત્ચમત્કાર પ્રભુ નિત્ય બિરાજે છે તેની દૃષ્ટિ કર; તેને આનંદનો-અમૃતનો સ્વાદ આવશે, ને ક્ષણિક છું એવી ભ્રાન્તિ મટી જશે. અહાહા...! પુણ્ય-પાપના ક્ષણિક ભાવોથી ભિન્ન અંદર નિત્ય આનંદકંદ પ્રભુ આત્મા બિરાજે છે તેનો જ્ઞાનજળ વડે અભિષેક કર જેથી અમૃતની ધારા ઉછળશે. લ્યો, આનું નામ ધર્મ.

અંદર વસ્તુ-પોતે ચૈતન્યચમત્કારસ્વરૂપ નિત્ય અમૃતના ઓઘથી ભરેલી છે. તેનો દૃષ્ટિમાં સ્વીકાર કરી સત્કાર કરતાં અંદર અતીન્દ્રિય આનંદની ધારા ઉલસે તે ધર્મ છે.

## * કળશ ૨૦૬ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે, અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી ક્ષણે નથી-એમ માને છે. આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ? આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે-કે જે (ચૈતન્ય) અનુભવગોચર નિત્ય છે.'

જુઓ, અજ્ઞાનીને પોતાના ત્રિકાળી સ્વરૂપની ખબર નથી. તેથી તે વર્તમાન પર્યાયને જ આત્મા માને છે. ક્ષણેક્ષણે જે પર્યાય બદલાય છે તેને જ તે આત્મા માને છે. વર્તમાન જે આત્મા છે તે બીજે સમયે નથી, બીજે સમયે બીજો ને ત્રીજે સમયે ત્રીજો આત્મા-એમ ક્ષણિકવાદી બૌદ્ધમતી કર્તા-ભોક્તાનો ભેદ માને છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આચાર્યદેવ કહે છે-તેને અમે શું સમજાવીએ? આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે-કે જે ચૈતન્ય અનુભવગોચર નિત્ય છે. અહાહા....! પ્રતિસમય પલટતું હોવા છતાં, આચાર્ય કહે છે, સ્વાનુભવમાં જે આ ચૈતન્ય નિત્ય અનુભવાય છે તે જ એનું અજ્ઞાન મટાડશે અર્થાત્ નિત્ય ચૈતન્યમાત્ર વસ્તુનો અનુભવ થયે એની ભ્રાન્તિ દૂર થશે. લ્યો, આવી વાત. અહા! નિત્ય-અનિત્યના વિભાગની અજ્ઞાનીને ખબર નથી. તેનું અજ્ઞાન આ ચૈતન્ય જ દૂર કરશે-કે જે ચૈતન્ય અનુભવગોચર નિત્ય છે.

'પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે "હું પહેલાં હતો તે જ છું;" આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે.'

કાલની વાત આજે યાદ આવે છે ને? માટે યાદ કરનાર દ્રવ્ય (-આત્મા) નિત્ય છે. ક્ષણવારમાં તે યાદ કરે છે કે-કાલ હતો તે જ આજે આ હું છું. આ રીતે જાણનારું દ્રવ્ય-ભગવાન આત્મા નિત્ય હોવાનું સિદ્ધ થાય છે. ભાઈ! ત્રિકાળી દ્રવ્યની સિદ્ધિ વિના અને ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ વિના એનું વર્તમાન -સમ્યગ્દર્શન સિદ્ધ થતું નથી. સ્મરણપૂર્વકનું પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા સિદ્ધ કરે છે. કાલે જોયું હતું તે જ આ ગામ હું આજે જોઉં છું-એવું જે પ્રત્યભિજ્ઞાન તે આત્માની નિત્યતા બતાવે છે.

'અહીં બૌદ્ધમતી કહે છે કે-"જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું" એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે; એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય, સમસ્ત કલેશ મટે.'

જુઓ, બૌદ્ધમતી સ્મરણપૂર્વકના પ્રત્યભિજ્ઞાનને અવિદ્યાજનિત ભ્રમ ઠરાવે છે, અને તે ભ્રમ મટે તો તત્ત્વ સિદ્ધ થાય ને કલેશ મટે એમ કહે છે. પણ એમ વસ્તુ નથી.

વાસ્તવમાં ક્ષણેક્ષણે પલટતી અવસ્થા જેટલો હું નથી; હું તો ત્રિકાળ નિત્ય વિજ્ઞાનઘન છું એવી દૃષ્ટિ થાય ત્યારે એનું અજ્ઞાન મટે અને કલેશ દૂર થાય. ભાઈ! પ્રથમ સાચો નિર્ણય કરવો પડશે. શ્રીમદ્દે કહ્યું છે ને કે-

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય.

પૂર્વ બાળક-અવસ્થા હતી, વર્તમાન યૌવનાવસ્થા છે અને ભવિષ્યમાં વૃદ્ધ અવસ્થા થશે. આમ દેહની ત્રણ અવસ્થાનું જ્ઞાન જે ત્રિકાળી એક છે તેને થાય છે. આ ત્રિકાળીની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, ભ્રાન્તિ ટળે છે. ત્રિકાળીની દૃષ્ટિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરનાર તો પર્યાય છે, પણ તે દૃષ્ટિની પર્યાયનો વિષય ત્રિકાળી નિત્ય પ્રભુ આત્મા છે. ભાઈ! ત્રિકાળી ધ્રુવ નિત્યની દૃષ્ટિ થયા વિના બધું થોથેથોથાં છે.

બૌદ્ધમતી શિષ્યના તર્કનો ઉત્તર આપવામાં આવે છેઃ-

'હે બૌદ્ધ! તું આ જે દલીલ કરે છે તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે? વળી તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે? જો અનેક આત્માઓ પલટાઈ જતા હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી; તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું? આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે કે આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો તે યથાર્થ નથી.'

જુઓ, શું કહે છે? આ આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે? જો અનેક છે તો દલીલ કરનારો તો કોઈ ઠરતો નથી. તથા જો એક જ હોય તો એમ કહીએ છીએ તેમ આત્માનું નિત્યપણું સિદ્ધ થઈ જાય છે.

વળી આખી દલીલ સાંભળનારો કોઈ એક આત્મા છે કે ક્ષણેક્ષણે પલટાઈ જતાં અનેક આત્માઓ છે? જો અનેક આત્માઓ છે તો તારી પૂરી દલીલ તો કોઈ સાંભળતું નથી; તો પછી; દલીલ કરવાનું પ્રયોજન શું? વળી તું જો એમ કહે કે ક્ષણેક્ષણે આત્મા તો નાશ પામી જાય છે પણ તે સંસ્કાર મૂકતો જાય છે તો તે પણ યથાર્થ નથી; કેમકે આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે? વળી કદાચિત્ એક આત્મા સંસ્કાર મૂકતો જાય, તોપણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.

બાપુ! તું પર્યાયમાત્ર ક્ષણિક આત્માને માને છે પણ જૈનમતમાં તો તેને પર્યાયમૂઢ કહ્યો છે. પર્યાયમાત્ર આત્મા માને તે મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. અહા! આ શરીર, મન, વાણી ઇત્યાદિ તો આત્મા નહિ, પુણ્ય-પાપના ભાવ થાય તેય આત્મા નહિ અને વર્તમાન જ્ઞાનની જે દશા છે તેવડોય આત્મા નહિ. વર્તમાન જ્ઞાનની દશામાં રુચિ કરીને જે રહ્યો છે તે પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જે એક સમયની દશાઓની પાછળ આખો નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ આત્મા રહેલો છે તેની દૃષ્ટિ કર્યા વિના પર્યાયની રુચિમાં જે પડયો છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

માટે વિચાર કર; આત્માને ક્ષણિક માનીને તું પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહે છે પણ તે યથાર્થ નથી. કાલે જેને જોયો હતો તે આ જ છે એવું જે જ્ઞાન તે પ્રત્યભિજ્ઞાન છે અને તે જ્ઞાન કરનાર દ્રવ્યને નિત્ય સિદ્ધ કરે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પ્રવચનસારની ગાથા ૧૭૨ ની ટીકામાં ૨૦ મો બોલ છે; તેમાં કહ્યું છે કે- "લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે."

પર્યાયમાત્ર વસ્તુ આત્મા-એમ વાત નથી અહીં. બહુ ઝીણી વાત પ્રભુ! આત્મા ત્રિકાળી ધ્રુવ નિત્ય દ્રવ્ય છે. એક સમયની શુદ્ધ પર્યાય (સમ્યગ્દર્શન) તેની દૃષ્ટિ કરે છે છતાં તે પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી અને જે દ્રવ્ય છે તે પર્યાયને સ્પર્શતું નથી. મતલબ કે દ્રવ્યપર્યાય આખી વસ્તુ છે તેમાં ત્રિકાળી નિત્યદ્રવ્ય ને વર્તમાન પર્યાય પરસ્પર ભળીને એક થઈ જતાં નથી. આવી સૂક્ષ્મ વાત ભાઈ! આ તો પર્યાયદૃષ્ટિ મટાડવાની વાત છે ભાઈ! આ શરીરાદિ તો દ્રવ્યને સ્પર્શે નહિ, કેમકે એ તો જડ માટી-ધૂળ છે, ને વિકાર-શુભાશુભભાવ પણ દ્રવ્યને સ્પર્શે નહિ કેમકે એય જડ છે, તથા એક સમયની નિર્મળ પર્યાય પણ નિત્ય એવા દ્રવ્યને સ્પર્શતી નથી. અહા! આવો નિત્ય-અનિત્યનો વિભાગ છે તે યથાર્થ જાણી દ્રવ્યદૃષ્ટિ કરવી જોઈએ. સમજાય છે કાંઈ....?

'માટે એમ સમજવું કે-આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે, વસ્તુસ્વરૂપ નથી; અમે (જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે.'

આત્મા એકાંતે નિત્ય જ છે, અને પર્યાય છે જ નહિ એમ માનવું એ મિથ્યા ભ્રમ છે; અને એક સમયની પર્યાય છે અને ત્રિકાળી નિત્ય દ્રવ્ય નથી એમ માને એય મિથ્યા ભ્રમ છે.

અહા! પોતે ત્રિકાળી ધ્રુવ ચિત્ચમત્કારસ્વરૂપ નિત્ય દ્રવ્ય છે અને એની પલટતી અવસ્થા અનિત્ય પર્યાય છે. હવે એ અવસ્થામાં જે નિત્ય, ધ્રુવ એવા દ્રવ્યને દૃષ્ટિમાં લેતો નથી તે મૂઢ અજ્ઞાની છે. તે બહારની ચીજ-શરીરાદિ જે અનિત્ય નાશવંત છે તેને ટકાવી રાખવા માગે છે પણ એ વૃથા છે; તેથી માત્ર ખેદ જ થાય છે. માટે દ્રવ્યસ્વરૂપથી નિત્ય અને પર્યાયસ્વરૂપથી અનિત્ય-એમ કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપને જાણી નિત્યમાં દૃષ્ટિ કરી સમકિતવંત થવું. આ ન્યાય છે.

સાંખ્યમતવાળા વસ્તુને ત્રિકાળી નિત્ય માને છે, પલટતી પર્યાયને માનતા નથી; જ્યારે બૌદ્ધમતવાળા પલટતી પર્યાયને માને છે, ત્રિકાળી નિત્યને માનતા નથી. બન્ને વસ્તુને એકાંતસ્વરૂપ માનતા હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. આચાર્યદેવ કહે છે- અમે જૈનો તો વસ્તુ જેમ છે તેમ દ્રવ્યસ્વરૂપથી નિત્ય અને પર્યાયરૂપથી પલટતી અનિત્ય માનીએ છીએ અને તે જ સત્યાર્થ છે. આવી વાતુ!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે, ફરી ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે:-

## * કળશ ૨૦૭ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'वृत्ति–अंश–भेदतः' વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે 'अत्यंन्तं वृत्तिमत्–नाश–कल्पनात्' વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે-એવી કલ્પના દ્વારા 'अन्य करोति' અન્ય કરે છે અને 'अन्य भुंक्ते' અન્ય ભોગવે છે 'इति एकान्तः मा चकास्तु' એવો એકાન્ત ન પ્રકાશો.

વૃત્તિ-અંશો એટલે પર્યાયના ભેદો; વૃત્તિ એટલે પર્યાય-અવસ્થા. આ સોનું-સુવર્ણ હોય છે ને! તેમાં સોનું છે તો સોનાપણે નિત્ય-કાયમ છે, તેના પીળાશ, ચીકાશ, વજન ઇત્યાદિ ગુણ છે તે નિત્ય-કાયમ છે, અને તેની કડા, કુંડળ, સાંકળી ઇત્યાદિ પલટતી અવસ્થાઓ છે તે પર્યાય છે. તેમ ભગવાન આત્મા ચૈતન્યચમત્કાર પ્રભુ અંદર છે તે ધ્રુવ ત્રિકાળી નિત્ય દ્રવ્ય છે, તેના જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણ છે તેય નિત્ય છે, અને તેની પલટતી અવસ્થા (ગતિ આદિ) છે તે પર્યાય છે. હવે આમાં બૌદ્ધમતી છે તે એકાંતે પર્યાયને જ આત્મા કહે છે. અજ્ઞાનીની પણ અનાદિથી પર્યાય ઉપર જ દૃષ્ટિ છે, તેથી બૌદ્ધમતીની જેમ તે પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

પણ આમાં ધર્મ શું આવ્યો?

અરે ભાઈ! તું કોણ છો ને કેવડો છો તથા આ તારી અવસ્થાઓ કેવી રીતે છે તેને યથાર્થ જાણી નિત્યાનંદ-ચિદાનંદ સ્વરૂપનો પર્યાયમાં સ્વીકાર કરવો એનું નામ ધર્મ છે. ધર્મ બીજી શું ચીજ છે. આ વ્રત, તપ ને ભક્તિ આદિ તું કરે છે એ કાંઈ ધર્મ નથી; એ તો બધો રાગ છે, આસ્રવ છે અને એને ધર્મ માને એ તો મિથ્યાત્વ છે, મહાપાપ છે. સમજાણું કાંઈ....?

આચાર્યદેવ અહીં કહે છે-પર્યાયોના ભેદને લીધે વૃત્તિમાન દ્રવ્ય અત્યંત નાશ પામે છે એવી કલ્પના દ્વારા "અન્ય કરે છે અને અન્ય ભોગવે છે"-એવો એકાંત ન પ્રકાશો એટલે શું? કે અંદર વસ્તુ-ભગવાન આત્મા પોતે સચ્ચિદાનંદ પ્રભુ ત્રિકાળ નિત્ય છે; પણ પલટતી પર્યાયોના ભેદ-ભિન્નતાને લીધે અજ્ઞાની-બૌદ્ધમતી, વૃત્તિમાન દ્રવ્ય નાશ પામે છે. અને ક્ષણેક્ષણે અન્ય-અન્ય આત્મા ઉપજે છે એમ કલ્પના કરે છે. વર્તમાન વિકારી પરિણામ અનેરો-અન્ય આત્મા કરે છે અને પછીનો અનેરો-અન્ય આત્મા તેનું ફળ ભોગવે છે-એમ અજ્ઞાની માને છે. તેને અહીં કહે છે-અન્ય કરે છે ને અન્ય ભોગવે છે-એવું એકાંત ન પ્રકાશો; અર્થાત્ એવું એકાંત વસ્તુ-સ્વરૂપ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તો કેવી રીતે છે? જે જીવ વર્તમાન પર્યાયમાં રાગદ્વેષ કરે છે તે જ જીવ ભવિષ્યમાં તેનું ફળ ભોગવે છે. પાપના પરિણામ કરનારી એક અવસ્થા છે અને તેનું ફળ ભોગવનારી પર્યાય બીજી છે પણ તે બન્ને પર્યાયોમાં રહેલું દ્રવ્ય-આત્મા તો એનું એ જ છે. પર્યાય અનેરી અનેરી છે, પણ દ્રવ્ય તો એનું એ જ છે, જેણે પાપ કર્યું તે જ આત્મા તેનું ફળ જે દુઃખ તે ભોગવે છે. ભાઈ! વૃત્તિમાન એવું જે દ્રવ્ય તે ત્રિકાળ નિત્ય છે. તેથી આત્મા જે વર્તમાન પર્યાયમાં પાપ કરે છે તે જ તેનું ફળ આગામી બીજી પર્યાયમાં ભોગવે છે. વર્તમાનમાં મનુષ્યની પર્યાયમાં કોઈ તીવ્ર પાપ ઉપજાવે, સાતે વ્યસન સેવે તે મરીને જાય નરકમાં એને ત્યાં એના ફળમાં તીવ્ર દુઃખ ભોગવે. પણ ત્યાં અવસ્થા પલટવા છતાં આત્મા તો એનો એ જ છે, આત્મા કરે એ જુદો ને વળી ભોગવે એ જુદો-એવી માન્યતા અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આવી વાતુ!

પણ અરે! એને નવરાશ ક્યાં છે આવું સમજવાની. બિચારો દૂર દેશાવર જાય ને ધંધામાં મશગુલ રહે; બહુ ધન કમાય એટલે સમજે કે ફાવ્યા. ધૂળમાંય ફાવ્યા નથી સાંભળને. એ ધનના ઢગલા તો બાપુ! બધા ધૂળના ઢગલા છે. એમાં ક્યાં સુખ છે? એ તો એના કારણે આવે છે ને એના કારણે જાય છે. તું શું કમાય? એની મમતા કરીને તો ભગવાન! તું દુઃખના ઢગલા કમાઈ રહ્યો છે. અહીં કહે છે-એ ધનની (વર્તમાનમાં) મમતા કરનારો ને ભવિષ્યમાં તેના ફળમાં દુઃખનો ભોગવનારો આત્મા એનો એ જ છે.

ભગવાન! ધન-સંપતિ મારાં સુખનાં સાધન છે એમ માની એની મમતા કરે એ તો મૂઢ મહા-મૂરખ છે. મહામૂરખ હોં.

તો નાનો મૂરખ કોણ?

સમકિત થયા પછી કિંચિત્ ચારિત્રનો દોષ રહે તે નાનો મૂરખ. જેને મિથ્યાશ્રદ્ધાનો દોષ છે તે મૂઢ મહામૂરખ. ભાઈ! ચારિત્રનો કિંચિત્ દોષ છે એય પોતાની મૂર્ખાઈ છે ને? તેથી તે નાનો મૂરખ. એ સમાધિશતકમાં પૂજ્યપાદ સ્વામીએ કહ્યું છે ભાઈ! કે -આ હું બીજાને ઉપદેશ આપી સમજાવું એવો જે મને વિકલ્પ છે તે મારી ઉન્મત્તપણાની ચેષ્ઠા છે. એમ કે- હું તો -આત્મા નિત્ય નિર્વિકલ્પ છું, અને મારે અંદર નિર્વિકલ્પ રહેવું જોઈએ; છતાં આવો બીજાને સમજાવવાનો વિકલ્પ આવ્યો! એ ઉન્મત્તતા છે. લ્યો, આવી વાત! મુનિરાજને ઉપદેશનો (સમજાવવાનો કે સાંભળવાનો) વિકલ્પ આવે તે અસ્થિરતાનો ચારિત્રદોષ હોવાથી તે ઉન્મત્તતા છે એમ ત્યાં કહ્યું છે. (સમાધિશતક શ્લોક ૧૯). બાપુ! આ તો વીતરાગના કાયદા ભાઈ!

અહીં કહે છે-પર્યાયનો નાશ થતાં દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે એમ મત

માનો. વાસ્તવમાં આત્માની વર્તમાન પર્યાયનો નાશ થઈ એની નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, આત્મા તો ત્યાં ત્રિકાળ નિત્ય જ રહે છે. અહા! આવા નિત્ય ચિદાનંદસ્વરૂપ આત્માની દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે અને તે પ્રથમ ધર્મ છે. ભાઈ! પ્રથમ વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરવું પડશે; યથાર્થ જાણ્યા વિના દ્રષ્ટિ સાચી નહીં થાય.

## * કળશ ૨૦૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'દ્રવ્યની અવસ્થાઓ ક્ષણેક્ષણે નાશ પામતી હોવાથી બૌદ્ધમતી એમ માને છે કે " દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે." આવી એકાંત માન્યતા મિથ્યા છે. જો અવસ્થાવાન પદાર્થનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય? એ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવવાથી શૂન્યનો પ્રસંગ આવે છે.'

જુઓ, પર્યાયનો-અવસ્થાનો નાશ થતાં આત્માનો-દ્રવ્યનો નાશ માને એ તો અજ્ઞાનીની-બૌદ્ધમતીની જૂઠી કલ્પના છે; કેમકે અવસ્થાવાન દ્રવ્યનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય? નવી નવી અવસ્થા જે ક્ષણેક્ષણે થાય છે તેનો આધાર તો નિત્ય દ્રવ્ય છે. હવે દ્રવ્ય જ નાશ પામી જાય તો આધાર નાશ પામતાં પર્યાય પણ કોના આશ્રયે ઉત્પન્ન થાય? આ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવે, શૂન્યપણાનો પ્રસંગ આવે. પણ એમ છે નહિ. જુઓ, સોનાની સાંકળી પલટીને કંકણ થાય છે; ત્યાં શું સોનું નાશ પામી જાય છે? કદીય નહિ. તેમ અવસ્થા ભલે પલટે, પણ અવસ્થાવાન એવું દ્રવ્ય તો નિત્ય જ રહે છે.

હવે ધ્યાન કરો, ધ્યાન કરો એમ કેટલાક રાડો પાડે છે, ધ્યાનની શિબિરો પણ લગાવે છે પણ કોનું ધ્યાન કરવું? વસ્તુ જ પોતાની જ્યાં દ્રષ્ટિમાં આવી નથી ત્યાં કોનું ધ્યાન કરે? ધ્યાનનો વિષય તો ભાઈ! અંદર રહેલું ત્રિકાળી ધ્રુવ નિત્ય પરમાત્મદ્રવ્ય છે. હવે દ્રવ્યના સ્વીકાર વિના એ કોનું ધ્યાન કરે? એ રાગનું ધ્યાન કરશે; (એને આર્ત્ત-રૌદ્ર ધ્યાન થયા કરશે).

અહા! રાગને-પુણ્યને ને પર્યાયને જ એ આત્મા માને છે એ એની ભૂલ છે. પણ એ ભૂલ પર્યાયમાં થઈ છે, વસ્તુમાં નથી. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તો એવો ને એવો નિત્ય જ્ઞાયકભાવપણે રહ્યો છે. અહા! એની દ્રષ્ટિ કરતાં એની વર્તમાન ભૂલ છૂટી જાય છે અને આ જ એક કર્તવ્ય છે, ધર્મ છે. આવી વાતુ છે.

(પ્રવચન નં. ૩૯૧ થી ૩૯૩ * દિનાંક ૧૯-૭-૭૭ અને ૨૦-૭-૭૭)

## ગાથા ૩૪૫ થી ૩૪૮

केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा कुव्वदि सो वा अण्णो व णेयंतो।। ३४५।।

केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा वेददि सो वा अण्णो व णेयंतो।। ३४६।।

जो चेव कुणदि सो चिय ण वेदए जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।। ३४७।।

अण्णो करेदि अण्णो परिभुंजदि जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।। ३४८।।

कैश्चित्तु पर्यायैर्विनश्यति नैव कैश्चित्तु जीवः।
यस्मात्तस्मात्करोति स वा अन्यो वा नैकान्तः।। ३४५।।

હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છેઃ–

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
તેથી કરે છે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૫.

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
જીવ તેથી વેદે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૬.

જીવ જે કરે તે ભોગવે નહિ-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.

જીવ અન્ય કરતો, અન્ય વેદે-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.

**ગાથાર્થઃ-** [ यस्मात् ] કારણ કે [ जीवः ] જીવ [ कैश्चित् पर्यायैः तु ] કેટલાક પર્યાયોથી [ विनश्यति ] નાશ પામે છે [ तु ] અને [ कैश्चित् ] કેટલાક પર્યાયોથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कैश्चित्तु पर्यायैर्विनश्यति नैव कैश्चित्तु जीवः।
यस्मात्तस्माद्वेदयते स वा अन्यो वा नैकान्तः।।३४६।।

यश्चैव करोति य चैव न वेदयते यस्य एष सिद्धान्तः।
स जीवो ज्ञातव्यो मिथ्यादृष्टिरनार्हतः।।३४७।।

अन्यः करोत्यन्यः परिभुंक्ते यस्य एष सिद्धान्तः।
स जीवो ज्ञातव्यो मिथ्यादृष्टिरनार्हतः।।३४८।।

[न एव] નથી નાશ પામતો, [तस्मात्] તેથી [सः वा करोति] '(જે ભોગવે છે) તે જ કરે છે' [अन्यः वा] અથવા 'બીજો જ કરે છે' [न एकान्तः] એવો એકાંત નથી (-સ્યાદ્વાદ છે).

[यस्मात्] કારણ કે [जीवः] જીવ [कैश्चित् पर्यायैः तु] કેટલાક પર્યાયોથી [विनश्यति] નાશ પામે છે [तु] અને [कैश्चित्] કેટલાક પર્યાયોથી [न एव] નથી નાશ પામતો, [तस्मात्] તેથી [सः वा वेदयते] '(જે કરે છે) તે જ ભોગવે છે' [अन्यः वा] અથવા 'બીજો જ ભોગવે છે' [न एकान्तः] એવો એકાંત નથી (-સ્યાદ્વાદ છે).

'[यः च एव करोति] જે કરે છે [सः च एव न वेदयते] તે જ નથી ભોગવતો' [एषः यस्य सिद्धान्तः] એવો જેનો સિદ્ધાંત છે, [सः जीवः] તે જીવ [मिथ्यादृष्टिः] મિથ્યાદ્રષ્ટિ, [अनार्हतः] અનાર્હત (-અર્હત્‌ના મતને નહિ માનનારો) [ज्ञातव्यः] જાણવો.

'[अन्यः करोति] બીજો કરે છે [अन्यः परिभुंक्ते] અને બીજો ભોગવે છે' [एषः यस्य सिद्धान्तः] એવો જેનો સિદ્ધાંત છે, [सः जीवः] તે જીવ [मिथ्यादृष्टिः] મિથ્યાદ્રષ્ટિ, [अनार्हतः] અનાર્હત (-અજૈન) [सज्ञातव्यः] જાણવો.

**ટીકાઃ-** જીવ, પ્રતિસમયે સંભવતા (-દરેક સમયે થતા) અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી, કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો-એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે; તેથી 'જે કરે છે તે જ ભોગવે છે' અથવા 'બીજો જ ભોગવે છે', 'જે ભોગવે છે તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે' -એવો એકાંત નથી. આમ અનેકાંત હોવા છતાં, 'જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્પણું હોવાથી, તે જ વસ્તુ છે' એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( शार्दूलविक्रीडित )

आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः
कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः।
चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतै-
रात्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः।। २०८।।

દેખે-માને છે કે "જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે", તે જીવ મિથ્યાદ્રષ્ટિ જ દેખવો-માનવો; કારણ કે, વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં, વૃત્તિમાન (પર્યાયી) જે ચૈતન્યચમત્કાર (આત્મા) તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.

**ભાવાર્થઃ-** વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યા છે; માટે સ્યાદ્વાદથી એવો અનેકાંત સિદ્ધ થાય છે કે પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે. જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી, પર્યાયદ્રષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય; જેમ કે- મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું. દ્રવ્યદ્રષ્ટિએ જોવામાં આવે તો, જે કરે છે તે જ ભોગવે છે; જેમ કે-મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં, તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.

આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં, જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના શુદ્ધનયના લોભથી વસ્તુના એક અંશને (-વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને છે કે 'જે કરે છે તે જ ભોગવતો નથી-અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી-અન્ય કરે છે', તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી; કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે; પ્રત્યભિજ્ઞાનથી જણાય છે કે 'બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું'. આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે-સ્વસંવેદનમાં આવે છે અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને તે મિથ્યાદ્રષ્ટિ છે એમ જાણવું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ आत्मानं परिशुद्धम् ईप्सुभिः परैः अन्धकैः ] આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ- [ पृथुकैः ] બાલિશ જનોએ (બૌદ્ધોએ) - [ काल–उपाधि–बलात् अपि तत्र अधिकाम् अशुद्धिम् मत्वा ] કાળની ઉપાધિના કારણે પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( शार्दूलविक्रीडित )

**कर्तुर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा**
**कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम्।**
**प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या क्वचि-**
**च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः।। २०९।।**

આત્મામાં અધિક અશુદ્ધિ માનીને [ अतिव्याप्तिं प्रपद्य ] અતિવ્યાપ્તિને પામીને, [ शुद्ध–ऋजुसूत्रे रतैः ] શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા [ चैतन्यं क्षणिकं प्रकल्प्य ] ચૈતન્યને ક્ષણિક કલ્પીને, [ अहो एषः आत्मा व्युज्झितः ] આ આત્માને છોડી દીધો; [ निःसूत्र–मुक्ता–ईक्षिभिः हारवत् ] જેમ હારમાંનો દોરો નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.

**ભાવાર્થઃ-** આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઇચ્છક એવા બૌદ્ધોએ વિચાર્યું કે-“ આત્માને નિત્ય માનવામાં આવે તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે તેથી ઉપાધિ લાગી જશે; એમ કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે.” આ દોષના ભયથી તેઓએ શુદ્ધ ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન સમય તેટલો જ માત્ર (-ક્ષણિક જ-) આત્માને માન્યો અને નિત્યાનિત્યસ્વરૂપ આત્માને ન માન્યો. આમ આત્માને સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ; માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ; પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.

મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે; જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરા સહિત દેખતો નથી-માત્ર મોતીને જ જુએ છે, તે છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે, હારને છોડી દે છે; અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી અને સમયે સમયે વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય કલ્પીને, ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે (અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયરૂપ માનતા નથી-માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે), તેઓ આત્માને છોડી દે છે; અર્થાત્ તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી. ૨૦૮.

હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कर्तुः च वेदयितुः युक्तिवशतः भेदः अस्तु वा अभेदः अपि ] કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો, [ वा कर्ता च वेदयिता मा

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( रथोद्धता )

व्यावहारिकदृशैव केवलं
कर्तृ कर्म च विभिन्नमिष्यते।
निश्चयेन यदि वस्तु चिन्त्यते
कर्तृ कर्म च सदैकमिष्यते।। २१०।।

भवतु ] અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો; [ वस्तु एव सञ्चिन्त्यताम् ] વસ્તુને જ અનુભવો. [ निपुणैः सूत्रे इव इह आत्मनि प्रोता चित्–चिन्तामणि–मालिका क्वचित् भेत्तुं न शक्या ] જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી, તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી; [ इयम् एका ] એવી આ આત્મારૂપી માળા એક જ, [ नः अभितः अपि चकास्तु एव ] અમને સમસ્તપણે પ્રકાશમાન હો (અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો ).

**ભાવાર્થઃ-** આત્મા વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયાત્મક છે; તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી; એમ ભેદ-અભેદ હો. અથવા ચિન્માત્ર અનુભવનમાં ભેદ-અભેદ શા માટે કહેવો? (આત્માને) કર્તા-ભોક્તા જ ન કહેવો, વસ્તુમાત્ર અનુભવ કરવો. જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ-વિકલ્પ નથી, તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી. આચાર્ય મહારાજ કહે છે કે-એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો. ૨૦૯.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ केवलं व्यावहारिकदृशा एव कर्तृ च कर्म विभिन्नम् इष्यते ] કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે; [ निश्चयेन यदि वस्तु चिन्त्यते ] નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, [ कर्तृ च कर्म सदा एकम् इष्यते ] તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.

**ભાવાર્થઃ-** કેવળ વ્યવહાર-દૃષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે; નિશ્ચય-દૃષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે. ૨૧૦.

* * *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## સમયસાર ગાથા ૩૪૫ થી ૩૪૮ : મથાળું

હવે ગાથાઓમાં અનેકાન્તને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છેઃ-

## * ગાથા ૩૪૫ થી ૩૪૮ : ટીકા ઉપરનું પ્રવચન *

'જીવ, પ્રતિસમયે સંભવતા (-દરેક સમયે થતા) અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી, કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો- એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે;...'

'જીવ, પ્રતિસમયે સંભવતા...', પ્રત્યેક સમયે સંભવતા... અહાહા.....! ભાષા દેખો; એમ કે પ્રતિસમય જે પર્યાય (નિશ્ચિત) સંભવિત છે તે સંભવે છે, થાય છે-એમ કહે છે. સમજાણું કાંઈ...? આ વિકારી ભાવ કર્મને લઈને થાય છે, વા કર્મ વિકારને કરે છે ને કર્મ ખસી જાય તો ધર્મ થાય એમ જે માને છે તે પર્યાય સત્ છે ને તે પોતાથી થાય છે એમ માનતો નથી. તેને પર્યાય ને દ્રવ્યની સ્વતંત્રતાની ખબર નથી. વાસ્તવમાં દરેક સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય છે. વસ્તુ ત્રિકાળ નિત્ય છે ને તેની પ્રતિસમય થનારી પર્યાય જે થવાની હોય તે થાય છે. પરને લઈને કે કર્મને લઈને તે થતી નથી. બદલતી નથી. આવી વસ્તુસ્થિતિ છે.

જેમ મોતીનો હાર હોય છે તેમાં હાર છે તે દ્રવ્ય, દોરો તે ગુણ અને જે મોતી છે તે પર્યાયના સ્થાને છે. તેમાં હાર ને દોરો તો કાયમી ચીજ છે, ને મોતીના દાણા તેમાં દરેક ક્રમસર છે. પોતપોતાના નિશ્ચિત સ્થાનમાં રહેલા ક્રમસર છે. પહેલું મોતી, પછી બીજું, પછી ત્રીજું -એમ પ્રત્યેક મોતી નિયત સ્થાનમાં રહેલું ક્રમબદ્ધ છે. તેમ આત્મા ત્રિકાળી નિત્ય દ્રવ્ય છે, તેના જ્ઞાનાદિ ગુણ નામ શક્તિઓ ત્રિકાળ નિત્ય છે અને તેમાં જે પર્યાયો થાય છે તે પ્રત્યેક સમયેસમયે નિયત ક્રમમાં જે થવાની હોય તે જ થાય છે; કોઈ પર્યાય આગળ-પાછળ થતી નથી. ઝીણી વાત છે. દ્રવ્યમાં જે પર્યાય જે કાળે થવાની હોય તે કાળે તે જ ત્યાં થાય છે. 'પ્રતિસમયે સંભવતા...', એમ ટીકામાં છે ને? એ 'સંભવતા' શબ્દનો આ આશય છે. પ્રતિસમય જે પર્યાય થવાની હોય તે જ ક્રમબદ્ધ થાય, તેમાં કોઈ અન્ય ફેરફાર કરી શકે નહિ. આ પ્રમાણે આત્મા પરનો અકર્તા અર્થાત્ કેવળ જ્ઞાતાદ્દષ્ટા જ છે એમ સિદ્ધ થાય છે.

ભગવાનના જ્ઞાનમાં ત્રણલોક ત્રણકાળ જણાયા છે. પ્રત્યેક, દ્રવ્યની અનાદિ-અનંત ત્રણકાળની ધારાવાહી પ્રગટ થનારી પર્યાયો ભગવાનના કેવળજ્ઞાનમાં જણાઈ છે. એનો અર્થ શું? કે આ શરીર, મન, વાણી, ઈન્દ્રિયો ઇત્યાદિ સમસ્ત પરદ્રવ્યની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પર્યાયોનો કર્તા આત્મા નથી. પ્રથમ આવી સાચી શ્રદ્ધા સહિત દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરે એનું નામ સમ્યગ્દર્શન છે. ભાઈ! ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ થયા વિના પર્યાયનું સાચું જ્ઞાન થતું નથી. દ્રવ્ય-દૃષ્ટિ અને સમ્યગ્દર્શન એ તો ધર્મની પહેલી સીઢી છે. ચારિત્ર તો એ પછીની વાત છે.

અહીં બીજી વાત સિદ્ધ કરવી છે. અહીં કહે છે-આત્મામાં એક અગુરુલઘુ નામનો ગુણ છે, તે ત્રિકાળ છે પણ તેનું વર્તમાન પરિણામ ક્ષણિક છે, તો તે ક્ષણિક પરિણામ દ્વારા, કહે છે, જીવ ક્ષણિક છે અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણદ્વારા જીવ નિત્ય છે. અહાહા...! ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એમ ચૈતન્યના સદશ પ્રવાહરૂપ જે અચલિત ચૈતન્ય તેના દ્વારા, કહે છે, જીવ નિત્ય છે. લ્યો, આવી વસ્તુ! કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે ને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો-એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે. એટલે શું? કે પ્રતિસમય પલટતી ને નવી નવી થતી પર્યાયની અપેક્ષાએ જીવ વિનાશ પામે છે અને કેટલીક પર્યાયોથી એટલે અચલિત નિત્ય રહેતા ચૈતન્યની અપેક્ષાએ-નિત્ય ગુણની અપેક્ષાએ જીવ વિનાશ પામતો નથી. આમાં પર્યાય શબ્દે ગુણ સમજવા. ભેદ પડયો ને? માટે તેને અહીં પર્યાય કહેલ છે. જીવદ્રવ્ય પોતાના ચૈતન્યગુણથી વિનાશ પામતું નથી, શાશ્વત અવિનાશી છે. આમ પર્યાયસ્વભાવ અને ગુણસ્વભાવ -એમ બે સ્વભાવવાળું દ્રવ્ય છે. તેને પર સાથે કાંઈ સંબંધ નથી.

હવે કહે છે- 'તેથી " જે કરે છે તે જ ભોગવે છે" અથવા "બીજો જ ભોગવે છે," "જે ભોગવે છે તે જ કરે છે" અથવા "બીજો જ કરે છે" -એવો એકાંત નથી.'

શું કીધું? જીવ દ્રવ્યપર્યાયરૂપ નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ -એમ બે સ્વભાવવાળો છે. તેથી-

જે કરે છે તે જ ભોગવે છે અથવા બીજો જ ભોગવે છે-એવો એકાંત નથી. તથા-

જે ભોગવે છે તે જ કરે છે અથવા બીજો જ કરે છે-એવો એકાંત નથી. ભાઈ! આ તો હજુ તત્ત્વ કેવું છે તેનો નિર્ણય કરવાની વાત છે; તેનો અનુભવ કરવો એ તો પછીની વાત છે. કહે છે-જે કરે છે તે જ ભોગવે છે-એમ એકાંત નથી; અથવા બીજો જ ભોગવે છે એવો એકાંત નથી, કેમકે પર્યાય અપેક્ષાએ કાર્ય કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય, તથા દ્રવ્ય અપેક્ષાએ જે (દ્રવ્ય) કરે છે તે જ ભોગવે છે. આમ અનેકાન્ત છે. સમજાય છે કાંઈ...?

જે ભોગવે છે તે જ કરે છે-એમ એકાંત નથી, અથવા બીજો જ કરે છે એવો એકાંત નથી; કેમકે ભોગવે છે અન્ય પર્યાય અને કરે છે અન્ય પર્યાય, તથા દ્રવ્ય અપેક્ષાએ જે (દ્રવ્ય) ભોગવે છે તે જ કરે છે. આમ અનેકાન્ત છે. આવી વાતુ બહુ ઝીણી!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ અરે! એને ક્યાં નવરાશ છે? પણ બાપુ! તત્ત્વનો નિર્ણય કર્યા વિના ચોરાસીના અવતારમાં ક્યાંય ઢોરમાં ને નરક-નિગોદમાં અવતાર કરી કરીને મરી ગયો તું. કદાચિત્ સાધુ થયો ને મહાવ્રતાદિ પાળ્યાં તોય રાગથી અંદર મારી ચીજ ભિન્ન છે એવું ભાન કર્યા વિના મિથ્યાત્વવશ ચારગતિમાં રઝળી મર્યો ને દુઃખી જ થયો. ભાઈ! આ અવસર છે હોં. (એમ કે આ ભવમાં તત્ત્વનિર્ણય કરી લે).

હવે કહે છે- 'આમ અનેકાન્ત હોવા છતાં, " જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્પણું હોવાથી, તે જ વસ્તુ છે" એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ દેખે-માને છે કે "જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે," તે જીવ મિથ્યાદૃષ્ટિ જ દેખવો-માનવો; કારણ કે વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં, વૃત્તિમાન (પર્યાયી) જે ચૈતન્ય-ચમત્કાર (આત્મા) તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.'

અહા! આ શરીર, મન, વાણી ઇત્યાદિ તો પર છે. તે પોતાના કારણે ટકે છે ને પોતાના કારણે બદલે છે; તેમાં આત્મા બીલકુલ કારણ નથી. છતાં એની સંભાળ હું કરું એમ જે માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અહીં વિશેષ વાત છે. આત્મા-દ્રવ્ય પર્યાયરૂપથી અનિત્ય અને દ્રવ્યરૂપથી નિત્ય -એમ અનેકાન્તમય છે. છતાં જે ક્ષણિક પર્યાયને જ પરમાર્થ સત્ય આત્મા માને છે, ત્રિકાળી નિત્ય દ્રવ્યને માનતો નથી તે મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. એક સમયની પર્યાયમાં આખું તત્ત્વ માને છે તે મૂઢ છે. અહા! વસ્તુના એક અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને એક સમયની અવસ્થામાં જે આખો ત્રિકાળી આત્મા માને છે તે મૂઢ છે, અજ્ઞાની છે.

અહા! શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે માને છે કે- "જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે" -તે જીવ મિથ્યાદૃષ્ટિ જ છે. શું કીધું? એક સમયની અવસ્થા (અવસ્થાગત દ્રવ્ય) બીજે સમયે રહે તો શુદ્ધનયનો નાશ થઈ જાય, તેમાં કાળની ઉપાધિ આવતાં અશુદ્ધિ આવી જાય-એમ માનીને એક સમયના અંશમાં જ આખી ચીજ (દ્રવ્ય) માને છે તે જીવ, કહે છે, મિથ્યાદૃષ્ટિ છે.

અહા! અજ્ઞાનીની એક સમયની પર્યાયમાં જ અનાદિથી રમત છે-એક સમયની પર્યાય પાછળ આખું ધ્રુવ નિત્ય ચૈતન્યતત્ત્વ પડયું છે એની એને ખબર નથી. અરે! એ મોટો ત્યાગી થયો, સાધુ થયો પણ પર્યાયમૂઢ જ રહ્યો. અહા! એણે મહાવ્રતાદિના રાગની રુચિમાં રહીને અંદર રહેલા પોતાના નિત્યાનંદ-ચિદાનંદસ્વરૂપ અંતઃતત્ત્વને વિસારી દીધું; દૃષ્ટિમાં લીધું નહિ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.'

જેમ આંખની કીકી સામે નાનકડું તણખલું આવે તો સામે રહેલો મોટો પહાડ પણ દેખાય નહિ; તેમ અરે! એક સમયની પર્યાયની રુચિ-દષ્ટિની આડમાં એણે મહાન પોતાના ચિદાનંદ ચૈતન્ય ભગવાનને દેખ્યો નહિ!

આ દેહ તો ક્ષણિક નાશવંત છે. તેના છૂટવાના કાળે તે અવશ્ય છૂટી જશે. તેની સ્થિતિ પૂરી થયે જીવ બીજે ચાલ્યો જશે. શું કીધું? આ શરીર તો ફૂ થઈ ઉડી જશે ને જીવ બીજે ચાલ્યો જશે. અરે! પણ એ ક્યાં જશે? અરે! એણે આ ભવમાં તીવ્ર લોભ ને માયાના-આડોડાઈના ભાવ કર્યા હશે તો ઢોરમાં-તિર્યંચમાં જશે. આડોડાઈના ભાવના ફળમાં શરીર પણ આડાં તિર્યંચના મળે છે. શું થાય? આવા આવા તો અનંત ભવ એણે કર્યા છે. એક સમયની પર્યાય જેટલો આત્મા નથી, તે ત્રિકાળ નિત્ય વસ્તુ છે-આમ યથાર્થ માન્યું નહિ તેથી મિથ્યાત્વના ભાવ સેવીને તેના ફળમાં તે નરકાદિ ચારગતિમાં રઝળ્યો જ છે. અહા! એક સમયની પર્યાયથી અધિક એવા નિત્યાનંદ સ્વભાવની દષ્ટિ કર્યા વિના તે ચારગતિનાં ઘોરાતિઘોર દુઃખ પામ્યો છે. તેના દુઃખનું કેમ કરીને કથન કરીએ? એ અકથ્ય છે.

અહીં કહે છે-એક સમયની પર્યાયમાં આખી (ત્રિકાળી) ચીજ છે એવું માનીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ માને છે કે-"જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે"- તે જીવ મિથ્યાદષ્ટિ જ માનવો. ઝીણી વાત ભાઈ! આત્મા બીજે સમયે રહે તો કાળની ઉપાધિના કારણે અશુદ્ધતા આવી જશે એમ માનીને, વર્તમાન સમય જેટલો આત્મા છે એમ જેઓ કલ્પના કરે છે. તેઓ મિથ્યાદષ્ટિ જ છે એમ માનવું. ભાઈ! આ વીતરાગ પરમેશ્વરે કહેલું તત્ત્વ આવું છે. પરને-શરીર, મન, વાણી, સ્ત્રી-પુત્ર-પરિવાર, ધન-સંપત્તિ આદિને-પોતાનું માને એ તો મૂઢ જ છે, પણ એક સમયની પર્યાય જ હું આખો આત્મા છું એમ એકાંતે માને એય મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે; કારણ કે પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, પર્યાયવાન જે ચિત્ચમત્કાર આત્મા છે તે તો નિત્ય શાશ્વત જ અંતરંગમાં પ્રતિભાસે છે. અહાહા...! વસ્તુ તો અંદર નિત્ય જ પ્રકાશી રહી છે.

કરનારી પર્યાય ને ભોગવનારી પર્યાય બીજી-બીજી છે, પણ દ્રવ્ય બીજું નથી. પર્યાયમાં જે આત્માએ રાગ કર્યો તે જ આત્મા તેનું ફળ-દુઃખ ભોગવે છે; બીજી પર્યાયમાં ફળ-દુઃખ ભોગવનારો તે જ આત્મા છે. માટે બીજો કરે છે ને બીજો ભોગવે છે એવી એકાંત માન્યતા જૂઠી છે, મિથ્યા છે.

ભાઈ! સમ્યગ્દર્શનની પર્યાય એક સમયની છે તે ક્ષણિક છે, પરંતુ તેનો જે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષય છે તે ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે. હવે જે નિત્ય ધ્રુવ ચૈતન્ય-તત્ત્વને સ્વીકારતો નથી તેને સમકિત કેમ થાય? તેનો સંસાર કેમ મટે?

એક બારોટ કહેતા-સંપ્રદાયના આ વર્તમાન સાધુઓમાં એવું થઈ ગયું છે કે-સવારે ચા-પાણી, બપોરે માલ-પાણી, બે વાગે ઊંઘ તાણી, અને સાંજે ધૂળ ધાણી; (આ સરવાળો!) અરે! અજ્ઞાની જીવો આમ શરીરની સંભાળમાં રોકાઈ ગયા છે. અંદર પોતાનું શુદ્ધ તત્ત્વ શું છે એની એમને કાંઈ પડી નથી. પરંતુ ભાઈ! આ જિંદગી ચાલી જાય છે હોં. ત્રિલોકીનાથ અરિહંત પરમેશ્વર તો એમ ફરમાવે છે કે- શરીરાદિ પરચીજ તું નહિ; તું એમાં નહિ ને એ તારામાં નહિ. અરે! આ તારી અવસ્થા જે ક્ષણેક્ષણે બદલાય છે તે પણ તું નહિ એવો આનંદનો નાથ સચ્ચિદાનંદસ્વરૂપ તું ભગવાન છો. તેને દૃષ્ટિમાં લઈ તેમાં જ લીન થઈ રહેતાં જે આનંદ અને શાંતિ પ્રગટે તે સદ્આચરણ છે. અંદર સત્ ત્રિકાળી પ્રભુ છે તેનું આચરણ તે સદ્આચરણ છે. બાકી તો બધું સંસાર ખાતે છે.

અહાહા...! જેના જ્ઞાનસ્વભાવમાં ત્રણકાળ-ત્રણલોકને જાણવાની શક્તિ છે એવો ચિત્ચમત્કાર પ્રભુ તું આત્મા છો. આચાર્ય કહે છે-આવો આત્મા અંતરંગમાં નિત્ય ધ્રુવ પ્રતિભાસે છે. અહા! આવી પોતાની ચીજને ન દેખતાં એક સમયની પર્યાયને આખી ચીજ માની તું ત્યાં રોકાઈ ગયો ભગવાન! પણ એ તો તારી મૂઢતા છે, અજ્ઞાનતા છે.

## * ગાથા ૩૪૫ થી ૩૪૮ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે; માટે સ્યાદ્વાદથી એવો અનેકાન્ત સિદ્ધ થાય છે કે પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્યઅપેક્ષાએ નિત્ય છે.

જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી, પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય; જેમકે -મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિ પર્યાયે ભોગવ્યું. દ્રવ્યદૃષ્ટિએ જોવામાં આવે તો, જે કરે છે તે જ ભોગવે છે; જેમકે-મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં, તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.'

જુઓ, શું કહે છે? કે દેવાધિદેવ જિનેન્દ્રદેવની વાણીમાં વસ્તુનો સ્વભાવ દ્રવ્યપર્યાયસ્વભાવ નિરૂપ્યો છે. ત્યાં દ્રવ્ય છે તે ત્રિકાળ નિત્ય છે અને જે પર્યાય છે તે ક્ષણિક છે. પર્યાય છે તે ક્ષણેક્ષણે બદલતી હોવાથી ક્ષણિક છે, અને દ્રવ્ય તો ઉત્પાદ-વ્યયરહિત ત્રિકાળ શાશ્વત નિત્ય છે. આવું વસ્તુનું અનેકાન્ત સ્વરૂપ છે જે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્યાદ્વાદથી સિદ્ધ થાય છે. તે આ રીતે; કે પર્યાય અપેક્ષાએ વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય-અપેક્ષાએ તે નિત્ય છે. ટકીને પલટવું ને પલટીને ટકી રહેવું-એ દ્રવ્ય નામ વસ્તુનો સ્વભાવ છે.

ત્યાં કોઈ વળી કહે-મહારાજ! આ દ્રવ્ય વળી શું છે? સ્વાધ્યાય મંદિરમાં દિવાલ પર લખેલું છે ને કે-"દ્રવ્યદ્રષ્ટિ તે સમ્યગ્દ્રષ્ટિ" આ જોઈને તે કહે -આ દ્રવ્ય એટલે આ પૈસાવાળા જે બધા આવે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે એમ ને? લ્યો, આવું પૂછેલ!

ત્યારે કહ્યું- ભાઈ! દ્રવ્ય એટલે તમારા પૈસાની આ વાત નથી. બાપુ! અહીં પૈસાનું શું કામ છે? પૈસા તો જડ માટી-ધૂળ છે. અહીં તો દ્રવ્ય એટલે અંતરંગ વસ્તુ જે ત્રિકાળી ચિન્માત્ર ચીજ એની દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે અને એનું નામ "દ્રવ્યદ્રષ્ટિ તે સમ્યગ્દ્રષ્ટિ" છે. બાકી પૈસાની-ધૂળની દ્રષ્ટિવાળા તો બધાય પાપી મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ....?

જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. પર્યાયની અપેક્ષાએ તે ક્ષણિક છે, અને દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવ નિત્ય છે. આમ હોવાથી, પર્યાયદ્રષ્ટિએ જોતાં કાર્ય કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય. જેમકે કોઈ મોટો રાજા હોય તે અધિકાર-સત્તાના નશામાં આવીને અનેક ઘોર પાપ ઉપજાવે તો મરીને જાય નરકમાં; ત્યાં ઘોર દુઃખ ભોગવે. મનુષ્ય પર્યાયમાં કરેલાં પાપનું ફળ નરકની પર્યાયમાં ભોગવે. વળી કોઈ શ્રદ્ધાવાન દયાળુ સદ્‌ગૃહસ્થ હોય તે અનેક પ્રકારે દાનાદિ પુણ્ય કાર્ય કરે ને મરીને સ્વર્ગમાં જાય; ત્યાં અનેક પ્રકારના ભોગ ભોગવે. આમ મનુષ્યપર્યાયમાં કરેલા પુણ્યકાર્યનું ફળ દેવની પર્યાયમાં ભોગવે. આ પ્રમાણે પર્યાયથી જોઈએ તો કાર્યને કરે છે એક પર્યાય ને ભોગવે છે બીજી પર્યાય.

પરંતુ દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો, જે કરે છે તે જ ભોગવે છે. મનુષ્ય પર્યાયમાં જે જીવદ્રવ્ય શુભ કે અશુભ કાર્ય કરે છે તે જ જીવદ્રવ્ય દેવ કે નારકીની પર્યાયમાં પોતે કરેલા કર્મનું ફળ ભોગવે છે. દ્રવ્યની અપેક્ષા તો જે કરનાર આત્મા છે તે જ ભોગવનાર છે. પર્યાય તરીકે અનેરી અનેરી પર્યાય છે, પણ દ્રવ્ય તરીકે તો એનું એ જ દ્રવ્ય કરવા-ભોગવવાપણે છે. આવો અનેકાંત છે. હવે કહે છે-

'આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાન્તરૂપ સિદ્ધ હોવા છતાં, જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના શુદ્ધનયના લોભથી વસ્તુના એક અંશને (-વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ૠજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને છે કે "જે કરે છે તે જ ભોગવતો નથી-અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



-અન્ય કરે છે," તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. અર્હંતના મતનો નથી; કારણ કે પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે;.....'

શું કીધું? વસ્તુ તો અનેકાન્તમય જ છે. વર્તમાન પર્યાય જે ભાવ કરે તેનું ફળ બીજી ભવિષ્યની પર્યાય ભોગવે છે તેથી કરીને કાંઈ આત્મદ્રવ્ય બદલાઈ જતું નથી કે નષ્ટ થઈ જતું નથી, આત્મા તો તે પર્યાયોમાં તેનો તે જ રહે છે. દ્રવ્યની અપેક્ષાએ તો જે દ્રવ્યે વર્તમાન પર્યાયમાં કાર્ય કર્યું છે તે જ દ્રવ્ય બીજી ક્ષણે તેના ફળને ભોગવે છે.

**પ્રશ્નઃ-** દ્રવ્ય તો ભોગવતું નથી ને?

**ઉત્તરઃ-** પર્યાયને દ્રવ્ય કરતું નથી અને દ્રવ્ય ભોગવતું નથી એ વાત અહીં અત્યારે નથી; અહીં બીજી વાત છે. અહીં તો પર્યાયોમાં દ્રવ્ય અન્વયરૂપ રહેલું છે એમ દ્રવ્ય ને પર્યાય બન્નેને સિદ્ધ કરવાં છે. તેથી કહ્યું કે પર્યાય અપેક્ષા જે પર્યાય કરે છે તે ભોગવતી નથી, પછીની બીજી પર્યાય ભોગવે છે તથાપિ દ્રવ્ય અપેક્ષાએ તો જે કરે છે તે જ ભોગવે છે. અહીં તો એક પર્યાયમાં જ (આત્મા જાણીને) રમતુ માંડી છે તેને તેથી અધિક આત્મદ્રવ્ય ત્રિકાળસ્વરૂપે નિત્ય રહેલું છે તેનું ભાન કરાવવું છે. સમજાણું કાંઈ....? તેને પર્યાયબુદ્ધિ છોડાવીને દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે.

અરે ભાઈ! ત્રિકાળી નિત્ય નિજ દ્રવ્યની દૃષ્ટિ કર્યા વિના જ તું અનંતકાળથી ચતુર્ગતિ સંસારમાં રઝળી રહ્યો છો. અહાહા....! જુઓને! કંદમૂળની એક નાનકડી કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને તે દરેક શરીરમાં અનંત અનંત નિગોદના જીવ છે. જે અનંત સિદ્ધ થયા ને હવે થશે એનાથી અનંતગુણા જીવ તે દરેક શરીરમાં છે, તે દરેક અંદર દ્રવ્યસ્વરૂપથી ભગવાનસ્વરૂપ છે; પણ અરે! એને ક્યાં ખબર છે? એને ક્યાં ભાન છે? અરેરે! આવી હીન દશા! ભાઈ! નિગોદમાંથી નીકળી અનંતકાળેય ત્રસ થવું મુશ્કેલ છે. તેમાંય વળી મનુષ્યપણું ને જૈનકુળ અને જિનવાણીનો સમાગમ મળવાં મહા દુષ્કર-દુર્લભ છે, તને આવી સાચી વાત સાંભળવા મળી ને હવે તારે કોને રાજી રાખવા છે? તારે કોનાથી રાજી થવું છે? (એમ કે તું અંદર પોતે પરમાનંદમય ભગવાનસ્વરૂપ છો તેને જ રાજી કર ને તેમાં જ રાજી થા).

અહીં પર્યાયબુદ્ધિવાળા ક્ષણિકવાદી જીવોને જાગ્રત કરીને કહે છે-ભાઈ! તું તો અંદર ત્રિકાળી તત્ત્વ છો ને પ્રભુ! અહાહા....! જેનો આશ્રય કરવો છે એવો નિત્ય ચૈતન્યપરમેશ્વર તું છો ને નાથ! આશ્રય કરનારી તો પર્યાય છે, પણ તેનું આશ્રયસ્થાન એવો આત્મા ચૈતન્યચમત્કાર પ્રભુ ત્રિકાળી નિત્ય છે. તે એકના આશ્રયે જ સમકિત આદિ ધર્મ થાય છે. આશ્રયભૂત નિત્ય દ્રવ્ય ને આશ્રય કરનારી પર્યાય -એમ બન્ને મળીને વસ્તુ પૂર્ણ છે અને આવું વસ્તુનું અનેકાન્તસ્વરૂપ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહીં કહે છે-વસ્તુ આવી અનેકાંતમય હોવા છતાં, શુદ્ધનયને સમજ્યા વિના, વસ્તુને જો ત્રિકાળી માનશું તો તેને કાળની ઉપાધિ આવી જશે એમ વિચારી એકાંતે એક સમયની પર્યાયને જ આત્મા માનીને, " જે કરે છે તે જ ભોગવતો નથી, -અન્ય ભોગવે છે અને જે ભોગવે છે તે જ કરતો નથી, -અન્ય કરે છે"-એમ જેઓ માને છે તેઓ મિથ્યાદૃષ્ટિ છે, તેઓ અર્હંતના મતના નથી. ભાઈ! શુદ્ધનયના લોભથી વસ્તુના એક અંશને જ આખી વસ્તુ માને છે તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે પછી બહારમાં ભલે તે જૈનો જેવા દેખાતા હોય.

અરે ભગવાન! અનંતકાળમાં અનંત વાર તું જૈનનો નગ્ન દિગંબર સાધુ થયો, હજારો રાણીઓ છોડીને બ્રહ્મચર્યનું પાલન કર્યું, છ છ માસનાં આકરાં ઉપવાસાદિ તપ કર્યાં, પણ અંદર આનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ આત્મા છે તેની દૃષ્ટિ કરી નહિ! અહાહા...! વર્તમાન વર્તમાન વર્તતી પર્યાયની પાછળ અંદર ચિદાનંદ સ્વભાવથી ભરેલો ભગવાન આખો પડયો છે પણ અરેરે! પર્યાયની રમતુમાં મૂર્છાઈને તેને જોયો નહિ!

પર્યાયમાં દયા, દાન, વ્રત આદિના જે ભાવ થાય તે ક્ષણિક વિકારના પરિણામ છે. તેને ધર્મ માનનારા પણ પર્યાયદૃષ્ટિ જ છે, કેમકે તેમને અંદર ત્રિકાળી નિત્ય ચૈતન્યદ્રવ્યનો સ્વીકાર થયો નથી. અહાહા...! આત્મા આનંદનો નાથ અંદર ચૈતન્યચમત્કાર પ્રભુ અનુભવગોચર નિત્ય એક જ્ઞાયકપણે રહેલો છે. છટ્ઠી ગાથામાં એક શુદ્ધ જ્ઞાયકભાવ કહ્યો છે ને! અહા! આવા નિજ નિત્ય દ્રવ્યની દૃષ્ટિ કર્યા વિના પર્યાયમાં રમતુ માંડીને તેમાં (-શુભરાગમાં) સંતુષ્ટ થયો છે તે, કહે છે, મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! નિજ ચૈતન્યચમત્કાર-વસ્તુનું ભાન કર્યા વિના જીવ મિથ્યાદૃષ્ટિ જ છે. આવી વાત!

વર્તમાન (-પર્યાય) જ વસ્તુનું સર્વસ્વ છે; ત્રિકાળ માનીએ તો ઉપાધિ આવી જાય, અશુદ્ધતા થઈ જાય એમ વિચારીને 'જે કરે છે તે જ ભોગવતો નથી, અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે કરતો નથી, અન્ય કરે છે' -એમ જે જીવ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતની બહાર છે; કેમ? કેમકે પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે.

એ જ સિદ્ધ કરે છે-

'પ્રત્યભિજ્ઞાનથી જણાય છે કે "બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું." આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે-સ્વસંવેદનમાં આવે છે અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે એમ જાણવું.'

આત્મા કથંચિત્ એટલે દ્રવ્યસ્વભાવે નિત્ય અનુભવગોચર છે. તો પછી પર્યાયનું શું? પર્યાય છે ને; પર્યાય છે અને વર્તમાન વર્તતી જે પર્યાય દ્રવ્યની દ્રષ્ટિ કરીને પ્રગટ થાય છે તેમાં 'આ હું નિત્ય ચિદાનંદસ્વરૂપ ધ્રુવ છું' -એમ જણાય છે. ભાઈ! ત્રિકાળી ધ્રુવ નિત્ય દ્રવ્ય જે છે તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનનો વિષય ભૂતાર્થ, સત્યાર્થ ત્રિકાળી નિત્ય ચૈતન્યચમત્કાર છે. હવે તેને ન જાુએ, તેને ન પરખે તે, કહે છે, બૌદ્ધમતીની જેમ મિથ્યાદ્રષ્ટિ છે એમ જાણવું.

વસ્તુ-આત્મા તો પ્રત્યક્ષ સ્વસંવેદનમાં જણાય એવી ચીજ છે, સ્વસંવેદન છે તે પર્યાય છે, પણ તે ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદસ્વરૂપને નજરમાં લે છે અને ત્યારે તે પર્યાયમાં 'આ હું નિત્યાનંદ પ્રભુ છું' -એમ ભાન થઈને નિરાકુળ આનંદનું વેદન થાય છે. આવી સૂક્ષ્મ વાત છે પ્રભુ!

અરે ભાઈ! બાળપણમાં હતો તે જ આ તું વર્તમાન છે. ભગવાન! એક ક્ષણમાં આ દેહ છૂટી જશે, મસાણમાં રાખના ઢગલા થઈ જશે; બધુંય ફરી જશે, ને તું ક્યાંય (ભવસમુદ્રમાં) જઈને પડીશ. માટે અંદર ત્રિકાળ નિત્ય આનંદનો ઢગલો પડયો છે તેની ઉપર નજર નાખ; તેનો વિશ્વાસ કર, તેનો જ સત્કાર કર. જિનવાણીમાં પણ આ જ કહ્યું છે. અહા! જિનવાણી પણ એમ જ ગાય છે કે- આત્મા સ્વસંવેદનમાં જણાય એવો નિત્યાનંદ જ્ઞાનાનંદ પ્રભુ છે.

પહેલાં 'અનસૂયા' નું નાટક ભજવાતું તે જોયેલું. અનસૂયાને બાળક થાય છે; તેને તે પારણામાં હુલરાવે છે ત્યારે ગાય છે-બેટા! શુદ્ધોડસિ, બુદ્ધોડસિ, ઉદાસીનોડસિ, નિર્વિકલ્પોડસિ! બેટા! તું શુદ્ધ છો, બુદ્ધ છો, ઉદાસીન છો, નિર્વિકલ્પ છો! લ્યો, એ વખતે નાટકમાં પણ આવું આવતું! અત્યારે તો બધું બગડી ગયું; અત્યારે તો બસ શૃંગાર જ શૃંગાર; નફટાઈની કોઈ હદ નહિ. ત્યારે તો વૈરાગ્યરસથી ભરેલાં નાટક ભજવાતાં. અહીં પણ કહે છે-બધી પર્યાયોથી ખસીને અંદર નિત્ય દ્રવ્યમાં રહે એવો ભગવાન આત્મા અંદર નિર્વિકલ્પ છે, શુદ્ધ છે, બુદ્ધ છે. જિનવાણી પણ એને એવો જ ગાય છે.

અહા! પર્યાયના પ્રેમમાં પડીને આવા મહિમાવંત નિત્ય શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપને જે માનતો નથી તે, કહે છે, મિથ્યાદ્રષ્ટિ છે -એમ જાણવું. સમજાણું કાંઈ....?

* * *

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૦૮ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'आत्मानम् परिशुद्धम् ईप्सुभिः परैः अन्धकैः' આત્માને સમસ્તપણે શુદ્ધ ઈચ્છનારા

બીજા કોઈ અંધોએ- 'पृथकैः' બાલિશ જનોએ (બૌદ્ધોએ) - 'काल-उपाधि-बलात् अपि तत्र अधिकाम् अशुद्धिम् मत्वा' કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને 'अतिव्याप्तिं प्रपद्य' અતિવ્યાપ્તિને પામીને, 'शुद्ध-ऋजुसूत्रे रतैः' શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા 'चैतन्यं क्षणिकं प्रकल्प्य' ચૈતન્યને ક્ષણિક કલ્પીને, 'अहो एषः आत्मा व्युज्झितः' આ આત્માને છોડી દીધો; 'निःसूत्र-मुक्ता-ईक्षिभिः हारवत्' જેમ હારમાંનો દોરો નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.

શું કહે છે? કે કોઈ બાલીશ જનો-અજ્ઞાનીઓ, આત્મા વર્તમાન ક્ષણિક છે તે શુદ્ધ છે, તેને નિત્ય માનીએ તો અશુદ્ધ થઈ જાય-એમ માને છે. કાળની ઉપાધિના કારણે આત્માને નિત્ય માનીએ તો અશુદ્ધતા આવી પડે એમ વિચારીને, ચૈતન્યને ક્ષણિક કલ્પીને તેમણે આ (ત્રિકાળી ધ્રુવ) આત્માને છોડી દીધો છે.

ખરેખર તો વસ્તુ જે નિત્ય છે તે શુદ્ધ છે. ભગવાન સર્વજ્ઞદેવે જે નિત્ય એકરૂપ વસ્તુ (-આત્મા) જોઈ છે તે અત્યંત શુદ્ધ છે, અને તેનો આશ્રય પામીને વર્તમાન પર્યાય પણ સમકિત આદિ શુદ્ધતાને પ્રાપ્ત થાય છે. આ વાસ્તવિક વસ્તુસ્વરૂપ છે. પણ આ કોઈ અંધો-બૌદ્ધમતીઓ એમ કહે છે કે -આત્માને નિત્ય માનીએ તો કાળની ઉપાધિ આવી પડતાં આત્મા અશુદ્ધ થઈ જાય, કેમકે એમ માનવાથી અતિવ્યાપ્તિ દોષ આવી જાય છે. આત્માને એક સમય પૂરતો ક્ષણિક કલ્પ્યો છે ને? તેથી બીજે સમયે તે આત્મા છે એમ માનતાં અતિવ્યાપ્તિ દોષ આવી જાય-એમ (તે અજ્ઞાનીઓ) કહે છે. આમ આ દોષના ભયથી શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા તેઓએ આ આત્માને છોડી દીધો છે. લ્યો, આવી વાતુ છે.

બહારથી બાયડી-છોકરાં, દુકાન ને ધંધા-વેપાર ઇત્યાદિ છોડી દીધાં પણ એણે પર્યાયબુદ્ધિ છોડી નહિ! જે છોડવાનું છે તે છોડયું નહિ ને જે છોડવાનું નથી (છૂટું જ છે.) તે તેને રહ્યું નહિ (કેમકે સંયોગ તો સંયોગના કારણે છૂટી ગયા છે). ભાઈ પરદ્રવ્યને-સંયોગી પદાર્થોને આત્મા ક્યાં છોડે છે? આત્મામાં એક ત્યાગ ઉપાદાનશૂન્યત્વ નામની શક્તિ છે. આ શક્તિના કારણે આત્માને પરનાં ત્યાગ-ગ્રહણ છે જ નહિ. તથાપિ પરનો ત્યાગ કરું તો મને ધર્મ થાય એમ જો કોઈ માને છે તો તે માન્યતા મિથ્યાત્વ છે, કેમકે પરને ગ્રહવું-છોડવું આત્મામાં છે જ નહિ. રાગને એક સમયની પર્યાયમાં અજ્ઞાનીએ પકડયો છે, તેથી રાગને છોડે છે એમ કહીએ; તે પણ કથનમાત્ર હોં, કેમકે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યચમત્કાર પ્રભુ આત્માને ગ્રહતાં રાગાદિ અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી તો એણે રાગને છોડયો એમ કહીએ છીએ, વાસ્તવમાં તો એણે પોતાના ચૈતન્યસ્વરૂપનું ગ્રહણ જ કર્યું છે. પહેલાં રાગ હતો, ચૈતન્યની દૃષ્ટિ થતાં રાગ ઉત્પન્ન થયો નહિ તો રાગ છોડી દીધો એમ કહેવાય છે.

અહો! જૈન પરમેશ્વરે આવો નિત્ય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પ્રભુ આત્મા ગાયો છે કે જેના લક્ષે પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે. અજ્ઞાનીની ત્યાં નજર જતી નથી કેમકે એક સમયની પર્યાયમાં જ તેની નજર રમી રહી છે. પરંતુ ધર્મી સમ્યગ્દષ્ટિ પુરુષ છે તેને પર્યાયબુદ્ધિ હોતી નથી. સમયસાર નાટકમાં આવે છે ને કે – 'કાહુકે વિરુદ્ધિ નાહિ, પરજાય બુદ્ધિ નાહિ'; એ તો આખો છંદ છે લ્યો, –

સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત્ત,
સાચે સાચે બૈન કહૈં સાચે જૈનમતી હૈં;
કાહુકે વિરુદ્ધિ નાહિ પરજાય બુદ્ધિ નાહિ.
આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં;
સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા;
અંતરકી લચ્છીસોં, અજાચી લચ્છપતી હૈં;
દાસ ભગવંતકે ઉદાસ રહૈં જગતસૌં.
સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં.

અહા! સમ્યગ્દષ્ટિ જીવને પર્યાયરૂપ અંશની રુચિ નથી. અંદર આનંદનો નાથ ચૈતન્યલક્ષ્મીનો ભંડાર ભાળ્યોં પછી તે ક્યાં યાચે? શું યાચે?

'અંતરકી લચ્છી સૌં અજાચી લચ્છપતી હૈં'

અહાહા...! સ્વસ્વરૂપનું-સ્વરૂપલક્ષ્મીનું અંતરમાં લક્ષ થયું તે હવે અજાચી લક્ષપતિ છે. તે ક્યાં યાચે? તે તો જગતથી ઉદાસીન થયેલો અંતરમાં આનંદના અમૃતને પીએ છે. લ્યો, હવે આવું ઓલા (-બીજા) નિશ્ચય કહીને કાઢી નાખે, પણ ભાઈ! ભગવાને કહેલું વસ્તુસ્વરૂપ તો આવું જ છે.

અરે! વ્યવહારની-પર્યાયની રુચિમાં અજ્ઞાનીઓ લૂટાંઈ રહ્યા છે, અને વળી ત્યાં જ ખુસી થાય છે. પણ ભાઈ! ભગવાનનો મારગ તો નિવૃત્તિસ્વરૂપ છે. પરથી તો ભગવાન આત્મા નિવૃત્ત જ છે; પરવસ્તુ ક્યાં એમાં ગરી ગઈ છે? પણ પુણ્ય-પાપના ભાવથી રહિત થવું તેનું નામ નિવૃત્તિ છે. ભાઈ! ભવસિંધુ તરવાનો આ એક જ ઉપાય છે. નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ આત્માનો આશ્રય કરીને પુણ્ય-પાપથી નિવૃત્ત થવું એ એક જ સંસાર પાર થવાનો ઉપાય છે.

એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.

અહીં કહે છે- એક સમયની પર્યાય જેટલો જ આત્મા માનીને અજ્ઞાનીએ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ ધ્રુવને છોડી દીધો છે. છોડવાની તો પર્યાયબુદ્ધિ હતી, પણ તેને

બદલે એણે વર્તમાન પર્યાયની રુચિમાં ત્રિકાળી ભગવાનને-નિજ પરમાત્માને છોડી દીધો છે.

પરવસ્તુ તો આત્માથી ભિન્ન છે. તેમાં આત્મા રમી શકતો નથી પરંતુ પરનું લક્ષ કરીને તે વર્તમાન પર્યાયમાં જે રાગ-દ્વેષ-મોહ ઉપજે છે. તેમાં અજ્ઞાની રમે છે. અહા! ત્યાં એક સમયની પર્યાય સાથે એકત્વ કરીને, તેને જ આખો આત્મા કલ્પીને, અજ્ઞાનીએ અંદર સચ્ચિદાનંદ પ્રભુ આત્મા નિત્ય વિરાજી રહ્યો છે તેને છોડી દીધો છે, તેનો અનાદર-તિરસ્કાર કર્યો છે. કોની જેમ? તો કહે છે-જેમ હારમાંનો દોરો નહિ જોતાં કેવળ મોતીને ન જોનારાઓ હારને છોડી દે છે તેમ.

અહાહા...! હારમાં દરેક મોતમાં સળંગ રહેનારો દોરો તો કાયમ છે. પણ દોરો નહિ જોનારા ને કેવળ મોતીને જ જોનારા આખા હારને છોડી દે છે અર્થાત્ તેમને હારની ઉપલબ્ધિ થતી નથી. તેમ એક ક્ષણની પર્યાયને જ આત્મા જોનારા અને સળંગ દોરા સમાન નિત્ય ધ્રુવ ચૈતન્યપ્રભુ વિરાજે છે તેને નહિ જોનારા, આખા આત્માને છોડી દે છે; અર્થાત્ તેમને આત્માની ઉપલબ્ધિ થતી નથી; તેઓ મિથ્યાદૃષ્ટિ જ રહે છે.

આત્મા પરચીજને તો અડતો નથી કેમકે આત્મને ને પરચીજને પરસ્પર અત્યંતાભાવ છે. પોતાની એક સમયની અવસ્થાને આત્મા ચુંબે છે, તથાપિ એક સમયની પર્યાયને જ આખો આત્મા માને છે તેણે આનંદકંદ નિત્ય ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્માને દૃષ્ટિમાંથી છોડી દીધો છે. પર્યાયને જ જોનારો તેના જ લક્ષમાં રહીને, તેમાં જ રત રહ્યા થકો, પોતાના ધ્રુવ નિત્ય ચિદાનંદ ભગવાનને છોડી દે છે. અહા! તે જીવ મૂઢ મિથ્યાદૃષ્ટિ જ છે; તેને આત્મોપલબ્ધિ થતી નથી.

## * કળશ ૨૦૮ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઈચ્છક એવા બૌદ્ધોએ વિચાર્યું કે "આત્માને નિત્ય માનવામાં આવે તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે તેથી ઉપાધિ લાગી જશે; એમ કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે."

જુઓ, આ બૌદ્ધોએ એમ વિચાર્યું છે કે આત્માને નિત્ય માનીએ તો તેને કાળની ઉપાધિ લાગી જાય અને તેને અશુદ્ધતા આવી જાય, વળી તેને નિત્ય માનતાં અતિવ્યાપ્તિ દોષ આવી પડે, એટલે શું? કે આત્મા એક સમય પૂરતો ક્ષણિક છે તે બરાબર છે, પણ તેને નિત્ય માનતાં તે બીજા સમયોમાં પણ રહે અને તેથી અતિવ્યાપ્તિ દોષ આવી જાય. જેમ આત્મા અમૂર્ત્ત છે એમ અમૂર્ત્તપણાથી આત્માને ઓળખતાં અતિવ્યાપ્તિ દોષ આવે છે ને? કેમકે આત્મા સિવાય

આકાશાદિ અન્ય દ્રવ્યોમાં પણ અમૂર્ત્તપણું છે. તેમ આ બૌદ્ધો કહે છે- એક સમયમાં વિદ્યમાન આત્માને બીજા સમયમાં માનીએ તો અતિવ્યાપ્તિ દોષ લાગી જાય. આ તો ક્ષણિક માને છે ને? તેની આ યુક્તિ-તર્ક છે. સમજાય છે કાંઈ....!

પણ ભાઈ! આત્મા નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ નિત્ય શુદ્ધ છે. પર્યાય નાશ થવા છતાં તેનો ક્યાં નાશ થાય છે? નિયમસારમાં કહ્યું છે કે-સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાય નાશવંત છે, કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવંત છે અને અંદર આત્મા તો અવિનાશી નિત્ય ધ્રુવ પ્રભુ છે. કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમય રહે છે, બીજે સમયે બીજી થાય પણ તે રહે એક સમયમાત્ર; જ્યારે દ્રવ્ય તો ત્રિકાળી નિત્ય અને શાશ્વત છે, શુદ્ધ છે.

પણ એક સમયની પર્યાયમાં રોકાઈને જેની બુદ્ધિ અંધ થઈ છે તે આ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને સ્વીકારતો નથી. એમ કે એક સમયની પર્યાયથી દેખવા-જાણવાનું કામ ચાલે છે, તો પછી તેને નિત્ય માનવાથી શું પ્રયોજન છે? આ પ્રમાણે અજ્ઞાની જીવ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યતત્ત્વને છોડી દે છે.

રાજાના સેવક-હજુરિયા હોય ને? તે રાજવલ્લભ હોય છે. રાજાની ખુશામત કરીને તેની પાસેથી ઈનામ મેળવે છે. તેમ અજ્ઞાની જીવ જગતને રાજી કરી, રાગની ખુશામત કરી, જાણે બહારથી સુખ લેવા માગે છે અને અંદર સુખનો ભંડાર ચૈતન્યમૂર્તિ ભગવાન બિરાજે છે તેને છોડી દે છે.

આત્મા નિત્યાનંદસ્વરૂપ ત્રિકાળ ધ્રુવ પ્રભુ છે. તેનો વર્તમાન પર્યાયમાં સ્વીકાર કરવો તે નીતિ છે. પણ એને બદલે એક સમયની પર્યાય જેટલો માની, દયા, દાન આદિ શુભમાં તું ખુશી થઈ જાય તે ખુશામતખોરી છે, અનીતિ છે. તું અતિવ્યાપ્તિદોષ બતાવે છે પણ વસ્તુ જ જ્યાં સર્વથા ક્ષણિક નથી ત્યાં એ દોષ ક્યાં રહ્યો? એ તો તારો કુતર્ક છે, કાલ્પનિક તર્ક છે.

'આ દોષના ભયથી તેઓએ શુદ્ધ ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન સમય તેટલો જ માત્ર (-ક્ષણિક જ-) આત્માને માન્યો અને નિત્યાનિત્યસ્વરૂપ આત્માને ન માન્યો. આમ આત્માને સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ; માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ; પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.'

જોયું આત્માને સર્વથા ક્ષણિક માનવાથી સત્યાર્થ આત્માની પ્રાપ્તિ થતી નથી, કેમકે વસ્તુ સર્વથા ક્ષણિક નથી. વસ્તુ તો દ્રવ્યપર્યાયસ્વરૂપ નિત્યાનિત્યસ્વરૂપ છે. હવે તેનું દ્દષ્ટાંત કહે છે-

'મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે; જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરા સહિત દેખતો નથી-માત્ર મોતીને જ જુએ છે, તે છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે, હારને છોડી દે છે; અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી અને સમયે સમયે વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય કલ્પીને, ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે (અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયસ્વરૂપ માનતા નથી-માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે), તેઓ આત્માને છોડી દે છે; અર્થાત્ તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી.'

જેઓ આત્માને દ્રવ્યપર્યાયસ્વરૂપ દેખતા નથી, માત્ર ક્ષણિક જ માને છે તેઓને આત્માની પ્રાપ્તિ થતી નથી, અર્થાત્ તેમને કદીય ધર્મ થતો નથી. આવી વાત છે.

* * *

હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છે:-

## * કળશ ૨૦૯ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'कर्तृः च वेदयितुः युक्तिवशतः भेदः अस्तु वा अभेदः अपि' કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો, 'वा कर्ता च वेदयिता मा भवतु' અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો; 'वस्तु एव सञ्चिन्त्यताम्' વસ્તુને જ અનુભવો.

'કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો' -એટલે શું? કે વર્તમાન જે પર્યાય કર્તા છે તે પર્યાય બીજી ક્ષણે ભોક્તા નથી, કેમકે બીજી ક્ષણે બીજી જ પર્યાય છે. આત્માની જે પર્યાય વિકાર કરે છે તે પર્યાય તેના ફળની ભોક્તા નથી, બીજી પર્યાય તેને ભોગવે છે. આમ પર્યાય અપેક્ષા કર્તા-ભોક્તાનો ભેદ છે. તથા જે આત્મા વર્તમાન પર્યાયને કરે છે તે જ આત્મા પર્યાયને બીજી ક્ષણે ભોગવે છે-આમ દ્રવ્ય અપેક્ષાએ કર્તા-ભોક્તાનો અભેદ છે. અહીં કહે છે-યુક્તિના વશે કર્તા-ભોક્તાનો ભેદ હો કે અભેદ હો અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો; વસ્તુને જ અનુભવો.

ઝીણી વાત છે ભાઈ! કહે છે-અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો;' એટલે શું? કે પરમાર્થે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. તે રાગને કરે, ને રાગને ભોગવે એ એનું સ્વરૂપ નથી. શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં રાગનું કરવું ને ભોગવવું છે નહિ. પર્યાય અપેક્ષા આત્માને કર્તા-ભોક્તા કહીએ એ બીજી વાત છે; વાસ્તવમાં આત્માને-શુદ્ધ ચૈતન્યદ્રવ્યને રાગનું કરવા-ભોગવવાપણું નથી. આમ કહે છે-યુક્તિના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વશે કર્તાનો અને ભોક્તાનો ભેદ હો કે ન હો, અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો; વસ્તુને જ અનુભવો. એમ કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્માને જ ચેતવાથી-અનુભવવાથી ધર્મ થાય છે. અહાહા...! કર્તા-ભોક્તાના સર્વ વિકલ્પ છોડીને, કહે છે, સ્વાભિમુખ થઈ એક સ્વને-શુદ્ધ ચૈતન્યમય આત્માને જ અનુભવો. લ્યો, આનું નામ ધર્મ છે. છે ને અંદર? છે કે નહિ? કે 'वस्तु एव सञ्चिन्त्यताम्' અહાહા....! વસ્તુને જ અનુભવો; અંતર્મુખ થઈ સ્વદ્રવ્યને જ અનુભવો. આવો અનુભવ-સ્વાનુભવ કરવો એનું નામ જૈનધર્મ છે. બાકી બધું (વ્રત, ભક્તિ આદિ) થોથાં છે. સમજાણું કાંઈ....?

હવે કહે છે- 'निपुणैः सूत्रे इव इह आत्मनि प्रोता चित्–चिंतामणि–मालिका क्वचित् भेत्तुं न शक्या' જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી, તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી.

અહાહા....! શું કહે છે? જેમ ચતુર પુરુષોએ દોરો પરોવીને ગૂંથેલી મણિરત્નની માળા ભેદી શકાતી નથી તેમ નિત્ય ચૈતન્યસ્વભાવરૂપ દોરાથી પરોવેલી સહજ અકૃત્રિમ ચૈતન્યચિંતામણિરૂપ માળા ભગવાન આત્મા છે તેને ભેદી શકાતી નથી. એટલે શું? કે ચૈતન્યચિંતામણિ પ્રભુ આત્મા નિત્ય ધ્રુવ રહેનારી ચીજ છે, તેની નિત્યતાને કોઈ ભેદી શકતું નથી. વળી પર્યાયમાં ભલે રાગ હો, પણ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યવસ્તુને રાગમય કરી શકાતી નથી. આ શરીર આદિ તો ક્યાંય દૂર રહી ગયાં. સમજાય છે કાંઈ.....?

ભાઈ! આ શરીર તો મૃતક-કલેવર-મડદું છે. અત્યારે પણ મડદું છે. એમાં ક્યાં ચૈતન્ય છે? ચૈતન્ય તો એનાથી તદ્દન ભિન્ન ચીજ છે. પણ અરે! મૃતક કલેવરમાં ચૈતન્યમહાપ્રભુ-અમૃતનો નાથ મૂર્છાઈ ગયો છે; જાણે એમાંથી સુખ આવે છે એમ મૂઢ થઈ એ મૂર્છાઈ ગયો છે; પણ એ તો આપદા છે, દુઃખ છે. અહીં કહે છે-અંદર શુદ્ધ ચૈતન્યચિંતામણિ પ્રભુ આત્મા નિત્ય અભેદ એક ચૈતન્યસ્વભાવથી ભરેલો ભગવાન છે તેનો જ અનુભવ કરો. ભાઈ! દુનિયામાં વર્તમાન ચાલતી પદ્ધતિથી આ તદ્દન જુદી વાત છે, પણ આ સત્યાર્થ છે, પ્રયોજનવાન છે.

જેમ મણિરત્નની માળામાં ધારાવાહી સળંગ દોરો પરોવાએલ છે, તેને તોડી શકાય નહિ; તેમ ભગવાન આત્મા ચૈતન્યચિંતામણિરૂપ માળા છે, તેમાં નિત્ય ચૈતન્યસ્વભાવમય દોરો પરોવાએલ છે, તેને ભેદી શકાય નહિ. અહીં કહે છે-અહાહા....! 'इयम् एका' એવી આ આત્મારૂપી માળા એક જ, 'नः अभितः अपि चकास्तु एव'

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમને સમસ્તપણે પ્રકાશમાન હો (અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).

અહા! કર્તા-ભોક્તાના વિકલ્પ ઉઠે એ કાંઈ (-પ્રયોજનભૂત) વસ્તુ નથી; એ વિકલ્પ તો રાગ છે, દુઃખ છે. આચાર્ય મહારાજ આદેશ કરીને કહે છે- 'વસ્તુને જ અનુભવો.' જો તમારે ધર્મનું પ્રયોજન છે તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વસ્તુ અંદર નિત્ય શાશ્વત છે તેને જ અનુભવો. વળી પોતાના માટે કહે છે- અમને સમસ્તપણે આત્મા એક જ પ્રકાશમાન હો. અહાહા...! ચૈતન્ય... ચૈતન્ય.... ચૈતન્યના ધ્રુવ નિત્ય પ્રવાહરૂપ એવો જે એક જ્ઞાયકભાવ તે એક જ અમને પ્રકાશમાન હો-એમ ભાવના ભાવે છે.

જેમ દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિના વિકલ્પો આવે તે રાગ છે તેમ કર્તા-ભોક્તાના જે વિકલ્પ છે તે રાગ છે; અને રાગ છે તે હિંસા છે (જુઓ, પુરુષાર્થ-સિદ્ધયુપાય છંદ ૪૪), તે રાગમાં આત્માનું મૃત્યુ થાય છે, રાગ છે તે આત્માનો ઘાતક છે. તેથી કહે છે-કર્તા-ભોક્તા આત્મા હો કે ન હો; તે વિકલ્પોનું અમારે શું કામ છે? અમને તો અંદર અનંત ગુણ-સ્વભાવના રસથી ભરેલો ચૈતન્યચિંતામણિ ભગવાન આત્મા છે તે એકનો જ અનુભવ હો. તે એક જ અમને પ્રકાશમાન હો; કેમકે જન્મમરણના અંતનો આ એક જ ઉપાય છે, બાકી કોઈ ઉપાય નથી.

અહાહા...! પ્રચુર અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા આચાર્ય ભગવાન કહે છે- અમને 'अभितः' એટલે સમસ્તપણે એક ચૈતન્યચિંતામણિ પ્રભુ એક આત્મા જ પ્રકાશમાન હો. જુઓ, આ ભાવના!

હવે અત્યારે તો કેટલાક કહે છે- અત્યારે મોક્ષ તો છે નહિ, તો મોક્ષનાં કારણ સેવવાં એના કરતાં પુણ્ય ઉપજાવીએ તો પુણ્ય કરતાં કરતાં વળી ધર્મ-પ્રાપ્તિ થઈ જાય. એમ કે પુણ્ય ઉપજાવીને સ્વર્ગમાં જવાય અને પછી ત્યાંથી સાક્ષાત્ ભગવાનની પાસે જવાય ઇત્યાદિ.

અરે ભગવાન! તું શું કહે છે આ! અંદર ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા છે તેનો અનુભવ કરતાં શુદ્ધોપયોગ થાય છે. જેમ ચિંતામણિ રત્ન જે ચિંતવો તે આપે તેમ ચૈતન્યચિંતામણિ પ્રભુ આત્મા પોતે છે તેમાં એકાગ્ર થતાં જ તે અતીન્દ્રિય આનંદ આપે છે. ચિત્ચમત્કારમય વસ્તુ તો આવી છે નાથ! તે એકની જ ભાવના કર; અમને તે એકની જ ભાવના છે. કહ્યું ને કે-અમને સમસ્તપણે એક આત્મા જ પ્રકાશમાન હો.

કોઈ બીજા ગમે તે કહે, પુણ્યની ભાવના છે તે મિથ્યાત્વ છે અને તે વડે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જીવને સંસાર ને દુઃખ જ પ્રાપ્ત થાય છે. અહીં આનંદના બાગમાં કેલિ કરનાર ભગવાન આચાર્ય અમૃતચંદ્ર કહે છે-ભગવાન! તું ચૈતન્યચિંતામણિ રત્ન છો; તેમાં જ એકાગ્ર થા, તેમાં જ લીન થા અને તેમાં જ ઠરીને નિવાસ કર; તેથી તને આનંદ થશે.

-આત્મા વસ્તુ છે તે દ્રવ્ય છે. (ચૈતન્યચિંતામણિ માળા)

-તેના ચૈતન્યસ્વભાવમય ગુણો છે તે દોરા સમાન કાયમ નિત્ય છે.

-તે ગુણોના ધરનારગુણી એવા આત્માનો, બધા વિકલ્પોને મટાડી દઈ, અંતર્મુખ થઈ અનુભવ કરવો તે પર્યાય છે, તે નિર્મળ પર્યાયને મોક્ષનો માર્ગ કહીએ છીએ.

બાકી વર્તમાનમાં થતા પુણ્ય-પાપના અનુભવની ભાવના તે મિથ્યાત્વ છે. હવે દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? -કાંઈ ખબર ન મળે અને કહે- અમે જૈન. પણ બાપુ! વાડાના જૈન તે જૈન નહિ, જૈન તો દ્રવ્યદૃષ્ટિ વડે સમકિત પ્રગટતાં થવાય છે. આવી વાતુ છે. સમજાણું કાંઈ...?

## * કળશ ૨૦૯ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આત્મા વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયાત્મક છે; તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી; એમ ભેદ-અભેદ હો. અથવા ચિન્માત્ર અનુભવનમાં ભેદ-અભેદ શા માટે કહેવો? (આત્માને) કર્તા-ભોક્તા જ ન કહેવો, વસ્તુમાત્ર અનુભવ કરવો.'

આત્મા દ્રવ્ય-પર્યાયનું જોડકું છે. શું કીધું? દ્રવ્ય અને પર્યાય-બે મળીને આખી વસ્તુ આત્મા છે. ત્રિકાળ નિત્ય રહેનારી ચીજને દ્રવ્ય કહે છે, અને તેની પલટતી અવસ્થાને પર્યાય કહે છે. આવી દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુ આત્મા છે. દ્રવ્યરૂપે નિત્ય રહેવું અને પર્યાયરૂપે પલટવું -એ બન્ને તેનું સ્વરૂપ છે. તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ કર્તા-ભોક્તાનો ભેદ છે. જે પર્યાય કરે છે તે ભોગવતી નથી, અન્ય ભોગવે છે-એમ ભેદ છે. અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી, અભેદ છે. દ્રવ્ય જે એક પર્યાયમાં કરે છે તે જ બીજી પર્યાયમાં ભોગવે છે-એમ અભેદ છે.

અહીં કહે છે-આમ ભેદ-અભેદ હો; ચિન્માત્ર અનુભવનમાં ભેદ-અભેદ ક્યાં છે? ત્યાં તો વસ્તુનો અનુભવ છે. એ જ કહે છે-આત્માને કર્તા-ભોક્તા જ ન કહેવો, વસ્તુમાત્ર અનુભવ કરવો. સમયસાર ગાથા ૧૪૩ માં આવી ગયું કે-આત્મા અબદ્ધ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે, શુદ્ધ છે, એક છે, ધ્રુવ છે ઇત્યાદિ નયપક્ષના વિકલ્પથી શું સાધ્ય છે? દ્રવ્યસ્વભાવ જે નિત્ય ત્રિકાળી એક ધ્રુવભાવ છે તેનો જ આશ્રય કરવો; કેમકે તે વડે સાધ્યની સિદ્ધિ છે. લ્યો, આવી વાત.

ભાઈ! વ્યવહાર નય છે, એનો વિષય પણ છે. વ્યવહારનય શ્રુતજ્ઞાનનો એક અંશ-ભેદ છે. પરંતુ તે પર્યાય અને રાગને વિષય કરનારો નય છે, તેથી તે નય જાણીને તેને હેય કરી દેવો; અને ત્રિકાળી ભૂતાર્થ ભગવાન આત્માને જાણીને તેને ઉપાદેય કરવો, તેનો આશ્રય કરવો. અહાહા.....! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત જ્ઞાન અને આનંદનું દળ છે. તેની સન્મુખ થઈ, તેમાં એકાગ્ર થઈ, તેનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન અને ધર્મ છે.

આ દેહ છે એ તો માટી-ધૂળ જગતની (બીજી) ચીજ છે; એ કાંઈ તારી ચીજ નથી. આ સાડાત્રણ મણની કાયા છે તે છૂટી જશે એટલે બળશે મસાણમાં, અને એનો રાખનો ઢગલો થશે અને પવનથી ફૂ થઈને ઉડી જશે. બાપુ! એ તારી ચીજ ક્યાં છે? અને તારે લઈને એ ક્યાં રહી છે? તારામાં થતી પર્યાય પણ ક્ષણભંગુર છે ને! એક ત્રિકાળી આનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. અહીં કહે છે-તેનો આશ્રય કર તો તારા ભવના દુઃખનો અંત આવશે.

અહા! તું જન્મ્યો ત્યારે માતાના ગર્ભમાં નવ માસ ઊંધે માથે રહ્યો. વળી કોઈ કોઈ વાર તો બાર વર્ષ ગર્ભમાં રહીને મરીને ફરી પાછો ત્યાં જ બાર વર્ષ ગર્ભમાં રહ્યો. આ પ્રમાણે ગર્ભની સ્થિતિ ભગવાનના આગમમાં ૨૪ વર્ષની વર્ણવી છે. અહા! ત્યાં ગર્ભમાં અંધારિયા બંધ મલિન સ્થાનમાં રહ્યો! માતાએ ખાધું તેનો એંઠો રસ ત્યાં ખાઈને રહ્યો. આવા આવા તો ભગવાન! તેં અનંતા ભવ કર્યા. ગર્ભમાંથી બહાર આવ્યો ત્યાં બધું ભૂલી ગયો, પણ ભાઈ! તારા દુઃખની કથની શું કહીએ? તારે જો એ દુઃખથી છૂટવું હોય તો આચાર્યદેવ અહીં કહે છે-અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આનંદનું દળ પડયું છે તેની સમીપ જઈ તેનો અનુભવ કર, તને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ સહિત ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થશે.

'જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ-વિકલ્પ નથી, તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ આત્મવસ્તુ માત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી. આચાર્ય મહારાજ કહે છે કે-એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો.'

જુઓ, આચાર્ય મહારાજ કહે છે કે-કેવળ નિર્વિકલ્પ આત્માનો અનુભવ

અમને પ્રકાશમાન હો. એમ કે વચ્ચે જરી આ સમયસાર શાસ્ત્રની ટીકા કરવાનો વિકલ્પ થઈ આવ્યો છે, પણ એ અમને પોસાતો નથી. બંધનું કારણ છે ને? તેથી કહે છે -એ વિકલ્પથી રહિત નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપનો જ અનુભવ અમને પ્રકાશમાન હો. અહો! ધર્માત્મા પુરુષોની આવી કોઈ અલૌકિક ભાવના હોય છે. અમે સ્વર્ગમાં જઈએ અને ત્યાંના વૈભવ ભોગવીએ એવી ભાવના તેમને હોતી નથી.

*　　　*　　　*

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૧૦ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'केवलं व्यवहारिकदशा एव कर्तृ च कर्म विभिन्नम् इष्यते' કેવળ વ્યવહારિક દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે; 'निश्चयेन यदि वस्तु चिन्त्यते' નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, 'कर्तृ च कर्म सदा एकम् इष्यते' તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.

જુઓ, આ શું કીધું? કે વ્યવહારિક દૃષ્ટિથી જ એટલે કે અસત્ દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન કહેવામાં આવે છે. આત્મા કર્તા અને શરીરમાં કામ થાય તે એનું કર્મ - એમ ભિન્ન કર્તા-કર્મ અસત્યાર્થ નામ જૂઠી દૃષ્ટિથી જ કહેવામાં આવે છે. આ બધા એડવોકેટ દલીલ કરે ને કોર્ટમાં? અહીં કહે છે (એડવોકેટનો) આત્મા કર્તા ને દલીલ એનું કાર્ય -એમ અસત્ દૃષ્ટિથી જ કહેવામાં આવે છે, એટલે શું? કે એમ છે નહિ, ભિન્ન કર્તા-કર્મ વાસ્તવિક છે નહિ, પણ નિમિત્તની મુખ્યતાથી એમ કહેવામાં આવે છે. ભાઈ! મેં બીજાને સમજાવી દીધા કે દુકાનની વ્યવસ્થા મેં કરી ઇત્યાદિ કહેવું તે વ્યવહારિક દૃષ્ટિથી-અસદ્ભૂત વ્યવહારથી છે.

નિશ્ચયથી એટલે પરમાર્થ દૃષ્ટિથી જો વસ્તુને વિચારવામાં આવે તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે. આત્મા કર્તા અને એના જે પરિણામ થાય તે એનું કર્મ એમ નિશ્ચયે અભિન્ન કર્તા-કર્મ છે. ભાઈ! આ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવેલી વાત અહીં સંતોએ જાહેર કરી છે.

અહાહા....! ઇચ્છા વિના જ ભગવાન કેવળીને વાણી છૂટે છે. તે સાંભળી ભગવાન ગણધરદેવ બાર અંગની રચના કરે છે. તે વાણી અનુસાર આ શાસ્ત્ર રચાયું છે. અધુરી દશામાં આચાર્યવરને વિકલ્પ ઉઠયો કે જગતના દુઃખી જીવો આવો (સત્યાર્થ) ધર્મ પામીને સુખી થાય, અને આ શાસ્ત્ર રચાઈ ગયું છે. તેમાં આ કહે છે કે-નિશ્ચયથી અર્થાત્ સત્યાર્થ દૃષ્ટિથી કર્તા-કર્મ સદા એક ગણવામાં આવે છે, આત્મા કર્તા ને તેનું પરિણામ તે એનું કર્મ છે- આ સત્યાર્થ છે. પણ આત્મા કર્તા

ને જે વાણી નીકળે તે એનું કર્મ -એ અસત્યાર્થ છે. ભગવાનની વાણી-એમ વ્યવહારિક દષ્ટિથી કહીએ, પણ વસ્તુસ્થિતિ એમ નથી. સમજાય છે કાંઈ.... ?

## * કળશ ૨૧૦ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'કેવળ વ્યવહારદષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે; નિશ્ચય-દષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે.'

આત્માને શરીર, મન, વાણી ઇત્યાદિ પરના કાર્યનો કર્તા કહેવો એ કેવળ વ્યવહારદષ્ટિથી જ છે. એને રાગનો કર્તા કહીએ એ પણ વ્યવહારનયથી છે. અજ્ઞાનભાવે આત્મા રાગનો કર્તા તો છે, પણ પરનો કર્તા તો અજ્ઞાનભાવેય જીવ નથી. તથાપિ જેને શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવની અંતર્દષ્ટિ થઈ નથી તે પરનાં કાર્ય કરે-એમ વ્યવહારિક દષ્ટિથી કહેવામાં આવે છે. પરનાં કાર્ય જીવ કરે છે- કરી શકે છે એમ નહિ, પણ તે કાળે તે પર્યાયમાં 'આ હું કરું' - એમ રાગને કરે છે તેથી અસત્‌દષ્ટિથી તેને કર્તા કહેવામાં આવે છે. બાકી સમ્યગ્દષ્ટિ ધર્મી જીવ તો રાગનોય કર્તા નથી ને પરનોય કર્તા નથી; એ તો એને જે શુભાશુભ રાગ થાય તેનો જ્ઞાતા-દષ્ટાપણે જાણનારમાત્ર છે. ઝીણી વાત છે ભાઈ! જેને શુદ્ધ એક ચૈતન્યસ્વભાવની દષ્ટિ થઈ તે વિકારને કેમ કરે? ન કરે; અને તો પછી પરનાં કાર્ય કરવાનો વ્યવહાર પણ એને કેમ હોય? ન હોય. ધર્મી તો બધાનો જ્ઞાતા-દષ્ટાપણે જાણનાર જ છે. આવી વાત!

નિશ્ચયદષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તાકર્મપણું ઘટે છે. નિશ્ચયથી આત્મા કર્તા અને તેના નિર્મળ ચૈતન્યના પરિણામ થાય તે એનું કર્મ-એમ કર્તાકર્મપણું ઘટે છે; પણ પરની દયા પળાય ત્યાં આત્મા કર્તા ને પરની દયા થઈ તે એનું કાર્ય-એમ કર્તાકર્મપણું વાસ્તવિક છે નહિ; વ્યવહારદષ્ટિથી કહેવામાં આવે છે. આવું ઝીણું છે બધું. સમજાણું કાંઈ.... ?

(પ્રવચન નં. ૩૮૯ (શેષ) થી ૪૦૧ * દિનાંક ૨૬-૭-૭૭ થી ૨૯-૭-૭૭)

## ગાથા ૩૪૯ થી ૩૫૫

जह सिप्पिओ दु कम्मं कुव्वदि ण य सो दु तम्मओ होदि।
तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि।।३४९।।

जह सिप्पिओ दु करणेहिं कुव्वदि ण सो दु तम्मओ होदि।
तह जीवो करणेहिं कुव्वदि ण य तम्मओ होदि।।३५०।।

जह सिप्पिओ दु करणाणि गिण्हदि ण सो दु तम्मओ होदि।
तह जीवो करणाणि दु गिण्हदि ण य तम्मओ होदि।।३५१।।

जह सिप्पि दु कम्मफलं भुंजदि ण य सो दु तम्मओ होदि।
तह जीवो कम्मफलं भुंजदि ण य तम्मओ होदि।।३५२।।

एवं ववहारस्स दु वत्तव्वं दरिसणं समासेण।
सुणु णिच्छयस्स वयणं परिणामकदं तु जं होदि।।३५३।।

હવે આ કથનને દૃષ્ટાંત દ્વારા ગાથામાં કહે છેઃ–

જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.

જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્યમ બને. ૩૫૦.

જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.

શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.

-એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;
સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.

जह सिप्पिओ दु चेट्ठं कुव्वदि हवदि य तहा अणण्णो से।
तह जीवो वि य कम्मं कुवदि हवदि य अणण्णो से।।३५४।।

जह चेट्ठं कुव्वंतो दु सिप्पिओ णिच्चदुक्खिओ होदि।
तत्तो सिया अणण्णो तह चेट्ठंतो दुही जीवो।।३५५।।

यथा शिल्पिकस्तु कर्म करोति न च स तु तन्मयो भवति।
तथा जीवोऽपि च कर्म करोति न च तन्मयो भवति।।३४९।।

यथा शिल्पिकस्तु करणैः करोति न च स तु तन्मयो भवति।
तथा जीवः करणैः करोति न च तन्मयो भवति।।३५०।।

यथा शिल्पिकस्तु करणानि गृह्णाति न च स तु तन्मयो भवति।
तथा जीवः करणानि तु गृह्णाति न च तन्मयो भवति।।३५१।।

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી (-સોની આદિ કારીગર) [ कर्म ] કુંડળ આદિ કર્મ [ करोति ] કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય (તે-મય, કુંડળાદિમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः अपि च ] જીવ પણ [ कर्म ] પુણ્યપાપ આદિ પુદ્‌ગલકર્મ [ करोति ] કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (પુદ્‌ગલકર્મમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ करणैः ] હથોડા આદિ કરણો વડે [ करोति ] (કર્મ) કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય (હથોડા આદિ કરણોમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ करणैः ] (મન-વચન-કાયરૂપ) કરણો વડે [ करोति ] (કર્મ) કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (મન-વચન-કાયરૂપ કરણોમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ करणानि ] કરણોને [ गृह्णाति ] ગ્રહણ કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ करणानि तु ] કરણોને [ गृह्णाति ] ગ્રહણ કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (કરણોમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पी तु ] શિલ્પી [ कर्मफलं ] કુંડળ આદિ

શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,
ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.

ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે.
ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુખી બને. ૩૫૫.

यथा शिल्पी तु कर्मफलं भुंक्ते न च स तु तन्मयो भवति।
तथा जीवः कर्मफलं भुंक्त न च तन्मयो भवति।। ३५२।।

एवं व्यवहारस्य तु वक्तव्यं दर्शनं समासेन।
शृणु निश्चयस्य वचनं परिणामकृतं तु यद्भवति।। ३५३।।

यथा शिल्पिकस्तु चेष्टां करोति भवति च तथानन्यस्तस्याः।
तथा जीवोऽपि च कर्म करोति भवति चानन्यस्तस्मात्।। ३५४।।

यथा चेष्टां कुर्वाणस्तु शिल्पिको नित्यदुःखितो भवति।
तस्माच्च स्यादनन्यस्तथा चेष्टमानो दुःखी जीवः।। ३५५।।

કર્મના ફળને (ખાનપાન આદિને) [ भुंक्ते ] ભોગવે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય (ખાનપાનાદિમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ कर्मफलं ] પુણ્યપાપાદિ પુદ્‌ગલકર્મના ફળને (પુદ્‌ગલપરિણામરૂપ સુખદુઃખાદિને) [ भुंक्ते ] ભોગવે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (પુદ્‌ગલપરિણામરૂપ સુખદુઃખાદિમય) થતો નથી.

[ एवं तु ] એ રીતે તો [ व्यवहारस्य दर्शनं ] વ્યવહારનો મત [ समासेन ] સંક્ષેપથી [ वक्तव्यम् ] કહેવાયોગ્ય છે. [ निश्चयस्य वचनं ] (હવે) નિશ્ચયનું વચન [ शृण ] સાંભળ [ यत् ] કે જે [ परिणामकृतं तु भवति ] પરિણામવિષયક છે.

[ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ चेष्टां करोति ] ચેષ્ટારૂપ કર્મને (પોતાના પરિણામરૂપ કર્મને) કરે છે [ तथा च ] અને [ तस्याः अनन्यः भवति ] તેનાથી અનન્ય છે, [ तथा ] તેમ [ जीवः अपि च ] જીવ પણ [ कर्म करोति ] (પોતાના પરિણામરૂપ) કર્મને કરે છે [ च ] અને [ तस्मात् अनन्यः भवति ] તેનાથી અનન્ય છે. [ यथा ] જેમ [ चेष्टां कुर्वाणः ] ચેષ્ટારૂપ કર્મ કરતો [ शिल्पिकः तु ] શિલ્પી [ नित्यदुःखितः भवति ] નિત્ય દુઃખી થાય છે [ तस्मात् च ] અને તેનાથી (દુઃખથી) [ अनन्यः स्यात् ] અનન્ય છે, [ तथा ] તેમ [ चेष्टमानः ] ચેષ્ટા કરતો (પોતાના પરિણામરૂપ કર્મને કરતો) [ जीवः ] જીવ [ दुःखी ] દુઃખી થાય છે (અને દુઃખથી અનન્ય છે).

**ટીકાઃ-** જેવી રીતે-શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણામા-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


( नर्दटक )

**ननु परिणाम एव किल कर्म विनिश्चयत:**
**स भवति नापरस्य परिणामिन एव भवेत्।**
**न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया**
**स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव तत:।। २११।।**

ત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી ( કર્મ, કરણ આદિથી ) અન્ય હોવાથી તન્મય ( કર્મકરણાદિમય ) થતો નથી; માટે નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે; તેવી રીતે-આત્મા પણ પુણ્યપાપ આદિ જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક (-પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને પુણ્યપાપ આદિ કર્મનું જે સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય (તે-મય) થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.

વળી જેવી રીતે-તે જ શિલ્પી, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ) એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી ( કર્મ અને કર્મફળથી ) અનન્ય હોવાથી તન્મય ( કર્મમય ને કર્મફળમય ) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે; તેવી રીતે-આત્મા પણ, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (-રાગાદિપરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ) એવું જે આત્મપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી તન્મય (તે-મય) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ननु परिणाम: एव किल विनिश्चयत: कर्म ] ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે, અને [ स: परिणामिन: एव भवेत्, अपरस्य न भवति ] પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ ( કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(पृथ्वी)

बहिर्लुठति यद्यपि स्फुटदनन्तशक्तिः स्वयं
तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरम्।
स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते
स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते।। २१२।।

(रथोद्धता)

वस्तु चैकमिह नान्यवस्तुनो
येन तेन खलु वस्तु वस्तु तत्।
निश्चयोऽयमपरोऽपरस्य कः
किं करोति हि बहिर्लुठन्नपि ।। २१३।।

હોતો ); [ इह कर्म कर्तृशून्यम् न भवति ] વળી કર્મ કર્તા વિના હોતું નથી, [ च वस्तुनः एकतया स्थितिः इह न ] તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ (અર્થાત્ કૂટસ્થ સ્થિતિ) હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે); [ ततः तद् एव कर्तृ भवतु ] માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે (-એ નિશ્ચય-સિદ્ધાંત છે). ૨૧૧.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ स्वयं स्फुटत्–अनंत–शक्तिः ] જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ [ बहिः यद्यपि लुठति ] અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે [ तथापि अन्य–वस्तु अपरवस्तुनः अन्तरम् न विशति ] તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી, [ यतः सकलम् एव वस्तु स्वभाव–नियतम् इष्यते ] કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે. (આચાર્યદેવ કહે છે કે-) [ इह ] આમ હોવા છતાં, [ मोहितः ] મોહિત જીવ, [ स्वभाव–चलन–आकुलः ] પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો, [ किम् क्लिश्यते ] શા માટે કલેશ પામે છે?

**ભાવાર્થઃ-** વસ્તુસ્વભાવ તો નિયમરૂપે એવો છે કે કોઈ વસ્તુમાં કોઈ વસ્તુ મળે નહિ. આમ હોવા છતાં, આ મોહી પ્રાણી, 'પરજ્ઞેયો સાથે પોતાને પારમાર્થિક સંબંધ છે' એમ માનીને, કલેશ પામે છે, તે મોટું અજ્ઞાન છે. ૨૧૨.

ફરી આગળની ગાથાઓની સૂચનારૂપે બીજું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इह च ] આ લોકમાં [ येन एकम् वस्तु अन्यवस्तुनः न ] એક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( रथोद्धता )

**यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुन:**
**किञ्चनापि परिणामिन: स्वयम् ।**
**व्यावहारिकदृशैव तन्मतं**
**नान्यदस्ति किमपीह निश्चयात् ।। २१४ ।।**

વસ્તુ અન્ય વસ્તુની નથી, [ तेन खलु वस्तु तत् वस्तु ] તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે- [ अयम् निश्चय: ] એ નિશ્ચય છે. [ क: अपर: ] આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ [ अपरस्य बहि: लुठन् अपि हि ] અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં [ किं करोति ] તેને શું કરી શકે ?

**ભાવાર્થ:-** વસ્તુનો સ્વભાવ તો એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી ન શકે. જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે. આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શક્તી નથી ત્યાં એક વસ્તુએ અન્યને શું કર્યું ? કાંઈ ન કર્યું. ચેતન-વસ્તુ સાથે એકક્ષેત્રાવગાહરૂપે પુદ્ગલો રહેલાં છે તોપણ ચેતનને જડ કરીને પોતારૂપે તો પરિણમાવી શક્યાં નહિ; તો પછી પુદ્ગલે ચેતનને શું કર્યું ? કાંઈ ન કર્યું.

આ ઉપરથી એમ સમજવું કે-વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતાં નથી અને જ્ઞાયક પરદ્રવ્યોને કાંઈ કરતો નથી. ૨૧૩.

હવે, એ જ અર્થને દ્રઢ કરતું ત્રીજું કાવ્ય કહે છે:-

**શ્લોકાર્થ:-** [ वस्तु ] એક વસ્તુ [ स्वयम् परिणामिन: अन्य-वस्तुन: ] સ્વયં પરિણમતી અન્ય વસ્તુને [ किञ्चन अपि कुरुते ] કાંઈ પણ કરી શકે છે- [ यत् तु ] એમ જે માનવામાં આવે છે, [ तत् व्यावहारिक-दृशा एव मतम् ] તે વ્યવહારદ્રષ્ટિથી જ માનવામાં આવે છે. [ निश्चयात् ] નિશ્ચયથી [ इह अन्यत् किम् अपि न अस्ति ] આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી ( અર્થાત્ એક વસ્તુને અન્ય વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી ).

**ભાવાર્થ:-** એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે 'અન્ય દ્રવ્યે આ કર્યું', તે વ્યવહારનયની દ્રષ્ટિથી જ છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. વસ્તુના પર્યાયસ્વભાવને લીધે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શક્તી નથી.

આ ઉપરથી એમ સમજવું કે-પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે અને જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે; તેઓ એકબીજાને પરસ્પર કાંઈ કરી શક્તા નથી. માટે 'જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે' એમ વ્યવહારથી જ માનવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે. ૨૧૪.

* * *

## સમયસાર ગાથા ૩૪૯ થી ૩૫૫ : મથાળું

હવે આ કથનને દ્રષ્ટાંત દ્વારા ગાથામાં કહે છેઃ–

## * ગાથા ૩૪૯ થી ૩૫૫ : ટીકા ઉપરનું પ્રવચન *

'જેવી રીતે-શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્ય-પરિણામાત્મક (પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્ય-પરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ, કરણ આદિથી) અન્ય હોવાથી તન્મય (કર્મકરણાદિમય) થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.'

'જેવી રીતે શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્યા-પરિણામાત્મક કર્મ તેને કરે છે,....' અહાહા.....! જોયું? કુંડળ આદિ જે કર્મ નામ કાર્ય છે તે પરદ્રવ્ય પરિણામાત્મક છે. હવે આમાં બધા વાંધાઃ એમ કે શિલ્પી-સોની આદિ કરે છે એમ કહ્યું છે ને?

બાપુ! 'કરે છે' -એમ કહ્યું એ તો વ્યવહાર દર્શાવ્યો છે, બાકી સોની આદિ ક્યાં એમાં તન્મય છે?

પણ કરી શકે તો 'કરે છે' -એમ કહે ને?

એમ નથી ભાઈ! કરી શકતો નથી, પણ નિમિત્તની મુખ્યતાથી 'કરે છે' -એમ કહેવાનો વ્યવહાર છે એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ.....? સોની કુંડળને કરી શકે છે એમ નહિ, પણ તે કુંડળને કરે છે એમ વ્યવહારથી કહેવાય છે, બોલાય છે. લ્યો, હવે આવી ઝીણી વાત!

આત્મા પરની દયા પાળી શકે, શરીરને હલાવી-ચલાવી શકે, વાણી બોલી શકે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ખાન-પાન આદિ કામ કરી શકે -એમ ત્રણકાળમાં નથી; પણ નિમિત્તની મુખ્યતા કરીને તે (-આત્મા) કરે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે; સત્યાર્થપણે તે પરદ્રવ્યનાં કાર્યનો કર્તા નથી. જુઓ, અહીં કહ્યું ને આ કે-શિલ્પી એટલે સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ તેને કરે છે પણ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય થતો નથી તેથી નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો વ્યવહાર છે. ભાઈ! આ તો ભગવાનના ઘરની પ્રસાદી -એકલું અમૃત છે બાપા!

સોનીએ કુંડળ કર્યું, સુથારે ગાડું બનાવ્યું, રંગરેજે રંગનું ચિતરામણ કાઢ્યું, ગુમાસ્તાએ નામું લખ્યું ને ભગવાને ઉપદેશ દીધો ઇત્યાદિ બધું વ્યવહારથી કહેવાય ભલે, પણ એમ છે નહિ. ભારે ગજબની વાત છે ભાઈ! દુનિયાથી સાવ જુદી છે ને? એમ કહેવાય એ તો બધાં નિમિત્તનાં કથન બાપા! બાકી જીવ પરદ્રવ્યનાં કાર્ય (-પરિણામ) કરે એ ત્રણકાળમાં સંભવિત નથી, કેમ કે પરદ્રવ્યમાં એ તન્મય થતો નથી. અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્ય તન્મય થતું જ નથી, થઈ શકતું જ નથી-આ નિયમ છે, સિદ્ધાંત છે.

આ રોટલી થાય, સેવ, પાપડ ને વડીઓ થાય, ભરત-ગુંથણનું કામ થાય એ બધાં પરદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ છે; તેને બાઈયું કરી શકતી નથી. આ કાચના આભલા સરખા ગોઠવીને ટાંકે છે ને? અહીં કહે છે-એ બધું બાઈયું કરી શકતી નથી; કરે છે એમ કહેવું એ વ્યવહારનું નિમિત્તનું કથન છે, બસ; કરે છે એમ નહિ; કેમકે તેમાં તે તન્મય નથી. આવું ગંભીર તત્ત્વ છે.

કહે છે- આત્મા પરના કાર્યમાં તન્મય થતો નથી. એટલે શું? કે તેમાં પ્રવેશ કરતો નથી, તેને સ્પર્શ સુદ્ધાં કરતો નથી. હવે આવું છે જ્યાં ત્યાં એ પરનાં કાર્યોનો કર્તા કેમ થઈ શકે? જે અડેય નહિ એ પરનું શું કરે? કાંઈ નહિ. ભાઈ! પરનાં-જડનાં કાર્યનો કર્તા પર-જડ છે; તથાપિ તે (જડનું કાર્ય) જીવે કર્યું એમ કહેવું એ વ્યવહારનું કથન છે.

અહાહા....! પરદ્રવ્યના પરિણામ હું કરું -એવી જે ઇચ્છા થાય તે ઇચ્છાનો જીવ કર્તા અને તે ઇચ્છા એનું કર્મ -એમ તો કોઈ પ્રકારે છે. પણ પરદ્રવ્યના પરિણામ જે થાય તેનો કર્તા તો જીવ કોઈ પ્રકારે નથી, કદીય નથી. અહા! નિજ જ્ઞાનાનંદસ્વરૂપથી ભ્રષ્ટ એવો પર્યાયબુદ્ધિવાળો જીવ, પરને હું કરું એવી ઇચ્છાનો કર્તા તો છે, પણ પરનો તે કદીય કર્તા નથી કેમકે પરમાં તે તન્મય થતો નથી.

આ ખટારાનો અકસ્માત થતાં કઈકના દેહ છૂટી જાય છે ને! ત્યાં આયુના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાણુ કર્તા અને દેહ છૂટી જાય તે એનું કર્મ એમ છે નહિ. એ તો દેહમાં જીવને તેટલો જ કાળ રહેવાની યોગ્યતા છે એમ યથાર્થ સમજવું; જે સમયે દેહ છૂટવાયોગ્ય હોય તે જ સમયે દેહ છૂટી જાય છે, ખટારાના પરમાણુ અને આયુકર્મના પુદ્‌ગલો તો એમાં નિમિત્તમાત્ર છે. આયુના કારણે જીવ દેહમાં રહ્યો છે એમ કહેવું એ નિમિત્તનું કથન છે, બાકી આયુ કર્મ કે ખટારાના પરમાણુ ક્યાં એમાં (-જીવમાં) તન્મય છે? નથી જ. તેઓ જીવ સાથે કદીય તન્મય-એકમેક થતાં નથી.

સોની હથોડાં આદિ સાધન વડે કુંડળનો ઘાટ ઘડે છે એમ કહેવું એ વ્યવહાર છે અને તેથી અસત્યાર્થ છે. ભાઈ! આમ હથોડો ઊંચો થાય તે કાર્યનો કર્તા આત્મા નથી. અહાહા....! હથોડો ગ્રહે તે આત્મા નહિ, આમ હથોડો ઊંચો થાય તે કાર્ય આત્માનું નહિ અને કુંડળાદિનો ઘાટ બને તેય આત્માનું કાર્ય નહિ. બહુ ઝીણી વાત! આત્મા પરદ્રવ્યને ગ્રહે-પકડે જ નહિ ત્યાં પછી એને કરણ નામ સાધન બનાવી તે વડે કુંડળ આદિ કરે એ વાત ક્યાં રહે છે?

પણ લોકો એમ કહે છે ને?

એ તો વ્યવહાર-અસદ્‌ભૂત વ્યવહાર છે ને એમ કોઈ માને તો એ એનું અજ્ઞાન છે. વાસ્તવમાં જીવ અજ્ઞાનપણે પોતાના રાગાદિ પરિણામને કરે ને એને ભોગવે બસ એટલું છે, પણ પરદ્રવ્યને તે ગ્રહે કે તેને સાધન બનાવી પરદ્રવ્યની ક્રિયા તે કરે એમ ત્રણકાળમાં સત્યાર્થ નથી. સમજાણું કાંઈ....?

અહાહા....! અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સદા એક જ્ઞાયકસ્વભાવે બિરાજે છે. અહાહા...! તેનું જેને અંતરમાં ભાન થયું તે જ્ઞાની પુરુષ ધર્માત્મા છે. અહા! તે ધર્મી પુરુષ, પરનો કર્તા છે એ તો દૂર રહો, તે પરના કાર્યકાળે પર્યાયમાં જે રાગ થાય તેનોય કર્તા નથી. કોઈ સોની ધર્માત્મા હોય તે, હથોડા આદિ કરણો વડે કુંડળ કરે છે એમ તો નહિ, પણ કુંડળ થવાના કાળે તેની પર્યાયમાં જે રાગ થાય તેનોય તે કર્તા નથી. આવી સૂક્ષ્મ વાત! સમજાય છે કાંઈ...? બાપુ! હથોડો ગ્રહે ને હથોડો ઊંચો કરે ને આમ કુંડળ ઘડે ઇત્યાદિ બધું ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. અહીં તો અજ્ઞાની જીવ પણ પરદ્રવ્યનું કાંઈ (-પરિણામ) ન કરે એમ સિદ્ધ કરવું છે.

ધર્મી જીવ કદાચિત્ લડાઈમાં ઊભો હોય તો ત્યાં હથિયારને હું આમ ગ્રહી શકું છું ને તે વડે દુશ્મનને હું ઠાર કરી શકું છું -એમ કદીય માનતો નથી. અહા! તે કાળે તેને જે અસ્થિરતાના રાગ-દ્વેષ થાય તેનો પણ તે કર્તા નથી; તે તો તે કાળે થઈ આવતા વિકલ્પનોય જ્ઞાતા જ છે. પરંતુ અજ્ઞાનીની ચાલ જુદી છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એ તો પરદ્રવ્યને હું કરું-એમ માનીને રાગાદિ વિકારનો કર્તા થાય છે; પરદ્રવ્યની ક્રિયા તો જેમ થવી હોય તેમ જે તે કાળે થાય છે, અજ્ઞાની પણ તે કરી શકતો નથી, પણ તે મફતમાં હું કરું એવો અહંકાર કરી રાગાદિ વિકારનો કર્તા થાય છે.

અહીં કહે છે-શિલ્પી-સોની આદિ કુંડળ આદિ કરે છે અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્ય પરિણામસ્વરૂપ ફળ તેને ભોગવે છે એમ કહેવું તે અસદ્ભૂત વ્યવહારનય છે શું કીધું? કે સોનીએ રાણી સાહેબા માટે ઘરેણાં બનાવ્યાં હોય તેથી પ્રસન્ન થઈ તેની ખુશાલીમાં તેને રાજા દશહજારની ઉપજવાળું ગામ સોનીને ભેટ આપે તો સોની એને ભોગવે છે એમ કહેવું એ વ્યવહાર છે; એટલે કે એમ છે નહિ. પરદ્રવ્યની અવસ્થાને આત્મા કરે ને ભોગવે એમ ત્રણકાળમાં છે નહિ. આ લાંબો કુટુંબ-પરિવાર ને ધન-સંપત્તિ આદિ વૈભવને આત્મા ભોગવે એમ છે નહિ; એમ માને તો તે મિથ્યાત્વ છે. ભાઈ! અન્ય-અન્ય દ્રવ્યોમાં નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.

સંવત ૭૨ની સાલની વાત છે. લોકો બહુ માગણી કરે કે કાનજીસ્વામી વાંચો. ત્યારે ગુરુએ કહ્યું, ભાઈ! આ લોકો બહુ કહે છે અને હવે તને વાંચતાં સારું આવડે છે, એમ કે તેં ઘણું બધું વાંચ્યું છે ને તને વાંચતાં સારું આવડે છે તો તારે વાંચવું જોઈએ. ત્યારે બહુ વિનયથી કહ્યું -મહારાજ! હું વાંચવા નીકળ્યો નથી હોં... હું તો મારું કામ (-આત્મજ્ઞાન) કરવા નીકળ્યો છું. વાંચવાનું એ કાંઈ મારું કામ નહિ, આ તો એ વખતે આમ કહેલું હોં. અહીં કહે છે-પરદ્રવ્યના પરિણામને આત્મા કરે કે ભોગવે એમ કહેવું એ વ્યવહારનયનું એટલે અસત્યાર્થનયનું કથન છે. હવે આવી વાત લોકોને બહુ આકરી પડે પણ શું થાય? આ તો વસ્તુસ્થિતિ છે.

આ લોકમાં અનંત દ્રવ્યો છેઃ અનંત જીવ, અનંતા અનંત પુદ્ગલ, અસંખ્યાત કાલાણુ ને ધર્મ, અધર્મ અને આકાશ એકેક એમ અનંત દ્રવ્યો છે.' હવે તે અનંત ક્યારે રહે? કે પ્રત્યેક પોતાનું કાર્ય કરે પણ પરનું કાર્ય ન કરે ત્યારે. જો એક દ્રવ્ય બીજાનું કાર્ય કરે તો બન્ને એક થઈ જાય, એમ અનંતા દ્રવ્યો બધાં એક થઈ જાય અને અનંત દ્રવ્યો અનંતપણે સ્વતંત્ર ન રહે. આમ ન્યાયથી સિદ્ધ થાય છે કે કોઈ દ્રવ્ય બીજાનું કર્તા નથી. એકને બીજાનો કર્તા કહેવો એ તો માત્ર નિમિત્તનું કથન છે. આ દાખલો કીધો; હવે કહે છે-

'તેવી રીતે-આત્મા પણ પુણ્ય-પાપ આદિ જે પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક (-પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્ગલદ્રવ્યપરિણાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને પુણ્યપાપ આદિ કર્મનું જે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય (તે-મય) થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તાકર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.'

શું કીધું? આને (-જીવને-) જે શુભાશુભભાવ થાય તેના નિમિત્તે પુણ્ય-પાપરૂપ પુદ્‌ગલદ્રવ્યના પરિણામરૂપ જડ કર્મ બંધાય છે; આ (-જીવ) દયા, દાન, આદિનો શુભરાગ કરે ત્યારે પુણ્યકર્મ બંધાય છે. ત્યાં જીવના પરિણામ નિમિત્ત છે તો જીવ પુણ્ય-પાપ આદિ કર્મ કરે છે એમ વ્યવહારથી કહેવાય છે. એમ છે નહિ હોં; જીવ કર્તા ને પુણ્ય-પાપરૂપ જડ કર્મ એનું કાર્ય એમ છે નહિ, આ તો નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ તેમને કર્તા-કર્મપણાનો વ્યવહાર છે. આવી ઝીણી વાત છે. જેમ સોની કુંડળાદિ કરે છે એમ કહેવાનો વ્યવહાર છે તેમ જીવ જડ કર્મને કરે છે એમ કથનમાત્ર વ્યવહાર છે.

ત્યારે કોઈ પંડિત વળી કહે છે-જીવ પરદ્રવ્યને કરતો નથી એમ જે માને તે દિગંબર નથી.

અરે પ્રભુ! તું શું કહે છે આ? અહીં દિગંબરાચાર્ય સંત મુનિવર શું કહે છે એ તો જો. અહાહા.....! આત્મા પરદ્રવ્યરૂપ જડકર્મને કરે છે એમ કહેવું એ કથનમાત્ર વ્યવહાર છે; કેમકે આત્મા જડકર્મમાં તન્મય થતો નથી, જડકર્મને સ્પર્શતો નથી. તેથી જડકર્મનો એ વાસ્તવિક કર્તા નથી. આવી વાત! સમજાણું કાંઈ....?

કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલપરિણામસ્વરૂપ કરણો તે વડે તે કર્મને કરે છે એમ કહીએ તેય વ્યવહાર છે. ભાઈ! મન-વચન-કાય એ તો પરદ્રવ્યના-પુદ્‌ગલના પરિણામ છે. તેને આત્મા ક્યાં ગ્રહે છે? જેને અડે પણ નહિ તેને (મન-વચન-કાયને) આત્મા કેવી રીતે ગ્રહે? અને ગ્રહે નહિ તો તે વડે જડકર્મને કરે છે એ વાત ક્યાં રહે છે? (રહેતી નથી). આ તો બાહ્ય નિમિત્ત છે તો નિમિત્તની મુખ્યતાથી ઉપચારથી કહેવાય છે કે મન-વચન-કાયરૂપ કરણો વડે આત્મા કર્મને કરે છે. બાકી આત્મા મન-વચન-કાયને ગ્રહેય નહિ ને તે વડે જડકર્મને કરેય નહિ. આવી વસ્તુસ્થિતિ છે.

વળી પુણ્ય-પાપ આદિ કર્મનું સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ જે ફળ તેને જીવ વાસ્તવમાં ભોગવતો નથી. જુઓ, અહીં જડકર્મનું ફળ જે બહારના સંયોગો છે તેને જીવ ભોગવતો નથી-એમ કહેવું છે; છતાં ભોગવે છે એમ કહેવામાં આવે તે વ્યવહારનું કથન છે. ભાઈ! કર્મનું ફળ તો આ શરીર, મન, વાણી, ઈન્દ્રિયો ને ધનાદિ બહારની સંપત્તિ છે. એ તો બધાં જડ માટી-ધૂળ છે. એને શું જીવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભોગવે? આ શરીર-હાડ, માંસ ને ચામડાં-એને શું જીવ ભોગવે? કદીય ન ભોગવે. પરદ્રવ્યને હું ભોગવું છું એમ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. આવું બધું (મિથ્યા) માનેલું બહુ ફેરવવું પડે ભાઈ! જીવ પરદ્રવ્યને ભોગવતો નથી-ભોગવી શકતો નથી કેમકે પરદ્રવ્યમાં તે તન્મય થતો નથી. માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ એને પરદ્રવ્ય સાથે કર્તાકર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.

આ વ્યવહાર કહ્યો; હવે નિશ્ચય કહે છેઃ-

'વળી જેવી રીતે-તે જ શિલ્પી, કરવાનો ઈચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ

(અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ) એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી તન્મય (કર્મમય અને કર્મફળમય) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે;.....'

જોયું? 'હું કુંડળાદિ કરું' એવી શિલ્પી-સોની આદિની ઇચ્છારૂપ ચેષ્ટાને-રાગ આદિ ભાવને-અહીં સ્વપરિણામાત્મક કર્મ કહ્યું છે. અહીં જીવ પરથી ભિન્ન છે અને પરદ્રવ્યનું કાર્ય કરી શકે નહિ, એમ સિદ્ધ કરવું છે; તેથી જીવે જે રાગ કર્યો તે એનું સ્વપરિણામરૂપી કાર્ય છે એમ કહ્યું છે. અહીં રાગના પરિણામ તે એનું કર્તવ્ય-કરવાયોગ્ય કર્મ છે એ વાત નથી લેવી. અત્યારે તો જે સોની આદિને કુંડળાદિ કરવાના રાગ આદિ ભાવ થયા તે એનું-સ્વભાવથી જે ભ્રષ્ટ છે એવા અજ્ઞાનીનું સ્વપરિણામરૂપ કર્મ છે એમ લેવું છે. સમજાય છે કાંઈ...? અહા! જેને પોતાના ચૈતન્યસ્વભાવનું ભાન નથી, જેને સમ્યક્ત્વાદિ નિર્મળ રત્નત્રયની પ્રાપ્તિ થઈ નથી એવો અજ્ઞાની જીવ સ્વપરિણામસ્વરૂપ રાગ-દ્વેષ આદિ પરિણામને કરે છે-એ નિશ્ચય છે એમ અહીં કહે છે.

મેં આટલા મંદિર કરાવ્યાં ને આટલાં પુસ્તક છપાવ્યાં ને આટલા શિષ્ય કર્યા-એમ બહારનાં કામ કર્યાનું અજ્ઞાની અભિમાન કરે છે ને? અહીં કહે છે-ભાઈ! જરા સાંભળ. એ પરિણામ જે જડમાં ને પરદ્રવ્યમાં થાય છે તેમાં તું તન્મય નથી. એને (-મંદિરાદિને) તું શું કરે? તન્મય થયા વિના કેવી રીતે કરે? પરંતુ એના થવાના કાળે તને જે ઇચ્છા થઈ તેનો ભગવાન! તું અજ્ઞાનભાવે કર્તા છે. જડનો ને પરનો કર્તા નથી. , પણ રાગાદિરૂપ સ્વપરિણામાત્મક જે કર્મ તેનો તું અજ્ઞાનપણે અવશ્ય કર્તા છે. આવી વાત!

અજ્ઞાની જીવ સ્વપરિણામાત્મક કર્મને કરે છે અને દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ

કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે. શું કીધું? અજ્ઞાની જીવ રાગનો કર્તા અને રાગનું ફળ જે દુઃખ તેનો તે ભોક્તા છે. એમ તો છે પણ સંયોગી ચીજ જે પૈસા, બાયડી-છોકરાં આબરૂ ઇત્યાદિને તે ભોગવતો નથી. અહીં પોતાના રાગાદિ કર્મને અજ્ઞાની કરે અને તેનું ફળ જે હરખ આદિ તેને ભોગવે, પણ પૈસા, મકાન, સ્ત્રી, ઇત્યાદિ પરદ્રવ્યને ત્રણકાળમાં ભોગવી શકે નહિ-એ મૂળ વાત સિદ્ધ કરવી છે.

જીવ ક્યાંસુધી રાગને કરે છે અને એના ફળને ભોગવે છે? કે જ્યાંસુધી 'હું એક જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છું' -એવી દ્રષ્ટિનો અભાવ છે ત્યાંસુધી તે રાગાદિનો કર્તા અને તેના ફળ-દુઃખનો ભોક્તા છે. નિજ ચિદાનંદસ્વરૂપની અંતરમાં દ્રષ્ટિ થતાં તે રાગાદિનો અકર્તા છે અને અભોક્તા છે. આમાં ત્રણ પ્રકારે વાત છે.

૧. અજ્ઞાની જીવ પરમાં જે હરખ-શોકના ભાવ કરે છે તેને ભોગવે છે, પણ પરદ્રવ્યને-સ્ત્રી, ધન, મકાન ઇત્યાદિને ભોગવતો નથી.

૨. જ્ઞાની જીવને અંતરંગમાં સ્વભાવનું-શુદ્ધ એક જ્ઞાયકભાવનું ભાન થયું છે તેથી તે સ્વભાવદ્રષ્ટિએ રાગાદિનું કર્તા નથી અને તેનું ફળ જે દુઃખ તેનો ભોક્તા નથી.

૩. તોપણ જ્ઞાનીને જેટલું રાગનું પરિણમન છે તેટલું પરિણમનની અપેક્ષાએ કર્તાપણું છે અને ભોક્તાપણુંય છે. આવું બધું ઝીણું છે. જ્ઞાની સ્વભાવની દ્રષ્ટિની અપેક્ષાએ રાગને કરતો નથી, દુઃખને ભોગવતો નથી. પણ એથી કોઈ એકાંત પકડીને માને કે જ્ઞાનીને સર્વથા દુઃખ જ નથી તો એમ વાત નથી. જ્ઞાનીને યત્‌કિંચિત્‌ જે રાગ છે તેટલું તે વખતે દુઃખ છે અને તેટલો તે ભોક્તા પણ છે.

અહીં અત્યારે અજ્ઞાનીની વાત ચાલે છે કે જીવ સ્વપરિણામાત્મક રાગના પરિણામનો કર્તા છે અને તેના ફળરૂપે જે હરખ-શોકના પરિણામ થાય તેનો તે ભોક્તા છે; પણ પરદ્રવ્યનો કર્તા-ભોક્તા નથી.

પણ પુણ્ય-પાપ આદિ ભાવને પુદ્‌ગલસ્વભાવ કહ્યા છે ને?

**સમાધાનઃ-** હા, કહ્યા છે. સ્વભાવદ્રષ્ટિવંત પુરુષ દ્રષ્ટિની પ્રધાનતામાં તેને (-પુણ્ય-પાપ આદિ ભાવોને) પુદ્‌ગલસ્વભાવ જાણે છે કેમકે તેઓ સ્વભાવમાં નથી અને સ્વભાવની દ્રષ્ટિમાં-સ્વાનુભૂતિમાં સમાતા નથી, ભિન્ન જ રહી જાય છે. વળી તેઓ પુદ્‌ગલના-કર્મના ઉદયના લક્ષે પર્યાયમાં થાય છે અને સ્વભાવનું લક્ષ કરતાં નીકળી જાય છે માટે તેમને પુદ્‌ગલસ્વભાવ કહ્યા છે. પણ અહીં બીજી વાત છે. અહીં તો અજ્ઞાની જીવ પોતે રાગના પરિણામને કરે છે અને તેનું ફળ જે દુઃખ તેને ભોગવે છે કેમકે અજ્ઞાની જીવ પોતાના પરિણામથી તન્મય છે. પરંતુ પરદ્રવ્યની જે પર્યાય

થાય તેનો તે કર્તા-ભોક્તા નથી કેમકે તેમાં એ તન્મય નથી. ભાઈ! આ શરીર, મન, વાણી, કર્મ, ધન્ય-ધાન્ય, ઝવેરાત, મકાન, લાડુ, ગુલાબજાંબુ ઇત્યાદિ જે બધા પરદ્રવ્યના પરિણામ છે તેને જીવ કરેય નહિ ને ભોગવેય નહિ.

અહાહા....! આને પર્યાયમાં જે શુભાશુભભાવ થાય તે પરિણામ છે અને પોતાનું દ્રવ્ય તે પરિણામી છે. તે પરિણામ પરિણામીથી અનન્ય છે એમ અહીં કહેલ છે. આ સ્વરૂપથી ચ્યુત એવા અજ્ઞાની જીવની વાત છે. શુભાશુભભાવથી જીવ અનન્ય છે, તન્મય છે. માટે, કહે છે, પરિણામ-પરિણામી ભાવથી ત્યાં કર્તા-કર્મપણું છે અને ભોક્તા-ભોગ્યપણું છે એમ નિશ્ચય છે.

અહા! શુભાશુભ રાગના પરિણામ થાય તે પરિણામી એવા જીવના પરિણામ છે, પણ પરદ્રવ્યના પરિણામ થાય તે સ્વપરિણામીના (-જીવના) પરિણામ નથી, પરના પરિણામ થાય તેનું પરદ્રવ્ય પરિણામી છે. ભાઈ! લોજીકથી-ન્યાયથી વાત છે. જેમ પોતાના પરિણામથી તન્મય છે તેમ પરના પરિણામ સાથે આત્મા તન્મય નથી. માટે આત્મા પોતાના પરિણામનો કર્તા-ભોક્તા હો, પણ પરના પરિણામનો કદીય કર્તા-ભોક્તા નથી. કુંભાર, 'હું ઘડો કરું' -એવા પોતાના રાગનો કર્તા હો, પણ ઘડાનો કદીય કર્તા નથી. આવી વાત, બહુ ઝીણી! અહીં તો અજ્ઞાની જીવ પરના પરિણામનો કર્તા થઈને ઊભો છે તેની તે મિથ્યા માન્યતાને છોડાવે છે. સમજાણું કાંઈ....?

આખું જગત માને છે એનાથી આ જુદી વાત છે. સોનાના હાર વગેરે ઘાટ ઘડાઈને તૈયાર થાય તે, કહે છે, સોનીનું કાર્ય નથી, કાપડમાંથી કોટ, પહેરણ વગેરે સીવાઈને તૈયાર થાય તે દરજીનું કાર્ય નથી, માટીનો ઘડો થાય તે કુંભારનું કાર્ય નથી. ગજબની વાત છે ભાઈ! સોની, દરજી, કુંભાર આદિ કારીગર સ્વપરિણામના-રાગના કર્તા છે પણ તેઓ પરદ્રવ્યના પરિણામના કર્તા નથી; કેમકે પરિણામ પરિણામીથી અભિન્ન એક હોય છે અને ત્યાં જ કર્તા-કર્મપણું સંભવે છે.

**પ્રશ્નઃ-** પણ દાગીના, કપડાં, ઘડો વગેરે કાર્યો કર્તા વિના તો હોઈ શકે નહિ? (એમ કે સોની આદિ ન કરે તો કેમ હોય?).

**સમાધાનઃ-** અરે ભાઈ! દ્રવ્યમાં જે પ્રતિસમય પર્યાય-કાર્ય થાય તે પરિણામ છે અને તેનો કર્તા પરિણામી એવું તે દ્રવ્ય છે. જેમ જીવ દ્રવ્ય છે તેમ પુદ્‌ગલ એક દ્રવ્ય છે અને તેના પ્રત્યેક સમયે થતા પરિણામનો કર્તા પરિણામી પુદ્‌ગલ દ્રવ્ય છે પણ બીજું નથી. આ દાગીના આદિ કાર્ય છે તે પરિણામ છે અને તેનો કર્તા પરિણામી તે તે (સુવર્ણ આદિના) પુદ્‌ગલ પરમાણુ છે પણ સોની આદિ (જીવ) નથી. સોની આદિ તો તેને તે કાળે જે રાગ થાય તેનો કર્તા છે, પણ દાગીના આદિનો તે કર્તા નથી.

આ પ્રમાણે જડમાં જે (દાગીના વગેરે) કાર્ય થાય તેનો કર્તા પરિણામી એવા તે તે જડ પુદ્ગલ પરમાણુઓ છે; તે કાર્યો કર્તા વિના થયાં છે એમ નથી. તેમ જ સોની આદિ જીવ તેનો કર્તા છે એમ પણ નથી. આવી વાત છે! કોઈ (-સોની આદિ) એમ માને કે તે જડનાં કાર્યો મારાથી (-પોતાથી) થયાં છે તો તે મૂઢ અજ્ઞાની છે કેમકે તેની માન્યતા મિથ્યા છે. સમજાણું કાંઈ.....?

આ સોની હથોડા વગેરે સાધનને ગ્રહે છે એમ કહીએ તે વ્યવહાર છે. હથોડો આમ ઊંચો થાય તે પરિણામ છે અને હથોડાના પરમાણુ તેનું પરિણામી દ્રવ્ય છે. માટે હથોડાના પરમાણુ કર્તા ને હથોડાનું ઊંચા થવું તે તે પરમાણુઓનું કાર્ય છે. પરંતુ હથોડો ઊંચો થાય તે સોનીનું કાર્ય નથી, સોની તેનો કર્તા નથી, કેમકે તે સોનીના (-જીવના) પરિણામ નથી. આ પ્રમાણે સમયે સમયે પરમાણુમાં જે પરિણામ થાય તે તેના કાળે તેનાથી થાય છે, તે પરિણામ એની જન્મક્ષણ છે, બીજો કોઈ તેનો કર્તા નથી. આવો જ વસ્તુનો સ્વતંત્ર પરિણમન-સ્વભાવ છે.

અહા! આવી પ્રથમ વસ્તુના પરિણામની સ્વતંત્રતા બેસવી જોઈએ. વસ્તુના પરિણામની સ્વતંત્રતા બેસે તો તે પરના કર્તાપણાથી ખસી હું શુદ્ધ એક જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ દ્રષ્ટિ કરે; અને એમ જ્ઞાયકસ્વરૂપની દ્રષ્ટિ થાય ત્યારે હું જ્ઞાનભાવનો કર્તા છું પણ રાગના-વિકારના જે પરિણામ થાય તેનો હું કર્તા નથી એમ યથાર્થ ભાન થાય છે. અહા! ધર્મી પુરુષ તો રાગ થાય તેનેય માત્ર જાણે જ છે, તેને કરતો નથી. 'જાણવું' એ એના પરિણામ છે, પરંતુ રાગ થાય તે એના પરિણામ નથી.

અહો! જેમ શશીનો-ચંદ્રનો સફેદ ઉજ્જ્વળ પ્રકાશ છે તેમ ભગવાન આત્માનો પરમ શુદ્ધ એક જ્ઞાનપ્રકાશ છે. બસ જાણવું એ એનું કાર્ય છે. પણ પરનું કરવું કે તત્સંબંધી રાગ કરવો તે એનું કાર્ય નથી. પરનાં કાર્ય હું કરું એવી માન્યતા તે મિથ્યાત્વ છે; અને રાગનો કર્તા પણ અજ્ઞાની જીવ જ થાય છે. અહીં કહે છે-અજ્ઞાનભાવે જીવ રાગનો કર્તા અને રાગ એનું કાર્ય-એમ ભલે હો; પણ પરનાં કાર્ય જીવ કરે એ ત્રણકાળમાં સત્ય નથી. આ બધા કાર્યકરો ફૂટી નીકળે છે ને? ભૂખ્યાને અનાજ દેવું, તરસ્યાને પાણી પાવું, રોગીને ઔષધ દેવું ઇત્યાદિ પરનાં કાર્ય અમે કરીએ છીએ એમ એ કાર્યકરો માને છે ને? અહીં કહે છે-બાપુ! તારી એ માન્યતા મિથ્યા છે કેમકે પરનાં કાર્ય તું (-આત્મા) કરી શકતો જ નથી.

ભાઈ! એકેક પરમાણુ તે તે કાળે થતા પોતપોતાના પરિણામના કર્તા છે અને તે તે પરિણામ તેનું કર્મ છે. આકાશમાં આ પ્લેન ઉડે છે ને? તે તેના ચાલકને લઈને ઉડે છે એમ નથી, તથા પેટ્રોલ આદિ બળતણને લઈને ઉડે છે એમેય નથી. ખૂબ ગંભીર વાત છે ભાઈ! ગતિ કરે એવી પરમાણુમાં સ્વતંત્ર (ક્રિયાવતી) શક્તિ છે. પરમાણુમાં ગતિ

થાય તે આ શક્તિનું કાર્ય છે. પરમાણુ પોતે જ પોતાની શક્તિથી ગતિનો કર્તા છે. પ્લેનની ગતિનો કર્તા પણ પ્લેનના જે તે પરમાણુઓ છે, પણ પ્લેનનો ચાલક તે ગતિનો કર્તા નથી. અહો! આ તો આચાર્યદેવે ભવ્ય જીવો માટે પરમામૃત ઘોળ્યાં છે. કોઈ આ પરમામૃતનું પાન કરે નહિ અને અજ્ઞાનપૂર્વકનાં વ્રત, તપ આદિ કરવા મંડી પડે તો એ તો રણમાં પોક મૂકવા જેવું છે; અર્થાત્ એથી કાંઈ લાભ નથી; કેમકે તેને તત્ત્વદૃષ્ટિ નથી.

વળી જે પરિણામ જીવને થાય તેનો તે કર્તા અને તેનો તે ભોક્તા છે; પણ આહાર-પાણી કે ઔષધાદિ અન્ય વસ્તુનો તે ભોક્તા નથી. શિલ્પી-સોની આદિ પોતાના કર્મનું ફળ જે સુખદુઃખ તેને તે ભોગવે છે કેમકે તે તે પરિણામથી તે અનન્ય છે; અને તેથી ત્યાં પરિણામ-પરિણામીભાવથી ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે. આ તો શિલ્પીનો દાખલો કીધો. હવે કહે છે-

'તેવી રીતે-આત્મા પણ, કરવાનો ઈચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (-રાગાદિ-પરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ) એવું જે આત્મપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી તન્મય (તે-મય) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.'

અજ્ઞાની જીવ, હું મકાન બનાવું ને આ કરું ને તે કરું-એમ ઇચ્છા સહિત વર્તતો થકો, ઇચ્છાના-રાગના પરિણામનો કર્તા થાય છે અને તે પરિણામ તેનું કર્મ બને છે, તથા તે ઇચ્છાનું-રાગનું ફળ જે દુઃખ તેનો તે ભોક્તા છે, પણ મકાન-મહેલ ઇત્યાદિનો તે કર્તાય નથી ને ભોક્તાય નથી. અહીં પરદ્રવ્યથી પોતાના પરિણામ ભિન્ન છે એમ સિદ્ધ કરવું છે. જડની ક્રિયાનો કર્તા ને ભોક્તા જે આત્માને માને તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. તેમ જીવના શુભાશુભ પરિણામ થાય તેને પરદ્રવ્ય કરે છે એમ માને તેય મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

ભગવાનનાં દર્શન કરતાં જીવને શુભ પરિણામ થાય છે ત્યાં ભગવાનની પ્રતિમાને કારણે એ પરિણામ થાય છે એમ નથી. ભગવાનની પ્રતિમા કર્તા ને એના શુભપરિણામ કાર્ય-એમ નથી. તે શુભપરિણામનો જીવ જ કર્તા છે અને તે પરિણામ જીવનું કર્મ છે. સાક્ષાત્ ભગવાન સમોસરણમાં બિરાજતા હોય ત્યાં આને જે ભક્તિ-સ્તુતિના પરિણામ થાય તે સ્વતંત્ર પોતાથી થાય છે, ભગવાનનું એમાં કાંઈ કાર્ય નથી. ભાઈ! આવું વસ્તુનું સ્વરૂપ કઈ રીતે છે તે જાણ્યા વિના ધર્મ કેવી રીતે થાય?

શુભરાગના ફળમાં જીવ પુણ્ય બાંધીને સ્વર્ગમાં જાય તો ત્યાં સામગ્રીનો પાર

નથી, પણ સતૃષ્ણ રાગી જીવો ત્યાં બધા દુઃખી જ છે. ત્યાં જીવને રાગ થાય તે કાંઈ સામગ્રીને લઈને નથી પણ પોતાના કારણે થાય છે. બહારમાં સામગ્રી પ્રતિકૂળ હોય તો જે દુઃખ થાય તે સામગ્રીને લઈને નથી પણ પોતાના રાગ-દ્વેષના પરિણામનું ફળ જે દુઃખ તે પોતાને પોતાથી થાય છે અને તેનો ભોક્તા જીવ પોતે છે.

જીવને જે રાગના પરિણામ થાય એમાં જીવ અનન્ય છે કેમકે રાગના પરિણામ અને આત્માને એકદ્રવ્યપણું છે. તેવી રીતે તેને રાગનું ફળ જે દુઃખ આવે તેનાથી પણ જીવ અનન્ય છે, તન્મય છે, કેમકે દુઃખ-પરિણામને અને આત્માને એકદ્રવ્યપણું છે. માટે, કહે છે, પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તાકર્મપણું અને ભોક્તા-ભોગ્યપણું હોવાનો નિશ્ચય છે.

એક બાજુ કહે કે-શુભરાગ છે તે જીવના પરિણામ જીવથી અનન્ય છે અને વળી બીજી બાજુ કહે કે-શુભરાગ છે તે પુદ્ગલના પરિણામ છે, જીવથી અન્ય છે. હવે આમાં સમજવું શું?

**સમાધાનઃ-** ભાઈ! જ્યાં જે અપેક્ષાએ વાત હોય તેને તે રીતે યથાર્થ સમજવી જોઈએ. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ રાગના પરિણામને અન્ય કહ્યા છે, કેમકે સ્વભાવ ને સ્વભાવની દૃષ્ટિમાં રાગ નથી; વળી પુદ્ગલકર્મના નિમિત્તે રાગ ઉત્પન્ન થાય છે તેથી તેને પુદ્ગલના પરિણામ કહ્યા છે.

પરંતુ અજ્ઞાની જીવને અનાદિથી સ્વભાવનું ભાન નથી, ને પર્યાયમાં જે રાગ થાય છે તેને કર્મજન્ય માને છે. તેને કહ્યું કે રાગ છે તે તારી પર્યાયમાં થાય છે અને તે પર્યાય તારાથી અનન્ય છે માટે તું એનો કર્તા છો, કોઈ પર એનો કર્તા નથી. પર્યાયમાં અજ્ઞાનીને જે મિથ્યાત્વાદિ પરિણામ થાય તે તેનાથી અનન્ય છે, જુદા નથી. પરદ્રવ્યના પરિણામ જેમ જીવથી અત્યંત ભિન્ન છે તેમ રાગાદિ પરિણામ જીવથી ભિન્ન નથી. તેથી જીવ પોતાના (અજ્ઞાનમય) ભાવનો કર્તા ને પોતાના ભાવનો ભોક્તા છે એ નિશ્ચય છે. આવી વાત છે. સમજાણું કાંઈ....? અહા! આમ સમજીને જીવ જ્યારે અંતઃસ્વભાવની સન્મુખ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૧૧ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'ननु परिणामः एव किल विनिश्चयतः कर्म' ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે, અને 'सः परिणामिनः एव भवेत्, अपरस्य न भवति' પરિણામ પોતાના

આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ (કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો);..........

આ શું કીધું? કે રાગ-દ્વેષ-મોહના પરિણામ છે તે નિશ્ચયથી જીવનું કર્મ છે કારણ કે પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ. આ શરીરનું હાલવું-ચાલવું થાય, ભાષા બોલાય-તે પરિણામ છે અને તે નિશ્ચયથી પુદ્‌ગલ પરમાણુઓનું કર્મ છે; તે જીવનું કાર્ય નથી, જીવથી થયેલું નથી.

જો એમ છે તો મડદું કેમ બોલતું નથી?

અરે ભાઈ! તું પૂછે છે કે મડદું કેમ બોલતું નથી? તો અમે પૂછીએ છીએ કે જીવ ક્યાં બોલે છે? જીવ બોલતો નથી, મડદું પણ બોલતું નથી. તો આ ભાષા કેવી રીતે થાય છે? આ ભાષા બોલાય છે એ તો બાપુ! જડ ભાષાવર્ગણાનું કાર્ય છે. ભાષાવર્ગણા ભાષારૂપે પરિણમી જાય છે; તેમાં શરીરનાં હોઠ, જીભ આદિ તથા જીવનો વિકલ્પ નિમિત્ત હો, પણ તે જીવનું કે શરીરનું કાર્ય નથી; ભાષા બોલાય એ ભાષાવર્ગણાનું જ કાર્ય છે. મડદાના પ્રસંગમાં ભાષા બોલાય એવી ભાષાવર્ગણાની ત્યાં યોગ્યતા જ હોતી નથી અને તેથી ભાષા પણ બોલાતી નથી. ભાષા બોલાય કે ન બોલાય, મડદું હલે કે ન હલે-તે તે કાર્યનો કર્તા તે તે પુદ્‌ગલો છે, બીજો (-જીવ) તેનો કર્તા નથી. આવી વાત! સમજાય છે કાંઈ...?

અહીં કહે છે-ખરેખર પરિણામ એટલે જે પર્યાય છે તે જ નિશ્ચયથી કર્મ છે. જીવને જે વિકારના પરિણામ થાય તે જ જીવનું કર્મ છે. અહીં અજ્ઞાનીની વાત છે. પરના પરિણામ થાય તે જીવનું કર્મ નથી એમ પરથી ભિન્ન પાડી પરનું કર્તાપણું જે માન્યું છે તે મટાડવાની આ વાત છે.

અહાહા...! કહે છે-પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ. રાગદ્વેષ આદિ પરિણામ જે થાય તે તેના આશ્રયભૂત પરિણામી દ્રવ્ય આત્માના જ પરિણામ છે, અન્યના નહિ. વિકારના પરિણામ થાય તે પોતાના જ આશ્રયભૂત પરિણામ છે. લ્યો આવું!

એક બાજુ એમ કહે કે પરના આશ્રયે જ (સ્વના આશ્રયે નહિ) જીવને વિકાર થાય છે; ગાથા ૨૭૨ માં આવે છે કે-પરાશ્રિતો વ્યવહાર;, સ્વાશ્રિતો નિશ્ચય:'; અને વળી અહીં કહે છે-વિકાર થાય તે આશ્રયભૂત પરિણામી આત્માના જ પરિણામ છે. આ તે કેવી વાત!

ભાઈ! એ તો રાગ થવાના કાળે જીવનું લક્ષ પર ઉપર જાય છે અર્થાત્ તેને પરસન્મુખતા હોય છે એટલે (સન્મુખતાના અર્થમાં) પરના આશ્રયે રાગ-વિકાર

થાય છે એમ ત્યાં કહ્યું છે; રાગ થવાના કાળે સ્વસન્મુખતા નથી; બાકી રાગના પરિણામ જે થાય છે તે તો પરિણામી જીવના આશ્રયે થાય છે અર્થાત્ તે પરિણામ જીવની (પર્યાયની) સત્તામાં થાય છે, પરની સત્તામાં થતા નથી એમ અહીં કહેવું છે. વિકાર પરને આશ્રયે થાય છે એમ કહ્યું ત્યાં 'પરનો આશ્રય' એટલે પરસન્મુખતા સમજવી; અને વિકાર પરિણામી એવા આત્માના આશ્રયભૂત છે એમ કહ્યું ત્યાં વિકાર આત્માની સત્તામાં થાય છે, પરની સત્તામાં નહિ એમ સમજવું. અહીં કહ્યું ને કે–'सः परिणामिनः एव भवेत्, अपरस्य न भवति' પુણ્ય-પાપ આદિ ભાવ પરિણામી એવા જીવના આશ્રયે અર્થાત્ જીવની સત્તામાં થાય છે, તે પરિણામ પરથી વા પરની સત્તામાં થતા નથી.

અહીં તો પરિણામ આત્મામાં આત્માથી જ થાય છે એમ સિદ્ધ કરવું છે. પરિણામ કહેતાં વર્તમાન પર્યાય તે પરિણામી વસ્તુ-દ્રવ્યના આશ્રયે જ થાય છે. પરિણામનો આશ્રય પરિણામી જ છે, અન્ય નહિ; પરિણામને અન્યદ્રવ્ય કરે એમ નહિ. આવી વાત! અહો! કેવળીના કેડાયતીઓ એવા દિગંબર સંતોએ કેવળીના મારગને યથાતથ્ય પ્રસિદ્ધ કરીને જગતને ન્યાલ કરી દીધું છે. આ દુકાને બેઠો હોય ને હું ખૂબ પૈસા કમાઉં એમ વેપારી તૃષ્ણા કરે ને? એ તૃષ્ણાના પરિણામ, અહીં કહે છે, પરિણામી જીવના (વેપારીના) આશ્રયભૂત છે અર્થાત્ જીવ જ એનો કર્તા છે, અન્ય (કર્મ) નહિ; તથા તે કાળમાં પૈસા-ધૂળ જે આવે તે, તે તે પુદ્ગલ-રજકણોનું કાર્ય છે, જીવનું (વેપારીનું) નહિ. અહો! પરનું હું કરી શકું છું એવો અજ્ઞાનીનો મિથ્યા અભિપ્રાય મટાડનારો આ ગજબનો સિદ્ધાંત સંતોએ જાહેર કર્યો છે.

કહે છે-ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે, અને પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ. ગજબ વાત છે ભાઈ! અહીં તો કહે છે-કોઈ દ્રવ્ય કોઈ બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું જ નથી તો તે બીજાનું કર્મ કઈ રીતે કરે? માટે પરિણામીનું જ પરિણામ છે. એમ તો પરિણામ પરિણામનું છે, પરિણામીનું નહિ. ખરેખર તો પરિણામનો કર્તા પરિણામ પોતે છે, દ્રવ્ય તેનું કર્તા નથી. પણ અહીં તો પરદ્રવ્યથી ભિન્ન લેવું છે ને? તો કહ્યું કે-પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ; કારણ કે અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો અર્થાત્ અન્યના પરિણામ અન્યદ્રવ્યની સત્તામાં થતા નથી; અર્થાત્ અન્યદ્રવ્યના પરિણામમાં અન્યદ્રવ્ય પ્રવેશતું નથી. આવી વાત! સમજાય છે કાંઈ.....?

હવે કહે છે- 'इह कर्म कर्तृशून्यम् न भवति' વળી કર્મ કર્તા વિના હોતું નથી, 'च वस्तुनः एकतया स्थितिः इह न' તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ (અર્થાત્

કૂટસ્થ સ્થિતિ હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે); 'ततः तद् एव कर्तृ भवतु' માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે (-એ નિશ્ચય-સિદ્ધાંત છે).

અહા! આ કળશમાં કેટલા સિદ્ધાંત ગોઠવ્યા છે?

૧. ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે;

૨. અને પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ;

૩. વળી કર્મ કર્તા વિના હોતું નથી;

૪. તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી;

૫. માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે એ નિશ્ચય-સિદ્ધાંત છે.

ભાઈ! આમાં તો 'અહં કરોમિ' હું (પરનું) કરું છું એવા અહંકારને મારી નાખે એવું છે. જુઓ, આ લાકડી આમ ઊંચી થઈ ને? એ લાકડી ઊંચી થઈ તે પરિણામ છે અને તે પરિણામ તેના આશ્રયભૂત પરિણામીનું-પુદ્‌ગલપરમાણુઓનું જ છે, અન્યનું નહિ. વળી તે પરિણામ અર્થાત્ કર્મ કર્તા વિના કેમ હોય? ન હોય. પહેલાં (લાકડી) એક અવસ્થારૂપ હતી તે હવે બદલીને ઊંચી થવારૂપ થઈ તે તેનો કાળ છે, તે એની વર્તમાન યોગ્યતા છે. કાંઈ આ જીવે કે આંગળીઓએ તેને ઊંચી કરી છે એમ નથી. વસ્તુ અજબ છે ભાઈ! પ્રતિસમય પલટીને કાયમ રહે એવો વસ્તુનો સહજ સ્વભાવ છે. અહીં કહ્યું ને કે-વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી. માટે આ લાકડીના પરમાણુઓ જ તેના ઊંચા થવારૂપ કર્મના કર્તા છે એ નિશ્ચય છે. હવે આવી વાત બીજે શ્વેતાંબરાદિમાં ક્યાં છે?

એક શ્વેતાંબર સાધુ લીંબડીમાં અમારી સાથે ચર્ચા કરવા આવ્યા. કહે કે-આપણે ચર્ચા કરીએ. ત્યારે કહ્યું કે-અમે કોઈ સાથે ચર્ચા (અર્થાત્ વાદ) કરતા નથી. ત્યારે એ કહે-તો લોકો શું માનશે? (એમ કે તમે આવા મોટા વિદ્વાન-જ્ઞાની ને ચર્ચાથી ડરી ગયા?) તો કહ્યું કે-લોકોને માનવું હોય તે માને, અમારે એનાથી શું કામ છે? કહેશે કે ચર્ચા ન આવડી, બસ એ જ ને? આમ પંદર વીસ મિનિટ ગઈ પછી એ કહે-

જુઓ, આ ચશ્મા વિના કાંઈ દેખાય ખરું?

ત્યારે કહ્યું કે-ચર્ચા (પૂરી) થઈ ગઈ.

અહાહા....! આવો પ્રશ્ન કે-શું ચશ્મા વિના દેખે? દેખવાનું કામ આત્માનું ને ચશ્માથી દેખે, હેં! ! બાપુ! એમ નથી ભાઈ! અહીં કહે છે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



-જે દેખવાનું થયું તે પરિણામ છે અને તે જ નિશ્ચયથી કર્મ છે.

-તે દેખવાના પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના-જીવના જ છે, અન્યના નહિ, ચશ્માંના નહિ કે કર્મના પણ નહિ.

-પણ એ દેખવારૂપ કર્મ કર્તા વિના કેમ હોય? ન હોય.

તો એનો કર્તા કોણ? સાંભળ ભાઈ! જરા ધીરજથી સાંભળ.

-પહેલાં અન્ય વિચારરૂપ દશા હતી ને હવે દેખવારૂપ વિલક્ષણ અવસ્થા થઈ તે તે અવસ્થાનો કાળ છે, તે તેની વર્તમાન યોગ્યતા છે. એ અવસ્થા કાંઈ ચશ્માંએ કરી છે કે જડ કર્મે કરી છે એમ છે જ નહિ. ચશ્માં તો તે અવસ્થાને (દેખવારૂપ દશાને) અડતાંય નથી. અહાહા...! વસ્તુનો પોતે કાયમ રહીને પ્રતિસમય પલટવાનો સહજ જ સ્વભાવ છે. કહ્યું ને કે-વસ્તુની (-પર્યાયની) સદા એકરૂપ સ્થિતિ હોતી નથી.

-માટે આ નિશ્ચય છે કે જીવ પોતે જ પોતાના દેખવાના પરિણામરૂપ કર્મનો કર્તા છે, એનો કર્તા ચશ્માંય નથી કે જડ કર્મેય નથી. ચશ્માં ને કર્મ તો દેખવાના કાળે નિમિત્તમાત્ર છે. આવી વાત છે. સમજાણું કાંઈ...? નિમિત્તને લઈને દેખવું થાય છે એમ માને એ તો મિથ્યાત્વ છે.

અહાહા...! વસ્તુ સહજ જ દ્રવ્ય-પર્યાયરૂપ છે. તેમાં દ્રવ્ય તો નિત્ય એકરૂપ છે, પણ પર્યાય તો ક્ષણેક્ષણેપલટે છે. દરેક સમયે એક અવસ્થા બદલીને બીજી થાય છે એ વસ્તુનો સ્વભાવ છે. હવે વસ્તુની અવસ્થા બીજી-બીજી થાય છે, વિલક્ષણ થાય છે, ત્યાં નિમિત્ત આવ્યું માટે તે પર્યાય થાય છે એમ નથી. વસ્તુની અવસ્થા પલટે છે તે કાંઈ નિમિત્તને લઈને પલટે છે એમ નથી, બલ્કે અવસ્થાનું પલટવું તે તેનો સહજ સ્વભાવ છે. વસ્તુની ભિન્ન ભિન્ન અવસ્થાઓ જે થાય છે તે વસ્તુના જ કાર્યભૂત છે, વસ્તુ જ તે તે અવસ્થાઓની કર્તા છે.

ભાઈ! ધર્મ કેમ થાય એની આ વાત છે. લોકોએ બિચારાઓને આ કદીય સાંભળવા મળ્યું ન હોય એટલે બીજી રીતે માને અને દાન, શીલ, તપ, ઇત્યાદિ બહારમાં કરવા મંડી પડે, પણ એ તો બધો રાગ બાપુ! એનાથી ધર્મ ન થાય, એનાથી જો કષાયની મંદતા હોય તો, પુણ્યબંધ થાય અને એને ભલો જાણે તો મિથ્યાત્વ જ થાય.

તો ચાર પ્રકારે ધર્મ કહ્યો છે ને? દાન, શીલ, તપ, બ્રહ્મચર્ય -એમ ચાર પ્રકાર ધર્મના કહ્યા છે ને?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હા, કહ્યા છે; પણ તે આ પ્રમાણે છે હોં;-

પોતાના ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયક ભગવાનની દ્રષ્ટિ કરવાથી જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે પર્યાયનું પોતાને દાન દેવું તે વાસ્તવિક દાન છે અને તે ધર્મ છે અને તેનો પોતે જ કર્તા છે.

પોતાનો શીલ નામ સ્વભાવ જે એક જ્ઞાયકભાવ તેમાં જ અંતરરમણતાં કરતાં જે નિર્મળ રત્નત્રય પ્રગટ થાય તે શીલ નામ ચારિત્ર છે અને તે જ ધર્મ છે.

અહાહા...! પોતે બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા છે તેમાં એકાગ્ર થઈ ચરવું-રમવું તે બ્રહ્મચર્ય છે અને તે યથાર્થમાં ધર્મ છે.

સચ્ચિદાનંદમય આત્મા પોતે-તેમાં લીન થઈ પ્રતાપવંત રહેવું તેનું નામ ઇચ્છાના અભાવરૂપ તપ છે અને તે સત્યાર્થ ધર્મ છે. ભાઈ! આવું ધર્મનું સ્વરૂપ છે. ધર્મી પુરુષને બહારમાં સાથે સાથે દાન, શીલ, તપ, બ્રહ્મચર્યનો રાગ થતો હોય છે, તેને સહકારી જાણી ઉપચારથી એને ધર્મ કહીએ છીએ; પરંતુ એવો રાગ નિશ્ચયથી ધર્મ છે, વા તે કરતાં કરતાં ધર્મ થાય છે એવું ધર્મનું સત્યાર્થ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ....?

અહીં કહે છે-વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે એ નિશ્ચય-સિદ્ધાંત છે; પરદ્રવ્યનું કર્તા પરદ્રવ્ય ત્રણકાળમાં નથી. પરદ્રવ્યનો કર્તા આત્મા ત્રણકાળમાં નથી. આ મૂળ વાત છે.

* * *

હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૧૨ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'स्वयं स्फुटत्–अनंत–शक्तिः' જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ 'बहिः यद्यपि लुठति' અન્ય વસ્તુની બહાર જો કે લોટે છે 'तथापि अन्य–वस्तु अपर वस्तुनः अन्तरम् न विशति' તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી; 'यतः सकलम् एव वस्तु स्वभावनियतम् इष्यते' કારણ કે સમસ્ત વસ્તુઓ પોત-પોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે.

અહાહા....! શું કહે છે? કે દરેક આત્મા ને પરમાણુ-પરમાણુ અનંત શક્તિથી પ્રકાશમાન છે. ભાઈ! આ આત્માની જેમ છએ દ્રવ્યો-પ્રત્યેક અનંત શક્તિથી પ્રકાશમાન છે. અહાહા.....! આવી વસ્તુ, કહે છે, જો કે અન્ય વસ્તુની બહાર લોટે છે

તોપણ અન્ય વસ્તુમાં પ્રવેશતી નથી. શું કીધું? દ્રવ્યમાં-વસ્તુમાં અનંત શક્તિઓ છે તોપણ એમાં કોઈ શક્તિ એવી નથી કે પરવસ્તુમાં પ્રવેશીને પરને કરે, પરને બદલે.

આ છરીથી આમ શાક કપાય છે ને? અહીં કહે છે-એ શાકના ટુકડા છરીથી થયા નથી. અહાહા....! છરીના રજકણોની પોતાની પોતામાં અનંત શક્તિ છે, પણ શાકને કાપે એવી છરીની શક્તિ નથી. વાસ્તવમાં છરી તો શાકની બહાર જ લોટે છે; છરી ક્યાં શાકમાં પ્રવેશે છે કે શાકને કાપે? આવી વાત! ભાઈ! આ તો એકલું અમૃત છે બાપા!

અહાહા....! વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેની પર્યાય નામ અવસ્થા બદલીને ક્ષણેક્ષણે બીજી-બીજી થાય છે. ત્યાં કહે છે, સંયોગી બીજી ચીજ (નિમિત્ત) આવી માટે તે અવસ્થા (વિલક્ષણપણે) બદલે છે એમ નથી, કેમકે બીજી ચીજ તો વસ્તુની બહાર લોટે છે, વસ્તુમાં પ્રવેશતી જ નથી. બીજી-બીજી અવસ્થાએ પલટવું એ વસ્તુનો સહજ જ સ્વભાવ છે. આ ચટાઈ છે ને? ચટાઈ.. ચટાઈ; તે આમ બળે છે; ત્યાં કહે છે, અગ્નિકણને લઈને બળે છે એમ નથી. અહા! અગ્નિના પરમાણુ પોતામાં રહેલી અનંત શક્તિથી સંપન્ન છે, પણ તેમાં પરદ્રવ્યની-ચટાઈની (બળવારૂપ) અવસ્થા કરે એવી કોઈ શક્તિ નથી; કેમકે તેઓ પરદ્રવ્યમાં-ચટાઈમાં પ્રવેશતા નથી, બહાર જ લોટે છે. આવી ઝીણી વાત ભાઈ!

પરજીવોની દયા પાળવી તે ધર્મ એમ કહે છે ને? અહીં કહે છે-ભાઈ! તું પરજીવને બચાવી શકતો જ નથી. પોતે તો બહાર બેઠો છે, સામા જીવના આયુની પર્યાયમાં કે તેના આત્માની પર્યાયમાં પ્રવેશ કરતો નથી-કરી શકતો નથી તો બીજા જીવને શી રીતે બચાવી શકે? પર જીવ બચે છે એ તો તેની તે તે કાળની યોગ્યતા છે. અહા! આવું જૈન પરમેશ્વરે કહેલું તત્ત્વ બહુ ગંભીર છે ભાઈ! આ તો રોજના દાખલા કીધા.

મૂળ વાત તો આ છે કે- જીવને જે વિકાર-રાગ થાય છે તે કર્મ કરાવે છે એમ નથી. મોહનીય કર્મના ઉદયને લઈને જીવને વિકાર થાય છે એમ નથી. કેટલાક વિપરીત માને છે પણ જડકર્મ કર્તા ને જીવનો વિકાર કાર્ય એમ નથી બાપુ! કેમકે ઉદયમાં આવેલું જડ કર્મ તો જીવની બહાર જ લોટે છે, તે જીવમાં પેસી શકતું જ નથી. શું કીધું? જડ કર્મમાં એની અનંત શક્તિ ભલે હો, પણ જીવમાં પેસીને એના વિકારને કરે એવી એનામાં કોઈ શક્તિ નથી. અહાહા....! જીવને અડે જ નહિ એ જીવની પર્યાયને કેવી રીતે કરે? અહા! વિકાર અને જડ કર્મ વચ્ચે તો અત્યંતાભાવ છે; તો પછી જડકર્મનો ઉદય જીવના વિકારને કેવી રીતે કરે? ત્રણકાળમાં ન કરે. સમજાણું કાંઈ...?

તો શાસ્ત્રમાં તો એમ આવે છે કે બે કારણથી કાર્ય થાય છે?

હા, આવે છે; તેમાં એક ઉપાદાનકારણ છે. તે વસ્તુની નિજશક્તિરૂપ છે અને તે વાસ્તવિક કારણ છે. જોડે બીજું નિમિત્તકારણ છે; તે પરવસ્તુ-બીજી ચીજ છે, તે યથાર્થ કારણ નથી પણ આરોપિત કારણ છે. ભાઈ! નિમિત્ત છે એ તો ઉપાદાનની બહાર ફરે છે, તે ઉપાદાનમાં શું કરે? કાંઈ ન કરે. નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થતું નથી. માટે કર્મના ઉદયથી વિકાર થાય છે એમ કેટલાક માને છે તે સત્યાર્થ નથી.

જુઓ, સમયસારની ત્રીજી ગાથામાં આવે છેઃ- કેવા છે પદાર્થો? કે પ્રત્યેક પદાર્થ પોતામાં અંતર્મગ્ન રહેલ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયોને ચુંબે છે, તથાપિ તેઓ પરસ્પર એકબીજાને ચુંબતા નથી-સ્પર્શતા નથી. આ ભગવાનની વાણી છે. ‘ભગવાનની વાણી’ એ તો એમ નિમિત્તથી કહેવાય, બાકી વાણી તો વાણીની છે, ભગવાન તો એને સ્પર્શતાય નથી. વળી વાણી સાંભળીને કોઈને અંતઃજાગૃતિ થતાં જ્ઞાન થયું તો તે કાંઈ વાણીથી થયું છે એમ નથી. જ્ઞાનની પર્યાયથી વાણીની પર્યાય તો બહાર લોટે છે; ત્યાં વાણી જ્ઞાનને કેમ કરે? ભાઈ! દ્રવ્યમાં સમયે સમયે જે જે પર્યાય થાય છે તે તેની જન્મક્ષણ છે, જોડે નિમિત્ત છે માટે તે પર્યાય થાય છે એમ છે જ નહિ, કારણ કે નિમિત્ત છે તે બહાર જ લોટે છે, ઉપાદાનને અડતું જ નથી.

ત્યારે કોઈ વળી કહે છે-પાણી અગ્નિથી ઉનું થાય છે એમ અમને પ્રત્યક્ષ દેખાય છે. જો અગ્નિથી પાણી ઉનું ન થતું હોય તો અગ્નિ ન હોય ત્યારે પણ તે ઉનું થવું જોઈએ ને?

**સમાધાનઃ-** પ્રત્યક્ષ શું દેખાય છે? એ તો સંયોગદૃષ્ટિથી તું જુએ છે તો એમ દેખાય છે, પણ એ (-એમ માનવું એ) તો અજ્ઞાન છે; કેમકે અગ્નિના કણો પાણીને અડતા જ નથી, પાણીની બહાર જ ફરે છે. છે ને કળશમાં – ‘बहिः लुठति’ ? છે કે નહિ? અરે ભાઈ! અગ્નિ અગ્નિમાં ને પાણી પાણીમાં -બન્ને ભિન્ન ભિન્ન પોત પોતામાં અવસ્થિત રહેલાં છે. હવે આવું છે ત્યાં અગ્નિ પાણીને ઉનું કેવી રીતે કરે? લ્યો, આવું ઝીણું! તત્ત્વનો વિષય બહુ ઝીણો છે ભાઈ! અજ્ઞાનીને સ્થૂળદૃષ્ટિમાં નિમિત્તાધીનદૃષ્ટિમાં આ બેસવું બહુ કઠણ છે.

અજ્ઞાનીએ જ્યાં હોય ત્યાં ‘નિમિત્તથી થાય’ એમ માંડી છે, પણ અહીં કહે છે-અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી. અગ્નિ પાણીમાં પ્રવેશતી નથી. આવી વાત! પાણીની શીતળ અવસ્થા હો કે ઉષ્ણ, તે તે અવસ્થામાં પાણીના પરમાણુઓ જ તે તે રૂપે (શીત-ઉષ્ણરૂપે) પરિણમે છે, બાહ્ય વસ્તુ તો તેમાં નિમિત્તમાત્ર જ છે, અનુકૂળમાત્ર જ છે, બસ. અગ્નિ છે માટે પાણી ઉનું થયું છે

એમ નથી અને અગ્નિ નથી માટે પાણી શીતળ છે એમેય નથી. પાણીની શીત અને ઉષ્ણ અવસ્થા એ તો પાણીની (પાણીના પરમાણુઓની) તે તે સમયની યોગ્યતા છે, જન્મક્ષણ છે. આવી ઝીણી વાત છે.

ભાઈ! તત્ત્વ જે રીતે છે તે રીતે ન માને તો દૃષ્ટિ વિપરીત-મિથ્યા થશે. ઉપાદાન-નિમિત્ત સંબંધી બનારસીદાસ કહે છે ને કે-

'ઉપાદાન બળ જહાં તહાં, નહિ નિમિત્તકો દાવ;

એક ચક્રસૌં રથ ચલૈ, રવિકો યહી સ્વભાવ.'

બાપુ! જડ અને ચેતનની જે જે અવસ્થાઓ થાય છે તે નિજ-નિજ ઉપાદાનના-યોગ્યતાના બળથી જ થાય છે, એમાં નિમિત્તનો કોઈ દાવ નથી, નિમિત્તનો એમાં કોઈ પ્રભાવ નથી. આવી જ વસ્તુસ્થિતિ છે.

શાસ્ત્રમાં આવે છે કે-એક પરમાણુમાં બે ગુણ ચિકાશ હોય અને તે બીજા ચાર અંશ ચિકાશવાળા પરમાણુ સાથે જોડાય તો તે બે અંશવાળો પરમાણુ ચાર અંશ ચિકાશરૂપે પરિણમી જાય છે. આવો જ સહજ નિમિત્ત-નૈમિત્તિકભાવ બને છે. પણ ત્યાં ઓલો ચારઅંશવાળો પરમાણુ આ બે અંશવાળાને પરિણમાવી દે છે એમ નથી, કેમકે તે આમાં પ્રવેશતો નથી, બહાર જ લોટે છે, કારણ કે સર્વ વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે. આ વસ્તુની સ્થિતિ છે. તેને નહિ જાણીને અજ્ઞાનીઓ ભ્રમપૂર્વક 'નિમિત્ત આવ્યું તો થયું ને ન આવ્યું માટે ન થયું' -એમ એક અવસ્થાકાળે બીજી અવસ્થાની કલ્પના કરીને પોતાના વિપરીત-મિથ્યા અભિપ્રાયને દૃઢ કર્યા કરે છે, પણ બાપુ! એનાં ફળ બહુ આકરાં આવશે ભાઈ!

આચાર્યદેવ બહુ કરુણાથી કહે છે કે- 'इह' આમ હોવા છતાં, 'मोहितः' મોહિત જીવ, 'स्वभाव–चलन–आकुलः' પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો, 'किम् क्लिश्यते' શા માટે કલેશ પામે છે?

અહાહા....! શું કહે છે? કે અન્ય વસ્તુ અન્ય વસ્તુમાં પ્રવેશતી નથી કેમકે સર્વ વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે. અહાહા...! આમ વસ્તુસ્થિતિ હોવા છતાં, આચાર્ય કહે છે, મોહિત જીવ પોતાના સ્વભાવથી ચ્યુત થઈને આકુળ થતો થકો શા માટે કલેશ પામે છે? એમ કે- કર્મથી થાય, નિમિત્તથી થાય -એમ ભ્રમ સેવીને નિમિત્તાધીન-કર્માધીન પરિણમતો થકો ચતુર્ગતિરૂપ સંસારમાં કેમ પરિભ્રમે છે? આચાર્યદેવના આ ખેદ અને કરુણાના ઉદ્‌ગાર છે.

## * કળશ ૨૧૨ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'વસ્તુસ્વભાવ તો નિયમરૂપે એવો છે કે કોઈ વસ્તુમાં કોઈ વસ્તુ મળે નહિ. આમ હોવા છતાં, આ મોહી પ્રાણી "પરજ્ઞેયો સાથે પોતાને પારમાર્થિક સંબંધ છે" એમ માનીને, ક્લેશ પામે છે, તે મોટું અજ્ઞાન છે.'

જુઓ, આ ચોકખી વાત કરી છે કે કોઈ વસ્તુમાં કોઈ વસ્તુ મળે નહિ એવો વસ્તુસ્વભાવ છે. અહાહા...! શું કીધું? કે જગતમાં અનંતા દ્રવ્યો છે. તેઓ પરસ્પર ભિન્ન ભિન્ન છે, કોઈ કોઈમાં પ્રવેશતાં નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યોથી બહાર જ લોટે છે. આવો વસ્તુ-સ્વભાવ છે. માટે કોઈ એક દ્રવ્ય અન્યદ્રવ્યનું કાર્ય કરતું નથી. આ મહાસિદ્ધાંત છે.

અજ્ઞાનીને બહારમાં નિમિત્ત દેખીને ભ્રમણા થાય છે. એમ કે ગુરુની વાણી સાંભળવાથી જ્ઞાન થાય છે; પણ બાપુ! એમ નથી. સમાધિશતકમાં (શ્લોક ૭૫માં) આવે છે કે પરમાર્થે આત્મા જ આત્માનો ગુરુ છે, બીજો કોઈ નહિ. પોતે જ પોતાને સમજાવે છે અને પોતે જ પોતાના હિતરૂપ પોતાને પ્રયોજે છે માટે પોતે જ ગુરુ છે. વાસ્તવમાં (અન્ય) ગુરુની વાણીની પર્યાય તો શિષ્યના જ્ઞાનને સ્પર્શતીય નથી. માટે વાણી સાંભળવાથી જ્ઞાન થયું છે એમ છે નહિ. ભાઈ! આવું યથાર્થ માન્યા વિના દૃષ્ટિ પરથી ખસીને દ્રવ્ય ઉપર કેમ જાય? અને દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ પર આવ્યા વિના સમ્યગ્દર્શન કેવી રીતે થાય? ન થાય. અહાહા...! ધ્રુવને ધ્યેય બનાવી ધગશથી ધ્યાનની ધૂણી ધખાવ્યા વિના કદીય ધર્મ ન થાય. અહા! મારી પર્યાય પરથી થાય ને પરની પર્યાય મારાથી થાય એમ માનનાર તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આવી વાત છે.

અહીં કહે છે-કોઈ વસ્તુ કોઈ વસ્તુમાં મળે નહિ એ અચલિત નિયમ છે; છતાં મોહી જીવ પરજ્ઞેયો સાથે મારે પારમાર્થિક સંબંધ છે એમ માનીને ક્લેશ પામે છે, તે મોટું અજ્ઞાન છે.

જુઓ, દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે કે સ્ત્રી-પુત્ર-પરિવાર સાથે મારે પારમાર્થિક સંબંધ છે એવું માનનારા મૂઢ મોહી જીવ છે. ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર ઇત્યાદિ તો બધા પરજ્ઞેય છે, જ્ઞાનથી ભિન્ન છે. અહીં જીવની જ્ઞાનની અવસ્થા થાય તે કાળે જિનબિંબ કે જિનવાણી બાહ્ય નિમિત્ત હો, પણ તે જિનબિંબ કે જિન-વાણી જ્ઞાનની પર્યાયમાં પ્રવેશ કરી જ્ઞાનને કરે છે એમ નથી. જિનબિંબ કે જિન-વાણી તો જ્ઞાનને અડતાં સુદ્ધાં નથી, તેઓ જ્ઞાનથી બહાર જ રહે છે. માટે દેવ-ગુરુ-શાસ્ત્રથી જ્ઞાન થાય છે એમ છે નહિ. વાસ્તવમાં પરજ્ઞેય સાથે આત્માને પારમાર્થિક સંબંધ નથી; એક સમય

પૂરતો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ તો જાણવા માટે છે. ભાઈ! એક સમયની અવસ્થા અસહાયપણે પરના-નિમિત્તના કર્યા વિના જ સ્વતંત્ર થાય છે એમ જેને સ્વીકાર નથી તે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યગુણને કેવી રીતે સ્વીકારશે? અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્યના સ્વીકાર વિના તેને અંતર્દષ્ટિ કેમ થાય? ન થાય.

હા, પણ શ્રીમદે તો એમ કહ્યું છે કે-

ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત,
પામે નહિ પરમાર્થને રહે ભ્રાંતિમાં સ્થિતિ.

ભાઈ! એ તો ઉપાદાનના નામે જેને એકાંત નિશ્ચયાભાસ છે એની વાત છે, ઉપાદાનનું નામ લઈને, જે અંતર-એકાગ્રતા તો કરતો નથી અને ધર્મીને હોય છે એવાં બાહ્ય સાધનોને ઉથાપે છે એવા સ્વચ્છંદી જીવને, કહે છે, પરમાર્થની પ્રાપ્તિ થતી નથી. હવે આમાં નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે એમ ક્યાં વાત છે? અહીં તો ધર્મીને હોય છે એવા બાહ્ય સાધનનો જે સર્વથા ઈન્કાર કરે છે એની વાત છે કે-એવો સ્વચ્છંદી જીવ મોક્ષમાર્ગને પામતો નથી.

ભાઈ! નિમિત્ત એક ચીજ છે ખરી; તેનો ઈન્કાર કરે તેય અજ્ઞાન છે અને નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે એમ માને તેય ભ્રાન્તિ છે, અજ્ઞાન છે. સમજાણું કાંઈ....?

તો નિયમસારમાં તો એમ આવે છે કે-કાળદ્રવ્ય વિના દ્રવ્યોમાં પરિણમન ન થાય-આ કેવી રીતે છે?

**સમાધાનઃ-** બાપુ! એ તો ત્યાં કાળદ્રવ્ય (નિમિત્ત) સિદ્ધ કરવું છે, દ્રવ્યોનું પરિણમન સિદ્ધ કરવું નથી. દ્રવ્યોમાં પ્રતિસમય પર્યાયરૂપ પરિણમન થાય એ તો એનો સહજ સ્વભાવ છે, કાંઈ કાળદ્રવ્યના કારણે પરિણમન થાય છે એમ નથી. હા, પણ કાળદ્રવ્ય તેમના પરિણમનમાં નિમિત્ત છે, તો નિમિત્તને હેતુ બનાવી ત્યાં કાળદ્રવ્ય સિદ્ધ કર્યું છે. બસ આટલી વાત છે. બાકી પરજ્ઞેય સાથે જે પોતાનો પારમાર્થિક સંબંધ માને છે તે ભ્રાન્ત મોહી જીવ છે અને તે જગતમાં વૃથા કલેશને જ પામે છે. આવી વાત છે.

* * *

ફરી આગળની ગાથાઓની સૂચનારૂપે બીજું કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૧૩ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'इह च' આ લોકમાં 'येन एकम् वस्तु अन्यवस्तुन: न' એક વસ્તુ અન્યવસ્તુની નથી, 'तेन खलु वस्तु तत् वस्तु' તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે- 'अयम् निश्चय:' એ નિશ્ચય છે.......

'આ લોકમાં એક વસ્તુ અન્યવસ્તુની નથી. શું કીધું આ? કે જગતમાં અનંતા વસ્તુ નામ દ્રવ્યો છે, અનંત આત્મા અને અનંતાનંત પુદ્ગલ પરમાણુઓ ઇત્યાદિ છે. અહીં કહે છે-

-એક આત્મા બીજા આત્માનો નથી,

-એક આત્મા (અન્ય) જડ પરમાણુનો નથી,

-એક પરમાણુ અન્ય પરમાણુનો નથી અને

-એક પરમાણુ (અન્ય) આત્માનો નથી.

એટલે શું?

કે-એક આત્મા બીજા આત્માનું કાંઈ કરતો નથી,

-આત્મા જડ પરમાણુનું કાંઈ કરતો નથી,

-જડ પરમાણુ અન્ય પરમાણુનું કાંઈ કરતો નથી અને

-જડ પરમાણુ આત્માનું કાંઈ કરતો નથી. આવી વાત!

પ્રવચનસાર, ગાથા ૧૦૨ માં આવે છે કે-પ્રત્યેક દ્રવ્યની પ્રતિસમય જે પર્યાય નવી નવી ઉત્પન્ન થાય છે તે તેની જન્મક્ષણ છે. એટલે શું? કે દ્રવ્યમાં જે કાળે જે પર્યાય ઉત્પન્ન થવાયોગ્ય હોય તે કાળે તે જ પર્યાય દ્રવ્યમાં પ્રગટ થાય છે; તેમાં અન્ય કોઈ કાંઈ ફેરફાર કરી શકે નહિ; અર્થાત્ અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ.

આત્માને ધર્મની દશા પામવાનો કાળ છે ત્યારે તે ધર્મ પામે છે, તે તેની જન્મક્ષણ છે. કાર્યનો પોતાનો સ્વકાળ છે અને ત્યારે તે સહજ જ પ્રગટ થાય છે, કોઈ પરને-નિમિત્તને લઈને થાય છે એમ નથી. આમ વાત તો સીધી-સાદી છે બાપુ! એનો ભાવ તો જે છે તે છે. એના ભાવને જાણ્યા વિના લોકો તો આંધળે-બહેરું કૂટે રાખે છે; એમ કે કર્મ-નિમિત્ત ન હોય તો ન થાય. પણ અહીં તો આ ચોકખું કહે છે કે વસ્તુ છે તે વસ્તુ જ છે; અર્થાત્ આત્મા વસ્તુ છે તેની પર્યાય થાય તે પોતાથી જ થાય, તે પર્યાયને બીજો કોઈ કરે એમ માનવું તે મોટો ભ્રમ છે. ભગવાન આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી વિરાજમાન છે, તેમાં નવી નવી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવસ્થા થવી તે વસ્તુનું સહજ જ છે, નિમિત્ત આવે તો કાર્ય થાય એમ છે જ નહિ.

જુઓ, અહીં શું કહે છે? કે આમ હોવાથી 'कः अपरः' કોઈ અન્ય વસ્તુ 'अपरस्य बहिः लुठन् अपि हि' અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં 'किं करोति' તેને શું કરી શકે?

અહાહા...! વસ્તુ વસ્તુ જ છે, એક વસ્તુ બીજી વસ્તુ નથી; આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં તેને શું કરી શકે? કાંઈ ના કરી શકે; માત્ર બહાર લોટે, બસ. શાસ્ત્રના શબ્દ સાંભળીને કોઈને જ્ઞાન થયું કે હું શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વરૂપ છું તો ત્યાં જે જ્ઞાનની દશા થઈ તે પોતાની પોતાથી થઈ છે, તે તેનો ઉત્પત્તિકાળ છે; શાસ્ત્રના શબ્દોના કારણે તે થઈ છે એમ નથી; શાસ્ત્રના શબ્દો તો બહાર લોટે બસ, અર્થાત્ બાહ્ય નિમિત્તમાત્ર છે બસ. આવી વાત! સમજાણું કાંઈ...? ભાઈ! પરનું જ્ઞાન થવા કાળે પણ પરજ્ઞેયના કારણે જ્ઞાન થાય છે એમ નથી, જ્ઞાન તો જ્ઞાનના કારણે પોતાથી થાય છે, બલ્કે તે એની જન્મક્ષણ છે.

આમ શબ્દોના કારણે જ્ઞાન નહિ ને જ્ઞાનના-આત્માના કારણે શબ્દો નહિ. શું કીધું? આ ભાષા બોલાય છે ને? તે કાંઈ આત્માના વિકલ્પના કારણે બોલાય છે એમ નથી. આ હળવે બોલાય, તાણીને બોલાય એ ભાષાવર્ગણાની અવસ્થા છે, તે પર્યાય પુદ્‌ગલ-રજકણોનું કાર્ય છે, એ કાંઈ આત્માનું કાર્ય નથી. બાપુ! બોલે તે બીજો (-પુદ્‌ગલ), બોલે તે આત્મા નહિ. સમજાય છે કાંઈ...?

## * કળશ ૨૧૩ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'વસ્તુનો સ્વભાવ એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી ન શકે. જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે.'

જુઓ, આ વસ્તુનો સ્વભાવ કહ્યો. શું? કે-

-એક આત્મા બીજા આત્માને પલટાવી ન શકે,
-એક પરમાણુ બીજા આત્માને પલટાવી ન શકે,
-એક પરમાણુ બીજા પરમાણુને પલટાવી ન શકે અને
-એક આત્મા બીજા પરમાણુને પલટાવી ન શકે.

ભાઈ! કુંભાર છે તે માટીને પલટાવીને ઘડો ન કરી શકે; અર્થાત્ ઘડો એ કુંભારનું કાર્ય નથી. માટી જ સ્વયં પલટીને ઘડો થઈ હોવાથી માટી કર્તા ને ઘડો તેનું કાર્ય છે. બાપુ! આત્મામાં અનંત શક્તિ છે, પણ પરનું કાર્ય કરે એવી એનામાં કોઈ શક્તિ નથી. આત્મામાં સર્વને જાણવાની શક્તિ છે; વ્યવહારરત્નત્રયના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રાગને જાણવાની આત્મામાં શક્તિ છે, પણ રાગને કરવાની આત્મામાં શક્તિ નથી. ભાઈ! દ્રવ્ય-ગુણ રાગના કર્તા નહિ જડકર્મ પણ રાગનું કર્તા નહિ; વિકાર-રાગ પોતાથી સ્વતંત્ર થાય છે. જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે.

જ્ઞાની ધર્માત્માને દયા, દાન આદિનો જે રાગ આવે તેને તે જાણે જ છે; તે જાણે છે એમ કહીએ એય વ્યવહાર છે કેમકે રાગ છે તે પરજ્ઞેય છે. ત્યાં આને જે રાગ સંબંધી જ્ઞાન થાય તે કાંઈ રાગને કારણે થાય છે એમ નથી. તે કાળે રાગને જાણવારૂપ પર્યાય તો સ્વયં પોતાથી પોતા વડે થાય છે, રાગ તો તેને અડતોય નથી, બહાર જ લોટે છે. ભાઈ! લોકાલોક છે માટે તેનું જ્ઞાન થાય છે એમ નથી. લોકાલોકને જાણનારી તે જ્ઞાનની પર્યાય પોતે પોતાથી થાય છે. લોકાલોકને કારણે નહિ. જો લોકાલોકને કારણે જ્ઞાન થાય તો બધાને થવું જોઈએ, પણ એમ છે નહિ; લોકાલોક તો બાપુ! બાહ્ય નિમિત્તમાત્ર છે, જ્ઞાન લોકાલોકને જાણે છે એમ કહીએ એ તો વ્યવહાર છે, વાસ્તવમાં જ્ઞાન જ્ઞાનની પર્યાયને જાણે છે ત્યાં લોકાલોક જણાઈ જાય છે. હવે આમ છે ત્યાં આત્મા પરને કરે ને રાગને કરે એ તો વાત જ ક્યાં રહે છે? અહીં તો કહે છે-

એક ચીજ જો બીજી ચીજને પલટાવે તો વસ્તુનું વસ્તુપણું જ ન રહે. માટે આ સિદ્ધાંત છે કે એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી. અગ્નિથી પાણી ઉનું થતું નથી, છરીથી શાક કપાતું નથી, બાઈ રોટલી કરતી નથી ઇત્યાદિ. હવે કહે છે-

'આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી ત્યાં એક વસ્તુએ અન્યને શું કર્યું? કાંઈ ન કર્યું.

લ્યો, કહે છે- નિમિત્તે શું કર્યું? કાંઈ ન કર્યું; કેમકે નિમિત્ત ઉપાદાનને પલટાવી શકતું નથી. અહાહા...! આ આંખ છે તે આંખને લઈને શું આત્મા જાણે છે? આત્માની જાણવાની પર્યાય શું આંખને કારણે છે? ના, એમ નથી ભાઈ! આંખ તો બાહ્ય નિમિત્તમાત્ર પરવસ્તુ છે. આંખથી દેખાય છે ને કાનથી સંભળાય છે ઇત્યાદિ માનવું એ તો મિથ્યા છે, કેમકે જડ આંખ, કાન આદિ જ્ઞાન-દર્શનરૂપ ચેતનની દશાને કેમ કરે? જડ વસ્તુ ચેતનને કેમ પલટાવે? એ જ કહે છે-

'ચેતન-વસ્તુ સાથે એકક્ષેત્રાવગાહરૂપે પુદ્ગલો રહેલાં છે તોપણ ચેતનને જડ કરીને પોતારૂપે તો પરિણમાવી શક્યાં નહિ; તો પછી પુદ્ગલે ચેતનને શું કર્યું? કાંઈ ન કર્યું.'

અહાહા...! શું કહે છે? કે કર્મ, નોકર્મ આદિ પુદ્ગલો ચેતન-વસ્તુ ભગવાન આત્મા સાથે એકક્ષેત્રાવગાહે રહેલાં છે; કયારથી? તો કહે છે- (પ્રવાહરૂપે) અનાદિ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કાળથી રહેલાં છે, તોપણ તેઓ ચેતનને પોતારૂપ-જડરૂપ તો કરી શક્યાં નહિ. અનંતકાળમાં ચેતન તો ચેતન જ રહ્યો; તો પછી એ પુદ્ગલે ચેતનને શું કર્યું? કાંઈ જ ન કર્યું. માટે કહે છે-

'આ ઉપરથી એમ સમજવું કે-વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતા નથી અને જ્ઞાયક પરદ્રવ્યોને કાંઈ કરતો નથી.'

શું કીધું આ? કે આ આત્મા પોતે સ્વરૂપથી જ્ઞાયક છે, અને શરીર, મન, વાણી, ઇન્દ્રિય, કર્મ ઇત્યાદિ જડ પદાર્થો અને અન્ય આત્માઓ જ્ઞેય છે. તે સર્વ પરદ્રવ્યોને અને આત્માને વ્યવહારે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે, છતાં તે પરદ્રવ્યોને કારણે આત્મા જ્ઞાયક છે એમ નથી; પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતાં નથી, જ્ઞાયકને પરજ્ઞેયોનું જ્ઞાન થાય છે તે કાંઈ તે તે પરજ્ઞેયોને લઈને થતું નથી, પરજ્ઞેયો કાંઈ આત્માની જ્ઞાનની પર્યાયનાં કર્તા નથી. જ્ઞાન જ્ઞેયોને જાણે તે જ્ઞાનનું પોતાનું સહજ સામર્થ્ય છે.

અહાહા...! જડકર્મને લઈને આત્માને રાગ ઉપજે છે એમ તો નહિ, અહીં કહે છે, જડકર્મને લઈને આત્માને જ્ઞાન ઉપજે છે એમ પણ નથી. જ્ઞાન જ્ઞેયના કારણે થાય છે એમ છે જ નહિ.

તો જ્ઞાન થાય છે તેનો કર્તા કોણ?

બાપુ! જ્ઞાન થાય છે તે જ્ઞાયક આત્માના પરિણામ છે અને તેનો કર્તા આત્મા પોતે જ છે; પરજ્ઞેય નહિ. વળી પરદ્રવ્યોમાં કાર્ય થાય તેનો કર્તા તે તે પરદ્રવ્યો છે, આત્મા તેનો કર્તા નથી. અહાહા...! જ્ઞાયક પરદ્રવ્યોને કાંઈ કરતો નથી.

આ લાકડામાંથી ગાડું થયું છે તેનો કર્તા કોણ? લોકો ભલે કહે, પણ સુથાર (-સુથારનો જીવ) તેનો કર્તા નથી, લાકડાના પરમાણુઓ જ તેના કર્તા છે, કેમકે લાકડાના પરમાણુઓ જ પરિણમીને ગાડું થયું છે. સુથાર તો તેને જે રાગ થયો તેનો કર્તા છે, ગાડાનો નહિ. વળી આ ગાડું છે એવું જે જ્ઞાન થયું તેનો કર્તા ગાડું નથી, તે જ્ઞાનપરિણામ ગાડાને લઈને નથી પણ તેનો કર્તા સ્વયં જીવ જ છે. આ પ્રમાણે જીવના પરિણામનો કર્તા જીવ જ છે, પર નહિ; અને પરના પરિણામનો કર્તા પર જ છે, જીવ નહિ.

સર્વજ્ઞ ભગવાન કેવળીને જે કેવળજ્ઞાન પ્રગટ થાય છે તેના કર્તા ભગવાન કેવળી જ છે. અહાહા...! ભગવાન કેવળી સર્વ જીવ, સર્વ લોક અને સર્વ ભાવને એક સમયમાં જાણે છે. તે જાણનારું જ્ઞાન કાંઈ જ્ઞેયોને લઈને થયું છે એમ નથી; અહાહા....!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(જ્ઞાન) જ્ઞેયો જેમ છે તેમ યથાસ્થિત જાણે, છતાં જ્ઞાન જ્ઞેયોને લઈને થયું નથી, પણ જ્ઞાન સ્વયં પોતાથી જ થયું છે. સમજાય છે કાંઈ....?

જુઓ, પ્રદ્યુમ્નકુમારનો જન્મ થતાં એક વિદ્યાધર તેમને ઉપાડી ગયો. નારદજીએ ભગવાનને પ્રશ્ન પૂછયો કે પ્રદ્યુમ્નકુમાર ક્યારે આવશે? ત્યારે ભગવાનની ૐધ્વનિમાં આવ્યું કે-સોળ વર્ષે ઘરે આવશે. લ્યો, નારદજીને આ જાણવું-જ્ઞાન થયું તે કાંઈ વાણીને લઈને થયું નથી, તથા પરજ્ઞેયને કારણે થયું છે એમ પણ નથી; કેમકે પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ (-જ્ઞાન) કરતાં નથી. નગરમાં હાથી નીકળે ત્યારે હાથીનું જ્ઞાન થાય તે હાથીથી થયું નથી. જ્ઞાનમાં સન્મુખ રહેલો ઘડો જણાય ત્યાં ઘડા સંબંધી જ્ઞાન ઘડાના કારણે થયું નથી. અહા! ભગવાન જિનેન્દ્રદેવ ફરમાવે છે કે જ્ઞાનપર્યાયો કર્તા જીવ છે, જ્ઞેયોથી જ્ઞાન થતું નથી. આમ પદાર્થોમાં (સ્વ-પર પદાર્થોમાં) ભિન્નતા છે, છતાં ત્યાં એકપણું માનવું તે ભારે ભ્રમણા છે અને તે જ સંસાર-પરિભ્રમણનું કારણ છે.

આ પ્રમાણે પરજ્ઞેયો જ્ઞાયકનું કાંઈ કરતા નથી તથા જ્ઞાયક પરજ્ઞેયોનું કાંઈ કરતો નથી-એમ યથાર્થ જાણવું. આવું યથાર્થ જાણનારનો મોહ સહેજે ક્ષય પામી જાય છે અને તેને સમકિતની પ્રાપ્તિ થાય છે. આવી વાત છે.

* * *

હવે, એ જ અર્થને દ્રઢ કરતું ત્રીજું કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૧૪ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'वस्तु' એક વસ્તુ 'स्वयम् परिणामिनः अन्य–वस्तुनः' સ્વયં પરિણમતી અન્ય વસ્તુને 'किञ्चन अपि कुरुते' કાંઈ પણ કરી શકે છે- 'यत् तु' એમ જે માનવામાં આવે છે, 'तत् व्यावहारिक–दशा एव मतम्' તે વ્યવહાર-દ્રષ્ટિથી જ માનવામાં આવે છે.

અહાહા.....! પ્રત્યેક વસ્તુ સ્વયં-પોતે પોતાથી જ નિરંતર પરિણમી રહી છે. છતાં એક વસ્તુ સ્વયં પરિણમતી બીજી વસ્તુને કાંઈ પણ કરે છે એમ જે કહેવામાં આવે છે તે વ્યવહારથી-ઉપચારથી જ કહેવામાં આવે છે. આત્મા શરીર-મન-વાણીનું, દુકાન-ધંધાનું ઇત્યાદિ પરદ્રવ્યનું કાંઈ પણ કરી શકતો નથી. તથાપિ પરનું કાંઈ પણ કામ આત્મા કરે છે એમ કહીએ તે, કહે છે, અસત્યાર્થ દ્રષ્ટિથી ઉપચારમાત્ર સમજવું.

'निश्चयात्' નિશ્ચયથી 'इह अन्यत् किम् अपि न अस्ति' આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈપણ નથી.

લ્યો, નિશ્ચયથી અર્થાત્ સત્યાર્થપણે એક વસ્તુને અન્ય વસ્તુ સાથે કાંઈપણ સંબંધ નથી. ભાઈ! આ શરીર-મન-વાણી-ઈન્દ્રિય, પૈસા, ધન, મકાન, આબરૂ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઇત્યાદિ પરદ્રવ્ય સાથે આત્માને કાંઈ સંબંધ નથી. આમ છે ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય? ન હોય.

## * કળશ ૨૧૪ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે-અન્ય દ્રવ્યે આ કર્યું -તે વ્યવહારની દ્રષ્ટિથી જ છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. વસ્તુના પર્યાયસ્વભાવને લીધે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી.'

આત્મા ત્રિકાળી વસ્તુ છે; તેનો જ્ઞાન ત્રિકાળી ગુણ છે, તેની-જ્ઞાનની પર્યાય પ્રતિસમય પોતાથી થાય છે. ભગવાનની વાણીથી જ્ઞાન થયું એમ કહીએ તે વ્યવહારનયની દ્રષ્ટિથી જ છે. નિશ્ચયથી તો ભગવાનની વાણીએ આત્માનું કાંઈ કર્યું નથી. 'ભગવાનની વાણી' -એમ કહીએ એય વ્યવહારનય છે, વાસ્તવમાં વાણી ભગવાને કરી નથી; વાણીની કર્તા વાણી છે, ભગવાન તો નિમિત્તમાત્ર છે. તેવી રીતે જ્ઞાન થવામાં વાણી-શબ્દો નિમિત્ત છે, ત્યાં નિમિત્તે કાંઈ કર્યું નથી; કેમકે પરિણમન -એ દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્ય પોતે જ પરિણમતું થકું વર્તમાન-વર્તમાન અવસ્થારૂપ થાય છે, તેમાં નિમિત્તાદિ પરવસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી. જ્ઞાનનું પરિણમન થાય તેમાં વાણી આદિ નિમિત્ત કાંઈ કરી શકતું નથી, આવી જૈનશાસનની વાત ખૂબ ગંભીર ને સૂક્ષ્મ છે ભાઈ!

આ પાણી ઉનું થાય છે તે પોતાથી થાય છે. અગ્નિ તેમાં નિમિત્ત હો, પણ શીત અવસ્થા બદલીને વર્તમાનમાં ઉષ્ણ થઈ તે પાણીનું પોતાનું પરિણમન છે, અગ્નિએ તેમાં પોતાનું કાંઈ ભેળવ્યું નથી. અગ્નિથી પાણી ઉનું થયું એમ કહીએ તે વ્યવહારદ્રષ્ટિથી છે, નિશ્ચયથી અગ્નિએ પાણીનું કાંઈ કર્યું નથી. આવી વાત!

આત્મામાં જ્ઞાનનું પરિણમન થાય ત્યાં પરજ્ઞેય નિમિત્ત હો, પણ નિમિત્ત તેમાં કાંઈ કરતું નથી, ઉપાદાનનું કાર્ય થાય તેમાં પરવસ્તુ-નિમિત્તનું કાંઈ કર્તવ્ય નથી. ઉપાદાન - નિમિત્તના દોહરામાં બનારસીદાસજીએ કહ્યું છે કે-

'ઉપાદાન બલ જહઁ તહઁ, નહિ નિમિત્તકો દાવ.'

જ્યાં જુઓ ત્યાં સર્વત્ર દ્રવ્યમાં પોતાની પર્યાય ઉપાદાનના બળથી થાય છે, તેમાં નિમિત્તનો કાંઈ દાવ નથી, અર્થાત્ નિમિત્ત કાંઈ કરતું નથી.

બાપુ! જ્યાં સુધી આવી પર્યાયની સ્વતંત્રતા બેસે નહિ ત્યાં સુધી દ્રવ્ય-ગુણની સ્વતંત્રતા કેમ બેસે? અને દ્રવ્ય-ગુણની સ્વતંત્રતા જ્ઞાનમાં ભાસ્યા વિના દ્રષ્ટિ દ્રવ્ય

ઉપર કેમ જાય? ન જાય. અને તો દ્રવ્યની દ્રષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન પણ ન જ થાય. અહાહા.....! પર્યાયના કર્તા-કર્મ-કરણ આદિ છએ કારક સ્વતંત્ર છે. દ્રવ્યમાં પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે. પ્રત્યેક દ્રવ્ય જ્યાં પોતાના ક્રમબદ્ધ પરિણામથી સ્વયં ઉપજે છે ત્યાં બીજું દ્રવ્ય તેને શું કરે? બીજી વસ્તુ તે કાળે નિમિત્ત હો, પણ તે પોતાનું તેમાં કાંઈ ભેળવી શકતી નથી. અહાહા....! દ્રવ્યમાં, પોતાના પરિણમનસ્વભાવને લઈને એક અવસ્થાથી અવસ્થાંતરરૂપ પરિણમન થાય, પણ તેમાં નિમિત્ત બીજી વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી. આ તો વસ્તુનું મૂળ સ્વરૂપ છે બાપુ! હવે કહે છે-

'આ ઉપરથી એમ સમજવું કે- પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે અને જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે; તેઓ એકબીજાને કાંઈ કરી શકતા નથી. માટે, જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે-એમ વ્યવહારથી જ માનવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે.'

લ્યો, સૌ-પોતપોતાના ભાવે પરિણમતા પદાર્થો ને એકબીજાને કાંઈ કરી શકતા નથી. જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે એમ કહેવામાં આવે તે માત્ર ઉપચારથી છે. નિશ્ચયથી તો જ્ઞાયક પણ પોતે, જ્ઞાન પણ પોતે ને જ્ઞેય પણ પોતે જ છે. સૂક્ષ્મ વાત છે ભાઈ! પરને જાણવા કાળે પણ તે પોતાની જ્ઞાનની પર્યાયને જ જાણે છે. અહાહા.....! જ્ઞાનની પર્યાયના સામર્થ્ય વડે જ સ્વ ને પર જણાય છે, પરજ્ઞેયોના કારણે જ્ઞાન થાય છે એમ કદીય નથી. લ્યો, કહે છે-નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે; અર્થાત્ જ્ઞાયક પોતાને જ -પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જ જાણતો થકો જ્ઞાયક છે. આવી વાત!

(પ્રવચન નં. ૪૦૨ થી ૪૦૭ * દિનાંક ૩૦-૭-૭૭ થી ૪-૮-૭૭)

## ગાથા ૩૫૬ થી ૩૬૫

जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह जाणगो दु ण परस्स जाणगो जाणगो सो दु।। ३५६।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह पासगो दु ण परस्स पासगो पासगो सो दु।। ३५७।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह संजदो दु ण परस्स संजदो संजदो सो दु।। ३५८।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह दंसणं दु ण परस्स दंसणं दंसणं तं तु।। ३५९।।

(‘ખડી તો ખડી જ છે’ –એ નિશ્ચય છે; ‘ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે’ એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. તેવી રીતે ‘જ્ઞાયક તો જ્ઞાયક જ છે’ –એ નિશ્ચય છે; ‘જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે’ એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.) આવા નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દ્રષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છેઃ–

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.

एवं तु णिच्छयणयस्स भासिदं णाणदंसणचरित्ते।
सुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण।। ३६०।।

जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं जाणदि णादा वि सएण भावेण।। ३६१।।

जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं पस्सदि जीवो वि सएण भावेण।। ३६२।।

जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं विजहदि णादा वि सएण भावेण।। ३६३।।

जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं सद्दहदि सम्मदिट्ठी सहावेण।। ३६४।।

एवं ववहारस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते।
भणिदो अण्णेसु वि पज्जएसु एमेव णादव्वो।। ३६५।।

એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.

એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,
ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा ज्ञायकवस्तु न परस्य ज्ञायको ज्ञायकः स तु।। ३५६।।

यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा दर्शकस्तु न परस्य दर्शको दर्शकः स तु।। ३५७।।

यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा संयतस्तु न परस्य संयतः संयतः स तु।। ३५८।।

यथा सेटिका तु न परस्स सेटिका सेटिका च सा भवति।
तथा दर्शनं तु न परस्य दर्शनं दर्शनं तत्तु।। ३५९।।

एवं तु निश्चयनयस्य भाषितं ज्ञायदर्शनचरित्रे।
शृणु व्यवहारनयस्य च वक्तव्यं तस्य समासेन।। ३६०।।

**ગાથાર્થઃ-** (જોકે વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક, દૃશ્ય-દર્શક, ત્યાજ્ય-ત્યાજક ઇત્યાદિ સંબંધ છે, તોપણ નિશ્ચયે તો આ પ્રમાણે છેઃ-) [यथा] જેમ [सेटिका तु] ખડી [परस्य न] પરની (-ભીંત આદિની) નથી, [सेटिका] ખડી [सा च सेटिका भवति] તે તો ખડી જ છે, [तथा] તેમ [ज्ञायकः तु] જ્ઞાયક (જાણનારો, આત્મા) [परस्य न] પરનો (પરદ્રવ્યનો) નથી, [ज्ञायकः] જ્ઞાયક [सः तु ज्ञायकः] તે તો જ્ઞાયક જ છે. [यथा] જેમ [सेटिका तु] ખડી [परस्य न] પરની નથી, [सेटिका] ખડી [सा च सेटिका भवति] તે તો ખડી જ છે, [तथा] તેમ [दर्शकः तु] દર્શક (દેખનારો આત્મા) [परस्य न] પરનો નથી, [दर्शकः] દર્શક [सः तु दर्शकः] તે તો દર્શક જ છે. [यथा] જેમ [सेटिका तु] ખડી [परस्य न] પરની (-ભીંત આદિની) નથી, [सेटिका] ખડી [सा च सेटिका भवति] તે તો ખડી જ છે, [तथा] તેમ [संयतः तु] સંયત (ત્યાગ કરનારો, આત્મા) [परस्य न] પરનો (-પરદ્રવ્યનો) નથી, [संयतः] સંયત [सः तु संयतः] તે તો સંયત જ છે. [यथा] જેમ [सेटिका तु] ખડી [परस्य न] પરની નથી, [सेटिका] ખડી [सा च सेटिका भवति] તે તો ખડી જ છે, [तथा] તેમ [दर्शनं तु] દર્શન અર્થાત્ શ્રદ્ધાન [परस्य न] પરનું નથી, [दर्शनं तत् तु दर्शनम्] દર્શન તે તો દર્શન જ છે અર્થાત્ શ્રદ્ધાન તે તો શ્રદ્ધાન જ છે.

[एवं तु] એ પ્રમાણે [ज्ञानदर्शनचरित्रे] જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે [निश्चयनयस्य भाषितम्] નિશ્ચયનયનું કથન છે. [तस्य च] વળી તે વિષે [समासेन] સંક્ષેપથી [व्यवहारनयस्य वक्तव्यं] વ્યવહારનયનું કથન [शृणु] સાંભળ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं जानाति ज्ञातापि स्वकेन भावेन।। ३६१।।

यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं पश्यति जीवोऽपि स्वकेन भावेन।। ३६२।।

यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं विजहाति ज्ञातापि स्वकेन भावेन।। ३६३।।

यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं श्रद्धत्ते सम्यग्दृष्टिः स्वभावेन।। ३६४।।

एवं व्यवहारस्य तु विनिश्चयो ज्ञानदर्शनचरित्रे।
भणितोऽन्येष्वपि पर्यायेषु एवमेव ज्ञातव्यः।। ३६५।।

[ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] (ભીંત આદિ) પરદ્રવ્યને [ सेटियति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ ज्ञाता अपि ] જ્ઞાતા પણ [ स्वकेन् भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ जानाति ] જાણે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ सेटयति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ जीवः अपि ] જીવ પણ [ स्वकेन भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ पश्यति ] દેખે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ सेटयति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ ज्ञाता अपि ] જ્ઞાતા પણ [ स्वकेन भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ विजहाति ] ત્યાગે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ सेटयति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દષ્ટિ [ स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ श्रद्धत्ते ] શ્રદ્ધે છે. [ एवं तु ] આ પ્રમાણે [ ज्ञानदर्शनचरित्रे ] જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે [ व्यवहारनयस्य विनिश्चयः ] વ્યવહારનયનો નિર્ણય [ भणितः ] કહ્યો; [ अन्येषु पर्यायेषु अपि ] બીજા પર્યાયો વિષે પણ [ एवम् एव ज्ञातव्यः ] એ રીતે જ જાણવો.

**ટીકાઃ**- આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?' -એમ તે બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિચારવામાં આવે છેઃ- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (-જુદું દ્રવ્ય નથી);' -આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ, ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએઃ) જો ખડી ભીંત-આદિની નથી, તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. (એ પ્રમાણે દૃષ્ટાંત કહ્યું.) જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છેઃ- આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે, હવે, 'જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?' -એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ- જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;' -આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએઃ) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ 'આત્મા પરદ્રવ્યને જાણે છે' -એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વ્યવહારકથન છે; 'આત્મા પોતાને જાણે છે' -એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'જ્ઞાયક જ્ઞાયક જ છે' -એ નિશ્ચય છે.)

વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે દર્શક વિષે કહેવામાં આવે છેઃ- આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?' -એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;' -આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિની જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના પરદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએઃ) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છેઃ- આ જગતમાં ચેતયિતા છે તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દૃશ્ય છે. હવે, 'દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દૃશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?' -એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ- જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;' -આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ). એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએઃ) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે, અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી દર્શક કોઈનો નથી, દર્શક દર્શક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કે: 'આત્મા પરદ્રવ્યને દેખે છે અથવા શ્રદ્ધે છે' -એ વ્યવહારકથન છે; 'આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધે છે' -એમ કહેવામાં પર સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'દર્શક દર્શક જ છે, -એ નિશ્ચય છે.)

વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દ્રષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે અપોહક (ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે:- આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?' -એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે:- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ: 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;' -આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ:) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કોઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દ્રષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે:- આ જગતમાં જે ચેતયિતા છે તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે એવું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે. હવે, 'અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?' -એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે:- જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ: 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;' -આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએઃ) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી અપોહક (અર્થાત્ ત્યાગ કરનાર) કોઈનો નથી, અપોહક અપોહક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ 'આત્મા પરદ્રવ્યને અપોહે છે અર્થાત્ ત્યાગે છે' -એ વ્યવહારકથન છે; 'આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે' -એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'અપોહક અપોહક જ છે' -એ નિશ્ચય છે.)

હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છેઃ-

જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી જાણે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

વળી (જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે દર્શનગુણનો વ્યવહાર કહેવામાં આવે છેઃ- જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત-આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છેઃ- જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત-આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે એવો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનદર્શનગુણથી ભરેલા પર-અપોહનાત્મક (-પરના ત્યાગસ્વરૂપ) સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

એ રીતે આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે. એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર સમજવો.

**ભાવાર્થઃ-** શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે. તેના પરિણામ જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું ઇત્યાદિ છે. ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો, દર્શક નથી કહી શકાતો, શ્રદ્ધાન કરનારો નથી કહી શકાતો, ત્યાગ કરનારો નથી કહી શકાતો; કારણ કે પરદ્રવ્યને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( शार्दूलविक्रीडित )

**शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो**
**नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यातरं जातुचित् ।**
**ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः**
**किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।। २१५।।**

અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી. જે જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ત્યાગ ઇત્યાદિ ભાવો છે, તે પોતે જ છે; ભાવ-ભાવકનો ભેદ કહેવો તે પણ વ્યવહાર છે. નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.

હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધા કરનાર, ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિકભાવ છે. જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે-આત્મા પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે, પરદ્રવ્યને ત્યાગે છે.

એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના પ્રકારને જાણી યથાવત્ ( જેમ કહ્યું છે તેમ ) શ્રદ્ધાન કરવું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ शुद्ध-द्रव्य-निरूपण-अर्पित-मतेः तत्त्वं समुत्पश्यतः ] જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે, તે પુરુષને [ एकद्रव्य-गतं किम्-अपि द्रव्य-अन्तरं जातुचित् न चकास्ति ] એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ ( કદાપિ ) ભાસતું નથી. [ यत् तु ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्ध-स्वभाव-उदयः ] જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. [ जनाः ] આમ છે તો પછી લોકો [ द्रव्य-अन्तर-चुम्बन-आकुल-धियः ] જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા [ तत्त्वात् ] તત્ત્વથી ( શુદ્ધ સ્વરૂપથી ) [ किं च्यवन्ते ] શા માટે ચ્યુત થાય છે?

**ભાવાર્થઃ-** શુદ્ધનયની દ્રષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને આ લોકો 'જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે' એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે, તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે? ૨૧૫.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मंदाक्रान्ता )

**शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-**
**मन्यद्द्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभाव: ।**
**ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-**
**र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव ।। २१६ ।।**

( मंदाक्रान्ता )

**रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावत्**
**ज्ञानं ज्ञानं भवति न पुनर्बोध्यतां याति बोध्यम् ।**
**ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यक्कृताज्ञानभावं**
**भावाभावौ भवति तिरयन् येन पूर्णस्वभाव: ।। २१७ ।।**

ફરી આ જ અર્થને દ્રઢ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ शुद्ध–द्रव्य–स्वरस–भवनात् ] શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી, [ शेषम् अन्यत्–द्रव्यं किं स्वभावस्य भवति ] બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે? (ન જ થઈ શકે.) [ यदि वा स्वभाव: किं तस्य स्यात् ] અથવા શું તે (જ્ઞાનાદિ સ્વભાવ) કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.) [ ज्योत्स्नारूपं भुवं स्नपयति ] ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે [ भूमि: तस्य न एव अस्ति ] તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી; [ ज्ञानं ज्ञेयं सदा कलयति ] તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે [ ज्ञेयम् अस्य अस्ति न एव ] તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

**ભાવાર્થઃ-** શુદ્ધનયની દ્રષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. ૨૧૬.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ तावत् राग–द्वेष–द्वयम् उदयते ] ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પામે છે (-ઉત્પન્ન થાય છે) [ यावत् एतत् ज्ञानं ज्ञानं न भवति ] કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય [ पुनः बोध्यम् बोध्यतां न याति ] અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે. [ तत् इदं ज्ञानं न्यक्कृत–अज्ञानभावं ज्ञानं भवतु ] માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ- [ येन भाव–अभावौ तिरयन् पूर्णस्वभावः भवति ] કે જેથી ભાવ-અભાવને (રાગ-દ્વેષને) અટકાવી દેતો પૂર્ણસ્વભાવ (પ્રગટ) થાય.

**ભાવાર્થઃ-** જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય, જ્ઞેય જ્ઞેયરૂપ ન થાય, ત્યાં સુધી રાગદ્વેષ ઊપજે છે; માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ, કે જેથી જ્ઞાનમાં જે ભાવ અને અભાવરૂપ બે અવસ્થાઓ થાય છે તે મટી જાય અને જ્ઞાન પૂર્ણસ્વભાવને પામી જાય. એ પ્રાર્થના છે. ૨૧૭.

* * *

## સમયસાર ગાથા ૩૫૬ થી ૩૬૫ : મથાળું

‘(ખડી તો ખડી જ છે’ -એ નિશ્ચય છે; ‘ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે’ એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. તેવી રીતે ‘જ્ઞાયક તો જ્ઞાયક જ છે’ -એ નિશ્ચય છે; જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે’ એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.) આવા નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દ્રષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છેઃ-

## * ગાથા ૩૫૬ થી ૩૬૫ : ટીકા ઉપરનું પ્રવચન *

‘આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વેત્ય છે.’

શું કહે છે? કે આ જગતમાં સેટિકા નામ ખડી છે તે શ્વેતગુણથી ભરેલું દ્રવ્ય છે, અને ભીંત આદિ પરદ્રવ્ય છે તે વ્યવહારથી ખડીનું શ્વેત્ય છે. ‘વ્યવહારથી’ કેમ કહ્યું? કારણ કે ખડી ખડીરૂપ છે, ભીંત ભીંતરૂપ છે, ખડી છે તે ભીંતમાં પ્રવેશ કરતી નથી. માટે ખડી ભીંતને ધોળી કરે છે વા ભીંત ખડીનું શ્વેત્ય છે એમ કહેવું તે વ્યવહાર છે. (નિશ્ચયથી તો ખડી ભીંતને અડીય નથી)

જુઓ, ખડી દ્રવ્ય છે, શ્વેત તેનો ગુણ-સ્વભાવ છે, અને ભીંત ખડીનું વ્યવહારે શ્વેત્ય છે, અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે. આમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેય સિદ્ધ થયાં. હવે કહે છે-

‘હવે શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત આદિ પરદ્રવ્ય તેની છે

કે નથી? -એમ તે બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ-

જો ખડી ભીંત આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ-

"જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (-જુદું દ્રવ્ય નથી);" -આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી, ખડી જો ભીંત આદિની હોય તો ખડી ભીંત આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિ સ્વરૂપ જ હોવી જોઈએ, ભીંત આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં; ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત આદિની નથી.'

જુઓ, ખડી અને ભીંત-બેનો તાત્ત્વિક સંબંધ વિચારતાં, કહે છે, જો ખડી ભીંતની હોય તો ખડી ભીંતસ્વરૂપ જ હોય, કેમકે જેનું જે હોય તે તે જ હોય એવો પારમાર્થિક સંબંધ છે; જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન આત્મા જ છે. આ પ્રમાણે જો ખડી ભીંતની હોય તો ખડી ભીંતરૂપ જ હોય, અન્યરૂપ ન હોય; અને તો ખડીના સ્વદ્રવ્યનો નાશ થઈ જાય, પરંતુ દ્રવ્યનો નાશ કદીય થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્યદ્રવ્યરૂપે સંક્રમણ થવાનો પહેલાં જ ગાથા ૧૦૩માં નિષેધ કર્યો છે. માટે એમ સિદ્ધ થયું કે ખડી ભીંત આદિની નથી. હવે કહે છે-

'જો ખડી ભીંત આદિની નથી તો ખડી કોની છે?

ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે.'

જુઓ, આ દૃષ્ટાંત કહ્યું. હવે કહે છે-

'જેમ આ દૃષ્ટાંત છે તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છેઃ-

'આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.'

શું કહ્યું? કે આ જગતમાં ચેતનારો-આત્મા છે તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવ-

વાળું દ્રવ્ય છે, અને શરીર, મન, વાણી ઇત્યાદિ-પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે આત્માનું જ્ઞેય છે. વ્યવહારે જ્ઞેય છે એટલે શું? કે ચેતનારો આત્મા તો ચૈતન્યરૂપ-જ્ઞાનરૂપ જ છે અને શરીરાદિ પરદ્રવ્ય શરીરાદિરૂપ જ છે. જ્ઞાન શરીરાદિરૂપ થતું નથી, જ્ઞાન તો શરીરાદિને અડતુંય નથી. જ્ઞાન જ્ઞાનસ્વરૂપ રહીને પરજ્ઞેયોને જાણે છે. લોકાલોકને જ્ઞાન જાણે છે ત્યાં જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે, કાંઈ લોકાલોકરૂપ થતું નથી, વળી લોકાલોક છે તે કાંઈ જ્ઞાનરૂપ થતું નથી. માટે કહ્યું કે પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે ચેતયિતાનું જ્ઞેય છે.

જગતના જ્ઞેય પદાર્થોને જ્ઞાનની પર્યાય જાણે છે. તે જ્ઞાનની પર્યાય જ્ઞેયથી થઈ કે પોતાથી થઈ છે? જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે, તે જ્ઞેયથી ઉત્પન્ન થઈ નથી, વળી તે જ્ઞેયરૂપ પણ થઈ નથી; જો જ્ઞેયરૂપ થાય તો જ્ઞાનનો નાશ થઈ જાય. એ જ કહે છે કે-

'હવે, જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી! એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ વિચારવામાં આવે છેઃ-

જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે વિચારીએઃ "જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;-આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી.'

જુઓ, શું કીધું? કે ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા પુદ્ગલાદિ રૂપ જ હોય, કેમકે જેનું જે હોય તે તે જ હોય-એવો પારમાર્થિક સંબંધ છે; જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન આત્મા જ છે તેમ ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો તે પુદ્ગલાદિરૂપ જ હોય, અન્યરૂપ ન હોય. આમ હોતાં, કહે છે, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થઈ જાય.

અહાહા...! જેમ સાકર મીઠાશનો પુંજ છે તેમ ભગવાન આત્મા-ચેતયિતા પ્રભુ એકલો જ્ઞાનનો પુંજ છે. અહા! આવો ચૈતન્યનિધિ પ્રભુ આત્મા પુદ્ગલાદિ પરજ્ઞેયોને જાણે છે તે જ્ઞેયરૂપ થઈને જાણે છે કે જ્ઞાનરૂપ રહીને જાણે છે? અહાહા...! આત્મા-ચેતયિતા જ્ઞાનરૂપ રહીને જ પુદ્ગલાદિ જ્ઞેયોને જાણે છે. આત્મા જ્ઞેયરૂપ થાય તો આત્માનો-સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો કદીય થતો નથી,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ કે દ્રવ્યનું દ્રવ્યાંતરરૂપે સંક્રમણ થવાનો તો પહેલાં જ ગાથા ૧૦૩ માં નિષેધ કર્યો છે. માટે એમ સિદ્ધ થયું કે ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી.

અહાહા....! આત્મા જ્ઞાન... જ્ઞાન.... જ્ઞાનસ્વભાવરૂપ પ્રકાશનો પુંજ પ્રભુ છે. તેની જ્ઞાનની પરિણતિ જેમ પુદ્‌ગલાદિને જાણે તેમ રાગને પણ જાણે છે. ત્યાં પ્રશ્ન થાય કે જ્ઞાનની પરિણતિ રાગને રાગરૂપ થઈને જાણે છે કે જ્ઞાનરૂપ રહીને જાણે છે? ઝીણી વાત છે પ્રભુ! જ્ઞાન જ્ઞાનરૂપ રહીને રાગને જાણે છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેને જ્ઞાનની વર્તમાન-વર્તમાન દશા થાય તે તેના સ્વકાળે પોતાથી થાય છે. તે જ્ઞાનની દશા રાગાદિને જાણે છે એમ કહીએ એ વ્યવહાર છે. રાગને આત્મા કરે છે એ વાત તો દૂર રહો, (રાગનો કર્તા થાય એ તો મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે), અહીં તો કહે છે-દયા, દાન આદિ રાગને આત્મા જાણે છે એમ કહેવું એ વ્યવહારે છે. ભાઈ! તારું ચૈતન્યતત્ત્વ રાગથી ભિન્ન છે. તે ભિન્નને જાણવાકાળે તે જ્ઞાનરૂપ-ચૈતન્યરૂપ જ રહે છે, ભિન્ન રાગરૂપ થતું નથી. જો જાણનારો આત્મા રાગને જાણવાકાળે રાગરૂપ થાય તો આત્માનો-સ્વદ્રવ્યનો નાશ થઈ જાય, આત્મા પરરૂપ-જડરૂપ થઈ જાય. પરંતુ દ્રવ્યનો કદીય નાશ થતો નથી કેમકે દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવું નિષિદ્ધ છે, માટે કહે છે-ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી; શરીર, મન, વાણી, કર્મ, રાગ આદિનો આત્મા-ચેતયિતા નથી. આવી વાત!

આ વાણી સાંભળે છે ને? વાણી બોલાય એ તો જડ છે, તથા વાણી સાંભળીને એનું જ્ઞાન થયું તે જ્ઞાનની દશા છે; એ જ્ઞાનની દશા જ્ઞાનરૂપ છે, તે કાંઈ વાણીરૂપ કે વાણી સાંભળવાના વિકલ્પરૂપ થતી નથી. જો જ્ઞાનની દશા વાણીરૂપ થાય કે વિકલ્પરૂપ થાય તો તે જડ થઈ જાય, જાણનાર સ્વદ્રવ્યનો-આત્મદ્રવ્યનો નાશ થઈ જાય. પણ એમ બનતું નથી, કેમકે એક દ્રવ્યનું દ્રવ્યાંતરરૂપ થવું અસંભવ છે. માટે, કહે છે, ચેતયિતા શરીરાદિ પરદ્રવ્યોનો નથી, વિકલ્પનો નથી, વાણીનો નથી. હવે કહે છે-

'(આગળ વિચારીએ:-) જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? કોનો છે?

ચેતયિતાનો જ ચેતયિતા છે.

(આ) ચેતયિતાથી જુદો એવો બીજો કયો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?

(આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કાંઈ સાધ્ય નથી, તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.'

અહાહા...! પૂછે છે કે-ચેતયિતા રાગનો, પુદ્‌ગલાદિનો નથી તો કોનો છે? તો કહે છે-ચેતયિતાનો જ ચેતયિતા છે, જાણનારનો જ જાણનાર છે. હા, પણ જાણનારનો જાણનાર કહ્યો ત્યાં તો એ બે થયા; તો એ બે કોણ છે? તો કહે છે-બે નથી, પરંતુ એ બે એક ચેતયિતાના-જાણનારના જ સ્વ-સ્વામીરૂપ અંશો છે.

અહો! દિગંબર સંતોએ પરમાર્થને જાહેર કર્યો છે. ભાઈ! તું રાગનો હું કર્તા એમ માન એ તો ક્યાંય રહી ગયું; અહીં તો રાગને હું જાણું એમ કહીએ એ વ્યવહાર છે અને જાણનારનો જ જાણનાર છે એમ કહીએ એય સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે-એમ કહે છે. અહાહા...! જાણનારનો હું જાણનાર છું એવો જે ભેદ પડે એય વ્યવહાર છે અને એવા સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહારથી કાંઈ સાધ્ય નથી. અહાહા....! જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે. આવા ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકની દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે જે ધર્મનું પહેલું પગથિયું છે. બાપુ! શુદ્ધ જ્ઞાયકની દ્રષ્ટિ વિના અર્થાત્ સમ્યગ્દર્શન વિના આ તારાં વ્રત, તપ, ભક્તિ ઇત્યાદિ બધી રાગની ક્રિયાઓ રણમાં પોક મૂકવા જેવી છે. સમજાણું કાંઈ...?

ભાઈ! તારું અસ્તિત્વ એક જ્ઞાનસ્વરૂપ છે. રાગનું કરવું એ તો એમાં છે નહિ પણ જ્ઞાનના અસ્તિત્વમાં રહીને તું રાગને જાણે એમ કહીએ એય વ્યવહાર છે, ઉપચાર છે. જૈન પરમેશ્વરનું કહેલું તત્ત્વ ખૂબ સૂક્ષ્મ ને ગંભીર છે ભાઈ! અહીં તો જાણનારને જાણું છું એવો જે ભેદ પડે એય, કહે છે, વ્યવહાર છે અને એવા સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહારથી એને કાંઈ લાભ નથી, અર્થાત્ એવા ભેદરૂપ વ્યવહારના લક્ષે એને સમ્યગ્દર્શન થતું નથી. અહીં તો જ્ઞાયક જ્ઞાયક જ છે-એ પરમાર્થ છે; અર્થાત્ શુદ્ધ એક જ્ઞાયકની અંતર્દ્રષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે અને આ જ કર્તવ્ય છે, ધર્મ છે. આ સિવાય બીજું બધું (રંગ-રાગ-ભેદનું) કરવું અને જાણવું તું માન એ બધું મિથ્યાદર્શન છે.

અહાહા....! સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ' -એવી એક સંબંધશક્તિ આત્મામાં છે. એટલે શું? પોતાનો ભાવ-પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય-તે પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી-એવા સંબંધમયી સ્વભાવમાત્ર સંબંધશક્તિ જીવમાં છે. પરંતુ સ્વ-સ્વામીઅંશરૂપ ભેદ એમાં નથી. ઝીણી વાત છે પ્રભુ! સ્વભાવમાત્ર વસ્તુમાં છે-સ્વ-સ્વામીઅંશરૂપ ભેદ નથી. અહીં કહે છે-જાણનારનો જાણનાર છે એવા વ્યવહારરૂપ ભેદથી તને શો લાભ છે? એમ કે ભેદના લક્ષે તને રાગ જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

થશે, આત્મજ્ઞાન નહિ થાય. ભેદના લક્ષમાં તું રોકાઇ રહે એ તો વિપરીતતા છે, મિથ્યાત્વ છે ભાઈ! આવી વાત!

તો પરમાર્થ શું છે?

જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે, પરમાર્થ છે. હું જ્ઞાયક જ છું એમ અભેદદૃષ્ટિ થવી એ સમ્યગ્દર્શન છે અને એ સૌ પ્રથમ ધર્મ છે. આ સિવાયના ક્રિયાકાંડ બધા થોથેથોથાં છે, અસત્યાર્થ છે, હિતરૂપ નથી.

આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ-

૧. આત્મા પરદ્રવ્યને જાણે છે-એ વ્યવહારકથન છે,

૨. આત્મા પોતાને જાણે છે-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે.

૩. જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.

'વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે દર્શક વિષે કહેવામાં આવે છેઃ

આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરવાયોગ્ય પદાર્થ છે. હવે, શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી? - એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ

જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છેઃ- આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી.' હવે કહે છે-

(આગળ વિચારીએઃ) 'જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે- એ નિશ્ચય છે'

'જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છેઃ-

'આ જગતમાં ચેતયિતા છે તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દશ્ય છે.'

શું કીધું? આ જગતમાં ચેતયિતા-ભગવાન આત્મા છે તે દેખવાના-શ્રદ્ધવાના પરિપૂર્ણ સ્વભાવથી ભરેલું દ્રવ્ય છે. અહાહા....! દર્શક એટલે દેખનારો-શ્રદ્ધનારો એવો આ આત્મા દર્શનશક્તિથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે. અહીં દર્શનગુણથી ભરેલો કહીને દેખવારૂપ અને શ્રદ્ધવારૂપ બન્ને ગુણની વાત કરી છે. અહાહા...! દેખવા-શ્રદ્ધવારૂપ દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું આત્મા એક દ્રવ્ય છે.

અને પુદ્‌ગલાદિ પરદ્રવ્ય, કહે છે, વ્યવહારે તે ચેતયિતાનું-આત્માનું દશ્ય છે. એટલે શું? કે આત્મા શરીરાદિ ને રાગાદિ પરદ્રવ્યને દેખે છે એમ કહીએ તે વ્યવહારનયનું વચન છે. અહાહા...! આત્મા દેખવાની પર્યાયમાં દેખવાયોગ્ય પર ચીજને દેખે છે એમ કહીએ તે, કહે છે, વ્યવહારનયથી છે, અર્થાત્ તે વાસ્તવિક કથન નથી. ઝીણી વાત છે ભાઈ! દર્શનસ્વભાવથી ભરેલો ચેતયિતા પ્રભુ આત્મા પરને દેખે છે વા સાત તત્ત્વોની શ્રદ્ધા કરે છે એમ કહીએ એ વ્યવહારનયથી છે. હવે અત્યારે આવી પ્રરૂપણા ચાલતી નથી એટલે દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિ કરો એટલે ધર્મ થાય એમ લોકોમાં ચાલે છે, પણ બાપુ! ધર્મનું એવું સ્વરૂપ નથી. દયા, દાન, વ્રત આદિ કરવા એ તો દૂર રહો, અહીં તો કહે છે- એ દયા, દાન, વ્રત આદિ શુભરાગના પરિણામને આત્મા દેખે છે એમ કહીએ એય વ્યવહારથી છે, ઉપચારથી છે. અહાહા...! કહે છે-પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે (-દર્શક એવા) ચેતયિતાનું દશ્ય છે. આવી વાત! હવે કહે છે-

'હવે, દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દશ્ય (દેખવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી? -એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે:-

જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ:

જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;- આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલસ્વરૂપ જ હોવો જોઈએ). એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્યદ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે, માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી.'

અહાહા....! જુઓ, આ લોજીકથી વાત કરે છે. એમ કે આત્મા દશ્ય પરવસ્તુને

દેખે છે તો દેખનારો તે, દશ્ય વસ્તુનો છે કે નથી? જો દેખનારો દશ્ય એવી પરવસ્તુનો હોય તો તે પરવસ્તુરૂપ જ હોય, કેમકે જેનું જે હોય તે તે જ હોય-આ ન્યાય છે. આ પ્રમાણે દેખનારો દશ્ય વસ્તુનો હોય તો દેખનાર સ્વદ્રવ્યનો ઉચ્છેદ થઈ જાય. પણ એમ થવું સંભવિત નથી.

અહાહા....! દર્શન (શ્રદ્ધાન) નામના ત્રિકાળી ગુણથી આત્મા પૂરણ ભરેલો છે. ત્યાં તે પરને શ્રદ્ધે છે તો પોતારૂપ-દર્શનરૂપ રહીને શ્રદ્ધે છે કે પરરૂપ થઈને શ્રદ્ધે છે? પોતારૂપ રહીને શ્રદ્ધે છે; અહીં કહે છે-જો પરનો થઈને એટલે કે પરરૂપ થઈને શ્રદ્ધે તો આત્મા પરસ્વરૂપ જ થઈ જાય, અને તો તે દર્શનરૂપ સ્વદ્રવ્યનો ઉચ્છેદ થઈ જાય. પણ દ્રવ્યનો ઉચ્છેદ કદીય થતો નથી, કેમકે દ્રવ્યનું દ્રવ્યાંતરરૂપે સંક્રમણ થવાનો પૂર્વે જ ગાથા ૧૦૩ માં નિષેધ કર્યો છે. માટે, કહે છે, એમ સિદ્ધ થયું કે દર્શક એવો ચેતયિતા પરનો-પુદ્ગલાદિનો નથી.

મુદ્દાની બે વાત:

૧. આત્મા દર્શનગુણના સ્વભાવથી ભરેલો ભગવાન છે; અને

૨. જે દશ્ય બાહ્ય પદાર્થ છે તે દર્શનગુણથી ખાલી પદાર્થ છે. ભાઈ! જ્યાં તું (-દર્શક) છો ત્યાં દશ્ય પદાર્થ નથી અને જ્યાં દશ્ય પદાર્થ છે ત્યાં તું (-દર્શક) નથી. એટલે કે દશ્ય પદાર્થને દેખવાથી દષ્ટાસ્વભાવ પ્રગટ થતો નથી. હવે ભાગ્યશાળી હોય તેના કાને પડે એવી આ વાત છે. આ દયા, દાન, વ્રત આદિ વ્યવહારરત્નત્રયના પરિણામ છે ને? અહીં કહે છે-એ વ્યવહારરત્નત્રયના પરિણામનું શ્રદ્ધાન કરવાથી અંદર દષ્ટાસ્વભાવ પ્રગટ થતો નથી.

તો સાત તત્ત્વનું શ્રદ્ધાન કરવું સમ્યગ્દર્શન કહ્યું છે ને?

બાપુ! દશ્ય એવાં એ સાત તત્ત્વ તેને ચેતયિતા-આત્મા દેખે-શ્રદ્ધે છે એમ કહીએ એ વ્યવહારનયથી છે, ઉપચારથી છે. બાકી સાત તત્ત્વના ભેદરૂપ શ્રદ્ધાનમાં દર્શકના ગુણનો તો અભાવ છે. શું કીધું? વ્યવહારરત્નત્રયના પરિણામમાં દર્શક ગુણનો અભાવ છે. અહાહા....! દર્શનગુણથી ભરેલો ચેતયિતા પ્રભુ વ્યવહારરત્નત્રયના રાગને દેખે-શ્રદ્ધે છે એમ કહીએ તે વ્યવહાર છે, ઉપચાર છે. આવી વાત!

ભાઈ! શરીર, મન, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્ર અને વ્યવહારરત્નત્રયનો રાગ ઇત્યાદિ સર્વ પરદ્રવ્યરૂપ છે. તેને ચેતયિતા દેખે-શ્રદ્ધે છે એમ કહીએ તે વ્યવહાર છે. અહાહા....! દર્શક એવો આત્મા તે તે પદાર્થોને દેખવાકાળે દશ્યરૂપ થઈને દેખે છે કે પોતારૂપ-દર્શકરૂપ રહીને દેખે છે? પોતારૂપ રહીને દેખે છે. જો દશ્યરૂપ-પરદ્રવ્યરૂપ

થઈને દેખે તો તે પરદ્રવ્યરૂપ જ થઈ જાય; અને તો તેનો-ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય; પણ એમ બનતું નથી, કેમકે દ્રવ્યનું દ્રવ્યાંતરપણે સંક્રમણ થવું અશક્ય છે. માટે, કહે છે-દર્શક પુદ્ગલાદિ પરદ્રવ્યોનો નથી, દેવનો નથી, ગુરુનો નથી, શાસ્ત્રનો નથી, વ્યવહારરત્નત્રયનો નથી. અહીં તો બહારનાં સર્વ દશ્ય પદાર્થોથી ખસીને શુદ્ધ એક દર્શન-શ્રદ્ધાનગુણથી ભરેલા ભગવાન આત્માની અંતર્દષ્ટિ કરવી બસ એ એક જ પ્રયોજનની વાત છે. સમજાય છે કાંઈ....?

જુઓ, અખબારમાં સમાચાર આવ્યા છે ને? કે એક કોલેજીઅન બી. એ. એલ. એલ. બી. ની પરીક્ષામાં નિષ્ફળ થયો તો તે પ્રતિકૂળતા સહન ન થવાથી તળાવમાં પડતું મૂકી આપઘાત કરીને મરી ગયો. અરે સંસાર! સહેજ પ્રતિકૂળતા સહન ન થઈ ત્યાં તીવ્ર કષાયના બૂરા પરિણામ કરીને જીવ હલકી ગતિમાં (નરકાદિમાં) ચાલ્યો જાય છે. અરે! ત્યાં અતિશય ભારે પ્રતિકૂળતા કેમ સહન થશે? બાપુ! મિથ્યાત્વના સેવન દ્વારા અનાદિ કાળથી તું નિષ્ફળ જ થતો આવ્યો છું. તારા દુઃખોનું શું કથન કરીએ? (એમ કે તે અતિશય છે) માટે હવે દશ્ય પદાર્થોને દેખવાનું છોડી એક દેખનારને અંતરમાં દેખ. સમ્યગ્દર્શનનો વિષય તે એક જ્ઞાયકદર્શક પ્રભુ જ છે. એ સિવાય જગતની કોઈ પરવસ્તુ, એક સમયની પર્યાય કે ગુણ-ગુણીનો ભેદ-વિકલ્પ સમકિતનો વિષય નથી. દેખનારને દેખું એવો ભેદ-વિકલ્પ સમકિતનો વિષય નથી. એ તો આગળ કહેશે કે દેખનારને દેખવો, શ્રદ્ધનારને શ્રદ્ધવો-એય વ્યવહારનય છે. અરે! લોકોને સત્યમાર્ગની ખબર નથી!

આ વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે તે રાગ છે. તે રાગને દેખવા-શ્રદ્ધવાથી કાંઈ દર્શકગુણની-શ્રદ્ધાગુણની પર્યાય પ્રગટ થતી નથી. બાપુ! રાગને દેખવા-શ્રદ્ધવાથી રાગ ઉપરનું લક્ષ રહે છે, ને પોતાની ચીજ-દષ્ટા-જ્ઞાતા પ્રભુને દેખવા-શ્રદ્ધવાનું રહી જાય છે; અર્થાત્ એનું મિથ્યાદર્શન ઊભું રહે છે. આવી વાત! બાપુ! આ તો ભગવાનની ધર્મસભામાં એકભવતારી સમકિતી ઇન્દ્રો જેને સાંભળે છે તે આ વાત છે. અંદર જ્ઞાતા-દષ્ટાસ્વરૂપ પોતે ભગવાન છે-હમણાં પણ ભગવાન છે હોં-અહાહા....! એવા નિજસ્વરૂપની અંતર્દષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે અને તે ધર્મ છે. શ્રદ્ધનાર-દર્શકના આશ્રયે શ્રદ્ધનારી પર્યાય પ્રગટ થાય એની અહીં વાત છે; બાકી બધાં થોથાં છે. ગજબ વાત છે ભાઈ!

આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તે શરીરાદિ પરદ્રવ્યમાં કે રાગાદિ પરભાવમાં પ્રવેશ કરતી નથી. અહાહા...! પોતાની પર્યાયનું સંક્રમણ થઈને, બદલીને બીજાની પર્યાયરૂપ થઈ જાય એ તો નિષિદ્ધ છે, ગાથા ૧૦૩ માં પૂર્વે જ એનો નિષેધ કરવામાં

આવ્યો છે. માટે, કહે છે, દર્શક એવો આત્મા-ચેતયિતા પ્રભુ પુદ્ગલાદિનો નથી, રાગાદિનો નથી. હવે કહે છે -

'(આગળ વિચારીએઃ) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે?

ચેતયિતાનો જ ચેતયિતા છે.

(આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?

(આ) ચેતયિતાથી અન્ય કોઈ ચેતયિતા નથી. પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?

કાંઈ સાધ્ય નથી. તો પછી દર્શક કોઈનો નથી, દર્શક દર્શક જ છે, -એ નિશ્ચય છે.'

અહાહા...! પૂછે છે કે-ચેતયિતા પુદ્ગલાદિ અને રાગાદિનો નથી તો ચેતયિતા કોનો છે? તો કહે છે-ચેતયિતાનો જ ચેતયિતા છે, દેખનારનો જ દેખનાર છે. હા, પણ દેખનારનો દેખનાર છે-એમ કહ્યું ત્યાં તો એ બે થયા; તો એ બે કોણ છે? અર્થાત્ દેખનારથી જુદો એવો બીજો ક્યો દેખનાર છે જેનો (આ) દેખનાર છે? તો કહે છે-કોઈ નહિ; અર્થાત્ એ બે નથી; પરંતુ તે બે એક ચેતયિતાના-દેખનારના જ સ્વ-સ્વામીરૂપ અંશો છે. ચેતયિતા પોતે જ સ્વ અને ચેતયિતા પોતે જ તેનો સ્વામી-એમ તેઓ બે અંશો છે.

અહો! કેવળીના કેડાયતી દિગંબર સંતોએ ગજબની વાત કરી છે. કહે છે-ચેતયિતા તે સ્વ અને ચેતયિતા તેનો સ્વામી એવા બે અંશરૂપ ભેદ-વ્યવહારથી જીવને કાંઈ લાભ નથી; કેમકે અંશ-ભેદના લક્ષે તો રાગ જ થાય છે. માટે, દર્શક દર્શક જ છે એ નિશ્ચય છે. આવો દર્શક ત્રિકાળી ધ્રુવ એકરૂપ અભેદ વસ્તુ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે; અર્થાત્ શુદ્ધ દર્શક પ્રભુ આત્મા એકના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે.

અહાહા....! દયા, દાન, વ્રત આદિના પરિણામથી તો સમ્યગ્દર્શન નહિ, પણ તેને દેખવા-શ્રદ્ધવાથી પણ સમ્યગ્દર્શન નહિ. દેખનારનો દેખનાર છે એવા ભેદના લક્ષે પણ સમ્યગ્દર્શન થતું નથી. તો સમ્યગ્દર્શન કેમ થાય? તો કહે છે -હું એક જ્ઞાયક જ છું એમ અભેદની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે અને તે ધર્મનું પ્રથમ સોપાન છે. છહઢાલામાં આવે છે ને કે-

મોક્ષમહલકી પરથમ સીઢી, યા બિન જ્ઞાન ચરિત્રા;
સમ્યક્તા ન લહે સો દર્શન, ધારો ભવ્ય પવિત્રા.

ભાઈ! સમકિત વિના તારાં સઘળાં વ્રત, તપ જૂઠાં છે; ભગવાને એને બાળવ્રત ને બાળતપ કહ્યાં છે. ભાઈ! વ્રત, તપ આદિમાં અને ભેદ-વ્યવહારમાં તું રોકાઈ રહે એથી તને કાંઈ લાભ નથી.

આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ-

૧. આત્મા પરદ્રવ્યને દેખે છે અથવા શ્રદ્ધે છે -એ વ્યવહાર કથન છે;

૨. આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધે છે -એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;

૩. દર્શક દર્શક જ છે -એ નિશ્ચય છે.

પોતે અભેદ એકરૂપી દ્રષ્ટાસ્વભાવી ભગવાન છે તેની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આ સિવાય પર-નિમિત્તથી, રાગથી કે ભેદ-વ્યવહારથી કાંઈ સાધ્ય નથી. આવી વાત! હવે કહે છે-

'વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દ્રષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે અપોહક (ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છેઃ-

આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વેત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી? -એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ

જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે; -આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીનાં સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી.' હવે કહે છેઃ-

(આગળ વિચારીએઃ) 'જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે.' હવે કહે છેઃ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'જેમ આ દૃષ્ટાંત છે તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે.' દાર્ષ્ટાંત એટલે કે સિદ્ધાંત આ નીચે પ્રમાણે છેઃ-

'આ જગતમાં જે ચેતયિતા છે તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે એવું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે.'

જુઓ, આ શું કહ્યું? કે જ્ઞાનદર્શનગુણનો પિંડ એવા ભગવાન આત્માનો પરના અને રાગના ત્યાગસ્વરૂપ સ્વભાવ છે. અહાહા...! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પરના-રાગના અભાવસ્વભાવરૂપ છે. અહા! રાગ કરવો એ તો નહિ, રાગનો ત્યાગ કરવો એય આત્મામાં નથી. ભાઈ! કોઈ પરનાં ગ્રહણ-ત્યાગ પોતાને માને એ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. અહીં કહે છે-પરનાં ગ્રહણ-ત્યાગ એ આત્માનો સ્વભાવ નથી; જડ રજકણોને ગ્રહવાં-છોડવાં એ આત્માના સ્વરૂપમાં છે જ નહિ. સમજાય છે કાંઈ....?

અહીં તો વિશેષ વાત આ છે કે રાગનો ત્યાગ કરવો એ આત્માનું સ્વરૂપ નથી. ભાઈ! અહીં ચારિત્રની વાત ચાલે છે. અરે! ચારિત્ર કોને કહેવું એ લોકોને ખબર નથી. કહે છે કે-આત્મા પરના અને રાગના ત્યાગરૂપ (અભાવરૂપ) સ્વભાવવાળું દ્રવ્ય છે. હવે આમ છે ત્યાં રાગનો ત્યાગ કરવો એ વાત ક્યાં રહી? રાગના અભાવરૂપ આત્માનો સ્વભાવ છે જ્યાં, ત્યાં રાગનો ત્યાગ કરવો એ ક્યાં રહ્યું? બાપુ! આત્માને રાગનો ત્યાગ કહેવો એ તો નામમાત્ર છે. સમયસાર, ગાથા ૩૪ માં આ વાત આવી ગઈ છે કે આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું નામમાત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. સ્વને સ્વ ને પરને પર જાણ્યું ત્યાં પરભાવ ઉત્પન્ન થયો નહિ તે જ ત્યાગ છે. આ રીતે (સ્વરૂપમાં) સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન નામ ત્યાગ છે, અને તે જ ચારિત્ર છે, ધર્મ છે. ભાઈ! જ્ઞાન જ્ઞાનમાં (જ્ઞાનસ્વભાવમાં) સ્થિર રહે એ સિવાય બીજો કોઈ ભાવ ચારિત્ર નથી.

કોઈ ઉઘાડા પગે ચાલે, બહારમાં શરીરથી અનેક પરીષહ સહન કરે પણ એ કાંઈ આત્મધર્મ નથી. કળશટીકામાં નિર્જરા અધિકાર, કળશ ૧૪૨ માં કહે છે કે- હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહથી રહિતપણું, મહા પરીષહોનું સહવું-તેના ઘણા બોજા વડે ઘણા કાળ પર્યંત મરીને ચૂરો થતા થકા ઘણું કષ્ટ કરે છે તો કરો, તથાપિ એવું કરતાં કર્મક્ષય તો થતો નથી. આવી વાત!

અહીં કહે છે- ભાઈ! રાગના ત્યાગરૂપ જ તારો સ્વભાવ છે. અહાહા....! શુદ્ધ એક જ્ઞાયકસ્વરૂપ પ્રભુ તું સદા રાગરહિત વીતરાગસ્વરૂપ જ છો. પછી રાગનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ત્યાગ કરો એ વાત ક્યાંથી આવી? અહા! ભગવાન જ્ઞાયકસ્વભાવે રાગનું ગ્રહણ જ કર્યું નથી, સદા તે રાગના અભાવસ્વભાવરૂપ જ રહ્યો છે ત્યાં રાગનો ત્યાગ કરવો એ ક્યાં રહ્યું? રાગ ચેતયિતાનું ત્યાજ્ય છે એ તો વ્યવહારથી છે ભાઈ!

અહાહા...! આત્મા ચિદાનંદ પ્રભુ નિત્ય એક જ્ઞાયકસ્વભાવમય છે. સમયસારની ગાથા ૬ માં આવે છે કે જ્ઞાયક જ્ઞાયક જ છે, જ્ઞાયક કદી રાગસ્વભાવે થયો નથી. જો તે રાગસ્વભાવે થાય તો તે જડ થઈ જાય. પણ એમ કદીય બનતું નથી. છતાં બહારથી ત્યાગ કરીને કોઈ તે વડે માને કે હું ત્યાગી છું તો તે બહિર્દષ્ટિ મિથ્યાદષ્ટિ છે. ભાઈ! રાગનો ને પરનો ત્યાગ કરવો એમ કહીએ એ તો વ્યવહારથી, ઉપચારથી છે.

અજ્ઞાની કહે છે-વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય; પણ એમ નથી બાપા! આત્મા પોતે જ સાધનસ્વરૂપ છે. કર્તા, કર્મ, સાધન ઇત્યાદિ આત્માની શક્તિઓ-ગુણ છે. માટે તેને પર સાધનની કોઈ અપેક્ષા નથી. જો રાગ સાધન હોય તો આત્માને રાગ સાથે સંબંધ થાય, પણ આત્માને રાગ સાથે સંબંધ છે જ નહિ; નિશ્ચયથી પર સાથે કે રાગ સાથે ચેતનને સંબંધ છે જ નહિ; સંબંધ કહેવો એ તો કથનમાત્ર છે. આ સોનગઢ અમારું ગામ, અમે સોનગઢમાં રહીએ છીએ-એમ બોલીએ ને? એ તો બોલવા પૂરતુ છે; બાકી આત્માનો તો અસંખ્યપ્રદેશરૂપ દેશ છે, ને તેનો તે રહેવાસી છે. પં. દીપચંદજીએ પંચસંગ્રહમાં કહ્યું છે કે આત્મા ચૈતન્યના દેશમાં રહ્યો છે અને જ્ઞાન, દર્શન આદિ ગુણ એની પ્રજા છે. આવી વાત છે બાપુ! પોતે નિત્યાનંદસ્વરૂપ છે એનું ભાન કરી, એમાં રમણતા કરી પર્યાયમાં આનંદરૂપ થાય છે એમાં પરને ને રાગને છોડવાનું ક્યાં આવ્યું? પરને-રાગને છોડવું એમ કહેવું એ વ્યવહારથી છે બસ. તેમ રાગને સાધન (પરંપરા સાધન) કહેવું એય વ્યવહારથી છે બસ. હવે કહે છે –

'હવે, અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી? –એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ–

જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ

જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે; –આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,

કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી.'

અહાહા....! રાગના ત્યાગસ્વરૂપ અપોહક પ્રભુ આત્મા છે તે અપોહ્ય એવા પુદ્ગલાદિનો, રાગાદિનો છે કે નથી? લ્યો, આવો પ્રશ્ન! તો કહે છે-જો આત્મા- ચેતયિતા અપોહક પ્રભુ રાગાદિનો હોય તો તે રાગાદિરૂપ થઈ જાય, કેમકે જેનું જે હોય તે તે જ હોય-આ ન્યાય છે. જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન આત્મા જ છે તેમ ચેતયિતા રાગાદિનો હોય તો તે રાગાદિમય જ હોય, અને તો ચેતયિતાનો સ્વદ્રવ્યનો જ નાશ થઈ જાય. પણ દ્રવ્યનો નાશ તો કદીય થતો નથી એ સિદ્ધાંત છે, કેમકે દ્રવ્યનું દ્રવ્યાંતરરૂપે સંક્રમણ થતું જ નથી.

ભાઈ! નિમિત્તથી કાર્ય થાય એ વાત તો ક્યાંય રહી, અહીં તો કહે છે- નિમિત્ત- પરવસ્તુ અને રાગાદિ ભાવના ત્યાગનો કર્તા આત્મા છે એમ છે નહિ. એ તો પહેલાં આવી ગયું કે જ્ઞાયક જ્ઞાયક જ છે, દર્શક દર્શક જ છે, તેમ ભગવાન આત્મા રાગના અભાવસ્વભાવ જ છે એ પરમાર્થ છે. એ જ હવે કહે છે-

(આગળ વિચારીએ:) 'જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?

(આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?

કાંઈ સાધ્ય નથી. તો પછી અપોહક (અર્થાત્ ત્યાગ કરનાર) કોઈનો નથી, અપોહક અપોહક જ છે- એ નિશ્ચય છે.'

અરે! સ્વસ્વરૂપને સમજ્યા વિના એ (-જીવ) ભવસિંધુમાં અનંત-અનંત ભવ કરીને રઝળી રહ્યો છે. અનંત વાર એણે દ્રવ્યલિંગ ધારણ કર્યા ને મુનિવ્રત પાળ્યાં; પણ અરે! એણે આત્મજ્ઞાન કર્યું નહિ અને તેથી તેના ચૌગતિ-પરિભ્રમણનો અંત આવ્યો નહિ. અરે ભાઈ! બાહ્ય ત્યાગ વડે મેં ત્યાગ કર્યો એવી મિથ્યા માન્યતાના સેવન વડે તું ચાર ગતિમાં રખડી મર્યો છે. જો તો ખરો અહીં શું કહે છે? કે અપોહક અપોહક જ છે.

અહાહા....! શિષ્યનો પ્રશ્ન છે કે ચેતયિતા રાગનો નહિ, શરીરાદિનો નહિ, પુદ્ગલનો નહિ તો ચેતયિતા કોનો છે? તો કહે છે-ચેતયિતાનો જ ચેતયિતા છે. તો કહે છે-એ તો ચેતયિતા બે થઈ ગયા; તો શું બે ચેતયિતા છે? ના; બે નથી. આ ચેતયિતાથી અન્ય કોઈ બીજો ચેતયિતા નથી; પણ તેઓ બે સ્વ-સ્વામીરૂપ બે

અંશો જ છે. ચેતયિતા પોતે પોતાનું સ્વ અને ચેતયિતા પોતે તેનો સ્વામી -એમ બે અંશો છે.

અહા! પણ 'આત્મા આત્માનો છે' -એવા સ્વસ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સિદ્ધિ છે? શું લાભ છે? કાંઈ જ નહિ; બલ્કે એવા વ્યવહારમાં રોકાઈ રહેનારને આત્મલાભ થતો નથી, સમ્યગ્દર્શન થતું નથી. બાપુ! અત્યારે આ સમજવા જેવું છે, બાકી બધું તો ધૂળધાણી ને વા-પાણી છે. આ શરીર તો ક્યાંય ફૂ થઈને ઉડી જશે, સંજોગ બધા પલટાઈ જશે, બધું ફરી જશે, અને આ ભેદ-વિકલ્પ પણ તને શરણ નહિ થાય ભગવાન? અહીં કહે છે-ભેદ-વિકલ્પથી કાંઈ સિદ્ધિ નથી. આત્મા આત્મામાં કેલિ-રમણ કરનારો છે એવા ભેદ-વિકલ્પથી પણ કાંઈ સાધ્ય નથી. અહાહા.....! વીતરાગભાવસ્વરૂપ આત્મા વીતરાગભાવમાં રમે એવો ભેદ-વિકલ્પ પણ વ્યવહાર છે અને એમાં તું અટકી રહે તે કાંઈ કાર્યકારી નથી. સમજાણું કાંઈ....!

અહાહા....! પરને-રાગને જાણવામાં રોકાઈ રહે ત્યાં તો સ્વનું જાણવું રોકાઈ જાય છે, સ્વને જાણવાથી ભ્રષ્ટ થઈ જાય છે. બાપુ! સ્વસ્વરૂપનું જ્ઞાન થયા વિના પરને જાણવું એ વ્યવહાર છે-એમ ક્યાં છે? એ તો આત્મજ્ઞાની ધર્મી પુરુષને પરનું જાણવું તે વ્યવહારથી છે. અહીં કહે છે-એ વ્યવહારથી કાંઈ સાધ્ય નથી.

સં. ૮૩ ની સાલમાં પ્રશ્ન ઉઠયો હતો-કે આ લોકાલોક છે માટે કેવળજ્ઞાનની પર્યાય છે ને? ત્યારે કહ્યું હતું -

અરે ભાઈ! કેવળજ્ઞાનની પર્યાય તો પોતાની પોતાથી છે. પોતે જ્ઞાનસ્વરૂપ છે કે નહિ? તો કેવળજ્ઞાન થયું એ તો પોતાનું-જ્ઞાનનું પરિણમન છે, લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું છે એમ નથી. જો લોકાલોકને કારણે કેવળજ્ઞાન હોય તો કેવળજ્ઞાન સદાય પ્રગટ હોવું જોઈએ, કેમકે લોકાલોક સદાય વિદ્યમાન છે; પણ એમ છે નહિ. લોકાલોકની અસ્તિ હો (છે), પરંતુ કેવળજ્ઞાનને તેની અપેક્ષા નથી. કેવળજ્ઞાન નિજ સત્તાવલંબી છે, પરને કારણે નથી. સમજાણું કાંઈ....?

આ તો મારગડા જુદા નાથ! રાગને જાણવો ને રાગનો ત્યાગ કરવો એ સ્વરૂપની સ્થિતિ નથી. રાગને જાણવો ને રાગનો ત્યાગ કરવો એ જવા દે બાપુ! અહીં તો કહે છે- જાણનારનો જાણનાર છે એવા સ્વ-સ્વામીરૂપ ભેદ-વ્યવહારથી કાંઈ સાધ્ય નથી. આવી વાત!

તો શું છે? તો કહે છે-અપોહક અપોહક જ છે-એ નિશ્ચય છે. બસ રાગના અભાવસ્વભાવરૂપ જ ભગવાન આત્મા છે. આવા નિજ સ્વરૂપમાં ઠરીઠામ રહેવું બસ એ જ ચારિત્ર છે. બાકી રાગનો ત્યાગ કરવો એમ કહીએ એ તો કથનમાત્ર

છે, પરમાર્થે રાગના ત્યાગનું કથન એને શોભતું નથી; કેમકે જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ પોતે પોતામાં ઠર્યો ત્યાં રાગ ઉપજ્યો જ નહિ તેને રાગનો ત્યાગ કર્યો એમ કથનમાત્ર કહેવાય છે.

અહાહા....! આવી વસ્તુ ચારિત્રની બાપા! ચારિત્ર તો કોઈ અલૌકિક ચીજ છે ભગવાન! ચારિત્રવંત મુનિરાજ તો પંચપરમેષ્ઠીમાં ભળેલા છે પ્રભુ! અહાહા....! ધન્ય અવતાર! એવા મુનિવરનાં અહીં આ કાળે દર્શન પણ દુર્લભ થઈ પડયાં છે! ભાઈ! ચારિત્ર એક આત્માનો ગુણ છે; પણ ચારિત્ર આત્માનું છે-એવા ભેદથી શું સિદ્ધિ છે? કાંઈ જ નહિ. માટે અપોહક અપોહક જ છે-એ નિશ્ચય છે. અહાહા...! પરના અને રાગના અભાવસ્વભાવસ્વરૂપ ભગવાન આત્મા-તેની દ્રષ્ટિ કરી તેમાં જ સ્થિર રહેવું તેનું નામ મોક્ષમાર્ગ છે; બીજી કોઈ રીતે મોક્ષમાર્ગ નથી.

આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ-

૧. આત્મા પરદ્રવ્યને અપોહે છે અર્થાત્ ત્યાગે છે-એ વ્યવહારકથન છે;

૨. આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;

૩. અપોહક અપોહક જ છે-એ નિશ્ચય છે.

હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છેઃ-

'જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઉપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત-આદિના) સ્વભાવના પરિણામ વડે ઉપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે;.....'

જુઓ, શું કીધું? કે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી -જે પહેલાં કહેવામાં આવી તે જ ખડી-પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે પરિણમતી નથી. અહાહા....! ભીંત-આદિ પરદ્રવ્યને ખડી ધોળી કરે છે ત્યાં કાંઈ ખડી ભીંત-આદિરૂપે થઈ જતી નથી. વળી તે ખડી ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે પણ કરતી નથી. લ્યો, આવી વાત. ખડી ભીંતને ધોળી કરે છે ત્યાં ખડી ભીંતરૂપ ન થાય, ખડી ખડી જ રહે, તેમ જ ખડી ભીંતને પોતાના સ્વભાવે ધોળી અવસ્થાપણે પણ કરતી નથી.

ખડી પોતાની સફેદાઈપણે ઉપજે તેમાં ભીંત-આદિ પરદ્રવ્ય નિમિત્ત છે બસ. નિમિત્ત એટલે શું? કે સાથે એક બીજી ચીજ છે બસ એટલું જ; નિમિત્ત કાંઈ કરે છે એમ નહિ. હવે લોકોને આ મોટી તકરાર કે -નિમિત્ત તો છે ને? બાપુ! નિમિત્ત છે એનો અર્થ જ એ કે તે કાંઈ કરતું નથી. ખડીની સફેદાઈ ને શું ભીંત કરે છે? ના. ખડીમાં સફેદાઈ પોતાની પોતાથી થઈ છે તેમાં ભીંત-આદિ પરદ્રવ્ય નિમિત્ત છે બસ.

ખડી પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામથી ઉપજે છે, ભીંતપણે ઉપજતી નથી; તેમ જ ખડી ભીંતને પોતાના સફેદસ્વભાવપણે પરિણમાવતી નથી-કરતી નથી. ખડીની સફેદાઈને ભીંત નિમિત્ત છે, ને ભીતને ખડીની સફેદાઈ નિમિત્ત છે. બસ, આમ અરસપરસ નિમિત્ત છે એટલું, એકબીજાના કર્તા નથી. આ રીતે નિમિત્ત છે માટે (નિમિત્તની મુખ્યતાથી) ખડી ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવથી ધોળી કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે. આ દૃષ્ટાંત કહ્યું. હવે સિદ્ધાંત કહે છે-

'તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઉપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના) સ્વભાવના પરિણામ વડે ઉપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના) સ્વભાવથી જાણે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.'

અહાહા.....! જોયું? ચેતયિતા પ્રભુ આત્મા જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. અહા! આવો જ્ઞાનસ્વભાવી આત્મા પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે થતો નથી; અને આત્મા પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે જ્ઞાનપણે પરિણમાવતો-કરતો નથી. ઝીણી વાત છે ભાઈ!

અહીં કહે છે-જાણગ-જાણગ-જાણગ એવા જ્ઞાનસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા દયા, દાન, વ્રત આદિ વ્યવહારરત્નત્રયના રાગપણે થતો નથી. વ્યવહારરત્નત્રયનો રાગ જ્ઞાનીને હોય છે, પણ જેને નિશ્ચય ધ્રુવ એક જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈ છે તે જ્ઞાની રાગપણે થતો નથી. અહાહા....! જ્ઞાનસ્વભાવે પરિણમતો આત્મા પુદ્ગલાદિ પરદ્રવ્યને-વ્યવહારરત્નત્રયના રાગને જાણે છે ત્યાં આત્મા-જ્ઞાન વ્યવહારરત્નત્રયના રાગરૂપે થઈ જતો નથી, પુદ્ગલાદિરૂપ થઈ જતો નથી; તેમ આત્મા પુદ્ગલાદિ પરદ્રવ્યને, વ્યવહારરત્નત્રયના રાગને જ્ઞાનપણે કરતો-પરિણમાવતો નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા....! આત્મા જ્ઞાનસ્વભાવની નિર્મળ પર્યાયપણે ઉપજે ત્યાં વ્યવહારરત્નત્રય એમાં નિમિત્ત છે, પણ નિમિત્તથી કાંઈ જ્ઞાનની નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે એમ નથી. વ્યવહારરત્નત્રયના કારણે કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાન થયાં છે એમ નથી. આત્મામાં જ્ઞાન પોતાનું પોતાથી થયું છે, તેમાં પુદ્‌ગલાદિ પરદ્રવ્ય કે વ્યવહારરત્નત્રય આદિ નિમિત્ત છે બસ. નિમિત્તનો અર્થ જ એ છે કે તે ઉપાદાનમાં કાંઈ કરતું નથી; અન્યથા નિમિત્ત જ ન રહે, નિમિત્ત-ઉપાદાન એક થઈ જાય. બાપુ! આ તો ભગવાન કેવળીની વાણીમાં પ્રસિદ્ધ થયેલો ન્યાય છે.

જેમ ખડી ભીંતને ધોળી કરે છે એમ કહીએ ત્યાં ખડીની સફેદાઈ ભીંતરૂપે થતી નથી અને ખડી, ભીંતને સફેદાઈરૂપે પરિણમાવતી નથી તેમ ભગવાન આત્મા, અહાહા....! જ્ઞાનસ્વભાવી પ્રભુ-જેના દ્રવ્યભાવમાં જ્ઞાન-જ્ઞાન-જ્ઞાન વ્યાપ્યું છે, તે નિર્મળ જ્ઞાનપણે ઉપજે છે ત્યાં વ્યવહારરત્નત્રય આદિ નિમિત્ત હો, પણ ઉપજેલી તે જ્ઞાનની પર્યાય રત્નત્રયના એ રાગરૂપ થતી નથી અને તે જ્ઞાનની પર્યાય રાગને જ્ઞાનપણે પરિણમાવતી-કરતી નથી. જ્ઞાન જ્ઞાનપણે રહે છે, અને રાગ રાગરૂપ જ રહે છે. આવી વાત!

આ શરીરમાં કેન્સરનો રોગ થાય છે ને? શરીરમાં એક જાતનો સડો થાય તે કેન્સર છે. કોઈને આંતરડામાં, કોઈને છાતીમાં, કોઈને નાકમાં, કોઈને ગળામાં ને કોઈને પેશાબના સ્થાનમાં કેન્સર થતું હોય છે. અહા! એ કેન્સર થાય ત્યારે રાડે-રાડ પાડે છે માણસ. અહીં કહે છે-શરીરમાં કેન્સરની જે અવસ્થા થાય તેને આત્મા-જ્ઞાન જાણે છે, પણ જ્ઞાન પોતે તે-રૂપે પરિણમતું-થતું નથી, કે રોગની અવસ્થાને જ્ઞાનપણે કરતું નથી.

રોગ હો કે નીરોગ દશા હો, એ તો બધી પરવસ્તુ ભગવાન! એને જાણવું તે વ્યવહાર ત્યારે કહેવાય કે જ્યારે આને ત્રિકાળી ધ્રુવ ભગવાન જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન થયાં હોય. એ સિવાય તો બધો વ્યવહારાભાસ છે. શરીરની અને જ્ઞાનની પરિણતિને એક જાણે છે એને વ્યવહાર ક્યાં છે? નથી.

અહાહા...! જેને શુદ્ધ ચૈતન્યની-ભગવાન ધ્રુવસ્વરૂપની દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન થયાં છે એને ઓલો (વ્યવહારરત્નત્રયનો) રાગ છે તેને જાણેલો વ્યવહાર કહીએ, કેમકે રાગ ને જ્ઞાનની પરિણતિ બે એક નથી. જ્ઞાન રાગને જાણે એમ કહીએ તે વ્યવહાર કેમકે રાગ ને જ્ઞાન બે એક વસ્તુ નથી, ભિન્ન છે. સમજાણું કાંઈ....?

શરીર સુંદર હોય એની મીઠાશમાં અરે! એણે અંદર ત્રિકાળી પ્રભુની સુંદરતા ખોઈ નાખી છે; તેમ શુભરાગની મીઠાશમાં એણે શુદ્ધ ચૈતન્યના અનંતા સુખની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

મીઠાશ મિટાવી દીધી છે. અરે ભગવાન! અહીં ત્રિલોકીનાથ ભગવાન કેવળીની વાણીમાં શું કીધું છે તે જરા સાંભળ!

અહાહા...! કહે છે-જ્ઞાનસ્વરૂપે પરિણમતો ભગવાન આત્મા વ્યવહારરત્નત્રયના અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગરૂપે થતો નથી. આત્માના દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ ચેતનાગુણથી ભરેલા છે. તેની જ્ઞાનની પર્યાય જ્ઞાતાદષ્ટાપણે પરિણમે ત્યાં તે પરિણમન રાગને પોતારૂપ કરતું નથી, તેમ તે જ્ઞાનનું પરિણમન રાગરૂપે થતું નથી.

રાગને અહીં પુદ્ગલસ્વભાવ કહ્યો છે કેમકે તેમાં ચૈતન્યનો અંશ નથી, રાગની ચૈતન્યની જાતિ નથી; વળી તે પુદ્ગલના સંગમાં પ્રગટ થાય છે. માટે રાગને અજીવ પુદ્ગલસ્વભાવ કહ્યો છે.

ત્યારે કેટલાકને વાંધા છે; એમ કે વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય છે.

હા, પણ કોને? જેને અંતરંગમાં નિશ્ચય સાધન પ્રગટ થયું છે તેને જે રાગાદિ વ્યવહાર છે તેને વ્યવહારથી સાધન કહેવામાં આવે છે. ધર્મી પુરુષના બાહ્ય વ્યવહારને સાધન કહીએ તે ઉપચારમાત્રથી છે, વાસ્તવિક નહિ. ભાઈ! વસ્તુસ્થિતિ શું છે તે બરાબર સમજવું જોઈએ. (અજ્ઞાનીની બાહ્ય ક્રિયામાં તો સાધનનો ઉપચાર પણ સંભવિત નથી).

ભાઈ! આ તારા હિતની વાત છે કે જ્ઞાન રાગરૂપે પરિણમે નહિ અને રાગને પોતારૂપે-જ્ઞાનરૂપે પરિણમાવે નહિ.

ભાઈ! આ રૂપાળું શરીર, પૈસા, આબરૂ, મકાન-બંગલા ઇત્યાદિ બધા બહારના ઠાઠ છે. તું એમાં ગુંથાઈ-ગુંચાઈ રહ્યો છો પણ એ તો મસાણના હાડકાના ફોસ્ફરસની ચમક જેવા છે, દેખાય ને વિલય પામી જાય. અહા! એ બધી ચીજ તારામાં ક્યાં છે પ્રભુ? ત્યાંથી ખસી જા, અને અંતર્દષ્ટિ કર. ઓહો! અતીન્દ્રિય આનંદરૂપ અમૃતનો સાગર પ્રભુ અંદર શાશ્વત ડોલી રહ્યો છે. તેના સ્વરૂપના લક્ષે અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની પરિણતિ પ્રગટે છે. અહા! તે જ્ઞાનની પરિણતિ, અહીં કહે છે, રાગને પોતાપણે કરતી નથી, અને તે પરિણતિ રાગરૂપ થતી નથી. અહો! આચાર્યદેવે મહા અલૌકિક વાત કરી છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો પ્રભુ છે. તે જ્ઞાનરૂપે થાય તે તો વસ્તુની સ્થિતિ છે, પણ તે રાગરૂપે થાય એ વસ્તુની સ્થિતિ નથી. તો શું છે? તેના જ્ઞાનના પરિણમનના કાળે જે રાગાદિ પરદ્રવ્ય છે તે જ્ઞાનના પરિણમનમાં નિમિત્ત છે. શું કીધું? પરદ્રવ્યને જાણવાના કાળે જ્ઞાનની પરિણતિમાં પરદ્રવ્ય-શરીરાદિ, રાગાદિ,

કર્માદિ-નિમિત્ત છે. નિમિત્ત એટલે ઉપાદાનનું કાંઈ કરે એમ નહિ, નિમિત્ત એટલે ઉપાદાનના કાળે સાથે બીજી એક સાનુકૂળ ચીજ છે બસ; બાકી નિમિત્ત-પરદ્રવ્યને કારણે કાંઈ જ્ઞાનની પરિણતિ થઈ છે એમ નથી. નિમિત્ત અને ઉપાદાન-બન્નેનો સમકાળ છે એટલું. શાસ્ત્ર-ભાષામાં તેને કાળપ્રત્યાસત્તી કહે છે.

જેમકે -આત્મામાં અંદર જ્ઞાનની પરિણતિ થાય તે કાળે શરીર આમ હલ્યું; હવે બન્નેનો એક જ કાળ છે, સમકાળ છે, પણ તેથી જ્ઞાનથી શરીર હલ્યું એ વાત ક્યાં રહી? તથા શરીર હલ્યું માટે જ્ઞાન થયું એમ પણ ક્યાં રહ્યું? શરીરનું હલવું છે તે જડની પર્યાય છે, ને જ્ઞાન થયું તે જીવની-ચેતનની પર્યાય છે. શરીરની અવસ્થા જ્ઞાનમાં નિમિત્ત હો, પણ જ્ઞાનનું પરિણમન શરીરથી થયું છે એમ કદાપિ નથી. બન્નેમાં સમકાળે પ્રગટ થતાં પરિણમન પોતપોતામાં સ્વતંત્ર છે; આનાથી આ પરિણમન થયું એમ કદી છે જ નહિ, હોઈ શકે નહિ.

અહા! જીવ ચોરાસીના અવતારમાં દુઃખી દુઃખી થઈને રખડી મરે છે. કીડી, કાગડા, કંથવા, નરક-નિગોદાદિના અનંત અનંત ભવ કરીને એણે પારાવાર દુઃખ સહન કર્યું છે. અરે! સાંભળ્યાં જાય નહિ એવાં અપાર ઘોર દુઃખ એણે અજ્ઞાનભાવે સહન કર્યાં છે. એના દુઃખનું શું કથન કરીએ? અરે! એ મનુષ્ય તો અનંત વાર થયો, પણ રાગથી હું ભિન્ન ચિન્માત્ર આત્મા છું, પરનું હું કાંઈ ન કરું ને પર મારું કાંઈ ન કરે-એવું ભેદજ્ઞાન એણે કર્યું નહિ. ભાઈ! તારી જે ચીજ નથી તેને તેં પોતાની માની છે, સંયોગીભાવ વિભાવ છે તેને તેં સ્વભાવ માન્યો છે તો હે ભાઈ! તારા ભવભ્રમણનો અંત નહિ આવે. અરે! તને ભવનો ભય નથી!

યોગસારમાં આચાર્ય યોગીન્દ્રદેવ કહે છેઃ-

ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત;
તે ભવિ જીવ સંબોધવા, દોહા રચ્યા એક ચિત્ત.

અહા! આચાર્ય કહે છે-ભવ-ભયથી ડરીને આ શાસ્ત્ર હું બનાવું છું. શું કામ? કે ભવ-ભયનો જેમને ડર છે એવા ભવ્ય જીવોને સંબોધવા આ દોહા રચું છું. ભાઈ! ભવ અને ભવના ભાવનો જેને પ્રેમ છે તેને ભવ-ભયનો ડર નથી. શું થાય? અરે! એ ક્યાંય ભવસમુદ્રમાં ખોવાઈ જશે.

જુઓને, આવી સત્ય વાત બહાર આવી ત્યાં જૈનમાં પણ કોઈ લોકોએ ગડબડ ઊભી કરી છે. પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી 'જૈન તત્ત્વમીમાંસા' માં લખે છે કે- (પાન ૨૯૦)

"જ્યારથી બધા દ્રવ્યોની ક્રમબદ્ધ (ક્રમનિયમિત) પર્યાયો થાય છે એવું

તથ્ય પ્રમુખરૂપથી બધાની સામે બહાર આવ્યું છે ત્યારથી એક બે વિદ્વાનો તરફથી કેવળજ્ઞાનના વિષયમાં શંકા ઉપસ્થિત કરવામાં આવી છે. તેમના મનમાં એવું શલ્ય છે કે કેવળજ્ઞાનને સર્વ દ્રવ્યો અને તેની સર્વ પર્યાયોનું જ્ઞાતા માની લેવાથી સર્વ દ્રવ્યોની પર્યાયો ક્રમબદ્ધ સિદ્ધ થઈ જશે. પરંતુ તેઓ આમ થવા દેવા ચાહતા નથી, જેથી તેઓ કેવળજ્ઞાનના સામર્થ્ય ઉપર ઉક્ત પ્રકારની શંકાઓ કરવા લાગ્યા છે. પરંતુ તેઓ આવી શંકા કરતી વેળા એ ભૂલી જાય છે કે જૈનધર્મમાં તત્ત્વપ્રરૂપણાનો આધાર જ કેવળજ્ઞાન છે."

ભાઈ! 'સ્વામી કાર્તિકેય-અનુપ્રેક્ષા' માં સ્પષ્ટ કહ્યું છે કે જે દ્રવ્યની જ્યાં જે ક્ષેત્રે, જે કાળે જે પર્યાય, જે રીતે, જે પ્રકારે થવાની હોય ત્યાં તે કાળે તે જ થાય છે; અને આવું જે માને તે સમ્યગ્દષ્ટિ છે. આડી-અવળી થાય, વા આનાથી આ થાય-એવું માને તે કુદષ્ટિ છે.

અહીં કહે છે-પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા જ્ઞાનગુણના સ્વભાવથી ભરેલો ચેતયિતા છે તે જ્ઞાનસ્વભાવે ઉપજે છે. અહાહા....! આત્મા કેવળજ્ઞાનની પર્યાયે ઉપજે છે ત્યાં પરદ્રવ્ય-લોકાલોક આખું-નિમિત્ત છે, પણ લોકાલોક છે માટે કેવળજ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. તથા લોકાલોક પરિણમે છે તેને કેવળજ્ઞાન નિમિત્ત છે, પણ કેવળજ્ઞાનની પર્યાય છે માટે લોકાલોક પરિણમે છે એમ નથી. અરસપરસ બન્ને નિમિત્ત છે, પણ ત્યાં કર્તાકર્મભાવ નથી. બન્ને પરસ્પર અનુકૂળ સાથે રહેલ છે, બસ. આત્મસિદ્ધિમાં શ્રીમદે કહ્યું છે કે-

નય નિશ્ચય એકાન્તથી આમાં નથી કહેલ,
એકાન્તે વ્યવહાર નહિ, બન્ને સાથે રહેલ.

બન્ને સાથે રહેલ છે. એનો અર્થ શું? કે આનાથી આ છે એમ નથી. દ્રવ્ય-સંગ્રહની ગાથા ૪૭ માં આવે છે કે-નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ-બન્ને ધ્યાનમાં પ્રગટ થાય છે. હવે એમાં વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી એમ છે જ ક્યાં? સ્વરૂપની દષ્ટિ ને રમણતા થતાં નિશ્ચય રત્નત્રય પ્રગટ થાય છે અને ત્યારે તે જ કાળે જે રાગ બાકી રહ્યો છે તેને આરોપ કરીને વ્યવહારથી વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આ પ્રમાણે નિશ્ચય-વ્યવહાર બન્ને સાથે વિદ્યમાન છે. વ્યવહારનો રાગ જે તે કાળે છે તેને નિમિત્ત કહેવામાં આવે છે.

હમણાં હમણાં કોઈ પંડિતો સ્વીકારવા લાગ્યા છે-એમ કે સોનગઢવાળાઓ નિમિત્ત માનતા નથી એમ નથી, નિમિત્ત છે, પણ નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થાય છે એમ માનતા નથી. હા, ભાઈ! એમ જ છે. જ્ઞાનની પરિણતિ થાય ત્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ નિમિત્ત છે અને રાગને જ્ઞાનની પરિણતિ નિમિત્ત છે; પણ જ્ઞાનથી રાગ થયો કે રાગથી જ્ઞાન થયું એમ છે નહિ. અહીં ચેતયિતા શબ્દ છે, ચેતયિતા શબ્દથી જ્ઞાનનું જે પરિણમન થયું એની અહીં વાત છે. ચેતયિતા જ્ઞાનરૂપે પરિણમ્યો તે રાગને નિમિત્ત છે, અને તેને રાગ નિમિત્ત છે; પણ કર્તાકર્મ નહિ. અહા! ભગવાન કેવળીના શ્રીમુખેથી જે ઇન્દ્રો, મહામુનિવરો અને ચાર જ્ઞાનના ધણી ગણધરોએ સાંભળી તે આ વાત છે, મહા સૂક્ષ્મ ને ગંભીર! અહા! ચાર જ્ઞાનના ધણી ભગવાન ગણધરદેવ અતિ નમ્ર થઈ જે વાણી સાંભળવા બેસે તેની શી વાત! અહા! તે અસાધારણ અલૌકિક આ વાત છે.

અહા! ધર્મી પુરુષની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે. તેને રાગની એકત્વબુદ્ધિનું પરિણમન નથી. અહા! તેને સમયસમયનું ક્રમબદ્ધ જે જ્ઞાનનું પરિણમન થાય છે તેમાં તે, તે તે કાળે જે રાગ છે તેને તે (પૃથક) જાણે છે. ત્યાં જે રાગ છે તે જ્ઞાનના પરિણમનમાં નિમિત્ત છે બસ. તે તે રાગને જ્ઞાનના પરિણમનમાં નિમિત્ત કહેવામાં આવે છે. એનો અર્થ એ કે એ બન્ને સાથે છે. બાકી રાગ કર્તા ને જ્ઞાનનું જે પરિણમન થયું તે કાર્ય એમ નથી; તથા જ્ઞાન કર્તા ને જે રાગ થયો તે કાર્ય એમ પણ નથી. ખરેખર તો જ્ઞાનનું પરિણમન તે કાર્ય અને ભગવાન આત્મા તેનો કર્તા-એમ કહીએ એ પણ ભેદ-ઉપચાર છે. વાસ્તવમાં જ્ઞાનની પરિણતિનો કર્તા તે પરિણતિ પોતે છે; આત્માને તેનો કર્તા કહેવો તે ભેદોપચાર છે, વ્યવહાર છે. આવી ગજબ વાત છે પ્રભુ! સત્ જ આવું છે; ભગવાને જેવું ભાળ્યું તેવું ભાખ્યું છે, અને તે આ છે.

અહા! આમાં તો પર્યાય-પર્યાયની સ્વતંત્રતાનો ઢંઢેરો પીટયો છે. અહા! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા-તેની જ્ઞાનની પર્યાય ક્રમબદ્ધ થાય તે સ્વતંત્ર છે. રાગ છે માટે જ્ઞાન થાય છે એ તો ક્યાંય દૂર રહ્યું, દ્રવ્ય (ત્રિકાળી) છે માટે તેની જ્ઞાનની પર્યાય થાય છે એમ પણ નથી; કેમકે દ્રવ્ય તો સદાય છે, છતાં પરિણતિ એકરૂપ થતી નથી, ભિન્ન ભિન્ન થાય છે. પર્યાય ભિન્ન ભિન્ન થાય છે એ પર્યાયનું પોતાનું સ્વતંત્ર કાર્ય છે એમ સિદ્ધ કરે છે. આવી વાત બહુ ઝીણી!

હવે આવું, બહારમાં રસ હોય એટલે માણસને આકરું લાગે એટલે કહે કે- દયા કરો ને દાન કરો ને વ્રત કરો ને ઉપવાસ કરો ઇત્યાદિ. પણ બાપુ! એ ધર્મ નથી, એવું એવું તો અનંતવાર કર્યું પ્રભુ! પણ એ તો બધી રાગની ક્રિયા ભગવાન! અહીં કહે છે-એ તારા જ્ઞાનસ્વભાવના પરિણમનમાં નિમિત્તપણે જાણવાલાયક છે, બસ. વળી તે રાગની ક્રિયામાં જ્ઞાનનું પરિણમન પણ નિમિત્ત તરીકે છે, એણે રાગ ઉત્પન્ન કર્યો છે એમ નથી. અહાહા.....! આ સમયસાર તો અપાર ગંભીર, જાણે કેવળજ્ઞાનનો કક્કો!!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભાઈ! આ તો મારગ જુદી જાતનો છે બાપા! અરેરે! માર્ગના ભાન વિના એ અનંતકાળથી આથડી મર્યો છે. શ્રીમદે કહ્યું છે ને કે–

અનંતકાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન.

અરેરે! સંતોએ –આચાર્ય ભગવંતોએ કહેલી વાત એણે માની નહિ? સાંભળીય નહિ! ! અહીં કહે છે–ભાઈ! એક વાર પ્રસન્નચિત્ત થઈ તારી પ્રભુતાની વાત અંતરમાં પ્રીતિ લાવીને સાંભળ. અહાહા...! પોતે ભગવાન અંદર જ્ઞાનાનંદની લક્ષ્મીનો ભંડાર શુદ્ધ એક જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. તેને જેણે જોયો ને જાણ્યો તેને જાણવાની (નિર્મળ) પર્યાય પ્રગટ થઈ છે. હવે તેને જે દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિનો જે વિકલ્પ ઉઠયો તે, અહીં કહે છે, જ્ઞાન પર્યાયમાં નિમિત્ત કહેવામાં આવે છે; અને તે વિકલ્પરૂપ રાગના પરિણામને જ્ઞાનની પર્યાય નિમિત્ત કહેવામાં આવે છે; અર્થાત્ જ્ઞાનની પર્યાય છે તે રાગને કરતી નથી, પૃથક્ છે; ને રાગની પર્યાય છે તે જ્ઞાનને કરતી નથી, પૃથક્ છે. જ્ઞાનથી રાગ ભિન્ન જ રહી જાય છે. આવી વાત! અત્યારે તો સાંભળવા મળવી પણ દુર્લભ છે.

ભાઈ! જેને અંતરંગમાં નિશ્ચય પરિણમ્યો છે તેને બાહ્ય વ્યવહાર નિમિત્ત છે, પણ જેને નિશ્ચય ધ્રુવ અંતરંગતત્ત્વનું જ્ઞાન જ નથી તેને નિમિત્ત કોનો કહેવો? તેને વ્યવહાર નિમિત્ત કેમ કહીએ? ઓહો! ભગવાનનો મારગ ખૂબ ઊંડો, ગંભીર ને સૂક્ષ્મ છે. વસ્તુ અનંત અનંત શક્તિઓનો પિંડ પ્રભુ આત્મા અતિ સૂક્ષ્મ, ને તેના આશ્રય વડે ઉત્પન્ન માર્ગ પણ સૂક્ષ્મ ને ગંભીર છે. કહે છે–આત્માના આશ્રયે જે અબંધ પરિણામ પ્રગટ થયા તેમાં બંધના પરિણામ નિમિત્ત છે, ને બંધના પરિણામને જીવના અબંધ પરિણામ નિમિત્ત છે. ગજબ વાત છે. નિમિત્ત છે એટલે બંધના પરિણામ અબંધને કે અબંધના પરિણામ બંધને કરે એમ નહિ. એ તો બેય સાથે છે બસ. અહો! દિગંબર સંતોએ વીતરાગભાવની રેલમછેલ કરી છે.

ભગવાન આત્મા અનંતશક્તિની ખાણ છે. એવા શક્તિમાન પ્રભુનો જ્યાં સ્વ-સંવેદનપ્રત્યક્ષ અનુભવ થયો ત્યાં જે જ્ઞાન ને આનંદની પર્યાય પ્રગટી તે મોક્ષમાર્ગ; સ્વાનુભવની દશા તે મોક્ષમાર્ગ ને જે રાગની દશા રહી તે સંસાર છે. સમયસાર નાટકમાં કહ્યું છે કે–છઠ્ઠા ગુણસ્થાને જેટલો મહાવ્રતાદિનો વિકલ્પ ઉઠે છે તે બધો જગપંથ છે. જ્યાંસુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાંસુધી કિંચિત્ રાગ હોય છે, ભક્તિ, વ્રત, તપ આદિનો વિકલ્પ હોય છે, પણ છે એ સંસાર. અને જેટલો સ્વ–આશ્રય થયો, જેટલી સ્વ-અનુભવની દશાની સ્થિરતા થઈ તેટલો મોક્ષનો મારગ થયો; તે મોક્ષનું કારણ હોવાથી મોક્ષસ્વરૂપ છે. કહ્યું છે ને કે–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હૈ રસ-કૂપ;
અનુભવ મારગ મોખનો, અનુભવ મોખસ્વરૂપ.

પ્રવચનસારમાં પણ મોક્ષના માર્ગને મોક્ષતત્ત્વ કહ્યું છે.

મોક્ષનું કારણ છે તે મોક્ષસ્વરૂપ છે, અને વ્યવહારરત્નત્રયનો જે રાગ છે તે સંસાર છે, જગપંથ છે. ભાઈ! આ તારા સુખના પંથની રીત કહી છે. ભાઈ! તારા જ્ઞાનમાં નિશ્ચય તો કર કે વસ્તુ આવી છે, મારગ આવો છે. અહીં કહે છે -

ચેતયિતા, પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઉપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના) સ્વભાવના પરિણામ વડે ઉપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના) સ્વભાવથી જાણે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

અહાહા...! જેમ જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ છે તે જ્ઞાનસ્વભાવથી ભરેલો ભગવાન પોતે છે તેના આશ્રયે થઈ છે, વ્યવહારરત્નત્રયથી નહિ; તેમ ચેતયિતાના પરિણામ જેને નિમિત્ત છે એવો જે રાગ તે પોતાના (-રાગના, વિભાવના પૌદ્ગલિક) સ્વભાવથી ઉત્પન્ન થાય છે, આત્માથી નહિ. વ્યવહારરત્નત્રયનો રાગ પુદ્ગલથી (પુદ્ગલના આશ્રયે) ઉત્પન્ન થયો છે. રાગ કે જે પુદ્ગલસ્વભાવ છે તેને, અહીં કહે છે, પોતાના જ્ઞાનસ્વભાવથી ચેતયિતા જાણે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે. ચેતયિતા પોતાની જ્ઞાન-પર્યાયથી રાગાદિ પરદ્રવ્યને જાણે છે એમ કહીએ તે વ્યવહાર છે એમ કહે છે. અહાહા....! પુદ્ગલસ્વભાવ એવા રાગને કરે છે એ વાત તો છે નહિ, આત્મા પોતાના જ્ઞાનસ્વભાવના પરિણમનથી રાગને જાણે છે એમ કહીએ એય વ્યવહાર છે. બારમી ગાથામાં આવી ગયું ને કે તે તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એ વાત અહીં સિદ્ધ કરી છે. જાણવાના સ્વભાવથી પરિણમેલા ભગવાન આત્માના જ્ઞાનપરિણામને રાગ કરે નહિ, રાગને જ્ઞાન કરે નહિ; પરંતુ આત્મા રાગને-પુદ્ગલદ્રવ્યને જાણે છે એમ કહેવામાં આવે છે તે વ્યવહાર છે. લ્યો, આવી વાત છે. સમજાણું કાંઈ....?

'વળી (જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે દર્શનગુણનો વ્યવહાર કહેવામાં આવે છેઃ-

જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઉપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત-આદિના) સ્વભાવના પરિણામ વડે ઉપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે;' .......

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જુઓ, શ્વેતગુણથી ભરેલી ખડી છે તે પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે થતી નથી; તેમ જ તે ખડી ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવરૂપ કરતી નથી. તો શું છે? તો કહે છે-ખડી સ્વભાવથી જ પોતાની સફેદાઈપણે ઉપજે તેમાં ભીંત-આદિ પરદ્રવ્ય નિમિત્ત છે; ને પોતાના સ્વભાવે ઉપજતા ભીંત-આદિ પરદ્રવ્યને ખડીની સફેદાઈ નિમિત્ત છે. અરસપરસ નિમિત્ત છે એટલું; કોઈ કોઈનું કાંઈ કરે એમ નહિ. આ પ્રમાણે નિમિત્ત હોવાથી ખડી ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવથી સફેદ કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે. આ દ્રષ્ટાંત કહ્યું, હવે સિદ્ધાંત કહે છેઃ-

'તેવી રીતે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઉપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના) સ્વભાવના પરિણામ વડે ઉપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના (-ચેતયિતાના) સ્વભાવથી દેખે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.'

જુઓ, શું કહે છે? કે ચેતયિતા-ભગવાન આત્મા-અહાહા.....! આત્મા તો જ્ઞાનાનંદલક્ષ્મીનો નાથ પ્રભુ સ્વરૂપથી ભગવાન જ છે. અમે તો આત્માને ભગવાન જ દેખીએ ને કહીએ છીએ. સમયસાર, ગાથા ૭૨ ની ટીકામાં આચાર્યદેવે આત્માને ત્રણવાર 'ભગવાન આત્મા' કહીને બોલાવ્યો છે. ત્યાં ત્રણ બોલ લીધા છે. એમ કે - ૧. આસ્રવો-દયા, દાન, ભક્તિ આદિ વિકલ્પો અશુચિ છે, ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાયક પ્રભુ અત્યંત શુચિ છે.

૨. આસ્રવો જડસ્વભાવ હોઈ ચૈતન્યથી અન્યસ્વભાવવાળા છે, ભગવાન આત્મા સદાય શુદ્ધ ચૈતન્યસ્વભાવમય છે.

૩. આસ્રવો આકુળતાને ઉપજાવનારા એવા દુઃખના કારણો છે, ભગવાન આત્મા સદાય નિરાકુળસ્વભાવ હોવાથી દુઃખનું અકારણ જ છે. આ પ્રમાણે ત્રણ બોલ દ્વારા ત્યાં આત્માને 'ભગવાન આત્મા' કહ્યો છે.

અહાહા....! જેમ ઝૂલામાં બાળકને માતા ઝૂલાવે ત્યારે તેની પ્રશંસાનાં ગીત ગાઈને માતા તેને ઉંઘાડી દે છે; તેમ અહીં પરમાત્મા 'ભગવાન આત્મા' નાં ગીત ગાઈને ભવ્ય જીવોને ઉંઘમાંથી જગાડે છે. અહાહા....! જાગ રે જાગ નાથ! તું તો ભગવાનસ્વરૂપ છે. રાગમાં એકતાબુદ્ધિ કરે એ તને ન શોભે. પંચમહાવ્રતના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરિણામ પણ અશુચિ છે, જડ છે, દુઃખનાં જ કારણ છે. અહાહા....! વ્યવહારના પક્ષવાળા રાડ નાખી જાય એવી વાત છે ને? પણ ભાઈ! વિકલ્પની જે વૃત્તિ ઉઠે છે તે જડ છે અને એનાથી ભિન્ન પડી સ્વાનુભવ કરવો ને સ્વમાં જ રહેવું એ જ આ મનુષ્યભવમાં કરવા જેવું કર્તવ્ય છે.

ધર્મી પુરુષને દયા, દાન, વ્રત, ભક્તિ ઇત્યાદિના વિકલ્પ આવે છે ખરા, પણ તે વિકલ્પ તેના જ્ઞાનનું જ્ઞેય છે, શ્રદ્ધાનમાં હેય છે અને ચારિત્રની અપેક્ષાએ તે દોષ છે, ઝેર છે. ધર્માત્મા પુરુષ કણમાત્ર રાગને હેય જ જાણે છે, માને છે.

ત્યારે કોઈ પંડિત વળી શુભભાવને-પુણ્યભાવને ઉપાદેય માને છે.

અરે ભગવાન! તું શું કહે છે? અહીં તો સ્પષ્ટ વાત છે કે રાગમાત્ર હેય છે, કેમકે રાગ અશુચિ છે, જડસ્વભાવ છે ને દુઃખનું કારણ છે. અહાહા....! ધ્રુવના ધ્યાન વિના ત્રણકાળમાં સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી; નિમિત્તથી નહિ, શુભરાગથી નહિ ને પર્યાયના લક્ષથી પણ સમ્યગ્દર્શન થતું નથી; એકમાત્ર નિત્યાનંદ ધ્રુવધામ પ્રભુ આત્માની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આવી વાત છે. સમજાણું કાંઈ....?

અહાહા....! ભગવાન આત્મા સદા નિરાકુળસ્વભાવ છે તે રાગનું કારણેય નથી ને રાગનું કાર્ય પણ નથી. શું કીધું? નિરાકુળ આનંદનો નાથ પ્રભુ આત્મા રાગનું કારણ નથી. આત્મા કારણ અને રાગ તેનું કાર્ય એમ નથી. અહાહા....! શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવી વસ્તુ મલિન રાગનું કારણ કેમ થાય? વળી વ્યવહારરત્નત્રયનો રાગ કારણ ને નિશ્ચયરત્નત્રય એનું કાર્ય એમ પણ નથી. આ તો ભગવાનની વાણી બાપુ! વિદેહમાં જઈને શ્રી કુંદકુંદ પ્રભુ આ લઈ આવ્યા છે. તેમાં આ કહે છે કે ભગવાન આત્મા રાગનું કારણ પણ નથી, કાર્ય પણ નથી. માર્ગ તો આવો છે પ્રભુ! ભગવાનનું તત્ત્વજ્ઞાન અતિ સૂક્ષ્મ છે, પણ શું થાય? તત્ત્વદ્રષ્ટિ થયા વિના એના જન્મ-મરણના અંત આવે એમ નથી.

અહીં કહે છે-ભગવાન આત્મા દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું એક દ્રવ્ય છે. આમાં 'દર્શન' શબ્દ વડે દર્શનગુણ ને શ્રદ્ધાગુણ -એમ બન્નેની વાત છે. અહાહા....! દેખવાના સ્વભાવથી પરિપૂર્ણ ને શ્રદ્ધાના સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો એવો ભગવાન આત્મા છે. તો શું કહે છે? કે આવો આત્મા ચેતયિતા પ્રભુ પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવરૂપે પરિણમતો નથી. અહાહા....! જેમ શ્વેતગુણથી ભરેલી ખડી ભીંતરૂપે થતી નથી તેમ ભગવાન આત્મા શરીરાદિ કે રાગાદિરૂપે થતો નથી. ભાઈ! આત્મા વ્યવહારરત્નત્રયના વિકલ્પપણે થતો નથી.

વળી પુદ્ગલાદિ પરદ્રવ્યને આત્મા પોતાના સ્વભાવરૂપે પરિણમાવતો-કરતો નથી. અહાહા...! આ શરીર તો હાડ-માંસ ને ચામડાં પ્રભુ! તે-રૂપે આત્મા થતો નથી એ તો ઠીક, શુભરાગના સ્વભાવે પણ આત્મા થતો નથી તથા રાગને, શરીરાદિને પોતારૂપ કરતો નથી. આવી સૂક્ષ્મ વાત! ભાઈ! રાગ જે ઉત્પન્ન થાય છે તેને પરમાત્મા પુદ્ગલ કહે છે. જડસ્વભાવ છે ને? તેથી પુદ્ગલના પરિણામ કહીને તેને પુદ્ગલ કહી દીધો છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ એક ચૈતન્યસ્વભાવ છે અને પર્યાયમાં રાગ જે ઉત્પન્ન થાય છે તે જડ હોવાથી પુદ્ગલસ્વભાવ છે. ભાઈ! આ શરીરાદિ ને પૈસા-ધૂળ વગેરે તો પુદ્ગલમય છે, પણ રાગ જે થાય છે તેય પુદ્ગલમય છે આવી વાત!

ત્યારે બોટાદમાં એક વાર કોઈએ પ્રશ્ન કર્યો હતો કે -મહારાજ! તમે પૈસાને ધૂળ, ધૂળ-એમ વારંવાર કહો છો, પણ પૈસા વિના કાંઈ ચાલે છે?

ત્યારે કીધું 'તું કે-ભાઈ! ભગવાન આત્મા સદાય પોતાના શુદ્ધ એક ચૈતન્યસ્વભાવથી અસ્તિરૂપ છે અને લક્ષ્મી-ધૂળ આદિથી નાસ્તિપણે છે. આ બધા કરોડપતિઓ એમ માને કે અમે લક્ષ્મીપતિ છીએ, પણ ધૂળેય લક્ષ્મીપતિ નથી; કેમકે લક્ષ્મી-ધૂળનો આત્મામાં કદીય પ્રવેશ થઈ શકતો નથી, અરે! એ બન્નેને પરસ્પર અડવાનોય સંબંધ નથી. બાપુ! અનંતકાળમાં તું લક્ષ્મી વિના જ રહ્યો છે, જો લક્ષ્મી તારી થઈ જાય તો તું જડ જ થઈ જાય. લક્ષ્મી વિના ન ચાલે એમ તું માને એ તો તારું પાગલપણું છે; એમ માનનારા કરોડપતિઓય બધા પાગલ જ છે. શું થાય? આકરું લાગે પણ આ વસ્તુસ્વરૂપ છે.

ભાઈ! તારી સમૃદ્ધિ અને તારા વૈભવની વાત તું એક વાર સાંભળ. અહાહા....! જ્ઞાન અને આનંદની ત્રિકાળી સંપદાથી ભરેલો ચૈતન્યનિધિ પ્રભુ તું ભગવાન આત્મા છો. અહાહા.....! આવી નિજ ચૈતન્યસંપદાને છોડીને, અહીં કહે છે, આત્મા પુદ્ગલાદિરૂપ ને રાગાદિરૂપ કદી થતો નથી. કોઈ ગમે તે માનો, આત્મા સદા એક જ્ઞાયકસ્વરૂપે જ રહ્યો છે. પ્રવચનસાર, ગાથા ૨૦૦ ની ટીકામાં આચાર્ય ભગવાન કહે છે કે:- જે અનાદિ સંસારથી આ જ સ્થિતિએ (જ્ઞાયકભાવપણે જ) રહ્યો છે અને જે મોહ વડે અન્યથા અધ્યવસિત થાય છે, તે શુદ્ધ આત્માને, આ હું મોહને ઉખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો, યથાસ્થિત જ (જેવો છે તેવો જ) પ્રાપ્ત કરું છું.

અરે ભાઈ! ત્રિલોકીનાથ પરમાત્માનાં આ કહેણ આવ્યાં છે તેનો તું સ્વીકાર કર. મોટા ઘરનું કહેણ આવે તો જેમ લોકમાં સગપણ કરે જ, પાછું ન ઠેલે, તેમ આ ભગવાનનાં કહેણ આવ્યાં છે તેને તું પાછાં ન ઠેલ. અહાહા.....! કહે છે-પ્રભુ!

તું જ્ઞાન-આનંદની લક્ષ્મીથી ભરેલો ભગવાન છો, રાગરૂપે તું કદીય થયો નથી, ને રાગને કદીય પોતારૂપ કરતો નથી. અહા! રાગનું વેદન છે તે પર્યાયમાં છે, પણ ભગવાન આત્મા તો સદાય નિરાકુળસ્વભાવ એક જ્ઞાયકપણે રહ્યો છે.

અહા! દૃષ્ટિના વિષયની અપેક્ષાએ દુઃખનું-રાગનું વેદન છે તે આત્માને નથી, પણ જ્ઞાનની અપેક્ષાથી જુઓ તો સમ્યગ્દૃષ્ટિને જેટલો રાગ આવે છે એટલું ત્યાં એને દુઃખનું વેદન પણ છે. અહા! દિગંબર મુનિરાજ કે જેને ત્રણ કષાયના અભાવની વીતરાગી શાન્તિમાં નિવાસ છે તેને પંચમહાવ્રતાદિનો જેટલો વિકલ્પ ઉઠે છે એટલું દુઃખ છે અને તે જગપંથ છે. સમયસાર નાટકમાં કહ્યું છે કે-

'તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર;
પરમાદી જગકૌ ધુકૈ, અપરમાદિ સિવ ઓર.'

અહા! જેટલો પ્રમાદનો વિકલ્પ છે તે જગપંથ છે. હવે આવી વાત ઓલા શુભની રુચિવાળાને આકરી પડે પણ બાપુ! એ તો તારી કાયરતા છે. શાસ્ત્રમાં શુભભાવની રુચિવાળાને કાયર-નપુંસક કહ્યા છે. સમયસારમાં (ગાથા ૩૯ થી ૪૩ની ટીકામાં) "આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા....." ઇત્યાદિ વચન આવે છે તેમાં રાગને પોતારૂપ માનનાર મૂઢ જીવ નપુંસક છે એમ કહ્યું છે. છે કે નહિ અંદર? ભાઈ! તેને નપુંસક કહ્યો છે કેમકે જેમ નપુંસકને પ્રજા થતી નથી તેમ એને-પુણ્યની રુચિવાળાને-ધર્મની પ્રજા પાકતી નથી. અહા! તેનું વીર્ય સ્વરૂપની રચના કરવાનું કામ કરતું નથી.

જેની દૃષ્ટિ અંદર શુદ્ધ ચૈતન્યસ્વભાવમય આત્મા ઉપર છે તેને રાગ આવે ત્યારે પુણ્ય બંધાય તે પુણ્યાનુબંધી પુણ્ય છે; જેની દૃષ્ટિ રાગ ઉપર છે, જેને શુભની રુચિ છે, તેને રાગ આવે ત્યારે પુણ્ય બંધાય તે પાપાનુબંધી પુણ્ય છે. લ્યો, બેમાં આવડો મોટો ફેર છે. અરે! જૈનધર્મ શું ચીજ છે એની લોકોને ખબર નથી. અંદર આનંદનો નાથ નિર્મળાનંદ પ્રભુ આત્મા છે તેની દૃષ્ટિ ને તેની જ રમણતા કરવાથી ધર્મ થાય છે, રાગની રુચિવાળા તો મિથ્યાત્વભાવમાં રહેલા છે. રાગથી પોતાનું ભલું થવાનું માનનારા તો મૂઢ નપુંસક છે, તેમને ધર્મની પ્રાપ્તિ થતી નથી. આવો મારગ! અહાહા....! આ સમયસારમાં તો તત્ત્વજ્ઞાનના દરિયા ભર્યા છે.

અહા! દર્શનગુણથી ભરેલા આત્માની જેને દૃષ્ટિ થઈ તે રાગને પોતારૂપ કરતો નથી, અને પોતે રાગરૂપ થતો નથી. દર્શનગુણના સ્વભાવથી ભરેલા આત્માની દૃષ્ટિ થતાં દર્શનગુણની દેખવાની-શ્રદ્ધવાની જે પર્યાય પ્રગટ થઈ તે પર્યાયમાં રાગાદિ ભાવ નિમિત્ત છે. નિમિત્ત છે એટલે તે દૃષ્ટિની નિર્મળ પર્યાય કાંઈ નિમિત્તથી થઈ છે એમ

અર્થ નથી. નિમિત્ત એક બીજી ચીજ છે બસ, પણ નિમિત્ત કાંઈ જીવની પર્યાયને કરતું નથી. તેવી રીતે રાગના પરિણામ છે તેમાં દર્શનગુણની પર્યાય નિમિત્ત છે, ત્યાં દર્શનગુણના કારણે રાગ થયો છે એમ નથી. અહા! અરસપરસ નિમિત્ત છે, પણ દર્શનગુણના કારણે રાગ નહિ ને રાગના કારણે દર્શનગુણની પર્યાય નહિ. બન્ને ભિન્ન ભિન્ન ચીજ છે. અહો! આ અલૌકિક વાત છે. કહે છે–

ચેતયિતા, પોતાના (–પુદ્ગલાદિના) સ્વભાવ વડે ઉપજતા પુદ્ગલાદિ દ્રવ્યને પોતાના (અર્થાત્ ચેતયિતાના) સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે. રાગની શ્રદ્ધા કરે છે એમ કહીએ તે વ્યવહાર છે. શ્રદ્ધા તો સ્વસ્વરૂપની પોતાની છે, પણ નિમિત્તની મુખ્યતામાં જે કહેવાય છે કે રાગની શ્રદ્ધા કરે છે'–તે વ્યવહાર છે. સ્વસ્વરૂપનું પોતાનું શ્રદ્ધાન-દર્શન તે નિશ્ચય છે. આવી વાત છે.

'વળી (જેવી રીતે જ્ઞાન-દર્શનગુણનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છેઃ–

જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઉપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (–ભીંત-આદિના) સ્વભાવના પરિણામ વડે ઉપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (–ખડીના–) સ્વભાવથી શ્વેત કરે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે;....'

અહાહા....! શ્વેતગુણના સ્વભાવથી ભરેલી ખડી ભીંત-આદિને શ્વેત કરે છે એમ કહેવામાં આવે છે તે, કહે છે, વ્યવહાર છે. વાસ્તવમાં તો પોતાના શ્વેત સ્વભાવે પરિણમતી ખડી પોતાની સફેદાઈને કરે છે, તે કાંઈ ભીંત-આદિરૂપે થતી નથી, ને ભીત-આદિને પોતારૂપ કરતી નથી. શું કીધું? ખડી કાંઈ ભીંતમાં પ્રવેશતી નથી, ને ભીંત-આદિને પોતાની સફેદાઈરૂપ કરતી નથી. હા, ખડી ને ભીંત-આદિ અરસપરસ નિમિત્ત છે. નિમિત્ત હો. પણ તેઓ એકબીજાનું કાંઈ કરતાં નથી. આવું જ વસ્તુસ્વરૂપ છે, માટે ખડી ભીંત-આદિને શ્વેત કરે છે એમ માત્ર વ્યવહારથી-ઉપચારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ...? આ દ્રષ્ટાંત કહ્યું. હવે સિદ્ધાંત કહે છેઃ–

'તેવી રીતે જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે એવો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને

પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનદર્શનગુણથી ભરેલા પર-અપોહનાત્મક (-પરના ત્યાગસ્વરૂપ-) સ્વભાવના પરિણામ વડે ઉપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઉપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.'

અહાહા...! શું કહે છે? આત્માનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે. આ વ્યવહારરત્નત્રયના વિકલ્પ છે ને? અહીં કહે છે-એના અભાવસ્વરૂપ આત્માનો સ્વભાવ છે. ભાઈ! પંચમહાવ્રતના પરિણામ છે એ રાગ છે, એ કાંઈ આત્માના નિર્મળ પરિણામરૂપ ચારિત્ર નથી. નિજ સ્વરૂપમાં રમતાં-સ્થિર થતાં જે અતીન્દ્રિય આનંદનો ભરપુર-પ્રચુર સ્વાદ આવે તેનું નામ ચારિત્ર છે. ભાઈ! શુભરાગ ચારિત્ર તો નહિ, શુભરાગથી ચારિત્ર થાય એમ પણ નહિ. ચારિત્ર નામ નિર્મળ રત્નત્રયની પ્રગટતા થતાં રાગનો ત્યાગ કર્યો એમ જે કહીએ તેય કથનમાત્ર છે.

'चारित्तं खलु धम्मो'-અહાહા....! પરિણતિ આનંદસ્વરૂપી બાગમાં કેલિ કરે એનું નામ ચારિત્ર છે અને તે ધર્મ છે. અહાહા....! આનંદધામ પ્રભુ આત્મારામ છે; તેમાં પોતે અતીન્દ્રિય આનંદના સ્વાદની રમતુ કરે એનું નામ ચારિત્ર છે. ભાઈ! સમ્યગ્દર્શનમાં અલ્પ આનંદનો સ્વાદ છે, જ્યારે ચારિત્રમાં તો સ્વરૂપ-રમણતાનું અતિ ઉગ્ર આનંદનું વેદન હોય છે. આવું ચારિત્ર તે ધર્મ છે અને તે સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. અહાહા....! ધ્રુવધામને ધ્યેય બનાવી ધધકતી ધુણી ધીરજથી ધખાવે તે ધર્મીને ધન્ય છે. આવો વીતરાગનો મારગ છે.

અહાહા...! ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણથી પરિપૂર્ણ ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. આ શરીર છે એ તો એકલા હાડ-ચામ-માંસથી અંદર ભરેલું છે; તેના અભાવસ્વભાવરૂપ ભગવાન આત્મા છે. અહાહા...! શું કીધું? આ શરીર, મન, વાણી, ઈન્દ્રિય ઇત્યાદિ પરદ્રવ્યના અભાવસ્વભાવરૂપ ભગવાન આત્મા છે. અર્થાત્ ભગવાન આત્મા શરીરાદિ પરના ગ્રહણ-ત્યાગથી રહિત છે; એ તો ઠીક, અહીં કહે છે-તે રાગના ગ્રહણ-ત્યાગથી પણ રહિત છે. ભાઈ! શુભાશુભ રાગના અભાવસ્વભાવરૂપ ભગવાન આત્મા છે. હવે આમ છે ત્યાં રાગનો ત્યાગ કરવો એ ક્યાં રહ્યું? બહુ સૂક્ષ્મ વાત ભાઈ! આ તો ધીરાનાં કામ બાપા! વ્યવહારરત્નત્રયના પણ અભાવસ્વભાવરૂપ ભગવાન આત્મા છે.

અહીં કહે છે-આવો ભગવાન આત્મા, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે

થતો નથી અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે પરિણમાવતો નથી. અહાહા....! ત્રિકાળ રાગના અભાવસ્વભાવરૂપ એવો ભગવાન આત્મા પોતે રાગના સ્વભાવે થતો નથી અને રાગને પોતાના સ્વભાવરૂપે પરિણમાવતો નથી. આ પ્રમાણે રાગ ભગવાન આત્માથી અત્યંત ભિન્ન છે, એમાં ચૈતન્યનો સદાય અભાવ છે. જેમ સૂર્યનાં કિરણ સફેદ ઉજ્જ્વળ હોય, કાળાં-અંધારિયાં ન હોય તેમ ભગવાન આત્માનાં જ્ઞાનકિરણ ઉજ્જ્વળ ચૈતન્યમય હોય પણ રાગના અંધકારમય ન હોય. અરે લોકોને ખબર નથી, પણ આત્મા સદાય જ્ઞાન-દર્શન અને વીતરાગતાના સ્વભાવથી ભરેલો ભગવાન છે. અહા! આવો તે પોતે રાગરૂપે કેમ થાય? અને તે રાગને પોતારૂપ-ચૈતન્યરૂપ કેમ કરીને કરે? સ્તવનમાં આવે છે ને કે-

પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ;
નિજ સત્તાએ શુદ્ધ, સૌને પેખતા હો લાલ.

ભગવાન! આપ તો જાણગસ્વભાવ છો; આપ સર્વ જગતને દેખો છો; આ તો ઉપચારથી કહ્યું હોં; બાકી તો સર્વ જીવ નિજ સત્તાથી તો શુદ્ધ એક જ્ઞાયકસ્વભાવ છે. અહાહા...! ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાનાનંદસ્વભાવથી ભરેલો દરિયો છે. તેને કોઈ રાગવાળો, પુણ્યવાળો કે અલ્પજ્ઞ માને એ તો તેને આળ દેવા બરાબર છે. શું કીધું? નિજ જ્ઞાયકસ્વભાવનો ઈન્કાર કરીને તેને રાગવાળો ને પુણ્યવાળો ને અલ્પજ્ઞ માને એ તો એને કલંક લગાડી દીધું. અહા! આવા જીવો મરીને જ્યાં કોઈ તેમને (આ જીવ છે એમ) સ્વીકારે નહિ એવા નિગોદના સ્થાનમાં ચાલ્યા જશે. ભાઈ! અનંત શક્તિનો પિંડ પ્રભુ પોતે પૂરણ જ્ઞાનાનંદસ્વભાવી વસ્તુ તેને રાગવાળો ને પુણ્યવાળો માનવો તે મહા અપરાધ છે અને તેની સજા નરક-નિગોદ છે. "કાકડીના ચોરને ફાંસીની સજા"-એમ વાત નથી આ; હું રાગવાળો ને પૈસાવાળો-એમ માનીને નિજ ચિદાનંદસ્વરૂપનો ઈન્કાર કરે અનાદર કરે તે મહા અપરાધ છે, અને એનું ફળ નિગોદવાસની અનંતકાળની જેલ છે. સમજાણું કાંઈ....?

અહાહા...! જ્ઞાનદર્શનસ્વભાવી ભગવાન આત્મા સદાય વીતરાગસ્વભાવથી પરિપૂર્ણ પ્રભુ છે. તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા થઈ તેને બહારમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ સહચરપણે હોય છે, તેને નિમિત્ત કહેવામાં આવે છે. નિર્મળ રત્નત્રયની પર્યાય પ્રગટ થાય તેમાં વ્યવહારરત્નત્રય નિમિત્ત છે. નિમિત્ત છે એટલે તે નિર્મળ રત્નત્રયની પર્યાય કાંઈ નિમિત્તથી થઈ છે એમ અર્થ નથી. નિમિત્ત એક બીજી ચીજ છે બસ એટલું; બાકી નિમિત્ત કાંઈ જીવની પર્યાયને કરે છે એમ નથી. દૃષ્ટિ, જ્ઞાન ને સ્વસ્વરૂપની રમણતા થઈ એ તો સ્વસ્વરૂપના આશ્રયે પોતાથી જ થઈ છે, એમાં નિમિત્તનું કાંઈ કામ નથી. આવી વાત!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્ત કાંઈ કરતું નથી, તો નિમિત્તને માનવાથી શું કામ છે?

ભાઈ! જગતમાં જેમ આત્મા છે તેમ પુદ્‌ગલાદિ અન્ય દ્રવ્યો પણ છે. તેઓ સર્વ પોતપોતાના સ્વભાવે પરિણમતા થકાં પરસ્પર નિમિત્ત થાય છે; પરસ્પર નિમિત્ત થાય છે એટલે કે પરસ્પર અનુકૂળ રહે છે બસ એટલું, કોઈ કોઈનું કાંઈ કરી દે છે એમ નહિ, કેમકે પોતાનું પરિણામ તો દ્રવ્ય પોતે જ પોતાથી કરે છે. આવો જ વસ્તુનો સ્વભાવ છે. નિમિત્ત-બીજી ચીજ-છે એને ન માને તો વેદાંત જેવું થઈ જાય. વેદાન્ત સર્વવ્યાપક એક આત્માને જ માને છે, બીજી ચીજ માનતો નથી, પણ એવું વસ્તુનું સ્વરૂપ નથી. બીજી ચીજ છે. તેઓ પરસ્પર અનુકૂળ-નિમિત્ત છે, પણ તેઓ એકબીજાનું કાંઈ કરી દે છે એમ નથી. જુઓ, જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તો પુદ્‌ગલાદિ ને રાગાદિ પર બીજી ચીજ છે તેને જ્ઞાન જાણે છે, ત્યા જે જાણવું થાય તેમાં તે તે બીજી ચીજ નિમિત્ત છે, પણ નિમિત્તના કારણે કાંઈ જાણપણું થયું છે એમ નથી. (ભાઈ! નિમિત્તાદિ બીજી ચીજ છે તેને ન માને તે પોતાને-જ્ઞાન-સ્વભાવી આત્માને જ માનતો નથી).

અહીં કહે છે- પરમ વીતરાગસ્વભાવી પ્રભુ આત્માનાં દૃષ્ટિ-જ્ઞાન ને રમણતારૂપ જે શુદ્ધ રત્નત્રય પ્રગટ થયાં તેને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ નિમિત્ત છે; તેમ તે રાગના પરિણામ થાય તેમાં આત્માના પરિણામ નિમિત્ત છે. અહા! અરસપરસ નિમિત્ત છે; ચારિત્રગુણના કારણે રાગ નહિ ને રાગને કારણે ચારિત્ર નહિ. બન્ને ભિન્ન ભિન્ન પદાર્થ છે ને! અહો! આ તો અદ્‌ભુત અલૌકિક વાત છે! કેવળજ્ઞાનને લોકાલોક નિમિત્ત છે, ને લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે; તથાપિ લોકાલોકને કારણે કેવળજ્ઞાન થયું છે એમ નથી, ને કેવળજ્ઞાનને કારણે લોકાલોક છે એમ પણ નથી.

આ ચોખા પાકે-ચઢે છે ને? તેમાં ઉનું પાણી નિમિત્ત છે, પણ નિમિત્તથી ચોખા પાકે છે એમ નથી, ચોખા પોતાની પર્યાયથી પાકે છે; પાણી તો નિમિત્તમાત્ર છે. તેમ પાણી પણ પોતાની અવસ્થારૂપ થયું છે, તેમાં ચોખા નિમિત્તમાત્ર છે. તેવી રીતે નિર્મળ નિરાગ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માનો અનુભવ થતાં તે અનુભવમાં રાગ નિમિત્ત હો, પણ રાગથી અનુભવ થયો છે એમ નથી, તથા આનંદનો જે અનુભવ થયો તે રાગને નિમિત્ત છે, પણ અનુભવના કારણે રાગ થયો છે એમ નથી. આવી વાત! વિશેષ કહે છે -

આત્મા ચેતયિતા પ્રભુ, પોતાના (-પુદ્‌ગલાદિના) સ્વભાવ વડે ઉપજતા પુદ્‌ગલાદિ દ્રવ્યને પોતાના (અર્થાત્ ચેતયિતાના) સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે -એમ વ્યવહાર કરવામાં આવે છે. રાગનો ત્યાગ કરે છે એમ કહીએ તે વ્યવહાર છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

લ્યો, રાગના અભાવસ્વભાવરૂપ પોતે આત્મા છે, તેની રમણતા થતાં રાગ ઉત્પન્ન જ ન થયો તો રાગનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે; તે કથન માત્ર જ છે.

એ રીતે આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે. એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર સમજવા.

## * ગાથા ૩૫૬ થી ૩૬૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે. તેના પરિણામ જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું ઇત્યાદિ છે.'

અહાહા...! શું કહે છે? કે આ આત્મા જે છે તે શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ છે. જેમાં જાણવું-દેખવું થાય એવી ચેતના તે એનો સ્વભાવ છે; કોઈનું કરવું કે કોઈથી પોતાનું કરાવું એવો એનો સ્વભાવ નથી. અહા! આવા નિજ આત્માની અંતર્દષ્ટિ કરી સ્વાનુભવ પ્રગટ કરતો નથી ત્યાં સુધી જીવ ચારગતિ ચોરાસી લાખ યોનિમાં પરિભ્રમણ કરે છે અને પરાધીન થઈ દુઃખી દુઃખી થાય છે.

અહા! શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ ભગવાન આત્મા છે, અને જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવર્તવું ઇત્યાદિ તેના પરિણામ છે. પરિણામ એટલે શું? આ છોકરાંનાં પરીક્ષાનાં પરિણામ આવે તે આ પરિણામ નહિ. આ તો ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય સામાન્ય તે દ્રવ્ય છે, ને જ્ઞાન, દર્શન, ચારિત્ર ઇત્યાદિ એની શક્તિઓ છે. તે શક્તિઓના પરિણમનરૂપ પ્રતિસમય જે જાણવા-દેખવા-શ્રદ્ધવારૂપ પર્યાય થાય તે પરિણામ છે; પુણ્ય-પાપ આદિ વિભાવથી નિવર્તવારૂપ જે પર્યાય થાય તે પરિણામ છે. આવી વાત! સમજાણું કાંઈ...?

અહા! અનંતકાળમાં એણે આવા જ્ઞાન-શ્રદ્ધાન ને પુણ્ય-પાપથી નિવર્તવારૂપ પરિણામ તો કર્યા નહિ, માત્ર પુણ્ય-પાપના ભાવ કરી કરીને સ્વર્ગ-નરકાદિમાં અનંતા ભવ કરી કરીને રઝળી મર્યો છે. અરે! કઈક વાર તે મોટો માંડલિક રાજા થયો, મોટો દેવ પણ થયો, પરંતુ સ્વસ્વરૂપના જ્ઞાન-શ્રદ્ધાન વિના તે આકુળતાની ભટ્ઠીમાં શેકાઈ ગયો. દેખવું, જાણવું, શ્રદ્ધવું ને પુણ્ય-પાપથી નિવર્તવું-એ એના વાસ્તવિક પરિણામ છે, પણ અરે! સ્વરૂપની દષ્ટિ વિના રાગદ્વેષના દાવાનલમાં ચિરકાળથી એની શાંતિ બળી ગઈ! એ મહાદુઃખી થયો.

જુઓ, કહે છે-શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ આત્મા છે અને જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવર્તવું ઇત્યાદિ એના પરિણામ છે. હવે કહે છે-

'ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો, દર્શક નથી કહી શકાતો, શ્રદ્ધાન કરનારો નથી કહી શકાતો, ત્યાગ કરનારો નથી કહી શકાતો; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી.'

જોયું? કહે છે-નિશ્ચયથી એટલે સત્યાર્થદૃષ્ટિથી જોઈએ તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક કહી શકાતો નથી, દર્શક કહી શકાતો નથી. અહાહા....! આત્મા શરીરાદિ પરદ્રવ્યની ક્રિયાનો કર્તા ને કુંટુંબ આદિ પરના પાલનની ક્રિયાનો કર્તા-એ વાત તો દૂર રહો, અહીં કહે છે, પરનું જાણવું એ પણ નિશ્ચયથી આત્માને નથી. અહા! ચૈતન્યસ્વભાવી પ્રભુ પોતે પોતામાં રહીને પોતાને જાણે છે; ત્યાં એવો ભાવ-ભાવકનો ભેદ કરવામાં આવે તેય વ્યવહાર છે. આવી ઝીણી વાત! અરે! એણે સાચી તત્ત્વદૃષ્ટિ અનંતકાળમાં કદી કરી નથી; એકલાં પુણ્ય-પાપ કરે કર્યાં, પણ એ તો સંસારમાં રૂલવાની ચીજ બાપા!

જુઓને આ શું કહે છે? કે પરદ્રવ્યને અને આત્મને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી. અહાહા.....! ભગવાન! તું કોણ છો? સ્વયં સ્વતઃ જાણવા-દેખવાપણે પરિણમે એવી ચૈતન્યમાત્ર વસ્તુ છો ને પ્રભુ! તારે પરદ્રવ્ય સાથે શું સંબંધ છે? અહાહા...! સ્વતંત્ર સત્ એવું પરદ્રવ્ય પોતે પોતાની પર્યાયથી પરિણમે છે અને તું તારી (જાણવા-દેખવારૂપ) અવસ્થાથી પરિણમે છે. પરદ્રવ્ય સદાય તારાથી બહાર જ છે, કેમકે એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયમાં કદી પ્રવેશ કરતી નથી. માટે નિશ્ચયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક કહી શકાતો નથી. ગજબ વાત છે ભાઈ! જ્ઞાન પરદ્રવ્યને જાણે, શરીરને જાણે, રાગને જાણે-એમ કહીએ એ વ્યવહારથી છે, વાસ્તવમાં તો જ્ઞાન પોતે પોતામાં રહીને પોતાને (પોતાના પરિણામને) જાણે છે. હવે આવું છે ત્યાં આત્મા પરની દયા કરે ને દાન કરે એ ક્યાં રહ્યું?

તો પરની દયા પાળવી કે નહિ?

પરની દયા કોણ પાળે પ્રભુ? પરની દયા તું પાળી શકતો નથી. અરે, દયાનો જે ભાવ આવે તેનેય તું કરી શકતો નથી. (એ તો એના કાળે આવે છે બસ). અહીં કહે છે-દયાનો જે ભાવ આવ્યો તેને તું જાણે છે એમ કહીએ એય વ્યવહાર છે. વાસ્તવમાં તો પરસંબંધી જ્ઞાનની પર્યાય સ્વયં પોતાથી થઈ છે, તે, પરજ્ઞેય છે માટે જાણે છે એમ ક્યાં છે? એમ છે નહિ. આવો માર્ગ, લ્યો!

ભાઈ! જરા ધીરો થઈને સાંભળ! તારી ચીજ આનંદકંદ પ્રભુ અંદર એક જ્ઞાયકભાવથી ભરી પડી છે. અહાહા.....! જેમ પાણીમાં શીતળતા ભરી પડી છે તેમ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એક જ્ઞાયકભાવથી ભર્યો પડયો છે; અને જાણવું, દેખવું,

ઇત્યાદિ એના પોતાના પરિણામ છે. હવે જાણવા-દેખવાના પરિણામ, કહે છે, વ્યવહારરત્નત્રયના વિકલ્પને જાણે છે એમ નિશ્ચયથી કહી શકાતું નથી, અર્થાત્ એમ કહીએ તે માત્ર વ્યવહારથી જ છે; કેમકે રાગ ને જાણવાની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે, બન્ને ભિન્ન ચીજ છે. નિશ્ચયથી તો આત્મા પોતાની પર્યાયને જાણે છે. અહાહા...! ત્યાં ભાવક પોતાના ભાવને જાણે છે એવો ભેદ કરીએ એય વ્યવહાર છે. આ તો કેવળીનો મારગ બાપા! બહુ સૂક્ષ્મ ભાઈ! (એમ કે ઉપયોગને સૂક્ષ્મ કર્યા વિના નહિ સમજાય). ભાઈ! ચૈતન્યરતન.... અહાહા......! ચૈતન્યરતન અંદર છે તે તારી દ્રષ્ટિમાં ન આવે ત્યાં સુધી એ પરનું જાણવું-દેખવું એય તને નથી (એમ કે એવો વ્યવહાર પણ કરી શકાતો નથી). અહાહા....! આવો મારગ ઝીણો!

ભાઈ! રાગનો કર્તા થાય એ તો મિથ્યાદ્રષ્ટિ છે. બાકી દયા, દાન, ભક્તિ આદિના રાગને જ્ઞાન કરે એમ નહિ. ભોગવે એમ પણ નહિ. અરે, રાગને જ્ઞાન જાણે છે એમ કહેવું એય, કહે છે, વ્યવહાર છે. જુઓ, છે ને અંદર? છે કે નહિ? કે-આત્માને નિશ્ચયથી પરનો જ્ઞાયક કહી શકાતો નથી, પરનો દર્શક કહી શકાતો નથી, પરનો ત્યાગ કરનાર કહી શકાતો નથી. કેમ? કેમકે જ્ઞાનસ્વભાવ જ્ઞેયમાં પ્રવેશતો નથી અને જ્ઞેય છે તે જ્ઞાનમાં પ્રવેશતા નથી, ભિન્ન ભિન્ન જ રહે છે. અહા! પરદ્રવ્યની પર્યાયને જ્ઞાન અડતું સુદ્ધાં નથી.

અરે, લોકો તો કોઈ દયા, દાન, વ્રત આદિના પરિણામથી-વ્યવહારથી નિશ્ચય થાય એમ માને છે. અહા! તારે ક્યાં લઈ જવું છે પ્રભુ! શું રાગથી વીતરાગતા થાય? ન થાય હોં. તું જો તો ખરો પ્રભુ! કે તારી મોજુદગીમાં-અસ્તિત્વમાં અંદર એક જ્ઞાનદર્શનસ્વભાવવાળું ચૈતન્યતત્ત્વ પડયું છે અને જાણવા-દેખવાના તેના પોતાના પરિણામ છે. અહા! તેના જાણવાના-દેખવાના પરિણામ થાય તે પોતાના પોતાથી થાય છે. રાગાદિ પરદ્રવ્ય તો તેને અડતુંય નથી ત્યાં એનાથી થાય એ ક્યાં રહ્યું? અહા! પોતે પોતાને જાણે એવો સ્વસ્વામીઅંશરૂપ વ્યવહાર પણ કાંઈ (કાર્યકારી) નથી તો રાગથી-વ્યવહારના રાગથી નિશ્ચય થાય એમ માનવું એ તો મહા વિપરીતતા છે. સમજાણું કાંઈ...?

અહા! જેમ ચક્રવર્તી છ ખંડને સાધે તેમ ચૈતન્યચક્રવર્તી પ્રભુ જ્ઞાયક છ દ્રવ્યને સાધે-જાણે-એમ કહેવું એ વ્યવહાર છે. આવી જન્મ-મરણ રહિત થવાની દ્રષ્ટિ કોઈ અલૌકિક છે. અરે! અત્યારે તો લોકોએ સમ્યગ્દર્શનનું સ્વરૂપ બહુ ચૂંથી નાખ્યું છે. એમ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ તે સમકિત અને વ્રત-તપની રાગની ક્રિયા તે ચારિત્ર-એમ લોકો માનવા લાગ્યા છે. પણ ભાઈ! એવું વસ્તુનું કે ધર્મનું સ્વરૂપ નથી. વસ્તુ તો સદા વીતરાગસ્વભાવી છે ને તેની જાણવા-દેખવારૂપ વીતરાગ પરિણતિ થાય તે ધર્મ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં એક સર્વજ્ઞશક્તિ છે. પોતાની સર્વજ્ઞશક્તિમાં એકાગ્ર થતાં પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થાય છે અને ખરેખર તેને જાણે છે. ભગવાન કેવળજ્ઞાનમાં છ દ્રવ્યોને જાણે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. અહા! પર્યાયવાન આત્મા પર્યાયને જાણે એમ ભેદથી કહીએ એય વ્યવહાર છે. અને 'વ્યવહારો અભૂદત્થો'-વ્યવહાર અભૂતાર્થ છે અર્થાત્ આશ્રય કરવા યોગ્ય નથી. આવી વાત! સમજાણું કાંઈ...? ભાઈ! તારી ચીજ કેવી છે, તારાં શક્તિ-સ્વભાવ કેવાં છે તેને અહીં સંતો બતાવે છે.

અહાહા....! કહે છે-નિશ્ચયથી આત્મા પરનો દર્શક એટલે પરનો શ્રદ્ધા કરનારો કહી શકાતો નથી. આત્મા નિશ્ચયથી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે છે એમ કહી શકાતું નથી. અર્થાત્ આત્મા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે છે એમ કહીએ તે વ્યવહારથી જ છે. જુઓ, છે કે નહિ અંદર? હવે બહારનાં નામાં (નામાના ચોપડા) કરી કરીને મરી ગયો પણ આ ઘરના ચોપડા (આત્મવસ્તુ કહેનારાં શાસ્ત્ર) કદી જોયા નહિ! અરે! તને તારું નામું (અંતર-અવલોકન) કરતાં આવડયું નહિ! અહીં પરમાત્મા-સર્વજ્ઞ પરમેશ્વર કહે છે-નિશ્ચયથી આત્મા પરનો શ્રદ્ધા કરનારો કહી શકાતો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમકિત-એ તો વ્યવહાર બાપુ! અહીં તો આત્માની શ્રદ્ધા કરવી તે સમકિત એવો ભેદ પાડીએ તેય વ્યવહાર છે. હવે આવી વાતુ માણસને કાને પડવીય કઠણ, બિચારા સંપ્રદાયમાં એમ ને એમ જીવન પૂરું કરે; અવસર ચાલ્યો જાય. ભાઈ! બહાર મિથ્યા વેશમાં તું રાચે પણ એનું ફળ તો નિગોદમાં જવાનું છે.

અહા! નિશ્ચયથી આત્મા પરનો-રાગનો ત્યાગ કરનારો કહી શકાતો નથી. પોતે અંદર જ્ઞાનસ્વરૂપે પરિણમ્યો ત્યાં રાગની ઉત્પત્તિ ન થઈ તો રાગનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમયસાર, ગાથા ૩૪ માં આવે છે કે-રાગનો ત્યાગ કરવો તે પરમાર્થથી ભગવાન આત્માને લાગુ પડતું નથી, રાગનો આત્માને ત્યાગ કહેવો એ નામમાત્ર કથન છે.

ભાઈ! આ 'જે જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ત્યાગ ઇત્યાદિ ભાવો છે, તે પોતે જ છે; ભાવ-ભાવકનો ભેદ કહેવો એ પણ વ્યવહાર છે, નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.' નિત્યાનંદ પ્રભુ આત્મા પોતે છે તેમાં મગ્ન થતાં રાગની ઉત્પત્તિ જ ન થઈ તો રાગનો ત્યાગ કર્યો એમ કથનમાત્ર કહેવામાં આવે છે. આવી વાતુ! હવે એમાં ક્યાંય મેળ ખાય નહિ ને કહે કે વાદ કરો; પણ શું વાદ કરે?

એક વાર લીંમડીમાં એક શ્વેતાંબર સાધુ અમારી પાસે આવ્યા ને કહે-આપણે ચર્ચા કરીએ. ત્યારે કહ્યું-ભાઈ અમે ચર્ચામાં પડતા નથી. ત્યારે તે કહે-તમારું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આવડું મોટું નામ (પ્રસિદ્ધિ) અને ચર્ચા ન કરો તો.... ...., ત્યારે કહ્યું-અમારે નામથી કાંઈ કામ નથી, અમે જે છીએ તે છીએ. ચર્ચા શું કરવી? અહાહા...! રાગના અભાવસ્વભાવી સદાય વીતરાગસ્વરૂપી ભગવાન! તારી ચીજ અંદર છે તેને પરનું જાણવું ને પરનો ત્યાગ કરવો પરમાર્થે લાગુ પડતું નથી. હવે આવી વાત એ બહારના ત્યાગમાં રાચનારાઓને કેમ સમજાય?

શરીર જુવાન હોય ને ફાટુફાટુ થઈ રહ્યું હોય એમાં વિવાદ-ઝઘડા કરવાનું મન થાય, પણ આ (-શરીર) તો જડ ભાઈ! માટી-ધૂળ બાપુ! એ જુવાની તારી ક્યાંય ચાલી જશે. શરીરની જુવાન અને વૃદ્ધ અવસ્થા એ જડની અવસ્થા જડ-ધૂળ છે. અહીં કહે છે-તેને આત્મા જાણે -એમ કહીએ એ અસદ્ભૂત વ્યવહાર છે. અહાહા....! જ્ઞાન પોતે પોતાને જાણે એમ કહેવું એ સદ્ભૂત વ્યવહાર છે, ને જ્ઞાન પરને જાણે એમ કહીએ તે અસદ્ભૂત વ્યવહાર છે. એ સદ્ભૂત-અસદ્ભૂત વ્યવહાર અભૂતાર્થ છે. ૧૧ મી ગાથામાં આવી ગયું ને કે-વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, એટલે કે વ્યવહાર કરવાયોગ્ય નથી. અહા! આ સમયસાર કેટલું ગંભીર છે! એનું એક એક પદ અપાર ગંભીર રહસ્યથી ભરેલું છે.

અહાહા...! જાણવું-દેખવું-શ્રદ્ધવું-એ ભાવો પોતાના અસ્તિત્વમાં છે તેથી આત્મા પોતે જ છે. પણ ત્યાં આત્મા પોતે પોતાને જાણે, પોતે પોતાને દેખે, પોતે પોતાને શ્રદ્ધે- ઇત્યાદિ કહીએ તે ભેદકથન હોવાથી વ્યવહાર છે. કળશટીકામાં આવી ગયું છે કે-આત્મા પોતાના નિર્મળ પરિણામને કરે એમ કહેવું એ પણ ઉપચાર છે. હવે ત્યાં દયા, દાન આદિ વ્યવહારના વિકલ્પની તો શું કથા? એનું કર્તાપણું તો પ્રગટ અજ્ઞાન જ છે. છ કાયની દયાના વિકલ્પનો કર્તા થાય એ તો અજ્ઞાન છે ભાઈ! હવે આવી વાત કોને બેસે? વાડાવાળા-સંપ્રદાયવાળાઓને કેમ બેસે? પણ ભાઈ! જીવન હાલ્યું (વેડફાઈ) જાય છે હોં.

રાત્રે કહ્યું 'તું કે-નોકરી કરે એ તો પંચાવન વર્ષે નિવૃત્ત થાય, પણ આ વેપારી શેઠિયા તો બધા સાઈઠ-સિત્તેર-એંસી થાય તોય નિવૃત્તિ ન લે, નિવૃત્ત ન થાય. એમનું શું થાય?

હા, પણ એમને જવાબદારી હોય ને?

જવાબદારી? શેની જવાબદારી? પોતાને જાણવું-દેખવું એ જવાબદારી છે. આ સિવાય પરમાં જવાબદારી માને એ બધા મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે, સંસારમાં રખડી મરનારા છે. સમજાણું કાંઈ....! કેમકે પરદ્રવ્ય સાથે આત્માને પરમાર્થે કોઈ સંબંધ નથી.

જુઓને, આચાર્ય ભગવાને ચાર હજાર શ્લોકપ્રમાણ આત્મખ્યાતિ નામની ટીકા લખી. કેવી અદ્ભુત! ! મણિરતનથી ભરો તોય એની કિંમત શેં થાય? અહાહા...! એની શું કિંમત! એ ટીકા કરીને કહે છે-પ્રભુ! આ ટીકા મેં કરી છે એમ મત માનો, આમાં મારું કાંઈ કર્તવ્ય નથી, હું તો સ્વરૂપગુપ્ત છું. ને આ ટીકા તો શબ્દોથી થઈ છે, શબ્દોએ રચી છે. લ્યો, આવી વાત! આચાર્ય કહે છે-મેં (અમૃતચંદ્રે) આ શબ્દોની ક્રિયા કરી છે એમ ન માનવું. વળી હું જણાવવાવાળો ને તું જાણવાવાળો એમ પણ ન માનવું. અહાહા....! જાણવાવાળો પણ તું ને તારા જાણવાવાળાનો કર્તા પણ તું; જાણવાવાળો પણ પોતે, ને જણાવવાવાળો પણ પોતે. આવી વાત! સમજાણું કાંઈ...!

પ્રવચનસારની ટીકામાં પણ આચાર્યદેવ છેલ્લે કહે છે-" ખરેખર પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેમને પરિણમાવી શકતો નથી, તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી. માટે, આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય છે; વાણીની ગૂંથણી તે વ્યાખ્યા છે અને અમૃતચંદ્રસૂરિ વ્યાખ્યાતા છે. -એમ મોહથી જનો ન નાચો (-ન ફુલાઓ). પરંતુ સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે અવ્યાકુળપણે નાચો (-પરમાનંદપણે પરિણમો)."

અહાહા...! કહે છે-આનંદનો સાગર શુદ્ધ ચૈતન્યનિધિ પોતે છે તેને વિશુદ્ધ જ્ઞાનની કળા વડે પ્રાપ્ત કરીને આજે જ નિરાકુળ આનંદપણે પરિણમો; એમ કે હમણાં નહિ એમ વાયદા મા કરો. હમણાં નહિ, હમણાં નહિ, દીકરા-દીકરીયું ઠેકાણે પડી જાય પછી વૃદ્ધાવસ્થામાં જોશું એમ વિચારે એ તો તારું અજ્ઞાન ને પાગલપણું છે ભાઈ! કેમકે બીજાનું તું શું કરી શકે? વાસ્તવમાં પરદ્રવ્ય સાથે તારે કાંઈ સંબંધ નથી. તું વાયદા કરે છે પણ બાપુ! દેહ તો જોતજોતામાં છૂટી જશે અને મરીને તું ક્યાંય ચાલ્યો જઈશ, ભવસમુદ્રમાં ખોવાઈ જઈશ. આવી વાતુ છે ભગવાન! ધંધા આડે, પરનાં કામ આડે હમણાં તું નવરો ન થાય પણ સ્વસ્વરૂપની સમજણ વિના તું દેહ છોડવાના કાળે ભારે મુંઝાઈ જઈશ પ્રભુ! અરે! અજ્ઞાની જીવો રાગની એકતાની ભીંસમાં ને દેહની વેદનાની ભીંસમાં દેહ છોડીને ક્યાંય દુર્ગતિમાં-તિર્યંચાદિમાં ચાલ્યા જાય છે. જ્યારે ધર્મી જીવને તો દેહ છૂટવાના કાળે પણ નિરાકુળતા અને શાંતિ જ શાંતિ હોય છે.

જુઓ, શ્રીમદ્ રાજચંદ્ર આત્મજ્ઞાની હતા. તેત્રીસ વર્ષની નાની વય હતી ને ખ્યાલમાં આવી ગયું કે દેહ છૂટવાનો અવસર નજીક છે તો છેલ્લે બોલ્યા-" મનસુખ, બાને દિલગીર થવા દઈશ નહિ, હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું." અહાહા....!

દેહ છૂટવાના કાળે ઉપયોગ બહારથી સમેટી લીધો ને અંતર્લીન થયા; એકદમ શાંતિ-શાંતિના અનુભવ સહિત દેહ છોડયો.

પંડિત બનારસીદાસ પણ સમકિતી જ્ઞાની હતા. તેમણે સમયસાર નાટક બનાવ્યું છે. તેમને અંતિમ સમયે દેહ છૂટતાં કાંઈક વાર લાગી. બાજુવાળાઓને થયું કે પંડિતજીનો દેહ છૂટતો નથી, જીવ કશાકમાં રોકાઈ ગયો છે. આવી ચર્ચા થઈ. પોતાને બોલાતું નહોતું તો પંડિતજીએ ઈશારો કરી સલેટ મંગાવી; પછી તેમાં લખ્યું-

જ્ઞાન કુતક્કા હાથ, મારિ અરિ મોહના;
પ્રગટયો રૂપ સ્વરૂપ, અનંત સુસોહના;
જા પરજૈકો અંત, સત્ય કરિ માનના;
ચલે બનારસીદાસ, ફેર નહિ આવના.

પછી આત્મજ્ઞાનપૂર્વક સમાધિ સહિત દેહ છોડયો. હવે લોકોને જ્ઞાનીના અંતર-પરિણામની ધારા સમજવી કઠણ પડે ને બહારમાં શરીરની ક્રિયાથી માપ કાઢે. દેહ છૂટતાં વાર લાગે એ તો દેહની જડની ક્રિયા ભગવાન! જ્ઞાનીને તો અંદરમાં શાંતિ ને સમાધિ હોય છે.

અહીં કહે છે - 'નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.'

'હવે વ્યવહારનય વિષે: વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધાન કરનાર, ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે. જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે -આત્મા પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે, પરદ્રવ્યને ત્યાગે છે.' હવે કહે છે-

'એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના પ્રકારને જાણી યથાવત્ (જેમ કહ્યું છે તેમ) શ્રદ્ધાન કરવું.'

અહાહા....! જ્ઞાન આદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી નિમિત્તની મુખ્યતાથી વ્યવહારનયે-અભૂતાર્થનયે એમ કહ્યું કે આત્મા પરદ્રવ્યનો જ્ઞાતા છે, દ્રષ્ટા છે આદિ; નિશ્ચયથી એવું વસ્તુસ્વરૂપ નથી એમ જેમ કહ્યું છે તેમ શ્રદ્ધાન કરવું. સમજાણું કાંઈ....? હવે લોકો આવું સમજવા રોકાય નહિ ને બહારમાં ઉપવાસ આદિ ક્રિયાકાંડમાં ચઢી જાય પણ એથી શું? એથી કાંઈ લાભ ન થાય.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-

## * કળશ ૨૧૫ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'शुद्ध–द्रव्य–निरूपण–अर्पित–मतेः तत्त्वं समुत्पश्यतः' જેણ શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે, તે પુરુષને 'एक–द्रव्य–गतं किम्–अपि द्रव्य–अन्तरं जातुचित् न चकास्ति' એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી.

અહાહા....! શું કહે છે? કે 'જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી છે' ....; અહાહા....! દ્રવ્ય એટલે શું? દ્રવ્ય એટલે શું પૈસો હશે? હેં? પૈસા-ધૂળનું બાપુ! અહીં શું કામ છે? અહાહા...! આત્મા આખી વસ્તુ જે છે તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય એમ ત્રિ-સત્ત્વસ્વરૂપ છે. તેમાં ઉત્પાદ-વ્યયરૂપ છે તે પર્યાય છે, અને ત્રિકાળી એકરૂપ ધ્રુવ છે તે દ્રવ્ય છે. આ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય છે. અંશ છે ને? એક સમયની પર્યાય તે અંશ છે, ને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય પણ અંશ છે; પણ ધ્રુવ દ્રવ્ય છે તે પૂર્ણ છે, શુદ્ધ એકરૂપ છે. અહા! આવું જે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય ચૈતન્ય-સામાન્ય ધ્રુવ એક જ્ઞાયકભાવરૂપ-તે જેણે દૃષ્ટિમાં સ્થાપ્યું છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

અહાહા.....! અંદર વસ્તુ અનંત-અનંત ગુણસ્વરૂપ શુદ્ધ ચૈતન્યચમત્કાર છે તેના નિરૂપણમાં અર્થાત્ અનુભવમાં જેણે બુદ્ધિને સ્થાપી છે અને જે શુદ્ધ તત્ત્વને અનુભવે છે તે સમ્યગ્દૃષ્ટિ પુરુષને, અહીં કહે છે, એક દ્રવ્યની અંદર કોઈ પણ દ્રવ્ય રહેલું બીલકુલ ભાસતું નથી. આ ચોથા ગુણસ્થાનની વાત હોં; પાંચમે શ્રાવકની ને છટ્ઠે-સાતમે મુનિની તો કોઈ ઓર અલૌકિક દશા હોય છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ પ્રભુ સદા અંદર એકપણે બિરાજમાન છે. અહાહા.....! એનો જેને અનુભવ થયો તેને પર્યાયમાં આનંદની ભરતી આવે છે. સમુદ્રમાં જેમ પાણીની ભરતી આવે છે ને? તેમ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને પોતાના પૂરણસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં આનંદ અને શાંતિની ભરતી આવે છે. અહા! આવા ધર્મી પુરુષને, અહીં કહે છે, એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બીલકુલ ભાસતું નથી. શું કીધું? શુદ્ધ આત્મદ્રવ્યમાં આ શરીર, મન, વાણી, પૈસા, કર્મ ને પુણ્ય-પાપના ભાવ રહેલા છે એમ જ્ઞાની ધર્મી પુરુષને કદાપિ ભાસતું નથી. આ એક આંગળીમાં જેમ બીજી આંગળી રહેલી ભાસતી નથી તેમ જ્ઞાનીને એક વસ્તુમાં બીજી વસ્તુ ભાસતી નથી; કેમકે એક વસ્તુમાં બીજી વસ્તુનો ત્રિકાળ અભાવ છે.

આ વેદાંતવાળા એક સર્વવ્યાપક આત્મા કહે છે ને? ભાઈ! એ તો કોઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ નથી. આ તો વીતરાગ સર્વજ્ઞ જૈન પરમેશ્વરે જે કહ્યો તે શુદ્ધ એક સચ્ચિદાનંદ પ્રભુ આત્મા પોતે, તેની જેને અંતર્દષ્ટિ થઈ તે સમકિતી પુરુષને પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં બીજી ચીજ પ્રવેશી ગઈ હોય એમ ભાસતું નથી. જગતમાં બીજી ચીજ નથી એમ નહિ, પોતાની ચીજમાં બીજી ચીજ રહેલી હોય એમ ભાસતું નથી એમ વાત છે. સમજાય છે કાંઈ.... ?

કોઈને થાય કે શું આવો ધર્મ ? હા બાપુ ! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરે ઢંઢેરો પીટીને આ કહ્યું છે કે-એક દ્રવ્યમાં અન્ય દ્રવ્યનો સદાય અભાવ છે. પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં પુદ્‌ગલાદિ અન્યદ્રવ્યોનો અભાવ છે. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર પણ તારા દ્રવ્યમાં નથી; તેઓ તેમના દ્રવ્યમાં રહેલા છે. આ જિનમંદિર ને આ પ્રતિમા સૌ પોતપોતાના દ્રવ્યમાં રહેલાં છે, કોઈ કોઈનામાં પ્રવેશતાં નથી એવો વસ્તુસ્વભાવ છે. પુણ્ય-પાપના ભાવ તે પણ વિભાવ છે, પુદ્‌ગલસ્વભાવ છે; તેય તારા શુદ્ધ અંતઃતત્ત્વમાં રહેલા નથી. અહા ! આવા શુદ્ધ અંતઃતત્ત્વને-ચૈતન્યતત્ત્વને અનુભવનારા સમકિતી પુરુષોને એક દ્રવ્યમાં (નિજદ્રવ્યમાં) અન્ય દ્રવ્ય રહેલું કદીય ભાસતું નથી. અહાહા....! અનંતા સિદ્ધો, પંચપરમેષ્ઠી ભગવંતો ને અનંતા અન્યદ્રવ્યો સહિત આખા વિશ્વનો પોતાની ચીજમાં સદાય અભાવ છે એમ જ્ઞાનીને ભાસે છે અને આ ધર્મ છે. સમજાણું કાંઈ... ? હવે કહે છે-

'यत् तु ज्ञानं ज्ञेयं अवैति तत् अयं शुद्ध-स्वभाव-उदयः' જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.

શું કીધું આ ? કે શરીર, મન, વાણી, પંચપરમેષ્ઠી ભગવંતો ને પુણ્ય-પાપના ભાવ ઇત્યાદિ જે પરજ્ઞેય છે તેને જ્ઞાન જાણે છે તે જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. જ્ઞાનનો તો સ્વપરપ્રકાશક સ્વભાવ છે, અને તે સ્વપરપ્રકાશકપણું પર્યાયમાં પ્રગટ થયું હોવાથી જ્ઞાન જ્ઞેયોને જાણે છે; પણ ત્યાં જ્ઞાન જ્ઞેયોથી થયું છે એમ નથી. જ્ઞેયોને પ્રકાશતી પોતાની જ્ઞાનની દશા પ્રગટ થઈ તે જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે અર્થાત્ તે જ્ઞાનના સ્વભાવ-સામર્થ્યથી પ્રગટ થઈ છે. આવી વાત ! સમજાણું કાંઈ.... ?

આ દયા, દાન, વ્રત ઇત્યાદિ જે વિકલ્પ ઉઠે છે તે ખરેખર પરજ્ઞેય છે. જ્ઞાન તે પરજ્ઞેયને જાણે છે છતાં જ્ઞેય કાંઈ જ્ઞાનમાં આવતું નથી, ને જ્ઞાન જ્ઞેયમાં પણ જતું નથી. ખરેખર તો જ્ઞાન જ્ઞેયને અડતું પણ નથી, જ્ઞાન ને જ્ઞેય ભિન્ન ભિન્ન જ રહે છે.

કોઈને થાય કે આમાં ધર્મ શું આવ્યો ? હા ભાઈ ! જરા ધીરજથી સાંભળ તો ખરો. આત્મા પરનું કાંઈ કરી શકે છે એ તો છે નહિ, પરદ્રવ્યને આત્મા જાણે છે તે પણ પરદ્રવ્યના કારણે જાણે છે એમ નથી. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તો જ્ઞાન પોતામાં રહીને, પરનો સ્પર્શ કર્યા વિના જ, પરને જાણે છે. અહા! જ્ઞાનીને પોતાની ચીજમાં બીજી ચીજ આવી છે એમ ભાસતું નથી. બીજી ચીજનું જાણપણું હોય ત્યારે પણ હું જ્ઞાન જ છું એમ જ્ઞાનીને ભાસે છે.

અરે! સ્વસ્વરૂપને યથાર્થ ઓળખ્યા વિના મિથ્યાભાવને લઈને ચારગતિમાં જીવ અનંત અનંત દુઃખ ભોગવી રહ્યો છે. પરની ક્રિયા હું કરી શકું ને પુણ્ય-પાપના ભાવમાં મને ઠીક છે. પુણ્ય ભાવ ભલો છે ઇત્યાદિ માનવું તે મહા મિથ્યાભાવ છે. અહીં કહે છે- જેને મિથ્યાભાવનો નાશ થઈને શુદ્ધ જ્ઞાનાનંદમય પોતાની ચીજનું ભાન થયું છે તેને વ્યવહારરત્નત્રયના વિકલ્પ પણ, તે જાણવા કાળે, મારાપણે છે, મારામાં રહેલા છે ને ભલા છે એમ ભાસતું નથી. અહાહા....! શુદ્ધ નિરંજન જ્ઞાનમય નિરપેક્ષ આનંદકંદ પ્રભુ પોતે છે એની જેને દૃષ્ટિ અને અનુભવ થયાં તેને કહે છે, કોઈ પરદ્રવ્ય-પરભાવ પોતામાં રહેલા છે એમ ભાસતું નથી. પરદ્રવ્યનું એને જ્ઞાન થયું તે, તે તે પરજ્ઞેયને લઈને થયું છે એમ ભાસતું નથી, કેમકે જ્ઞાન જે જ્ઞેયોને જાણે છે તે જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. અહા! આવી તત્ત્વદૃષ્ટિ થવી મહા દુર્લભ ચીજ છે.

અહીં કહે છે-જ્ઞાન જ્ઞેયને જાણે એ તો જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. રાગને જ્ઞાન જાણે ત્યાં રાગના કારણે જ્ઞાન થયું છે એમ ક્યાં છે? એમ છે નહિ. અરે! અનંતકાળમાં એણે નિજ ઘરની વાત સાંભળી નથી. તારા ઘરની વાત એકવાર સાંભળ તો ખરો નાથ! અહીં કહે છે-જ્ઞેયને-રાગને જ્ઞાન જાણે એ શુદ્ધ જ્ઞાન-સ્વભાવનું પ્રગટપણું છે, એમાં જ્ઞેયનું-રાગનું શું છે? ખરેખર તો જ્ઞેયને-રાગને જ્ઞાન જાણે છે એમ નહિ, નિશ્ચયથી તો પોતે પોતાને જ (પોતાની જ્ઞાન પર્યાયને જ) જાણે છે. અહા! આવી ગંભીર ચીજ પોતાની અંદર પડી છે.

ઓહો! અનંતગુણરત્નાકર ચૈતન્યચમત્કાર પ્રભુ પોતે છે. અહાહા...! અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતાનો ભંડાર અંદર ભર્યો છે. અહા! આવી પોતાની પ્રભુતાનો મહિમા જેણે પર્યાયમાં અનુભવ્યો તે એમ જાણે છે કે કોઈપણ પરજ્ઞેય મારી ચીજમાં છે નહિ. જાણવામાં આવતો વ્યવહારરત્નત્રયનો રાગ પણ મારી ચીજમાં છે નહિ. આવી વાત!

હા, પણ જ્ઞાની તે રાગને જાણે તો છે ને?

હા, જાણે છે; પણ જાણે છે એટલે શું? એટલે એ જ કે એ પોતાના જ્ઞાન-સ્વભાવના સામર્થ્યની પ્રગટતા છે, એમાં રાગ કાંઈ (સંબંધી) નથી. રાગના કારણે જ્ઞાન થયું છે એમ નથી. ભાઈ! આ તો વસ્તુસ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ....?

અરે! લોકો ધર્મના નામે બહારની ધમાધમમાં (વ્રત, તપ આદિ ક્રિયાકાંડમાં) રોકાઈ ગયા છે; આ કરું ને તે કરું -એમ રાગની ક્રિયા કરવામાં રોકાઈ પડયા છે. પણ ભાઈ! કરવું એ તો મરવું છે. રાગની ક્રિયા કરવામાં તો પોતાની શાંતિનો નાશ થાય છે. રાગનું કરવું તો દૂર રહો, અહીં કહે છે-રાગને જાણવું એય જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે, અર્થાત્ રાગના કારણે એનું જ્ઞાન થાય છે એમ નથી. હવે આવું ઓલા રાગની રુચિવાળાને કેમ બેસે? ન બેસે; કેમકે (રુચિ અનુયાયી વીર્ય' - જે તરફથી રુચિ હોય તે તરફનો જીવ પુરુષાર્થ કરે છે. પુણ્યની રુચિવાળો જીવ અજ્ઞાનનો પુરુષાર્થ કરે છે, જ્યારે જ્ઞાનસ્વભાવની રુચિવાળો ધર્માત્મા જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ કરે છે. અહા! આ તો છાશમાંથી નિતારીને કાઢેલું એકલું માખણ છે.

કહે છે- જ્ઞાન જ્ઞેયને જાણે તે તો જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. 'जना:' જો આમ છે તો પછી લોકો 'द्रव्य–अन्तर–आकुल–धिय:' જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા 'तत्त्वात्' તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) 'किं च्यवन्ते' શા માટે ચ્યુત થાય છે?

અહા! જ્ઞાન જ્ઞેયોને જાણે ત્યાં જ્ઞાન અન્ય દ્રવ્યને સ્પર્શતું નથી, અડતું નથી; આ વસ્તુસ્થિતિ છે. તથાપિ અજ્ઞાની જીવ, જ્ઞાન જ્ઞેયને સ્પર્શ કરે છે એવી મિથ્યા માન્યતાથી આકુળબુદ્ધિવાળો થઈને નિજ ચિદાનંદમય શુદ્ધ આત્માને છોડી દે છે. આચાર્ય ખેદ કરીને કહે છે-અરેરે! અજ્ઞાની જીવ, વસ્તુસ્થિતિથી વિરુદ્ધ માન્યતા કરીને, જ્ઞાન જ્ઞેય સાથે એકાકાર થયું છે એવી મિથ્યા માન્યતા કરીને આકુળબુદ્ધિવાળો થઈને પરમ આનંદમય સ્વસ્વરૂપને કેમ છોડી દે છે? ભાઈ! જ્ઞાન પરને જાણે પણ પરને સ્પર્શતું નથી, અર્થાત્ પરરૂપ થઈ જતું નથી. વળી જ્ઞાન પરને જાણે ત્યાં પરજ્ઞેય જ્ઞાનમાં પ્રવેશતા નથી અર્થાત્ પરજ્ઞેયના કારણે જ્ઞાન થતું નથી. લ્યો, આવી વાત!

ત્યારે કોઈ વળી કહે છે- સોનગઢની તો એકલી નિશ્ચય નિશ્ચયની જ વાત છે.

બાપુ! તને ખબર નથી ભાઈ! પણ નિશ્ચય એટલે જ સત્ય, નિશ્ચય એટલે જ યથાર્થ. આ 'સોનગઢ' એટલે (સત્યરૂપ) સોનાનો ગઢ પ્રભુ આત્મા છે. અહાહા....! જેમ સોનાને કાટ લાગે નહિ તેમ ભગવાન આત્માને રાગનો કાટ લાગતો (-સ્પર્શતો) નથી. એ તો બેનના (પૂ. બેનશ્રીના) વચનામૃતમાં આવે છે કે-"જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઉધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઉણપ કે અશુદ્ધિ આવતી નથી." અહાહા....! કેવી સરસ વાત કરી છે! ભાઈ! તું સદાય એક જ્ઞાયકસ્વભાવમાત્ર વસ્તુ-તેમાં નથી ઉણપ, નથી અશુદ્ધતા કે નથી આવરણ. બાપુ! તું સદાય પૂર્ણાનંદ પ્રભુ પૂરણ, શુદ્ધ અને નિરાવરણ છો. તારી એક સમયની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનની દશા થાય તે કાંઈ જ્ઞેયોને લઈને થતી નથી. અરે! જ્ઞેયોને તો જ્ઞાન સ્પર્શતું પણ નથી. અરે! લોકોને પોતાના બેહદ અનંત જ્ઞાનસ્વભાવના સામર્થ્યની ખબર નથી. ધર્મી પુરુષ જાણે છે કે સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાના સામર્થ્યથી જ સ્વાધીનપણે પ્રગટ થાય છે. આથી વિપરીત માને તે વિપરીત દ્રષ્ટિ મિથ્યાદ્રષ્ટિ છે.

આ વીંછીના ડંખનું જ્ઞાન થાય ને? તે કાંઈ ડંખને લઈને થાય છે એમ નથી. જ્ઞાન સ્વાધીન પોતાથી થાય છે. અરે! અજ્ઞાની જીવો જ્ઞાનને પરજ્ઞેયો સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળબુદ્ધિવાળા થઈને નાહક દુઃખી થાય છે, શુદ્ધ ચૈતન્યતત્ત્વથી ભ્રષ્ટ થાય છે. નિમિત્તથી જ્ઞાન થાય, નિમિત્તથી ધર્મ થાય, વ્યવહારથી-રાગથી નિશ્ચય થાય ઇત્યાદિ માન્યતા બધો અજ્ઞાનભાવ છે. આચાર્ય કહે છે-પરને જાણવાકાળે પરથી જ્ઞાન થયું એમ અજ્ઞાની પરાધીન થઈ સ્વસ્વરૂપથી ભ્રષ્ટ કાં થાય છે? જુઓ, આચાર્યની આ નિસ્પૃહ કરુણા!

## * કળશ ૨૧૫ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'શુદ્ધનયની દ્રષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી.'

દરેક વસ્તુનું સ્વરૂપ સ્વયંસિદ્ધ છે, પરથી નિરપેક્ષ સહજ છે; વાસ્તવમાં પર સાથે તેને કાંઈ સંબંધ નથી. જુઓ, અહીં કહે છે-શુદ્ધનયની દ્રષ્ટિથી.... , એટલે શું? કે અંદર શુદ્ધ ચૈતન્યસ્વભાવથી ભરેલો પોતે નિર્મળાનંદ પ્રભુ છે તેની દ્રષ્ટિથી વિચારીએ તો અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. આ શરીર, મન, વાણી ઇત્યાદિ પરદ્રવ્યનો ભગવાન આત્મામાં પ્રવેશ નથી. જ્ઞાનમાં એ કર્મ, નોકર્મ આદિ પરદ્રવ્યો પ્રતિભાસે છે એ તો જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; અર્થાત્ એમાં પરદ્રવ્યનું કાંઈ કર્તવ્ય નથી. રાગાદિ પુણ્ય-પાપના ભાવ તથા કર્મ, નોકર્મ આદિ જ્ઞાનમાં જાણવામાં આવે છે એ તો જ્ઞાનની સ્વચ્છતાનું સ્વરૂપ છે; રાગાદિ પરને કારણે ત્યાં જ્ઞાન થાય છે એમ છે નહિ; કેમકે રાગાદિ પરદ્રવ્યો જ્ઞાનમાં પ્રવેશતાં નથી, પ્રવેશી શકતાં નથી. ઝીણી વાત છે ભાઈ!

અહાહા....! જ્ઞાનાનંદસ્વરૂપી ભગવાન આત્માનું અંદર લક્ષ કરતાં જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાન રાગાદિને અને શરીર, મન, વાણી આદિને જાણે, પરંતુ જ્ઞાન એ જ્ઞેયોને, કહે છે, સ્પર્શ કરતું નથી, તથા એ જ્ઞેયો જ્ઞાનને સ્પર્શ કરતા નથી. જ્ઞાનસ્વરૂપી પ્રભુ પોતે જ્ઞાનમાં રહીને જ્ઞેયોને જાણે, પણ જ્ઞાન જ્ઞેયોમાં જતું નથી. ને જ્ઞેયો જ્ઞાનમાં જતા-પ્રવેશતા નથી. અહા! આવી વાત! ધર્માત્માને અશુભથી બચવા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રનાં વિનય-ભક્તિ આદિ શુભરાગરૂપ વ્યવહાર આવે છે, ધર્માત્મા તેને જાણે છે; પણ તેને જાણનારું જ્ઞાન તેને સ્પર્શતું નથી અને તે શુભરાગરૂપ વ્યવહાર જ્ઞાનને સ્પર્શતો નથી. લ્યો, આવું! શુભરાગરૂપ વ્યવહારથી જ્ઞાન નહિ ને જ્ઞાનને કારણે શુભરાગરૂપ વ્યવહાર નહિ. અહો! આ તો ગજબનું વસ્તુસ્વરૂપ છે.

ત્યારે કોઈ વેદાંતી પૂછે કે-જ્ઞાન જ્ઞેયોને સ્પર્શ કર્યા વિના કેમ જાણે? એમ કે બધું (સર્વ જ્ઞેયો) જ્ઞાનસ્વરૂપ જ છે.

એમ નથી ભાઈ! જરા ધીરો થઈને સાંભળ. તારી ચૈતન્યજ્યોતિ-જ્ઞાનજ્યોતિ પ્રભુ બહાર રહેલી અગ્નિને જાણે, પણ તે કાંઈ અગ્નિમાં પ્રવેશ કરે છે, વા અગ્નિ જ્ઞાનમાં પ્રવેશ કરે છે એમ નથી. જુઓ, અરિસો હોય છે ને? તેમાં અગ્નિ, બરફ વગેરે ચીજોનો પ્રતિભાસ થાય છે તે અરિસાની સ્વચ્છતાનો સ્વભાવ છે, બાકી અરિસામાં કાંઈ અગ્નિ, બરફ વગેરે પેસી જતાં નથી, કે અરિસો તે ચીજોમાં પ્રવેશતો નથી. તેમ આ ભગવાન આત્મા ચૈતન્ય-અરિસો છે. તેમાં શરીર, મન, વાણી ઇત્યાદિ દેખાય છે, પ્રતિભાસે છે; પણ તે ચીજો જ્ઞાનમાં પ્રવેશતી નથી ને જ્ઞાન તે ચીજોમાં પ્રવેશતું નથી. ભાઈ! પરજ્ઞેય છે માટે પરજ્ઞેયોનું જ્ઞાન થાય છે એમ નથી. તથા જ્ઞાનને કારણે પરજ્ઞેયો વિદ્યમાન છે એમ પણ નથી. પોતામાં પોતાના લક્ષે જ્ઞાનની સ્વપર-પ્રકાશક પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાનનો સહજ જ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. સમજાણું કાંઈ...?

ત્યારે કોઈ (-અજ્ઞાની) પૂછે છે-શું ચશ્માં વિના જ જ્ઞાનથી જણાય?

હા, ભાઈ! ચશ્માં અને જ્ઞાન વચ્ચે તો અત્યંત અભાવ છે. ચશ્માંથી જ્ઞાન થાય છે એમ કદીય નથી; કેમકે ચશ્માં તો જડ વસ્તુ છે; તેમાં ક્યાં જ્ઞાન છે? અહીં તો આ વાત છે કે જ્ઞાન ચશ્માં આદિ પરને જાણે છે, પરંતુ જ્ઞાન તેને સ્પર્શતું નથી અને તે પરજ્ઞેય જ્ઞાનને સ્પર્શતા નથી. હવે આવી વસ્તુસ્થિતિ જ્યાં સુધી જાણે નહિ ત્યાં સુધી જીવ મિથ્યાદ્રષ્ટિ જ છે.

હવે કહે છે- 'આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને આ લોકો "જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે" એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે?'

અહા! લોકો જ્ઞાનમાં પરદ્રવ્યોનો પ્રતિભાસ દેખીને પરદ્રવ્યો સાથે પોતાને પરમાર્થ સંબંધ હોવાનું માને છે; અર્થાત્ પરજ્ઞેયોના કારણે જ્ઞાન થતું હોવાનું માને છે. પરંતુ એવું માનવું, અહીં કહે છે, અજ્ઞાન છે. આ શબ્દો પરજ્ઞેય છે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એનાથી જ્ઞાન થાય એમ માનવું તે અજ્ઞાન છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પરજ્ઞેયો છે. એનાથી પોતાને જ્ઞાન થાય એમ માનવું તે અજ્ઞાન છે. જ્ઞાન થવા કાળે તે તે પદાર્થો બાહ્ય નિમિત્ત હો, પણ તે જ્ઞાન ઉપજવાનું વાસ્તવિક કારણ નથી. હવે આવી વાત ઓલા નિમિત્તવાદીઓને ને વ્યવહારના પક્ષવાળાને આકરી લાગે, પણ આ સત્ય વાત છે. વિશ્રામનું એકમાત્ર સ્થાન ભગવાન આત્મા છે; તેની દૃષ્ટિ ન કરતાં પરજ્ઞેયોમાં વિશ્રામ માની અજ્ઞાની જીવ અનંતકાળથી દુઃખી થઈ રહ્યો છે.

જો એમ છે તો આપ અમને આ સંભળાવો છો શું કરવા?

અરે પ્રભુ! જરા સાંભળ. આ વાણીની ક્રિયા જે થાય છે એ તો જડની ક્રિયા છે ભગવાન! તને ખબર નથી પ્રભુ! પણ ભગવાન આત્મા તો અંદર અરૂપી ચૈતન્યનો પિંડ શુદ્ધ ચિન્માત્ર વસ્તુ છે, અને આ વાણી તો જડ ધૂળ છે. તેને કોણ કરે? વાણીને-જડની ક્રિયાને આત્મા કદીય કરતો નથી, વાણી વાણીના કારણે થાય છે, એ તો વાણીને જાણે છે બસ; તે પણ વાણી છે તો જાણે છે એમ નથી. જાણનાર જ્ઞાયક પ્રભુ પોતામાં રહીને પોતાથી જ જાણે છે. આવી સૂક્ષ્મ વાત! સમજાણું કાંઈ...?

હવે ધંધા આડે બિચારો નવરો પડે નહિ એટલે ધર્મના નામે ક્રિયાકાંડમાં ચઢી જાય. શું કરે બિચારો? દયા પાળે ને દાન કરે ઇત્યાદિ; પણ અરે! એણે સ્વદયા અનંતકાળમાં કરી નહિ! પરની દયા પાળવામાં રોકાઈ રહ્યો; પણ પરની દયા કોણ કરી શકે છે? ભાઈ! પરની દયા તો તું કરી શકતો નથી. પર જીવ તો પરના પોતાના કારણે સુરક્ષિત-જીવિત રહે છે; જ્ઞાની તો દયાનો ભાવ થાય તેને જાણે છે બસ; તે પણ તેના (દયાના વિકલ્પના) કારણે જાણે છે એમ નથી. દયાનો વિકલ્પ થયો માટે એનું જ્ઞાન થયું છે એમ નથી. અહા આવી વાત!

ભાઈ! સમ્યગ્દર્શન સ્વભાવસન્મુખના કોઈ અલૌકિક પુરુષાર્થની પ્રાપ્ત થનારી ચીજ છે. પછી ચારિત્ર તો ઓર મહા પુરુષાર્થથી પ્રગટ થાય છે. અહાહા....! પ્રચુર સ્વસંવેદનનો આનંદ જેમાં અનુભવાય છે તે મુનિવરોનું ભાવલિંગ પૂજ્ય છે, પૂજનીક છે. અહા! આવા પરમ પૂજનીક મુનિવરો-આચાર્ય ભગવંતો-કેવળીના કેડાયતીઓ પરમ કરુણા કરીને કહે છે-અરેરે! આ લોકો પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ માનતા થકા પરાધીન થઈને શુદ્ધ તત્ત્વથી કાં ચ્યુત થાય છે?

ફરી આ જ અર્થને દૃઢ કરે છેઃ-

## * કળશ ૨૧૬ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'शुद्ध-द्रव्य-स्वरस-भवनात्' શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી, 'शेषम् अन्यत्-द्रव्यं किं

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वभावस्य भवति' બાકીનું કોઈ અન્ય દ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે? (ન જ થઈ શકે.) 'यदि वा स्वभावः किं तस्य स्यात्' અથવા શું તે (જ્ઞાનાદિ સ્વભાવ) કોઈ અન્ય દ્રવ્યનો થઈ શકે? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી).

શું કીધું આ? કે શુદ્ધ દ્રવ્યનું નિજરસરૂપે પરિણમન થાય છે. આત્માનું પરિણમન નિજરસરૂપે આત્માથી થાય છે, ને વાણીનું પરિણમન વાણીથી થાય છે. આત્મામાં જ્ઞાન થાય તે જ્ઞાનના કારણે થાય છે, પરના-વાણીના કારણથી નહિ. પહેલાં જ્ઞાન ન હોતું ને ભગવાનની વાણી સાંભળીને જ્ઞાન થયું એમ કોઈ માને તો, કહે છે, એમ નથી. આત્મામાં જ્ઞાનની પર્યાય નિજરસથી પ્રગટ થાય છે. અને વાણીની વાણીરૂપ પર્યાય પણ પરમાણુના નિજરસથી થાય છે, આત્મા તેને કરે છે એમ નથી. અહાહા...! આત્મા વાણીને કરે એમ નહિ અને વાણીથી એને જ્ઞાન થાય એમ પણ નહિ. અહો! આવી અલૌકિક વાત!

કહે છે-બાકીનું કોઈ અન્ય દ્રવ્ય શું તે જ્ઞાનાદિ સ્વભાવનું થઈ શકે? ન જ થઈ શકે. આ શરીર ને પુણ્ય-પાપ આદિ ભાવ શું જ્ઞાનસ્વભાવનાં થઈ શકે? અને શું આત્મા-જ્ઞાનસ્વભાવ શરીર ને પુણ્ય-પાપ આદિરૂપ થઈ શકે? ન થઈ શકે, કદીય ન થઈ શકે. ભાઈ! આ તો અલૌકિક ભેદજ્ઞાનની વાત બાપા! અહાહા....! દયા, દાન આદિ શુભના વિકલ્પથી પણ આત્માનો જ્ઞાનસ્વભાવ ભિન્ન છે એવું અંતરમાં ભેદજ્ઞાન કરવાથી ધર્મ પ્રગટે છે, ને ભેદજ્ઞાનથી મુક્તિ થાય છે. કળશમાં આવે છે ને કે-અનંત સિદ્ધો જે મુક્તિ પામ્યા છે તે ભેદવિજ્ઞાનથી પામ્યા છે, ને અનંત જીવો જે સંસારમાં રખડે છે તે ભેદવિજ્ઞાનના અભાવના કારણે રખડે છે. અહો! ભેદવિજ્ઞાન કોઈ અદ્ભુત અલૌકિક ચીજ છે, મહાદુર્લભ!

અહા! સંતો પોકાર કરીને કહે છે- શું જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ આત્મા રાગ અને શરીરનો થઈ જાય છે? અને રાગ અને શરીર શું જ્ઞાનાનંદસ્વભાવી આત્માનાં થઈ જાય છે? ના, કદાપિ નહિ. આત્માનું જ્ઞાન નિજરસથી પ્રગટ થાય છે અને તે પોતાના સામર્થ્યથી પરજ્ઞેયોને જાણે છે, તેને પરજ્ઞેયોની કે કોઈ બાહ્ય નિમિત્તોની અપેક્ષા નથી. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.

આવી ઝીણી વાત! કોઈને થાય કે સોનગઢમાં એકલો નિશ્ચયનો ઉપદેશ આપે છે; એમ કે દયા, દાન આદિ વ્યવહારનો તેઓ લોપ કરે છે.

અરે ભાઈ! જરા સાંભળ તો ખરો પ્રભુ! અહીં જુએ તો તને જણાશે કે અહીં તો ભક્તિ, પૂજા, સ્વાધ્યાય, દયા, દાન આદિ બધું જ ચાલે છે; હા, પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ સઘળો વ્યવહાર રાગ છે બાપા! એ ધર્મ નહિ, ધર્મનું કારણ પણ નહિ. ગૃહસ્થદશામાં દયા, દાન, ભક્તિ ઇત્યાદિ હોય છે ભાઈ! પણ એ ધર્મ નથી એમ વાત છે.

અહીં કહે છે- એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે વાસ્તવમાં કોઈ સંબંધ નથી. પરમાર્થે એક તત્ત્વને અન્ય તત્ત્વ સાથે સંબંધ નથી. ભગવાન આત્મા શુદ્ધ એક જ્ઞાયકતત્ત્વ-ચૈતન્યતત્ત્વ છે, ને દયા, દાન, વ્રત આદિ આસ્રવ તત્ત્વ છે, તથા શરીર આદિ અજીવ તત્ત્વ છે. અહીં કહે છે-એક તત્ત્વને બીજા તત્ત્વ સાથે સંબંધ નથી, અર્થાત્ એક તત્ત્વ અન્ય તત્ત્વરૂપ થતું નથી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યતત્ત્વ આસ્રવરૂપ કે શરીરાદિ અજીવરૂપ થતું નથી અને રાગાદિ તથા શરીરાદિ છે તે ચૈતન્યરૂપ થતાં નથી. ભાઈ! ભાષા તો આમ સાદી છે, પણ ભાવ તો જે છે તે ગંભીર છે. હવે દૃષ્ટાંત કહે છે-જેમ-

'ज्योत्स्नारूपं भुवं स्नपयति' ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે 'भूमिः तस्य न एव अस्ति' તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી; 'ज्ञानं ज्ञेयं सदा कलयति' તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે 'ज्ञेयं अस्य अस्ति न एव' તોપણ જ્ઞાન જ્ઞેયનું થતું જ નથી.

જોયું? ચાંદની પૃથ્વીને ધોળી-ઉજ્જ્વળ કરે છે તોપણ પૃથ્વી ચાંદનીની અર્થાત્ ચાંદનીરૂપ થતી જ નથી, વળી ચાંદની પણ પૃથ્વીરૂપ થતી જ નથી. તેવી રીતે જ્ઞાન જ્ઞેયોને સદા જાણે છે તોપણ જ્ઞાન જ્ઞેયનું અર્થાત્ જ્ઞેયરૂપ થતું જ નથી અને જ્ઞેયો કદીય જ્ઞાનરૂપ થતા જ નથી. શું કીધું? જ્ઞાન શરીર, મન, વાણી, પુણ્ય, પાપ ઇત્યાદિ પદાર્થોને જાણે છે તોપણ જ્ઞાન તે તે પદાર્થોરૂપ થતું નથી, અને તે શરીરાદિ પદાર્થો જ્ઞાનરૂપ થતા નથી. ભાઈ! દરેક તત્ત્વ ભિન્ન ભિન્ન છે. ભિન્ન તત્ત્વોને ભેળસેળ કરી એક માનવા તે મિથ્યાત્વ છે.

અહાહા...! પોતે શુદ્ધ એક ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ છે. તેને ભૂલીને દયા, દાન આદિ રાગરૂપ વિકલ્પોમાં રોકાઈ રહે તે મિથ્યાદ્રષ્ટિ છે. અહા! પોતાનો શુદ્ધ ચૈતન્યસત્તાનો અસ્વીકાર કરીને દેહાદિનો ને રાગનો જે સ્વીકાર કરે છે તે જીવ મૂઢ અજ્ઞાની છે, આત્મઘાતી છે; કેમકે તેણે પોતાનો ઈન્કાર કરીને પોતાની જ હિંસા કરી છે. અરે! એણે કદીય પોતાની દયા કરી નહિ! પોતાની ચીજ સદા જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવથી ભરી છે-તે હું છું એમ પ્રતીતિ કરવી તે સ્વદયા છે. પોતાને દેહવાળો ને રાગવાળો માનવો તે સ્વ-હિંસા છે. બીજાની દયા પાળવાની ક્રિયા તો કોઈ કરી શકતો નથી, કેમકે પરદ્રવ્ય સ્વતંત્ર છે, પરદ્રવ્યમાં પરદ્રવ્યનો પ્રવેશ થઈ શકતો નથી. પરંતુ પરદ્રવ્યની દયા પાળવાનો ભાવ આવે તે રાગ છે અને રાગ છે તે હિંસા છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તો જ્ઞાનીને પણ દયા, દાન, ભક્તિ ઇત્યાદિનો રાગ આવે છે?

હા, આવે છે; પણ તેને રાગનું સ્વામિત્વ હોતું નથી. રાગ રાગના કારણે થાય છે તેને તે માત્ર જાણે જ છે બસ, તેનું જ્ઞાન રાગથી લિપ્ત થતું નથી. જ્ઞાનીને નિરંતર રાગથી ભિન્નપણાનું ભેદજ્ઞાન વર્તે છે. તે રાગને પોતાની સ્વપર-પ્રકાશક જ્ઞાનની પર્યાયમાં ભિન્નરૂપે જાણે છે.

રાગથી મને લાભ થાય અને રાગથી મને જ્ઞાન થાય એમ માનનાર રાગ સાથે અભેદપણું કરે છે અને તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. ભાઈ! આ તો વાતે વાતે ફેર છે. વાસ્તવમાં જીવ જ્ઞાન અને આનંદથી ભરેલો પૂર્ણાનંદ પ્રભુ છે એમ અંતરમાં સ્વીકાર કરવો તે જીવનું જીવન છે અને તેનું જ નામ જીવ-દયા છે. તેનું જ નામ જૈન ધર્મ છે. બાકી રાગની ઉત્પતિ થવી તે જીવનું જીવન નથી કેમકે રાગને ને જીવને એકપણું નથી. આવી વાત! સમજાણું કાંઈ...?

આ પ્રમાણે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

## * કળશ ૨૧૬ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'શુદ્ધનયની દ્રષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરાપણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી.'

શું કહે છે? કે શુદ્ધનયની દ્રષ્ટિથી અર્થાત્ ભૂતાર્થદ્રષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્યદ્રવ્યરૂપે થતો નથી. ભાઈ! આ તો મૂળ વાત છે. જે આ આત્મા છે તે અને જડ પરમાણુ-કર્મ-નોકર્માદિ છે તે ભિન્ન ભિન્ન ચીજ છે, કોઈ કોઈનામાં પ્રવેશતું નથી. આત્મા છે તે પરદ્રવ્યમાં પ્રવેશતો નથી, ને શરીરાદિ પરદ્રવ્યો આત્મામાં પ્રવેશતાં નથી. આત્મા જડ શરીરરૂપ અને જડ શરીર આત્મારૂપ ત્રણકાળમાં થતાં નથી; શરીર શરીરરૂપે ને આત્મા આત્મારૂપે જ સદા રહે છે. તેથી આત્મા શરીરનું કાંઈ કરી શકે કે શરીર આત્માનું કાંઈ કરી શકે એ કદીય સંભવિત નથી. આ વાણી કાને પડે છે ને? તે વાણીથી જ્ઞાન થાય છે એમ કદાપિ નથી, કેમકે પરના સંબંધથી જ્ઞાન થતું નથી. પરંતુ જ્ઞાન સ્વરસથી જ જ્ઞાનપણે ઉત્પન્ન થાય છે.

અરે! પોતાની ચીજ શુદ્ધ ચિદાનંદઘનસ્વરૂપ છે. તેનો એણે કદીય આશ્રય લીધો નહિ! પરદ્રવ્યનો-દયા, દાન, વ્રત આદિ રાગનો-આશ્રય એણે લીધા કર્યો, પરંતુ એનાથી તો અજ્ઞાન જ ઉત્પન્ન થયું. આવે છે ને કે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો.

અરે ભાઈ! સ્વદ્રવ્યનો આશ્રય કર્યા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં જ નથી.

અહીં કહે છે-આત્મા કદીય રાગરૂપ થતો નથી ને રાગ કદીય આત્મારૂપ થતો નથી. તેનું દૃષ્ટાંત કહે છે-

ચાંદની પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી; પૃથ્વી તો પૃથ્વી જ રહે છે અને ચાંદની ચાંદની જ રહે છે. ચાંદની પૃથ્વીને અડતી જ નથી, ને પૃથ્વી ચાંદનીને અડતી જ નથી. તેમ, કહે છે, જ્ઞાન જ્ઞેયને જાણે છે તોપણ જ્ઞાન જ્ઞેયનું જરા પણ થતું નથી. ભાઈ! આ પંચમહાવ્રતના પરિણામ થાય તે રાગ છે; જ્ઞાન તે રાગને જાણે છે, પણ જ્ઞાન રાગરૂપે થતું જ નથી. જ્ઞાન રાગને અડતું જ નથી અને રાગ જ્ઞાનને અડતો જ નથી.

અરે! જીવો પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુ સુખધામ પ્રભુ આત્મા છે તેને ભૂલીને પુણ્ય-પાપની પ્રવૃત્તિમાં રોકાઈ પડયા છે. પરંતુ પુણ્ય-પાપના ભાવ વાસ્તવમાં તો પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી; ભગવાન આત્માની એ ચીજ નથી. ભગવાન આત્માનો સહજ જાણગસ્વભાવ છે તેથી તે પુણ્ય-પાપ આદિ ભાવોને જાણે છે, પણ તેથી કાંઈ પુણ્ય-પાપ આદિ ભાવ જ્ઞાનરૂપ-આત્મરૂપ થઈ જતા નથી. ભગવાન આત્મા ને રાગાદિ પદાર્થો ભિન્ન જ રહે છે, કદી એકરૂપ થતા નથી. વાસ્તવમાં રાગ મારો સ્વભાવ છે એમ માનીને જીવ મિથ્યાત્વ આદિ અજ્ઞાનમય ભાવોને ઉત્પન્ન કરે છે અને તે એને ચારગતિમાં પરિભ્રમણનું કારણ થાય છે.

કહે છે- 'આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી.'

અહાહા...! જ્ઞાનસ્વભાવી પ્રભુ આત્મા છે. તેના જ્ઞાનની સ્વચ્છતામાં જણાવાયોગ્ય જ્ઞેય પદાર્થો સ્વયમેવ ઝળકે છે એટલે જણાય છે. છતાં જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. શુભાશુભ રાગ થાય તેને જ્ઞાન જાણે પણ જ્ઞાન તે રાગરૂપે થતું નથી, ને તે રાગ જ્ઞાનરૂપે થતો નથી. જ્ઞાનમાં જ્ઞેય કદી પ્રવેશતું નથી, ને જ્ઞાન જ્ઞેયમાં કદી પ્રવેશતું નથી.

રાગદ્વેષની ઉત્પત્તિ મિથ્યાદૃષ્ટિને જ થાય છે એમ અહીં કહેવું છે. સમ્યગ્દૃષ્ટિને કિંચિત્ રાગ (અસ્થિરતાનો) હોય છે, પણ તેને અહીં ગૌણ ગણીને જ્ઞાનસ્વભાવ જાણવા-દેખવામાત્ર કામ કરે છે એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિને જરી રાગ થાય છે અને તેની જરી આકુળતા પણ થાય છે, પણ તેને તે જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણે છે. લ્યો, આ પ્રમાણે જ્ઞાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રાગને, સંયોગને જાણે છે, પણ જ્ઞાન તે-રૂપે થતું નથી, વળી જ્ઞાનમાં જ્ઞેયોનો પ્રવેશ નથી, અર્થાત્ જ્ઞેયો જ્ઞાનરૂપે થતા નથી. અહીં દષ્ટિપ્રધાન વાત છે. બાકી જ્ઞાનીને જે કિંચિત્ રાગદ્વેષના વિકલ્પ થાય છે એટલું વેદન પણ છે, પણ એ વાત અહીં નથી. સમજાણું કાંઈ....?

હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ-

## * કળશ ૨૧૭ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'तावत् राग–द्वेष–द्वयम् उदयते' ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે (-ઉત્પન્ન થાય છે) 'यावत् एतत् ज्ञानम् ज्ञानम् न भवति' કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય 'पुनः बोध्यम् बोध्यताम् न याति' અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે.

અહાહા....! શું કહે છે? કે ત્યાં સુધી રાગ-દ્વેષની પરંપરા ઊભી રહે છે કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય અર્થાત્ જ્ઞાન સમ્યગ્જ્ઞાન ન થાય. ઝીણી વાત છે પ્રભુ! આત્મા જાણગસ્વભાવી પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ સર્વજ્ઞસ્વરૂપ વસ્તુ છે. અહા! આવા નિજસ્વરૂપની જેને અંતર્દષ્ટિ થઈ તે સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને, કહે છે, રાગદ્વેષની ઉત્પત્તિ થતી નથી; કેમકે જ્ઞાનરસથી ભરેલી પોતાની વસ્તુમાં રાગદ્વેષ નથી.

ધર્માત્માને કમજોરીવશ કિંચિત્ રાગાદિ ઉત્પન્ન થાય છે, પરંતુ પ્રગટ જ્ઞાન-સમ્યગ્જ્ઞાન તેની સાથે એકમેક થતું નથી. જ્ઞાન તેને બીજી ચીજ છે, પરજ્ઞેય છે એમ જાણે જ છે બસ; અર્થાત્ જ્ઞાન રાગરૂપ થતું નથી ને રાગ જ્ઞાનમાં પ્રવેશ પામતો નથી. આવી વાત છે. સમજાણું કાંઈ....!

અહાહા....! કહે છે-ત્યાં સુધી રાગદ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપે ન રહે અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે. અહા! જ્ઞાન જ્ઞાનસ્વભાવે પરિણમવાને બદલે, આ શરીરાદિ પદાર્થો મારા છે, શુભાશુભભાવો મને લાભદાયી છે એમ અજ્ઞાનભાવે પરિણમે ત્યાં સુધી રાગદ્વેષની પરંપરા ચાલુ જ રહે છે. ભાઈ! શરીરાદિ પદાર્થો ને શુભાશુભભાવો તે જ્ઞેય છે, પરજ્ઞેય છે; તે તારાં કેમ થઈ જાય? એને તું જ્ઞેયપણે ન માનતાં અન્યથા માને તે અજ્ઞાનભાવ છે, અને જ્યાં સુધી અજ્ઞાનભાવ છે ત્યાં સુધી રાગદ્વેષનું દ્વંદ્વ ઉત્પન્ન થયા જ કરે છે. પરંતુ જ્યાં જ્ઞાન જ્ઞાનસ્વભાવે થયું કે જ્ઞેયો જ્ઞેયપણે તેમાં પ્રતિભાસ્યા અને ત્યારે રાગદ્વેષની ઉત્પત્તિ અટકી ગઈ. અહાહા....! સમ્યગ્દષ્ટિ ધર્મી પુરુષને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું છે; તેનું જ્ઞાન જ્ઞાનરૂપ થયું છે, તેથી મિથ્યાત્વસંબંધી રાગદ્વેષ તેને ઉત્પન્ન થતા નથી; તેને હવે દીર્ઘ સંસાર રહ્યો નથી. આવું! સમજાણું કાંઈ....?

'तत् इदं ज्ञानं न्यक्कृत–अज्ञानभावं ज्ञानं भवतु' માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ– 'येन भाव–अभावौ तिरयन् पूर्णस्वभाव: भवति' કે જેથી ભાવ-અભાવને (રાગ-દ્વેષને) અટકાવી દેતો પૂર્ણસ્વભાવ (પ્રગટ) થાય.

દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગના પરિણામ મારા છે, મને હિતકારી છે એવી માન્યતા અજ્ઞાનભાવ છે. આ શરીર, મન, વાણી, ને પુણ્ય-પાપના ભાવ-એ સર્વ પરજ્ઞેય છે, ભગવાન આત્માના નિશ્ચયે કાંઈ પણ સંબંધી નથી. તથાપિ તેઓ મારા (સંબંધી) છે એમ માનવું તે અજ્ઞાનભાવ છે. અહીં કહે છે-આવા અજ્ઞાનભાવને દૂર કરીને જ્ઞાન જ્ઞાનરૂપ થાઓ. 'જ્ઞાનરૂપ થાઓ' એટલે શું? કે અંદર વસ્તુ ત્રિકાળ ધ્રુવ જ્ઞાનસ્વભાવી પોતે છે તે જ હું છું એવું જ્ઞાન પ્રગટ થાઓ. અહાહા...! અજ્ઞાનદશામાં શરીરાદિ પરજ્ઞેય હું છું, મારા છે એમ માનતો હતો તે હવે ત્યાંથી ખસીને આ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એક જેનો સ્વભાવ છે તે શાશ્વત ધ્રુવ પ્રભુ આત્મા જ હું છું એમ જ્ઞાન-શ્રદ્ધાન થાઓ-એમ કહે છે. સમજાણું કાંઈ...?

અહો! સંતોએ-કેવળીના કેડાયતી મુનિ ભગવંતોએ-ગજબની વાતુ કરી છે. કહે છે-સર્વને જાણવું ને સર્વને દેખવું એવો તારો જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે. કોઈ પણ પર ચીજને પોતાની માનવી એવું તારું સ્વરૂપ નથી. ચાહે તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હો કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હો-એ બધો પરભાવ છે, પરજ્ઞેય છે. તેમાં સ્વની બુદ્ધિ કરવી તે અજ્ઞાનભાવ છે. જ્ઞાની તો તેને પરજ્ઞેય તરીકે જાણે છે, તેમાં સ્વામિત્વની બુદ્ધિ કરતો નથી. અહાહા...! જ્ઞાનીના જ્ઞાનથી રાગ ભિન્ન જ પડી ગયો હોય છે; તેના જ્ઞાનમાં રાગનો પ્રવેશ જ નથી. જ્ઞાન પોતામાં રહીને રાગને જાણે છે બસ.

ભગવાન આત્મા ત્રિકાળ શાશ્વત એક જ્ઞાનસ્વરૂપી ચીજ છે. તેને ભૂલીને જ્યાં સુધી જીવ દેહાદિ ને રાગ-દ્વેષાદિ મારા માને ત્યાં સુધી અજ્ઞાનભાવ છે, અને જ્યાં સુધી અજ્ઞાનભાવ છે ત્યાં સુધી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે અને સંસાર ઊભો રહે છે. આચાર્ય કહે છે-અજ્ઞાનભાવને દૂર કરીને જ્ઞાન જ્ઞાનરૂપ થાઓ ને જ્ઞેય જ્ઞેયરૂપ જ રહો -કે જેથી ભાવ-અભાવને અર્થાત્ રાગ-દ્વેષરૂપ ઉત્પાદ-વ્યયને અટકાવી દેતો પૂર્ણસ્વભાવ પ્રગટ થાય. ભાઈ! રાગ કેવો પણ સૂક્ષ્મ હોય, જ્યાંસુધી તે મારો છે ને મને હિતકારી છે એમ માને ત્યાં સુધી અજ્ઞાનભાવ છે ને ત્યાંસુધી જીવને રાગદ્વેષનું દ્વંદ્વ પ્રગટ થયા જ કરે છે. પરંતુ જેને પોતાની શુદ્ધ ચૈતન્યસત્તાનું અંતરમાં ભાન થયું છે એવા સમ્યગ્દ્રષ્ટિ ધર્મી પુરુષને અજ્ઞાનભાવ દૂર થયો છે ને હવે તેને અજ્ઞાનમય રાગદ્વેષની ઉત્પત્તિ થતી નથી. દેહાદિ પરજ્ઞેયોને તે પરપણે જાણીને નિજ જ્ઞાનસ્વભાવમાં સ્થિર થતો જાય છે. આ પ્રમાણે જ્ઞાનસ્વભાવમાં વિશેષ વિશેષ રમણતા કરતો થકો તે પૂર્ણસ્વભાવને

અર્થાત્ કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય છે. અહો! ધર્મી પુરુષની આવી અચિંત્ય અલૌકિક ભાવના હોય છે.

હવે આમાં વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ક્યાં રહી પ્રભુ? અહીં તો વ્યવહારરત્નત્રયને પરજ્ઞેયમાં નાખી દીધાં છે. અહાહા.....! જાણનાર... જાણનાર.... જાણનાર બસ કેવળ જાણવાપણે રહેતાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે-એમ વાત છે.

## * કળશ ૨૧૭ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય, જ્ઞેય જ્ઞેયરૂપ ન થાય, ત્યાં સુધી રાગદ્વેષ ઉપજે છે; માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ, કે જેથી જ્ઞાનમાં જે ભાવ અને અભાવરૂપ બે અવસ્થાઓ થાય છે તે મટી જાય અને જ્ઞાન પૂર્ણસ્વભાવને પામી જાય. એ પ્રાર્થના છે.'

આત્મા નિત્ય જ્ઞાનસ્વરૂપી વસ્તુ છે; ને રાગાદિ છે તે જ્ઞાનમાં જાણવાલાયક પરજ્ઞેય છે. અહીં કહે છે-જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય ને જ્ઞેય જ્ઞેયપણે ન રહે ત્યાં સુધી રાગદ્વેષ ઉપજે છે. અહીં મિથ્યાત્વસંબંધી રાગદ્વેષની વાત છે. માટે, કહે છે, આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ. અહા! આ જ્ઞાનસ્વભાવી શાશ્વત શુદ્ધ ચિન્માત્ર વસ્તુ તે જ હું છું, રાગાદિ મારાં કાંઈ નથી એવી નિર્મળ દ્રષ્ટિ પ્રગટ થાઓ એમ કહે છે. અહાહા....! હું તો શુદ્ધ ચિન્માત્ર આત્મા છું અને આ જણાય છે તે રાગાદિ ને દેહાદિ મારાં કાંઈ નથી. એવી દ્રષ્ટિ પ્રગટ થાઓ કે જેથી જ્ઞાનમાં જે ભાવ-અભાવરૂપ બે અવસ્થાઓ (દ્વંદ્વ) થાય છે તે મટી જાય, અને જ્ઞાન પૂર્ણસ્વભાવને પામી જાય.

અહા! મારો સ્વભાવ તો ત્રિકાળ જાણવાપણે જ છે-એમ જ્ઞાન જ્ઞાનરૂપ થાય ત્યારે ધર્મી પુરુષને રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી. આ રીતે રાગદ્વેષ મટી જાય અને સ્વસ્વરૂપની એકાગ્રતાની ભાવના દ્વારા જ્ઞાન પૂર્ણસ્વભાવને પ્રાપ્ત થાય -એવી ધર્મી પુરુષની ભાવના હોય છે. ધર્મી પુરુષને અસ્થિરતાનો કિંચિત્ રાગ થતો હોય છે પણ તેનો તે જ્ઞાતા જ રહે છે અને ક્રમે કરીને જ્ઞાનસ્વભાવની એકાગ્રતાના પુરુષાર્થ વડે તેનો પણ તે અભાવ કરી પૂર્ણ જ્ઞાનસ્વભાવને પ્રાપ્ત થઈ જાય છે. લ્યો, આવી વાતુ છે.

(પ્રવચન નં. ૪૦૮ થી ૪૫૯ * દિનાંક ૪-૮-૭૭ થી ૧૨-૧૦-૭૭)

## ગાથા ૩૬૬ થી ૩૭૧

दंसणणाणचरत्तिं किंचि वि णत्थि दु अचेदणे विसए।
तम्हा कि घादयदे चेदयिदा तेसु विसएसु।। ३६६।।

दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे कम्मे।
तम्हा किं घादयदे चेदयिदा तम्हि कम्मम्हि।। ३६७।।

दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे काए।
तम्हा किं घादयदे चेदयिदा तेसु काएसु।। ३६८।।

णाणस्स दंसणस्स य भणिदो घादो तहा चरित्तस्स।
ण वि तहिं पोग्गलदव्वस्स को वि घादो दु णिद्दिट्ठो।। ३६९।।

'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે. –આવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ–

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.

છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્‌ગલદ્રવ્યનો. ૩૬૯.

जीवस्स जे गुणा केइ णत्थि खलु ते परेसु दव्वेसु।
तम्हा सम्मादिट्ठिस्स णत्थि रागो दु विसएसु।। ३७०।।

रागो दासो मोहो जीवस्सेव य अणण्णपरिणामा।
एदेण कारणेण दु सद्दादिसु णत्थि रागादी।। ३७१।।

दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने विषये।
तस्मात्किं हन्ति चेतयिता तेषु विषयेषु।। ३६६ ।।

दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने कर्मणि।
तस्मात्किं हन्ति चेतयिता तत्र कर्मणि।। ३६७।।

दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने काये।
तस्मात्किं हन्ति चेतयिता तेषु कायेषु।। ३६८।।

ज्ञानस्य दर्शनस्य च भणितो घातस्तथा चारित्रस्य।
नापि तत्र पुद्गलद्रव्यस्य कोऽपि घातस्तु निर्दिष्टः।। ३६९।।

**ગાથાર્થઃ-** [ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने विषये तु ] અચેતન વિષયમાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તેથી [ चेतयिता ] આત્મા [ तेषु विषयेषु ] તે વિષયોમાં [ किं हन्ति ] શું હણે (અર્થાત્ શાનો ઘાત કરી શકે)?

[ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने कर्मणि तु ] અચેતન કર્મમાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તેથી [ चेतयिता ] આત્મા [ तत्र कर्मणि ] તે કર્મમાં [ किं हन्ति ] શું હણે? (કાંઈ હણી શક્તો નથી.)

[ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने काये तु ] અચેતન કાયામાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તેથી [ चेतयिता ] આત્મા [ तेषु कायेषु ] તે કાયાઓમાં [ किं हन्ति ] શું હણે? (કાંઈ હણી શક્તો નથી.)

જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદ્રષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.

વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,
તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवस्य ये गुणाः केचिन्न सन्ति खलु ते परेषु द्रव्येषु।
तस्मात्सम्यग्दृष्टेर्नास्ति रागस्तु विषयेषु।। ३७०।।

रागो द्वेषो मोहो जीवस्यैव चानन्यपरिणामाः।
एतेन कारणेन तु शब्दादिषु न सन्ति रागादयः।। ३७१।।

[ज्ञानस्य] જ્ઞાનનો, [दर्शनस्य च] દર્શનનો [तथा चारित्रस्य] તથા ચારિત્રનો [घातः भणितः] ઘાત કહ્યો છે, [तत्र] ત્યાં [पुद्गलद्रव्यस्य] પુદ્ગલદ્રવ્યનો [घातः तु] ઘાત [कः अपि] જરા પણ [न अपि निर्दिष्टः] કહ્યો નથી. (દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી.)

(આ રીતે) [ये केचित्] જે કોઈ [जीवस्य गुणाः] જીવના ગુણો છે, [ते खलु] તે ખરેખર [परेषु द्रव्येषु] પર દ્રવ્યોમાં [न सन्ति] નથી; [तस्मात्] તેથી [सम्यग्दृष्टेः] સમ્યગ્દ્રષ્ટિને [विषयेषु] વિષયો પ્રત્યે [रागः तु] રાગ [न अस्ति] નથી.

[च] વળી [रागः द्वेषः मोहः] રાગ, દ્વેષ અને મોહ [जीवस्य एव] જીવના જ [अनन्यपरिणामाः] અનન્ય (એકરૂપ) પરિણામ છે, [एतेन कारणेन तु] તે કારણે [रागादयः] રાગાદિક [शब्दादिषु] શબ્દાદિ વિષયોમાં (પણ) [न सन्ति] નથી.

(રાગદ્વેષાદિ સમ્યગ્દ્રષ્ટિ આત્મામાં નથી તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાનદશામાં રહેલા જીવના પરિણામ છે.)

**ટીકા**:- ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ છે), જેમ દીવાનો ઘાત થતાં (દીવામાં રહેલો) પ્રકાશ હણાય છે; તથા જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધેયનો ઘાત થતાં આધારનો ઘાત થાય જ છે), જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે. વળી જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટનો ઘાત થતાં *ઘટ-પ્રદીપ હણાતો નથી; તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટ-પ્રદીપનો ઘાત થતાં ઘટ હણાતો નથી. (એ પ્રમાણે ન્યાય કહ્યો.) હવે, આત્માના ધર્મો-દર્શન, જ્ઞાન અને ચારિત્ર-પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી (એ તો સ્પષ્ટ છે); માટે એ રીતે 'દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્ગલદ્રવ્યમાં નથી' એમ ફલિત (સિદ્ધ) થાય છે; કારણ કે, જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત

---

* ઘટ-પ્રદીપ = ઘડામાં મૂકેલો દીવો. (પરમાર્થે દીવો ઘડામાં નથી, ઘડામાં તો ઘડાના જ ગુણો છે.)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( मंदाक्रान्ता )

रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्
तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किञ्चित्।
सम्यग्दृष्टि: क्षपयतु ततस्तत्त्वदृष्ट्या स्फुटं तौ
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चि:।। २१८।।

થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ). આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ (-માનીએ છીએ); કારણ કે જો એમ ન હોય તો, અહીં પણ જીવના ગુણોનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં જીવના ગુણોનો ઘાત અનિવાર્ય થાય. (આ રીતે સિદ્ધ થયું કે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી.)

**(પ્રશ્ન:-)** જો આમ છે તો સમ્યગ્દ્રષ્ટિને વિષયોમાં રાગ કયા કારણે થાય છે? **(ઉત્તર:-)** કોઈ પણ કારણે થતો નથી. **(પ્રશ્ન:-)** તો પછી રાગની કઈ ખાણ છે? **(ઉત્તર:-)** રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે); માટે તે રાગદ્વેષમોહ, વિષયોમાં નથી કારણ કે વિષયો પરદ્રવ્ય છે, અને સમ્યગ્દ્રષ્ટિમાં (પણ) નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે; આ રીતે રાગદ્વેષમોહ, વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દ્રષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.

**ભાવાર્થ:-** આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગદ્વેષમોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી; વળી પુદ્‌ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી; માટે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી. આવું જાણતા સમ્યગ્દ્રષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. રાગદ્વેષમોહ પુદ્‌ગલદ્રવ્યમાં નથી, જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે; જ્યારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિ થાય ત્યારે તેઓ ઊપજતા નથી. આ રીતે રાગદ્વેષમોહ પુદ્‌ગલમાં નથી તેમ જ સમ્યગ્દ્રષ્ટિમાં પણ નથી, તેથી શુદ્ધદ્રવ્યદ્રષ્ટિથી જોતાં તેઓ છે જ નહિ. પર્યાયદ્રષ્ટિથી જોતાં જીવને અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે, એ પ્રમાણે જાણવું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-

**શ્લોકાર્થ:-** [ इह ज्ञानम् हि अज्ञानभावात् राग-द्वेषौ भवति ] આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે; [ वस्तुत्व-प्रणिहित-दृशा दृश्यमानौ तौ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शालिनी)

**रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या**
**नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि।**
**सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति**
**व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।। २१९।।**

किञ्चित् न] વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દ્રષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદ્રષ્ટિથી જોતાં, તે રાગદ્વેષ કાંઈ જ નથી (-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી). [ततः सम्यग्दृष्टिः तत्त्वदृष्ट्या तौ स्फुटं क्षपयतु] માટે (આચાર્યદેવ પ્રેરણા કરે છે કે) સમ્યગ્દ્રષ્ટિ પુરુષ તત્ત્વદ્રષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો, [येन पूर्ण–अचल–अर्चिः सहजं ज्ञानज्योतिः ज्वलति] કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.

**ભાવાર્થઃ-** રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે; માટે સમ્યગ્દ્રષ્ટિ થઈને તત્ત્વદ્રષ્ટિથી જોવામાં આવે તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે, અને ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે. ૨૧૮.

'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ ઉપજાવી શક્તું નથી' એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [तत्त्वदृष्ट्या] તત્ત્વદ્રષ્ટિથી જોતાં, [राग–द्वेष–उत्पादकं अन्यत् द्रव्यं किञ्चन अपि न वीक्ष्यते] રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, [यस्मात् सर्व–द्रव्य–उत्पत्तिः स्वस्वभावेन अन्तः अत्यन्तं व्यक्ता चकास्ति] કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે,

**ભાવાર્થઃ-** રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે. અન્ય દ્રવ્ય આત્માને રાગદ્વેષ ઉપજાવી શક્તું નથી; કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથી જ થાય છે, અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણપર્યાયોની ઉત્પત્તિ થતી નથી. ૨૧૯.

*   *   *

## સમયસાર ગાથા ૩૬૬ થી ૩૭૧ : મથાળું

જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી-એમ જાણતો હોવાથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી;

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે. -આવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ-

## * ગાથા ૩૬૬ થી ૩૭૧ : ટીકા ઉપરનું પ્રવચન *

'ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ છે), જેમ દીવાનો ઘાત થતાં (દીવામાં રહેલો) પ્રકાશ હણાય છે; તથા જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધેયનો ઘાત થતાં આધારનો ઘાત થાય જ છે), જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે.'

જુઓ, શું કીધું? કે આધારનો નાશ થતાં આધેયનો નાશ થાય જ છે. જેમકે દીવો આધાર છે, ને પ્રકાશ તેનું આધેય છે; તેથી જો દીવાનો નાશ થાય તો આધેય જે પ્રકાશ તેનો નાશ થાય જ છે. વળી આધેય હણાતાં આધાર હણાય જ છે, જેમકે આધેય જે પ્રકાશ તે હણાતાં દીવો હણાય જ છે. હવે કહે છે-

'વળી જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ દીવાનો ઘાત થતાં ઘટ-પ્રદીપ હણાતો નથી; તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટ-પ્રદીપનો ઘાત થતાં ઘટ હણાતો નથી. (એ પ્રમાણે ન્યાય કહ્યો).'

જુઓ, આ તમારે નવરાત્રમાં ઘડો કોરીને અંદર દીવો મૂકે છે ને? અહીં કહે છે-બહાર ઘડાનો નાશ થતાં અંદર રહેલા દીવાનો નાશ થતો નથી; અને અંદર દીવાનો નાશ થતાં એટલે કે દીવો ઓલવાઈ જતાં કાંઈ ઘડાનો નાશ થતો નથી. કેમ એમ? કેમકે પરમાર્થે દીવો ઘડામાં નથી, ઘડામાં તો ઘડાના જ ગુણો છે, ને દીવામાં દીવાના ગુણો છે. ઘડો અને દીવો બન્ને ભિન્ન ભિન્ન ચીજો છે; બે વચ્ચે વાસ્તવિક આધાર-આધેય સંબંધ નથી.

જુઓ અહીં બે વાત કરીઃ-

૧. દીવાનો નાશ થતાં પ્રકાશનો નાશ થાય છે, ને પ્રકાશનો નાશ થતાં દીવાનો નાશ થાય છે.

૨. ઘડાનો નાશ થતાં અંદર રહેલા દીવાનો નાશ થતો નથી, ને અંદર રહેલા દીવાનો નાશ થતાં ઘડાનો નાશ થતો નથી. આ પ્રમાણે દૃષ્ટાંત વડે ન્યાય કહ્યો.

હવે, આત્માના ધર્મો-દર્શન 'જ્ઞાન અને ચારિત્ર-પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવા છતાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હણાતા નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી (એ તો સ્પષ્ટ છે); માટે એ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્ગલદ્રવ્યમાં નથી એમ ફલિત (સિદ્ધ) થાય છે; કારણ કે જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ).'

જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્માના ધર્મો છે. અહાહા....! ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ સદા જ્ઞાનસ્વરૂપી છે. તેની અંતર્દષ્ટિ થઈ પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે, તેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે ને તેમાં રમણતા થાય તે ચારિત્ર છે. આ પ્રમાણે આત્માના આશ્રયે પ્રગટ થયેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્માના ધર્મો કહેતાં આત્માની નિર્મળ વીતરાગી પર્યાય છે. હવે કહે છે-શરીરનો ઘાત થઈ જાય, શરીર જીર્ણ થાય, ને વાણી બંધ થઈ જાય ઇત્યાદિ જડની ક્રિયા થાય એથી કરીને આત્માના આશ્રયે પ્રગટ થયેલાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થઈ જાય છે શું? ના, નથી થતો; કેમકે શરીર ભિન્ન ચીજ છે, ને આત્માના ધર્મો-દર્શન-જ્ઞાન-ચારિત્ર ભિન્ન ચીજ છે. શરીરની ક્રિયા ન થઈ તેથી કાંઈ આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થઈ જાય એમ છે નહિ; કેમકે એ બન્નેને (આધાર-આધેય) સંબંધ નથી. શરીરની ક્રિયા ન થઈ શકે તો શરીરનો ઘાત થાય, પુદ્ગલનો ત્યાં ઘાત થાય, પણ તેનાથી આત્માના કોઈ ધર્મો હણાતા નથી. સમજાય છે કાંઈ....!

હું જ્ઞાતા-દ્દષ્ટા છું-એવી દ્દષ્ટિ છોડીને હું રાગ છું, પુણ્ય-પાપભાવોનો હું કર્તા છું, પુણ્યભાવ મારું કર્તવ્ય છે, એનાથી મારું હિત-કલ્યાણ છે ઇત્યાદિ માનનાર જીવ મિથ્યાદ્દષ્ટિ છે અને તેને દર્શન-જ્ઞાન-ચારિત્ર-ધર્મોનો ઘાત થઈ રહ્યો છે. હવે કહે છે-આ રીતે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં બહારમાં શરીરની ક્રિયાનો -ગુપ્તિ, સમિતિ, મહાવ્રત આદિ સંબંધી ક્રિયાનો-શું ઘાત થાય જ છે? ના, નથી થતો. તેને દર્શન-જ્ઞાન-ચારિત્ર-ધર્મોનો ઘાત થવા છતાં બહારમાં શરીરની ક્રિયા એવી ને એવી થતી હોય છે; કેમકે શરીરની ક્રિયા ને આત્માના ધર્મોને પરસ્પર કાંઈ સંબંધ નથી, બન્ને ભિન્ન ભિન્ન જ છે. આવી સૂક્ષ્મ વાત છે ભાઈ!

શરીરની પ્રવૃત્તિ એવી ને એવી થતી હોય, પંચમહાવ્રત, ગુપ્તિ, સમિતિ ઇત્યાદિ બધી વ્યવહારની ક્રિયા બરાબર થતી હોય છતાં અંદરમાં રાગ મારો (ઈષ્ટ) છે એવું શલ્ય હોતાં આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર-ધર્મોનો ઘાત થતો હોય છે. અહીં એમ સિદ્ધ કરવું છે કે પાંચ ઈન્દ્રિયના વિષયો પર પદાર્થ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર પદાર્થ છે; ને પરદ્રવ્યમાં-પરપદાર્થમાં રાગદ્વેષ નથી. વળી નિજસ્વભાવમાં પણ રાગદ્વેષ નથી. પણ અરે! જીવ પોતાના સ્વભાવનો ઘાત પોતાના અજ્ઞાનથી કરે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રાગદ્વેષ તે અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે. અહીં કહે છે- પોતાના ગુણોનો ઘાત થતાં પરનો-પુદ્‌ગલાદિનો ઘાત થઈ જાય એમ નથી, તથા પરનો-પુદ્‌ગલાદિનો ઘાત થતાં પોતાના ગુણોનો ઘાત થઈ જાય એમ પણ નથી.

શરીરની ક્રિયા બરાબર હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ટકે છે એમ છે નહિ. જરી સૂક્ષ્મ વાત છે પ્રભુ! જુઓ, શરીરની ક્રિયા ન કરી શકે અને પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર-ધર્મો તો ટકી રહે; ત્યાં પુદ્ગલનો ઘાત તો થયો પણ પોતાના ધર્મોનો ઘાત ન થયો વળી શરીરની ક્રિયા બહારમાં બરાબર હોય, છતાં એ બહારની ક્રિયાથી મને લાભ છે એમ માને તેને પોતાના ધર્મોનો-દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થાય જ છે. અહાહા....! બહારમાં શરીરની-કાયોત્સર્ગ ને ઉપવાસ આદિ ક્રિયા ને વાણીની ક્રિયા એવી ને એવી થતી હોય છતાં અજ્ઞાની વિપરીતદૃષ્ટિ જીવને પોતાના ગુણોનો ઘાત થાય જ છે. આવી વાત! કોઈને આકરી લાગે પણ આ સત્ય વાત છે.

બહારની પ્રવૃત્તિ જ દેખાય છતાં આનંદનો નાથ પ્રભુ આત્માની સ્વસન્મુખ પ્રતીતિ, જ્ઞાન ને રમણતા વર્તતી હોય તો તેને પોતાના ધર્મોનો ઘાત થતો નથી. આથી આ સ્પષ્ટ થયું કે વ્રત, તપ, ભક્તિ આદિના વિકલ્પો તે આત્માના ધર્મો નથી. (કેમકે વ્રત, તપ આદિના અભાવમાં પણ આત્માના ધર્મોનો ઘાત થતો નથી, ને તેમના સદ્‌ભાવમાં પણ આત્માના ધર્મોનો ઘાત થતો જોવામાં આવે છે.) વાસ્તવમાં સ્વસ્વરૂપ શુદ્ધ ચિદ્રૂપસ્વરૂપ પ્રભુ આત્માની અંતર-દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે જ આત્માના ધર્મો છે; અને તેને બહારમાં શરીરની ને વ્રતાદિ રાગની ક્રિયાની કોઈ અપેક્ષા નથી.

અહીં તો એક કોર ભગવાન આત્મારામ પોતે સ્વ અને બીજી કોર આખું ગામ-શરીર, મન, વાણી, ઇન્દ્રિય, શુભાશુભ રાગાદિભાવ-એ બધુંય પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યમાં, કહે છે, આત્માનો સ્વભાવ નથી. તેથી પરનો ઘાત થતાં પોતાના સ્વભાવનો-જ્ઞાનાદિ ગુણોનો ઘાત થતો નથી. અહાહા.....! જેમ ઘડાનો નાશ થતાં દીવાનો નાશ થતો નથી, ને દીવાનો નાશ થતાં ઘડાનો નાશ થતો નથી, તેમ, કહે છે-આ ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશનું બિંબ પ્રભુ ચૈતન્યદીવો છે. તેના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્રની જે નિર્વિકલ્પ દશા થઈ તેનો, શરીરાદિરૂપ ઘડાનો ઘાત થવા છતાં, ઘાત થતો નથી; તથા શરીરની ક્રિયા ને રાગની ક્રિયા મારી છે એવી અજ્ઞાનમય માન્યતા વડે એના દર્શન-જ્ઞાન-ચારિત્ર-ગુણોનો ઘાત થાય છે તેવે પ્રસંગે એ શરીરાદિની ક્રિયાનો ઘાત થાય જ છે એમ હોતું નથી. અહો! આ તો જૈન પરમેશ્વરે કહેલું કોઈ અચિંત્ય અલૌકિક તત્ત્વ આચાર્યદેવે જાહેર કર્યું છે.

લ્યો, આમ ન્યાયથી-લોજીકથી સિદ્ધ કરે છે કે- 'માટે એ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્‌ગલદ્રવ્યમાં નથી એમ સિદ્ધ થાય છે; કારણ કે જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્ગલદ્રવ્યનો ઘાત અને પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ).'

અહા! જીવને જે રાગ-દ્વેષ-મોહના ભાવ ઉત્પન્ન થાય છે તે પોતાના શુદ્ધ આનંદકંદ પ્રભુ આત્માના ભાનના અભાવથી એટલે કે અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. રાગ-દ્વેષ-મોહ પરદ્રવ્યથી ઉત્પન્ન થતા નથી, પોતાના સ્વદ્રવ્યથી પણ ઉત્પન્ન થતા નથી; કેમકે પરદ્રવ્ય પોતાના સ્વભાવથી ભિન્ન છે અર્થાત્ પોતાના સ્વભાવો પરદ્રવ્યમાં છે નહિ, અને પોતાનું સ્વદ્રવ્ય તો સદાય શુદ્ધ ચૈતન્યમય વીતરાગસ્વભાવમય છે. અહીં આ સિદ્ધ કરવું છે કે-પરદ્રવ્યમાં પોતાના રાગદ્વેષમોહ નથી અને પરદ્રવ્યથી તેઓ ઉત્પન્ન થાય છે એમ પણ નથી; પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપના ભાનના અભાવથી, અજ્ઞાનથી, રાગ-દ્વેષ-મોહના ભાવો ઉત્પન્ન થાય છે. આવી વાત છે.

શરીરની ક્રિયા અને શુભ વ્રતાદિનાં અનુષ્ઠાન ન થઈ શકે એમાં તો પુદ્‌ગલનો ઘાત થાય છે, તેથી કરીને કાંઈ આત્માના ધર્મોનો ઘાત થાય એમ છે નહિ; કેમકે આત્મા અને પુદ્‌ગલ ભિન્ન ચીજ છે. ભાઈ! જીવને જે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે એ કાંઈ સાંભળવાથી, ઈન્દ્રિયોથી, ભાવઈન્દ્રિયથી કે શુભરાગથી થાય છે એમ નથી; પરંતુ પોતાના સ્વસ્વરૂપના-ચૈતન્યચિંતામણિ પ્રભુ આત્માના-આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે.

સમ્યગ્જ્ઞાન (મતિ-શ્રુતજ્ઞાનને) તત્ત્વાર્થસૂત્રમાં પરોક્ષ કહ્યું છે ને?

હા, કહ્યું છે; પણ એ તો અપેક્ષાથી વાત કરી છે, અંદર પ્રત્યક્ષપણાનો ભાવ ગૌણપણે રહ્યો જ છે. ભાઈ! સમ્યગ્જ્ઞાન આત્માના લક્ષે ઉત્પન્ન થાય છે. અહીં કહે છે- આત્મજ્ઞાન-સમ્યગ્જ્ઞાન જે પ્રગટ થયું તેનો ઈન્દ્રિયના ઘાતથી કાંઈ ઘાત થતો નથી, તથા મન-ઈન્દ્રિય બરાબર હોય તેટલા માત્રથી આત્માનું જ્ઞાન પ્રગટ થાય છે એમ પણ નથી.

અરે! લોકોને મન એવો ભ્રમ ઘર કરી ગયો છે કે શરીરની ક્રિયા ને વ્રત-તપ આદિ રાગની ક્રિયાથી ધર્મ-સંવર થાય છે. પણ બાપુ! એમ છે નહિ. જુઓ, શું કહે છે? કે ઘટનો નાશ થતાં ઘટ-દીપકનો નાશ થતો નથી; તેમ ઈન્દ્રિયો અને વ્રતાદિની ક્રિયાનો ઘાત થતાં કાંઈ અંતરંગ આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રનો નાશ થતો નથી. વળી વ્રતાદિની બાહ્ય ક્રિયાઓ એવી ને એવી હોવા છતાં અજ્ઞાનને કારણે દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતો હોય છે, જેમ ઘટ એવો ને એવો હોય છે છતાં

ઘટ દીપકનો નાશ થતો હોય છે. ભાઈ! વ્રત-તપ-ભક્તિ ઇત્યાદિના પરિણામ પુદ્ગલના પરિણામ છે અને તેમાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રના ધર્મો સમાતા નથી. તેથી પુદ્ગલની ક્રિયાથી આત્માનો સ્વભાવ ઉત્પન્ન થાય એમ કદીય બને નહિ; બાહ્ય વ્રત-તપની ક્રિયાથી આત્માનું ચારિત્ર પ્રગટે એમ કદીય છે નહિ. આવી વાત છે. હવે કહે છે-

'આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી. એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ ( -માનીએ છીએ ); કારણ કે જો એમ ન હોય તો, અહીં પણ જીવના ગુણોનો ઘાત થતાં પુદ્ગલદ્રવ્યોનો ઘાત, અને પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં જીવના ગુણોનો ઘાત અનિવાર્ય થાય. (આ રીતે સિદ્ધ થયું કે જીવના કોઈ ગુણો પુદ્ગલદ્રવ્યમાં નથી ).'

અહાહા.....! કહે છે- 'આમ છે તેથી... , અર્થાત્ પુદ્ગલનો ઘાત થતાં જીવના ગુણોનો ઘાત થતો નથી, ને જીવના ગુણોનો ઘાત થતાં પુદ્ગલનો ઘાત થતો નથી-આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી. શું કીધું? આત્મામાં અનંત જ્ઞાન, દર્શન, સુખ, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા ઇત્યાદિ અનંત શક્તિઓ-ગુણો છે. તે બધા, કહે છે, પરદ્રવ્યોમાં નથી. આ શરીર, મન, વાણી, ઇન્દ્રિય ને વ્રતાદિના વિકલ્પોમાં જીવના કોઈ ગુણો નથી. જો એમ ન હોય તો એકનો ઘાત થતાં બીજાનો ઘાત અનિવાર્ય થાય. પણ એમ થતું નથી.

ભાઈ! આ બધું સમજવું પડશે હોં; આત્માની સમજણ કરવાનો આ અમૂલ્ય અવસર છે. ભાઈ! આ અવસર ચાલ્યો જાય છે હોં. આ બહારની લક્ષ્મી ને આબરૂ એ તો કાંઈ નથી, ને આ વ્રત-તપ-ભક્તિ ઇત્યાદિ બધો રાગ છે, થોથાં છે. લોકો વાડામાં પડયા છે તેમને સત્ય શું છે એ બિચારાઓને સાંભળવા મળ્યું નથી. અહીં કહે છે-વ્રત, તપ, ભક્તિ આદિના પરિણામ પુદ્ગલની ક્રિયા છે ને તેમાં ચૈતન્યનો સ્વભાવ-ગુણ નથી. જીવના જેટલા ગુણો છે તે બધાય તે વ્રતાદિની ક્રિયામાં નથી, અને જીવના ગુણોમાં એ વ્રતાદિની ક્રિયા નથી.

અહાહા....! પોતાના કોઈ ગુણો પરદ્રવ્યમાં નથી. ભાઈ! આ તો ટૂંકા શબ્દોમાં બધું ઘણું ભરી દીધું છે. અહાહા.....! આચાર્ય ભગવંત એમ કહે છે કે-વીતરાગ જિનસ્વરૂપ પ્રભુ અમારો આત્મા છે, તેના આશ્રયે જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-ગુણો અમને પ્રગટ થયા છે તે પરદ્રવ્યમાં અર્થાત્ વ્રતાદિરૂપ વ્યવહારરત્નત્રયમાં છે જ નહિ એમ સમ્યક્ પ્રકારે અમે દેખીએ છીએ, માનીએ છીએ. ભાઈ! આ તો જૈન પરમેશ્વરના પેટની વાતો દિગંબર સંતો ખુલ્લી કરે છે; કહે છે-અમારા કોઈ ગુણો પરદ્રવ્યમાં નથી એમ દેખીને અમે માનીએ છીએ.

અરે! જ્યાં આત્માના ગુણો છે ત્યાં નજર કરતો નથી, ને જ્યાં આત્માના ગુણો નથી ત્યાં અનંતકાળથી નજર કર્યા કરે છે! આખો દિ' વેપાર કરવામાં ને ભોગ ભોગવવામાં ને બાયડી-છોકરાં સાચવવામાં-એમ પાપની ક્રિયામાં ગુમાવી દે છે પણ એનાં ફળ બહુ માઠાં આવશે ભાઈ! બીજાને (-પુત્રપરિવારને) રાજી કરવામાં ને બીજાથી રાજી થવામાં બધો વખત વેડફી કાઢે પણ એનું ફળ બહુ આકરું આવશે પ્રભુ!

અરે ભાઈ! કોણ દીકરો ને કોણ બાપ? શું આત્મા કદી દીકરો છે? બાપ છે? એ તો બધો જૂઠો લૌકિક વ્યવહાર બાપા! એ બહારની કોઈ ચીજ તારામાં આવતી નથી, ને તું એ ચીજમાં કદીય જતો નથી. માટે પરદ્રવ્ય ઉપરથી દ્રષ્ટિ ખસેડી લે ને જ્યાં પોતાના ગુણો છે એવા ગુણધામ-સુખધામ પ્રભુ આત્મામાં દ્રષ્ટિ લગાવી દે. આ એક જ સુખનો ઉપાય છે, અને એ જ કર્તવ્ય છે. સમજાય છે કાંઈ...?

અહાહા...! આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ છે. એના કોઈ ગુણ પરદ્રવ્યમાં એટલે દેહાદિ ને રાગાદિમાં નથી. શું કીધું? આ ઉપવાસ, બ્રહ્મચર્ય આદિ દેહની ક્રિયામાં ને વ્રત-તપ આદિ રાગની ક્રિયામાં ભગવાન આત્માના કોઈ ગુણો નથી. તો પછી દેહાદિ ને વ્રતાદિ સાધન વડે આત્માના ગુણ કેમ પ્રગટે? વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય કેમ પ્રગટે? ભાઈ! એ બધા વ્યવહારના ભાવ તો ભવના ભાવ છે બાપુ! એનાથી ભવ મળશે, ભવનો અંત નહિ આવે, એમાં નવીન શું છે? એ તો અનંતકાળથી તું કરતો આવ્યો છે. એ ક્રિયાના વિકલ્પો તારા ભવના અંતનો ઉપાય નથી ભાઈ! સંતો કહે છે-આત્માના ગુણો પરદ્રવ્યમાં છે જ નહિ; અર્થાત્ આત્માના ગુણો આત્મામાં જ છે. માટે આત્મામાં લક્ષ કર, તેથી તને આત્માના ગુણોની-દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થશે.

અહીં તો એક કોર આત્મા ને એક કોર આખું જગત-એમ બે ભાગ પાડી દીધા છે. કહે છે-આત્માના ગુણો પરદ્રવ્યમાં નથી. માટે પરદ્રવ્યથી હઠી જા ને સ્વદ્રવ્યમાં દ્રષ્ટિ કર. સ્વદ્રવ્યના લક્ષે પરિણમતાં તને નિર્મળ રત્નત્રયની-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થશે. ભાઈ! તારી દ્રષ્ટિનો વિષય એક તું જ છો, દેહેય નહિ, રાગાદિય નહિ ને એક સમયની વિકારી-નિર્વિકારી પર્યાય પણ નહિ. માટે દ્રષ્ટિ સ્વસ્વરૂપમાં લગાવી દે. બસ. આ એક જ કરવા જેવું છે. સમજાણું કાંઈ....? ભાઈ! અંતર્દ્રષ્ટિ વિના બહારથી વ્રતાદિ ધારણ કરે પણ એ માર્ગ નથી, એ તો સંસાર જ સંસાર છે. આવી વાત આકરી લાગે પણ આ સત્ય વાત છે. હવે કહે છે-

**પ્રશ્નઃ-** જો આમ છે તો સમ્યગ્દ્રષ્ટિને રાગ કયા કારણે થાય છે?

**ઉત્તરઃ-** કોઈ પણ કારણે થતો નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્નઃ-** તો પછી રાગની કઈ ખાણ છે?

**ઉત્તરઃ-** રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઉપજવાની ખાણ છે);'

જુઓ, શિષ્ય પ્રશ્ન કરે છેઃ એમ કે પરમાં આત્માના ગુણ નથી, પરમાં આત્માના અવગુણ નથી, તો પછી સમ્યગ્દ્રષ્ટિને વિષયોમાં રાગ કયા કારણે થાય છે?

તો કહે છે -સાંભળ! જ્ઞાનીને કોઈ પરના કારણે રાગ થતો નથી. જ્ઞાનીને પાંચ ઈન્દ્રિયના વિષયમાં લક્ષ જાય ત્યારે કિંચિત્ રાગ થાય છે; પણ તેને રાગ કહેતા નથી, કેમકે મિથ્યાત્વ સંબંધીનો રાગ થાય તેને જ રાગ કહેવામાં આવે છે. પોતાની ચૈતન્યસત્તાને ભૂલીને પરને પોતાનું માને, પરથી-વ્રતાદિથી પોતાનું હિત થવું માને એવા મિથ્યાદ્રષ્ટિને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે; જ્ઞાનીને તે હોતા નથી.

તો પછી રાગની કઈ ખાણ છે?

સાંભળ ભાઈ! રાગદ્વેષમોહ એ જીવના જ અજ્ઞાનમય પરિણામ છે, અર્થાત્ જીવનું સ્વસ્વરૂપ સંબંધી અજ્ઞાન જ રાગાદિક ઉપજવાની ખાણ છે. આવી વાત છે ભાઈ! એ રાગ પરદ્રવ્યથી નહિ, સ્વદ્રવ્યથી નહિ; પોતાનો અજ્ઞાનભાવ જ રાગની ખાણ છે. સમજાય છે કાંઈ....! હવે કહે છે-

'માટે તે રાગદ્વેષમોહ વિષયોમાં નથી કારણ કે વિષયો પરદ્રવ્ય છે, અને સમ્યગ્દ્રષ્ટિમાં (પણ) નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે; આ રીતે રાગદ્વેષમોહ, વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દ્રષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.'

અહા! આવું (સમજવું) તો બહુ કઠણ પડે.

કઠણ પડે? શું કઠણ પડે? ભાઈ! આમાં ન સમજાય એવું તો કાંઈ છે નહિ. સમજણનો પિંડ પ્રભુ પોતે ને ન સમજાય એમ કેમ બને? પણ આ સમજવા માટે નિવૃત્તિ તો લેવી જોઈએ ને! આ સરકારી નોકરો તો પંચાવન વર્ષની ઉંમરે રીટાયર્ડ-નિવૃત્ત થઈ જાય, પણ આ ધંધાપાણીના રસિયા તો ૭૦-૮૦ વર્ષના થાય છતાં ધંધાનો રસ ન છોડે અને કહે કે શેં સમજાય? પણ ભાઈ! આવું વીતરાગનું તત્ત્વ સમજવા માટે તો ખાસ નિવૃત્તિ લેવી પડશે. અહાહા...! આત્મા અંદરમાં સદા રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ, નિવૃત્તસ્વરૂપ પ્રભુ છે. પરથી તો તે નિવૃત્ત જ છે, પણ અંતરસ્વરૂપની દ્રષ્ટિ કરી રાગથી નિવૃત્ત થતાં તે પર્યાયમાં નિવૃત્ત થાય છે અને તેનું નામ નિવૃત્તિ છે. સમજાણું કાંઈ...? હવે એણે કોઈ દિ' વિચાર જ કર્યો નથી ને!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હા, પણ જ્ઞાનીને પણ રાગ તો થતો દેખાય છે?

અરે પ્રભુ! તને ખબર નથી ભાઈ! જ્ઞાનીને રાગદ્વેષ છે જ નહિ, કેમકે રાગદ્વેષ તો અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે, તે અજ્ઞાનની ઓલાદ છે, અને જ્ઞાનીને અજ્ઞાન નથી. અહા! જેને સ્વનું લક્ષ જ થયું નથી એવા અજ્ઞાની જીવને, જેમાં પોતાના ગુણ નથી એવા પરદ્રવ્યોનું લક્ષ કરવાથી અજ્ઞાનના કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. વાસ્તવમાં સ્વદ્રવ્યથી નહિ, પરદ્રવ્યથી પણ નહિ, પણ પરથી ને રાગથી મને લાભ છે અને તે (-પર અને રાગ) મારું કર્તવ્ય છે એવા અજ્ઞાનથી રાગદ્વેષ ઉત્પન્ન થાય છે.

ભાઈ! પરદ્રવ્યમાં રાગદ્વેષ નથી; પરમાં તારા ગુણ નથી, અવગુણ પણ નથી. પરંતુ શુદ્ધ ચિદાનંદ ચૈતન્યચમત્કાર નિજ આત્માને ભૂલીને, વિકારને પોતાનું સ્વ માને છે તે મહા વિપરીતતા ને અજ્ઞાન છે અને તે અજ્ઞાનથી જ રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. અહાહા....! સંતો કહે છે-અમારા કોઈ ગુણ અમે પરદ્રવ્યમાં દેખતા નથી, તો અમને રાગદ્વેષ કેમ ઉત્પન્ન થાય?

અહા! ત્રિકાળી ધ્રુવ આનંદકંદ પ્રભુ પોતે-તેનું લક્ષ છોડીને એક સમયની પર્યાય જેવડો પોતાને માને તે અજ્ઞાન છે અને તે અજ્ઞાન જ રાગ-દ્વેષની ખાણ છે. પરદ્રવ્ય નહિ, સ્વદ્રવ્ય નહિ, પરંતુ પર્યાયબુદ્ધિ જ રાગદ્વેષની ખાણ છે. અહાહા....! આચાર્ય કહે છે-રાગદ્વેષમોહ વિષયોમાં નથી કેમકે વિષયો પરદ્રવ્ય છે, ને રાગ-દ્વેષ-મોહ સમ્યગ્દષ્ટિમાં નથી કેમકે તેને અજ્ઞાનનો અભાવ છે. માટે, કહે છે, તેઓ છે જ નહિ. લ્યો, આવી વાત! એમ કે અજ્ઞાનભાવને છોડીને રાગ-દ્વેષ-મોહ ક્યાંય છે જ નહિ. સમજાય છે કાંઈ....?

અહા! ધર્મી જીવ જે સમ્યગ્દષ્ટિ થયો તેને રાગદ્વેષ નથી. કિંચિત્ રાગાદિ થાય છે તે તો જ્ઞેયપણે છે. ઝીણી વાત છે પ્રભુ! ધર્મીની દૃષ્ટિ તો ત્રિકાળી સ્વદ્રવ્ય પર છે; અને સ્વદ્રવ્યમાં ક્યાં રાગદ્વેષ છે? નથી; વળી પરદ્રવ્યમાં પણ રાગ-દ્વેષ-મોહ નથી, અને પરદ્રવ્યની ધર્મીને દૃષ્ટિ પણ નથી, માટે સમ્યગ્દષ્ટિને રાગદ્વેષમોહ કેમ હોય? ન જ હોય. તેથી આચાર્ય કહે છે- 'તેઓ (રાગદ્વેષમોહ) છે જ નહિ.' કિંચિત્ રાગદ્વેષ છે એ તો ધર્મીને જ્ઞાનના જ્ઞેયપણે છે; તેનું એને સ્વામિત્વ નથી. માટે જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ નથી. આવી વાત છે.

અરે! આ સમજ્યા વિના બધો કાળ વિષય-કષાયની પ્રવૃત્તિમાં વીતી જાય, પણ કહ્યું છે ને કે-

બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રી વિષે મોહ્યા;

બૂઢાપા દેખકે રોયા....;

ભાઈ! સ્વરૂપની સમજણ કર્યા વિના આવા ભૂંડા હાલ થાય બાપા! એ તો દોલતરામજીએ પણ છહઢાલામાં કહ્યું છે –

"બાલપનમેં જ્ઞાન ન લહ્યો, તરુણસમય તરુણીરત રહ્યો;
અર્ધમૃતક સમ બૂઢાપનો કૈસે રૂપ લખૈં આપનો!"

ભાઈ! હમણાં જ ચેતી જા, નહિતર.... ... (એમ કે નહિ ચેતે તો સ્વરૂપની સમજણ વિના અનંતકાળ તીવ્ર દુઃખમાં રખડવું પડશે).

## * ગાથા ૩૬૬ થી ૩૭૧ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગ–દ્વેષ–મોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન–જ્ઞાન–ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્ગલદ્રવ્ય હણાતું નથી; વળી પુદ્ગલદ્રવ્ય હણાતાં દર્શન–જ્ઞાન–ચારિત્રાદિ હણાતાં નથી; માટે જીવના કોઈ ગુણો પુદ્ગલદ્રવ્યમાં નથી.'

જીવને જે પુણ્ય–પાપના પરિણામ થાય છે તે અજ્ઞાનમય પરિણામ છે, કેમકે તેમાં ચૈતન્યનો અંશ નથી. તે અજ્ઞાનમય પરિણામરૂપ રાગ–દ્વેષ–મોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન–જ્ઞાન–ચારિત્ર–ગુણોનો ઘાત થાય છે. તે ગુણો હણાતાં છતાં, કહે છે, અચેતન પુદ્ગલદ્રવ્યનો ઘાત થતો નથી. અહાહા....! આત્માના ગુણોનો ઘાત થવા છતાં બહારમાં શરીરની ક્રિયાનો ઘાત થઈ જાય કે વ્રતાદિ વિકલ્પનો નાશ થઈ જાય એમ છે નહિ–એમ કહે છે.

વળી પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં આત્માના ગુણોનો ઘાત થતો નથી. શું કીધું? પુદ્ગલદ્રવ્ય નામ શરીરાદિની ક્રિયા ને વ્રતાદિના વિકલ્પનો ઘાત થતાં જીવના દર્શન–જ્ઞાન–ચારિત્ર–ગુણોનો નાશ થતો નથી. માટે, કહે છે, જીવના કોઈ ગુણો પુદ્ગલદ્રવ્યમાં નથી. આ વ્રત, તપ, દયા, દાન આદિ બધા પુદ્ગલના પરિણામ છે; તેમાં આત્માના કોઈ ગુણો નથી. હવે કહે છે–

'આવું જાણતા સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી.'

અહાહા....! પરદ્રવ્યમાં પોતાના કોઈ ગુણો નથી એવું જાણતા સમ્યક્દ્રષ્ટિને, પરમાં દૃષ્ટિ નહિ હોવાથી, અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. વ્રતાદિ રાગની ક્રિયામાં પણ એને રાગ–પ્રેમ થતો નથી. લ્યો, આવી વાત! હવે કહે છે–

'રાગ–દ્વેષ–મોહ પુદ્ગલદ્રવ્યમાં નથી, જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઉપજે છે; જ્યારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દષ્ટિ થાય ત્યારે તેઓ ઉપજતાં નથી. આ રીતે રાગદ્વેષમોહ પુદ્ગલમાં નથી તેમ જ સમ્યગ્દષ્ટિમાં પણ નથી, તેથી

શુદ્ધ દ્રવ્યદષ્ટિથી જોતાં તેઓ છે જ નહિ. પર્યાયદષ્ટિથી જોતાં જીવને-અજ્ઞાન અવસ્થામાં તેઓ છે-એ પ્રમાણે જાણવું.'

જુઓ, આ સરવાળો કીધો; શું? કે વીતરાગમૂર્તિ આનંદઘન પ્રભુ આત્માને શુદ્ધદ્રવ્યદષ્ટિથી-અંતરદષ્ટિથી જોતાં રાગ-દ્વેષ-મોહ છે જ નહિ. અહાહા....! દ્રવ્યદષ્ટિવંતને -ધર્મીપુરુષને, કહે છે, રાગદ્વેષમોહ છે જ નહિ, કેમકે તેને અજ્ઞાન નથી. પરંતુ વર્તમાન પર્યાય ઉપર જેની દષ્ટિ છે, અંશ ઉપર જેની દષ્ટિ છે તેવા પર્યાયદષ્ટિ જીવને રાગદ્વેષમોહ ઉત્પન્ન થાય છે. બહારમાં કોઈ ભલે મહાવ્રતાદિનું પાલન કરતો હોય, પણ એનાથી પોતાને લાભ છે એમ જો માનતો હોય તો તે પર્યાયદષ્ટિ મૂઢ છે, અને તેને અજ્ઞાનના કારણે રાગ-દ્વેષ-મોહ અવશ્ય થાય છે. માટે પર્યાયબુદ્ધિ છોડી, હે ભાઈ! દ્રવ્યદષ્ટિ પ્રગટ કર. આ જ તારા હિતનો-કલ્યાણનો ઉપાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-

## * કળશ ૨૧૮ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'इह ज्ञानम् हि अज्ञानभावात् राग–द्वेषौ भवति' આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગ-દ્વેષરૂપે પરિણમે છે; 'वस्तुत्व–प्रणिहित–दशा दृश्यमानौ तौ किञ्चित् न' વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદષ્ટિથી જોતાં), તે રાગદ્વેષ કાંઈ જ નથી (-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી).

'આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે.' -ઝીણી વાત છે પ્રભુ! અંદર આત્મા છે તે જ્ઞાનપુંજ પ્રભુ ચૈતન્ય.... ચૈતન્ય... ચૈતન્યશક્તિનો રસકંદ છે. દયા, દાન આદિ પુણ્યભાવ ને હિંસા, જૂઠ આદિ પાપના ભાવ-તે આત્મામાં નથી. શું કીધું? રાગદ્વેષના ભાવ, પુણ્ય-પાપના ભાવ તે શુદ્ધ ચૈતન્યવસ્તુમાં નથી. અહા! આવો આત્મા, કહે છે, અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે થાય છે, પરિણમે છે. જેને પોતાની શુદ્ધ ચૈતન્યસત્તા કે જેને એક જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, એક સામાન્યભાવ, નિત્યભાવ, પંચમ પારિણામિકભાવ કહીએ તેનું ભાન નથી તે જીવ અજ્ઞાનભાવથી પુણ્ય ને પાપ અને રાગ ને દ્વેષના ભાવરૂપે પરિણમે છે. અહાહા....! પોતે નિજસ્વભાવથી રાગદ્વેષરૂપે પરિણમતો નથી, ને કર્મને લઈને રાગદ્વેષરૂપે પરિણમે છે એમ પણ નથી, પરંતુ પોતાની વસ્તુના સ્વરૂપનું અજ્ઞાન છે, અભાન છે-તે અજ્ઞાનને લઈને પોતે રાગદ્વેષરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ...?

આ શરીર તો જડ માટી-ધૂળ છે, અને કર્મ પણ જડ માટી-ધૂળ છે. એ તો આત્મામાં છે નહિ. વળી એકેક ઈન્દ્રિયના વિષયને જાણે એવી જે ખંડખંડ ભાવ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇન્દ્રિય-જ્ઞાનની ખંડખંડ પર્યાય-તે પણ ત્રિકાળી ધ્રુવ વસ્તુમાં નથી. ત્રિકાળી વસ્તુ તો અખંડ, અભેદ, એક જ્ઞાયકભાવરૂપ છે. તે જ્ઞાયક વસ્તુમાં રાગદ્વેષ નથી, સંસાર નથી, ઉદયભાવ નથી.

તો પછી આ રાગદ્વેષ ઉત્પન્ન થાય છે કેમ?

તો કહે છે-પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ભાન નથી એવા અજ્ઞાનને કારણે જીવને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. અહાહા....! હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? અને મારું કર્તવ્ય શું? ઇત્યાદિનું ભાન નહિ હોવાથી અજ્ઞાનવશ એને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. અહીં મિથ્યાત્વ સંબંધીના જે રાગદ્વેષ છે તેને જ રાગદ્વેષ ગણવામાં આવ્યા છે. સમકિત થયા પછી રાગાદિ થાય છે તેની અહીં ગણત્રી નથી. અહાહા....! ભગવાને જગતમાં છ દ્રવ્ય જોયાં છે; તેમાં આત્મા ચૈતન્યની દ્રષ્ટિના અભાવરૂપ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે એમ જોયું છે. સમજાય છે કાંઈ....? હવે કહે છે-

વસ્તુત્વમાં મૂકેલી-એકાગ્ર કરેલી દ્રષ્ટિ વડે જોતાં અર્થાત્ દ્રવ્યદ્રષ્ટિથી જોતાં તે 'રાગદ્વેષ 'किञ्चित् न' કાંઈ જ નથી. જોયું? પર્યાય જ પોતાનું સ્વરૂપ છે એમ દેખનારા પર્યાયદ્રષ્ટિ જીવોને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે, પરંતુ વસ્તુ પોતે ત્રિકાળી ધ્રુવ ચિદાનંદઘન પ્રભુ પોતે છે તેમાં એકાગ્ર કરેલી અંતર્દ્રષ્ટિવડે જોતાં, કહે છે, રાગદ્વેષ કાંઈ જ નથી. અહાહા....! આત્મા શુદ્ધ એક ચૈતન્યવસ્તુ છે તેને અંતરની એકાગ્રદ્રષ્ટિથી દેખતાં ધર્મ-વીતરાગતા પ્રગટ થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. તેને રાગદ્વેષ કાંઈ જ નથી. અહા! 'સિદ્ધ સમાન સદા પદ મેરો' -એવી ચીજ પોતે આત્મા છે, પણ અરે! એને એની ખબર નથી! શું થાય? પોતે જિનસ્વરૂપ અંદર ભગવાન છે એના ભાન વિના અજ્ઞાનથી તેને રાગદ્વેષ નિરંતર ઉપજ્યા જ કરે છે. જો પોતાના પૂરણ જ્ઞાનાનંદમય ભગવાનસ્વરૂપની દ્રષ્ટિ કરે તો રાગદ્વેષ કાંઈ જ નથી, કેમકે રાગદ્વેષ કાંઈ દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી; દ્રવ્યદ્રષ્ટિમાં રાગદ્વેષ દેખાતા નથી. માટે આચાર્યદેવ પ્રેરણા કરી કહે છે કે-

'ततः सम्यग्दृष्टिः तत्त्वदृष्टया तौ स्फुटं क्षपयतु' માટે સમ્યગ્દ્રષ્ટિ પુરુષ તત્ત્વદ્રષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો, 'येन पूर्ण-अचल-अर्चिः सहजं ज्ञान-ज्योतिः ज्वलति' કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.

અહા! અનાદિ અજ્ઞાન વડે એણે ચૈતન્યનું જીવન હણી નાખ્યું છે. તેને આચાર્યદેવ કહે છે-હે ભાઈ! તારી ચીજ અંદર સર્વજ્ઞસ્વભાવથી પૂરણ ભરી પડી છે. તેમાં જ દ્રષ્ટિ સ્થાપિત કરી તત્ત્વદ્રષ્ટિ વડે રાગદ્વેષનો ક્ષય કરો. સ્વભાવ ઉપર દ્રષ્ટિ દેતાં રાગદ્વેષ ઉપજતા નથી; ઉપજતા નથી માટે તેનો ક્ષય કરો એમ કહ્યું છે. સમજાણું કાંઈ....?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દુનિયાદારીમાં ડહાપણ દેખાડે પણ એ તો નરી મૂર્ખતા છે ભાઈ! પોતાની ચિત્-ચમત્કાર વસ્તુને ભૂલીને નિરંતર રાગ-દ્વેષ કર્યા કરે એ તો મહા મૂર્ખાઈ છે, મૂઢતા છે. પોતે જ્ઞાનરસનો પિંડ આખું ચૈતન્યદળ અંદર છે તેની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે અને તે ડહાપણ એટલે સમ્યગ્જ્ઞાન છે. શ્રાવક અને મુનિપણાની દશા પહેલાં આવું સમ્યગ્દર્શન એને હોય છે. અરે! લોકો તો બહારમાં (-ક્રિયાકાંડમાં) શ્રાવક અને સાધુપણું માની બેઠા છે; પણ એમાં તો ધૂળેય (શ્રાવક ને સાધુપણું) નથી, સાંભળને. જુઓ, આચાર્યદેવ કહે છે-તત્ત્વદૃષ્ટિ વડે શીઘ્ર આ રાગદ્વેષનો ક્ષય કરો, કે જેથી પૂર્ણ ને અચળ જેનો પ્રકાશ છે એવી સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.

કોઈ વળી કહે છે-આ સંસ્કૃત ને વ્યાકરણ વગેરે જાણે નહિ ને સોનગઢમાં એકલી આત્મા-આત્માની વાત માંડી છે.

અરે, સાંભળ તો ખરો પ્રભુ! તિર્યંચ અને નારકીના જીવને પણ આવું સમ્યગ્દર્શન થતું હોય છે. પોતે પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે, તેમાં દૃષ્ટિ એકાગ્ર કરે એનું નામ સમ્યગ્દર્શન છે. હવે એમાં વ્યાકરણાદિનું વિશેષ જ્ઞાન હોય તો તેથી શું છે? ભેદવિજ્ઞાન એ સમકિત થવામાં મૂળ વસ્તુ છે, અને તે તિર્યંચાદિને પણ થતું હોય છે.

અરે ભાઈ! ભેદવિજ્ઞાન વિના સાતમી નરકના ભવમાં પણ તું અનંતવાર ગયો; તેત્રીસ સાગરોપમની સ્થિતિએ ત્યાં રહ્યો. દુઃખનો તો પાર નહિ એવાં પારાવાર દુઃખ તેં સહન કર્યાં. કરોડો વીંછીના કરડના વેદનથી અનંતગુણી વેદના ત્યાં અજ્ઞાનને લીધે તને થઈ. અહા! આવા તીવ્ર દુઃખની એકેક ક્ષણ કરીને એ તેત્રીસ સાગરોપમનો કાળ તેં કેમ વ્યતીત કર્યો? ભાઈ! વિચાર કર. માંડ મનુષ્યપણું મળ્યું તેમાં જો દ્રવ્યદૃષ્ટિ ન કરી તો તારું આ બધું (ક્રિયાકાંડ આદિ) ધૂળ-ધાણી ને વા-પાણી થઈ જશે, અને મરીને પરંપરા ક્યાંય ઢોરમાં ને નરકમાં ચાલ્યો જઈશ. ભાઈ! તત્ત્વદૃષ્ટિ વિના વ્રત, ભક્તિ, પૂજા ઇત્યાદિ સર્વ ક્રિયા ફોગટ છે, ચારગતિમાં રખડવા માટે જ છે. માટે હે ભાઈ! પરમાનંદમય તારું તત્ત્વ છે, તેના ઉપર દૃષ્ટિ સ્થાપીને તત્ત્વદૃષ્ટિ વડે પુણ્ય-પાપનો નાશ કર. પુણ્યથી મને લાભ છે એમ જવા દે, તેના તરફની તારી દૃષ્ટિ મિથ્યાભાવ છે.

શુભભાવ-પુણ્યભાવ સમ્યગ્દૃષ્ટિને હોય છે, પણ દૃષ્ટિના વિષયમાં ને વિષયની (શુદ્ધ અંતઃતત્ત્વની) દૃષ્ટિમાં તે નથી. માટે કહ્યું કે-તત્ત્વદૃષ્ટિ વડે તેનો ક્ષય કર. અસ્થિરતાનો રાગ પણ સ્વરૂપની એકાગ્રતા દ્વારા ક્ષય પામે છે. તેથી કહ્યું કે- તત્ત્વદૃષ્ટિ વડે રાગદ્વેષનો ક્ષય કર, કે જેથી, જેમ સોળે કલાએ ચંદ્ર ખીલે છે તેમ, તને પૂર્ણ અને અચળ દેદીપ્યમાન સહજ જ્ઞાનજ્યોતિ ખીલી જશે અર્થાત્ કેવળજ્ઞાન અને મોક્ષ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રગટ થશે. લ્યો, આવી વાત છે. વ્રત, તપ આદિના શુભરાગથી કેવળજ્ઞાન થશે એમ નહિ, પણ તત્ત્વદષ્ટિ વડે સ્વસ્વરૂપની એકાગ્રતા દ્વારા શુભરાગનોય નાશ થઈને કેવળજ્ઞાન થશે એમ વાત છે. સમજાણું કાંઈ...?

## * કળશ ૨૧૮ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, જીવને અજ્ઞાનભાવથી થાય છે; માટે સમ્યગ્દષ્ટિ થઈને તત્ત્વદષ્ટિથી જોવામાં આવે તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે, અને ઘાતિકર્મોનો નાશ થઈ કેવળજ્ઞાન ઉપજે છે.'

દયા, દાન, વ્રત, તપ આદિ ને કામ, ક્રોધ, માન આદિ જે પુણ્ય-પાપના ભાવ તે કોઈ પૃથક્ દ્રવ્ય નથી. શું કીધું? જેમ જડ અને ચેતન ભિન્ન દ્રવ્યો છે તેમ રાગદ્વેષ કોઈ ભિન્ન દ્રવ્ય નથી. જીવને તેઓ અજ્ઞાનની ખાણમાંથી ઉત્પન્ન થાય છે અને સમ્યગ્દર્શન થતાં નાશ પામી જાય છે. આવી વાત!

દુનિયાના લોકોને બીજો પ્રશંસા કરે તો મીઠી લાગે. પાગલ છે ને? પાગલ પાગલને વખાણે- એ ન્યાય છે. તેમ અજ્ઞાનીનાં વ્રત, તપને લોકો વખાણે તે તેને મીઠું લાગે, પણ ભાઈ! એ તો પાગલપણું છે બાપુ! કેમકે રાગથી ધર્મ થાય એમ તો મિથ્યાદષ્ટિ પાગલ માને અને કહે. રાગમાં હરખાવું શું? રાગ તો એકલા દુઃખનો દરિયો છે, તેમા લેશ પણ સુખ નથી. '-સુખ લેશ ન પાયો' -એમ આવ્યું ને છહઢાલામાં?

કોઈ તો વળી આ દેહ જડ માટી-ધૂળ કાંઈક ઠીક હોય ને રજકણ-ધૂળ (પૈસા) નો સંયોગ હોય એટલે માને કે અમે સુખી; પણ ધૂળમાંય સુખી નથી સાંભળને. તને ખબર નથી ભાઈ! પણ આ દેહનાં રજકણ માટી-ધૂળ તો જગતની ચીજ બાપુ! એ તારી ચીજ નહિ પ્રભુ! અહા! એ તો કયાંય મસાણની રાખ થઈને ઉડી જશે. આવે છે ને કે-

'રજકણ તારાં રઝળશે, જેમ રખડતી રેત,
પછી નર-તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત,'

શરીર ને પૈસો ને રાગને પોતાનાં માને એ તો મિથ્યાભાવ છે, અજ્ઞાનભાવ છે અને એ જ રાગદ્વેષની ને તારા દુઃખની ખાણ છે. સમજાણું કાંઈ....?

અહીં કહે છે- હું તો શુદ્ધ ચૈતન્યજ્યોતિસ્વરૂપ એક જ્ઞાયકભાવ છું એમ દષ્ટિમાં જેણે સ્વીકાર કર્યો તે સમ્યદષ્ટિ છે અને તે સુખી છે. માટે હે જીવ! સમ્યગ્દષ્ટિ થઈને આ મિથ્યાત્વ અને રાગદ્વેષ ભાવોને ઉડાડી દે. તેનો ક્ષય થતાં પૂર્ણ જ્ઞાન,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને પૂર્ણ આનંદ પ્રગટ થશે. અહાહા....! જેમ પૂનમનો ચંદ્ર પૂર્ણ કળાએ ખીલે તેમ તારા સ્વભાવની પૂર્ણકળાએ ચૈતન્યચંદ્ર ખીલી ઉઠશે. અહો! સમ્યગ્દષ્ટિ થઈને તત્ત્વદષ્ટિથી દેખનારને રાગદ્વેષ કાંઈ જ નથી. અને તેને ઘાતિકર્મો નાશ થઈને કેવળજ્ઞાન ઉપજે છે. લ્યો, આનું નામ ધર્મની ક્રિયા છે.

'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ ઉપજાવી શકતું નથી' એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છેઃ-

## * કળશ ૨૧૯ : શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'तत्त्वद्रष्टया' તત્ત્વદષ્ટિથી જોતાં, राग–द्वेष–उत्पादकं अन्यत् द्रव्यं किञ्चन अपि न वीक्ष्यते' રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, 'यस्मात् सर्व–द्रव्य–उत्पत्तिः स्वस्वभावेन अन्तः अत्यन्तं व्यक्ता चकास्ति' કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.

અહાહા....! શું કહે છે? કે તત્ત્વદષ્ટિથી અર્થાત્ વસ્તુના સ્વભાવની દષ્ટિથી જોતાં રાગદ્વેષને ઉપજાવનારું 'अन्यत् द्रव्यं किञ्चन अपि न वीक्ष्यते' અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી. અહાહા...! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે તેને જડ કર્મ વિકાર જરાય ઉપજાવી શકતું નથી વિકાર કર્મને લઈને થાય છે એમ કોઈ માને એ તો એનું મૂઢપણું છે.

આત્માને જે પુણ્ય-પાપના ને રાગદ્વેષનાં ભાવ ઉત્પન્ન થાય છે તે, કહે છે, પરદ્રવ્યથી બીલકુલ ઉપજતા નથી. જડકર્મથી રાગદ્વેષાદિ ઉપજે છે એમ ત્રણકાળમાં છે નહિ. વર્તમાનમાં જૈનોમાં-કોઈ પંડિતો ને ત્યાગીઓમાં પણ ઊંધી માન્યતાનું એવું લાકડું ગરી ગયું છે કે- 'કર્મને લઈને જીવને વિકાર થાય છે' એમ તેઓ માને છે. પણ ભાઈ! એ દષ્ટિ તારી વિપરીત છે. જરા વિચાર તો કર કે આચાર્ય શું કહે છે! અહા! આચાર્ય કહે છે-તત્ત્વદષ્ટિથી જોતાં રાગદ્વેષને ઉપજાવનારું કર્મ આદિ પરદ્રવ્ય જરાય દેખાતું નથી. ભાઈ! પરદ્રવ્ય-કર્મ વગેરે નિમિત્ત હો, પણ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એ તે પોતાના અશુદ્ધ ઉપાદાનના કારણે જ ઉત્પન્ન થાય છે, કર્મનું એમાં કાંઈ કાર્ય નથી. સમજાય છે કાંઈ...!

ત્યારે કોઈ વળી કહે છે- જીવને વિકાર થવામાં જીવના ઉપાદાનના ૫૦ ટકા અને જડકર્મના ૫૦ ટકા માનો તો?

અરે, શું કહે છે ભાઈ! તારી એ માન્યતા તદ્દન અજ્ઞાન છે. અહીં તો આ સ્પષ્ટ વાત છે કે- તત્ત્વદષ્ટિથી જોતાં રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી; 'किञ्चन अपि न वीक्ष्यते' – છે કે નહિ પાઠમાં? જીવને વિકાર ઉપજે છે તેમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એક ટકો પણ કર્મનું કારણ નથી, સો એ સો ટકા રાગદ્વેષનો ઉત્પાદક અજ્ઞાની જીવ પોતે (અશુદ્ધ ઉપાદાન) છે.

સ્ત્રી પ્રત્યેનો રાગ થયો તેનું સ્ત્રી કારણ નથી, એક ટકોય કારણ નથી. પૈસાના કારણે પૈસાની મમતા થઈ છે એમ જરાય નથી; કોઈએ ગાળ દીધી માટે એના પ્રતિ રોષ-દ્વેષ થયો છે એમ છે નહિ. ભાઈ! પરદ્રવ્ય પરદ્રવ્યમાં છે, ને જડકર્મનો ઉદય જડમાં આવે છે; તેમાં તારે શું? અન્યદ્રવ્યના ને જડકર્મના કારણે તને રાગદ્વેષ થાય એમ જરાય નથી.

કોઈ વળી કહે છે-કર્મના ઉદયનું નિમિત્ત આવે તો વિકાર કરવો જ પડે. અરે! અજ્ઞાનીઓને તો આવી વાત અનાદિ ગળથુથીમાં જ મળી છે. પણ એમ નથી ભાઈ! અમે તો પહેલેથી '૭૧ની સાલથી કહીએ છીએ કે કર્મ વિકાર કરાવે છે એમ બીલકુલ નથી. આચાર્યદેવ પણ એ જ કહે છે કે-જડકર્મ તને વિકાર કરાવે છે એવું અમને જરાય દેખાતું નથી. શું થાય? તને દેખાય છે એ તારી મિથ્યા ભ્રમરૂપ દૃષ્ટિ છે.

અહા! રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી; કેમ? કેમકે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે. શું કીધું? પ્રત્યેક દ્રવ્યમાં પોતાના સ્વભાવથી જ પર્યાયની ઉત્પત્તિ થાય છે. જીવને રાગદ્વેષની ઉત્પત્તિ હો કે ધર્મની-વીતરાગતાની ઉત્પત્તિ હો, તે તે પયાર્યની ઉત્પત્તિ તે, તે તે પયાર્યનો સ્વભાવ છે; સ્વભાવથી જ તે તે પર્યાયની ઉત્પત્તિ થાય છે. વિકાર થાય છે તે પણ પોતાની સ્વ-પર્યાયના પોતાના સ્વભાવથી જ થાય છે, કર્મથી પરદ્રવ્યથી બીલકુલ નહિ. અહીં વિકારી પર્યાયને પણ સ્વતંત્ર સિદ્ધ કરી છે. પંચાસ્તિકાયની ગાથા ૬૨ માં કહ્યું છે કે વિકાર પોતાના ષટ્કારકોથી પોતાની પર્યાયમાં થાય છે, તેમાં પરકારકોની કોઈ અપેક્ષા નથી. પર્યાયમાં મિથ્યાત્વનો ભાવ થાય છે તેમાં દર્શનમોહનીય કર્મનો ઉદય કારણ નથી, વિષયવાસનાના ભાવ થાય તે વેદકર્મના ઉદયના કારણે થાય છે એમ નથી, તથા પર્યાયમાં ક્રોધાદિ ભાવ ઉપજે તે ચારિત્રમોહના ઉદયના કારણે ઉપજે છે એમ નથી; કેમકે સર્વ દ્રવ્યોની પર્યાયની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થાય છે. આવી વાત છે.

કોઈ વળી કહે છે- રાગદ્વેષ જો કર્મથી ન થાય તો તે જીવનો સ્વભાવ થઈ જશે અને તો તે કદીય મટશે નહિ.

ભાઈ! રાગદ્વેષ છે એ કાંઈ જીવનો ત્રિકાળી સ્વભાવ નથી. જીવના ત્રિકાળી સ્વભાવમાં શુદ્ધ એક ચૈતન્યભાવમાં, જ્ઞાયકભાવમાં રાગદ્વેષ નથી ને તે રાગદ્વેષનું કારણ પણ નથી. અહીં તો જીવને જે રાગદ્વેષ થાય છે તે તેનો પર્યાયસ્વભાવ છે એમ વાત છે. રાગદ્વેષ થાય તેમાં કર્મ વગેરે પરદ્રવ્ય કારણ નથી એમ અહીં સિદ્ધ કરવું

છે. સમજાય છે કાંઈ...? રાગદ્વેષ ઉત્પન્ન થાય છે તે સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે એમ કહ્યું એ પર્યાયસ્વભાવની વાત હોં; અને તેથી તે (જ્ઞાયકના લક્ષે) મટી શકે છે. હવે લોકોને કાંઈ ખબર ન મળે અને એમ ને એમ આંધળે-બહેરું કૂટે રાખે, પણ જીવન જાય છે જીવન હોં; એમ ને એમ અજ્ઞાનમાં જશે તો અહીં તો મોટો અબજોપતિ શેઠ હોય પણ ક્યાંય ભૂંડણના પેટે ને કાગડે-કૂતરે જન્મ થશે. અરરર! આવો જન્મ! ચેતી જા ભગવાન!

કોઈ વળી કહે છે-વિકાર થાય તે કથંચિત્ આત્માથી ને કથંચિત્ કર્મના ઉદયથી થાય છે એમ અનેકાન્ત છે.

એ મિથ્યા અનેકાન્ત છે બાપુ! વિકાર પોતાના સ્વભાવથી જ થાય છે અને કર્મથી-પરથી નહિ-એમ સમ્યક્ અનેકાન્ત છે. પર્યાયમાં રાગદ્વેષાદિ ઉત્પન્ન થાય છે તે તેની જન્મક્ષણ છે, તે કાળે તે પોતાથી જ ઉત્પન્ન થાય છે; તેને પરદ્રવ્ય-કર્મ શું કરે? પર્યાય વિકારી હો કે નિર્વિકારી-તે પોતાના સ્વભાવથી જ દ્રવ્યમાં ઉત્પન્ન થાય છે. છે ને અહીં કે-સર્વદ્રવ્યોની અર્થાત્ પ્રત્યેક દ્રવ્યની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે. લ્યો, આવું! ત્યારે એ બધે કર્મથી જ થાય એમ લઈને બેઠો છે. પણ ભાઈ! કર્મ કર્મનું કરે, બીજાનું-જીવનું કાંઈ ન કરે. આવે છે ને કે-

કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ;
અગ્નિ સહૈ ઘનઘાત, લોહકી સંગતિ પાઈ.

કર્મ તો જડ છે ભાઈ! ને વિકાર પોતાની ભૂલ છે; કર્મ તેનું કારણ નથી. આમ છે છતાં વિકાર થાય એમ માનવું તે અનીતિ છે; નિજઆજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. સમજાણું કાંઈ..?

## * કળશ ૨૧૯ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

'રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે. અન્ય દ્રવ્ય આત્માને રાગદ્વેષ ઉપજાવી શકતું નથી; કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોત પોતાના સ્વભાવથી જ થાય છે, અન્ય દ્રવ્યમાં અન્યદ્રવ્યના ગુણ-પર્યાયોની ઉત્પત્તિ થતી નથી.'

'રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે.' શું કીધું? ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, જૂઠ ઇત્યાદિ જે પરિણામ થાય છે તે જીવના જ પરિણામ છે; તે કાંઈ જડના પરિણામ નથી; અર્થાત્ જડથી-કર્મથી ઉત્પન્ન થયા નથી. કોઈ બીજું દ્રવ્ય આત્માને રાગદ્વેષ આદિ ઉપજાવી શકતું જ નથી; કેમકે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથી જ થાય છે. હવે આવો સત્ય નિર્ણય હમણાં નહિ કરે તો ક્યારે કરીશ ભાઈ? (એમ કે આ અવસર વીતી જતાં અવસર રહેશે નહિ).

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, અહીં રાગદ્વેષાદિ વિકારને ચેતનના પરિણામ કહ્યા કેમકે તે ચેતનની પર્યાયમાં થાય છે. બીજે જ્યાં શુદ્ધ સ્વભાવને સિદ્ધ કરવાની વાત હોય ને સ્વભાવનો - ધ્રુવનો આશ્રય કરાવવાનું પ્રયોજન હોય ત્યાં તેને પુદ્ગલના પરિણામ કહ્યા છે. જ્યાં જે વિવક્ષા હોય તે યથાર્થ સમજવી જોઈએ. જેને સ્વભાવની-ધ્રુવની દૃષ્ટિ થઈ તેને પોતે વ્યાપક અને નિર્મળ પર્યાય એનું વ્યાપ્ય છે; વિકાર એનું વ્યાપ્ય નથી એ અપેક્ષાથી તેને પુદ્ગલના પરિણામ કહ્યા છે. અહીં રાગદ્વેષાદિ વિકારના ભાવ જીવની દશામાં થાય છે માટે જીવના પરિણામ કહ્યા છે. તેઓ જડમાં થતા નથી, જડ દ્રવ્યો તેને નીપજાવતા નથી, કેમકે અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણ-પર્યાયોથી ઉત્પત્તિ થતી નથી. આવી વાત છે.

(પ્રવચન નં. ૪૫૯ થી ૪૬૧ * દિનાંક ૧૨-૧૦-૭૭ થી ૧૪-૧૦-૭૭)

# સમાપ્ત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com